અધ્યાત્મ ભાગવત

ભાગ ૨



લેખક: સ્વામી માધવતીર્થ

ૐ.મા

હરિભાઈ

આ પુસ્તક સ્વામી શ્રી માધવતીર્થ
મહારાજને ભેટ મોકલું છું.

હરિભાઈ
23/5/50

વારાણસી

શ્રી હરિઃ

અધ્યાત્મ ભાગવત

[દ્વિતીય ખંડ]

લેખક :

સ્વામી માધવતીર્થ

: પ્રકાશક :

શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય

સલાપસ ક્રોસરોડ, અમદાવાદ.

અઢી રૂપીઆ

મુદ્રક તથા પ્રકાશક

દેસાઈ મગનભાઈ છોટાભાઈ

શ્રી વીરવિજય પ્રિન્ટીંગ પ્રેસ
સલાપોસ ક્રોસરોડ,
અમદાવાદ.

શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય
સલાપોસ ક્રોસરોડ,
અમદાવાદ.

અનુક્રમણિકા

શુદ્ધિપત્ર

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૯	જુદે ઠેકાણે	જુદે જુદે ઠેકાણે
૨	૧૦	ટૂંકો	ટુંકો
૩	૩	ભ્રાંનિ	ભ્રાંતિ
૩	૧૧	ઘટકાશ	ઘટાકાશ
૩	૨૧	રગ	રંગ
૬	૫	અસક્ત	આસક્ત
૮	૯	સત્પુત્ર	સત્પુત્રની
૯	૮	કરાવે	કરે
૧૦	૧	ભાગનું	ભોગનું
૧૦	૧૬	યજ્ઞયી	યજ્ઞથી
૧૫	૨૧	કાડવાની	કાઢવાની
૨૨	૨૦	સ્પરૂપ	સ્વરૂપ
૨૩	૧૭	તનું	તેનું
૨૪	૧૭	ભરનના	ભરતના
૩૦	૨૩	અસક્તિમાં	આસક્તિમાં
૫૯	૧૨	પ્રરબ્ધ	પ્રારબ્ધ
૬૧	૨૪	એને	અને
૮૨	૨૧	આખી લીટી રદ કરવી	
૮૩	૬	શકીએ કે	શકીએ ?
૮૩	૧૮	refence	reference
૯૭	૨૫	તેને	તેણે
૯૯	૨	સંભળી	સાંભળી

૧૦૮	૧૪	વધતા	વધતી
૧૧૧	૧	આયોનિજ	અયોનિજ
૧૧૩	૧૫	સૂર્ય	સૂર્ય હોય
૧૩૮	૨૪	અધિક	બાધક
૧૬૨	૨	જો જીવ	જીવ
૧૬૨	૩	ચિત્રેકેતુ	ચિત્રકેતુ
૧૬૬	૨	સભસદો	સભાસદો
૧૭૫	૨૫	પણ માણસ	માણસ
૧૮૩	૪	સર્વાત્મા નથી શ્રી હરિમાં	સર્વાત્મા શ્રી હરિમાં નથી
૧૮૩	૬	કેરી રીતે	કેવી રીતે
૧૮૪	૩	ધયિડાળ	ઘડીયાળ
૧૮૫	૨૦	પૃષ્ઠનાના	પૃષ્ઠના
૧૮૭	૮	હું તેમ	તેમ
૧૮૯	૯	ઘણે	ઘૃણે
૧૮૮	૨૪	પ્રકરણ ૧૧ અહંકારરૂપી હિરણ્યકશિપુ	
૧૯૧	૭	વિદ્યર્થીઓ	વિદ્યાર્થીઓ
૧૯૭	૧૦	પાછા	પછી
૨૦૬	૫	પણે	પરણે
૨૦૮	૧૨	પોવાની	પોતાની
૨૦૮	૨૬	being	beings
૨૧૫	૨૦	જગતણા	જગતમાં
૨૨૧	૧૮	જોએ તો	જોઇએ તો
૨૨૫	૧	faled	failed
૨૨૭	૭	અહંકારની	અહંકારથી
૨૩૦	૫	તેતો	તો

૨૪૦	૭	સર્પનું	સર્પના અધિષ્ઠાનનું
૨૫૪	૧૪	એમ સમજવું	એમ ન સમજવું
૨૫૯	૩	સ્ણરણ	સ્મરણ
૨૬૩	૨૨	તનુ	જાતનું
૨૬૩	૨૫	આવે	આવે છે
૨૯૦	૨૩	ભિન્ન	અભિન્ન
૨૯૦	૨૩	તેતો	તે
૨૯૫	૨૧	સંર્ણું	સંપૂર્ણ
૩૦૦	૧૬	નિવૃત્તિ	નિવૃત્ત
૩૦૧	૧૦	પારમા જરૂર છે ર્થિક રીતે	જરૂર છે. પારમાર્થિક રીતે
૩૧૦	૧૪	કૃષ્ણથી શકે છે	કૃષ્ણથી થઈ શકે છે
૩૨૯	૨૦	અરાવત	ઐરાવત
૪૦૫	છેલ્લી	દુશ્મના	દુશ્મનના
૪૧૬	૧૮	દુર્વારા	દુર્વાસા

પ્રસ્તાવના

શ્રીમદ્ ભાગવત એ એવું શાસ્ત્ર છે કે જેમજેમ તેનો વધારે અભ્યાસ કરીએ તેમતેમ તેમાં વધારે સમજણ પડે છે અને તેમાં વધારે આનંદ આવે છે. બારમા સ્કંધના છેલ્લા અધ્યાયમાં કહેલું છે કે **તદ્રસામૃત તૃપ્તસ્ય નાન્યત્ર સ્યાદ્રતિઃ ક્વચિત્** (૧૨–૧૩–૧૫). એટલે જે પુરૂષને તેના રસામૃતથી તૃપ્તિ થયેલ છે તેને બીજે કોઇ સ્થળે પ્રીતિ થતી નથી.

પહેલા ચાર સ્કંધનો પહેલો ભાગ અધ્યાત્મ દૃષ્ટિએ તૈયાર કર્યો હતો. તેવી જ રીતે આ બીજો ભાગ કે જેમાં સ્કંધ ૫ થી ૯ સુધી સમાયેલ છે તે પ્રસિદ્ધ કરવાનો અવસર મળેલ છે. આ બે પુસ્તક તૈયાર કરવામાં લગભગ ૭ વર્ષ લાગ્યા છે. હજુ ઇશ્વિરકૃપા હશે તો બાકીના સ્કંધ પણ તૈયાર થઈ જશે. ત્રીજો ભાગ હાલ "વિશ્વમંગલ" માસિકમાં ક્રમસર છપાય છે.

આ શરીરના જન્મ વખતે પૂર્વાશ્રમના પિતાના ઘરમાં શ્રીમદ્ ભાગવતની કથા વારંવાર થતી હતી. પિતાને સંસ્કૃત જ્ઞાન પુરૂં નહોતું તેથી ગુજરાતીમાં પોતે પોતાના માટે પારાયણ કરતા હતા. તે ઉપરાંત એક બ્રાહ્મણને ૭ વર્ષ સુધી નિત્ય સંસ્કૃતમાં પારાયણ કરવા માટે રાખેલ હતો. તે વખતે અમારા કાનમાં શ્રીમદ્ ભાગવતનો ધ્વની જતો હતો. પાછળથી ભાગવતનો અભ્યાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો, પણ પ્રહ્લાદની માફક ગર્ભમાં શ્રીમદ્ ભાગવતનો ધ્વની મળ્યો હતો એવું લાગે છે.

પહેલા સ્કંધના પાંચમા અધ્યાયમાં જ્યાં નારદજી પોતાના જીવનની કથા વ્યાસજીને કહે છે ત્યાં પોતાની ભક્તિ કેવી રીતે વધી તે બાબત વિસ્તવાર નારદજીએ જણાવેલી છે. તે ઉપરથી શ્રીમદ્

ભાગવતના પ્રખ્યાત ટીકાકાર શ્રીધર સ્વામીએ નીચે પ્રમાણે ભક્તિ-માર્ગની ૧૦ ભૂમિકા બતાવેલ છે.

પહેલી ભુમિકા—મહાપુરૂષોની સેવા
બીજી „ —મહાત્માની કૃપા
ત્રીજી „ —ધર્મ ઉપર શ્રદ્ધા
ચોથી „ —ભગવાનની કથાનું શ્રવણ
પાંચમી „ —ભગવાન ઉપર પ્રીતિ
છઠ્ઠી „ —અવિદ્યાનિવૃત્તિ
સાતમી „ —આત્મજ્ઞાન
આઠમી „ —દ્દઢભક્તિ
નવમી „ —ભગવાનના તત્ત્વનું જ્ઞાન (સર્વાત્મભાવ)
દશમી „ —ભગવાનના ગુણોનો આવિર્ભાવ.

આ પ્રમાણે ભક્તિમાર્ગનું સાધન થાય છે. કોઈ ઉત્તમ ભક્તને ઉંચી ભૂમિકા શરૂઆતથી પણ પ્રાપ્ત થાય છે પણ લગભગ બધા ભક્તોને અનેક પ્રકારની માયા નડે છે અને અનેક પ્રકારના વિઘ્નો તેમણે ઓળંગવા પડે છે; તેથી ભક્તિમાર્ગમાં કેવી કેવી જાતની ભૂલો પડે છે તે જાણવાની પણ જરૂર છે. શ્રીમદ્ ભાગવતમાં તે બહુ સ્પષ્ટ રીતે જણાવેલ છે. છતાં સગવડતાની ખાતર આંહી નીચે પ્રમાણે તેનો સાર આપવામાં આવે છે.

૧. માહાત્મ્યમાં આત્મદેવ બ્રાહ્મણની કથા.

આ બ્રાહ્મણને સંતાનની ઇચ્છા રહી ગઈ હતી. ઉપનિષદોમાં ત્રણ એષણામાં પહેલાં પુત્રેષણા મુકેલ છે, પછી ધન અને કીર્તિની ઇચ્છા થાય છે. તે બ્રાહ્મણ એક સંન્યાસી પાસે ગયો અને પુત્ર આપવા માટે તેની પાસે રડવા લાગ્યો. સંન્યાસીએ તેને કહ્યું કે " સંતાનની કામનારૂપ આ અજ્ઞાનને છોડ, કર્મની ગતિ બહુ બલવાન

હોય છે, માટે વિવેકનો આશ્રય લઈ સંસારની વાસનાનો ત્યાગ કર. સંન્યાસમાં એટલે ત્યાગમાં જ ખરૂં સુખ છે, પણ તે બ્રાહ્મણ પોતાની ઈચ્છા છોડી શક્યો નહિ. છેવટે તે સંન્યાસીએ તેને એક ફળ આપ્યું. તેની સ્ત્રીને ગર્ભની પીડા વગેરે યાદ આવી તેથી પતિની ગેરહાજરીમાં તે ફળ ગાયને ખવરાવી દીધું અને પોતાની બ્હેનના દીકરાને પોતાનો દિકરો કરી લીધો. તેનું નામ ધંધુકારી પાડયું. તે માબાપને બહુ જ દુઃખ દેવા લાગ્યો. ગાયે ગોકર્ણને જન્મ આપ્યો. તેણે મોટા થઈ આત્મદેવને ઘણો ઉપદેશ આપ્યો અને કહ્યું કે "ધર્મનો આશ્રય કરો, લૌકિક ધર્મોને છોડો, સાધુપુરુષોની સેવા કરો, ભોગોની લાલસા છોડો અને બીજાના ગુણદોષનું ચિંતન છોડી માત્ર ભગવતસેવા અને ભગવત્ કથામાં તત્પર રહો" (માહાત્મય ૪-૮૦) પછી આત્મદેવ તે પ્રમાણે સાધન કરી ભગવદ્ધામને પામ્યો હતો.

૨. કુંતાજી અને અર્જુન

આ બન્ને ભક્તોને રોજ સગુણ ભગવાન શ્રી કૃષ્ણના દર્શન થતાં હતાં, છતાં તેમને પુરો સંતોષ નહોતો. કુંતાજીએ ભગવાન પાસે એવું માગ્યું કે પાંડવોમાં અને યદુવંશી સંબંધીઓમાં મારૂં જે સ્નેહ-બંધન છે તે આપ કાપી નાંખો. (૧-૮-૪૧) અને અર્જુને ગીતામાં ભગવાનને કહેલ છે કે મારૂં ચંચળ મન કોઈ રીતે વશ થતું નથી. ભગવાને કહ્યું કે તેને માટે અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે; તેથી સગુણ ભક્તિથી પણ આગળ વધવાની જરૂર છે.

૩. રાજા પરીક્ષિતની ભૂલ

પરીક્ષિત રાજા જંગલમાં શિકાર કરવા ગયા હતા. ત્યાં તેને ભૂખ અને તરસ લાગી, તેથી શમીક મુનિના આશ્રમમાં ગયા. ત્યાં જઈ મુનિ પાસે જળ માગ્યું. મુનિ ધ્યાનમાં હતા તેથી કાંઈ જવાબ આપી શક્યા નહિ. તેથી પરીક્ષિત રાજાને ક્રોધ ચડયો અને તેણે

એક મરેલો સર્પ લઇ તે મુનિના ગળામાં નાંખ્યો. સાધારણ માણસો પણ ખાવાપીવાની ચિંતામાં ઘણા પ્રકારના અનર્થ કરે છે. તે બધા ભક્તિમાર્ગના વિઘ્નો છે. પરીક્ષિત રાજા પોતાના ક્રોધને તે વખતે જીતી શક્યા નહોતા. શ્રીમદ્ ભાગવતની ૭ દિવસની સપ્તાહ પરીક્ષિત રાજા સાંભળવા બેઠા હતા ત્યારે ચોથે દિવસે સાંજે પરીક્ષિત રાજા શુકદેવજીને કહે છે કે હવે મને ભુખ કે તરસ લાગતી નથી. ભાગવતની કથા સાંભળવાથી ૪ દિવસમાં એવી દશા પ્રાપ્ત થાય છે.

૪. દિતિનો અપરાધ.

કશ્યપ મુનિની સ્ત્રી દિતિને પુત્રની કામના હતી. મુનિએ તેની ઇચ્છા પુરી કરવાની સંમતિ આપી પણ સંધ્યાકાળનો સમય અનુકુળ નહોતો. છતાં કામાતુરા દિતિએ વેશ્યાની સમાન નિર્લજ્જ થઇને બ્રહ્મર્ષિ કશ્યપજીનું વસ્ત્ર પકડયું અને મુનિએ તેનો અતિ આગ્રહ દેખી સમાગમ કર્યો. પછી દિતિને પણ પશ્ચાત્તાપ થયો. મુનિએ તેને કહ્યું કે સમાગમ વખતે તારૂં મન અશુદ્ધ હતું તેથી તને બે અધમ-પુત્ર પ્રાપ્ત થશે." તેમાંથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા. હાલના કાળમાં ઘણા માબાપોને એવા વિચાર આવે છે કે અમને આવા પુત્રો કેમ થયા? તેમણે આ કથા સમજવા જેવી છે. (૩–૧૪)

૫. જય વિજયને વૈકુંઠમાં ભેદદર્શન.

આ બન્ને ભગવાન વિષ્ણુના પાર્ષદ હતા અને વૈકુંઠમાં દ્વાર આગળ ચોકી કરતા હતા. જે વખતે સનકાદિક વૈકુંઠમાં ભગવાનના દર્શન કરવા માટે જતા હતા ત્યારે દ્વાર ઉપર જય વિજયે તેમને રોક્યા. તેથી સનકાદિએ તેમને શ્રાપ આપ્યો અને કહ્યું કે જે પર-આત્માના શરીરમાં આખું બ્રહ્માંડ રહેલું છે તેમાં ધીર અને જ્ઞાની પુરૂષો મહાકાશ અને ઘટાકાશની સમાન ભેદ જોતા નથી છતાં પ્રભુના ધામમાં તમને ભેદભાવજન્ય ભય કેમ ઉત્પન્ન થયો! માટે તમે અસુર

યોનિમાં જાઓ. આ પ્રમાણે ભક્તિ કરતાં જો ભેદબુદ્ધિ રહી જાય તો વૈકુંઠમાંથી પડવું પડે છે. પહેલા જન્મમાં તે દિતિના ગર્ભથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ રૂપે અવતર્યા.

૬. સતીની ભૂલ

દક્ષ પ્રજાપતિની પુત્રી સતી ભગવાન શંકરને વરાવી હતી. એક વખત દક્ષ પ્રજાપતિને ત્યાં યજ્ઞ થતો હતો ત્યારે સતીને ત્યાં જવાની ઇચ્છા થઇ. શંકરે તે બાબત અનુમતિ આપી નહિ. સતીએ કહ્યું "આ આશ્ચર્યમય ત્રિગુણાત્મક જગત જો કે આપની અંદર છે અને આપની માયાથી નિર્માણ થયેલું ભાસે છે છતાં મારો સ્ત્રીના જેવો સ્વભાવ હોવાથી હું આપના તત્ત્વને બરાબર જાણતી નથી. હું દીન છું અને મને મારી જન્મભૂમિ જોવાની ઇચ્છા રહ્યા કરે છે. (૪-૩-૧૧). આંહી બ્રહ્મને છોડીને સતીને સંસાર જોવાની ઇચ્છા થાય છે અને પછી ત્યાં તેનું અપમાન થાય છે માટે ભક્તોએ ભક્તિ છોડીને સંસારી માણસોની વચ્ચે જવાની ઇચ્છા કરવી નહિ."

૭. ધ્રુવનો રાજ્ય માટે મોહ

ધ્રુવે નાની ઉમરમાં ઘણું તપ કરીને વિષ્ણુને પ્રસન્ન કર્યા અને વિષ્ણુના સાક્ષાત દર્શન કર્યા તોપણ તેણે રાજ્યની ઇચ્છા કરી તેથી તે પાછળથી પસ્તાય છે. પાછળથી તેને કુબેરના સેવક સાથે યુદ્ધ થાય છે ત્યારે કુબેર તેને આત્મજ્ઞાનનો ઉપદેશ આપે છે.

૮. પ્રચેતા અને ગૃહસ્થાશ્રમની માયા

પ્રચેતાઓને શ્રી શંકરના અને શ્રી વિષ્ણુના સાક્ષાત દર્શન થયા હતા અને તેમની પાસેથી સારો બોધ મળ્યો હતો છતાં ગૃહસ્થાશ્રમની માયામાં રહેવાથી તે ઉપદેશ ભૂલી ગયા હતા. તે પછી જ્યારે તેમને નારદજી મળ્યા ત્યારે તેમણે કહ્યું કેઃ– અમે ગૃહસ્થાશ્રમમાં

આસકત રહેવાથી ભગવાન શંકર અને વિષ્ણુએ આપેલ ઉપદેશ ભૂલી ગયા છીએ માટે આપ ફરીથી આત્મજ્ઞાન આપી અમારા હૃદયમાં તે ભાવ જાગ્રત કરી આપો (૪–૩૧–૭) આ ઉપરથી જણાય છે કે ગૃહસ્થાશ્રમમાં આત્મજ્ઞાન ટકાવવું એ બહુ અઘરૂં કામ છે.

૯. રાજા ભરતની હરણમાં આસક્તિ

રાજા ભરત રાજ્ય છોડી, કુટુંબ છોડી, વનમાં તપ કરવા ગયા હતા. ત્યાં ફક્ત એક હરણના બચ્ચામાં આસક્તિ થવાથી ભક્તિથી અને યોગ માર્ગથી ભ્રષ્ટ થઈ ગયા. હરણના બચ્ચાના પાલન, પોષણ અને લાલનમાં તેનો એટલો બધો વખત જતો કે તે પોતાનું નિત્ય ભજન પણ કરી શકતા નહોતા. જે જે યમ, નિયમ અને ભગવદ્ પૂજા વગેરે કરતા હતા, તે ધીરે ધીરે એક પછી એક છૂટતા ગયા (૫–૮–૮). પછી બીજા જન્મમાં તે હરણ થયા અને ત્રીજા જન્મમાં જડભરત થયા. તે વખતે તે માણસોના સંગથી પણ એટલા બીતા હતા કે જન સમુદાયથી દૂર રહેતા હતા. આ ઉપરથી એ સમજવાનું છે કે વનમાં ગયા પછી વૃત્તિ ઠીક રાખતાં શીખવું જોઈએ.

૧૦. અજામિલની ભૂલ

અજામિલ શાસ્ત્રજ્ઞ હતો, શીલપાળવાવાળો અને સદાચારી હતો. મૃદુલ સ્વભાવ વાળો, જીતેન્દ્રિય, સત્યપારાયણ, મન્ત્રવેતા, અને વૃદ્ધ જનોની સેવા કરવાવાળો હતો, મિતભાષી અને અસૂયા રહિત હતો. એક વાર માર્ગમાં તેણે એક કામી, નિર્લજ્જ અને આચાર–ભ્રષ્ટ શુદ્રને જોયો. તે એક વ્યભિચારી દાસીની સાથે દારૂ પીને, તેની સાથે હસતો ક્રિડા કરતો હતો. તે વખતે તે સ્ત્રીની સાડી ખસી ગઈ. તે જોઇ અજામિલને મોહ થયો અને પોતાના મનને વશ રાખી શકયો નહિ. તેણે પણ તે વેશ્યાનો સંગ કરવા માંડયો અને પોતાની સ્ત્રી છોડી દીધી. પાછળથી તેને પશ્ચાત્તાપ થયો છે. તેણે મરતી વખતે નારાયણનું નામ

લીધું તેથી તેના પાપ બળી ગયા. છેવટે તે હરદ્વાર જઈ યોગ માર્ગનો આશ્રય લઈ પરબ્રહ્મમાં લીન થઇ ગયો. અજામિલ એક વાર વિષયી માણસોના દર્શન કરી મોહ પામ્યો હતો. તો હાલ હજારો માણસો સીનેમામાં એવા દેખાવ જોવા જાય છે, તેમના મનની દશા કેવી થતી હશે !

૧૧. ચિત્રકેતુ રાજાની ભૂલ

આ રાજાને ભક્તિ ગમતી હતી પણ એકવાર જ્યાં શંકર અને પાર્વતી એકાંતમાં બેઠાં હતાં અને શંકરે પાર્વતીજીને ખોળામાં બેસાડયા હતા. ત્યાં તે દેખાવ જોઇને તેનામાં ખોટા સંસારી વિચારો આવવા લાગ્યા. તેથી પાર્વતીજીએ તેને શ્રાપ આપ્યો અને તેને લઇને તે બીજા જન્મમાં વૃત્રાસુર થયો. આજે પણ કોઇને કોઇ જગ્યાએ સ્ત્રીઓ જોવામાં આવે અને સ્ત્રીઓને પુરૂષો જોવામાં આવે તો તેમને સંસારીભાવે જોવા ન જોઇએ. તેમના કોઇ અંગ ઉપર સંસારી ભાવે નજર પડશે તો તેમાંથી ખોટા ચિત્રો રૂપી ચિત્રકેતુ ઉત્પન્ન થશે અને તેમાંથી ખોટી વૃત્તિઓ રૂપી વૃત્રાસુર ઉત્પન્ન થશે.

૧૨. પ્રહ્લાદની ભક્તિ

પ્રહ્લાદ ભગવાનના મહાન ભક્ત હતા. તેના ઉપર તેના પિતા હિરણ્યકશિપુએ બહુ જુલ્મ કર્યો હતો. તે વખતે તેને બચાવવા માટે શ્રી નરસિંહ ભગવાન થાંભલામાંથી પ્રગટ થયા હતા. ભગવાને હિરણ્યકશિપુને માર્યો અને પ્રહ્લાદને ખોળામાં લીધા. પ્રહ્લાદે ભગવાનની સ્તુતિ કરી ભગવાને તેને વર માંગવા માટે કહ્યું. પ્રહ્લાદે કહ્યું કે મારૂં મન અતિ અસાધુ છે, દોષ દુષિત અને કામાતુર છે. હર્ષ શોક અને ભય, એ ત્રણ એષણાથી વ્યાકુળ છે. આપની કથામાં એની પ્રીતિ નથી. એવા કલુષિત ચિત્તથી હું કેવી રીતે આપના સ્વરૂપનું ચિંતન કરૂં (૭–૯–૩૯) હું આપના આ ઉગ્ર રૂપથી બીતો નથી પણ હું ઉગ્ર અને દુઃસહ

સંસારચક્રના દુઃખથી ભય પામું છું, કારણ કે મારા કર્મોએ બાંધીને મને હિંસક જીવોની વચ્ચે મુકી દીધો છે." આંહી હજુ ભક્તિમાં કાંઇક ખામી જણાય છે કારણે કે પ્રહ્લાદ ભગવાનના ખોળામાં બેઠા છતાં સંસારથી બીએ છે. તે એવી માગણી કરે છે કે "મારા હૃદયમાં કોઇ પણ કામનાનો અંકુર ન રહે" (૭-૧૦-૭)

૧૩. ગજેન્દ્રની ભૂલ

ગજેન્દ્ર પૂર્વ જન્મમાં ઈન્દ્રદ્યુમ્ન નામનો રાજા હતો. એક વાર મુનિવર અગત્યસજી તેને ઘેર આવ્યા ત્યારે રાજાએ તેનો સ્વીકાર કર્યો નહિ તેથી મુનિએ તેને શ્રાપ આપ્યો કે તું હાથીની માફક જડ બુદ્ધિવાળો છો માટે તું હાથીની યોનીને પ્રાપ્ત થા. એ શ્રાપના પરિણામે તે હાથી થયો હતો. આંહી એવી સુચના કરેલી છે કે મહાત્માઓ તરફ વિનય રાખવો જોઈએ.

૧૪. ભગવાન શંકરનો મોહ

સમુદ્ર મન્થન વખતે પહેલાં જે ઝેર નીકળ્યું તે શંકર પી ગયા. પછી તેને ભગવાનનું મોહિની સ્વરૂપ જોવાની ઈચ્છા થઈ. ભગવાને તેમને તે સ્વરૂપ બતાવ્યું પણ તેમાં શંકરને મોહ થઇ ગયો. તે વખતે ભગવાનને તેમને કહ્યું કે "આપ પાછા આપની નિષ્ઠામાં આવી ગયા તે ઠીક થયું કારણ કે અજીતેન્દ્રિય પુરૂષોને માટે મારી માયા જીતવી બહુ મુશ્કેલ છે"

૧૫. શુક્રાચાર્યની ભૂલ

જ્યારે વામન ભગવાન બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વી માંગવા આવ્યા ત્યારે બલિના ગુરૂ શુક્રાચાર્યને ખબર હતી કે આ સાક્ષાત વિષ્ણુ છે અને આખું જગત તેનું છે, છતાં ત્રણ પગલાં પૃથ્વી આપવા માટે બલિને ના પાડી પાછળથી શુક્રાચાર્ય પસ્તાય છે

અને ભગવાનને કહે છે કે મનુષ્યોનું સૌથી મોટું કલ્યાણ એમાંજ છે કે આપની આજ્ઞાનું પાલન થાય. (૮-૨૩-૧૭)

૧૬. સુકન્યાની ભૂલ

મનુના પુત્ર શર્યાતિ રાજાને સુકન્યા નામની પુત્રી હતી. એકવાર તે રાજાની સાથે ચ્યુવન મુનિના આશ્રમે ગઈ હતી. ત્યાં તે વનની શોભા જોતી હતી, એટલામાં એક મોટા રાફડામાં તેને બે જયોતિ જોવામાં આવી. તે વખતે તે કન્યાએ રમતમાં એક કાંટો લઈને તે જ્યોતિમાં ભોંકી દીધો. તેના પરિણામે રાજાના નોકરોના મલમુત્ર રોકાઇ ગયા. તેનું કારણ શોધતાં એમ માલુમ પડયું કે તે રાફડામાં ચ્યવન મુનિ ધ્યાન કરતા હતા અને તેની આંખો ભૂલથી સુકન્યાએ ફોડી નાંખી હતી. તે અપરાધના બદલામાં રાજાએ સુકન્યાને ચ્યવન મુનિ સાથે પરણાવી. પાછળથી અશ્વનીકુમારની મદદથી ચ્યવન મુનિ જુવાન થયા અને તેની આંખો સારી થઈ ગઇ. આંહી એમ બતાવેલું છે કે કોઈ ભક્તિ કરતા હોય તેને બીજા કોઇએ વિઘ્ન કરવું નહિ.

૧૭. દુર્વાસાની ભૂલ

દુર્વાસા મુનિની ભૂલ એ થઇ કે તેણે ભક્ત અંબરીષ રાજા ઉપર ક્રોધ કર્યો. છતાં ભક્ત અંબરીષે તેમને માફી આપી, અને દુર્વાસાને પશ્ચાત્તાપ થયો. આંહી પણ એમ સમજાવેલું છે કે કોઈ ભક્તને કોઇએ વિઘ્ન કરવું નહિ.

૧૮. સૌભરિ અને યયાતિની કામવાસના

સૌભરિ મુનિ મહાતપસ્વી હતા પણ એકવાર જમના નદીમાં ન્હાતા તેને માછલા-માછલીની મૈથુની ક્રીડા જોઇ. તે જોઇ તેને પરણવાનું મન થયું અને પોતાના તપના બળથી પોતાનું શરીર

જુવાન બનાવી, માન્ધાતાની ૫૦ કન્યા સાથે લગ્ન કર્યું. તેનો સંસાર ઘણો વખત ચાલ્યો. પાછળથી તે પસ્તાય છે અને પોતાના મનને કહે છે કે "એક જલના જંતુનો સંગ કરવાથી મેં મારા બ્રહ્મતેજનો નાશ કર્યો એ બહુ ખોટું કર્યું"; માટે મોક્ષની ઇચ્છાવાળાએ ગૃહસ્થીઓનો બિલકુલ સંગ કરવો નહિ. (૯-૬-૫૧)

યયાતિ રાજાએ પણ ગૃહસ્થાશ્રમનું બહુ સુખ ભોગવ્યું છતાં તેને તૃપ્તિ થઇ નહિ, તેથી પોતાના દિકરાની જુવાની માગીને ફરીથી સંસારના ભોગમાં પડયા, તો પણ તેને સંતોષ થયો નહિ. છેવટે પોતાના મનને કહે છે કે વિષયોના ભોગથી વાસના કદાપિ શાન્ત થતી નથી પણ અગ્નિમાં ઘી નાંખવાની માફક ઉલટી વધે છે. (૯-૧૯-૧૪)

૧૯. જશોદાજીની ભૂલ

એક વાર જશોદાજી દહીંનું મંથન કરતા હતા. તે વખતે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે "મારે ધાવવું છે." તરત દહીનું કામ છોડીને જશોદાજી ભગવાનને ધવરાવવા બેઠા પણ તે વખતે ચુલે મુકેલું દુધ ઉભરાણું, એટલે ભગવાનને છોડીને જશોદાજી દુધ સંભાળવા ગયાં. પાછળથી ભગવાનને ક્રોધ ચડયો એટલે તેમણે દહીંની ગોળી ફોડી નાખી. આંહી ભગવાનના કરતા દુધની કિંમત જશોદાજીને વધારે લાગી, એ જશોદાજીની ભકિતમાં ભૂલ થઇ હતી. હાલ પણ કેટલાક માણસો ભકિત કરતાં કરતાં તે છોડીને વ્યવહારીક કામ માટે ઉભા થાય છે, તે પણ ભકિત માર્ગમાં અપરાધ છે.

૨૦. નલકુબેર અને મણીગ્રીવ

આ બન્ને કુબેરના પુત્ર હતા અને સ્ત્રીઓની સાથે જલ ક્રિડા કરતા હતા. ત્યાં નારદજી આવ્યા, પણ તેમણે કપડાં પહેર્યાં નહિ તેથી નારદજીએ તેમને શ્રાપ આપ્યો. તેના પરિણામે તેમને ઝાડનો જન્મ

આવ્યો. આંહી કુબેરના પુત્રો એટલે બધા ધનવાન શેઠ સમજવાના છે. જો ધનના મદમાં તેઓ પોતાનું ભાન ભૂલી જાય તો તેમને ઝાડનો જન્મ આવે છે.

૨૧. બ્રહ્માજીનો મોહ

આ કથા દશમસ્કંધના ૧૩ મા અધ્યામાં આવે છે. એક વાર બ્રહ્માજી શ્રી કૃષ્ણ ભગવાનની પરીક્ષા કરવાની ખાતર તેમની ગાયો અને તેમના ગોપબાલકો હરી ગયા, પણ ભગવાન તેની ક્રિડા જાણી ગયા અને પોતે ગાયો અને ગોપ રૂપ બની ગયા. છેવટે બ્રહ્માને પોતાની ભૂલની ખબર પડી અને ભગવાનની માફી માગી; માટે જે ભગવાનનું છે તેના ઉપર કોઈએ હક રાખવો જોઇએ નહિ.

૨૨. યજ્ઞ કરનાર બ્રાહ્મણોની ભૂલ

કેટલાક બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા. તેમની પાસે ભગવાને ગોવાળીઆઓ મારફત ખાવાનું મંગાવ્યું. પણ તેઓએ આપ્યું નહિ. છેવટે તેમની પત્નિઓ જમવાનું લઇને ભગવાન પાસે આવી. તેમના ઉપર ભગવાનનો અનુગ્રહ થયો. તે જોઇને તેમના પતિને પાછળથી પસ્તાવો થયો (દશમા સ્કંધ. ૨૩ મો અધ્યાય)

૨૩. ગોપીઓની ભૂલ

રાસલીલા વખતે ભગવાને ગોપીઓને બે વાર બ્રહ્મનો આનંદ આપ્યો છતાં જ્યારે ભગવાન ગોકુલથી મથુરા ગયા ત્યારે ગોપીઓને તેમનો વિયોગ લાગ્યો. ખરીરીતે બ્રહ્મના આનંદ સાથે બ્રહ્મનું જ્ઞાન હોય છે અને બ્રહ્મ સર્વ વ્યાપક હોવાથી વિયોગ લાગવો જોઇએ નહિ. પાછળથી તેમની શાન્તિ માટે ભગવાને ઉદ્ધવજીની સાથે બ્રહ્મજ્ઞાન મોકલ્યું અને જણાવ્યું કે તમારો અને મારો સાચો વિયોગ થતો નથી. (૧૦–૪૭–૨૯).

૨૪. રૂકિમણિની ભૂલ

રૂકિમણિએ એવું વ્રત લીધું હતું કે પરણું તો શ્રી કૃષ્ણને જ પરણું. તેને માટે ભગવાન દ્વારકાથી વિદર્ભ દેશમાં આવ્યા અને તેને પોતાના રથમાં લઈ દ્વારકા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં રૂકિમણિનો ભાઇ રૂકમો બ્હેનને પાછી લેવા માટે ભગવાનની પછવાડે દોડયો અને ભગવાને તેને મારવા માટે તૈયારી કરી. તે વખતે રૂકિમણિને ભાઇની ઉપર દયા આવી. તે વખતે બલરામે રૂકિમણિને ઉપદેશ આપેલ છે કે ભગવાન જે કરે છે તે ઠીક કરે છે, તે તમારા ભાઇનો મદ અને તેનું અભિમાન દૂર કરે છે, છતાં ભગવાનના કામમાં તને વિષમ બુદ્ધિ કેમ થાય છે." કોઇ પરણેલી સ્ત્રી પરણ્યા પછી પીયરના સગાંને બહુ યાદ કરે તો સાસરાના ઘરનું સુખ લઇ શકતી નથી. તેમ ભકત ભગવાનને મેળવીને પછી સંસારને યાદ કરે તો તેને ભક્તિનું સુખ મળતું નથી.

૨૫. નૃગરાજાની દાનમાં ભૂલ

આ રાજાએ ઘણી ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી હતી. તેમાંથી એક ગાય પાછી આવીને બીજી જે ગાયો દાનમાં દેવાની હતી તેમાં ભળી ગઈ, અને તે બીજા બ્રાહ્મણને અપાઈ ગઇ. તેથી બ્રાહ્મણોની અંદર કલેશ થયો અને પહેલા બ્રાહ્મણે રાજાને શ્રાપ આપ્યો તેથી રાજાને કાકીડાનો અવતાર આવ્યો. આ કથાનો એક અર્થ એવો છે કે રાજાઓએ બ્રાહ્મણનું ધન લેવું નહિ; બીજો અધ્યાત્મભાવે એવો અર્થ થાય છે, જો બ્રહ્માકારવૃત્તિ ઉત્પન્ન થઇ તો પછી વૃત્તિને ફરી જગત આકારે થવા દેવી નહિ.

૨૬. ધૃતરાષ્ટ્રની ભૂલ

ગીતાની શરૂઆતમાં ધૃતરાષ્ટ્ર સંજયને યુદ્ધની હકીકત પૂછતાં કહે છે કે **મામકા** એટલે મારા પુત્રોએ અને પાંડવોએ મહાભારતમાં

શું કર્યું તે કહો. આંહી કૌરવોને મામકા કહ્યા અને પાંડવોને પોતાના ન માન્યા તે ધૃતરાષ્ટ્રની ભકિતમાં ભૂલ હતી.

૨૭. વસુદેવ અને દેવકીની ભૂલ

શ્રી કૃષ્ણ ભગવાન સાક્ષાત બ્રહ્મરૂપ હતા અને તેની ખાત્રી ઋષી મુનીઓના વચનથી વસુદેવજીને થઈ હતી, છતાં તે જ્ઞાન ભૂલી ગયા અને ફરીથી નારદજી પાસે તેમણે જ્ઞાન માંગ્યું. આ બાબત એમ બતાવે છે કે ગૃહસ્થાશ્રમમાં બહુ સાવચેત રહેવાનું છે. વસુદેવ અને દેવકીની ભૂલ એ થઇ હતી કે તેમણે શ્રી કૃષ્ણને પુત્ર માની લીધા હતા.

૨૮. શંકરની ભૂલ

ભગવાન શંકરે શકુનિના પુત્ર દુષ્ટ બુદ્ધિવાળા વૃકાસુરને એવું વરદાન આપ્યું કે તે જેના માથા ઉપર હાથ મુકે તે મરી જાય. વૃકાસુરે તેનો પ્રયોગ શંકર ઉપર જ કરવા માંડયો. પાછળથી વિષ્ણુએ વૃકાસુરને માયામાં નાખી તેનો હાથ તેના માથા ઉપર મુકાવ્યો છે, તે વખતે વૃકાસુર બળી ગયો છે. શંકરે ભગવાનને કહ્યું કે “ મહાપુરૂષોનો અપરાધ કરનાર કોઇ જીવ સુખી થઈ શકતો નથી ” (૧૦–૮૮–૩૮)

૨૯. અર્જુનનું અભિમાન

દ્વારકામાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેને જેટલા પુત્ર થતા હતા તે મરી જતા હતા. તેથી તેને દ્વારકા નગરી છોડવાનો વિચાર કર્યો. અર્જુને તેને એમ કહ્યું કે મારામાં એટલું બળ છે કે આંહી યમ પણ આવી શકે તેમ નથી, એમ કહી તેના ઘરમાં પોતાના ધનુષ્યથી હદ બાંધી દીધી, તો પણ ફરીવાર તે બ્રાહ્મણનો બાળક ગુજરી ગયો. તેથી અર્જુનને પોતાની શકિત ઉપર માઠું લાગ્યું અને તે બળવાને માટે તૈયાર થયો. પછી ભગવાને તેને શાંતિ આપી અને ભૂમા ભગવાનનાં દર્શન કરાવ્યાં. આંહી અર્જુનનો અહંકાર તેના ભકિતમાર્ગમાં વિઘ્ન રૂપ હતો એમ બતાવેલ છે.

૩૦. યદુકુળના કુમાર સાંબનો અપરાધ

એક વાર ભગવાનના દર્શનની ઈચ્છાથી કેટલાક ઋષિ મુનિઓ દ્વારકામાં આવ્યા અને નજીકમાં પિંડારક ક્ષેત્રમાં રહેવા લાગ્યા. તે વખતે યાદવકુળના બાળકો ત્યાં રમવા માટે ગયા. તેમાંથી જાંબુવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેશ પહેરાવી તેઓએ ઋષિ મુનિઓને પૂછ્યું કે "આ સ્ત્રી શું જણશે?" ઋષિ મુનિઓ તેમની મશ્કરી સમજી ગયા અને કહ્યું કે "આમાંથી એક મુસલ નીકળશે અને તે તમારા કુળનો નાશ કરશે." માટે સાર એ છે કે ઋષિ મુનિઓની મશ્કરી કરવી નહિ."

આ પ્રમાણે ભક્તિમાર્ગમાં પણ અનેક જાતની ભૂલો થયા કરે છે. તેથી સાવધ રહેવાનું છે. પુત્રૈષણા વિત્તૈષણા અને લોકૈષણા એ ત્રણે ભક્તોને ભૂલોમાં નાંખે છે. એકાદશ સ્કંધમાં ૨૩મા અધ્યાયમાં વિત્તૈષણા અને લોકૈષણા છોડવા માટે ભિક્ષુ ગીત આપેલ છે અને ૨૬મા અધ્યાયમાં સ્ત્રી પુત્રની ઇચ્છા છોડવા માટે પુરૂરવા અને ઉર્વશીની કથા આપેલી છે અને તેજ અધ્યાયમાં સત્સંગનો મહિમા પણ બતાવેલ છે.

જેઓને તરત આત્મ લાભ મેળવવો હોય એટલે પરીક્ષિત રાજાની માફક ૭ દિવસમાં મોક્ષ મેળવવો હોય તેઓએ ભક્તિની સાથે જ્ઞાન અને વૈરાગ્ય બંન્ને બરાબર પ્રાપ્ત કરી લેવા જોઇએ. ભક્તિનું લક્ષણ કપિલ ભગવાને માતા દેવહુતિને શ્લોક ૩–૨૯–૧૧ માં આપેલું છે. જ્ઞાનનું લક્ષણ શ્લોક ૧–૨–૧૧ અને શ્લોક ૫–૨–૧૧ માં આપેલું છે અને વૈરાગ્યનું લક્ષણ ૬–૧૧–૨૫ માં આપેલું છે. જ્ઞાન અને વૈરાગ્ય ભક્તિના દીકરા છે અને એ બુઢા હતા ત્યારે ભક્તિ રડતી હતી. તેમને જુવાન કરવા જોઇએ કે જેથી ભક્તિને સુખ થાય. એ ત્રણે બરાબર હોય તો જીવને બ્રહ્મદશા પ્રાપ્ત થતાં વાર લાગતી નથી. નવમા સ્કંધ સુધીમાં જે કથા આવે છે તે બરાબર સમજાણી હોય તો આત્માનો સાક્ષાત્કાર જરૂર થાય છે. તે પછી તે અનુભવ ટકવા માટે જે ભાવ જોઇએ તેને ગોપી ભાવ કહે છે. ગો એટલે

જ્ઞાન. જ્ઞાનની રક્ષા કરનારને ગોપ અથવા ગોપી કહે છે. તેનો વધારે ખુલાસો અધ્યાત્મ ભાગવતના ત્રીજા ભાગમાં આપવામાં આવેલો છે.

આ પુસ્તકના કવર ઉપર પ્રહ્લાદનું અને શ્રી નરસિંહ ભગવાનનું જે ચિત્ર આપવામાં આવેલ છે. તેમાં શ્રી નરસિંહ ભગવાન ઐશ્વર્યનું સ્વરૂપ છે. પ્રહ્લાદ આનંદનું સ્વરૂપ છે અને હિરણ્યકશિપુ એ અહંકારનું સ્વરૂપ છે, અહંકાર મરે તો આનંદનો પ્રકાશ થાય એ ભાવ ત્યાં જણાવેલ છે.

બારમા સ્કંધના ત્રીજા અધ્યાયમાં (૧૨–૩–૧૪) શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે "જે રાજાઓની કથા મેં તમને કહી તે મેં જ્ઞાન અને વૈરાગ્યનું વર્ણન કરવાની ઈચ્છાથી તમને સંભળાવેલ છે; પરંતુ એ બધો વાણીનો વિલાસ છે, પરમાર્થ દૃષ્ટિથી એ કથા સાચી નથી. આ લોકમાં જે રીતે ભગવાનના ગુણ ગવાય તે સાધન બધા અમંગળને નષ્ટ કરવાવાળું છે. તેથી રોજ એનું જ શ્રવણ કરવું." બધી કથા અધ્યાત્મભાવે સમજવી એવું આંહી સુચન કરેલ છે.

બારમા સ્કંધના અગ્યારમા અધ્યાયમાં પણ અધ્યાત્મ વિષય બહુ સ્પષ્ટ કરેલ છે અને કહેલ છે કે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ એ ચારને વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય સમજવાના છે (૧૦–૧૧–૨૨) અને તક્ષકનાગ એ સંસારરૂપી સર્પ સમજવાનો છે, (૧૦–૧૩–૨૧). આ પ્રમાણે શ્રીમદ્ ભાગવતના અર્થ અધ્યાત્મભાવે સમજવાથી, અને ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે એક સાથે વધારવાથી તરત કલ્યાણ થાય છે.

વેદાન્ત આશ્રમ
પોસ્ટ–વલાદ
(અમદાવાદ–પ્રાંતિજ રેલ્વે)
તા. ૧–૫–૫૧

સ્વામી માધવતીર્થ

સ્વામી માધવતીર્થનાં પુસ્તકો

નામ	મળવાનું ઠેકાણું
૧ તે કોણ? (ત્રીજી આવૃત્તિ) ૨ કાળની ગતિ (ત્રીજી આવૃત્તિ) ૩ પ્રહ્લાદનો સત્યાગ્રહ (બીજી આવૃત્તિ) ૪ પ્રયાગનો રાજનો કુંભમેળો ૫ ભક્તિમાર્ગનાં સાધન (બીજી આવૃત્તિ) ૬ પોતે કોણ? ૭ અધ્યાત્મ ભાગવત ભાગ-૧ ૮ અધ્યાત્મ ભાગવત ભાગ-૨ ૯ સત્સંગનો મહિમા (ચોથી આવૃત્તિ) ૧૦ કોમી એકતા ૧૧ એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન ૧૨ હું કોણ (બીજી આવૃત્તિ) ૧૩ તું કોણ? (ચોથી આવૃત્તિ) ૧૪ બ્રહ્મચર્ય	શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય પો. બો. નં. ૬ સલાપસ ક્રોસરોડ અમદાવાદ.
૧૫ જગતમાં જીવ કેટલા છે? ૧૬ મહાભારતનું ગુપ્ત રહસ્ય ૧૭ તત્ત્વદર્શન ૧૮ જ્ઞાનીની માળા ૧૯ વિશ્વશાંતિ ૨૦ વિદ્યાર્થીઓને બોધ	મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ત્રણ દરવાજા, અમદાવાદ.

૨૧ આર્યોના સંસ્કાર (ત્રીજી આવૃત્તિ)
૨૨ શ્રી રમણ મહર્ષિ (બીજી આવૃત્તિ)
૨૩ ધ્યાન અને જ્ઞાન (બીજી આવૃતિ
૨૪ વિચાર સૂર્યોદય (ત્રીજી આવૃત્તિ)
૨૫ જ્ઞાનનાં ઝરણાં (બીજી આવૃત્તિ)
૨૬ વેદાન્ત રસબિન્દુ
૨૭ દેશ અને કાળ
૨૮ સ્વામીશ્રી નિત્યાનન્દજી
૨૯ દગ–દશ્યવિવેક
૩૦ સ્વપ્નો
૩૧ જ્ઞાનલહરી

} સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય
ભદ્ર પાસે, અમદાવાદ.

૩૨ શ્રીમદ્ ભાગવત–માર્ગદર્શિકા
૩૩ ગુરુપૂર્ણિમા
૩૪ અણુની શક્તિ
૩૫ ધર્મ અને રાજ્ય
૩૬ વેદાન્ત અને યોગ

} સંદેશ કાર્યાલય
પિત્તળિયો બંબો,
ઘીકંટા રોડ
અમદાવાદ.

૩૭ અરવિંદ ઘોષનું તત્ત્વજ્ઞાન (બીજી આવૃત્તિ)

} એન. એમ. ત્રિપાઠીની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ

૩૮ World Peace
૩૯ Higher Culture
૪૦ Evolution and Relativity
૪૧ Maya
૪૨ Wonders of the time–space
૪૩ The Concept of Time in Indian Philosophy
૪૪ ચેત, જીવ, ચેત

} વેદાન્ત આશ્રમ
પોસ્ટ–વલાદ
અમદાવાદ-પ્રાંતિજ રેલ્વે

૪૫ નિગમાગમ વાક્ય રત્નાવલિ
૪૬ વેદાન્ત આશ્રમનો હેવાલ
૪૭ સનાતન ધર્મનો અભ્યાસ
૪૮ નવા સમાજના પ્રશ્નો
,,

૪૯ વિદ્યાર્થીની માળા
૫૦ વેદાન્ત સિદ્ધાન્ત મુક્તાવલી
૫૧ પ્રવૃત્તિ અને નિવૃત્તિ
૫૨ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય
૫૩ બ્રહ્માસ્મિ માળા
૫૪ નૈષ્કર્મ્ય સિદ્ધિ
૫૫ ચિત્સુખીનો સાર
૫૬ Integral education (બ્રહ્મવિદ્યા)
પ્રસિદ્ધ કરવાના છે.

નિવેદન

સંસારરૂપી તક્ષક નાગનો દંશ પામીને નિરન્તર ક્ષીણ થઈ રહેલા મનુષ્યજીવનની શ્રીમદ્‌ભાગવત વિશ્વવ્યાપી પરમ જીવન સાથે એકતા કરી આપી જીવને મૃત્યુરૂપ કાળનો ગ્રાસ થતો બચાવી લે છે. શ્રીમદ્‌ભાગવત અશુદ્ધ માર્ગે અથવા વિપરીત માર્ગે વળેલી જીવની ત્રણે શક્તિઓને પવિત્ર કરીને ભગવાનમાં જોડી ઓગાળી દે છે. શ્રીમદ્ ભાગવત પૃથ્વી ઉપરનું એક મહાન તીર્થ છે. તે મનુષ્યને સાત જ દિવસમાં સર્વ પાપોથી અને સર્વ અશુદ્ધિઓથી મુક્તિનો અનુભવ કરાવી શકે છે.

આ શ્રીમદ્ ભાગવતનાં ગૂઢ રહસ્યોને ઉઘાડીને પૂજ્ય સ્વામીશ્રી માધવતીર્થજીએ દરેક મનુષ્યના આત્માની સાથે તે કેવી રીતે લાગુ પડે છે તે તેમના આ 'અધ્યાત્મ ભાગવત' નામના શ્રીમદ્ ભાગવતના વિવેચનદ્વારા ઉત્તમ રીતે બતાવ્યું છે. તેમના વિવેચનના આ બીજા ખંડમાં પાંચમા સ્કંધથી નવમા સ્કંધ સુધીના વિવેચનનો સમાવેશ થાય છે. ત્યારપછીના દશથી બાર સુધીના સ્કંધોનું વિવેચન ત્રીજા ખંડરૂપે હવે પછી પ્રકટ થશે.

એકથી ચાર સ્કંધ સુધીના વિવેચનનો પ્રથમ ખંડ અમે પ્રકટ કર્યો છે. શ્રીમદ્ ભાગવતના તત્ત્વજિજ્ઞાસુઓએ તેનો ખૂબ આદર કર્યો અને સામાન્ય જિજ્ઞાસુઓને પણ તે ખૂબ ઉપયોગી થયો છે. ત્યાર-પછીના આ બીજા ખંડ માટે ઘણા વખતથી જિજ્ઞાસુઓની માગણી રહ્યા કરતી હતી. તે આજે પ્રકટ કરી શકાવાથી આનંદ થાય છે.

'વિશ્વમંગલ' માસિક પત્રમાં દર માસે ક્રમશઃ પ્રકટ થએલા પાંચથી નવ સ્કંધ સુધીના 'અધ્યાત્મ ભાગવત'ના લેખોનો આ બીજા ખંડમાં સંગ્રહ છે. આ પછીના સ્કંધોનું 'અધ્યાત્મ ભાગવત' વિશ્વમંગલમાં દર માસે પ્રકટ થતું રહે છે. બાર સ્કંધ પૂરા થયે તેને યથાસમયે ત્રીજા ખંડરૂપે પ્રકટ કરવામાં આવશે. શ્રીહરિઃ

—પ્રકાશક

સ્કંધ ૫ મો

પ્રકરણ ૧ લું

પૂર્વચિતિ અપ્સરા

શ્રીમદ્‌ભાગવતની કથા એ ૭ દિવસમાં મોક્ષ આપે એવી સુંદર કથા છે. આજે પણ તે કથા કહેનારાવાળા જો શુકદેવજી જેવા અવધૂત પરમહંસ હોય અને સાંભળવાવાળા પરીક્ષિત રાજા જેવા તીવ્ર જિજ્ઞાસુ હોય તો જરૂર ૭ દિવસમાં મોક્ષ થાય તેવાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય તેમાં ભરેલાં છે. એ કથામાં મુખ્ય સાધન શ્રવણ, મનન અને નિદિધ્યાસન ભરેલાં છે. જો બીજું કોઈ કર્મ કરવાનું શુકદેવજી પરીક્ષિત રાજાને કહેત તો કર્મનું અનુષ્ઠાન સાત દિવસમાં પૂરૂં થાત નહિ અને તેનાથી મોક્ષ મળે તેવો સંભવ નહોતો. શ્રવણ વગેરે કરવા છતાં આત્મસાક્ષાત્કાર ન થાય તો જાણવું કે પાછલા સંસ્કારની સ્મૃતિરૂપ પ્રતિબંધો હજુ પડેલા છે. પાછળના સંસ્કારને પૂર્વચિતિ નામની અપ્સરા કહે છે. જ્યારે કોઇ સાધક માળા ફેરવવા બેસે, પૂજા કરવા બેસે, કથા સાંભળવા બેસે અથવા ધ્યાન કરવા બેસે ત્યારે એ પૂર્વચિતિ અપ્સરા હાજર થાય છે અને જીવને ખોટા સંકલ્પમાં અને ખોટા મનોરથમાં ઘસડી જાય છે. પાછલા જુના સંસ્કારમાં પડેલી ભૂલો સુધારવી એ કેટલું મુસ્કેલ કામ છે એ બધા સાધક જાણે છે. પૂર્વચિતિનું નામ એકાદશ સ્કંધમા ૧૬મા અધ્યાયમાં (વિભૂતિઓના વર્ણનમાં) આવે છે અને પાંચમા સ્કંધના બીજા અધ્યાયમાં આવે છે.

પાછલા સંસ્કાર અથવા પૂર્વચિતિનું કારણ ભ્રાંતિવાળું જ્ઞાન છે. તેને અજ્ઞાન પણ કહે છે. ત્રીજા સ્કંધમાં કપિલ ભગવાન માતા દેવહુતિને કહે છે કે બાહ્ય વૃત્તિવાળી ઇંદ્રિયોદ્વારા એકમાત્ર જ્ઞાનસ્વરૂપ નિર્ગુણ બ્રહ્મ જ ભ્રાંતિથી શબ્દ-વગેરે-ધર્મયુક્ત પદાર્થોના રૂપમાં ભાસી રહે છે. (૩-૩૨-૨૮) શ્રદ્ધા, ભક્તિ અને વૈરાગ્ય સહિત નિરન્તર યોગાભ્યાસ કરવાથી જેનું ચિત્ત એકાગ્ર થઈ ગયું છે એવા અનાસક્ત પુરુષને જ પ્રપંચ બ્રહ્મરૂપ દેખાય છે. બાકીના માણસોને અજ્ઞાનના સંસ્કાર અથવા ભ્રાંતિના સંસ્કાર બહુ નડે છે. એવી ભ્રાંતિ કેટલા પ્રકારની છે અને તેનું સ્વરૂપ કેવું છે તે બાબત જુદે ઠેકાણે શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવતા જાય છે. તેનો ટૂંકો સાર કાઢીએ તો નીચે પ્રમાણે ૫ પ્રકારની ભ્રાંતિ જોવામાં આવે છે.

૧. વિકારની ભ્રાંતિ

જેમ દૂધમાંથી દહિં થાય છે અથવા બીમાંથી ઝાડ થાય છે તેમ બ્રહ્મમાંથી જીવ અને જગત્ નીકળ્યાં છે એની જે પ્રતીતિ થાય તેને વિકારની ભ્રાંતિ કહે છે. જગત એ બ્રહ્મનો વિકાર નથી પણ એક પ્રકારનો આરોપ છે અથવા એક પ્રકારની માયા છે એવું સમજાવવા માટે સૂત પુરાણી પહેલા સ્કંધના ત્રીજા અધ્યાયમાં શ્લોક ૩૦ થી ૩૩ સુધી ખુલાસો કરે છે. બીજી વાર શુકદેવજી પરીક્ષિત રાજાને બીજા સ્કંધમાં (૨-૧૦-૩૫) કહે છે કે આ સૃષ્ટિ માયાના સબંધવાળી હોવાથી જ્ઞાની પુરુષો એને સાચી માનતા નથી. ત્રીજી વાર એવો જ પ્રશ્ન જ્યારે વિદુરજી ત્રીજા સ્કંધમાં મૈત્રેયજીને પૂછે છે (૩-૭-૨) ત્યારે મૈત્રેયજી જવાબ આપે છે કે વિરુદ્ધ સ્વભાવવાળું આ જગત સ્વપ્નની માફક માયામાત્ર છે (૩-૭-૧૦). અને ચોથા સ્કંધમાં સનત્કુમાર જ્યાં પૃથુરાજાને ઉપદેશ આપે છે (૪-૨૨-૩૮) ત્યાં કહે છે કે પરમાત્મામાં આ કાર્યકારણરૂપ સંપૂર્ણ પ્રપંચ દોરડીમાં ભ્રાંતિથી દેખાતા સર્પની માફક મિથ્યા છે. આ પ્રમાણે

જોતાં જગત એ બ્રહ્મનો વિકાર નથી પણ વિવર્ત છે. વિકાર જોવો એ એક પ્રકારની ભ્રાંતિ છે.

૨. ભેદ-ભ્રાંતિ

ભેદ પાંચ પ્રકારનો છે. (૧) જીવ-ઈશ્વરનો ભેદ (૨) જીવનો પરસ્પર ભેદ (૩) જડનો પરસ્પર ભેદ. (૪) જીવ-જડનો ભેદ અને (૫) જડ અને ઈશ્વરનો ભેદ. એ પાંચ પ્રકારનો ભેદ જોવો એ ભ્રાંતિ છે. એવી ભ્રાંતિનું ખરૂં સ્વરૂપ જ્યારે સનકાદિ વૈકુંઠમાં ભગવાનનાં દર્શન કરવા જાય છે અને જય-વિજય તેમને દરવાજા આગળ અટકાવે છે ત્યાં આગળ આપેલું છે. ત્યાં સનકાદિ જય-વિજયને કહે છે કે, જેની બગલમાં સંપૂર્ણ જગત સ્થિત છે એવા સર્વાત્મા હરિમાં આંહી રહેવાવાળા જ્ઞાની પુરુષ ઘટકાશ અને મહાકાશની માફક પોતાનો અને કોઈનો ભેદ જોતા નથી તો તમે દેવસ્વરૂપધારી હોવા છતાં પ્રભુના વિષયમાં આવો ભેદભાવ કેમ થયો? પછી સનકાદિએ તેમને શાપ આપ્યો અને જય-વિજયને ત્રણ જન્મ લેવા પડયા એ વાત આગળ આવી ગયેલ છે. બિંબ-પ્રતિબિંબના દ્દષ્ટાંતથી આવા ભેદની ભ્રાંતિ દૂર થાય છે. પ્રતિબિંબ જેમ ઉપાધિકાળે દેખાય છે તેમ જીવ પણ ઉપાધિકાળે દેખાય છે.

૩. કર્તા-ભોક્તાપણાની ભ્રાંતિ

અંતઃકરણના ધર્મની (કર્તા-ભોક્તાપણાની) આત્મા વિષે પ્રતીતિ થાય તેને કર્તા-ભોક્તાપણાની ભ્રાંતિ કહે છે. જેમ લાલ વસ્ત્ર ઉપર સ્ફટિક મણિની માળા રાખેલ હોય તો સ્ફટિકમાં લાલ રંગ સંયોગ-સંબંધથી ભાસે છે; પરંતુ એ વસ્ત્રનો ધર્મ છે. વસ્ત્ર અને સ્ફટિકનો વિયોગ થાય તો સ્ફટિકમાં લાલ રંગ ભાસતો નથી. તે સ્ફટિકનો ધર્મ નથી પરંતુ ભ્રાંતિથી સ્ફટિકમાં ભાસે છે. તેમ અંતઃકરણનો ધર્મ કર્તા-ભોક્તાપણાનો આત્મામાં તાદાત્મ્ય સબંધથી ભાસે છે. પરંતુ તે અંતઃકરણનો ધર્મ છે. સુષુપ્તિમાં (એટલે ગાઢ નિદ્રામાં)

અંતઃકરણ અને આત્માનો વિયોગ થતાં આત્મામાં એ ધર્મ ભાસતો નથી. માટે તે આત્માનો ધર્મ નથી. આ બાબત ઉપર કપિલ-આખ્યાનમાં વારંવાર કપિલ ભગવાને માતા દેવહુતિને સમજુતી આપેલ છે. (૩–૨૭–૧) (૩–૨૬–૧૬) જડ–ચેતનના ધર્મને જુદા કરવા એ જ સાંખ્ય શાસ્ત્રનો મુખ્ય ઉદ્દેશ છે.

૪. સંગની ભ્રાંતિ

આત્માનો દેહ વગેરેમાં અહંતારૂપ અને ઘર વગેરેમાં મમતારૂપ સંબંધ ભાસે છે. તેને સંગની ભ્રાંતિ કહે છે. એવી ભ્રાંતિને લઈને ધ્રુવે વિષ્ણુ ભગવાન પાસે રાજ્ય માગ્યું અને પછીથી તે પસ્તાય છે. દક્ષયજ્ઞમાં જવા માટે સતીએ હઠ કરી અને શંકર ભગવાનને કહ્યું કે જો કે આ ત્રિગુણાત્મક જગત આપથી પૃથક્ નથી છતાં મારો સ્ત્રી-સ્વભાવ હોવાથી મને મારી જન્મભૂમિ જોવાની ઈચ્છા થઈ છે. સંગની ભ્રાંતિ માટે ચોથા સ્કંધમાં પુરંજન–આખ્યાન પણ આગળ આવી ગયેલ છે. અને પ્રચેતાઓ પણ ગૃહસ્થાશ્રમના સંગથી પોતાને મળેલું જ્ઞાન ભૂલી ગયા હતા. (૪–૩૧–૬) સંગની ભ્રાંતિ ઘટાકાશ અને મહાકાશના દૃષ્ટાંતથી દૂર થાય છે. એ દૃષ્ટાંત શુકદેવજીએ રાજા પરીક્ષિતને છેલ્લી વખતે (૧૨ મા સ્કંધમાં) આપેલ છે. ઘટની ઉપાધિવાળા આકાશને ઘટાકાશ કહે છે. તે આકાશ ઘટના સંબંધથી ભાસે છે. તો પણ ઉત્પત્તિ નાશ વગેરે ઘટના ધર્મ છે. આત્માના નથી. તે આકાશને સ્પર્શ કરતા નથી; કારણ કે આકાશ અસંગ છે. આકાશનો સંબંધ ઘટની સાથે ભાસે છે તે ભ્રાંતિ છે. તેવી જ રીતે દેહ–વગેરે–સંઘાતરૂપ ઉપાધિવાળો આત્મા જીવ કહેવાય છે. તે આત્મા સંઘાતની સાથે ભાસે છે. પણ જન્મમરણ સંઘાતના ધર્મ છે. તે આત્માને સ્પર્શ કરતા નથી, કારણ કે સંઘાત દૃશ્ય છે અને આત્મા દ્રષ્ટા છે. આત્મા સંઘાતથી જુદો છે. વળી સંઘાત પંચમહાભૂતનો છે માટે તેની સાથે અહંતા–મમતારૂપ સંબંધ એ ભ્રાંતિ છે.

૫. બ્રહ્મથી ભિન્ન જગતની સત્યતાની ભ્રાંતિ

ઉપર કહેલી ભ્રાંતિમાં કહ્યું તેમ જગત બ્રહ્મમાં આરોપિત છે, અથવા કલ્પિત છે. જે વસ્તુ જેમાં કલ્પિત હોય તે વસ્તુ તેનાથી ભિન્ન સિદ્ધ થઈ શકે નહિ. જેમ સ્વપ્ન સ્વપ્નદ્રષ્ટામાં કલ્પિત છે તો તે સ્વપ્નદ્રષ્ટાથી ભિન્ન નથી. રજ્જુમાં સર્પ, છીપમાં રૂપું વગેરે દૃષ્ટાંતો પણ આમાં લાગુ થઇ શકે છે. કનકકુંડળનો દૃષ્ટાંત પણ ઘણે ઠેકાણે વપરાય છે. કનકથી કુંડળ ભિન્ન નથી તેમ બ્રહ્મથી જગત ભિન્ન નથી એ દૃષ્ટાંત દશમ સ્કંધમાં વેદસ્તુતિમાં પણ આપેલો છે. આવા અનેક પ્રકારના અધ્યાસથી અથવા અનેક પ્રકારની ભ્રાંતિથી જીવ ભૂલમાં પડે છે અને પાછલી ભૂલો નવી ભૂલોનું કારણ બને છે. તેવી સ્મૃતિને અને તેવા સ્મરણને પૂર્વચિતિ નામની અપ્સરા કહે છે. એવા સંસ્કારોને લઇને ભરત રાજા રાજ્ય છોડી જંગલમાં તપ કરવા ગયા તો પણ ત્યાં હરણમાં મમતા રહી ગઈ અને પોતાને હરણ થવું પડ્યું એ વાત પાંચમા સ્કંધમાં મુખ્ય કથા રૂપે આવે છે.

પાંચમા સ્કંધમાં જે ભાષા આવે છે તેમાં ગદ્યપદ્યનું મિશ્રણ છે. ભાગવતના બીજા બધા સ્કંધથી આ સ્કંધની ભાષામાં ફેર પડી જાય છે તેથી કેટલાક માણસો એમ માને છે કે પાંચમો સ્કંધ કોઇએ પાછળથી ભાગવતમાં ઘૂસાડી દીધેલ હશે; પણ એવું જણાતું નથી. ભાગવતનો મુખ્ય વિષય તેમાં ચાલુ રહે છે. વળી પાંચમા સ્કંધમાં જે ભૂગોળ અને ખગોળનું વર્ણન આપવામાં આવેલ છે તે હાલની ભૂગોળ અને ખગોળને મળતું આવતું નથી. તેથી પણ ઘણા વિદ્વાનોને પાંચમો સ્કંધ સમજવો મુશ્કેલ પડે છે. એ વિષે પાંચમા પ્રકરણમાં ખુલાસો કરેલ છે.

ચોથા સ્કંધમાં છેલ્લા અધ્યાયમાં એવી વાત આવી કે પ્રચેતાઓને રુદ્રે અને વિષ્ણુએ આપેલું જ્ઞાન ગૃહસ્થધર્મમાં રહેવાથી તેઓની સ્મૃતિ બહાર ગયું. તેથી ગૃહસ્થધર્મ કેવો કઠણ છે તે જણાઇ આવે

છે. તેમા અનુસંધાનમાં પાંચમા સ્કંધની શરૂઆતમાં પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે પરમ ભક્ત પ્રિયવ્રત રાજા આત્મારામ હોવા છતાં ભ્રાંતિ વધારનાર એવા ગૃહસ્થાશ્રમમાં કેમ રહ્યા હતા ? એવા મહાપુરુષોને ઘર વગેરેમાં અભિમાન થતું નથી. માટે મને એવો સંદેહ થાય છે કે પ્રિયવ્રતે સ્ત્રી, ઘર અને પુત્રમાં આસક્ત રહીને કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરી અને ભગવાન કૃષ્ણમાં તેને અવિચળ ભક્તિ કેવી રીતે થઇ ?

શુકદેવજી કહે છે—હે રાજા ! તારૂં કહેવું ઠીક છે. જેમનું ચિત્ત ભગવાનના ચરણકમળમાં આસક્ત છે તેઓને કોઇ વિઘ્ન આવે તો પણ તેઓ ભગવદ્ભક્તિ અને પરમહંસોને પ્રિય એવી ભગવાનની કથારૂપ કલ્યાણનો માર્ગ છોડતા નથી. રાજા પ્રિયવ્રત મહાન ભક્ત હતો તેને નારદજીની સેવાથી સુગમતાથી પરમાર્થતત્ત્વનો બોધ થયો હતો. તે આત્મચિંતનમાં વખત ગાળવા માટે રાજ્યકારભારમાંથી નિવૃત્ત થઇ જવાની ઇચ્છા કરતા હતા. તેમના પિતા મનુએ તેમને રાજ્ય સોંપ્યું તો પણ અસત્ પ્રપંચથી આત્મરૂપને આવરણ આવી જશે એવું જાણી તેમણે રાજ્યનો સ્વીકાર કર્યો નહીં. તેથી જગતની વૃદ્ધિ કેવી રીતે થશે એમ જાણી બ્રહ્માજી પોતાના પાર્ષદો સહિત સત્યલોકથી ઊતર્યા અને રાજા પ્રિયવ્રતની પાસે આવ્યા. ત્યાં નારદજી, મનુ અને પ્રિયવ્રત બેઠા હતા. તેમણે ઊભા થઇ બ્રહ્માનું સન્માન કર્યું. બ્રહ્માએ પ્રિયવ્રતને કહ્યું કે "હું તથા બધા દેવો ભગવાનની આજ્ઞામાં રહી અમારૂં પ્રારબ્ધ પૂરૂં કરીએ છીએ; જીવન્મુક્ત પુરુષોને પણ પોતાનું પ્રારબ્ધ ભોગવવું પડે છે પણ તેઓ દેહમાં અભિમાન કરતા નથી અને બીજા દેહ આપે તેવા સંસ્કારો સ્વીકાર કરતા નથી. જેઓ ઇંદ્રિયોને વશ રહે છે તેમને વનમાં પણ ભય રહે છે. જેઓ જિતેન્દ્રિય છે તેઓ આત્મામાં રમણ કરવાવાળા છે. તેમને ગૃહસ્થાશ્રમમાં રહેવાથી કાંઈ નુકશાન થતું નથી. વળી જેમની ઇચ્છા કામક્રોધ જીતવાની હોય તેમને પહેલાં ઘરમાં રહીને તે જીતાઈ ગયા પછી ગમે ત્યાં ફરી શકાય છે.

માટે ભગવાને આપેલા ભોગોનો ઉપયોગ કરો અને પછી નિઃસંગ થઈને પોતાના સ્વરૂપમાં સ્થિત થઈ જાઓ."

પ્રિયવ્રતે (પોતે નાના હોવાથી) વડીલની આજ્ઞા પાળવી જોઈએ એમ માની બ્રહ્માના બોધ પ્રમાણે રાજ્યનો સ્વીકાર કર્યો; પછી બ્રહ્માજી પોતાના લોકમાં ચાલ્યા ગયા. પછી પ્રિયવ્રત રાજાએ વિશ્વકર્માની પુત્રી બર્હિષ્મતીની સાથે વિવાહ કર્યો, તેનાથી તેને દશ પુત્ર થયા. તે શીલ, ગુણ, કર્મ, રૂપ અને વીર્યમાં પિતાની સમાન હતા. તે ઉપરાંત તેને ઊર્જસ્વતી નામની એક કન્યા પણ થઇ. પ્રિયવ્રત રાજાએ આ પ્રમાણે ઘણાં વર્ષ રાજ્ય કર્યું પણ પોતાની આત્મનિષ્ઠા ચાલુ રાખી હતી. એકવાર તેને એવો વિચાર આવ્યો કે જ્યારે સૂર્ય પર્વતની પરિક્રમા કરે છે અને જગતને પ્રકાશ આપે છે, ત્યારે અર્ધી પૃથ્વીમાં પ્રકાશ પડે છે અને અર્ધીમાં અંધકાર રહે છે તે ઠીક નથી; માટે હું મારી ભક્તિની શક્તિથી રાત્રિને પણ દિવસ કરી નાખું તો ઠીક. એવો વિચાર કરી એક જ્યોતિર્મય રથમાં ચડી બીજા સૂર્યની સમાન સૂર્યની પાછળ પાછળ પૃથ્વીની સાતવાર પરિક્રમા કરી. તે વખતે તેમના રથના પૈડાની ધારથી સાત સમુદ્ર થઇ ગયા અને તેથી પૃથ્વીમાં સાત દ્વીપ થઇ ગયા. તે દ્વીપનાં નામ નીચે પ્રમાણે છેઃ—

૧. જંબુ, ૨. પ્લક્ષ, ૩. શાલ્મલિ, ૪. કુશ, ૫. ક્રૌંચ, ૬. શાક અને ૭. પુષ્કર અહીં બીજો સૂર્ય એટલે જ્ઞાનથી અજ્ઞાનની નિવૃત્તિ કરવાની વાત છે અને સાત દ્વીપ એટલે જ્ઞાન માટેની સાત ભૂમિકાઓ સમજવાની છે.

આ દરેક દ્વીપ ઉપર એક ઝાડ હતું અને ઝાડના નામ ઉપરથી તેતે દ્વીપનું નામ પડ્યું છે. પ્રિયવ્રતે ૭ પુત્રોને સાત દ્વીપના રાજા બનાવ્યા. આ બધા દ્વીપ વગેરેનો આધ્યાત્મિક અર્થ હવે પછીના પાંચમા પ્રકરણમાં વિગતવાર આવશે.

જેમ યાજ્ઞવલ્કય મુનિને સંસારમાં રહેવાથી પશ્ચાત્તાપ થયો હતો તેમ એકવાર પ્રિયવ્રત રાજાને પણ એમ લાગ્યું કે મારા જીવનમાં બહુ અનર્થ થયો; મારી વિષયલોલુપ ઈંદ્રિયોએ મને અવિદ્યાવાળા વિષયો-રૂપી કૂવામાં નાખી દીધો, હવે વિષયભોગ ઘણા થઈ ગયા. સ્ત્રીના ક્રીડામૃગ જેવા મને ધિક્કાર છે. એવી ભાવનાથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેણે પોતાનું રાજ્ય પોતાના પુત્ર આગ્નીધ્રને સોંપી નારદજીએ બતાવેલ ભક્તિમાર્ગની સાધના એકાન્તમાં શરૂ કરી.

હવે પ્રિયવ્રતના પુત્ર આગ્નીધ્ર રાજગાદી ઉપર બેઠા અને પ્રજાનું પાલન કરવા લાગ્યા. એકવાર પિતૃલોકની કામનાથી (એટલે સત્પુત્ર પ્રાપ્તિ માટે) તે મન્દરાચલ પર્વતની ગુફામાં ગયા અને ત્યાં પૂજાની સામગ્રી લઇ એકચિત્તથી બ્રહ્માજીની આરાધના શરૂ કરી. બ્રહ્માજીએ તેમની ઇચ્છા જાણી પોતાની સભામાં ગાયન કરનાર પૂર્વચિત અપ્સરાને તેમની પાસે મોકલી. બ્રહ્મા એ રજોગુણનું સ્વરૂપ છે. તેમની સભામાં પણ રજોગુણી વૃત્તિ જ રહે. એવી વૃત્તિ ઉત્પન્ન થાય ત્યારે જ જીવને પુત્રની પ્રાપ્તિ થાય. પણ એનું જોર એવું છે કે ઘણા માણસો એને જીતવામાં હારી જાય છે. ગીતામાં પણ ભગવાન અર્જુનને કહે છે કે "તું કામરૂપ શત્રુને માર" જેણે કામ જીત્યો તેણે બધું જીત્યું. જેણે કામ જીત્યો હોય તે સંસારમાં રહે તો યે લેપાતો નથી; પણ એ કેટલું અઘરૂં કામ છે એ બધાના અનુભવની વાત છે. એ પૂર્વચિતિ નામની અપ્સરા છે. એને લઈને જ બધો સંસાર છે. છોકરાં ઉત્પન્ન થયા પહેલાં પણ તેમને માટે ઘર બાંધવામાં આવે છે, તેમને માટે પૈસા ભેગા કરવામાં આવે છે, તેમને માટે લોકસંબંધ વધારવો પડે છે. એ બધો કામનો પ્રતાપ છે. તેના જોરનું વધારે વર્ણન નવમા સ્કંધમાં આવે છે. તેનાથી અનાત્મામાં આત્મબુદ્ધિ થાય છે. જ્યારે દેહ હું છું એમ લાગે છે. ત્યારે દેહનું સુખ એ આત્માનું સુખ છે એમ પણ મનવામાં આવે છે. પહેલાં જે ભૂલ થઈ તે ભૂલ વારંવાર બીજી એવી ભૂલો કરાવે છે અને તેથી તે વૃત્તિનું બીજું નમા

પૂર્વચિતિ નામની અપ્સરા છે. છતાં જેને પુત્ર વગેરે જોઇએ તેને તે જાતની વાસના જરૂરની છે. તેથી બ્રહ્માએ પૂર્વચિતિ નામની અપ્સરાને આગ્નીધ્ર રાજા પાસે ઉપવનમાં મોકલી. તે આશ્રમની નજીકના ઉપવનમાં આવી ફરવા લાગી. તે વનમાં મોર, કોયલ વગેરેના ટહુકા થતા હતા; તળાવની અંદર તળાવનાં પક્ષીઓ રમતાં હતાં. કોઈના પગના નૂપુરનો અવાજ સાંભળી રાજાએ ધ્યાન છોડી આંખો ખુલ્લી કરી જોયું તો તેમના જોવામાં પૂર્વચિતિ અપ્સરા આવી. તેનું સૌંદર્ય ઘણું હતું; તે દેવો અને મનુષ્યોના મનને પણ હરણ કરાવે તેવી હતી; તેની ગતિ ક્રીડા, લજ્જા, વિનય, મૃદુ વાણી અને અંગની બનાવટથી પુરુષોના હૃદયમાં કામનો પ્રવેશ થતો હતો. એ જ પૂર્વચિતિનું ખરૂ સ્વરૂપ છે.

આગ્નીધ્ર રાજાએ તેને પૂછયું કે "તું કોણ છે ? તું ભગવાન પરમ પુરુષની કોઇ માયા તો નથી ને ? શું તું વિષયાસક્ત જીવોનો શિકાર કરવા નીકળી છે ? તું કયા લોકમાંથી આવી છે ? તારૂં ભોજન શું છે ? તારી રમત મારાં નેત્રોને ચંચળ કરી દે છે. તેં આવું સુંદર રૂપ કયા તપના પ્રભાવથી પ્રાપ્ત કરેલ છે ? શું બ્રહ્માજીએ મારા ઉપર પ્રસન્ન થઇને તને મારી પાસે મોકલેલ છે ? હવે હું તને છોડનાર નથી; કારણ કે મારાં નેત્ર બીજે જઈ શકતાં નથી. માટે તારી ઇચ્છા જ્યાં જવાની હોય ત્યાં મને લઈ ચાલ અને તારી સખીઓને પણ સાથે લઈ ચાલ." બ્રહ્મસૂત્રના ભાષ્યમાં શ્રી શંકરાચાર્યે પણ શરૂઆતમાં કહેલ છે કે સ્મૃતિ અથવા પૂર્વનું સ્મરણ એ અધ્યાસનું સ્વરૂપ છે.

આ પ્રમાણે રાજાએ વિષયી પુરુષોની સમાન વાતો કરી તે અપ્સરાને પ્રસન્ન કરી અને તે અપ્સરાએ પણ રાજાની બુદ્ધિ, શીલ, રૂપ, અવસ્થા, લક્ષ્મી અને ઉદારતા વગેરે ગુણોથી મોહિત થઈ તેની સાથે એક હજાર વર્ષ સુધી ભોગ ભોગવ્યા. ટુંકામાં, આપણા પાછલા

કર્મનું સ્મરણ એજ નવા ભાગનું કારણ છે. તેના સબંધથી રાજાને નવ પુત્ર થયા. એ નવ પુત્ર ઉત્પન્ન થયા પછી પૂર્વચિતિ પાછી બ્રહ્માના લોકમાં ચાલી ગઈ. તે નવ પુત્રો મોટા થયા અને પછી પોતાના નામવાળા જંબુદ્વીપના નવ ખંડનું રાજ્ય કરવા લાગ્યા. રાજા આગ્નીધ્ર સંસારના ભોગથી અતૃપ્ત રહેવાના કારણે અપ્સરાને જ પરમ પુરુષાર્થ માનવાથી, અંતે પિતૃલોકને પ્રાપ્ત થયા કે જ્યાં માણસો ઘણા પ્રકારના ભોગમાં મસ્ત રહે છે. પછી નવ ભાઈઓ પરણ્યા. તેમાં નાભિએ મેરુની પુત્રી મેરુદેવીની સાથે લગ્ન કર્યું હતું.

નાભિએ મેરુદેવી સહિત પુત્રની કામનાથી એકાગ્રતાપૂર્વક ભગવાન યજ્ઞપુરુષનું પૂજન કર્યું. તેના પરિણામે તેને ભગવાને દર્શન આપ્યાં, તે વખતે ઋત્વિજો ભગવાનની સ્તુતિ કરતા કહેવા લાગ્યા કે પ્રકૃતિ અને પુરુષથી અતીત આપનું જે સ્વરૂપ છે, તેનું વર્ણન પ્રાકૃત નામ અને રૂપથી કોણ કરી શકે? (સગુણ સ્વરૂપ અનંત હોવાથી માત્ર તેના એકદેશનું જ વર્ણન થઈ શકે છે.) ભક્તો જે ભેટ આપે તેનાથી આપ સંતોષ પામો છો અને ભક્તને અનુકૂળ થઈ જાઓ છો. આપને અમારા યજ્ઞથી કાંઈ લાભ લેવાનું પ્રયોજન નથી. આપ પરમ આનંદસ્વરૂપ હોવાથી આપને સંપૂર્ણ પુરુષાર્થનું ફળ સર્વદા અભિન્ન ભાવથી સ્વભાવતઃ પ્રાપ્ત છે; છતાં અમે સકામ હોવાથી અમારે આપની ઉપાસના કરવી જ જોઈએ. આપના ગુણોની સ્તુતિ કરવાથી અમને આનંદ મળે છે. અને અમારા અંતઃકરણના મેલ (રાગદ્વેષ વગેરે) ધોવાઈ જાય છે. માટે અમે એટલું જ માગીએ છીએ કે હરતાં ફરતાં બધી અવસ્થામાં અમે આપનું સ્મરણ કર્યા કરીએ. આ રાજર્ષિ નાભિ આપના જેવા પુત્રની કામનાથી આપની ભક્તિ કરે છે. આપની માયાને કોણ તરી શકે? "શ્રી ભગવાને કહ્યું," "આ પ્રમાણે માગવું બહુ આશ્ચર્યવાળું છે. મારા સમાન મારા જેવો બીજો કોઈ નથી, તેથી હું જ અંશ-કલાથી નાભિને ત્યાં અવતાર લઈશ."

પછી ભગવાન અંતર્ધાન થઈ ગયા. કેટલોક વખત ગયા પછી મરુદેવીના ગર્ભથી દિગંબર સંન્યાસી અને ઊર્ધ્વરેતા મુનિજનોનો ધર્મ પ્રગટ કરવા માટે શુદ્ધ સત્ત્વમય ભગવાન ઋષભદેવજીનો અવતાર થયો. તે અવતાર ભાગવતમાંના ૨૪ અવતારોમાંનો એક છે અને જૈન ધર્મમાં તેમને પહેલા તીર્થંકર માનવામાં આવેલ છે. તેમનામાં સમતા જ્ઞાન અને વૈરાગ્ય પહેલેથી જ હતાં. તેમજ તેજ, બલ, ઐશ્વર્ય, યશ, વીર્ય અને શૂરવીરતા હોવાથી તેમનું નામ ઋષભ રાખવામાં આવેલ હતું. એકવાર નાભના રાજ્યમાં ઇન્દ્રે વર્ષા ન કર્યો એટલે ઋષભદેવજીએ પોતાની યોગમાયાથી પોતાના અજનાભ ખંડમાં ખૂબ વરસાદ વરસાવ્યો. પછી ઋષભદેવજી મોટા થતાં તેમને રાજ્ય સોંપી રાજા નાભિ અને રાણી મરુદેવી તપ કરવા બદરિકાશ્રમ ચાલ્યાં ગયાં. ત્યાં ઘોર તપ કરીને તે સમાધિયોગથી ભગવાનના સ્વરૂપમાં લીન થઈ ગયાં.

ઋષભદેવજીએ ઈંદ્રની કન્યા જયંતી સાથે વિવાહ કર્યો, તેનાથી તેમને ૧૦૦ પુત્ર ઉત્પન્ન થયા. તેમાં મહાયોગી ભરતજી બધાથી મોટા હતા અને ઉત્તમ ગુણવાન હતા. એમના નામથી આપણા દેશને ભારતવર્ષ કહે છે. તેમનાથી નાના નવ રાજકુમાર ભરતના ગુણોને અનુસાર વર્તનારા હતા. બીજા નવ ભાઇઓ નવ યોગેશ્વર થયા. તેની હકીકત એકાદશ સ્કંધમાં બીજા અધ્યાયમાં આવે છે. તે પરમ ભગવદ્દભક્ત હતા. બાકીના ૮૧ પિતાની આજ્ઞાનું પાલન કરવાવાળા અને કર્મમાર્ગમાં પ્રવર્તનાર હતા.

ઋષદેવજી (ભગવાનનો અવતાર હોવાથી) મહાજ્ઞાની અને વૈરાગ્યવાન હતા. એક વખત તેમણે પોતાના પુત્રોને નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો:—

नायं देहो देहभाजां नृलोके
कष्टान्कामानर्हते विड् भुजां ये।

तपो दिव्यं पुत्रका येन सत्त्वं
शुद्ध्येद्यस्माद् ब्रह्मसौख्यं त्वनन्तम् ॥
महत्सेवां द्वारमाहुर्विमुक्ते-
स्तमोद्वारं योषितां सङ्गिसङ्गम् ।
महान्तस्ते समचित्ताः प्रशान्ता
विमन्यवः सुहृदः साधवो ये ॥
(૫-૫-૧-૨)

હે પુત્રો! આ મર્ત્યલોકમાં મનુષ્યદેહ પામી મનુષ્યોની ફરજ છે કે દુઃખમય વિષયભોગમાં ફસી ન જવું. આ શરીરથી તો તપનું આચરણ કરવું જોઇએ કે જેનાથી અંતઃકરણ શુદ્ધ થાય અને બ્રહ્માનંદની પ્રાપ્તિ થાય. મહાપુરુષોની સેવા એ મુક્તિનું બારણું છે. મહાપુરુષ તે જ કહેવાય છે કે જે સમાન ચિત્તવાળા હોય, શાન્ત સ્વાભાવવાળા, ક્રોધ વગરના, બધાના મિત્ર અને સદાચારમાં સંપન્ન હોય મારા ભક્તો સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં આસક્ત થતા નથી અને માત્ર શરીરના નિર્વાહ જેટલો જ વ્યવહાર કરે છે. જે માણસ પ્રમાદી હોય છે તે માત્ર ઇંદ્રિયોને સંતુષ્ટ કરવા માટે કર્મ કરે છે. તે જીવન સારું નથી, કારણ કે વાસ્તવમાં વિષયો અસત છે અને આત્માને માટે દુઃખદાયક છે. કર્મથી વાસના ઓછી થતી નથી. તેનાથી વારંવાર શરીરનું બંધન પ્રાપ્ત થાય છે. કર્મની વાસનાને વશીભૂત થયેલ ચિત્ત, મનુષ્યોને વારંવાર કર્મમાં જ પ્રવૃત્ત કરે છે. તેથી જ્યાંસુધી જીવની વાસુદેવમાં પ્રીતિ થતી નથી ત્યાંસુધી દેહના બંધનથી છુટાતું નથી. જ્યાંસુધી માણસ ઇંદ્રિયોની ચેષ્ટાને મિથ્યા સમજતો નથી ત્યાંસુધી તે મૂઢ પોતાને બુદ્ધિમાન સમજીને વિવેકહીન થઇને, ઘરના સુખમાં રહી ઘણા પ્રકારના ક્લેશ ભોગવે છે. જ્યારે કોઈ મહાપુરુષના સંગથી કર્મની વાસનાની ગ્રન્થિ (પૂર્વચિતિ) ઢીલી થઈ જાય છે ત્યારે તે સંસારના કારણરૂપ અહંકારને ત્યજી પરમપદને પ્રાપ્ત કરે છે. અહંકારરૂપી લિંગશરીરનો નાશ કરવા માટે નીચેના ઉપાય છેઃ—

૧. ભગવાનમાં ભક્તિભાવ, ૨. તૃષ્ણાનો ત્યાગ, ૩. દ્વંદ્વોને સહન કરવાં, ૪. સંસારને દુઃખરૂપ જોવો, ૫. તપથી અને તત્ત્વ-જિજ્ઞાસાથી સંસારની ચેષ્ટાનો ત્યાગ કરવો, ૬. ભગવાન માટે કર્મ કરવાં, ૭. ભગવાનની કથા નિત્ય સાંભળવી, ૮. ભગવાનના ભક્તોનો સંગ કરવો, ૯. ભગવાનના ગુણોનું કીર્તન કરવું, ૧૦ વૈરત્યાગ, સમતા અને ઉપશમ, ૧૧. શરીર અને ઘરમાં હું અને મારાપણાનો ત્યાગ કરવો, ૧૨. આત્મવિચાર અને એકાન્તસેવન, ૧૩. ઇંદ્રિયો અને મનનો સંયમ, ૧૪. ગુરુ અને શાસ્ત્રમાં શ્રદ્ધા, ૧૫. બ્રહ્મચર્ય, ૧૬. બધે ભગવાનની સત્તા જોવી, ૧૭. યોગસાધન અને તત્ત્વવિચાર.

(૫–૫–૧૦–૧૩)

પછી ઉપરનાં સાધનોથી પણ ઉપરામ પામી જવું અને સ્વરૂપમાં નિષ્ઠા કરવી.

પ્રજાને અને શિષ્યોને પણ એવું શિક્ષણ દેવું કે તેમનો ક્રોધ ન વધે. કર્મમાં પુરુષાર્થ માનવાવાળા અજ્ઞાનીઓને ફરીથી કર્મમાં જોડવા નહિ, કારણ કે આંધળાને ખાડામાં નાખવાથી શો પુરુષાર્થ સિદ્ધ થાય ?

गुरुर्न स स्यात् स्वजनो न स स्यात्
पिता न स स्याज्जननी न सा स्यात् ।
दैवं न तत्स्यान्न पतिश्च स स्या-
न्न मोचयेद्यः समुपेतमृत्युम् ॥

અર્થ—જે મનુષ્ય (ભક્તિનો ઉપદેશ કરીને) માથે આવેલ મૃત્યુથી રક્ષા કરતો નથી; તે ગુરુ ગુરુ નથી, સ્વજન સ્વજન નથી, પિતા પિતા નથી, માતા માતા નથી, ઇષ્ટદેવ ઇષ્ટદેવ નથી અને પતિ પતિ નથી.

આ ઉપદેશમાં કર્મ કરતાં ભક્તિની કિંમત વધારે આંકેલ છે. ગીતામાં ભગવાન એક જગ્યાએ કહે છે કે જે અજ્ઞાનીઓ કર્મમાં

પડ્યા હોય તેમને અધિકાર વગર જ્ઞાનમાં વાળીને બુદ્ધિભેદ કરવો નહિ. આંહી એમ કહેલ છે કે તેવાઓને પણ કર્મમાંથી છોડાવવા. શ્રીમદ્‌ભાગવતનું કામ ૭ દિવસમાં મોક્ષ આપવાનું છે. તેથી જો માણસને કર્મમાં જોડવામાં આવે તો ૭ દિવસમાં કર્મ પૂરાં થાય નહિ. વળી સંચિત, પ્રારબ્ધ, ક્રિયમાણ વગેરે કર્મ તરત ખપી જાય તેવું પણ નથી. પણ કર્મનો ધણી કે જે પ્રમાતા અથવા અહંકાર છે તેનો નાશ કરવામાં આવે તો બધાં કર્મનો અંત આવી જાય. જેમ કોઇ માણસને ૩ સ્ત્રી હોય અને તે માણસ મરી જાય તો ત્રણે સ્ત્રીમાંથી કોઈ સધવા રહેતી નથી તેમ અહંકાર અથવા પ્રમાતાનો બાધ કરી શકાય તો સંચિત, ક્રિયમાણ અને પ્રારબ્ધ એ બધાં કર્મનો અંત આવી જાય.

ભગવાન શ્રીઋષભદેવજીએ પુત્રોને આ પ્રમાણે ઉપદેશ આપ્યો. પછી બધાંમાં જે મ્હોટા ભરત હતા તેમને રાજ્ય સોંપી પોતે દિગંબર અવસ્થા ધારણ કરી ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો વિચાર કરવા લાગ્યા. તેઓના પરિગ્રહમાં માત્ર તેમનું શરીર જ હતું તે જડ જેવા, બ્હેરા જેવા અને ઉન્મત્તની માફક અવધૂતવેષથી રહેતા હતા અને લોકો વાતો કરવા આવે તો પણ મૌન રાખતા હતા. લોકો તેમને બહુ રીતે કનડતા હતા અને તેમનું અપમાન કરતા હતા; તો પણ પોતે તેમનો કાંઇ ખ્યાલ કરતા ન હતા. મિથ્યા શરીરમાં તેને મમત્વ નહોતું, તે કાર્ય–કારણરૂપ સંપૂર્ણ જગતના સાક્ષીરૂપ પોતાના પરમાત્મસ્વરૂપમાં સ્થિર રહેતા અને પૃથિવી પર એકલા જ ફરતા.

જ્યારે ભગવાન ઋષભદેવજીએ જાણ્યું કે આ જનસમૂહ તેમની યોગસાધનામાં વિઘ્ન કરે છે; ત્યારે તેમણે અજગરવૃત્તિ ધારણ કરી લીધી; અને બેઠાબેઠા જ ખાવા–પીવાનું અને મળમૂત્ર ત્યાગ કરવાનું કરવા લાગ્યા. છેવટે તે બ્રહ્મમાં અભિન્ન ભાવથી સ્થિતિ પામ્યા. તેમની અંદર ઘણી સિદ્ધિઓ આવી તો પણ તે તેમણે સ્વીકારી નહિ.

ઉપર જણાવેલ પૂર્વચિતિ નામની અપ્સરા (પૂર્વકર્મના સંસ્કાર)માં એટલો મોહ રહેલો છે કે જેમ તે સંસારી માણસોને સંસા–

રના મોહમાં નાખે છે તેમ યોગીઓને યોગસિદ્ધિના મોહમાં નાખે છે તેથી શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે ખરા મહાત્માઓ મનનો વિશ્વાસ કરતા નથી (૫-૬-૨). મહાદેવજી પણ મોહિનીના રૂપમાં મોહ પામી ગયા હતા. જેમ વ્યભિચારી સ્ત્રી જાર પુરુષોના સંગથી પોતાના ઉપર વિશ્વાસ રાખનાર પતિનો કોઇવાર વધ કરે છે તેમ જેઓ મન ઉપર વિશ્વાસ રાખે છે તેઓનું મન કામ અને લોભ વગેરેને અવકાશ આપે છે અને તેમનો પુરુષાર્થ નષ્ટ કરી નાખે છે. કામ, ક્રોધ, લોભ, મદ, શોક, મોહ અને ભય વગેરે શત્રુઓનું અને કર્મબંધનનું મૂળ કારણ મન છે. એ જ માયા છે, અને એ જ પૂર્વાચિતિ છે.

તેથી ભગવાન ઋષભદેવજી પણ અવધૂતવેશથી ફરતા હતા અને પોતાનો ઇશ્વરી પ્રભાવ છૂપાવતા હતા. છેવટે કર્ણાટક પ્રાંતમાં વાંસના વનમાં ફરતા હતા ત્યાં વાંસના અગ્નિથી ઉત્પન્ન થયેલ અગ્નિમાં તેમનું શરીર ભસ્મ થઇ ગયું.

આંહી શુકદેવજી પરીક્ષિત રાજાને એમ કહે છે કે જ્યારે કલિયુગમાં અધર્મની વૃદ્ધિ થશે ત્યારે કુકટ દેશના રાજા અર્હત ઋષભદેવજીના આચરણ પ્રમાણે વર્તન કરી જૈન ધર્મ ફેલાવશે. ઋષભદેવજીએ પોતાના જ્ઞાનના બળથી પોતાની નિષ્ઠા સારી રાખવાને માટે અવધૂતવેશ ધારણ કર્યો હતો તેથી તેમને શરીરને સ્નાન કરાવવાની પરવા ન હતી અને કોઇ વખત વાળ ખેંચીને પણ કાઢી નાખતા હશે. તેને બદલે કાલમાં જૈન ધર્મમાં પાણી વધારે ઢોળવાની મના અને સાધુઓમાં વાળ ખેંચી કાડવાની પ્રથા ચાલુ થઇ ગઇ છે. જો વાળ ખેંચીને કાઢવાની પ્રથા તે ધર્મમાંથી કાઢી નાખવામાં આવે તો ઘણા વિદ્વાનો અને ગ્રેજ્યુએટો પણ જૈન ધર્મમાં સાધુ થવાનું પસંદ કરે અને તે ધર્મ યથાર્થ રીતે લોકોને સમજાવે. વળી પાણી ઓછું વાપરવાનો રિવાજ મારવાડમાંથી કદાચ આવેલ હોય. ત્યાં પાણીની બહુ તંગી અને કૂવા બહુ ઊંડા હોવાથી ધર્મની ખાતર પણ પાણી ઓછું વાપરવાની આજ્ઞા સાધુઓએ લોકોને કરેલ હોય એવો સંભવ છે. પછી એ ટેવ એટલી બધી વધી ગઇ કે એક જૈન ધર્મવાળા પુરુષ

કોઈની સાથે વાતચીત કરતાં એમ કહેતા કે " જુઓ ! ધર્મ તો રાખ્યો રખાય, હું એટલી સંભાળપૂર્વક ધર્મ રાખું છું કે, ચાલીશ વર્ષ થયાં ન્હાયો નથી. " આવી બાબતમાં કેટલીકવાર એટલી બધી અતિશયતા આવી જાય છે કે વહુને ન્હાવું હોય અને તે સાસુને પૂછે કે હું ન્હાઉં અને સાસુ હા પાડે તો ન્હાવાનું અને પાણી ઢોળવાનું પાપ સાસુને લાગે. બીજો અર્થ એમ પણ હોય કે જે પાણીથી (વીર્યથી) માણસની ઉત્પત્તિ થાય છે તે પાણી ઓછું ઢોળવું જોઇએ–એટલે બ્રહ્મચર્ય પાળવું જોઈએ. એ બાબત ઉપર જૈન ધર્મવાળાએ અને બીજાઓએ ખાસ ધ્યાન રાખવું જોઇએ.

જૈન ધર્મમાં દેરાવાસી જૈનો ભકિતમાર્ગને પસંદ કરે છે; સ્નાન પણ કરે છે, મૂર્તિ પાસે અગરબત્તી કરે છે અને આરતી વગેરે પણ કરે છે. હવા, પાણી અને તેજ કે જે ભગવાને આપણને પુંકળ પ્રમાણમાં આપેલાં છે તેનાથી દેરાવાસી જૈનો બીતા નથી. તેમના સાધુઓ મુમતી પણ કોઈ વખતે જ વાપરે છે. મુમતીમાં એક ગુણ એ લાગે છે કે તેનાથી માણસનું મોઢું દેખાતું નથી તેથી માણસનું રૂપ ઘણે અંશે છુપાય છે, તેથી મોહ પણ ઓછો થાય છે. એ કારણને લઇને મુસલમાની સ્ત્રીઓ બૂરખો રાખે છે અને હિંદુ સ્ત્રીઓમાં પણ કેટલીક મુમતીની માફક લાજ કાઢે છે.

જૈન ધર્મમાં જેઓ દિગંબરી સંપ્રદાયના હોય છે તેઓ જ્ઞાનમાર્ગને પસંદ કરે છે અને ઋષભદેવજીની માફક અવધૂતવેશે રહે છે. તેઓ બિલકુલ વસ્ત્ર પહેરતા નથી અને બહુ કડક નિયમ પાળે છે. જૈન ધર્મના જ્ઞાનની ભૂમિકા શ્રીમદ્ભાગવતમાં આપેલી નથી પણ ઋષભદેવજી તેમના પહેલા તીર્થંકર હતા એવું જાણવામાં આવે છે. જૈન ધર્મ પ્રમાણે મુખ્ય સાધન આ પ્રમાણે હોય છેઃ–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, ક્ષમા, તપ, પરિસહ, વીતરાગપણું, સત્સંગ, શ્રદ્ધા, દાન, સમભાવ, વિવેક, વ્રત પચકાણ, નિવૃત્તિ વગેરે. તેઓ નવ તત્ત્વને માને છે તે આ પ્રમાણે છેઃ–જીવ, અજીવ, પાપ,

પુણ્ય, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. વળી તેઓ નિશ્ચય-નય અને વ્યવહાર-નય દ્વારા સ્યાદ્‌વાદની પદ્ધતિ સમજાવે છે. તેમનામાં સમયસારનો ગ્રંથ એ ગીતાના જેટલો ઉપયોગી મનાય છે.

વેદાન્તમાં જેમ જ્ઞાનમાર્ગની ૭ ભૂમિકા યોગવાસિષ્ઠમાં આપવામાં આવેલી છે તેમ જૈન ધર્મમાં ૧૪ ભૂમિકા છે. તેનાં નામ આ પ્રમાણે છે.

૧. મિથ્યા દૃષ્ટિ	૮. અપૂર્વ કરણ
૨. સાસ્વાદન	૯. અનિવૃત્તિ બાદર
૩. સમ્યક્ મિથ્યા દૃષ્ટિ	૧૦. સૂક્ષ્મ સંપાય
૪. અવિરત સમ્યક્ દૃષ્ટિ	૧૧. ઉપશાંત મોહ
૫. દેશ વિરતિ	૧૨. ક્ષીણ મોહનીય
૬. પ્રમત્ત સંયત	૧૩. સંયોગ ગુણસ્થાન
૭. અપ્રમત્ત સંયત	૧૪. અયોગ ગુણસ્થાન

પૂર્વચિતિ નામની અપ્સરા સાધકને કેટલા પ્રકારના મોહમાં નાખે છે તે ઉપરની ૧૪ ભૂમિકા ઉપરથી સમજવામાં આવશે. જૈન ધર્મવાળા એમ માને છે કે આપણું જગત ભગવાને રચેલ નથી. ભગવાન આનંદરૂપ છે તેથી તે દુઃખ અને અજ્ઞાનવાળું જગત રચે નહિ, તેથી તેઓ ચૈતન્ય ઉપરાંત બીજી પર વસ્તુ (એટલે અજીવ અથવા જડ) ને પણ સાચી વસ્તુ માને છે, તેથી તે સંપ્રદાય અનૈકાન્તિક વાદવાળો મનાય છે. આવી પ્રકૃતિ ઘણા તપથી જ વશ થઈ શકે તેથી તેઓએ ૧૪ ભૂમિકા કરીને પ્રકૃતિથી છૂટવાનો ક્રમ ઉપર પ્રમાણે જણાવેલ છે.

ઋષભદેવનો અવતાર રજોગુણથી ભરેલા લોકોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપવા માટે થયો હતો (૬-૫-૧૨). તે પરમહંસધર્મનું આચરણ કરતા હતા. તેવા પરમહંસોની કથા શ્રીમદ્‌ભાગવતમાં આવે છે તેથી ભાગવતને પરમહંસ-સંહિતા કહેવામાં આવે છે. શુકદેવજી પોતે જ પરમહંસ છે અને પરીક્ષિત રાજાને કહે છે કે "આવી કથાઓ સાંભળવાથી પુરુષોને ભગવાન વાસુદેવમાં અનન્ય ભક્તિ ઉત્પન્ન થાય છે." કેટલાક પંડિતજનોને ભક્તિમાં એટલું

સુખ લાગે છે કે તેઓ મોક્ષની પણ ઈચ્છા કરતા નથી. કારણ કે ભગવાનના નિજ જન થવાથી તેમના બધા પુરુષાર્થ સિદ્ધ થાય છે. હે રાજા પરીક્ષિત ! શ્રીકૃષ્ણ તમારા અને યદુવંશના કોઈવાર રક્ષક થયા છે, કોઇવાર ગુરુ, કોઇવાર દૂત પણ બન્યા છે. ભગવાન પોતાના ભકતોનાં અનેક કર્મ કરે છે અને તેમને મોક્ષ પણ આપે છે પણ ભકિતયોગ તો કોઇકને જ આપે છે.

मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम् ।

(૫-૬-૧૮)

ભકિતમાર્ગ કેટલો કઠણ છે તે હવે પછીના ભરતચરિત્રમાં આપવામાં આવે છે. ભરતે રાજ્ય છોડયું. તો પણ એક હરણમાં પ્રીતિ રહી જવાથી તેને હરણ થવું પડયું. તેથી જો કે પ્રેમની જરૂર છે પણ તેમાં ભૂલ થાય તો કેવી જાતની માયા લાગે છે અને પૂર્વચિતિ અપ્સરાનું જોર કેવું છે તે હવે પછીના આખ્યાનમાં વધારે સ્પષ્ટ થાય છે.

પ્રકરણ ૨

ભરતના ત્રણ જન્મ

ગયા પ્રકરણમાં જણાવ્યું તે પ્રમાણે સાધુજનો પણ પોતાના મનનો વિશ્વાસ કરતા નથી અને બનતાં સુધી એકાંતમાં (એટલે જનસમુદાયથી અલગ) રહે છે; તે છતાં એકાંતમાં પણ પોતાના પૂર્વસંસ્કારો ટાળી શકે નહિ તો પૂર્વચિતિ નામની અપ્સરાનો ભોગ કેવી રીતે બની જાય છે તેની હકીકત હવે ઋષભદેવજીના પુત્ર ભરતની કથામાં શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે.

મહારાજા ભરત પરમ ભગવદ્ભક્ત હતા. તેને માટે ભાગવતમાં મહાભાગવત વિશેષણ વાપરવામાં આવેલ છે. (૫-૭-૧) ઋષભદેવજીની પછી ભરત ગાદી ઉપર આવ્યા. તેમણે વિશ્વરૂપની કન્યા

પંચજની સાથે વિવાહ કર્યો. જેમ તામસ અહંકારમાંથી શબ્દ, સ્પર્શ વગેરે પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે તેમ રાજર્ષિ ભરતે પંચજનીના ગર્ભથી પાંચ પુત્ર ઉત્પન્ન કર્યા. શ્રીમદ્‌ભાગવતમાં જ્યાં આવી ઉપમા આપવામાં આવે છે ત્યાં ધ્યાન રાખીએ તો અધ્યાત્મ ભાવ સ્પષ્ટ જોઈ શકાય છે. દરેક જીવમાં તામસ અહંકારથી શબ્દ સ્પર્શ વગેરે તન્માત્રાઓ ઉત્પન્ન થયેલી જોવામાં આવે છે. રાજસ અહંકારમાંથી પાંચ ઇંદ્રિયો ઉત્પન્ન થાય છે. અને સાત્વિક અહંકારમાંથી ઇંદ્રિયોના દેવ ઉત્પન્ન થાય છે. એ બધું અહંકારનું પરિણામ છે, અને જ્યાંસુધી અહંકાર છે ત્યાંસુધી છૂટે તેવું નથી. તેથી ગીતામાં પણ અહંકારને છોડવા તરફ બહુ ધ્યાન રાખવાનું કહેલ છે. કર્મ બંધનકર્તા નથી. પણ "મેં કર્યું" એ ભાવ બંધનકર્તા છે. અહંકાર મૂળ પ્રકૃતિમાંથી બનેલો છે, અને અનાત્માના વિચારથી જ જીવતો રહે છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ જણાવતાં ગીતાના બીજા અધ્યાયમાં ભગવાન અર્જુનને કહે છે કે જ્યારે મનની બધી કામનાઓ છૂટી જાય અને આત્માથી આત્મામાં રહેવાય ત્યારે સ્થિતપ્રજ્ઞ દશા પ્રાપ્ત થાય છે. સામાન્ય માણસ અનાત્માના વિચારથી રહે છે તેથી તે દશા પ્રાપ્ત થતી નથી. તેમાં કેવાં વિઘ્ન આવે છે તે જણાવવા માટે ભરતચરિત્ર પાંચમા સ્કંધમાં મુકવામાં આવેલ છે.

મહારાજ ભરત બધાં શાસ્ત્રનો મર્મ જાણવાવાળા હતા. તે વાત્સલ્યભાવથી પ્રજાનું પાલન કરતા હતા. તે યજ્ઞ અને શુભકર્મ કરતા હતા. અને તેનું ફળ ભગવાન વાસુદેવને અર્પણ કરી દેતા હતા. આ બાબત યજ્ઞ કરનારના ધ્યાનમાં રહે તેટલા માટે હાલમાં યજ્ઞ કરાવનાર હોતા પોતાના યજમાનને વારંવાર કહે છે કે બોલો "ન મમ" એટલે "આ મારું નથી." એટલે ભગવાનનું છે. હાલના કાળમાં રેશનીંગને લઇને અને બીજા કારણોથી યજ્ઞો ઓછા થઈ ગયેલ છે. પણ બીજાં જે જે કર્મ આપણા પ્રારબ્ધ પ્રમાણે આપણે કરવાં પડે તેમાં પણ ન મમ એટલે મારાં નથી પણ એ ભગવાનનાં

છે અને એ કર્મથી ભગવાન પ્રસન્ન થાય એવી ભાવના રાખવી જોઈએ.

ભરત આવી સારી ભાવનાથી કર્મ કરતા હતા તેથી તેમના અંતઃકરણની શુદ્ધિ સારી થઈ હતી, અને ભગવાન વાસુદેવમાં દિવસે દિવસે વધે તેવી ભક્તિ તેમનામાં ઉત્પન્ન થઈ હતી (૫–૭–૭). આ પ્રમાણે ભરતે દશ હજાર વર્ષ સુધી રાજ્ય કર્યું અને પછી બધી સંપત્તિ પુત્રોને સોંપી રાજ્ય છોડી હરિહર ક્ષેત્રમાં તપ કરવા ચાલી નીકળ્યા. આંહી દશ હજાર વર્ષની વાત માનવામાં ન આવે તો દશે ઇન્દ્રિયોનો ભોગ મળે ત્યાંસુધી રાજ્ય કર્યું એમ સમજવાનું છે. હરિહર ક્ષેત્ર ગંડકી નદી ઉપર આવેલું છે. તેમાં ચક્રાકાર શાલિગ્રામ નીકળે છે. તેને વિષ્ણુનું પ્રતીક માની કેટલાક પૂજા કરે છે. વિષ્ણુ એ સ્થિતિ આપનાર તત્ત્વ છે. ખરી રીતે તે આત્મામાં સ્થિતિ આપે છે પણ સકામ ભક્તો તેની ઉપાસનાથી કેટલીક સિદ્ધિઓ મેળવે છે.

હરિહર ક્ષેત્રમાં પુલહાશ્રમના વનમાં એકલા રહેવાથી અને કંદ, મૂળ અને ફળ વગેરે ખાઈ ભગવાનની ભક્તિ કરવાથી ભરતજીનું અંતઃકરણ બધા વિષયોની ઇચ્છાથી મુક્ત થઈ ગયું અને તેમનામાં નવો આનંદ ઉત્પન્ન થયો. (૫–૭–૧૧) આનંદના પ્રવાહથી તેમના શરીરમાં રોમાંચ ઉત્પન્ન થયાં અને પ્રેમાશ્રુઓથી તેમની દૃષ્ટિ રોકાઈ ગઈ છેવટે તેમનામાં એવી દશા ઉત્પન્ન થઈ કે ભગવાનના ચરણારવિંદનું ધ્યાન કરતાં કરતાં ભક્તિ વધવા લાગી, અને પરમ આનંદથી ભરેલ હૃદયરૂપી ગંભીર સરોવરમાં બુદ્ધિ ડૂબી જવાથી પોતે જે નિયમપૂર્વક ભગવત્પૂજા કરતા હતા તેનું સ્મરણ પણ તેમને રહ્યું નહિ. (૫–૭–૧૩) આ પ્રેમલક્ષણા ભક્તિનાં ચિહ્નો છે. આવી ભક્તિની સાથે ભક્તિના પુત્ર જ્ઞાન અને વૈરાગ્યની પણ જરૂર છે. તે બન્ને સાથે ન હોય તો ભક્તિ રડતી રહે છે એમ શ્રીમદ્ભાગવતની શરૂઆતમાં જ કહે છે. જ્ઞાન મેળવવા માટે ગાયત્રીની ઉપાસના

શરૂઆતમાં સારી મનાય છે: તેથી મહારાજા ભરત હંમેશાં સવારે સ્નાન કરી નીચે પ્રમાણે ભગવાન પુરુષોત્તમની પ્રાર્થના કરતા હતા.

"ભગવાન સૂર્યનું કર્મફલદાયક તેજ પ્રકૃતિથી પર છે. તેમણે મનથી જ આ જગતની ઉત્પત્તિ કરેલ છે. આ વિશ્વમાં અંતર્યામી રૂપે પ્રવિષ્ટ થઇ પોતાની ચિત્ શક્તિદ્વારા સુખની ઇચ્છાવાળા જીવોની રક્ષા કરે છે. એ બુદ્ધિ પ્રવર્તક તેજની શરણમાં હું જાઉં છું."

જ્યારે શ્રીમદ્ભાગવતની સપ્તાહ બેસે છે ત્યારે પહેલે દિવસે સાંજે કપિલાખ્યાન આવે છે અને બીજે દિવસે સાંજે ભરતજીનું આખ્યાન આવે છે. કપિલ આખ્યાન સાંભળી ભક્તિના પુત્ર જ્ઞાનને જાગ્રત કરવાનો છે અને ભરતજીનું આખ્યાન સાંભળી ભક્તિનો બીજો પુત્ર વૈરાગ્ય જાગ્રત કરવાનો છે. વૈરાગ્ય વગર જ્ઞાન ટકતું નથી એ વાત ભરતજીના આખ્યાનમાં સ્પષ્ટ કરવામાં અ વે છે. એ આખ્યાન પૂરૂં થયા પછી પણ શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે રાજર્ષિ મહાત્મા ભરતજીના જેવો માર્ગ લેવો બહુ મુશ્કેલ છે. તેમણે જુવાન અવસ્થામાં સ્ત્રી, પુત્ર, મિત્રનો ત્યાગ કર્યો હતો અને રાજ્યની લક્ષ્મીને પણ વિષ્ટાની સમાન માની ત્યાગી દીવી હતી. માણુસ જન્મે છે ત્યારે તેને કોઈ સગાં હોતાં નથી, મરે છે ત્યારે કોઈ સાથે આવતું નથી છતાં વચમાં એવી માયા લાગી જાય છે કે સગાં કે સંબંધી વિના ચાલતું નથી. અર્જુન પણ સગાંને ભૂલી શકતા નહોતા, ઉદ્ધવજી પણ એકાદશ સ્કંધમાં ભગવાનને કહે છે કે સગાંનો સ્નેહ છોડવો બહુ મુશ્કેલ છે. છતાં ભરતજીએ એ બધું છોડયું હતું. તેના વૈરાગ્ય માટે ભાગવતમાં કહેલ છે કે:—

> यो दुस्त्यजान्क्षितिसुतस्वजनार्थदारा-
> न्प्रार्थ्यांश्रियं सुरवरैः सदयावलोकम् ।
> नैच्छन्नृपस्तदुचितं महतां मधुद्विट्
> सेवानुरक्तमनसामभवोऽपि फल्गु ॥ ५–२४–४५

જે છોડી ન શકાય તેવા પૃથિવી, પુત્ર, સ્વજન, સંપત્તિ અને સ્ત્રી તથા લક્ષ્મી કે જેની દેવતાઓ પણ ઇચ્છા કરે છે એવા વૈભવની ભરતે જરા પણ ઇચ્છા કરી નહિ. તેને માટે એ યોગ્ય જ હતું કારણ કે જે મહાપુરુષોનું ચિત્ત ભગવાનની સેવામાં અનુરક્ત થઇ જાય છે તેમની દૃષ્ટિમાં મોક્ષ પણ અત્યંત તુચ્છ લાગે છે.

અહીં ભક્તિ કરતાં મોક્ષને હલકો માનવામાં આવેલ છે. એ ભક્તો ભગવાનની માયાને સાચી માને છે અને સાચી માયાનો મોક્ષ થાય નહિ. તેથી ભગવાનનો અનુગ્રહ મેળવીને માયામાં ભગવાનને જોઈ શકાય અને ભગવાનમાં માયાને જોઇ શકાય એવી દશા ભક્તો માગે છે. પણ એ કેટલું કઠણ કામ છે એ ભરતજીને હરણ ઉપર થયેલ મોહ ઉપરથી જણાઇ આવે છે.

જ્ઞાની પુરુષો માયાને સાચી માનતા નથી તેથી માયાનો મોક્ષ એ જ મોક્ષ છે. આત્મા તો સદા મુક્ત છે તેથી આત્માનો મોક્ષ કરવાનો નથી. પણ અનાત્માનું કલ્પિત બંધન જીવને અજ્ઞાન દશામાં લાગ્યા કરે છે તેથી જ્ઞાનથી અનાત્માનો મોક્ષ કરવાનો છે. તેથી જ્ઞાનમાર્ગમાં મોક્ષ શબ્દ વધારે વપરાય છે. તેની વધારે હકીકત એકાદશ સ્કંધમાં આવશે. ભક્તિમાર્ગમાં મૂળ પ્રકૃતિ સાચી માનેલ હોવાથી પ્રકૃતિમાં રૂપાંતર કરવા તરફ વધારે ધ્યાન આપેલ છે તેથી જીવમાં શરણાગતિની જરૂર રહે છે. શરણાગતિનું ખરૂ સ્વરૂપ અને અનુગ્રહનું ખરૂં સ્વરૂપ દશમ સ્કંધમાં રાસલીલામાં આવશે.

એવી દશા પ્રાપ્ત થયા પહેલાં સાધનામાં કેવાં કેવાં વિઘ્નો ઉત્પન્ન થાય છે તે બાબત હવે શુકદેવજી પરીક્ષિત રાજાને ભરતજીના આખ્યાનદ્વારા સમજાવે છે. પરીક્ષિત રાજાને ૭ દિવસમાં જ્ઞાનમાં નિષ્ઠા કરાવવાની છે. તેથી કોઇપણ જાતની ઇચ્છા તેનામાં રહી ન જાય એવી રીતે શુકદેવજી આ પરમહંસની સંહિતા આગળ ચલાવે છે. વળી રાજાઓનાં દૃષ્ટાંત આપવાથી પરીક્ષિત રાજાને ખબર પડે કે રાજ્યને લાયક પ્રકૃતિ હોય તે પણ મોક્ષમાં કામ આવતી નથી.

એક વખત રાજા ભરત ગંડકી નદીમાં સ્નાન કરી નિત્ય-નૈમિત્તિક કર્મથી નિવૃત્ત થઇ ૐકારનો જપ કરતા ત્રણ મુહૂર્ત સુધી જળની અંદર બેઠા રહ્યા. તે વખતે એક હરણી તરસથી વ્યાકુળ થવાથી તે જળાશય પાસે આવી. જ્યારે તે જળ પીવા લાગી ત્યારે એક ગર્જતા–સિંહનો અવાજ સાંભળવામાં આવ્યો. હરિણીને બીક લાગી અને ચારે તરફ જોવા લાગી. સિંહનો શબ્દ સાંભળતાં જ તેનું હૃદય ભયથી વ્યાકુળ થઈ ગયું, અને તે નદીને સામે કિનારે જવા માટે ઉછળી. તે હરિણી ગર્ભિણી હતી તેથી કૂદતી વખતે અત્યંત ભયના કારણથી તેનો ગર્ભ બહાર નીકળી ગયો અને નદીના પ્રવાહમાં પડયો. હરિણી, બીકના કારણે અને ગર્ભસ્રાવ થવાથી દોડતી પર્વતની એક ગુફામાં ગઈ અને નબળાઇને લઇને ત્યાં મરણ પામી.

રાજર્ષિ ભરતને નદીમાં પડેલ હરણના બચ્ચા ઉપર દયા આવી અને સ્વજનની સમાન તેના ઉપર પ્રેમ કરી તેને આશ્રમમાં લાવ્યા. પછી ધીરેધીરે તેની સંભાળ રાખવામાં તેને અભિમાન થઈ ગયું. રોજ તેને માટે ખાવાપીવાનો પ્રબન્ધ કરવો, વાઘ વગેરેથી રક્ષા કરવી, તેને લાડ લડાવવાં, વગેરે બાબતમાં તેનું ચિત્ત લાગી જવાથી તે યમ, નિયમ, ભગવત્પૂજા વગેરે સમ્પૂર્ણ આવશ્યક કર્મ છોડવા લાગ્યા અને અંતે એ બધાં કર્મ છુટી ગયાં. ભરતને એવી ફિકર થવા લાગી કે કેવી ખેદની વાત છે! આ બિચારૂં મૃગલું કાલચક્રના વેગથી પોતાનાં સગાંને છોડી મારા શરણમાં આવેલ છે. આ મને જ માતા, પિતા ભાઈ, જાતિબન્ધુ સમજે છે અને મારા સિવાય બીજા કોઇને ઓળખતું નથી. તેને મારામાં જ વિશ્વાસ છે. જે પોતાને શરણે આવે તેની ઉપેક્ષા કરવી એમાં કેટલો દોષ છે તે હું જાણું છું. માટે મારે એનું પાલન–પોષણ કરવું જોઇએ. શાંત સ્વભાવવાળા દયાળુ લોકો આવા શરણગતની રક્ષા કરવા માટે મોટા સ્વાર્થનો પણ ત્યાગ કરે છે.

આ પ્રકારે હરિણના બચ્ચામાં આસક્તિ વધી જવાથી રાજા ભરતનું ચિત્ત એના સ્નેહપાશમાં એવું બંધાઇ ગયું કે બેસતાં, ઉઠતાં, સૂતાં, ફરતાં, ખાતાં અને બધાં કામ કરતાં તેને જ સાથે રાખતા. જ્યારે જંગલમાં દૂધ, ફૂલ કે લાકડાં લેવા માટે જવું પડતું ત્યારે પણ તે બચ્ચાને સાથે લઈ જતા હતા. કોઈવાર મોહને લઇને તેને પોતાના ખભા ઉપર ચડાવી લેતા. કોઇવાર તેને બગલમાં લેતા અને કોઇવાર ખોળામાં લઈને તેને રમાડતા. જ્યારે ભરત સંધ્યાપૂજા કરતા હતા ત્યારે પણ વચમાં વચમાં ઉઠીને તે હરણના બચ્ચાંને જોઈ આવતા. કોઇ માણુસ માળા કરવા બેસે અથવા પૂજા કરવા બેસે છે ત્યારે કેટલીકવાર બીજાને જવાબ દેવા માટે વચમાં ઉઠે છે તેની દશા પણ ભરતના જેવી થાય છે. એક વાર જ્યારે ઘણો વખત હરણ જોવામાં ન આવ્યું ત્યારે ભરત એવો વિલાપ કરવા લાગ્યા કે હવે હું એને ફરીથી કયારે જોઈશ? કોઇ વાઘ કે વરૂ તેને ખાઈ ગયેલ હશે તો? હવે તે પાછું આવી મને ક્યારે આનંદ આપશે? હું ધ્યાનમાં બેસતો ત્યારે તે મારી પાસે આવીને પોતાના શીંગડાથી મને કેવું ખંજવાળતું હતું. આવી જાતના અનેક સંકલ્પ અને મનોરથ રાજા ભરતના મનમાં વારંવાર આવવા લાગ્યા અને તેનાથી તેનું ચિત્ત એવું વ્યાકુળ થયું કે તે ભગવાનની આરાધના રૂપ કર્મથી અને યોગમાર્ગથી ભ્રષ્ટ થઈ ગયા. સમાધિભાષામાં નીચેના શ્લોકમાં અર્થ આપેલ છે કે હરણના બાળકરૂપ પોતાનું પ્રારબ્ધકર્મ ભરતજી ભોગવતા હતાઃ—

> एवमघटमान मनोरथाकुलहृदयो मृगदारका-
> भासेन स्वारब्धकर्मयोगारम्भण विभ्रंशितः ॥
>
> (૫–૮–૨૬)

એ જ પ્રારબ્ધ છે, નહિ તો જેણે પહેલાં દુસ્ત્યજ પુત્ર વગેરેને મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ સમજીને તેનો ત્યાગ કરેલ છે તેને અન્ય જાતવાળા હરણમાં એવી આસક્તિ કેમ થાય? આ પ્રમાણે તેમના યોગમાં

વિઘ્ન આવ્યું અને તરત તેને વશ થઈ ગયા. એટલું જ નહિ પણ આત્મસ્વરૂપને ભૂલી ગયા. જેમ કોઈ ઉંદરના દર ઉપર સર્પ આવી પહોંચે તેમ તેની સાધનામાં વિઘ્ન ઉત્પન્ન થયું. છેવટે જ્યારે ભરતનો અંતકાળ આવ્યો ત્યારે સમીપ બેઠેલા મૃગને જોઈ, પુત્રની સમાન શોક કરતા તે એવા આસક્ત થઇ ગયા કે તે શરીર ત્યાગીને તેમને હરણનો જન્મ આવ્યો. છતાં તેમને પહેલાંના જન્મનું સ્મરણ રહ્યું હતું અને હરણના શરીરમાં રહી પોતાની ભૂલનું કારણ જાણી એવો પશ્ચાત્તાપ કરતા હતા કે "ઘણા ખેદની વાત છે કે હું વિવેકી પુરુષના માર્ગથી ભ્રષ્ટ થઇ ગયો, મેં બધા પ્રકારની આસક્તિનો ત્યાગ કર્યો અને એકાન્તમાં વનમાં જઈ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું, અને મારા ચિત્તને ભગવાન વાસુદેવમાં લગાવ્યું, તેમના ગુણોનું શ્રવણ, મનન અને કીર્તન કર્યું અને તેની જ આરાધના કરી અને દરેક ક્ષણ સાવધાનતા પૂર્વક તેમાં લગાવી પણ મારા જેવા મૂર્ખનું તે જ ચિત્ત એક હરણના બચ્ચાના સંગથી પતિત થઈ ગયું. આ પ્રમાણે હરણના શરીરમાં રહેલ તે તપસ્વી ભરતરાજા વિલાપ કરવા લાગ્યા.

આત્મજ્ઞાની પુરુષોએ પણ સંગમાં કેટલી સાવધાનતા રાખવી જોઇએ તે આ પ્રસંગ ઉપરથી ખબર પડે છે. આંહી એટલું અનુમાન થઇ શકે છે કે ભરતને પરોક્ષ જ્ઞાન થયું હતું પણ દૃઢ અપરોક્ષ જ્ઞાન થયું નહોતું. દૃઢ અપરોક્ષ જ્ઞાનવાળાને દ્વૈતની પ્રાપ્તિનો અભાવ હોય છે. દૃઢ અપરોક્ષ જ્ઞાન તેમને હરણ પછીના જન્મમાં એટલે જડભરતના શરીરમાં થયું હતું. તે તેમનું છેલ્લું શરીર હતું. (૫–૯–૨૩). તત્વજ્ઞાનની સાથે વાસનાક્ષય અને મનોનાશની જરૂર પણ શાસ્ત્રકારોએ માનેલી છે. તે સિવાય નિષ્ઠા થતી નથી. જીવન્મુક્તિ અને વિદેહમુક્તિ વચ્ચે વિરોધ નથી પણ જીવન્મુક્તિ અને પ્રવૃત્તિને વિરોધ છે માત્ર કૃષ્ણ અને શ્રી રામ જેવા કોઈક જ પ્રવૃત્તિ વચ્ચે જીવન્મુક્ત દશા રાખી શકે છે. "જીવન્મુક્ત–વિવેક"ના લેખક શ્રી વિદ્યારણ્ય સ્વામીના મત પ્રમાણે તો જેમણે વિદેહમુક્તિ પ્રાપ્ત

કરવાની છે તેમણે વિવિદિષા સંન્યાસ ધારણ કરવો જોઈએ અને આત્માના સાક્ષાત્કારરૂપ ચોથી ભૂમિકાએ પહોંચી જવું જોઈએ. ચોથી ભૂમિકાએ પણ મનનો નાશ અને વાસનાનો સંપૂર્ણ ક્ષય થતો નથી. જ્ઞાન થયા પહેલાં જે કર્મથી શરીર બંધાયું હોય તે કર્મો ફળ દેવા આવે તેને પ્રારબ્ધ કર્મ કહે છે. તે હરણનું સ્વરૂપ છે. જે ભાવે જેજે કર્મ પહેલાં કરેલાં હતાં તે ભાવ ઉત્પન્ન કરવા તે કર્મ પ્રયત્ન કરે છે. ભરત રાજામાં દયાનો અંશ હતો તેથી જંગલમાં ગયા પછી પણ મારા વગર હરણનું રક્ષણ કોણ કરશે એવો અપ્રશસ્ત રાગ તેનામાં આવ્યો. અને ફરીથી અભિમાન ઉત્પન્ન થયું. ચોથી ભૂમિકાવાળો જ્ઞાની પુરુષ પ્રારબ્ધના ફળમાં ભળતો નથી, તેનાં સુખદુઃખ ભોગવે છે પણ તેમાં તેને સત્યત્વ બુદ્ધિ થતી નથી. આવી બુદ્ધિ શરીરના અંત સુધી બરાબર પકડ઼ રહે અને વિપરીત ભાવના ઉત્પન્ન ન થાય તો તે પુરૂષને વિદેહમુક્તિ જરૂર મળે છે પણ શરીર રહે ત્યાંસુધી પ્રારબ્ધના જોર પ્રમાણે મનમાં અને પ્રાણમાં વિક્ષેપ લાગે છે. તેથી નિષ્ઠા બંધાતી નથી અને જો સાવધ ન રહેવાય તો ભરતના જેવી દશા થાય છે.

આ બાબતમાં શ્રી વિદ્યારણ્ય સ્વામી એમ માને છે કે જે સાધક રાગદ્વેષવાળા હોય છે અને કનક અને કાન્તાનો મનથી પણ ત્યાગ કરી શકતા નથી છતાં પોતાને જનકની માફક જીવન્મુક્ત માને છે તે લોકોને ભુલાવનાર બે પગના ગધેડા છે. તેમનો મત એવો છે કે આત્મજ્ઞાન થયા પછી મનોનાશ અને વાસનાક્ષય માટે વિદ્વત્સંન્યાસ લેવો જોઇએ અને પાંચમી, છઠ્ઠી અને સાતમી ભૂમિકા સુધી પહોંચવાનો ઉત્સાહ રાખવો જોઇએ. જનકના ગુરુ યાજ્ઞવલ્ક્યે પણ વિદ્વત્સંન્યાસ લીધો હતો. વિવિદિષા સંન્યાસ જ્ઞાનની ઉત્પત્તિ માટે લેવામાં આવે છે અને વિદ્વત્સંન્યાસ જ્ઞાનની રક્ષા માટે લેવામાં આવે છે. વિવિદિષાસંન્યાસ માટે ભગવાં કપડાં પહેરવાની જરૂર છે કે જેથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં બહારનો

વિક્ષેપ ઓછો થાય પણ જ્ઞાન થયા પછી નિષ્ઠા કરવા માટે જે વિદ્વત્સંન્યાસ લેવામાં આવે છે તે માટે ભગવાં કપડાં પહેરવાની જરૂર નથી પણ પ્રવૃત્તિ ઓછી કરવાની જરૂર છે. ખરી રીતે સંસાર છોડવા કરતાં આપણામાંથી સંસાર કાઢવાની વધારે જરૂર છે અને આપણામાંથી સંસાર નીકળી જાય તેટલા પ્રમાણમાં બહારના ત્યાગની પણ જરૂર છે.

ભરત રાજ છોડી જંગલમાં ગયા ત્યાં પણ હરણના સંગથી સંસાર જેવું વાતાવરણ થઈ ગયું. તેથી દિવસે દિવસે વૈરાગ્ય વધે છે કે કેમ તે કાયમ જોતાં રહેવું જોઇએ. શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા કે સાધુઓને માટે પુત્રેષણા અને વિત્તેષણા છોડવી સહેલી છે પણ લોકૈષણા છોડવી બહુ મુશ્કેલ છે. આજકાલ સમાજસેવાના વિચાર ઘણાને આવે છે, પણ તેમ કરતાં સંગદોષ કેવો થાય છે તેનું ધ્યાન ન રહે તો ભરત રાજાના જેવી દશા ઉત્પન્ન થાય છે. અમને કેટલાક સમાજસેવકો એમ કહે છે કે સમાજસેવાનું કામ હાથમાં લીધા પછી પહેલાં જેવી ભક્તિ થતી હતી તેવી થઇ શકતી નથી. સેવા પણ ભક્તિભાવે થઇ શકતી નથી. મહાત્મા ગાંધીજીએ પણ ૧૨-૫-૪૬ ના હરિજનમાં (પનું ૧૩૫) લખેલ છે કે "માણસ આખા કુટુંબની વચ્ચે હોય તો અમે તેટલા ઓછા પ્રમાણમાં કાં ન હોય પણ સૂક્ષ્મ રીતે તે તેની અનન્ય સાધનમાં ખલેલ પહોંચાડે જ છે અને આ અણીના સમયે મારે તો ઉપાડેલા ઈશ્વરના કામને સારૂ અનન્ય નિષ્ઠા સાધવી છે...આ મારી ભારે અગ્નિપરીક્ષા છે. એમાંથી હું કેવી રીતે પસાર થઇશ એ જોવાનું છે."

એ ઉપરથી જણાય છે કે મ. ગાંધીજીને પણ ત્યાંસુધી અનન્ય ભાવ સિદ્ધ થયો નહોતો.

પ્રારબ્ધના જોર પ્રમાણે ધ્યાનનો લાભ ઓછો વત્તો મળે છે. જ્યારે વૃત્તિ બ્રહ્માકાર થાય અને તે સ્થિતિ છોડવી ન ગમે ત્યારે સારૂં

ધ્યાન થયું કહેવાય જે માણસોને તત્ત્વજ્ઞાનના જોર કરતાં પ્રારબ્ધનું જોર વધારે લાગે છે તેમનામાં મન અને વાસનાનો જોઈએ તેટલો ઉપશમ થયો હોતો નથી. તેઓએ જે રીતે મનના સંકલ્પો ઓછા આવે તેવા અને વાસનાનો ક્ષય થાય તેવા ઉપાય લેવા જોઈએ. નહિતર આગળ જણાવ્યું તે પ્રમાણે પૂર્વચિત્તિ અપ્સરા વિઘ્ન કર્યા વગર રહેશે નહિ. માણસ ઘર છોડીને જંગલમાં જાય તો પણ મન તો ભેગું જ આવે છે અને ધ્યાન ન રહે તો ભરતના જેવી દશા ઉત્પન્ન થવા લાગે છે. જેઓ ઘરમાં રહીને સાધના કરે છે, તેઓને પણ ઘણા વિક્ષેપ નડે છે, તેથી આ કામમાં ઘણા પુરુષાર્થની જરૂર છે. જે બ્રહ્મજ્ઞાન તરફ વળે છે તેને બ્રહ્મજ્ઞાન થયું છે કે નહિ તેનું એક મુખ્ય લક્ષણ એ છે કે તેનામાં પહેલાંના જેવું સંસારીપણું રહેતું નથી. જેનામાં પહેલાંના જેવું સંસારીપણું રહે છે તેને બ્રહ્મજ્ઞાન થયું નથી. સંસારના બધા સુખનો આધાર શરીર ઉપર છે. અને શરીર એક ક્ષણમાં નાશ પામે તેવું છે. બ્રહ્મસુખનો આધાર આત્મા ઉપર છે અને તે નિત્ય અખંડ સ્વરૂપ છે, તેથી બન્નેના પ્રમાણમાં ફેર છે.

જે સાધકને સંસારમાં રહીને સાધના કરવી હોય તેને પણ પોતાના અંતઃકરણમાંથી તો સંસારને કાઢવો જોઈએ, એટલે કે કાં તો મનને ફેરવવું અથવા સંજોગો ફેરવવા મન ફરશે તો જ સંજોગો ફરવા લાગશે. પણ ભરતની માફક સંજોગો ફેરવ્યા છતાં મન ફરે નહિ તો આગળ વધવું મુશ્કેલ પડે છે. તેથી મનોનાશ અને વાસનાક્ષય એ બંને તત્ત્વજ્ઞાનના જેટલાં જ ઉપયોગી છે. ભરતની માફક જરા પણ વાસનાનો વા રહી જશે તો જીવન હારી જવાશે

ભરતના ચરિત્ર ઉપરથી એમ જણાય છે કે તે યોગસાધના કરતા હતા. તેમને જ્ઞાનમાર્ગ કોઈએ બતાવેલ ન હતો. યોગમાર્ગમાં માયાને અને પ્રકૃતિને સાચી માનવામાં આવે છે અને તેને વશ કરવી

બહુ મુસ્કેલ પડે છે. જ્ઞાનમાર્ગમાં માયાને અને પ્રકૃતિને મિથ્યા માનવામાં આવેલ છે અને મિથ્યા માનેલ વસ્તુમાં આસક્તિ થતી નથી. જ્ઞાનમાર્ગમાં બ્રહ્મથી ભિન્ન વસ્તુ–માત્રનો બાધ થઇ જાય છે. તેથી જ્ઞાની જો સાચો હોય તો ભરતના જેવા પ્રસંગ તેના જીવનમાં આવતા નથી. જેવું ઉપાદાન કારણ હોય તેવું નિમિત્ત બહારથી આવે છે. જો કોઇને રક્ષણ આપવાનો અહંકાર પોતામાં રહી ગયેલ હોય તો રક્ષણ માગનાર આવશે, સેવા કરવાની ઇચ્છા રહી ગઇ હશે તો સેવા લેનાર પાસે આવશે, ક્રોધનાં બી રહી ગયાં હશે તો ક્રોધ કરાવનાર મળી આવશે, કામનાનાં બી રહી ગયેલ હશે તો કામના ઉત્પન્ન થાય તેવા પ્રસંગ પ્રાપ્ત થશે, એ બધા સાધકની કસોટી માટે આવે છે.

ચોથી ભૂમિકાએ પહોંચ્યા પહેલાં જેણે ભગવાનની ભક્તિ સારી કરેલ હોય તેનામાં મનના સંકલ્પો અને વાસનાનું જોર ઘણાં ઓછાં થઇ ગયાં હોય છે, તે કૃતોપાસ્તિ જ્ઞાની કહેવાય છે. અને કોઈને પહેલાં ઘણી ભક્તિ કર્યા વગર પણ મહાવાક્યનો બોધ થાય છે તે અકૃતોપાસ્તિ જ્ઞાની કહેવાય છે. પહેલા પ્રકારના જ્ઞાનીને જીવન્મુક્તિમાં ઇશ્વરનો અનુગ્રહ સહજ મળ્યા કરે છે. બીજા પ્રકારના જ્ઞાનીને ઇશ્વરનો અનુગ્રહ ઘણીવાર માગવાની જરૂર પડે છે.

શુકદેવજીને જ્ઞાન થયા પછી સંશય થયા હતા તેથી તેમને જનક પાસે જવું પડયું હતું અને રામચંદ્રજીને જ્ઞાન થયા પછી સંશય થયા હતા તેથી તેમને વસિષ્ઠ મુનિ પાસે જવું પડયું હતું. જ્યારે જ્ઞાન સ્થિર થતું નથી ત્યારે સંશય થાય છે એટલું જ નહિ પણ બીજી પ્રવૃત્તિઓમાં પડીને મુખ્ય વસ્તુ ભૂલી જવાય છે. તે દશામાં ચિત્તની અશુદ્ધિ હોય છે. તે લોકો તરફથી મળતા વખાણને લઇને તરત પકડી શકાતી નથી. અશુદ્ધ ચિત્તમાં રાગદ્વેષ રહે છે. શુદ્ધ ચિત્તમાં વૈરાગ્ય રહે છે. એ બાબત ઘણા સાધક બરાબર સમજી શકતા નથી. અને પોતાની પ્રવૃત્તિથી ચિત્ત શુદ્ધ થતું ન હોય તો એ શુદ્ધ થાય

છે એમ માની લે છે. જે દશામાં અજ્ઞાન હોય છે તે વખતે જે કર્તવ્યજ્ઞાન થાય છે તે ખરૂં કર્તવ્ય છે એમ માની શકાય નહિ.

ચિદાત્મામાં આરોપિત કર્તવ્ય વિદ્યાથી દૂર થાય છે છતાંય અંતઃકરણમાં ચિત્તની છાયા રહેવાથી જ્યાંસુધી અંતઃકરણ શાંત થતું નથી ત્યાંસુધી વિશ્રાંતિ મળતી નથી. તેથી જ્ઞાનીએ પણ જીવન્મુક્તિનો ક્રમ સ્વીકારી મનોનાશ અને વાસનાક્ષય તરફ ધ્યાન રાખવું જોઇએ પ્રારબ્ધ અદૃશ્ય છે. અને જ્ઞાનપૂર્વક જીવન્મુક્ત દશા મેળવવાનું લક્ષ્ય એ દૃષ્ટ ફળ છે. તેથી જો પ્રારબ્ધ ભોગવવામાં જ્ઞાનતું અને વૈરાગ્યતું જોર હોય તો જ્ઞાનની રક્ષા થાય છે અને આત્મામાં સુખ અને શક્તિ વધે છે.

સમાજમાં હાલનો ઝગડો નીતિ અને અનીતિ વચ્ચે છે. ખોરાકીની બાબતમાં બહુ ગરબડ થઇ જવાથી અનીતિ વધી છે. અને અનીતિનું પૂર એટલું બધું વધ્યું છે કે મોટામોટા સમાજસેવક તે પૂરને રોકવામાં થાકી જાય છે. જ્યારે ખોરાકીનો પ્રશ્ન સરળ થઈ જશે ત્યારે ઘણી અનીતિ ઓછી થઈ જશે. તે પછી જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેનો ઝગડો પતાવવાનો પ્રશ્ન રહેશે. માણસના જીવનમાં બહુ જ ધ્યાન રહે અને બહુ સંયમ રહે તો જ આગળ સારૂં જીવન જણાવા લાગે છે અને આત્મા તરફ ભૂલ થાય તો ભરતની માફક માણસ કરતાં પણ નીચી યોનિમાં જવું પડે છે.

ભરતને હરણાના બચ્ચા ઉપર દયા આવી અને તેણે તે બચ્ચાની સંભાળ લીધી તેમાં ખોટું કામ કર્યું નહોતું પણ તેમાં તેને એવું અભિમાન થયું કે મારા વગર આની કોણ સંભાળ રાખશે અને એવી આસક્તિમાં તે ભગવાનનું ધ્યાન વગેરે જે નિત્ય નિયમ કરતા હતા તે ભૂલી ગયા. એ એ અપરાધને લઈને તેને હરણનો જન્મ આવ્યો હતો; તેવી જ રીતે સમાજસેવા કરવાનું કોઇને મન થાય તો તે ખોટું નથી પણ મારા વગર એ કામ બીજા કોઇ કરી શકે

નહિ એવું અભિમાન ઉત્પન્ન થાય અને એવી દશામાં ભગવાનનું સ્મરણ કરવાનો વખત રહે નહિ તો ભરતની માફક બીજો જન્મ લેવો પડે. વળી માયાની રમત એવા પ્રકારની છે કે ઘણીવાર પોતાની ભૂલની પોતાને ખબર પડતી નથી. કેટલીવાર મોટી ઉમરના માણસોની અંદર કામ-ક્રોધ વધી જાય છે. તે દશા હવે આવનાર ભવિષ્યના જન્મની સૂચના રૂપે હોય છે. તેનાથી નવો જન્મ કેવો આવશે તેનું અનુમાન થઇ શકે છે.

ભરત રાજાને હરણનો જન્મ આવ્યો, હરણના શરીરમાં પણ તેને આગલો જન્મ (ભરતનો) યાદ આવતો અને વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થતી હતી. થોડા વખત પછી તે હરણે પોતાની મા હરણીને છોડી દીધી અને પોતે પોતાની જન્મભૂમિમાં શાલીગ્રામ નામના તીર્થમાં પુલસ્ત્યના અને પુલહ ઋષિના આશ્રમમાં ચાલી આવ્યું ત્યાં રહી તે પોતાના કાલની પ્રતીક્ષા કરતું હતું. બધાના સંગથી અત્યંત ઉપરામ થઇ તે એકલું વિચરતું તથા સૂકાં પાંદડાં, ઘાસ અને જે કાંઇ મળતું તેનાથી નિર્વાહ કરતું હતું. જે પ્રારબ્ધકર્મોથી તેને હરણની યોનિ પ્રાપ્ત થઇ હતી તે પ્રારબ્ધના ક્ષયની રાહ જોતું હતું. અંતે તેજ તીર્થમાં એટલે ગંડકી નદીના જળમાં તેણે પોતાના હરણના શરીરને છોડી દીધું. આ હકીકત પંચમા સ્કંધના અધ્યાયમાં આવે છે. તેના અનુસંધનમાં ૮૪ મા અધ્યાયમાં (૫-૧૪-૪૫) એમ કહેલ છે કે જ્યારે ભરતજીએ હરણનું શરીર છોડયું ત્યારે મોટા સ્વરથી એવું બોલ્યા હતા કે "ધર્મની રક્ષા કરનાર, કર્મના અનુષ્ઠાનમાં નિપુણ, યોગથી પ્રાપ્ત થનાર, સાંખ્યશાસ્ત્રના સિદ્ધાંત સ્વરૂપ, પ્રકૃતિના પતિ યજ્ઞપુરુષ નારાયણ શ્રીહરિને નમસ્કાર છે."

હરણના શરીરમાં જેમ ભરત રાજા પોતાનું પ્રારબ્ધ ભોગવતા હતા તેમ આજે પણ હરણના શરીરમાં અથવા બીજા કોઇ પશુના શરીરમાં કોઇ મહાત્મા પોતાનું પ્રારબ્ધ ભોગવતા હોય તેવો સંભવ

છે. દશમા સ્કંધમાં કહેલું છે કે ઝાડમાંથી નલકૂબર અને મણિગ્રીવ નીકળ્યા, કાચંડામાંથી નૃગરાજા નીકળ્યા, હાથીના શરીરમાં એક દેવ પોતાનું પ્રારબ્ધ ભોગવતા હતા એમ આઠમા સ્કંધમાં ગજેન્દ્ર-મોક્ષની કથામાં જણાવેલ છે. પત્થરમાંથી અહલ્યા નીકળી હતી તેમ આજે પણ કોઈ પત્થરમાં કોઇ જીવ પોતાનું પ્રારબ્ધ ભેગવતા હોય તો તે સાધના માણસની દૃષ્ટિથી જાણી શકાય તેમ નથી. તેથી હિંદુ ધર્મમાં પશુપક્ષીને પણ પોતાના સમાજનાં અંગ માનીને તેમને ચારો અને ચણ વગેરે નાખવાનું કહેલ છે. યુરોપના સમાજમાં એમ માનેલ છે કે માણસને બચાવવા માટે પશુઓનો વધ કરવો પડે તો કરવો.

પણ હિંદુની સમાજમાં બધા પશુપક્ષીના આત્માને પણ માણસ જેટલા સમાન માનેલા છે. તેથી પશુઓમાં પણ પ્રભુ જોવા જોઇએ. પણ મારા વગર એની કોણ સંભાળ રાખશે એવું થવું ન જોઇએ. થીઓસોફીવાળા એમ માને છે કે માણસનું શરીર આવ્યા પછી પાછું પશુનું શરીર આવે નહિ પણ ભરતને હરણનો જન્મ આવ્યો તે ઉપરથી જણાય છે કે કર્મ પ્રમાણે નવું શરીર આવે છે. માણસે જો સારાં કર્મ કર્યાં હોય તો દેવલોકમાં જાય અથવા ખોટાં કર્મ કર્યાં હોય તો પશુ પણ થાય. વિષયભોગની બહુ ઇચ્છા રહી ગઈ હોય તો કૂતરો અથવા ગધેડો પણ થાય, કારણ કે એવી સગવડ માણસના જીવનમાં બહુ મળતી નથી.

કોઇ માણસ મરી જાય છે ત્યારે એમ કહેવામાં આવે છે કે તે પાછો થયો, એટલે તેના સંસ્કાર પ્રમાણે હતો તેવો પાછો થયો. જેમ રાત્રે માણસ સૂઈ જાય છે અને સવારે તે પાછો થાય છે તેમ મરણ પછી તેની વાસના પ્રમાણે પાછો થાય છે. લડાઇ પૂરી થયા પછી છોકરા વધારે જન્મે છે અને છોકરીઓ ઓછી જન્મે છે, તેનું કારણ પણ એમ માની શકાય છે કે પોતાના દેશ માટે રાગ અને બીજા દેશના માણસો પ્રત્યે દ્વેષ રાખી જે જે લડાઇમાં મર્યા

હોય છે તેમાંથી ઘણા માણસો પોતાનું પ્રારબ્ધ ભોગવવા પાછા થાય છે. હિંદુસ્થાનમાં પણ જેઓ ઈ. સ. ૧૯૦૬ થી ૧૯૧૦ સુધીની બંગાળાની ચળવળ વખતે મરણ પામ્યા તે પાછા થઇને ૧૯૩૦ ની સત્યાગ્રહની ચળવળમાં કામ આવ્યા અને ઈ. સ. ૧૯૨૦ ની સત્યાગ્રહની ચળવળ વખતે જે મરણ પામ્યા તે પાછા થઇને ઈ. સ. ૧૯૪૨ ની ચળવળમાં કામ આવ્યા તેવી જ રીતે ૧૯૧૪-૧૭ ની લડાઈમાં જે મરી ગયા તે પાછા થઇને ૧૯૩૯-૪૫ ની લડાઇમાં કામ આવ્યા. આવા ચક્કરનો અંત શી રીતે આવે? એ ચક્કર અટકાવવું હોય તો આખી પૃથ્વીના બધા દેશોનું એક રાજ્ય બનાવવું જોઇએ. તે સિવાય લડાઇ અટકે તેવું નથી. વળી હાલના કાળમાં એક દેશની આખી પ્રજા બીજા દેશની આખી પ્રજાની સામે લડે છે તેથી હિંદુસ્થાને બધા માણસોને લશ્કરી તાલીમ આપવી પડશે, નહિતર હિંદુસ્થાનની આસપાસના દેશો આંહિંના માણસોને સુખેથી રહેવા દેશે નહિ. પણ આખા દેશના બધા માણસોને લશ્કરી તાલીમ આપવાથી રાગદ્વેષ પણ વધશે અને ફરીથી ભરતની માફક પાછા થવાનો વખત આવશે. એ રીતે કોઇ દેશનું જીવન ઉત્તમ સંસ્કારવાળું થશે નહિ. આર્યોના સંસ્કાર પ્રમાણે લડવાનું કામ ફક્ત ક્ષત્રિયોને માથે રાખવાનું હતું પણ વર્તમાનકાળમાં નવા સાયન્સની નવી નવી શોધ માણસોને મારવા માટે કરવામાં આવે છે તે જોતાં આ દેશમાં પણ અણુબોમ્બ જેવા બોમ્બ બનાવતાં શીખવું જોઇશે અને ૧૮ વર્ષથી ૪૦ વર્ષ સુધીના બધા માણસોને લશ્કરી કેળવણી આપવી જોઇશે. પણ હિંદુસ્થાનના આગેવાનો કદાચ બીજા દેશોના આગેવાનોના જેવા થવાને બદલે બધા દેશોનું એક રાજ્ય બનાવવાનો પ્રયત્ન કરે તો બધા દેશોને લાભ થાય તેવું છે. હાલના કાળમાં મજુરોનાં રાજ્ય ઉત્પન્ન થવા લાગ્યાં છે. મજુરો મજુરીના ધર્મ શીખવી શકશે પણ આત્મજ્ઞાન આપી શકશે નહિ. તેઓ સંસારના વિષયોના ભોગ ઉપર અંકુશ રાખી શકશે નહિ. હિંદુ-

સ્થાનમાં ઉત્પન્ન થયેલ કોમી મતભેદનું કારણ પણ અજ્ઞાન છે. મજુરોમાં અજ્ઞાન હોવાથી પોતાના હક તરફ વધારે ધ્યાન આપે છે પણ પોતાની જવાબદારી તરફ પૂરતું ધ્યાન આપતા નથી. તેથી તેમને નીતિ અને સંયમ સમજાવવા તેવા મહાત્માની જરૂર પડે છે. તે પછી જ્યારે પ્રજામાં સંયમ વધશે ત્યારે આત્મજ્ઞાન આપે તેવા મહાત્માઓ જન્મ લેશે. એવા મહાત્માઓને જન્મ લેવા માટે શમ, દમ, તપ સ્વાધ્યાય વગેરે જેનામાં હોય તેવાં માબાપની પણ જરૂર પડશે.

જે વખતે ભરતજીએ હરણનું શરીર છોડી દીધું તે વખતે વી પ્રકૃતિવાળા અને સંયમવાળા એક બ્રાહ્મણ રહેતા હતા. તેમનામાં વેદાધ્યયન, ત્યાગ, સંતોષ, તિતિક્ષા વિનય, વિદ્યા વગેરે ગુણો હતા. તે બીજાના ગુણોમાં દોષદૃષ્ટિ કરતા ન હતા. આત્મજ્ઞાન અને પ્રસન્નતા વગેરે ગુણોથી યુક્ત એવા તે બ્રાહ્મણને મોટી પત્નીથી નવ પુત્ર થયા અને નાની પત્નીથી એક પુત્ર અને એક કન્યાનો જન્મ થયો. એ પુત્ર તે ભગવદ્ભક્ત રાજર્ષિ ભરત હતા કે જેણે હરણનું શરીર છોડી આ છેલ્લું બ્રાહ્મણનું શરીર લીધું હતું. સાત્ત્વિક બ્રાહ્મણના કુળમાં ભરત જેવા ભકત જન્મ લઈ શકે છે પણ તામસી જનના વિવાહથી ઉત્પન્ન થતા કુળમાં એવા ભક્ત જન્મ લે કે કેમ એ કહી શકાય તેમ નથી. બ્રાહ્મણના કુળમાં જન્મ લઈને ભગવાનની કૃપાથી ભરતને પોતાના પૂર્વજન્મની હકીકત યાદ રહી હતી. તેથી ભરતજીને એવી ચિંતા રહેતી હતી કે સ્વજનોના સહવાસથી ભગવાનની ભક્તિમાં વિઘ્ન પડી ન જાય, તેથી તે સ્વજનોથી દૂર રહેવા લાગ્યા, અને વૈરાગ્ય ધારણ કરી શ્રીહરિના ગુણોનું શ્રવણ, સ્મરણ અને કીર્તન કરવા લાગ્યા. તે વખતે લોકોની દૃષ્ટિમાં તે ઉન્મત્ત જેવા, પાગલ, આંધળા અને બ્હેરાના જેવા જણાવા લાગ્યા. તેમના પિતાએ તેમને યજ્ઞોપવીત અપાવી શાસ્ત્ર પ્રમાણે ધર્મ-કર્મમાં નાખ્યા, પણ ભરતજી તેનાં વિરુદ્ધ આચરણ કરવા લાગ્યા

અને કર્મ અને મંત્ર કાંઇ શીખ્યા નહિ. થોડા વખત પછી તેમનાં માબાપ પરલોકવાસી થયાં.

ભરતજીના ભાઇઓ અપરા વિદ્યામાં એટલે સંસારની વિદ્યામાં નિપુણ હતા. તેઓને બ્રહ્મવિદ્યાનું જરા પણ ભાન નહોતું. તેઓ ભરતજીનો પ્રભાવ સમજી શકયા નહિ અને તેમને મૂર્ખ માનતા, પણ ભરતજીને માન કે અપમાનનો કોઇ વિચાર નહોતો. કોઇ તેમને પાગલ કે મૂર્ખ કહે તો પોતે પણ એવું જ આચરણ કરતા, જો કોઇ તેમને મજુરીનું કામ સોંપતા તો તે મજુરનું કામ પણ કરી લેતા અને માગ્યા વગર જે કાંઇ મળી જાય તેમાંથી નિર્વાહ ચલાવી લેતા. તેમની દશાનું વર્ણન કરતાં શુકદેવજી કહે છે:—

नित्यनिवृत्तनिमित्तस्वसिद्धविशुद्धानुभवानन्दः स्वात्माधिगमः सुखदुःखयोर्द्वन्द्वनिमित्तयोरसंभावितदेहाभिमानः ॥

૫—૯—૯

અર્થ—જેની ઉત્પત્તિનું કોઈ કારણ નથી એવા સ્વતઃસિદ્ધ વિશુદ્ધ જ્ઞાન અને આનંદરૂપ આત્મજ્ઞાન તેને પ્રાપ્ત હતું. તેથી હર્ષ શોક વગેરે દ્વંદ્વના નિમિત્તરૂપ સુખદુઃખ વગેરેમાં તેમને દેહના અભિમાનની સ્ફૂર્તિ થતી નહોતી. તે ઠંડી, ગરમી અને વર્ષાદને વખતે બળદની સમાન નગ્ન રહેતા હતા, તેમનાં સંપૂર્ણ અંગ પુષ્ટ હતાં, તેમનું શરીર ધૂળથી ઢંકાઇ જતું તો પણ બ્રહ્મતેજથી તે મણિના જેવું ચમકતું હતું. તેની કમરમાં માત્ર એક મેલી જનોઈ પડી હતી. તેથી અજ્ઞાની લોક તેને કોઇ મૂર્ખ બ્રાહ્મણ માનતા હતા, છતાં તે લોકોના મનની પરવા કર્યા વગર સ્વતંત્ર રીતે વિચરતા હતા. જડભરતની આવી દશા એ જીવન્મુક્તની દશા હતી, જીવન્મુક્ત પુરુષોમાં પણ કોઈ અનિચ્છાપ્રારબ્ધથી રહે છે, કોઇ પરેચ્છાપ્રારબ્ધથી રહે છે અને કોઇ સ્વેચ્છાપ્રારબ્ધથી રહે છે. ગયા જન્મમાં ભરતના પિતા જે ઋષભદેવજી હતા તે અનિચ્છા પ્રારબ્ધથી રહેતા હતા. તેમનામાં જ્ઞાન-વૈરાગ્યનું એટલું બધું જોર હતું કે તેમને જે કાંઇ પ્રાપ્ત થાય તેની

ના પાડયાં કરતા. કોઈ જગ્યાએ કોઇ આમંત્રણ આપે તો પણ ના પાડવાનું ચાલુ રાખ્યુ હતું. તેને અનિચ્છાપ્રારબ્ધ કહે છે. એવા પુરુષો જ્ઞાની પરમહંસ કહેવાય છે.

જડભરત પરેચ્છાપ્રારબ્ધથી રહેતા હતા એટલે જ્યાં ભગવાનની ઇચ્છા હોય ત્યાં શરીર જશે એમ માની જે કોઇ માણસ જે કામમાં લગાવી દે તે કામ કરવા મંડી જતા હતા. તેથી તેમને ભાગવતમાં ભગવત—પરમહંસ કહેલ છે. (૫-૯-૨૦) ગીતાના બારમા અધ્યાયમાં જ્યાં ભગવાનના ભક્તનું વર્ણન આવે છે ત્યાં કહે છે કે તે કોઇ પ્રાણીનો દ્વેષ કરતો નથી, તે સર્વનો મિત્ર છે, કરુણાથી ભરેલો હોય છે, તેનામાં મારાપણું નથી, હુંપણું નથી, અને સતત સંતુષ્ટ રહે છે. તે સમાધિમાં હોય છે, ત્યારે તેનું મન ઈશ્વરને અર્પિત થયેલું હોય છે. તેથી તે બીજા વિષયોનું અનુસંધાન કરતો નથી. તે સમાધિમાંથી ઊઠ્યો હોય છે ત્યારે પણ ઉદાસીન વૃત્તિવાળો હોય છે. બીજી સ્મૃતિમાં પણ કહેલ છે કે આવા જીવન્મુક્ત પુરુષે એકલા જ રહેવું એ ભેગા થાય તો જોડું થાય અને વાતો ચાલે, ત્રણ ભેગા થાય તો ગામ જેવું થઈ જાય અને વધારે ભેગા થાય તો નગર જેવું થઇ જાય છે. યોગવાસિષ્ઠમાં પણ કહેલ છે કે લોકવાસના, શાસ્ત્રવાસના અને દેહવાસનાને લીધે ક્ષુદ્ર જીવને યથાર્થ જ્ઞાન થતું નથી. નારદજી કહે છે કે "જે સમૂહથી સર્પની માફક બીએ છે તેને દેવો બ્રાહ્મણ જાણે છે."

સંસારી માણસોને એકલા રહેવાથી ભય થાય છે અને આળસ ઉત્પન્ન થાય છે તેથી તેમને જનસમૂહની વચ્ચે રહેવું સારું છે પણ યોગીઓને એકાંતમાં ધ્યાનધારણા ઠીક થઇ શકે છે.

યુરોપના મહાન ગૂઢવાદી સંત ટોમસ એ કેમ્પસ કહે છે કે "હે પ્રભુ! જ્યાં કોઇ પણ માનવીસંબંધ મારી એકનિષ્ઠ સાધનાને અડચણરૂપ ન થાય તેવા પદને પહોંચવા સારુ હું તારી કૃપાને પ્રાર્થું

છું. કેમ કે જ્યાંસુધી કોઇ પણ માનવી લાગણી મને પાછો ખેંચે છે ત્યાંસુધી હું તારી પાસે ઊડીને આવી શકતો નથી. જ્યાંસુધી સાધક બધા ભૌતિક બંધનોથી મુક્ત થતો નથી ત્યાંસુધી તે અધ્યાત્મને માર્ગે નથી ચડતો અને જ્યાંસુધી માણુસ બધાં સંસારનાં બંધનોમાંથી છુટો થઇ ઇશ્વરમાં સમાઈ નથી જતો ત્યાંસુધી તેનું જ્ઞાન અને તેનું તપ નકામાં છે. એક ઇશ્વરને છોડીને બાકી બધું મિથ્યા છે અને એ પ્રમાણે જ તેની કિંમત અંકાશે.

અમેરીકન તત્ત્વવેત્તા એમરસન પણ કહે છે કે માણસની વચ્ચે રહી માણુસના જેવું થવું સહેલ છે, એકલા રહી બ્રહ્મજ્ઞાની થવું સહેલું છે પણ માણસની વચ્ચે રહી બ્રહ્મજ્ઞાની થવું બહુ મુશ્કેલ છે. માણસની વાતોમાં દ્વૈતભાન હર ઘડીએ આવી જાય છે અને બ્રહ્મજ્ઞાની-ને દ્વૈતભાવ પોસાતો નથી. આવી મુશ્કેલી જાણીને જડભરત એકલા ફરતા હતા છતાં પરેચ્છાપ્રારબ્ધથી કોઇ જગ્યાએ લઇ જાય તો તેમાં દેહનું અનુસંધાન રાખ્યા વગર કામે લાગી જતા હતા. હાલનો સમાજસેવક પોતા સિવાય બીજાં બધાંને સુધારવાની ઇચ્છા કરે છે. જડભરત પોતાની નિષ્ઠાને સંભાળતા હતા અને તેને પરિણામે તે દેશના રાજા રહૂગણને પણ સુધાર્યો હતો.

ભક્તિભાવમાં અનન્યભાવની સાધના કરવી બહુ મુશ્કેલ છે. જ્યારે બીક અને ઇચ્છાના પ્રસંગ ઉત્પન્ન થાય છે ત્યારે અનન્યભાવ-ની પરીક્ષા થાય છે. કઠ ઉપનિષદમાં કહેલ છે કે જેને અન્ય દેખાય છે એટલે નાનાત્વ દેખાય છે તે મરણને પામે છે. જડભરતમાં જ્ઞાન સારૂં હતું પણ તે જનસમુદાયથી બીતા હતા. આ કથા ભાગવતની સપ્તાહમાં બીજે દિવસે સાંજે આવે છે તેથી ત્રીજે દિવસે સાંજે શુકદેવજી સાતમા સ્કંધમાં પ્રહ્લાદનું આખ્યાન આપીને એવું સિદ્ધ કરશે કે રાક્ષસોના કુળમાં જન્મીને રાક્ષસોની વચ્ચે વિરોધી વાતાવર-ણમાં રહીને પણ અનન્ય ભાવ સાધી શકાય છે. છતાં પ્રહ્લાદ પણ

વિષયોથી બીતા હતા. તેથી ચોથે દિવસે સાંજે વિષયોની વચ્ચે રહેવા છતાં વિષયોથી દબાયા વગર સ્ત્રીઓમાં પણ અનન્ય ભાવ સાધી શકનાર શ્રીકૃષ્ણ ભગવાનની નિરોધાત્મક ભક્તિનું સ્વરૂપ શુકદેવજી પરીક્ષિત રાજા આગળ મૂકશે. તેવી ભક્તિ ઉત્પન્ન થયા પહેલાં જ્ઞાન અને વૈરાગ્ય બહુ જોઈએ. તેથી જડભરતના આખ્યાનથી જ્ઞાન અને વૈરાગ્યનું જોર શરૂ કરવામાં આવેલ છે. છેવટે એકાદશ સ્કંધમાં શુકદેવજી માયાને મિથ્યા કહેશે એટલે તેને જીતવાની જરૂર ન રહે પણ તેનું મિથ્યાત્વ સમજવાની જરૂર રહે. મિથ્યા વસ્તુ ભ્રાંતિ વખતે દેખાય છે અને જ્ઞાન થતાં બાધ પામે છે.

પ્રકરણ ૩ જું

જડભરત અને રહુગણનો સંવાદ

જડભરત જીવન્મુક્ત દશાનો વિલક્ષણ આનંદ લેતા હતા. કર્મ કરતા હોય કે ન કરતા હોય તો પણ તેમને અહંકારનો ભાવ આવતો નહોતો. તેમના ભાઈઓએ તેમને ખેતીની મજુરી કરવાનું કામ સોંપ્યું તો તે કરવા લાગ્યા, છતાં તે વખતે ક્યારાની જમીન બરાબર છે કે નહિ, કે તેમાં બરાબર પાણી પહોંચે છે કે નહિ તેનું તેમને ભાન નહોતું. તેમના ભાઈઓ તેમને જે કાંઈ વધેલું ભોજન, ભાત, ભુસું, વગેરે આપતા તે જડભરત અમૃતની સમાન માની ખાઈ લેતા હતા. (૫–૯–૧૧) તે પોતાની દશામાં એવી નિષ્ઠાવાળા હતા કે તેમને વિધિ કે નિષેધનું ભાન રહેતું નહોતું.

જ્યાંસુધી આત્મસાક્ષાત્કાર થયો હોતો નથી ત્યાં સુધી વિધિનું અને બીજા પ્રમાણનું પ્રમાણપણું છે. સાક્ષાત્કાર થયા પછી પ્રમાતા, પ્રમેય વગેરે નષ્ટ થઈ જાય છે. તેથી વિધિ તથા બીજા પ્રમાણનું પ્રમાણપણું રહેતું નથી. જેમાં કાંઈક મેળવવાનું હોય કે મૂકવાનું હોય

તેમાં વિધિ બની શકે છે. આત્મા વસ્તુતંત્ર છે અને હેય તથા ઉપાદેયથી રહિત છે. સામાન્ય રીતે આવા સ્વરૂપના શ્રવણ—મનનથી જે સંસ્કાર મનમાં ઉત્પન્ન થાય છે તેનાથી જે અંતઃકરણની વૃત્તિવિશેષ થાય છે, તેનાથી આત્મસાક્ષાત્કાર થાય છે. પણ જડભરતે હરણની પહેલાંના જન્મમાં ઘણી સારી સાધના કરેલી હતી તેથી આ જન્મમાં શરૂઆતથી જ તેનામાં બ્રહ્માકારવૃત્તિ રહેવા લાગી. તેને બીજા કોઇ સંસ્કાર કરવાની જરૂર પડી નહોતી. જેને દેહમાં મિથ્યાજ્ઞાનથી અહંભાવ રહે છે અને રાગદ્વેષ રહે છે. તે જીવનો સંસ્કાર કરવો પડે છે. જડભરતમાં વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ વગેરે સ્વાભાવિક તૈયાર જ હતાં. લોકોમાં ધન વગેરે બહારની સંપતને મિલ્કત માને છે પણ શાસ્ત્રોમાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાનને સંપત્ માનેલ છે. ધન વગેરે તો કોઈ વખતે વિપત્તિનાં હેતુ પણ થઇ જાય છે. ધનવાનને ચોર અને રાજા વગેરેનો ભય રહે છે. વળી તે સંપત્ મર્યા પછી સાથે આવતી નથી. શમ દમ વગેરેની સંપત્ કદાપિ દુઃખનો હેતુ થતી નથી. તેમાં કોઈ ભાગ પડાવતું નથી, તે સાથે આવે છે અને નિત્યસુખ પ્રાપ્ત કરાવી આપે છે. જડભરતે પહેલાંના જન્મમાં ભરત તરીકે જે તપ કર્યું હતું અને શમ દમ વગેરે કેળવેલા હતા તે તેને આ જન્મમાં ઉપયોગી થયા છે. આવા સાધનવાળાને માટે શાસ્ત્રમાં કહેલ છે કે यदेव विरजेत् तदेव प्रव्रजेत् જ્યારે વૈરાગ્ય આવે કે તરત ચાલી નીકળવું. જડભરતને પણ સંસારના વ્યવહારમાં ચિત્ત લાગતું નહોતું, અને તે જ્યાંત્યાં પડી રહેતા હતા.

એક વખત એક શૂદ્રોના રાજાએ પુત્રની ઇચ્છાથી ભદ્રકાલીને માણસનું બલિદાન દેવાનો સંકલ્પ કર્યો. તેણે જે માણસને પકડીને મંગાવ્યો હતો, તે પ્રારબ્ધયોગે નાશી ગયો તેથી તે રાજાના નોકર તેને શોધવા નીકળ્યા. પણ તે મળ્યો નહિ અને દૈવયોગે અકસ્માત અંધારી રાત્રે જડભરત તેમના જોવામાં આવ્યા. તે તેના ભાઇના ખેતરનું રખોપું કરતા હતા. તેમને તે રાજાના નોકરોએ પકડી લીધા

અને દોરડાથી બાંધી ચંડિકાના મંદિરમા લઈ આવ્યા. પછી તેમને સ્નાન કરાવી સારાં વસ્ત્ર અને અલંકાર પહેરાવ્યા. ભદ્રકાલીની પાસે ધૂપ દીપ વગેરે કર્યાં અને નાચતા ગાતા જડભરતને મારવા માટે દેવીની સામે બેસાડયા. પછી મંત્રો બોલી તેમને મારવા માટે એક માણસે તરવાર કાઢી. પણ આવા બ્રહ્મજ્ઞાની પુરુષના તેજથી દેવીના શરીરમાં દાહ થવા લાગ્યો, તેથી મૂર્તિમાંથી સાક્ષાત્ દેવી બહાર નીકળી. ક્રોધથી એ જ તરવાર પકડી ત્યાં આવેલા બધા અસુર જેવા માણસોને દેવીએ મારી નાખ્યા. સત્પુરૂષોના ઉપર કરેલા પ્રયોગ, કરનાર ઉપર જ પાછા પડે છે.

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે "જેણે દેહ વગેરેમા આત્મભાવ કાપી નાખ્યો છે, જે બધાં પ્રાણીઓના મિત્ર છે અને વૈર વગરના છે, જેમની ભગવાન રક્ષા કરે છે, જે ભગવાનના ચરણમાં પ્રાપ્ત થયેલ છે, એવા ભગવદ્ભક્ત પરમહંસને માટે પોતાનું માથું કપાવવાનો પ્રસંગ આવ્યો તોપણ કોઈ પ્રકારે વ્યાકુળતા ન ઉપજી એ આશ્ચર્યની વાત નથી." (૫-૯-૨૦) આંહી જડભરતને **ભાગવત પરમહંસ** એ વિશેષણ આપેલ છે. ભાગવત–પરમહંસ પરેચ્છાપ્રારબ્ધથી રહે છે એટલે જ્યાં ભગવાન શરીરને લઇ જાય ત્યાં જાય છે.

દેહમાંથી અહંભાવ કાઢવો એ અઘરામાં અઘરૂં છે. બધો સંસાર દેહને હું માનીને ચાલે છે. સંસારના બધા સુખનો આધાર દેહનું અભિમાન છે. એ દૂર થાય તો ફરીથી સંસાર મળતો નથી. એ અભિમાનને બાધ કરે એવું જ્ઞાન ઉત્પન્ન થાય તો જ એ અધ્યાસ દૂર થાય છે. કોલેજોમા જે જ્ઞાન આપવામાં આવે છે. તેનાથી દેહનો અધ્યાસ દૂર થતો નથી. અન્યના જ્ઞાનથી અન્યમાં થયેલ ભ્રાંતિની નિવૃત્તિ થતી નથી. તેથી આત્મજ્ઞાનની જરૂર પડે છે. દેહ અને આત્માનો સંયોગસંબંધ બનતો નથી પણ અધ્યાસિક સંબંધ બને છે. તે સંબંધ આધ્યાસિક હોવાથી આત્મામાં પ્રમાતાપણું જણાય છે

અને જ્ઞાનથી તે નિવૃત્ત થાય છે. અસંગ આત્મામાં પ્રમાતાની ઉત્પત્તિ માટે અધ્યાસ અવશ્ય માનવો પડે છે. જડભરતે આત્મજ્ઞાનથી એ અધ્યાસ દૂર કર્યો હતો. તેનામાં "પ્રત્યગભિન્ન બ્રહ્મસ્વરૂપ હું છું" એવી અખંડાકારવૃત્તિ સતત રહેતી હતી.

એકવાર સિંધુ દેશનો રાજા રહુગણ પાલખીમાં બેસીને જતો હતો. જ્યારે પાલખી ઈક્ષુમતી નદીને તીરે પહોંચી ત્યારે પાલખી ઉપાડનારા ભોઈના જમાદારને પાલખી માટે એક ભોઈની જરૂર પડી. તપાસ કરતાં પ્રારબ્ધયોગે તેમને જડભરત મળ્યા. જડભરતને જોઈને જમાદારે જાણ્યું કે આ માણસ શરીરે પુષ્ટ અને તરુણ છે અને બળદ કે ગધેડાની માફક બોજો ઉપાડી શકે તેવો છે. તેથી તેમને બલાત્કારથી પકડી પાલખી ઉપાડવા માટે જોડી દીધા. ભરતજીએ પણ કાંઇ આનાકાની કર્યા વગર પાલખી ઉપાડવા માંડી. પણ પહેલાંના જન્મના દયાના સંસ્કાર તેમના મનમાં થોડાક રહી ગયેલ હોવાથી કોઇ જીવ પગ નીચે દબાઇને મરી ન જાય એવી ભાવનાથી જમીન ઉપર આગળ જોતાં જોતાં ચાલતા હતા. તેથી બીજા ભોઇની સાથે તેની ગતિ સમાન રહેતી નહોતી અને પાલખી આડીઅવળી થઇ જતી હતી. એ જોઇ રાજા રહુગણે પાલખી ઊંચકવા વાળાઓને કહ્યું કે "અરે ભાઇઓ! બરાબર ધ્યાન દઇને ચાલો, પાલખી ઉંચીનીચી કેમ થઇ જાય છે?" ભોઈઓને રાજા તરફથી દંડની બીક લાગી તેથી બીતાંબીતાં જવાબ આપ્યો કે "મહારાજ, અમે તો બરાબર ધ્યાન આપીએ છીએ પણ આ જે નવો ભોઇ પાલખીમાં જોડેલ છે તે તરત ચાલતો નથી. અમે તેની સાથે પાલખી ચલાવી શકતા નથી."

રહુગણને લાગ્યું કે સંગનો દોષ એક વ્યક્તિમાં હોય તો પણ બીજા બધાને અસર કરે છે. તેને ક્રોધ આવ્યો અને તેનું અંતકરણ રજોગુણથી વ્યાપ્ત થઈ ગયું. તેણે ભરતજીને કહ્યું; "અરે ભાઈ, બહુ દુઃખની વાત છે કે તું જરૂર થાકી ગયો હોઇશ. વળી તું બહુ દુબળો

દેખાય છે" આ પ્રમાણે રાજાએ તેને અવળી ભાષામાં ટોકવા માંડ્યો તો પણ કાંઈ દરકાર કર્યા વગર ભરતજી પહેલાંની માફક પાલખી ઉપાડી ચાલવા લાગ્યા. તેને અવિદ્યાના કાર્ય પંચભૂત, ઇંદ્રિયો અને અંતઃકરણના સંઘાતરૂપ આ છેલ્લા શરીરમાં "હું અને મારા"ની બુદ્ધિનો મિથ્યા અધ્યાસ થયો નહોતો.

પાલખી ફરીથી વિષમ ગતિવાળી થઈ જવાથી રાજાએ ફરીથી ક્રોધ કરી તેને કહ્યું કે "અરે આ શું છે! શું તારૂં મરણ નજીક આવેલ છે? હું તારો સ્વામી છું. તેની આજ્ઞાનું તું ઉલ્લંઘન કરે છે, તું બહુ ઉન્મત્ત લાગે છે, હું હમણાં જ તને શિક્ષા કરી યમ-રાજની પાસે મોકલી આપું છું."

આ વચનો સાંભળી જડભરતે તેને નીચે પ્રમાણે જવાબ આપ્યોઃ—

"હે રાજા! તમારૂં કહેવું ઠીક છે. જો ભાર ઉપાડનાર અને માર્ગમાં ચાલનાર આ શરીર હું હોઉં તો મને ભારનો ક્લેશ અને માર્ગનો શ્રમ લાગે. તમે કહ્યું કે તું મોટો અને તાજો પણ દેખાતો નથી એ વાત પણ ઠીક છે, કારણ કે જાડાપણું કે મોટાપણું એ શરી-રનો ધર્મ છે, આત્માનો ધર્મ નથી એવું જ્ઞાની પુરુષો માને છે. વળીઃ—

स्थौल्यं कार्श्यं व्याधय आधयश्च
क्षुत्तृड् भयं कलिरिच्छा जरा च ।
निद्रा रतिर्मन्युरहंमदः शुचो
देहेन जातस्य हि मे न सन्ति ॥
५–१०–१०

અર્થ—સ્થૂલતા, કૃશતા, આધિ, વ્યાધિ, ક્ષુધા, તૃષા, ભય, કલહ, ઇચ્છા, જરા, નિદ્રા, પ્રેમ, ક્રોધ, અભિમાન અને શોક આ બધા ધર્મ દેહના અભિમાનની સાથે ઉત્પન્ન થવાવાળી વ્યક્તિમાં રહે છે, મારામાં તો તેનો લેશ પણ નથી.

વળી તમે જીવવા–મરવાની વાત કરી; તો જેટલા આદિ–અંત-વાળા વિકારી પદાર્થ છે તેમાં એ સૌ ધર્મ રહે છે. વળી જ્યાં સ્વામી–સેવકભાવ હોય ત્યાં આજ્ઞાપાલન કરવાનો ધર્મ રહે છે. મારા આત્માની સાથે તો કોઈનો સ્વામીસેવકભાવવાળો સંબંધ નથી. તું રાજા છે અને હું પ્રજા છું એ પ્રકારની ભેદબુદ્ધિ ન હોય તો એ વ્યવહાર પણ બનતો નથી. પરમાર્થિક દૃષ્ટિથી જોઈએ તો કોને સ્વામી કહેવો અને કોને સેવક કહેવો ? છતાં તને સ્વામીપણું લાગતું હોય તો હું તારી શું સેવા કરૂં તે કહે."

જડભરતનો કહેવાનો ભાવ એવો છે કે સ્વામિસેવકભાવ એ કલ્પિત વસ્તુ છે. જેમ કોઈ રાજાએ આઠ કલાક દિવસમાં રાજ્ય કર્યું અને રાત્રે આઠ કલાક સ્વપ્નમાં મજુર થઇ મજુરી કરી અને કોઇ મજુરે દિવસમાં આઠ કલાક મજુરી કરી અને રાત્રે આઠ કલાક સ્વપ્નમાં રાજા થઇ રાજ્ય કર્યું તો તે દશામાં બન્નેએ આઠ કલાક સાચું રાજ્ય કર્યું છે અને બન્નેએ આઠ કલાક સાચી મજુરી કરી છે; તો તેમાં રાજા કોણ અને મજુર કોણ? એવું જ જાગ્રતના વ્યવહાર બાબત સમજાવવાનું છે. જડભરત વધારામાં રાજાને કહે છે કે—

उन्मत्तमत्तजडवत्स्वसंस्थां
गतस्य मे वीर चिकित्सितेन ।
अर्थः कियान्भवता शिक्षितेन
स्तब्धप्रमत्तस्य च पिष्टपेषः ॥ ५–૧૦–૧૩

અર્થ—હે વીર ! હું મત્ત અને ઉન્મત્ત જેવો જડ છું અને પોતાના આત્માની સ્થિતિમાં રહેવાવાળો છું. તેને દંડ દેવાથી તારૂં શું પ્રયોજન સિદ્ધ થશે ? અને જો હું વાસ્તવમાં મૂર્ખ અને પ્રમાદી છું તો પણ તારી શિખામણ ફોતરાંને ખાંડવાની માફક નકામી છે.

ઉપરના શ્લોકમાં **સ્વસંસ્થાં ગતસ્ય** એ શબ્દો સ્થિતપ્રજ્ઞની દશા અથવા જીવન્મુક્તની દશાનું સૂચન આપે છે. આત્મજ્ઞાન થવું સહેલું છે; પણ તેમાં નિષ્ઠા થવી બહુ મુશ્કેલ છે. નિષ્ઠાવાળા સંત પુરુષો મળવા જ દુર્લભ છે. ચોથી ભૂમિકાએ જ્ઞાન થાય છે. તે પછી પાંચમી, છઠ્ઠી અને સાતમી ભૂમિકા જીવન્મુક્તિના વિલક્ષણ સુખ માટે છે. પાંચમી ભૂમિકાએ બધું સ્વપ્ન જેવું લાગે છે, છઠ્ઠી ભૂમિકા પદાર્થાભાવિની હોવાથી સુષુપ્તિની માફક એક સિવાય બીજું દેખાતું નથી. સાતમી ભૂમિકાને ગાઢ સુષુપ્તિ કહે છે. તે દશામાં આનંદ એટલો બધો વધે છે કે શરીરથી સહન થતો નથી; તેથી શરીર માત્ર થોડા દિવસ જ ટકે છે. જીવન્મુક્તનાં લક્ષણ જીવન્મુક્તિવિવેકમાં શ્રી વિદ્યારણ્ય સ્વામી એવાં જણાવે છે કે તે પુરુષ સુષુપ્તિમાં હોવાં છતાં જાગ્રત છે, તે જાગ્રત અવસ્થાને જાણતો નથી, તેનું જ્ઞાન નિર્વાસન હોય છે. તેનું મન વૃત્તિરહિત હોય છે, તેનામાં રાગ, દ્વેષ કે ભયનો આભાસ દેખાય તો યે તે અંતરમાં આકાશની જેમ અત્યંત નિર્મળ છે. તેનો રાગ તેને ભોજનમાં પ્રવૃત્તિ કરાવે છે અને તેનો દ્વેષ વિષયી માણસોથી તેને વિમુખ રાખે છે. કર્મો કરતો હોય કે ન કરતો હોય તો પણ જેને અહંકાર લાગતો નથી તે જીવન્મુક્ત છે. તેનાથી લોક ઉદ્વેગ પામતા નથી અને તે લોકોથી ઉદ્વેગ પામતો નથી. તે કોઈને ધિક્કારતો નથી તેમ કોઈને પ્રહાર કરતો નથી. તેને માન કે અપમાન લાગતાં નથી; વગેરે. જીવન્મુક્તિથી નીચે પ્રમાણે પાંચ પ્રયોજન સિદ્ધ થાય છેઃ—

૧. જ્ઞાનની રક્ષા.

૨. તપ.

૩. વિસંવાદનો અભાવ.

૪. દુઃખનો નાશ.

૫ સુખનો આવિર્ભાવ

શ્રીમદ્‌ભાગવતમાં કપિલ–આખ્યાનમાં શ્લોક ૩–૨૮–૩૭ અને શ્લોક ૩–૨૮–૩૮ એ બંને જીવન્મુક્તની દશાના છે. તે બંને શ્લોક ફરીથી એકાદશ સ્કંધમાં હંસગીતામાં પણ આવે છે.

ઉપરના જડભરતના ઉપદેશમાં એમ કહેલ છે કે ભાર લાગવો એ શરીરનો ધર્મ છે. વિચાર કરતાં એ વાત સાચી જ લાગશે. ભાર કોઇ સાચી વસ્તુ નથી પણ સાપેક્ષ છે. ગધેડાનું શરીર વધારે ભાર સહન કરી શકે છે. હાથીનું શરીર અને બળદનું શરીર પણ વધારે ભાર ખેંચી શકે છે. આકાશમાં એક કાંકરો નાખીએ તો નીચે પડે છે પણ આખી પૃથ્વી આકાશમાં અદ્ધર રહેલી છે અને એક સેકન્ડમાં ૧૮ માઇલની ગતિએ ફરે છે. એન્જીનને દશ માણસ ફેરવી શકે નહિ પણ તેમાં સ્ટીમ ભરી હોય તો આખી ટ્રેનને ખેંચી શકે છે. તેવી જ રીતે વિમાન ચાલતું હોય તો પોતાને અને બીજાને ઉપાડી શકે છે પણ પડયું હોય તો ભારરૂપ લાગે છે. આપણા માથા ઉપર મીઠાઇ મૂકી હોય તો ભાર લાગે છે પણ તે ખાઈ જઇએ તો ભાર લાગતો નથી તેથી વજન એ સાપેક્ષ વસ્તુ છે. હાલના સાયન્સથી પણ તે વાત સિદ્ધ થઇ છે, અને ભક્તિમાર્ગની દૃષ્ટિએ જોઈએ તો ડાકોરના શ્રીરણછોડરાયજી ગંગાબાઈની વાળીમાં તોલાયા છે. માણસના શરીરના મડદામાં ભાર લાગે છે પણ તે જીવતું હોય ત્યારે તેટલો ભાર લાગતો નથી. તેવી જ રીતે જેને દેહનું અભિમાન નથી તેને પાલખીનો ભાર પણ લાગતો નથી. એવા જીવન્મુક્તની દશા સાધારણ માણસની દૃષ્ટિથી સમજી શકાય નહિ.

જડભરત રહુગણને ઉપદેશ આપીને પછી પહેલાંની જેમ પાલખી ઉપાડવા લાગ્યા. રાજા રહુગણમાં શ્રદ્ધા હતી અને તત્ત્વજિજ્ઞાસા પણ હતી (૫–૧૦–૫).તેણે જડભરતની શાસ્ત્રમાં માન્ય થાય તેવી વાણી સાંભળી અને તેની કેટલીક શંકાઓ દૂર થઇ ગઇ. તેથી તે પાલખીમાંથી નીચે ઉતરી પડયો અને રાજા તરીકેનું અભિમાન

છોડી, જડભરતને પગે લાગી પોતાના અપરાધનો ક્ષમા માગી નીચે પ્રમાણે કહેવા લાગ્યો:–હે દેવ! આપે બ્રાહ્મણના ચિહ્નરૂપ જનોઇ ધારણ કરી રાખેલ છે તો આવા ગુપ્તપણે વિચરનારાઆપ કોણ છો? આપ દત્તાત્રેયના જેવા કોઇ અવધૂત છો. આપ કોના પુત્ર છો? આપનું જન્મસ્થાન કયું છે? આપ કયાંથી પધારો છો? આપ અમારા કલ્યાણને માટે આવેલા સાક્ષાત્ ભગવાન કપિલજી લાગો છો. મને ઇંદ્રના વજ્રની બીક નથી, યમરાજની કે બીજા કોઇ દેવની બીક નથી, પણ બ્રાહ્મણકુળનું અપમાન થાય તો બીક લાગે છે. માટે આ પ્રકારે ગંભીર વિજ્ઞાનશકિતથી સંપન્ન આપના અપાર મહિમાને છુપાવી અસંગભાવથી મૂર્ખની માફક ફરનાર આપ કોણ છો? આપના યોગયુકત શબ્દો તો અમારી બુદ્ધિ સમજી શકતી નથી. હું તો પાલખીમાં બેસી ભગવાન કપિલનો સત્સંગ કરવા માટે જાઉં છું અને સંસારમાં એકમાત્ર શરણ લેવાયોગ્ય કોણ છે તે પૂછવા માટે જાઉં છું. આપ પણ કપિલ મુનિના જેવા જ જ્ઞાનવાળા લાગો છો અને જાણે કે લોકોની દશા દેખવા માટે આ રૂપમાં ફર્યા કરો છો. પણ ઘરમાં આસકત રહેવાવાળા વિવેકહીન પુરુષ આપ જેવા યોગેશ્વરની ગતિ શી રીતે જાણી શકે?

આ ઉપરથી જાણી શકાશે કે સાધારણ માણસો ખરા મહાત્માને ઓળખી શકતા નથી. બ્રહ્મસૂત્ર ઉપર વૃત્તિ લખનાર દક્ષિણના પ્રખ્યાત સંત સદાશિવેન્દ્ર સરસ્વતી એક વખત ચાલ્યા જતા હતા. રસ્તામાં તેમને તે દેશના રાજાની ગાડી સામી મળી. તેમને રાજાના નોકરોએ એક બાજુ ખસી જવાનું કહ્યું; પણ તે પોતાની નિષ્ઠામાં મસ્ત હતા. પછી રાજાએ તેમને ખસી જવા હુકમ કર્યો. તે પણ તેમણે ગણકાર્યો નહિ. એટલે રાજાએ નીચે ઊતરી ગુસ્સામાં પોતાની તરવારથી તે અવધૂતનો એક હાથ કાપી નાખ્યો અને પછી ગાડીમાં બેસી પોતાને સ્થાને ગયો. પણ અવધૂતને શરીરનું ભાન નહોતું તે પણ આગળ ચાલવા માંડયા. રસ્તામાં કોઈ માણસ સામે મળ્યો

તેણે તે યોગીને પૂછ્યું કે "મહારાજ, તમારો હાથ કોણે કાપી નાખ્યો ? તે વખતે તેમણે બ જો હાથ ત્યાં ફેરવી તપાસ કરવા માંડી. એટલામાં કપાએલો હાથ નવો તૈયાર થઇ ગયો.

રહુગણ હવે જડભરતને નીચે પ્રમાણે પ્રશ્ન પૂછે છે:–હું યુદ્ધ વગેરે કાર્ય કરૂં છું ત્યારે મને તો થાક લાગે છે તેથી મને લાગે છે કે બોજો ઉઠાવનાર આપને પણ થાક લાગતો હશે. આપ કહો છો કે આપને શ્રમ લાગતો નથી એ વાત મારી સમજણમાં આવતી નથી. વળી આપ કહો છે કે સ્વામી–સેવકભાવ પણ વ્યવહારદષ્ટિથી છે, વસ્ત-વમાં નથી, પણ અમને તો વ્યવહાર સત્ય લાગે છે. દષ્ટાંત તરીકે જો ઘડો ખોટો હોય તો તેનાથી જળ લાવવાનું કાર્ય કેમ થાય ? તેમાં જળ રહી જ શકે નહિ ? જેમ ચુલા ઉપર તપેલું રાખ્યું હોય તેમાં રહેલ પાણી નીચેનાં અગ્નિથી ઉકળે છે અને તેમાં રહેલ ચોખા ચડી જાય છે, તે જ પ્રમાણે દેહ, ઇન્દ્રિય અને મનના સંનિધિથી જીવોને વિષયોનો અનુભવ થાય છે. પ્રજા ઉપર રાજ્ય કરવું એ રાજાનું કામ છે અને અપરાધીને દંડ દેવો એ રાજાનું કામ છે. પોતાના ધર્મનું આચરણ કરવું એ જ ભગવાનની સેવા છે. એટલું કહી રાજાએ પોતાના અપરાધ માટે ફરીથી ક્ષમા માગી.

હવે જડભરત, રાજા રહુગણને જવાબ આપે છે:—હે રાજા ! તું અજ્ઞાની હોવા છતાં જ્ઞાનીની માફક વાત કરે છે. જ્ઞાની પુરુષો તારા વ્યવહારની વાતો સાચી માનતા નથી. વળી જે વેદવાક્યના પ્રમાણથી ગૃહસ્થાશ્રમમાં યજ્ઞ વગેરે થાય છે તેનાથી પણ વિશુદ્ધ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. જ્યાંસુધી માણસોનું મન સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણથી વ્યાપ્ત રહે છે ત્યાંસુધી તેમની ઇંદ્રિયો શુભઅશુભ કર્મ કરાવ્યા જ કરે છે, આ ત્રણ ગુણો જીવને જુદીજુદી ઉપાધિઓમાં નાખી જુદાંજુદાં શરીર પ્રાપ્ત કરાવે છે, અને જીવને તેમાં અભિમાન થવાથી મોહ પ્રાપ્ત થાય છે. જ્યાંસુધી મન રહે છે ત્યાંસુધી આ બધો જાગ્રત–વ્યવહાર અને સ્વપ્નવ્યવહાર રહે છે. તેથી

મન જ ત્રિગુણમય અધમ સંસારનું કારણ છે અને તે જ મન જો શુદ્ધ થાય એટલે વૈરાગ્યવાળું થાય તો મોક્ષનું કારણ પણ બને છે.

गुणानुरक्तं व्यसनाय जन्तोः क्षेमाय नैर्गुण्यमथो मनः स्यात् । (૫–૧૧–૮)

વિષયોમાં આસક્ત થયેલું મન જીવને સંસારના સંકટમાં નાખે છે અને વિષયહીન થાય તો તે શાંતિમય મોક્ષપદ આપે છે. જેમ ઘીમાં ભીંજાયેલી બત્તિથી બળતો દીપક ધૂમાડો કરે છે; પણ ઘી સમાપ્ત થઇ જાય તો પોતાના કારણ અગ્નિમાં લીન થઇ જાય છે. તે પ્રકારે ગુણ અને કાર્યોમાં આસક્ત થયેલું ચિત્ત ઘણી વૃત્તિઓ ઉત્પન્ન કરે અને નિર્ગુણ હોય તો પોતાના કારણ મહત્તત્ત્વમાં લીન થઇ જાય છે. પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અહંકાર એ મનની ૧૧ વૃત્તિઓ છે; તે દ્રવ્ય, સ્વભાવ, આશય, કર્મ અને કાલદ્વારા પરિણામને પ્રાપ્ત થઇ સેંકડો, હજારો અને કરોડો પ્રકારની થઇ જાય છે. તેમની સત્તા ક્ષેત્રજ્ઞ આત્માની સત્તાથી છે, સ્વતઃ નથી; અથવા પરસ્પર મળીને પણ નથી. એ વૃત્તિઓ જાગ્રત અને સુષુપ્તિમાં તિરોહિત થઈ જાય છે. તેને શુદ્ધ અને સાક્ષી આત્મા સદા દેખે છે.

ક્ષેત્રજ્ઞ આત્મા જ બધાંના અંતઃકરણમાં રહેવાવાળો જગતનું આદિ કારણ, સ્વયંપ્રકાશ, અજન્મા અને બ્રહ્મા વિગેરેનો પણ નિયંતા છે અને આધીન રહેવાવાળી માયાથી બધા જીવોની અંદર રહેનાર ભગવાન વાસુદેવ નારાયણ છે. જેમ વાયુ બધાની અંદર પ્રાણરૂપે પ્રવિષ્ટ થઇ પ્રાણને પ્રેરિત કરે છે તેમ બધાના અંતર્યામી અને આત્મા પ્રકૃતિથી અતીત ભગવાન વાસુદેવ પણ સંપૂર્ણ પ્રપંચમાં ઓતપ્રોત છે. હે રાજા! જ્યાંસુધી માણસ જ્ઞાન પ્રાપ્ત કરીને માયાનો તિરસ્કાર કરતો નથી અને સંગનો ત્યાગ કરી ક્રોધ વગેરે છ શત્રુઓને જીતી આત્માને જાણતો નથી, જ્યાંસુધી તે આત્માની ઉપાધિરૂપ આ મનને સંસારના દુઃખનું કારણ જાણતો નથી ત્યાંસુધી તે સંસારમાં જ ભટક્યા કરે છે. કારણ કે એ મન

તેને શોક, મોહ, રોગ, રાગ, લોભ વગેરેથી બાંધી લે છે અને તેની મમતા વધાર્યા કરે છે. એવા મનની ઉપેક્ષા કરવાથી તે બહુ બળવાન થઈ જાય છે. માટે એ કપટી મનરૂપી શત્રુને શ્રી ગુરુ અને હરિના ચરણોની સેવાથી સાવધાનતાપુર્વક મારી નાખો.

મનમાં ખરી સત્તા નથી પણ આપણે આપેલી સત્તા તે ભોગવે છે. એકવાર તેને છૂટું મૂક્યું એટલે બીજી વાર તેવી છૂટ માંગે છે. એકવાર બીડી પીવાની ટેવ પાડી એટલે ફરીથી બીડી માગે છે; ચા અને ન્યુસપેપર વાંચવાની ટેવ પાડી એટલે ફરીથી ચા અને ન્યુસપેપર માગે છે. એવો ટેવ ન પાડી હોય તો તે એવી ચીજો માગતું નથી. સેવાની ટેવ પાડી હોય તો ભરતની ટેવની માફક હરણની સેવામાં ચાલ્યું જાય છે. માટે જો એક મન વશ થાય તો બધું વશ થાય છે. મહાભારતના યુદ્ધ વખતે અર્જુન ભગવાનની હાજરીમાં જ ફરીઆદ કરે છે કે આ ચંચળ મનને વશ કરવું બહુ મુશ્કેલ લાગે છે. તેથી એમ લાગે છે કે સગુણ ભગવાનના દર્શન માત્રથી પણ મન જીતાતું નથી, પણ જડભરતના જેવો વૈરાગ્ય હોય અને તેના જેવું જ્ઞાન હોય તો મન તરત વશ થઇ જાય છે.

જડભરતનું જ્ઞાન સાંભળી રાજા રહુગણમાં ઘણી નમ્રતા આવી ગઈ. તેણે જડભરતને નમસ્કાર કરી કહ્યું કે આપ તો સાક્ષાત્ ઇશ્વરસ્વરૂપ છો અને લોકના કલ્યાણને માટે શરીર ધારણ કરેલ છે. આપે પરમાનંદમય સ્વરૂપનો અનુભવ કરી શરીરને તુચ્છ સમજેલ છે. અમે તો દેહના અભિમાનરૂપી સર્પથી ડસાયેલ છીએ તેથી આપની અમૃતમય વાણી અમને પરમ ઔષધરૂપ છે. આપે જે જ્ઞાન આપ્યું તે મને સરળ રીતે સમજાય તેવી રીતે કહો. ભાર અથવા શ્રમ પ્રત્યક્ષ કર્મનું ફળ છે છતાં આપ કહો છો કે તે સત્ય નથી એ વાત હજુ મારી બુદ્ધિમાં પેસતી નથી.

જડભરતે કહ્યું:—પૃથ્વીના વિકારરૂપ આ દેહ કંઇ વિશેષ

૪

કારણથી પૃથ્વી ઉપર ચાલવા લાગે છે. તે શરીરમાં બે પગ છે, તેના ઉપર ઘુંટણ, જાંઘ, કેડ અને તેની ઉપર છાતી છે, તેના ઉપર ખભા વગેરે છે. એ ખભા ઉપર પાલખી રાખેલ છે અને તેમાં રહુગણ નામનો એક જડ દેહ બેઠો છે. તે દેહમાં તને અહંકાર થયો છે. એ તારૂં અજ્ઞાન છે. વાસ્તવમાં જે તત્ત્વનો તારો દેહ છે તે જ પૃથ્વી તત્ત્વનો દેહ ભોઇઓનો છે. છતાં તેં તેઓને પકડી રાખેલ છે તેથી તું ક્રૂર અને દુષ્ટ છે. તું લોકોની રક્ષા કરનાર છે એ વાત મહાપુરુષોની સભામાં શોભે તેવી નથી. બધાં શરીરોની ઉત્પત્તિ પૃથ્વીમાંથી થાય છે અને લય પણ પૃથ્વીમાં થાય છે તો તેમાં થતી ક્રિયામાં નામ સિવાય બીજું કાંઈ વ્યવહારનું કારણ નથી. વળી પૃથ્વી પણ મૂળ તત્ત્વ નથી. પૃથ્વીનું કારણ પણ મૂળ પરમાણુ છે અને એ પરમાણુ પણ અવિદ્યાદ્વારા મનથી કલ્પિત છે. એટલે વાસ્તવમાં પરમાણુની પણ સત્તા નથી; કારણ કે સંપૂર્ણ પ્રપંચ એ એક ભગવાનની માયાનો ખેલ છે. તેનાથી પૃથક્ કોઈની સત્તા નથી.

આ બાબત હાલના નવા સાયન્સથી પણ સિદ્ધ થયેલ છે. નવા સાયન્સમાં અણુને એટમ કહે છે અને પરમાણુને ઇલેક્ટ્રન કહે છે. એ તરંગના રૂપમાં પ્રકાશિત થઇને દોડતો હોય છે. તેની ગતિ એટલી બધી તીવ્ર હોય છે કે તે માપી શકાતી નથી. તેથી જ્યારે તે ઇલેક્ટ્રનને જોવાવાળો કોઈ હાજર હોય ત્યારે તે તરંગ જોનારની જેવી દૃષ્ટિ હોય તેવા આપવાળો બની જાય છે. તેથી દરેકને પોતાની દૃષ્ટિ પ્રમાણે અથવા પોતાના જ્ઞાન પ્રમાણે પરમાણુ દેખાય છે. હાલના કોઈ સાયન્ટીસ્ટને આપણે પૂછીએ કે ઇલેક્ટ્રન શી વસ્તુ છે? તેના જવાબમાં તે આપણને પૂછશે કે તમે ઇલેક્ટ્રન વિષે શું જાણો છો? આપણે કહીએ કે મને ઇલેક્ટ્રન આવો દેખાય છે. તેનો જવાબ સાયન્સવાળા એમ આપે છે કે "તેનું નામ ઇલેક્ટ્રન છે" એટલે આપણા જ્ઞાનમાં જે ઇલેક્ટ્રન અથવા પરમાણુ આવે તે ઇલેક્ટ્રન છે. વાંદરાના જ્ઞાનમાં જેટલા તેજના પરમાણુના તરંગ પકડાય તે

તેના પરમાણુ છે. તેથી જેવી જેની દૃષ્ટિ તેવી તેની સૃષ્ટિ એ વાત સિદ્ધ થાય છે. આપણું જ્ઞાન છોડીને સૃષ્ટિનો વિચાર થઈ શકતો નથી. તેથી સૃષ્ટિનું રહસ્ય સમજવું હોય તો આપણા જ્ઞાનને પહેલાં ઠીક કરવું જોઈએ. સાધારણ માણસના જ્ઞાનમાં જે વસ્તુ આવે છે તે બધી માયા છે. તેથી જડભરત રહુગણને કહે છે કે જે કાંઇ, પાતળું, જાડું, નાનું, મોટું સત્, અસત્ અને અચેતન જગત દેખાય છે તે દ્રવ્ય, સ્વભાવ, આશય, કાલ અને કર્મવાળી ભગવાનની માયા સમજો. (૫–૧૨–૧૦) તેનો અર્થ એ છે કે, મનુષ્યોએ પરસ્પર વ્યવહાર કરવા માટે જે વ્યવહારરચના કરી છે તે જગતમાં આવેલાં પશુપક્ષીઓની દૃષ્ટિએ નકામી છે; તેમ પશુપક્ષીઓએ જે કાંઇ રચના પોતાના વ્યવહાર માટે કરેલ હોય તે મનુષ્યોને માટે નિરર્થક છે. વળી પત્થર વગેરે પણ જગતમાં જ ગણાય છે, જગતની બહાર ગણાતા નથી. તેમની દૃષ્ટિએ તો કોણ જાણે શું હશે ? એક પત્થરને રામચંદ્રજીના ચરણનો સ્પર્શ થતાં તેમાંથી અહલ્યા નીકળી હતી. વૃક્ષ અને પત્થરની દષ્ટિમાં માણસ જેવું કોઈ પ્રાણી હશે કે નહિ–તેને કલ્પના હશે કે નહિ, તે સમજી શકાય તેમ નથી. અને એવી કોઇ કલ્પના કરે તો માણસની દૃષ્ટિએ હસવા જેવું થાય. પરંતુ વાસ્તવિક રીતે તો જગત શબ્દમાં જેનોજેનો સમાવેશ થાય છે, પછી તે સ્થાવર હો કે જંગમ હો, જડ હો કે ચેતન હો તે તમામ બાબતો 'જગત' એવી સંજ્ઞામાં આવી શકે છે. માટે વિશાળ દૃષ્ટિએ જુઓ તો આ બધા જગવ્યવહારમાં એકવાક્યતા ક્યાં છે ? જગતનું નામ જો લેવામાં આવે તો પછી તેમાં સમાવેશ થતી જગતમાંના તમામ વસ્તુઓ જાણવી પડે. જગતરૂપી મહાન ઘરમાં મનુષ્યો, પશુપક્ષી, વૃક્ષ, પાષાણ, વગેરે ૮૪ લાખ સ્થૂલ યોનિઓ છે અને બધાને જગત કેવું દેખાય છે તે સમજીએ ત્યારે જગતનો વ્યવહાર સમજાયો છે એમ કહી શકાય.

પણ આપણાં શાસ્ત્રોએ એ બધી ભાંજગડ ટુંકામાં પતાવી

દીધી છે. મુંડક ઉપનિષદમાં અને છાંદોગ્ય ઉપનિષદમાં કહેલ છે કે એકના જ્ઞાનથી સર્વનું જ્ઞાન થઈ શકે છે. સ્વપ્નમાં ઘણી વસ્તુઓ દેખાય છે પણ જો જોનારને ઠીક કરીએ તો એકના જ્ઞાનમાં બધાનું જ્ઞાન થઈ જાય છે. એવું જ્ઞાન જાગ્રતમાં કેમ મળે અને એ જ્ઞાનનું સ્વરૂપ શું છે તે હવે જડભરત રહુગણને સમજાવે છે.

જડભરત કહે છે કે—

ज्ञानं विशुद्धं परमार्थमेक—
मनन्तरं त्वबहिर्ब्रह्म सत्यम् ।
प्रत्यक् प्रशान्तं भगवच्छब्दसंज्ञं
यद्वासुदेवं कवयो वदन्ति ॥ ૫–૧૨–૧૧

અર્થ–જે વિશુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, અદ્વિતીય, અંદરબહારના ભેદ રહિત, વ્યાપક અને પ્રત્યગાત્મા રૂપે અત્યન્ત શાન્ત પરમાર્થ સત્ય છે, તેને જ 'ભગવાન' કહે છે, તેને જ પંડિતો વાસુદેવ કહે છે.

એટલે જેને અદ્વૈતજ્ઞાન મળી ગયું તેને સાચા ભગવાન મળી ગયા. આવા અર્થનો શ્લોક ભાગવતની શરૂઆતમાં પહેલા સ્કંધના બીજા અધ્યાયમાં (૧–૨–૧૧) પણ છે. એને ભક્તિમાર્ગમાં અનન્યભાવવાળી અવ્યભિચારી ભક્તિ કહે છે.

આવા બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ માટે બે સાધન છેઃ યોગ અને જ્ઞાન. યોગમાં મુખ્ય સાધન ધ્યાન છે. ધ્યાન પુરુષતંત્ર છે અને બ્રહ્મ સાધ્ય છે. તેને સંપત્–ઉપાસના પણ કહે છે. અતદ્વ્યાવૃત્તિ–લક્ષણથી અધ્યાસની નિવૃત્તિ કરવામાં આવે છે. જ્ઞાન વસ્તુતંત્ર છે, એટલે જેવી વસ્તુ હોય તેવી બતાવે છે. બ્રહ્મથી જીવ જુદો લાગે તો સંપદ્રૂપ ઉપાસના ઠીક છે. પણ પ્રત્યગ્ અભિન્ન બ્રહ્મનું અભેદજ્ઞાન સંપદ્રૂપ નથી એટલે પુરુષતંત્ર નથી. આ માર્ગમાં બ્રહ્મ સિદ્ધ છે, સાધ્ય નથી. સિદ્ધ વસ્તુનું જ્ઞાન પુરુષબુદ્ધિને આધીન હોતું નથી; તે પ્રમાણ અને વસ્તુને આધીન રહે છે. ઠુંઠામાં પુરુષને જોઈને શંકા થાય છે કે ઠુંઠું હશે

કે પુરુષ હશે? ત્યાં સર્વ અંશમાં જ્ઞાન યથાર્થ નથી. પણ પુરુષઅંશમાં અને અન્ય અંશમાં મિથ્યાજ્ઞાન છે, અને ઠુંઠાના અંશમાં યથાર્થ જ્ઞાન છે. કારણ કે યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે ઠુંઠું જ છે એમ વસ્તુઆધીન નિશ્ચયજ્ઞાન થાય છે. સાધ્ય અર્થમાં બધા વિકલ્પ પુરુષની બુદ્ધિને આધીન થાય છે. સિદ્ધાર્થમાં એવું થતું નથી.

જડભરત રહુગણને કહે છે કે "હે રહુગણ! આવું જ્ઞાન મહાપુરુષોની ચરણરજને મસ્તક ઉપર ધારણ કર્યા સિવાય તપ, યજ્ઞ, અન્નદાન, ગૃહસ્થને ઉચિત ધર્મોનું પાલન, વેદનું અધ્યયન અથવા જલ, અગ્નિ અને સૂર્ય વગેરેની ઉપાસનાથી પણ સિદ્ધ થતું નથી." કોઈને એમ પ્રશ્ન થાય કે મહાપુરુષોના ચરણમાં એવું શું હશે? એક માણસને અફીણનું બહુ વ્યસન લાગ્યું હતું. તેનાથી તેના શરીરના પરમાણુ એવા ફરી ગયા હતા કે તેને જે અડે તેને અફીણનું વ્યસન લાગતું હતું. ચા પીવાવાળાના સંગથી ચાનું વ્યસન લાગે છે, બીડીની ટેવવાળાના સંગથી બીડીનું વ્યસન લાગે છે, કામીના સંગથી કામ વધે છે અને ક્રોધીના સંગથી ક્રોધ વધે છે; તો પછી મહાત્માઓ સતત ભગવાનનું ચિંતન કરતા હોય તેમના શરીરના પરમાણુ પણ ભગવન્મય થઈ ગયા હોય છે. તેના સ્પર્શની અસર બીજા ઉપર જરૂર થાય છે. પણ હાલનો કાળ બહુ વિષમ છે. એવા મહાત્માઓ બહુ ઓછા હોય છે, છતાં તેવાઓનો સત્સંગ મળે તો જરૂર શિષ્યની વૃત્તિ બ્રહ્માકાર થવા લાગે છે. તે બાબતમાં જડભરત કહે છે કેઃ—

यत्रोत्तमश्लोकगुणानुवादः
प्रस्तूयते ग्राम्यकथाविघातः ।
निषेव्यमाणोऽनुदिनं मुमुक्षो—
र्मतिं सतीं यच्छति वासुदेवे ।। ५-१२-१२

અર્થ—એવા મહાપુરુષોના સમાજમાં પવિત્રકીર્તિ શ્રીહરિના ગુણોની ચર્ચા થયા કરે છે અને તેથી વ્યવહારની વિષયવાર્તા બંધ થાય છે.

એવા સત્સંગનું નિત્ય સેવન કરવાથી મુમુક્ષુ પુરુષની શુદ્ધ બુદ્ધિ ભગવાન વાસુદેવની તરફ વળી જાય છે.

આત્મજ્ઞાનનું મુખ્ય સાધન શ્રવણ છે, અને તે આત્મજ્ઞાની પુરુષો પાસેથી કરેલ હોય તો તરત ફળ આપે છે. પરીક્ષિત રાજાએ પણ ૭ દિવસ સુધી શુકદેવજી પાસે એવું જ શ્રવણ કરેલ છે. બીજી કોઈ ક્રિયા કરેલ નથી અને સાતમે દિવસે તેને જ્ઞાન થઈ ગયેલ છે.

હવે જડભરત કહે છે કે " જુઓ, હું પૂર્વજન્મમાં ભરત નામનો રાજા હતો. મેં લૌકિક અને પારલૌકિક વિષયોનો સંગ છોડી દીધો હતો અને ભગવાનની આરાધનામાં હું તત્પર રહેતો હતો. છતાં એક હરણના સંગથી પરમાર્થથી ભ્રષ્ટ થઈ ગયો અને બીજા જન્મમાં હરણ થવું પડ્યું; પણ ભગવાન કૃષ્ણની આરાધનાના પ્રભાવથી એ હરણના શરીરમાં પણ અને પૂર્વજન્મનું સ્મરણ બની રહ્યું હતું; તેથી આ જન્મમાં હું માણસોના સંગથી શંકાવાળો થઈ સદા અસંગ રહી પોતાને છૂપાવીને વિચરું છું. કારણ કે માણસના સંગથી કદાચ સંસારમાં રહેલી કોઈ વસ્તુની ઇચ્છા રહી જાય તો ફરીથી માણસ થવું પડે અને મોક્ષ મળે નહી. હાલ જે પ્રકારે સમાજસેવા થાય છે તેમાં ત્રણ દોષ રહી જાય છેઃ એક તો પ્રવૃત્તિમાં રાગ રહે છે, અહંકાર વધે છે અને પોતા સિવાય બીજા બધાને સુધારવાનો પ્રયત્ન થાય છે. તેથી ફરીથી માણસનો જન્મ આવે છે. હાલ ઘણાં માબાપને એવો વિચાર આવે કે અમારે ત્યાં આવા છોકરા-છોકરીઓ કેમ જન્મ્યાં હશે ? પણ એ બધા હક્ક માગતી સમાજસેવાની ભાવનાથી મરીને પાછા થયેલા હોય છે. લડાઈમાં પોતાના દેશ માટે મરવા જે તૈયાર થાય છે, તે લડાઇમાં મરી, ફરી જન્મીને બીજી લડાઈ માટે તૈયારી કરે છે. એ ચક્કરનો અંત આત્મજ્ઞાન વગર આવતો નથી. માણસને સુખ જોઇએ છે, પણ સુખ કેટલા પ્રકારનાં છે અને તે મેળવવા માટે કેવો પુરુષાર્થ કરવો જોઇએ તેનો તેને ખ્યાલ નથી. આગળ

વખતમાં એ બાબત બ્રહ્મચર્ય–અવસ્થામાં જ ગુરુ શિષ્યને સમજાવી-દેતા હતા. તૈત્તિરીય ઉપનિષદની આનંદવલ્લીમાં છેલ્લે જે આનં-દનું વર્ણન આવે છે. તે જિજ્ઞાસુઓને બહુ ઉપયોગી હોવાથી અહિં આપવામાં આવે છે. ભરત પણ પહેલાં રાજા હતો છતાં તેને રાજ્ય-નું સુખ તુચ્છ લાગ્યું હતું; કારણ કે તેનાથી અનેકગણું સુખ હજુ પ્રાપ્ત કરવાનું બાકી રહે છે. તૈત્તિરીય ઉપનિષદમાં કહે છે કે:—

૧. કોઇ પુરુષ જુવાન હોય, સાત્ત્વિક વૃત્તિવાળો હોય, વેદનું અધ્ય-યન કરતો હોય, માતા, પિતા અને આચાર્યથી શિક્ષિત હોય તેને ધન જેની પાસે પૂર્ણ હોય એવો એક રાજાનો આનંદ એ આનંદની સીમા છે.

૨. એ મનુષ્ય–આનંદથી ૧૦૦ ગણો વધારે આનંદ મનુષ્ય–ગંધર્વનો છે. કારણ કે તે લોક કર્મ અને ઉપાસનાના બળથી મળે છે.

૩. મનુષ્યગંધર્વના આનંદથી સો ગણો વધારે આનંદ દેવગંધર્વનો છે.

૪. દેવગંધર્વથી સો ગણો આનંદ પિતૃલોકનો છે.

૫. તેનાથી સો ગણો આનંદ આજાન દેવનો છે.

૬. આજાન દેવથી સો ગણો આનંદ કર્મદેવનો છે.

૭. કર્મદેવના આનંદથી સોગણો આનંદ જાતિથી જે દેવ છે તેમનો છે.

૮. તેનાથી સો ગણો આનંદ ઇન્દ્રનો છે.

૯. ઇન્દ્રથી સો ગણો આનંદ તેના ગુરુ બૃહસ્પતિનો છે.

૧૦. બૃહસ્પતિથી સો ગણો વધારે આનંદ પ્રજાપતિનો છે. પ્રજાપતિનો આનંદ એટલે સમષ્ટિ–રજોગુણનો આનંદ.

૧૧. તેનાથી સો ગણો આનંદ હિરણ્યગર્ભનો છે.

૧૨. તેનાથી સો ગણો આનંદ બ્રહ્મજ્ઞાનીને છે.

એવો આનંદ વિષયવાસનાથી રહિત શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠને પ્રાપ્ત થાય છે. રાજાના આનંદથી શરૂ કરીને હિરણ્યગર્ભ પર્યંત જે–જે આનંદ છે તે સ્વાભાવિક એવા બ્રહ્માનંદનો માત્ર લેશ છે. શ્રુતિ

પણ કહે છે કે एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्राण्युपजीवन्ति આ પ્રમાણે જેજે જન્ય સુખ છે એટલે ઉત્પન્ન થવાવાળું છે તેમાં તારતમ્ય રહે છે. જન્ય સુખનું કારણ ધર્મ પણ ઘણા પ્રકારનો રહે છે. પણ મોક્ષરૂપ ફળ નિરતિશય આનંદ એકરૂપ છે. તેથી મોક્ષનું સાધન તત્ત્વજ્ઞાન પણ એકરૂપ છે. મોક્ષ એ કર્મનું ફળ નથી. આત્મા નિત્ય તૃપ્ત હોવાથી ફળને માટે આત્મામાં ક્રિયા બનતી નથી અને તે સ્વયંપ્રકાશ હોવાથી પોતાના પ્રકાશ માટે પણ તેમાં ક્રિયા બનતી નથી. ત્યાં માત્ર જ્ઞાનની જરૂર છે. જ્ઞાન વસ્તુતંત્ર છે, પુરુષતંત્ર નથી. જો મોક્ષ કોઈ વિધિનું ફળ હોય તો તે સ્વર્ગની માફક ભવિષ્યમાં રહેશે અને અનિત્ય થઈ જશે. જ્ઞાનથી પ્રાપ્તની પ્રાપ્તિ અનુભવમાં આવે છે. તે માટે જડભરત કહે છે તેમ મહાપુરુષોના સત્સંગની જ જરૂર છે. લૌકિક પિતા પરિચ્છિન્ન હાડમાંસનો દેહ આપે છે, બ્રહ્મવિદ્ ગુરુ અપરિચ્છિન્ન ચિદાનન્દરૂપ અવિનાશી સ્વરૂપ પ્રાપ્ત કરાવી આપે છે. તેથી ગુરુ એ મુખ્ય પિતા છે.

તેથી જડભરત રહૂગણને કહે છે કે માણસ વૈરાગ્યથી અને સાધુસમાગમથી જ્ઞાન પ્રાપ્ત કરી આ લોકનાં બધાં મોહનાં બંધનને કાપી શ્રીહરિની લીલાઓનું કથન અને સ્મરણ કરી સંસારને પાર કરી ભગવાનને પ્રાપ્ત કરી લે છે. (૫-૧૨-૧૬)

જડભરતના આ ઉપદેશમાં ભક્તિના બંને દીકરા જ્ઞાન અને વૈરાગ્ય આવી જાય છે. તે બંને બૂઢા હોવાથી ભક્તિ રડે છે. તેથી બીજા દિવસની આ કથામાં જ તેમને જગાડવાની તૈયારી થાય છે.



પ્રકરણ ૪

ભવાટવી અથવા સંસારચક્ર

જડભરતે રહુગણ રાજાને જે જ્ઞાન આપ્યું તે સાચા વૈરાગ્ય વગર ટકે તેવું નથી, તેથી વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે જડભરત હવે રહુગણને સંસારના દુઃખની વિગત સમજાવે છે. હાલના કાળમાં ખાસ કરીને વૈરાગ્યની બહુ ઊણપ જોવામાં આવે છે. ગીતામાં અર્જુને ભગવાનને પૂછ્યું કે આ ચંચળ મનને વશ કરવું બહુ મુશ્કેલ છે. તેના જવાબમાં ભગવાને કહેલ છે કે આવું ચંચળ મન અભ્યાસ અને વૈરાગ્યથી વશ થઈ શકે છે, અભ્યાસ માટે સારાં સારાં પુસ્તકો મળી શકે છે અને અભ્યાસ કરાવનાર ગુરુ પણ મળી શકે છે. પણ વૈરાગ્યનું ખરૂં સ્વરૂપ સમજાય તેવાં પુસ્તક બહુ ઓછાં છે. વૈરાગ્યવાન સાધુ પાસેથી જ વૈરાગ્ય બરાબર સમજી શકાય. પણ એવા જડભરત જેવા સાધુઓની સંખ્યા ઘણી ઓછી છે.

શ્રી શંકરાચાર્યે કહેલ છે કે આ લોકનાં બધાં સુખ અને પરલોકનાં બધાં સુખનાં ફળ અને ભોગનો ત્યાગ તેને વૈરાગ્ય કહે છે. આવા વૈરાગ્ય વગર બ્રહ્મજ્ઞાન ટકતું નથી. ભરત રાજાને હરણમાં પ્રીત રહી ગઈ અને તેથી હરણ થવું પડયું. તેવી જ રીતે સંસારમાં કોઇપણ બાબતમાં જરા પણ આસક્તિ રહી જાય તો ફરીથી જન્મ લેવો પડે છે. આપણામાંથી બધી આસક્તિ નીકળી ગઇ છે કે નહિ તેની ખાત્રી કરવી હોય તો ધ્યાન કરવા બેસવું. જો કોઇ બાબતમાં આસક્તિ નહિ હોય તો તરત બરાબર ધ્યાન થઈ શકશે અને આસક્તિ હશે તો સંકલ્પવિકલ્પ ઉઠયા કરશે અને ધ્યાન થઇ શકશે નહિ.

જડભરત રહુગણને કહે છે કે ભગવાનની ત્રણ ગુણવાળી માયાથી જીવ સંસારના પ્રવૃત્તિમાર્ગમાં ભટકે છે અને સંસારના સુખમાં આસક્ત થઈ જાય છે (૫-૧૩-૧). આ સંસારરૂપી વનમાં ૫ ઈંદ્રિયો અને એક મન એમ ૬ ચોર રહે છે. તેથી જીવની પ્રવૃત્તિમાં અનેક પ્રકારનાં વિઘ્ન ઉત્પન્ન થાય છે. ઉપરના ૬ ચોર જીવને સંસારના વિષયોમાં રસ છે એવું બતાવીને છેતરે છે અને પરમાત્માથી વિમુખ કરી દે છે. વળી આ સંસારરૂપી વનમાં રહેવાવાળા તેના કુટુંબી જન પણ તેને વધારે અને વધારે સંસારમાં નાખે છે. ગૃહસ્થાશ્રમ એ એવી કર્મભૂમિ છે કે જેમાં કર્મોનો કદાપિ અંત આવતો નથી. ઘર એ કર્મની વાસનાનો પટારો છે. જેમ ખેતરમાં વાવેલ અનાજનાં બી બળી ન ગયાં હોય તો ખેતીનો વખત આવતાં બીજે વર્ષે પણ ઊગી નીકળે છે તેવી જ રીતે જે કર્મ જ્ઞાનદ્વારા બાળેલાં નથી તે વારંવાર ઊગી નીકળે છે. (૫-૧૪-૪) કર્મથી આસક્ત થતાં પોતાના ચિત્તમાં દૃષ્ટિ-દ્વેષ ઉત્પન્ન થાય છે અને તેથી જીવ મૃગજળ સમાન આ મૃત્યુલોકને સત્ય માનવા લાગે છે. અને મિથ્યા વિષયો તરફ દોડવા લાગે છે. કોઇ વાર ધનને માટે વ્યાકુળ બની તેને વધારવાની ઈચ્છાથી રાતદિવસ પ્રવૃત્તિ કર્યા કરે છે. કોઇવાર સ્ત્રી-પુત્રના સ્નેહમાં બહુ લપટાઈ જાય છે. કોઇ વાર લોકૈષણાના મદમાં ફસી જાય છે. કોઇવાર વિષયોમાં મિથ્યાપણું જાણે છે છતાં દેહમાં અભિમાન હોવાથી તેની વિવેકબુદ્ધિ નષ્ટ થઇ જાય છે તેથી ફરીથી મૃગજળ જેવા વિષયોની પછવાડે દોડે છે. કોઈ વાર બીજાની ટીકાની અસરથી તેને બહુ પીડા થાય છે. ધન ખોવાઇ જાય છે તો ફરીથી ધનવાનોની પાછળ દીનતાથી ભમ્યા કરે છે. જ્યારે ખાવાપીવાનું રહેતું નથી ત્યારે બીજાની સંપત્તિ અનીતિથી પડાવી લેવાની ઇચ્છા કરે છે અને પોતાના કુટુંબ ઉપર વારંવાર ક્રોધ કરે છે. આ પ્રમાણે તેને ઘણા પ્રકારનું કર્મબંધન પ્રાપ્ત થાય છે."

જે કર્મ થઇ ગયું છે અને પ્રતિક્રિયારૂપે (એટલે કર્મના ફળરૂપે) પાછું આવે છે તેને પ્રારબ્ધ-કર્મ કહે છે. જે કર્મ થઇ ગયું છે પણ પ્રતિક્રિયા—ફળરૂપે હજુ પાછું આવ્યું નથી તેને સંચિત કર્મ કહે છે. જે કર્મ વર્તમાન કાળમાં થઈ રહેલ છે તે ક્રિયમાણ કર્મ કહેવાય છે. કર્મની આ ત્રિપુટી ખેડૂતના દૃષ્ટાન્તથી વધારે સહેલાઇથી સમજી શકાશે. એક ખેડૂત હાલમાં બી વાવી રહેલ છે. તે તેનું ક્રિયમાણ કર્મ છે. એક ખેડુતે બી વાવ્યાં પણ હજી તે ઉગ્યાં નથી અથવા છોડ થયા છે પણ હજુ છોડ મોટા થયા નથી અથવા છોડ મોટા થયા છે પણ હજી ફળ થયાં નથી અથવા ફળ થયાં છે પણ પાક્યાં નથી, તે સઘળાં સંચિત કર્મ કહેવાય છે. એક ખેડૂતે વાવેલાં બી ઊગી મોટા છોડ થઈ ફૂલીફાલી અને તૈયાર પાકરૂપે, ધાન્યરૂપે કે ફળરૂપે ઘરમાં આવ્યાં છે તે પ્રરબ્ધ કર્મ કહેવાય છે. પ્રારબ્ધ કર્મ ભોગવવાથી તેનો અન્ત આવે છે તે પણ યોગશક્તિથી થોડે ઘણે અંશે જીતી શકાય છે. માણસ સમજે તો સંચિત કર્મમાં ઘણો ફેરફાર કરી શકે છે. ક્રિયમાણ કર્મથી મનુષ્ય પોતાના ભવિષ્ય કાળને સારો કે ખરાબ બનાવી શકે છે. :માટે આ ત્રણે જાતનાં કર્મોમાં ક્રિયમાણ કર્મ ઉપર વધારે લક્ષ્ય આપવાની જરૂર છે, કેમકે તેમાં મનુષ્ય ઘણે અંશે સ્વતંત્ર છે.

કયું કર્મ ક્યારે ફળ આપશે તે ચોક્કસ રીતે જાણવું મુશ્કેલ છે. દરેક કર્મની સાથે તેનો કાળ રહેલો હોય છે. Every event contains its own time. એ વાત હાલ સાપેક્ષવાદથી પણ સિદ્ધ થયેલ છે. ચીભડાનાં બી વાવ્યાં હોય તો લગભગ બે મહિને ફળ આપે છે. બાજરો જુવાર લગભગ ત્રણ ચાર માસ લે છે. આંબાને ૫ થી ૨૦ વર્ષ લાગે છે. નાળિયેરીને ૭ વર્ષે ફળ આવે છે. રાયણના ઝાડને વીસ વર્ષે ફળ આવે છે. માણસ ૯ મહિનામાં ગર્ભમાં તૈયાર થાય છે, અને પછી ગર્ભની બહાર તૈયાર થાય છે.

તેવી જ રીતે માણસના જીવનમાં કાયિક, વાચિક અને માનસિક કર્મોનું ફળ જુદેજુદે અને લાંબેટુંકે વખતે આવે છે. વળી જુદા જુદા સંજોગોની અસર પણ કર્મના ફળ ઉપર થાય છે. દાખલા તરીકે કોઈ એક માણસે કોઈ બીજાને ગાળ દીધી એટલે તેણે પહેલાને થપ્પડ મારીને તેના બે દાંત પાડી નાખ્યા. બીજા કોઈ માણસે કોઈ મુત્સદ્દી માણસને ગાળ દીધી તો તેણે ચાર–છ મહિને કે વર્ષે લાગ આવ્યે તેને પાંચસો કે સાતસો રૂપીઆનું નુકશાન એક કલમના ઝટકે કરી નાખ્યું. ત્રીજા કોઇ માણસે કોઈ સાચા સંત પુરુષને ગાળ દીધી તો તેણે તેને આશીર્વાદ આપ્યો.

કર્મની ગતિ બહુ વિચિત્ર છે. જુઠું બોલનાર માણસ કદાચ બીજા જન્મમાં મુંગો પણ થાય. શક્તિનો દુરુપયોગ કરનાર ઠુંઠો થાય અને પગનો દુરુપયોગ કરનાર લુલો થાય અને વ્યભિચાર કરનાર આંધળો થાય છે. તેથી દરેક માણસે શુભ કાર્યમાં રહેવાની ખાસ જરૂર છે. ખાટકીનો ધંધો કરનાર અથવા ચોરી કરનાર અને લાંચ લેનાર મનુષ્ય બહારથી કેટલીક વાર સુખી જણાય છે અને પ્રમાણિકપણે પોતાનો ધંધો કરનાર મનુષ્ય બહારથી કેટલીક વાર દુઃખી જણાય છે. આવા વિરોધાભાસનું કારણ જલદી સમજી શકાતું નથી; પણ જો આપણે કર્મના નિયમની દૃષ્ટિએ આવા પ્રસંગ તપાસીશું તો જણાશે કે જે હાલમાં ખોટાં કર્મ કરે છે પણ સુખી દેખાય છે. તેમણે પહેલાં સારાં કર્મ કર્યાં હશે અને હાલમાં તે પોતાને માટે ખરાબ ભવિષ્ય (પ્રારબ્ધ) રચે છે. વળી હાલમાં જે નીતિથી રહે છે પણ દુઃખી જણાય છે તેણે પહેલાં ખોટાં કર્મ કરેલ હશે.

જડભરત રહુગણને કહે છે કે માણસનો સમૂહ આ પ્રમાણે કરેલાં કર્મ ભોગવતાં અનેક જન્મ ધારણ કરે છે. તેમાં કોઇક જ પરમાનંદના માર્ગમાં પ્રવૃત્ત થાય છે.

જેમણે જેમણે કેટલાક દેશો જીતી લીધા છે તેઓ પણ આ પૃથ્વી મારી છે એવું અભિમાન કરી પરસ્પર વેર કરી યુદ્ધમાં પડે છે. વેર વગરનું જે પરમહંસપદ છે તે તેઓ પામી શકતા નથી.”

કેટલાક માણસો સ્ત્રીઓમાં આસક્ત થઈ જાય છે, કેટલાક બાળકોની કાલીકાલી વાતોમાં આસક્ત થઈ જાય છે, કેટલાક સમાજ તરફથી મળતા વખાણમાં આસક્ત થઇ જાય છે. કેટલાક કહે છે કે અમે આસક્ત થયા વગર નિષ્કામ કર્મ કરીએ છીએ પણ એ વાત સાચી નથી. જો નિષ્કામ ભાવે કર્મ બરાબર થતાં હોય તો પરમાત્માનું ધ્યાન કરવાનો વખત આવે ત્યારે બરાબર ધ્યાન થવું જોઇએ; પણ તેમને પૂછીએ તો કહે છે કે ધ્યાન વખતે ઘણો વિક્ષેપ નડે છે, અને શાંતિ મળતી નથી. બધે વખતે વ્યવહાર અને પરમાર્થની એકતા કરવાની મુશ્કેલી પડે છે. જેઓ વ્યવહારને પ્રધાનપદે મૂકે છે તેઓ પરમાર્થ સંબંધમાં ગંભીર ભૂલો કરે છે અને જેઓ પરમાર્થને મુખ્ય ગણે છે તેઓ જગતના વ્યવહારને કેમ ઠીક કરવો તે બરાબર બતાવી શકતા નથી. સમભાવ વગર રાગદ્વેષ જતો નથો. જ્યારે મારા-મારી શરૂ થાય છે ત્યારે કેટલાકને રાગદ્વેષ વધારવાની અનુકૂળતા મળે છે. આ કારણને લઇને વ્યવહાર અને પરમાર્થની એકતા કરવી મુશ્કેલ પડે છે. વ્યવહાર અને પરમાર્થની એકતા માટે બધે વખતે કામ આવે તેવા નિયમ ઘડી શકાતા નથી, કારણ કે વ્યવહાર દેશ અને કાળ પ્રમાણે ફરતો રહે છે. દરેક માણસે પોતાના સંજોગેનો વિચાર કરી જ્યારે બે–ત્રણ ફરજ એકસાથે ઉત્પન્ન થાય ત્યારે બને ત્યાંસુધી ઊંચી ફરજ સ્વીકારવી જોઇએ. કોઇપણ રીતે પોતાના સ્વભાવ તથા સંજોગો જીતવાના છે. તે માટે સંયમ અને વૈરાગ્યની જરૂર છે. જ્યાંસુધી અલ્પ અને મિથ્યા સુખમાં વૃત્તિ રહેશે ત્યાંસુધી સંજોગો જીતી શકાશે નહિ.

ઇશ્વર એક છે છતાં જુદાજુદા ધર્મવાળા ધર્મને નામે કેમ લડી મરે છે, તેનું કારણ ધર્મનું સાચું જ્ઞાન લોકોને મળતું નથી એ છે. શુક્રાચાર્યનું ગુરુપણું શિષ્યોને ખોટા લાભ બતાવે છે અને આત્માના લાભથી વિમુખ કરે છે. ગીતામાં ૧૮ મા અધ્યાયમાં કહે છે કે જગતના પદાર્થો અને જીવો એક અવિભક્ત પરમાત્મામાં એકસાથે રહેલા છે એવું જે જ્ઞાનથી જણાય તે સાત્વિક જ્ઞાન છે. જે જ્ઞાનથી તે જુદાજુદા જોવામા આવે તે રાજસ જ્ઞાન છે અને જે જ્ઞાનથી જીવનનો હેતુ જાણી ન શકાય અને સંસારમાં આસક્તિ થાય તે તામસ જ્ઞાન છે. ધાર્મિક સંપ્રદાયની જરૂર છે; પણ જે હેતુથી અને જે અનુભવથી સંપ્રદાયના મૂળ પુરુષે સંપ્રદાય ઉત્પન્ન કર્યો હોય તે અનુભવ ઉપર અને તે હેતુ ઉપર દૃષ્ટિ રાખવી જોઈએ; નહિતર ખોટી રુઢિઓમાં ફસાવાનું થશે. ક્રાઈસ્ટે પોતાનો ધર્મ જે હેતુ માટે ફેલાવ્યો, અથવા હજરત મહમદ પેગંબરે જે હેતુ માટે પોતાનો ધર્મ ફેલાવ્યો અથવા બુદ્ધે અને શ્રીકૃષ્ણે જે જ્ઞાન ફેલાવ્યું તે તરફ બરાબર ધ્યાન ન રહે તો લોકો ખોટી રૂઢિમાં ફસાઇ જાય છે અને ધર્મને નામે વાડા બંધાય છે. તેથી સત્ય સમજવાની મુસ્કેલી વધે છે. જેમજેમ વાડા વધતા જાય છે તેમતેમ ખરૂં સત્ય ઢંકાતું જાય છે.

જડભરત રહુગણ રાજાને કહે છે કે જો કોઇ મનુષ્ય માયાની પ્રેરણાથી આવા વાડામાં એકવાર પહોંચી જાય છે તો આ સંસારરૂપી વનમાં ભટકતાં ભટકતાં અન્ત સુધી પોતાના પુરુષાર્થનો તેને પત્તો લાગતો નથી. (૫-૧૩-૧૯) હે રહુગણ! તું પણ આ માર્ગમાં ભટકી રહેલ છે માટે હવે પ્રજાવર્ગને દંડ દેવાનુ છોડી બધા પ્રાણીઓમાં મૈત્રી કરી, વિષયોથી ઉપરત થઈ ભગવત્સેવાથી હાથમાં તીક્ષ્ણ જ્ઞાનરૂપ ખડગ ધારણ કરી આ માર્ગથી પાર થઈ જા. (૫-૧૩-૨૦)

રાજા રહુગણ કહે છે—હવે મને સમજાયું કે બધા જન્મોમાં આ મનુષ્યજન્મ જ પરમ કલ્યાણકારક છે. સ્વર્ગ વગેરે લોકોમાં

દેવો રહે છે તેમના જેવા જીવનથી કાંઈ લાભ નથી. કારણ કે ત્યાં આપ જેવા મહાત્માઓનો સમાગમ મળતો નથી. જેના એક મુહૂર્તના સમાગમથી મારું કુતર્કમૂલક અજ્ઞાન નાશ પામ્યું એવા આપની ચરણરજની સેવા કરવાથી જેનાં સંપૂર્ણ પાપ નાશ પામી જાય છે તેમને ભગવાનની નિર્મળ ભક્તિ પ્રાપ્ત થવી એ કોઈ મુશ્કેલ વાત નથી. બ્રહ્મજ્ઞાની કેવા રૂપમાં રહે છે તેનો કોઈ નિશ્ચય થઈ શકતો નથી. તેથી હું બધા આશ્રમવાસીઓને નમસ્કાર કરું છું. જે બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ પૃથ્વી ઉપર અવધૂતવેષથી વિચરે છે તેનાથી રાજાઓનું કલ્યાણ થાય એમ હું ઇચ્છું છું.

રાજા રહુગણે જડભરતને વંદન કર્યું, પછી જડભરત ઇન્દ્રિયોને વશ કરી પૃથ્વી ઉપર વિચરવા લાગ્યા. અને રાજા રહુગણે પણ તેમના સત્સંગથી પરમાત્મજ્ઞાન પ્રાપ્ત કરી પોતામાં અવિદ્યાથી આરોપેલી દેહાત્મબુદ્ધિને છોડી દીધી. (૫–૧૩–૨૫)

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે પ્રવૃત્તિમાર્ગમાં કરેલાં લૌકિક અને વૈદિક બંને પ્રકારનાં કર્મ જીવને જન્મમરણરૂપ સંસારમાં પાડે છે, (૫–૧૪–૨૩) અને જીવ અપાર ચિંતાના કારણથી ઉદાસ થઈ જાય છે. આ માર્ગમાં સુખદુઃખ, રાગદ્વેષ, ભય, અભિમાન, પ્રમાદ, ઉન્માદ, શોક, મોહ, મદ, ઈર્ષ્યા, અપમાન, ભૂખતરસ, આધિવ્યાધિ, જન્મમરણ વગેરે અનેક પ્રકારનાં વિઘ્ન છે, અને તેમાં પડેલ જનસમુદાય વિવેકહીન થઈ જાય છે. તે વિષયોના ભોગમાં ફસી પોતાના મરણકાળની અવધિને ભૂલી જાય છે."

આવા કારણને લઈને હિંદુધર્મમાં નિવૃત્તિ તરફ લાવવા માટે સમાજમાં વર્ણાશ્રમધર્મની પદ્ધતિ રચવામાં આવેલ છે. તે પ્રમાણે જો બરાબર જીવન ગાળવામાં આવે તો ગૃહસ્થાશ્રમ પછી વાનપ્રસ્થાશ્રમમાં આવવું જોઈએ. વાનપ્રસ્થાશ્રમમાં ભક્તિ માટે સારી નિવૃત્તિ રહે છે અને પોતાનું છેવટનું જીવન સત્સંગમાં ગાળી શકાય છે.

વાનપ્રસ્થ માટે મુખ્ય સાધન બ્રહ્મચર્ય અને સત્સંગ છે. સાચી વસ્તુ માણુસ પોતે શોધી શકે તેવું કરવું હોય તો દરેક માણુસને અમુક કલાક રોજ એકાંતમાં રહેવાની ફરજ પાડવી જોઈએ અને દર ત્રણ મહિને ઓછામાં ઓછા ૭ દિવસ સુધી કુદરતની કોઈ સુંદર જગ્યાએ એકાંતમાં રહેવું જોઈએ. ત્યાં તેને કોઈપણ ન્યુસપેપર દેવું ન જોઈએ અને જાણે કે આખી દુનિયામાં પોતે અને ભગવાન એ બે જ વસ્તુ હોય એવી માન્યતા તેના મગજમાં ઉત્પન્ન કરીને તેને કહેવું કે આ જગ્યાએ તારી અંદર જે બને છે તેનું બારીકાઈથી નિરીક્ષણ કરી તારો આત્મા જાગ્રત કર; તેનો સંબંધ પરમાત્મા સાથે જોડ, પરમાત્માનો સંબંધ જગત સાથે જો અને એ બધાની એકતા કરી કુદરતી નિર્દોષ આનંદ લેતાં શીખ. આવી રીતે ખોટા વિચારને રોકી તેને સારી દિશામાં વાળવાથી ઘણી શક્તિ અને ઘણું જ્ઞાન ઉત્પન્ન થાય છે. જગતમાં જેજે સારી શોધ થયેલ છે તે વિદ્વાન માણુસોએ એકાંતમાં રહીને કરેલ છે. પણુ સમાજે પોતાની ટેવ પ્રમાણે તેમના સારા કામની અસર ઘણીવાર બગાડી દીધી છે.

સંસાર પ્રકૃતિનું પરિણામ છે. પ્રકૃતિનાં કાર્ય કહેતાં નથી કે પોતે શા માટે ઉત્પન્ન થયાં છે. જો તે કાર્ય ઉપર આપણી માન્યતા ન ચડે તો તે કાર્યમાં કાંઈ જોર આવતું નથી. મન પોતાના સ્વભાવ પ્રમાણે જગતને દેખે છે. કર્મનો નિયમ જેમ પ્રબળ છે તેમ કર્મની જાળ પણ પ્રબળ છે. વ્યક્તિના કર્મમાંથી કુટુંબનું કર્મ, ગામનું કર્મ, જ્ઞાતિનું કર્મ, ધર્મનું, પ્રજાનું કે દેશનું કર્મ પણ બંધાય છે. એક કોમના અથવા જ્ઞાતિના લોકો બીજી કોમ કે જ્ઞાતિ કરતાં પોતાને ઊંચા માને છે. બીજી કોમને ખર્ચે અને જોખમે પોતાનો સ્વાર્થ સાધે છે. બીજી કોમના હક્ક છીનવી લે છે અને તેને નીચે રાખવા પ્રયત્ન કરે છે. તેથી કુટુંબ, જ્ઞાતિ, કોમ, ધર્મ કે દેશના સુધારાની ચાવી વ્યક્તિસુધારણામાં રહેલી છે. કોઈ માણુસ આંધળા માણુસની

મશ્કરી કરે તો પોતે આ જન્મમાં અથવા બીજા જન્મમાં અંધાપો નોતરે છે. જે બીજાની દીકરી સાથે ખોટો સંબંધ બાંધે છે તેના પોતાના કુટુંબમાં ખોટા સબંધ ઉત્પન્ન થવા લાગે છે.

રાષ્ટ્રના કર્મના થોડાક નમુના જોઇએ તો બેલજીયમના માણસોએ કેટલાંક વર્ષો પહેલાં આફ્રીકામાં પોતાનો વેપાર વધારવા માટે ત્યાં રહેતા માણસો ઉપર ક્રૂરતા વાપરી હતી. એટલે પ્રારબ્ધયોગે ઇ. સ. ૧૯૧૪–૧૭ ની લડાઇમાં પહેલાં બેલ્જીઅમનાં માણસોનો કચ્ચરઘાણ વળ્યો. અંગ્રેજોએ પોતાના કાપડના વેપારની વૃદ્ધિ માટે ઢાકાના હાથથી વણાતા સુંદર કાપડની કારીગરીનો નાશ કર્યો. તેથી પ્રારબ્ધે તેમના કાપડના વેપાર સામે ચરખો મૂકયો. તેઓએ વેપાર માટે પહેલી કોઠી સુરતમાં નાખી તેથી તેના પ્રારબ્ધ-યોગે પહેલો સત્યાગ્રહ સુરત જીલ્લામાં બારડોલીમાં થયો. તેઓની ધોળી ટોપીની બીક પહેલાં શરૂ થઈ એટલે તેના ફળ તરીકે તેની સામે ધોળી ટોપી આવી. તેઓએ વણિકવિદ્યા શરૂ કરી એટલે તેને ઊખેડવા માટે પ્રારબ્ધે તેમની સામે પોરબંદરના વાણિકને ઉત્પન્ન કર્યો. વળી તેમાં આપણી ભૂલ પણ જોવી જોઇએ; આર્યોએ હિંદુસ્તાનમાં આવી અહીં રહેતા અનાર્યોને શુદ્ર માની તેમને હલકી દશામાં રાખ્યા અને ભણવાનો તેમનો અધિકાર નથી એમ ઠરાવ્યું તેના પરિણામમાં ઘણા માણસો મુસલમાન અને ખ્રીસ્તી થવા લાગ્યા, તેમને પાછા હિંદુ કોમમાં દાખલ થવાની કોઇ બારી રાખેલ ન હોવાથી મુસલમાન અને ખ્રીસ્તીની વસ્તી વધવા લાગી. તેથી આર્યો ઉપર હજારો વર્ષની ગુલામી આવી પડી.

માણસનું જીવન બીજા જીવો કરતાં ઉત્તમ છે. તેનું કારણ એ છે કે તે ધારે તો બીજા માણસને વશ થઇ ન જાય. અને સૌથી મોટી શક્તિના આધારે નિર્ભયતાથી સુખમાં રહી શકે. જે મળવાનું

પ

હોય તેમાં પ્રારબ્ધ સાચું છે; પણ જે મળાવવું હોય તે જોઇતું ન હોય અથવા જે મળેલું હોય તેમાં સંતોષ હોય અથવા જે મળે તેમાં સંતોષ હોય તો તે માણસને માટે પ્રારબ્ધનો કાંઇ અર્થ નથી. અનીતિમાંથી છૂટવું હોય તો સારી ઇચ્છાઓ રાખવી જોઇએ અને ખરાબ ઇચ્છાઓ છોડવી જોઇએ; પણ પ્રારબ્ધમાંથી છૂટવું હોય તો બધી ઈચ્છાઓમાંથી છૂટવું જોઇએ. ભરત રાજાને માત્ર હરણના પાલનની ઇચ્છા રહી ગઇ તેથી હરણનો જન્મ આવ્યો. કર્મકાંડમાં જેને આત્મા કહે છે તે તો મરતો નથી. પણ (કર્મ ભોગવવા માટે) જન્મ લે છે. જ્ઞાનમાર્ગમાં જેને આત્મા કહે છે તે જન્મતો નથી તેમજ મરતો નથી. તેથી જ્ઞાની પુરુષો પહેલા આત્માને જીવ અથવા ચિદાભાસ કહે છે. જીવનો પુનર્જન્મ મુસલમાનની ધર્મમાં અને ખ્રીસ્તી ધર્મમાં માનેલ નથી; પણ કયામતને દિવસે બધા જીવનો એક સાથે હિસાબ થાય છે. તેને હિંદુધર્મમાં નૈમિત્તિક પ્રલય કહે છે. તે વખતે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય છે અને તે વખતના જીવોનો હિસાબ થાય છે. તે ઉપરાંત હિન્દુધર્મમાં તરત પુનર્જન્મ પણ માનેલ છે; તેના પુરાવા તરીકે ત્રણ દાખલા હાલમાં મળી શકે છે. સંવત ૧૯૮૩માં દીલ્હીમાં એક કન્યાનો જન્મ થયો છે. તેનું નામ શાન્તાદેવી છે. તેણે નવ વર્ષની ઉંમરે મથુરા જઇને પોતાના આગલા જન્મના ધણીને અને સગાંને ઓળખી લીધાં છે. આ બનાવ કલ્યાણ માસિકમાં દશમા વર્ષના ૬ઠ્ઠા અંકમાં ૧૧૨૩મે પાને પ્રસિદ્ધ થયેલ છે. અમને થોડા વર્ષ પહેલાં શાન્તાદેવીને રૂબરૂ મળવાનો પ્રસંગ મળ્યો હતો. તે વખતે તેની ઉંમર ૧૪ વર્ષની હતી. તેની આંખમાં ઊંડાણ હતું. અમે તેને પૂછ્યું કે " તમે ગયા જન્મનું શરીર છોડીને આંહી દીલ્હીમાં જન્મ લીધો તે વચમાં થોડો કાળ ગયો હતો તે વખતે તમે શું કર્યું હતું ?" તેના જવાબમાં તેણે કહ્યું કે વચમાં હું ૨ વર્ષ સુધી બ્રહ્મલોકમાં હતી પણ ત્યાંનો કાળ અને ત્યાંનું જીવન આંહી માણસના જીવન સાથે મળતાં આવતાં નથી. ત્યાં બધું જુદા પ્રકારનું હોય છે.

ત્યાં સાધુઓ આવે છે અને જેને જે કામ કરવાનું હોય છે તે માટે ફરીથી જન્મ લેવા માટે આજ્ઞા આપવામાં આવે છે. સામાન્ય જીવ માટે તેમના કર્મ પ્રમાણે જન્મ આપવા માટે બ્રહ્મા યમરાજને કહે છે." વગેરે.

પુનર્જન્મનો બીજો એક પ્રસંગ હાલમાં બનેલો છે. દિલ્હીમાં એક ગૃહસ્થનું કુટુંબ હતું. તેમાં પતિપત્નીને એક પુત્ર અને પુત્રી હતી થોડા વખત પછી પત્ની ગુજરી જતાં તે માણસે બીજી સ્ત્રી કરી. તેને પણ પ્રજા થઇ. પહેલી સ્ત્રીનો પુત્ર મોટો થયો અને તેને પરણાવ્યો તેને તેની સ્ત્રી સાથે સારો પ્રેમ હતો. આ હકીકત ગુજરાતી ભાષામાં "જીગર અને અમી" એ નામના પુસ્તકમાં વિસ્તારથી પ્રસિદ્ધ થયેલ છે. જીગરને ઓરમાન મા હોવાથી તેના બાપે તેના લાભ માટે કાંઇ ટ્રસ્ટ કરવાનો વિચાર કર્યો. તેની ઓરમાન માને આ બાબતની ખબર પડવાથી દ્વેષ આવ્યો અને જીગરને કોઇપણ રીતે મારી નાખવામાં આવે તો પોતાના દીકરાને વધારે લાભ મળે એવા હેતુથી તેણે પ્રપંચ રચ્યો અને એક દિવસ જીગરની પત્ની અમીની સાથે દૂધમાં ઝેર નાખી જીગરને પીવા માટે મોકલ્યું; પણ તે દૂધ અમી પી ગઈ અને જીગરની જીંદગી બચી ગઈ. અમીનો બીજો જન્મ દક્ષિણ હિંદુસ્તાનમાં સાંગલી પાસે એક તાલુકાના જાગીરદારને ત્યાં થયો. તે કુટુંબને પાછળથી મુંબઇ રહેવા આવવાનું થતાં મુંબઈમાં ગીરગામ ઉપર ચંદારામજી સ્કુલમાં તે કન્યા ભણવા લાગી. તેણે ત્યાં અંગ્રેજી પાંચમા ધોરણ સુધી અભ્યાસ કર્યો. પાછળથી જીગરે ઘર છોડયું અને ગુપ્ત રહેવાની ખાતર તે જૈન ધર્મના સાધુ થયા. તેમાં તેમણે ૧૪ વર્ષ ગાળ્યાં અને ઉપદેશ આપતા અને ફરતા તેમના ગુરુની સાથે અને બીજા સાધુઓની મંડળી સાથે તે સુરતમાં આવ્યા. આ વખતે અમી કે જેનું નામ નવા જન્મમાં પુષ્પકાન્તા હતું તે કોઇ સગાને મળવા સુરત આવી. ઉપરના સાધુઓનો વરઘોડો સુરતમાં ગોપીપુરામાં

થઈ મોટા ચૌટા તરફ જવા લાગ્યો. તે વખતે બૈરાંઓની મેદની વચ્ચે એક ઓટલા ઉપર ૧૪ વર્ષની એ પુષ્પકાંતા તે વરઘોડો જોવા ઊભી હતી. તેણે જીગરને જોયા અને તે બેભાન થઈ પડી ગઈ. તેને તેનો પાછલો જન્મ યાદ આવ્યો. મૂર્ચ્છા ઊતરી ગયા પછી તેણે એક પત્ર જીગરને લખ્યો, તેમાં એમ લખેલું હતું કે તમારી આ દશા શા માટે થઈ? તમે જૈન સાધુ શા માટે બની ગયા છો? શું તમે ભૂલી ગયા? પણ મેં તમને ઓળખી લીધા છે. તમારી ઓરમાન મા ક્યાં છે? તમે મને ઓળખી? જેને તમે 'અમી' કહીને બોલાવતા હતા તે હું છું, યાદ આવે છે? ઝેર મેળવેલું દૂધ પીને મૃત્યુ પામી હતી. તે ભીમ અગ્યારસનો દિવસ હતો. તમે મને એકવાર મળો તો મારે મારા હૃદયનો ખુલાસો કરવો છે. આ કાગળ તેણે જીગરને મોકલ્યો. પછી બંને સુરતમાં નદીકિનારે મળ્યાં છે. વાતચીત ઉપરથી જીગરને ખાત્રી થઈ કે તે તેની નાની ઉંમરની સ્ત્રી અમી હતી અમી હાલમાં ગુજરી ગઈ છે પણ જીગર હજુ જીવે છે અને અમદાવાદમાં ઘણા માણસો તેને ઓળખે છે.

પુનર્જન્મનો એક ત્રીજો પ્રસંગ પણ અમારા અનુભવમાં આવ્યો હતો. ઈ. સ. ૧૯૪૨માં પ્રયાગમાં કુંભનો મેળો ભરાયો હતો. તે વખતે રામદેવી નામની એક ૧૨ વર્ષની કન્યાએ ભાષણો આપી ઘણા માણસોનું ધ્યાન ખેચ્યું હતું. તેની આંખમાં તેજ હતું, ઊંડાણ હતું, બુદ્ધિ પણ સારી હતી. જાણે કે કોઈ મોટી ઉંમરનો વિદ્વાન માણસ ભાષણ આપતો હોય તેમ ઉભાં ઉભાં ૧ાા કલાક સુધી ભાષણ આપતી હતી. તેને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન હતું. તેણે પોતાના પૂર્વજન્મનાં માબાપ શોધી કાઢેલ છે. અને તેણે પૂર્વજન્મની જે હકીકત કહી તે સાચી છે એમ તેના પૂર્વજન્મના માબાપ અને ભાઈ કહે છે. અમને રામદેવીની વ્યાખ્યાનશક્તિનો પરિચય કુંભના મેળામાં થયો હતો.

ઈ. સ. ૧૯૨૬ ના ફેબ્રુઆરીમાં એક આઠ વર્ષનો બાળક બિમાર પડયો અને તેની માંદગી વધી જવાથી આઠ દિવસમાં તેની છેલ્લી ઘડી આવી. અમે તેને પૂછ્યું કે " તારે કાંઇ કહેવું છે?" ત્યારે તેણે જવાબ આપ્યો કે " બસ, હવે બસ જીવન બધું એવું છે, બાંધવાનું છે તે બાંધી લ્યો. જુઓ ઊંચે, ઊંચી ડાળી એક છે." આવો જવાબ તેના પૂર્વજન્મના સંસ્કાર બતાવે છે. આવી નાની ઉંમરમાં પણ સારૂં જ્ઞાન જોવામાં આવે છે. અને મોટી ઉંમરના ઘણા માણસોમાં બહુ અજ્ઞાન જોવ માં આવે છે; તેથી ઉંમર પ્રમાણે જ્ઞાન માનવાનું નથી. સાચું જ્ઞાન કાળથી અતીત વસ્તુ છે. ખોટું જ્ઞાન સ્થાનધર્મ પ્રમાણે ફરે છે. પ્રારબ્ધ એટલે અજ્ઞાન, અશકિત અને ભેદબુદ્ધિ. પુરૂષાર્થ એટલે વર્તમાન કાળમાં જ્ઞાન, શકિત અને પ્રેમ-બુદ્ધિ વધારીએ તો અજ્ઞાન, અશક્તિ અને ભેદભાવ દૂર થાય છે. ભરતરાજામાં ભેદબુદ્ધિ અને હરણમાં આસકિત રહી ગઈ હતી, તેથી, તેને હરણનો જન્મ આવ્યો. તે પછી જડભરતના (છેલ્લા) દેહમાં તેને અદ્વૈત જ્ઞાનમાં નિષ્ઠા થઇ હતી.

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે, સંસારના માર્ગમાં ભટકવાવાળો જનસમુદાય ઘણા પ્રકારના કલેશ અને વિઘ્નોથી પીડા પામીને ભગવાનની માયાથી બંધાઈ શોક, મોહ અને ભયને વશીભૂત થાય છે. તેમાં ભગવદ્ભક્તો સિવાય બીજા કોઈ પરમાત્મા સુધી પહોંચી શકતા નથી. જે માર્ગમાં સંયમી અને વૈરાગ્યવાન મુનિજન પ્રવૃત્ત થાય છે તેમાં સાધારણ માણસ ચાલી શકતા નથી. (૫–૧૪–૩૯) આ પ્રકારે ભવાટવીનો અર્થ બરાબર સ્પષ્ટ કરીને ભરતચરિત્રનો ઉપસંહાર કરતાં શુકદેવજી કહે છે કે જેમ ગરુડની સાથે માખી હરિફાઇ કરી શકતી નથી તેમ રાજર્ષિ ભરતના માર્ગનું કોઇ રાજા મનથી પણ અનુસરણ કરી શકતા નથી. તેમણે શ્રીહરિની પ્રાપ્તિ માટે જુવાન અવસ્થામાં સ્ત્રી પુત્ર મિત્ર અને રાજ્યને વિષ્ટા સમાન માની તેનો ત્યાગ કર્યો હતો.

અહીં સુધીની કથા પછી શ્રીમદ્ભાગવતમાં ભરતના વંશનું વર્ણન આવે છે અને ભુવનકોષનું વર્ણન આવે છે. તેમાં નવી જાતની ખગોળવિદ્યા અને ભૂગોળવિદ્યા આવે છે. એ પ્રસંગ શ્રીમદ્ભાગવતમાં અઘરામાં અઘરો છે. એ કથા પાંચમા સ્કંધના ૧૫ મા અધ્યાયથી ૨૫ મા અધ્યાય સુધી આવે છે.

છવીસમા અધ્યાયમાં પરીક્ષિત રાજા શુકદેવજીને એવો પ્રશ્ન પૂછે છે કે લોકોને જે ગતિ પ્રાપ્ત થાય છે તેમાં ઉચ્ચ અને નીચ ગતિવાળી ભિન્નતા કેમ જણાય છે ? તેના જવાબમાં શુકદેવજી કહે છે કે કર્મ કરવાવાળા પુરુષ સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણોથી યુક્ત રહે છે તેથી તેમની શ્રદ્ધા પણ ત્રણ પ્રકારની હોય છે અને તેમની ગતિ પણ અનેક પ્રકારની હોય છે. જેઓ નિષિદ્ધ કર્મ કરીને નરકમાં જાય છે તેમની ગતિ પણ અનેક પ્રકારની હોય છે. કોઇ કહે છે કે નરકના ૨૧ પ્રકાર છે, કોઇ ૨૮ પ્રકાર માને છે, જે પુરુષો બીજાનાં ધન, સન્તાન અને સ્ત્રીઓનું હરણ કરે છે તે તામિસ્ર નરકમાં પડે છે. જે પુરુષ આ લોકમાં " શરીર હું છું અને આ ધન અને સ્ત્રી મારાં છે એવી બુદ્ધિથી બીજા પ્રાણીઓનો દ્રોહ કરે છે અને માત્ર કુટુંબના પાલનપોષણમાં જ લાગી રહે છે તે શરીર છોડી પોતાના પાપના કારણે રૌરવ નરકમાં પડે છે.

આવી સ્થિતિ હોવાથી દરેક માણસે પરોપકારનાં કાર્ય કરતા રહેવું જોઇએ. આ પ્રમાણે શુકદેવજી અનેક પ્રકારનાં નરક અને તેમાં પડતાં દુઃખનું વર્ણન પાંચમા સ્કંધના ૨૬ મા અધ્યાયમાં આપે છે. હાલના કાળનું જીવન એવા પ્રકારનું થઈ ગયું છે કે કોઇક જ એવી દશામાંથી બચી શકે છે. અધર્મપરાયણ જીવ એવી હલકી યોનિઓમાં પોતાના કર્મને અનુસાર જાય છે. વળી ઉચ્ચ કોટીના જીવોને જન્મ લેવા માટે અનુકૂળ શરીર મળવું એ હાલની સ્થિતિએ બહુ કઠણ છે; કેમ કે શારીરિક, હાર્દિક અને માનસિક શુદ્ધિ અને સંસ્કારવાળાં

માબાપ મળવાં બહુ કઠણ છે. સારા સંજોગોમાં સારા જીવ જન્મ લે અને માઠા સંજોગોમાં પશ્ચાત કોટીના જીવ જન્મ લે, એ સામાન્ય નિયમ છે.

ભગવાનથી જે વિમુખ હોય અને કર્મમાં કર્તાપણું જેને વળગ્યું હોય તેને કર્મનો નિયમ લાગુ પડે છે; પણ જે માણસ ભગવાનની સંમુખ થયો હોય અને જે ભક્તિ કરતો હોય તે કર્મનું બંધન તોડી શકે છે. એવા માણસને પ્રભુની કૃપા મળે છે.

પ્રારબ્ધ કોઈ બનાવમાં નથી, માણસમાં નથી, સંબંધમાં નથી પણ માણસની જરૂરીઆતથી ઉત્પન્ન થયેલ સંબંધ સાચો માનવાથી ઉત્પન્ન થાય છે, તેમાં રસ લેવાથી તે મજબૂત થાય છે અને સંજોગો જીતી શકાતા નથી. સંજોગોને આધીન રહેવાથી જીવનનો ખરો લાભ મળતો નથી. માણસ એ પત્થર નથી.

સંજોગો જીતવામાં અને પોતાના અંતરાત્માની શક્તિ ઓળખવામાં પુરુષાર્થ છે. સંજોગો જીતવામાં પહેલાં દુઃખ લાગે છે, પોતે સાચે રસ્તે છે કે નહિ તેની શંકા થાય છે, વિઘ્નો નડે છે, મન મુંઝાય છે, હૃદય કંપે છે અને થાક લાગે છે. છતાં કુશળ પુરુષો હિંમતથી આગળ વધે છે. તેમાં ખાસ ઉપાય એ છે કે વિષયો અને વાસનાઓ આપણને દબાવી શકે તેવાં છે એ વાત માનવી જોઇએ નહિ. અને પછી ભગવાનની શક્તિનો શ્રદ્ધાથી આશ્રય લેવો જોઇએ. વિશેષ બળવાળી સત્તા આગળ પરિણામ ફરી જાય છે.

વિષયો અને વિષયોની ઇચ્છાને એવા પ્રકારનો સંબંધ છે કે ઇચ્છા વિના વિષયો આકર્ષણ કરતા નથી; પણ વિષયો છોડયા વિના વિષયની ઇચ્છા છૂટતી નથી. વળી વિષયો ન હોય તો યે આત્મજ્ઞાન ન હોય ત્યાંસુધી સામાન્ય માણસ ગમે ત્યાંથી વિષયની વસ્તુઓ ભેગી કરી લે છે. જ્યાંસુધી દેહને આત્મા માનવામાં આવે છે ત્યાંસુધી દેહના સુખને આત્માનું સુખ માનવામાં આવે છે.

પણ જેઓએ આત્માને માર્ગે ચડવું હોય તેમણે ઇચ્છાઓ અને વાસનાઓ પ્રત્યે અસંગતા અને ગંભીરતા રાખવી. તેમણે એમ માનવું કે તે આપણું રૂપ નથી. આપણા આત્માની અનુમતિ વગર ઇચ્છામાં કાંઇ બળ આવતું નથી. બધું જીવન વિધાતાને આધીન નથી, બધું જીવન પ્રારબ્ધને આધીન નથી. સંસારમાં રહીને પ્રારબ્ધ જીતવું મુશ્કેલ પડે છે. તેનું ખરૂં કારણ એ છે કે સંસારમાં સંસારના ધર્મ સાચા માનીને વર્તવું પડે છે. તેથી તેમાં પોતાનું ચૈતન્ય વાપરવાનો અવકાશ બહુ થોડો રહે છે અને પોતાના કરતાં જેઓમાં ઓછું જ્ઞાન હોય તેવા માણસોની મરજી પ્રમાણે ઘણીવાર વર્તવું પડે છે. છતાં સંસારમાં પણ આત્માનો અનુભવ રહી શકે અને પોતાના ચૈતન્યનું સતત ભાન રહે તો તે માણસ જગતમાં વૈકુંઠનો અનુભવ કરી શકે છે. તેમાં મુખ્ય સાધન સમતા છે. ગમે તેવા સંજોગો ઉત્પન્ન થાય તો પણ પોતાના સ્વભાવમાં ખોટી ઇચ્છા કે ખોટી બીક ઉત્પન્ન થવા દેવા જોઇએ નહિ.

માત્ર બધો વખત ધન કમાવામાં ગાળવાથી સારા વિચાર માટે ફુરસદ રહેશે નહિ અને જીવન સુધરશે નહિ. ધન, વૈભવ, સ્ત્રી, પુત્ર વગેરે અનિત્ય વસ્તુઓ મળવાથી માણસ ભાગ્યશાળી થતા નથી, જેને માથે મરણની બીક છે તે ભાગ્યશાળી શાનો? જેમ ભૂખથી મુક્તિ જોઇએ તેમ ઇચ્છા અને બીકથી પણ મુક્તિ મળવી જોઇએ. તેથી જુની અને ખોટી માન્યતા ઉપર શંકા લાવવી જોઇએ અને બની શકે તો જડભરતની માફક માણસોના સંગથી અસંગ પણ રહેવું જોઇએ. મોક્ષમાર્ગમાં અસંગપણું એ એક સારૂં સાધન છે.



પ્રકરણ ૫

નવા પ્રકારની ભૂગોળવિદ્યા

પાંચમા સ્કંધમાં આપવામાં આવેલી ભૂગોળવિદ્યામાં ઘણું અધ્યાત્મ રહસ્ય રહેલું છે. તેનો બરાબર અર્થ કરવામાં વિદ્વાનોની બુદ્ધિ પણ થાકી જાય છે. તેમાં શેરડીનો સમુદ્ર, મદિરાનો સમુદ્ર, ઘી અને દૂધનો સમુદ્ર વગેરેની એવી વાતો આવે છે કે શ્રીમદ્ભાગવતમાં આ પ્રસંગ બહુ અઘરો માનવામાં આવે છે. જ્યારે "કલ્યાણ" માસિકના તંત્રીએ શ્રીમદ્ભાગવતનો મોટો અંક પ્રસિદ્ધ કરવાની ઇચ્છા કરી ત્યારે આ વિષય ઉપર કોઈ સ્પષ્ટ ખુલાસો કરી આપે તો ઠીક એવી સૂચના છપાવી હતી પણ કોઇએ બરાબર ખુલાસો કરેલ હોય એવું જાણવામાં આવેલ નથી.

આ ભૂગોળની શરૂઆત નીચે પ્રમાણે એક પ્રસંગથી ઉત્પન્ન થાય છે. એક વાર પ્રિયવ્રત રાજાને એવી ઈચ્છા થઇ કે જ્યારે ભગવાન સૂર્ય સુમેરુ પર્વતની પરિક્રમા કરે છે ત્યારે અરધી પૃથ્વીમાં તેમનાં કિરણોથી પ્રકાશ ફેલાઇ જાય છે અને અંરધા ભાગમાં પૃથ્વી ઉપર અંધારૂં રહે છે તે ઠીક નથી. તેથી હું રાત્રિને પણ દિવસરૂપે કરી નાખું એવા વિચારથી પ્રિયવ્રત રાજાએ એક તેજસ્વી રથમાં ચઢીને સૂર્યની પાછળપાછળ સાત પરિક્રમા કરી. (૫–૧–૩૦). તે વખતે તેના રથના પૈડાથી જે ખાડા પડી ગયા તેમાંથી સાત સમુદ્ર થયા અને તેની અસરથી પૃથ્વીમાં ૭ દ્વીપ થઈ ગયા. (૫–૧–૩૧)

ઉપરની બાબતમાં સ્થૂળ દૃષ્ટિથી વિચાર કરીએ તો જણાય છે કે:—

૧. રાત્રિમાંથી દિવસ હજુ થયેલ નથી અને આજે પણ પૃથ્વી ઉપર અરધા ભાગમાં (વારા ફરતી) રાત્રિ રહેલ છે.

૨. સૂર્ય ફરે છે એમ આપણે પૃથ્વી ઉપર રહીને કહી શકીએ છીએ પણ પૃથ્વીથી અલગ રહીને જોઇ શકીએ તો પૃથ્વી સૂર્યની આસપાસ ફરતી હોય તેવું લાગશે.

૩. પ્રિયવ્રત રાજાના રથના પૈડાથી સમુદ્ર જેવા ખાડા પડી જાય એવી વાત સાધારણ બુદ્ધિના માણસો માની શકે તેવું નથી.

જે દ્વીપ અને જે સમુદ્ર થયા તેનું વર્ણન નીચે પ્રમાણે શ્રીમદ્ભાગવતમાં આપવામાં આવેલ છે.

૧. જંબુદ્વીપ	તેની	આસપાસ	ખારો સમુદ્ર
૨. પ્લક્ષદ્વીપ	,,	,,	શેરડીનો સમુદ્ર
૩. શાલ્મલદ્વીપ	,,	,,	મદિરાનો સમુદ્ર
૪. કુશદ્વીપ	,,	,,	ઘીનો સમુદ્ર
૫. ક્રૌંચદ્વીપ	,,	,,	દૂધનો સમુદ્ર
૬. શાકદ્વીપ	,,	,,	દહીંનો સમુદ્ર
૭. પુષ્કરદ્વીપ	,,	,,	સ્વાદિષ્ટ જળનો સમુદ્ર

ઉપરના વર્ણનમાં શરૂઆત ખારા સમુદ્રથી થાય છે અને છેવટે સ્વાદિષ્ટ જળના સમુદ્રની વાત આવે છે. આઠમા સ્કંધમાં જ્યાં સમુદ્રમન્થનની વાત આવે છે, ત્યાં પણ પહેલાં સમુદ્રમાંથી ઝેર નીકળે છે અને છેવટે અમૃત નીકળે છે. તેથી આ ભૂગોળ જે સાધારણ નિશાળોમાં શીખવવામાં આવે છે તેવી નથી પણ સમાધિભાષામાં (અધ્યાત્મભાવે) તેનો અર્થ કરીએ તો તે બાબત કેટલુંક રહસ્ય સમજી શકાય છે. અધ્યાત્મ માર્ગમાં જેઓ પ્રવેશ કરે છે તેમને પણ પહેલાં ખારો અનુભવ થાય છે અને પાછળથી મીઠો અનુભવ થાય છે.

ઉપર જે સાત દ્વીપનાં નામ આપવામાં આવેલ છે તે બધાંનાં નામ સાત જાતનાં ઝાડ ઉપરથી પડેલ છે. જેમકે જંબુદ્વીપ એ જાંબુના ઝાડ ઉપરથી, પ્લક્ષદ્વીપ એ પીપરના ઝાડ ઉપરથી વિગેરે.

દરેક દ્વીપમાં એક મુખ્ય ઝાડ હતું તે ઉપરથી નામ પડેલ છે. ગીતામાં ૧૫ મા અધ્યાયમાં પણ આ સંસારને ઝાડની સાથે સરખાવેલ છે. તેથી એ સાત દ્વીપને ૭ પ્રકારના સંસાર સાથે સરખાવી શકાય છે. દરેક સંસારની આસપાસ અમુક જાતનો રસ રહેલો હોય છે. તેથી શેરડીનો સમુદ્ર કે દૂધનો સમુદ્ર એમ બરાબર માનવું નહિ, પણ જે જાતનો સમુદ્ર, એવી જાતનો રસ અથવા એવી જાતનું સુખ એ દ્વીપના સંસારમાં રહેલું છે એમ માનવું.

જો કર્મ દૃષ્ટિથી જોઈએ તો કર્મ પ્રમાણે બધાંને ફળ મળે છે અને કર્મ અનેક પ્રકારનાં હોવાથી તેનાં ફળ ભોગવવા માટે અનેક લોક હોવા જોઈએ. તેથી ૭ ઉપરના લોક અને ૭ નીચેના લોકની કલ્પના શાસ્ત્રોમાં કરેલી છે.

અને જ્ઞાનદૃષ્ટિથી જોઈએ તો જ્ઞાનની ૭ ચડતી ભૂમિકાનાં નામ આ પ્રમાણે છેઃ—શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંક્તિ, પદાર્થાભાવિની અને તુરીયા. એ ભૂમિકાના રૂપમાં પણ ઉપરના સાત દ્વીપ સમજાવી શકાય છે.

સદ્ગત સાક્ષર શ્રી મણિલાલ ન. દ્વિવેદી પોતાના સિદ્ધાંતસારના પુસ્તકમાં લખે છે કે "પુરાણમાં જે સ્થૂલ અતિશયોક્તિ અને રૂપક રચ્યાં છે તે જાણી જોઈને જ તે રૂપે રચ્યાં છે કે જેથી કરીને તે તે વાતના અસંભવિતપણાના ઉપરથી બુદ્ધિમાન માણસો તેને અક્ષરશઃ સત્ય ન માનતાં તરત તેમનું રહસ્ય વિચારવા તરફ વળે અને તેને પરમાર્થરૂપે સત્ય સમજી ન જાય. બધા માણસો બુદ્ધિમાન હોતા નથી અને હોય નહિ. તેમાં પણ વિશેષ કરીને પુરાણના કાળની અવ્યવસ્થાના સમયમાં તો થોડાક જ હશે; એટલે કે જેમ એક બાજુથી સંસ્કારવાન માણસને માટે પુરાણોની અસંગત ભવ્ય કલ્પનાઓમાં પણ સત્ય માર્ગ સૂચવી દીધો છે તેમ એ જ અસંગતિવાળા રૂપક વગેરેથી પ્રાકૃત લોકોની બુદ્ધિને ભક્તિભાવવાળી બનાવી તેમને

ધર્મભ્રષ્ટ થતાં અટકાવવાની સબળ શૃંખલા બાંધી દીધી છે. આ પ્રમાણે જોતાં પુરાણ રચનારની સ્વાર્થપરાયણતા કરતાં નિઃસીમ પરમાર્થતા સમજાય છે.××××× જો એ જ પુરાણો વચમાં આવ્યાં ન હોત તો આપણે અધમતાને પામ્યા હોત.”

આ ખુલાસો કરવાનું કારણ એ છે કે જ્યારે હાઇસ્કુલ અને કોલેજમાં ભણેલા જુવાનો શ્રીમદ્ભાગવતની કથા સાંભળવા બેસે છે ત્યારે પાંચમા સ્કંધની આ ભૂગોળ સાંભળીને નાસ્તિક બની જાય છે અને આખા ભાગવત ઉપર તેઓ શંકાની દૃષ્ટિથી જુએ છે.

પ્રિયવ્રત રાજાના રથના પૈડાથી પૃથ્વીમાં ૭ ખાડા પડી ગયા. તે રથ જ્યોતિર્મય હતો. (૫–૧–૩૦) હાલના સાયન્સથી પણ એવું સિદ્ધ થયેલ છે કે જ્યોતિ એટલે તેજ–રૂપ પદાર્થ ઘણી જગ્યાએ વળી જાય છે અને તેથી ત્યાં તેજ પણ વળી જાય છે. Course of a ray of light depends defniitely upon the Geometry of the space through which it moves.

દૃષ્ટાંત તરીકે મુંબઈથી કોઈ બનાવ રેડીઓમાં બ્રોડકાસ્ટ થાય અને આપણા ઘર ઉપર વીજળીનો તાર ગોઠવ્યો હોય અને તેમાં વીજળીનું તેજ પસાર કર્યું હોય તો ત્યાં જગ્યા પણ વાંકી થઈ જાય છે અને તેજ પણ વાંકુ થઇ જાય છે અને આકાશમાં રહેલા તેજમય શબ્દો આપણા ઘરના રેડીઓમાં ચાલ્યા આવે છે. આવી રીતે જ્યાં જ્યાં જ્યોતિ અથવા તેજ હોય ત્યાં પૈડા જેવું Curvature હોય છે અને તેથી ખાડા જેવું થઇ જાય છે.

વળી આ ભૂગોળ ભગવાનનું સગુણ સ્વરૂપ જાણવામાં ઉપયોગી છે એ બાબત શ્લોક ૫–૧૬–૩ અને ૫–૨૬–૩ માં સ્પષ્ટ કરેલી છે.

પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે (૫–૧૬–૨) આપે જે સાત સમુદ્ર અને સાત દ્વીપની વાત કહી તે બધાનું પરિણામ અને

લક્ષણ સહિત હું પૂરેપૂરૂં વિવરણ જાણવા માગું છું; કારણ કે જો ભગવાનના સ્થૂલ રૂપમાં ચિત્ત લાગે તો પછી નિર્ગુણ અને અત્યન્ત સૂક્ષ્મ સ્વરૂપમાં પણ ચિત્ત લાગી શકે છે.

શુકદેવજી જવાબમાં કહે છે કે કોઇ પણ પુરુષને દેવોના જેટલું આયુષ્ય મળે તો પણ તે શ્રી ભગવાનની માયાના ગુણનો અંત મનથી જાણવામાં અથવા વાણીથી વર્ણન કરવામાં સમર્થ નથી. તેથી હું મુખ્ય મુખ્ય નામ, રૂપ, પરિણામ અને લક્ષણોની વ્યાખ્યા કરૂં છું.

પહેલો જે જંબુદ્વીપ છે તેના નવ ખંડ છે. તેમાં ૮ ખંડમાં દેવો રહે છે. અને નવમો ભારતવર્ષ છે. તે કર્મભૂમિનું ક્ષેત્ર છે. જંબુદ્વીપ એક લાખ યોજન મોટો છે. અહીં યોજન એટલે કેટલું અંતર ગણવું તે બાબત આપેલી નથી. તેની વચમાં ઇલાવૃત ખંડ છે અને તે ખંડમાં સોનાનો મેરુ પર્વત છે. તે પણ એક લાખ યોજન ઊંચો છે. ઇલાવૃત ખંડમાં જે પુરુષ જાય તે સ્ત્રી થઇ જાય છે. આંહી ઇલા-આવૃત એ આવરણ કરનાર માયાનું તત્ત્વ સૂચવે છે. ત્યાં પુરુષને પ્રકૃતિના ધર્મોનો અધ્યાસ થાય છે. તેથી તે પ્રકૃતિ જેવો એટલે સ્રીરૂપ થઈ જાય છે એમ સમજવાનું છે. ઇલાવૃત ખંડની આસપાસ ૮ પર્વત છે. તે આઠ પ્રકારની પ્રકૃતિ સમજવાની છે. એટલે પાંચ ભૂત, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પર્વત સમજવાના છે. તેનાથી આવરણ થાય છે.

મેરુ પર્વતની ચાર દિશામાં ચાર પર્વત આવેલા છે. તે દરેક ઉપર એક એક ઝાડ છે. એ ઝાડ ધજા જેવાં લાગે છે. તેમાંથી ૪ પ્રકારના રસની ૪ ધારા નીકળે છે. એ રસ જે પીએ તેને યોગનું ઐશ્વર્ય મળે છે. તેથી આંહી ચાર ઝાડ એ ચાર પ્રકારના યોગ (હઠયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ) સમજવાના છે. એક મંદર પર્વતના ઝાડ ઉપરથી પર્વતના શિખર જેવડી કેરીઓ પડે છે તેમાંથી જે મધુર લાલ રસ નીકળે છે તેમાંથી અરુ-

ણોદા નામની નદી બને છે. અરુણોદા એ આત્મસાક્ષાત્કારમાં શરૂઆતનો અનુભવ છે અને તે ઇલાવૃતને ભીંજવે છે. એટલે આવરણ દૂર કરે છે. બીજા મેરુ મંદર પર્વત ઉપર જાંબુનું ઝાડ છે. તેમાંથી હાથીના શરીર જેવડાં અને નાના ઠળીઆવાળાં ફળ પડે છે. તે નીચે પડતાં ફાટી જાય છે, તેના રસમાંથી જંબુ નદી થાય છે. તે જ્યારે ઇલાવૃતમાં પહોંચે છે, ત્યારે તેના રસથી તે ખંડની માટી પાકી થઇને સોનારૂપે થઈ જાય છે. આંહી માટી એટલે શરીર સમજવાનું છે. કોઈ યોગથી શરીરના પરમાણુ એવા દૃઢ થઇ જાય છે કે શરીરનું આયુષ્ય વધે છે. બીજા એ પર્વતો ઉપરથી પણ એવા નવા રસ નીકળે છે, અને યોગીના યોગક્ષેમ તેનાથી ચાલે છે એમ અર્થ સહજ નીકળે છે. એટલું જંબુદ્વીપના એક ખંડનું વર્ણન થયું. બાકીના ૮ ખંડ દેવોનાં (બાકી રહેલાં પુણ્ય ભોગવવાનાં) સ્થાન છે (૫–૧૭–૧૨) તે ખંડોમાં માત્ર ત્રેતાયુગ છે અને ત્યાં રહેનારનું આયુષ્ય દશ હજાર વર્ષનું હોય છે.

ઉપર કહેલ છેલ્લી વાતમાં ખંડ પ્રમાણે કાળ ફરે છે એમ બતાવેલું છે તે વાત હાલ સાપેક્ષવાદના સાયન્સ Theory of Relativityથી પણ સિદ્ધ થાય છે. વળી જાગ્રતનો કાળ સ્વપ્નમાં રહેતો નથી અને સ્વપ્નનો કાળ જાગ્રતમાં રહેતો નથી. હિંદુસ્તાનમાં રવિવારે સાંજે કોંગ્રેસના ઠરાવ થાય તે ઈંગ્લાંડમાં રવિવારે બપોરે રેડીઓથી પહોંચી જાય છે. કોઇ સ્ટીમર મુંબઇથી લંડન જાય ત્યારે રોજ સ્ટીમરમાં રહેલ ઘાડીઆળોનો વખત ફેરવવો પડે છે. એટલે કે જે જગ્યાએ સ્ટીમર હોય તે જગ્યાનો વખત મૂકવો પડે છે. મુંબઇમાં મુંબઇનો ટાઇમ ચાલે છે અને કલકત્તામાં કલકત્તાનો ટાઇમ ચાલે છે. હાલનું સાયન્સ વળી એમ પણ કહે છે કે દરેક બનાવની સાથે અથવા દરેક પ્રસંગની સાથે દેશ–કાળ ઉત્પન્ન થાય છે. આપણે માત્ર એકપ્રકારના દેશ–કાળની જાળમાં ફરતા હોઈએ તેવું ભૂલથી લાગે છે. જેમ કોઇ મચ્છીમાર

હોય, તે દરીઆમાં માછલાં પકડવા જાળ નાખે ત્યારે જેવાં માછલાં તેની જાળમાં આવે તેવાં દરીઆમાં હોય તેવું તે માની બેસે છે; પણ એ જાળનો સ્વભાવ છે. એ દરીઆની અંદર રહેલ માછલાંનો સ્વભાવ નથી. તેવી જ રીતે આપણે જે જગત જોઈએ છીએ તે આપણી દૃષ્ટિનો સ્વભાવ છે પણ તે જગતનો સ્વભાવ નથી.

સ્વપ્નમાં કોઈએ ૮૦ વર્ષનો માણસ જાયો અને તેને ૮૦ વર્ષ થયાં છે એમ તેણે માની લીધું. જાગ્રત થતાં ખબર પડી કે તે માન્યતામાં ભૂલ હતી. જાગ્રતમાં પણ કોઈ કહે છે કે કુકડા બોલે છે ત્યારે સવાર પડે છે. કોઈ કહે છે કે સૂર્ય ઊગે છે ત્યારે સવાર પડે છે, અને કોઈ કહે છે કે જાગીએ ત્યારે સવાર પડે છે, કોઈ માણસ આખી રાત જાગ્યો હોય અને સૂતો ન હોય તો તે જાગ્યો એમ પણ કહેવાય નહિ. રાત્રે રેલ્વેટ્રેઈનના ડ્રાઈવર ૨ થી ૭ વાગ્યા સુધી ટ્રેન ચલાવતા હોય તેમની સવાર ક્યારે પડે છે તે કહી શકાય નહી. તેથી હાલમાં જગતને નીચે પ્રમાણે ચાર પરિણામવાળું માનવામાં આવે છે.

૧. આગળ–પાછળ.

૨. ઉપર–નીચે.

૩. જમણું–ડાબું.

૪. વહેલું–મોડું.

અને જેમ આગળ–પાછળનું કદ ફરી જાય છે, તેમ વહેલું–મોડું પણ ફરી જાય છે. ટ્રેઈનમાં મુંબઈ જાય તે કરતાં વિમાનમાં મુંબઈ જાય તે વહેલો પહોંચે છે. અને ગાડામાં જાય તો મોડો પહોંચે છે. દરેક પ્રસંગ પ્રમાણે કાળ ફરે છે. તેનો એક દૃષ્ટાંત નીચે પ્રમાણે માંડૂક્ય ઉપનિષદ્‌ની કારિકામાં શંકરાચાર્યના ભાષ્યમાં આપવામાં આવેલ છે.

એક માણસ કોઇ ગવલી વાડમાં દૂધ લેવા ગયો ત્યારે દૂધવાળાએ તેને કહ્યું તું આંહી બેસ, એટલી વારમાં હું ગાય દોહી આપું છું, તે માણસે કહ્યું કે તું ગાય દોહી લે ત્યાંસુધી હું આંહી બેઠો છું. આ બન્ને પ્રસંગમાં નવો કાળ ઉત્પન્ન થાય છે. કારણકે ગાય દૂધ વધારે આપે તો વધારે વખત લાગે અથવા દોનાર ધીરો હોય કે ઉતાવળો હોય, અથવા ત્યાં આવનાર માણસ થોડીવાર બહાર બીડી પીવા જાય તો કાળનો નિયમ રહે નહિ. તેથી કાળ એ એક કલ્પિત વસ્તુ છે. તેથી આપણી ઘડીઆળને Time–Piece કહે છે.

ઇલાવૃત ખંડમાં ભગવાન શંકર એક જ પુરુષ છે. બીજો કોઇ ત્યાં પ્રવેશ કરે તો સ્ત્રી (પ્રકૃતિ) થઇ જાય છે. આ ઉપરથી પણ સમજાશે કે આ ભૂગોળ હાઇસ્કુલ અને કોલેજના કામની નથી. એ નિશાળો તો રોટલી મેળવવા માટે છે. તેમાં ભણતા વિદ્યાર્થી પરીક્ષાર્થી હોય છે, વિદ્યાર્થી હોતા નથી.

પાંચમા સ્કંધમાં એમ જણાવેલું છે કે જંબુદ્વીપમાં નવ ખંડ છે, તેમાં નીચે પ્રમાણે ઉપાસક દેવ અને ઉપાસ્ય દેવ પણ છે.

ખંડ	ઉપાસક દેવ	ઉપાસ્ય દેવ
૧. ઇલાવૃત	શંકર	મહાપુરુષ ભગવાન
૨. ભદ્રાશ્વ	ભદ્રાશ્વ	હયગ્રીવ
૩. હરિવર્ષ	પ્રહ્લાદ	નરસિંહ
૪. કેતુમાલ	કામદેવ	હૃષીકેશ
૫. રમ્યક ખંડ	મનુ	મત્સ્યાવતાર
૬. હિરણ્ય ખંડ	અર્યમા	કચ્છપાવતાર
૭. ઉત્તરકુરુખંડ	પૃથ્વી	વરાહ અવતાર
૮. કિંપુરુષ ખંડ	હનુમાનજી	શ્રી રામચંદ્રજી
૯. ભારતવર્ષ	નારદજી	નરનારાયણ

પહેલા ૮ ખંડ એ દેવોનાં સ્થાન છે. છેલ્લો ભરતખંડ એ

મનુષ્યના કર્મની ભૂમિ છે. ભરતખંડના જે પર્વત અને નદીઓનું વર્ણન ૧૯ મા અધ્યાયમાં આપવામાં આવેલું છે તે ઘણે ભાગે હિંદુસ્થાનના પર્વતો અને નદીઓને મળતું આવે છે. વર્ણાશ્રમધર્મ પણ આ ભારતવર્ષમાં જ છે અને મોક્ષ પણ ભારતવર્ષમાં માનેલ છે. તેથી દેવો પણ આ ભારતવર્ષનો મહિમા ગાય છે.

ભારતવર્ષમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે. બીજા ખંડોમાં ધર્મ, અર્થ, અને કામ એ ત્રણ પુરુષાર્થ છે. તેથી ત્યાં હંમેશાં ત્રેતાયુગ રહે છે આપણને એ દેવોના ખંડની ખબર નથી પણ હિંદુસ્થાન સિવાયના (આ પૃથ્વી ઉપરના) બીજા દેશોમાં હાલ ધર્મ. અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ મુખ્યત્વે રહેલા છે. ત્યાં મોક્ષ પ્રધાનપણે પુરુષાર્થ તરીકે માનેલ નથી. ગીતામાં ભગવાન કહે છે કે ચાતુર્વર્ણ્ય એટલે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના વર્ણ મેં ઉત્પન્ન કરેલા છે. તો યુરોપ, અમેરીકા, જાપાન, ચીન, વગેરેમાં વર્ણાશ્રમધર્મ ભગવાને કેમ ઉત્પન્ન કરેલ નથી તે સમજવામાં આવતું નથી. જો ત્યાં વર્ણાશ્રમ ઉત્પન્ન થયેલ હોત તો માત્ર ક્ષત્રિયો જ લડવાનું કામ કરત અને મોક્ષની ઈચ્છા સમાજમાં રહેત. તો નીતિ પ્રમાણે રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા કરવી પડત. ભારતવર્ષમાં મોક્ષ સુધી પહોંચી શકાય એવી પ્રણાલિકા હોવાથી પશ્ચિમના વિદ્વાનો મેકસમુલર અને એમરસન જેવાને ભરતખંડમાં જન્મ લેવાની ઇચ્છા થાય છે, બીજા દેશો દેવોની ભોગભૂમિ માનવી હોય તો માની શકાય પણ ત્યાંનો કાળ દેવોના કાળ સાથે મળતો આવતો નથી. આટલું જંબુદ્વીપનું વર્ણન ભાગવતમાં છે.

હવે પછી બાકીનાં છ દ્વીપનું વર્ણન આપવામાં આવેલ છે. છેલ્લો પુષ્કરદ્વીપ છે. તેની આસપાસ સ્વાદિષ્ટ જળ છે, એ પુષ્કરદ્વીપની મધ્યમાં માનસોત્તર નામનો પર્વત આવેલો છે. (૫-૨૦-૩૦) તેના ઉપર સૂર્યના રથનું સંવત્સરરૂપી ચક્ર ઉત્તરાયણ અને દક્ષિણા-

યનરૂપે ફરે છે. તે દ્વીપમાં બે ખંડ છે, ત્યાંના માણસો બ્રહ્મસાલોક્યના સાધનરૂપ કર્મથી બ્રહ્માનું આરાધન કરે છે. આ દ્વીપનું વર્ણન વાંચતાં એમ લાગે છે કે તે મનામય કોશથી ઉપરનો વિજ્ઞાનમય કોશ છે. શુદ્ધ જળના મીઠા સમુદ્રની બહાર લોકાલોક નામે પર્વત આવેલો છે. તે લોક અને આ લોકની વચ્ચે વિજ્ઞાનમય કોશ રહેલો છે. તેનો અર્થ એમ છે કે લોકરૂપી મનોમય કોશ અને અલોકરૂપી આનંદમય કોશ એ બન્નેની વચ્ચેનો વિજ્ઞાનમય કોશ એ આ પુષ્કરદ્વીપ છે. એ લોકાલોક પર્વતની પેલી તરફ (એટલે વિજ્ઞાનમય કોશની ઉપર) યોગેશ્વરોની વિશુદ્ધ ગતિનું સ્થાન છે. (૫–૨૦–૪૨) શ્રીધરસ્વામી ભાગવત ઉપરની પોતાની ટીકામાં લખે છે કે આ વિશુદ્ધ સ્થાન બ્રાહ્મણપુત્રોને લાવતી વખતે ભગવાને અર્જુનને બતાવ્યું હતું. આ દશમા સ્કંધમાં ૮૯ મા અધ્યાયમાં છે. આકાશ અને ભૂમિ વચ્ચે સૂર્ય છે. જ્યારે બ્રહ્માંડ અચેતન હતું ત્યારે આ સૂર્યે વિરાટરૂપે તેમાં પ્રવેશ કર્યો હતો. તે સુવર્ણની માફક પ્રકાશે છે તેથી તેને હિરણ્યગર્ભ પણ કહે છે. માંડૂક્ય ઉપનિષદની રીતે જોતાં સમષ્ટિસૂક્ષ્મ તત્ત્વોના અભિમાની દેવ હિરણ્યગર્ભ છે. આ સૂર્યની મદદથી આકાશ, સ્વર્ગ પૃથ્વી, ભોગ, સ્થાનક, મોક્ષ, નરક, પાતાળ વગેરે જુદાજુદા વિભાગો પડેલા છે. વળી આ સૂર્ય દેવો તીર્યંચો મનુષ્યો, સર્પો અને લતા સહિત સર્વ જીવનસમૂહોના આત્મા તરીકે ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વની દષ્ટિના અધિષ્ઠાતા છે (૫–૨૦–૪૬)

દૃષ્ટિના આધષ્ઠાતા છે (૫–૨૦-૪૬)

અધ્યાય ૨૧ થી સૂર્યની ગતિનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે. તેની સાથે કાળની ઉત્પત્તિનું વર્ણન આવે છે. એ સૂર્ય યમદેવની નગરી, વરુણની નગરી, સોમની નગરી અને ઇંદ્રની નગરી એમ ચાર નગરીમાં ફરે છે. એ વાત હાલની ખગોળવિદ્યા સાથે મળતી આવશે નહિ પણ એ ચાર નગરીને ચાર પરિમાણ માનીને (four

dimensions) ચાર પ્રકારનાં દૃષ્ટિબિંદુ માનીએ તો તેમાંથી દૃષ્ટિસૃષ્ટિવાદ સહજ રીતે નીકળી શકે છે.

અધ્યાય ૨૨ માં પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કેઃ—આ ભગવાન સૂર્ય મેરુ તથા ધ્રુવને જમણી બાજુ રાખીને સર્વ રાશિઓની સન્મુખ ગતિ કરે છે અને મેરુ તથા ધ્રુવને ડાબી બાજુ રાખીને પણ ગતિ કરે છે, તો આવી બે વિરુદ્ધ ગતિ અમે કેમ સમજી શકીએ કે તેના જવાબમાં શુકદેવજી કહે છે કે જેમ કુંભારનો ચાક ભમતો હોય ત્યારે તેની ઉપર રહેલાં કીડી વગેરે પ્રાણીઓ પણ તેની સાથે જ ભમે છે, છતાં તે પ્રાણીઓની ગતિ તે ચાક ઉપર જુદાજુદા પ્રદેશોમાં પણ આડી અવળી જોવામાં આવે છે. તેવી જ રીતે નક્ષત્રો અને રાશિઓથી યુક્ત એવું કાળચક્ર જો કે ધ્રુવ અને મેરુની જમણી બાજુ દોડી રહેલ છે અને તેની સાથે સૂર્ય વગેરે ગ્રહો પણ મેરુની જમણી તરફ દોડી રહેલ છે તો પણ એ કાળચક્રની અંદર આવેલાં જુદાં જુદાં નક્ષત્રો અને જુદીજુદી રાશિઓમાં સૂર્ય વગેરે ગ્રહોની જુદી જુદી ગતિ પણ જોવામાં આવે છે. તે આ ભગવાન સૂર્ય આદિ પુરુષ સાક્ષાત્ નારાયણ જ છે. અહીં સૂર્યનું સ્વરૂપ દ્રષ્ટારૂપે સમજી શકાય છે અને દ્રષ્ટાની ભૂમિકા પ્રમાણે (observer's system of refenence) કાળમાં ફેરફાર થાય છે. એ બાબત હાલ પ્રો. આઇન્સ્ટાઈનના સાપેક્ષવાદના ગણિતથી થઈ શકે છે.

હાલની ખગોળવિદ્યા પ્રમાણે પૃથ્વી સૂર્યની આસપાસ એક સેકન્ડમાં ૧૮ માઈલની ઝડપે ફરે છે છતાં આપણને તે ગતિની ખબર પડતી નથી. સામાન્ય દૃષ્ટિથી જોતાં ટ્રેન ચાલે છે અને સ્ટેશન ચાલતાં નથી પણ પૃથ્વીથી અલગ થઈને સૂર્ય ઉપરથી જોઈએ તો સ્ટેશન પણ ચાલતાં લાગશે કારણ કે પૃથ્વી ફરતી લાગે છે. હાલનું સાયન્સ કહે છે કેઃ—

Things that we perceive are not located in time and space but messages from things

which reach our sense organs travel through time and space.

શ્રીમદ્ ભાગવતમાં પાંચમા સ્કંધમાં જે ભૂગોળનું વર્ણન છે તેમાં સૂર્યનું વર્ણન કોઈ વાર આધિભૌતિક ભાવે પણ આપેલ છે. અને કોઈ જગ્યાએ આધ્યાત્મિક ભાવે પણ આપેલ છે. પહેલા જણાવેલ ૭ દ્વીપ અને તેમાં રહેલા ખંડનું વર્ણન પણ બંને રીતે સમજી શકાય છે. તેથી ભાગવત વાંચનારને આ ભાગ ઘણી મુશ્કેલીમાં નાખે છે. દેશ અને કાળ એ બંને દ્રષ્ટાની ભૂમિકા ઉપર સાપેક્ષ રહે છે. એ વાત યોગવાસિષ્ઠમાં બહુ સારી રીતે સમજાવેલ છે અને પ્રોફે-આઇન્સ્ટાઇને જે સાપેક્ષવાદની શોધ કરેલ છે તેનાથી એ મતને ટેકો મળે છે.*

હવે એવું વર્ણન આવે છે કે (૫-૨૦-૧૦) સોળ કળાવાળા ચંદ્ર મનોમય છે. અન્નમય છે, અમૃતમય છે, અને બધાંના પ્રાણોને જીવન અપાવવાળા હોવાથી સર્વમય છે. આ ચંદ્ર સૂર્યના કિરણોની ઉપર એક લાખ યોજન દૂર છે. ચંદ્રની ઉપર જેમ નક્ષત્રો છે, તેના ઉપર ગ્રહ છે, તેના ઉપર સપ્તર્ષિઓ જોવામાં આવે છે અને સપ્તર્ષિઓની ઉપર ધ્રુવનું સ્થાન છે. એ બધાં જ્યોતિષચક્રો પ્રકૃતિ અને પુરુષના સંયોગથી થયેલાં અને કર્મથી નિર્માણ પામેલી ગતિવાળાં હોઇને આકાશમાં ગતિ કર્યા કરે છે. પણ પૃથ્વી ઉપર પડતાં નથી. એ બધાં જ્યોતિશ્ચક્ર મળીને કુંડળાકાર થાય છે. તેને ઈશ્વરનો આધાર હોવાથી નીચે પડવાની શંકા નથી. હાલના સાયન્સવાળા પણ કહે છે કે દિક્ અને કાળનું ભેગું ચક્કર (Time-space curvature) રચાય છે અને તે દ્રષ્ટાની દૃષ્ટિને આધારે રહે છે.

*આ બાબત વિસ્તારથી સમજવાની ઇચ્છા હોય તેમણે " કાળની ગતિ " એ પુસ્તક વાંચવાનું મળવાનું ઠેકાણું:—ભક્તિમાર્ગ કાર્યાલય પો. બો. ૬ અમદાવાદ.

એવા મહાચક્રને ભાગવતમાં પાંચમા સ્કંધના ૨૩મા અધ્યાયમાં શિશુમારચક્ર કહે છે.

ઉપર કહેલ હકીકતમાં સૂર્યની ઉપર ચંદ્ર છે એમ કહેલું છે, પણ ખગોળવિદ્યામાં એમ સિદ્ધ કરેલ છે કે ચંદ્ર નજદીક છે અને સૂર્ય બહુ દૂર છે તેથી ચંદ્રની ઉપર સૂર્ય છે. શાસ્ત્રમાં ઉલટી વાત કેમ આવે છે તેનો ખુલાસો શોધતાં તે આધ્યાત્મિક ભાવે હશે એમ માની શકાય છે તંત્રમાર્ગમાં પણ પહેલાં સૂર્યના જેવો અનુભવ આવે છે અને પછી ચંદ્રના જેવો અનુભવ આવે છે. આવાં વર્ણન આપતાં શુકદેવજી કહે છે કે "કોઈ પંડિત આમ કહે છે અને કોઇ વિદ્વાન બીજી રીતે માને છે. (૫–૨૩–) (૫–૨૧–૭)" તેથી એમ જણાય છે કે શુકદેવજીને પોતાને આ બાબતમાં નિશ્ચય નથી. આ બાબતમાં નિશ્ચય કરવા જેવું પણ નથી. સૃષ્ટિ એ કોઈ સાચી વસ્તુ નથી એમ આગળ એકાદશ સ્કંધમાં કહેલ છે. (૧૧–૧૧–૨) ગીતામાં ૯મા અધ્યાયમાં ભગવાન કહે છે કે પ્રાણિમાત્ર મારામાં છે અને પછી તરત કહે છે કે પ્રાણિમાત્ર મારામાં છે જ નહિ એટલે હું જ છું. ઉપનિષદમાં કોઇવાર સૃષ્ટીની ઉત્પત્તિ ત્રણ ભૂતથી બતાવેલ છે. કોઇવાર પાંચ ભૂતથી, કોઇવાર આયાથી ઉત્પત્તિ બતાવેલ છે અને કોઇવાર બ્રહ્મથી ઉત્પત્તિ. તેથી સૃષ્ટિ એ કોઈ સાચી વસ્તુ નથી. વળી સૃષ્ટિ પોતે કહેતી નથી કે પોતે કેવી છે. તેની સિદ્ધિ જોનરાની ભૂમિકા પ્રમાણે રહે છે. તે વાત હવે પછીના ભાગવતમાં ઘણી વાર આવશે

ખરી રીતે મન પ્રમાણે જગત છે. ઊંઘમાં મન નથી તો જગત નથી. જાગ્રતમાં જેની જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ જણાય છે. શરૂઆતમાં માણસો સૃષ્ટિ પ્રમાણે દૃષ્ટિ માને છે પણ આગળ વધેલા માણસો દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ માને છે. વેદાન્તમાં ૪ આંધળાએ જોયેલ હાથીની વાત આવે છે તેવું જગત વિષે સમજવાનું છે. સૃષ્ટિની વિચિત્રતા અને કાળની વિચિત્રતાના ઘણા દૃષ્ટાંત યોગવાસિષ્ઠમાં મળી આવે છે.

હવે પછી પાંચમા સ્કંધના ૨૪મા અધ્યાયમાં સાત પાતાળનું વર્ણન આવે છે તેમાં મય દાનવે રચેલી નગરીઓ છે. તે સાત પાતાળોની નીચે શેષનાગ ભગવાન રહે છે. તે અનંત નામથી પ્રસિદ્ધ છે તેથી તેને બ્રહ્મનું સ્વરૂપ કહી શકાય છે. તેના મસ્તક ઉપર રહેલું આ ભૂમંડળ જાણે એક સરસવનો દાણો હોય તેવું જણાય છે. તેનો અર્થ એમ પણ થઇ શકે છે કે બ્રહ્મની આગળ માયા એ તલમાત્ર છે. નારદજીએ પણ સ્તુતિ કરતાં તેમને એ પ્રમાણે વર્ણવ્યા છે. છેવટે કહેલ છે કે આ સર્વ જીવસમૂહના ધામરૂપ ઇશ્વરનું અદ્ભુત સ્થૂલ શરીર છે.

પાંચમા સ્કંધને છેડે નરકોનું વર્ણન આવવાથી છઠ્ઠા સ્કંધની શરૂઆતમાં પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે મનુષ્ય અનેક ઉગ્ર વેદનાવાળા નરકોથી જે ઉપાયોથી બચી શકે તે મને કહો. તેના જવાબમાં શુકદેવજી કહે છે કે જો મનુષ્ય પોતે કરેલાં પાપનું પ્રાયશ્ચિત્ત કરે તો તેના પાપનો નાશ થાય છે. બધાં પ્રાયશ્ચિત્તમાં ઉત્તમ પ્રાયશ્ચિત ભગવાનનું નામસ્મરણ છે. તે નામસ્મરણની શક્તિ કેવી છે એ બાબત અજામિલના આખ્યાનથી શુકદેવજી છઠ્ઠા સ્કંધમાં પરીક્ષિત રાજાને સમજાવે છે.

પ્રકરણ ૬

અજામિલનું ચરિત્ર

(સ્કંધ ૬ ની શરૂઆત)

માણસના શરીરનું આયુષ્ય બહુ ટુંકું છે, છતાં એટલા ટુંકા વખતમાં જીવનના અઘરામાં અઘરા પ્રશ્નોનું સંતોષકારક સમાધાન કરી આપવું એ આર્યોની વિદ્યાનો મહિમા છે. કેટલીક આધ્યાત્મિક બાબતો જાણી શકાય તેવી નથી એમ માની પશ્ચિમના માણસો છોડી

દે છે. તેમાં આર્યોની વિદ્યા પ્રવેશ કરીને સારા ખુલાસા આપી શકે છે, એ આંહીની વિદ્યાકળાની અદ્ભુત શક્તિ છે.

શ્રીમદ્ભાગવતના છઠ્ઠા સ્કંધની શરૂઆતમાં પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે આપે નિવૃત્તિમાર્ગનો ઉપદેશ આપ્યો તેમજ પ્રવૃત્તિમાર્ગનું પણ સારી રીતે વર્ણન કર્યું, તે ઉપરાંત આપે નરકોનું વર્ણન કર્યું. અને ભૂમંડળની સ્થિતિ, નક્ષત્રો વગેરેની રચના ભગવાને જે પ્રકારે કરી છે તે પણ સંભળાવ્યું. હવે જે પ્રકારે માણસો ઘણા પ્રકારનાં ભયંકર નરકનાં દુઃખમાં ન પડે તેવા ઉપાય મને બતાવો. વળી પ્રત્યક્ષ અનુભવમાં આવનાર રાજ્યના દંડ અને શાસ્ત્રોમાં સાંભળેલા નરકના દુઃખના કારણરૂપ જે પાપ છે તે માણસનો શત્રુ છે એમ જાણવા છતાં પણ જે માણસ વારંવાર પાપ–કર્મમાં પડે છે તેનું પ્રાયશ્ચિત્ત પણ કેવી રીતે થઈ શકે છે? વળી કોઈ પ્રાયશ્ચિત્ત તો હાથીના સ્નાનની માફક નકામાં થઇ પડે છે એટલે કે હાથીને નવરાવીએ તો તે પછી તે તરત પોતાના શરીર ઉપર ખૂબ ધૂળ ઊડાડીને પાછું શરીર જેમ મેલું કરી નાખે છે તેમ માણસો ફરી ભૂલ ન કરવાની પ્રતિજ્ઞા લે છે છતાં તે પછી તેવી જ ભૂલ કરવા લાગે છે. તો એ કેવા પ્રકારની માયા છે અને તેને તરવાનો શો ઉપાય છે? આવી જાતના પ્રશ્નો પરીક્ષિત રાજાએ શુકદેવજીની પાસે મૂક્યા.

શુકદેવજી કહે છે કેઃ—હે રાજા! ઉગ્ર તપ વગેરે પ્રાયશ્ચિત્તથી પાપકર્મનો અત્યન્તિક નાશ થઇ શકતો નથી; કારણ કે તેનો અધિકારી અજ્ઞાની માણસ છે. એટલે જ્યાંસુધી અવિદ્યાનો નાશ થશે નહિ ત્યાંસુધી પાપકર્મ થતાં રહેશે. તેથી સાચું પ્રાયશ્ચિત તો ભગવત્સ્વરૂપનું જ્ઞાન જ છે. (૬–૧–૧૧). જે પુરુષ માત્ર પથ્ય અન્નનું ભોજન કરે છે તે રોગમાં સપડાતો નથી; તે જ પ્રમાણે જે પુરુષ નિયમ પ્રમાણે રહે છે તે ભગવત્સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જેમ વાંસના વનમાં પ્રગટ થયેલ દાવાનળ વાંસોને ભસ્મ કરી નાખે છે

તે જ પ્રમાણે ધર્મજ્ઞ અને શ્રદ્ધાવાન ધીર પુરુષ, તપ બ્રહ્મચર્ય, શમ, દમ, દાન, સત્ય, શૌચ અને યમ, નિયમ એ નવ સાધનોથી મન, વાણી અને શરીરથી કરેલા પાપને નષ્ટ કરી દે છે. વળી જેમ સૂર્ય અંધકારનો નાશ કરે છે તેમ કોઇ કોઇ પુરુષ પણ પોતાનાં સંપૂર્ણ પાપનો નાશ કરી શકે છે. પાપી પુરુષ પણ પોતાની સંપૂર્ણ ઇંદ્રિયો ભગવાનમાં લગાવીને અને ભકતોનો સંગ કરીને જેવો શુદ્ધ થાય છે તેવો તપ વગેરે અન્ય ઉપાયથી થતો નથી. તેથી સંસારમાં ભક્તિમાર્ગ જ સર્વથા શ્રેષ્ઠ છે, કલ્યાણમય છે અને ભય રહિત છે. એ માર્ગમાં નારાયણપરાયણ સુશીલ સાધુજન ચાલે છે. દારૂના ઘડાને જેમ નદી પવિત્ર કરી શકતી નથી તેમ જે માણસ ભગવાનથી વિમુખ છે તેને પ્રાયશ્ચિત્ત શુદ્ધ કરી શકતું નથી. જેઓનું ચિત્ત એકવાર પણ ભગવાનમાં આસક્ત થઈ જાય તો તેઓ યમરાજને તેમ જ યમના દૂતોને સ્વપ્નમાં પણ દેખાતા નથી; કારણ કે તેમ કરવાથી સંપૂર્ણ પાપોનું પ્રાયશ્ચિત્ત થઇ જાય છે. (૬–૧–૧૯)

આટલું કહી શુકદેવ પરીક્ષિત રાજાને અજામિલ નામના એક કુમાર્ગી અને દાસીપતિ બ્રાહ્મણની કથા સંભળાવે છે. આંહી અધ્યાત્મ ભાવે અર્થ કરીએ તો અજા એટલે માયા અને માયામાં રચ્યો–પચ્યો રહેલ–દાસીરૂપે પ્રકૃતિને વશ રહેલ જીવ, એ અજામિલ સમજવાનો છે. એવા અજામિલ હાલના કાળમાં ઘણા નજરે પડે તેવું છે. અજામિલ દાસીના સંસર્ગથી દૂષિત થઇ જવાથી હંમેશાં અપવિત્ર રહેતો હતો. તે નિન્દનીય વૃત્તિનો આશ્રય કરી રસ્તા ઉપર ચાલનાર માણસોને બાંધી લેતો, જુગાર ખેલતો, ચોરી કરતો અને બીજા પ્રાણીઓને પીડા આપીને પોતાના કુટુંબનું પાલન કરતો હતો.

હાલના કાળમાં ઘણે ઠેકાણે લડાઇઓ અને રમખાણો મચી રહેલ છે અને ઘણા લોકો એવા અજામિલોથી ત્રાસ પામી ગયેલ છે. તેનું મુખ્ય કારણ એ છે કે ગયા ૧૫૦ વર્ષમાં લોકોને ધર્મનું જ્ઞાન મળેલ નથી. સામાન્ય રીતે કેળવાયેલા લોકો બહુ ઓછા છે.

અને તેઓએ પણ વેપારી ઢબની કેળવણી લીધેલી હોય છે. તે એમ બતાવે છે કે અંગ્રેજ સરકારે ઘણા માણસોને જાણી જોઇને કેળવણી આપેલ નથી અને જેમને કેળવણી મળેલ છે તેઓમાં પણ ઘણાને ઊંધા કેળવણી મળેલ છે. હવે થોડા વખત થયાં અમારા સાંભળવામાં આવેલ છે કે ઇંગ્લાંડની નિશાળોમાં ધાર્મિક કેળવણી શરૂ કરવામાં આવેલ છે. આંહી પણ એવી કેળવણીની ખાસ જરૂર છે. પણ નિશાળમાં ધાર્મિક પાઠ્યપુસ્તકો બહુ થોડાં છે. તેમાં એક બાબુ ભગવાનદાસનું Essential unity of all religions છે. તે પુસ્તક હાઇસ્કુલો અને કોલેજોમાં ચલાવી શકાય તેવું છે. એવા પુસ્તકનો અભ્યાસ હિંદુઓ અને મુસલમાનો અને બીજા પણ સાથે રહીને કરી શકે તેવું છે.

માયા વગર સંસારના વ્યવહારનાં કામ થઇ શકતાં નથી, તેથી જ્યારે માયાનો ઉપયોગ કરવાનો વખત આવે ત્યારે અગ્નિની માફક સાવચેતીથી કરવો જોઇએ. અગ્નિથી પણ આપણે વ્યવહાર કરવો પડે છે, તેનાથી રસોઇ પકાવી શકાય છે, ટ્રેન અને વિમાન ચાલે છે અને બીજાં ઘણાં કામ થાય છે. પણ અગ્નિને અડીએ તો દાઝી જઇએ, તેથી સાંડશી અથવા કપડાનો ઉપયોગ કરવો પડે છે. તેવી જ રીતે માયા સાથે યુક્તિથી વ્યવહાર કરતાં શીખવું જોઇએ.

આપણા સંસારમાં અનાદિ કાળથી પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ ચાલ્યા આવે છે. પ્રવૃત્તિમાં રહેલ માણસોને નીચે પ્રમાણે બે પ્રકારની માયા નડે છેઃ—

૧. રાગદ્વેષવાળી માયા અથવા ત્રણ ગુણવાળી માયા. આ માયામાં રહેલ માણસો માટે નીતિ અને અનીતિ વચ્ચેનો ઝગડો રહે છે.

૨. દેશકાળવાળી માયા. આ માયામાં રહેલ માણસો માટે જ્ઞાન અને અજ્ઞાન વચ્ચે ઝઘડો રહે છે.

નિવૃત્તિમાર્ગવાળા માટે રાગદ્વેષના બહુ પ્રસંગ આવતા નથી. તેમને અજ્ઞાનમાંથી નીકળીને જ્ઞાનમાં કેમ આવવું એ તરફ લક્ષ્ય આપવાનું રહે છે. હાલના કાળમાં અતિશય પ્રવૃત્તિને લઈને અનીતિ અને અજ્ઞાન બહુ વધી ગયેલ છે. લોકો કાળાં બજાર કરવામાં નીતિ માની રહેલ છે અને અજામિલ જેવા ક્રૂર માણુસો નિર્દોષ માણુસોને મારી તેમના જાન–માલનો નાશ કરવા લાગ્યા છે. એવી અનીતિ કેવી રીતે અટકાવવી તેને માટે બધા દેશના ડાહ્યા માણુસો વિચાર ચલાવી રહેલ છે.

કોઈ એક માણુસ બીજા માણુસને મારી નાખે તો સમાજમાં એ કર્મ બહુ ઘાતકી મણાય છે. છતાં જ્યારે દેશને નામે અથવા કોમને નામે એવું ઘાતકીપણું કરવામાં કરવામાં આવે છે ત્યારે તે દેશના માણુસો અથવા તે કોમના કેટલાક માણુસો એવા ખૂનીનાં વખાણ કરે છે. એ એક મુશ્કેલી હાલના સમાજમાં ઉત્પન્ન થયેલ છે અને તેથી અનીતિને ટેકો મળે છે.

વળી પહેલાંના કાળમાં માત્ર ક્ષત્રિયો જ લડતા હતા. હાલના કાળમાં એક દેશની આખી પ્રજા બીજા દેશની આખી પ્રજા સામે લડે છે. તેથી દરેક માણસે પોતાના બચાવ માટે તૈયાર થઈને રહેવું પડે છે. તેથી દરેક માણસ માટે નીચેનું ૪ પ્રકારનું શિક્ષણ લેવાનું કામ જરૂરનું થઈ પડયું છેઃ—

૧. બ્રાહ્મણના જેવું જ્ઞાન.
૨. ક્ષત્રિયના જેવી વીરતા.
૩. વૈશ્યની પેઠે કમાવાની શક્તિ.
૪. બીજાની સેવા.

એ ચારે વસ્તુ એક માણસમાં હોવી બહુ મુશ્કેલ છે. તેથી માણુસના જીવનમાં એક જ વખતે ઘણી ફરજ ઉત્પન્ન થાય છે અને તેમાંથી કેમ નીકળવું એ તેને સૂઝતું નથી.

માણસના જીવનનો હેતુ સુખ મેળવવાનો છે પણ સુખ કેટલા પ્રકારનાં છે, તેનાં સાધન કયાં કયાં છે તેની ચોકખી સમજણ જ્યારે સમાજમાં હોતી નથી ત્યારે દેહને આત્મા માની માત્ર દેહના સુખને આત્માનું સુખ માની લેવામાં આવે છે. તેને પરિણામે નીચે પ્રમાણે ૩ ઇચ્છા બહુ જોરથી નીકળે છેઃ—

૧. સ્ત્રી-પુત્રની ઇચ્છા.
૨. ધનની ઈચ્છા.
૩. લોકોમાં પ્રખ્યાત થવાની ઇચ્છા.

એ ત્રણે ઇચ્છાને નિયમમાં રાખવી એ ઘણું મુશ્કેલ કામ છે. એ ઇચ્છાઓને નિયમમાં રાખવી હોય તો નીચે પ્રમાણે ઉપાયો લેવા જોઇએઃ—

૧. વસ્તી વધવા ઉપર અંકુશ જોઇએ અને બ્રહ્મચર્ય પાળવું જોઇએ.
૨. સીનેમા, રેડીઓ, પ્રેસ અને કેળવણીમાં ફેરફાર કરવો જોઇએ.
૩. ઇતિહાસ અને ભૂગોળનું શિક્ષણ ફેરવવું જોઇએ
૪. બધા દેશોનું એક રાજ્ય બનાવવું જોઇએ.
૫. કોમી તકરારના નિવેડા માટે પંચ નીમવાં જોઇએ.
૬. ધાર્મિક કેળવણી આપવી જોઇએ.
૭. સાધુઓ અને રાજ્યકર્તાઓએ ભેગા મળીને ઉપરની બાબતોમાં સારી યોજના ઘડવી જોઇએ.
૮. દરેક સારા કામની શરૂઆતમાં ભગવાનની પ્રાર્થના કરવી જોઇએ.

રાગદ્વેષ ઉત્પન્ન થવાનું કારણ અજ્ઞાન છે. એ જ માયા છે. એવી માયાની અસર નીચે રહેનાર બધા અજામિલ છે હાલ જે અજામિલની વાત ચાલે છે તે સ્ત્રી-પુત્રનું પાલન કરતાં કરતાં ૮૦ વર્ષનો થઇ ગયો. તેને ૧૦ દિકરા હતા. તેમાં સૌથી જે નાનો હતો તેનું નામ નારાયણ હતું. તે દિકરો મા-બાપને અત્યન્ત પ્રિય હતો. અજામિલ પણ એ નાના દિકરાની વાતોમાં આસક્ત થઈ ગયો હતો. પોતે

ખાતો-પીતો ત્યારે તે દિકરાને પણ ખવરાવતો. આવા મોહમાં ફસી જવાથી તે પોતાના નજીક આવતા મૃત્યને પણ ભૂલી ગયો. આવી દશા ઘણા માણસોની થાય છે. કોઇ ને કોઈ આસક્તિમાં પડીને માણસો પોતાનો મૃત્યુકાળ ભૂલી જાય છે.

વખત જતાં અજામિલનો મૃત્યુકાળ પાસે આવ્યો. તે વખતે તેને નારાયણ નામનો સૌથી નાનો પુત્ર યાદ આવ્યો. તે વખતે અજામિલના જોવામાં આવ્યું કે ત્યાં ત્રણ અત્યન્ત ભયાનક પુરુષ (યમના દૂત) હાથમાં પાશ લઈ આવ્યા. તેમનાં મોઢાં વિકરાળ હતાં અને વાળ ખડા થઇ ગયા હતા. એમને દેખી અજામિલ વિહ્વળ થઈ ગયો અને નારાયણ નામના પુત્રને મોટે સાદે બોલાવ્યો.

આ વખતે ત્યાં પોતાના સ્વામીનું નામ સાંભળી એકદમ વિષ્ણુના પાર્ષદ કીર્તન કરતા આવી પહોંચ્યા. તે પાર્ષદોએ યમના દૂતોને અજામિલનો જીવ લઈ જતા રોકયા. યમદૂતોએ વિષ્ણુના દૂતોને કહ્યું કે અરે! ધર્મરાજાની આજ્ઞાનો ભંગ કરનાર તમે કોણ છો? તમે કોના દૂત છો અને કયાંથી આવો છો? તમે શું કોઈ દેવ, ઉપદેવ અથવા સિદ્ધશ્રેષ્ઠ છો? વિષ્ણુના દૂતોએ યમના દૂતોને કહ્યું કે "જો તમે ધર્મરાજાની આજ્ઞાનું પાલન કરતા હો તો અમને સમજાવો કે ધર્મનું લક્ષણ શું છે અને ધર્મનું તત્ત્વ શું છે? દંડ કેના સંજોગોમાં આપી શકાય અને દંડને પાત્ર કોણ હોઇ શકે? વળી બધા પાપી દંડને યોગ્ય છે કે તેમાંથી કોઇક જ દંડને યોગ્ય હોય છે?

યમદૂતે કહ્યું:- વેદમાં લખેલ છે તે પ્રમાણે રહેવું તે જ ધર્મ છે. તેનાથી જે વિપરીત હોય તે અધર્મ છે. વેદ સાક્ષાત્ ભગવાનના શ્વાસમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી નારાયણસ્વરૂપ છે. વેદના પ્રમાણદ્વારા જ સત્ત્વ, રજ અને તમોમય પ્રાણીઓના ગુણ, નામ, કર્મ અને રૂપ પ્રમાણે યથાયોગ્ય વિભાગ થયેલ છે. દરેક પ્રાણીને તેમનાં કર્મ પ્રમાણે દંડ મળવો જોઇએ. દેહધારી કોઇપણ જીવ કર્મવગર રહી

શકતા નથી. બધા માયાના ગુણુમાં બંધાયેલા છે. તેઓ શુભ અને અશુભ કર્મ કર્યા કરે છે. આ લોકમાં જે પ્રમાણે ત્રણ પ્રકારના જીવ જોવામાં આવે છે તે જ પ્રમાણે પરલોકમાં પણ જીવના ત્રણ પ્રકાર હોવા જોઇએ. ભગવાન યમ તો બધાના અંતઃકરણમાં બિરાજમાન હોવાથી પોતાના મનથી તેનું પૂર્વરૂપ જોઈ લે છે તથા તેના અપૂર્વને પણ એ અજન્મા ભગવાન મનથી વિચાર કરી લે છે. (૬. ૧. ૪૮.)

આ ઉપરથી જણાય છે કે યમ એ કોઇ જુદા દેવ નથી પણ સર્વ જીવોના અંતર્યામી તરીકે અંતઃકરણમાં રહેલા જ છે. એ જ શક્તિ જીવને કર્મ પ્રમાણે બીજા લોકમાં ફળ આપે છે. હવે જીવ પોતાના પહેલાનાં જન્મને કેવી રીતે ભૂલી જાય છે તે કહે છે.

यथाज्ञस्तमसा युक्त उपास्ते व्यक्तमेव हि।
न वेद पूर्वमपरं नष्टजन्मस्मृतिस्तथा।
(૬–૧–૪૯)

અર્થ–જેમ નિદ્રાવશ થયેલ અજ્ઞાની પુરુષ સ્વપ્નમાં દેખાતા પોતાના કલ્પિત શરીરને પોતાનો વાસ્તવિક દેહ સમજે છે તે પ્રકારે જીવને પોતાના પૂર્વજન્મોની સ્મૃતિ નષ્ટ થવાથી વર્તમાન શરીરના સિવાય બીજા (એટલે પહેલાંના અને પછીના) જન્મ બાબતનું જ્ઞાન રહેતું નથી.

આવી ભૂલ થવાનું મુખ્ય કારણ અધ્યાસ છે. અધ્યાસનું કારણ આત્માનું અજ્ઞાન છે. અજ્ઞાનને લઇને આત્માના ધર્મ અંતઃકરણમાં લાગે છે અને અંતઃકરણના ધર્મ આત્મામાં લાગે છે. જ્યારે અંતઃકરણને વિષયો સાથે સંબંધ થાય છે ત્યારે અંતઃકરણના ત્રણ ભાગ નીચે પ્રમાણે થાય છે :—

૧. દેહમાં રહેલો અંતઃકરણનો પહેલો ભાગ છે તેને અહંકાર અથવા પ્રમાતા કહે છે.

૨. અંતઃકરણનો બીજો ભાગ દેહ અને વિષયની મધ્યમાં રહે છે તેને વૃત્તિ અથવા પ્રમાણચૈતન્ય કહે છે.

૩ અંતઃકરણનો ત્રીજો ભાગ ઘટ વગેરે વિષયમાં રહે છે તેને પ્રમેયચૈતન્ય અથવા વિષયચૈતન્ય કહે છે.

જ્યારે વિષયનું જ્ઞાન થાય ત્યારે તે જ્ઞાનને પ્રમા અથવા પ્રમિતિ કહે છે. જાગ્રત્ અવસ્થામાં વિષય જડ સ્વભાવવાળો દેખાય છે છતાં તે પ્રકારની અંતઃકરણની વૃત્તિ થાય છે ત્યારે જ વિષયનું જ્ઞાન થાય છે. તે અંતઃકરણનો ત્રીજો ભાગ છે. તેથી સ્વપ્નની માફક જાગ્રત્માં પણ આ બધી રમત અંતઃકરણની છે. માત્ર ઉપાધિભેદથી ભેદ જેવું જણાય છે. જ્યારે ઉપાધિ એકદેશમાં હોય ત્યારે ઉપધેય વસ્તુમાં ભેદ દેખાતો નથી. તેથી પ્રમેયચૈતન્ય અને પ્રમિતિચૈતન્ય એક જ છે છતાં તેમાં આટલો વિશેષ છે: અજ્ઞાત–અવસ્થામાં તે ચૈતન્ય પ્રમેય કહેવાય છે તે જ્ઞાત અવસ્થામા પ્રમિતિ કહેવાય છે. અને પ્રમાતૃચૈતન્ય તેનાથી અભિન્ન છે. જ્ઞાનકાળે પ્રમાતૃચૈતન્ય, પ્રમેયચૈતન્ય અને પ્રમિતિચૈતન્ય એક જ છે. વાસ્તવમાં એક જ ચૈતન્ય ઉપાધિભેદથી ભિન્ન જેવું દેખાય છે. ઉપાધિના જેવો આકાર ધારણ કરવાથી ચૈતન્ય ભિન્ન જેવું પ્રતીત થાય છે. એ ભેદ પ્રત્યક્ષ જ્ઞાનકાળે રહેતો નથી; કારણ કે ત્રણે ચૈતન્ય એકાકાર થઇ ગયાં હોય છે

પણ અજ્ઞાનદશા હોય ત્યારે અંતઃકરણની વૃત્તિ વિષયાકાર થાય છે અને તેથી પ્રમિતિચૈતન્ય ઘટાકાર થાય છે. તે વખતે પ્રમાતૃચૈતન્ય પણ ઘટાકાર થાય છે; કારણ કે અંતઃકરણથી અવચ્છિન્ન થયેલ ચૈતન્યને જ પ્રમાતૃચૈતન્ય કહે છે. અને તે વખતે અંતઃકરણ ઘટરૂપ ઉપાધિને આકારે થાય છે. વાસ્તવમાં ચૈતન્ય એક જ છે. ચૈતન્યનો ભેદ તો ઉપાધિને લઇને છે. જ્યારે ઉપાધિ ભિન્ન દેશમાં હોય ત્યારે ઉપહિતનો ભેદ બતાવે છે. ઉપાધિઓ એકદેશમાં હોય ત્યારે ઉપહિતનું તાદાત્મ્ય રહે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી તરત એ બાબતની ખાત્રી થાય છે.

આ બધાનો સાર એ છે કે જીવ–પદનું વાચ્ય પ્રમાતૃચૈતન્ય જ્યારે પ્રમેયચૈતન્યથી અભિન્ન થઈ જાય છે ત્યારે વિષયાકારના જેવો

જીવ જણાય છે. એટલે તે કર્મને આધીન થાય છે અને તેને કર્મનાં ફળ ભોગવવાં પડે છે. તેથી જીવને વારંવાર હર્ષ, શોક, ભય અને પીડા કરનાર જન્મમરણનાં દુ:ખઃ ભોગવવાં પડે છે. કોઇ પણ જીવ કર્મ કર્યાં વગર રહી શકતો નથી. પ્રકૃતિના સંસર્ગથી અથવા વેદાન્તની ભાષામાં ઉપાધિના અધ્યાસથી પુરુષને આવી વિપરીત ભાવના થાય છે. હવે જ્યારે તે જીવ ભગવાનના ભજનથી ભગવાનનો સંગ કરે એટલે શુદ્ધ ચૈતન્યનો સંગ કરે ત્યારે તે વિપરીત ભાવના દૂર થાય છે. (૬. ૧. ૫૫)

વળી હાલના સાયન્સથી પણ એમ સિદ્ધ થયું છે કે દેશ અને કાળ કલ્પિત છે. તેથી ભિન્ન દેશમાં રહેલી ઉપાધિઓ પણ કલ્પિત છે. અને તેથી વાસ્તવમાં એક જ ચૈતન્ય બધે વ્યાપી રહેલ છે. અજ્ઞાન દશા ઉપાધિઓને ખાઇ જાય છે. અજ્ઞાનદશાનું પરિણામ શું આવે છે તે બાબત શુકદેવજી હવે પરીક્ષિત રાજાને સમજાવે છે.

શરૂઆતના જીવનમાં અજામિલ બહુ શાસ્ત્ર જાણવાવાળો હતો અને સદાચારી હતો. તે વ્રત પાળતો હતો, જિતેન્દ્રિય હતો, સત્યપરાયણ, અહંકારશૂન્ય. બધા જીવોનું હિત કરવાવાળો અને ઓછું બોલવાવાળો હતો. એક દિવસે તે પિતાની આજ્ઞા પ્રમાણે ફળ-ફૂલ અને લાકડાં લેવા માટે વનમાં ગયો. તે લઇને પાછો ઘેર આવતો હતો ત્યાં માર્ગમાં તેણે એક કામી, નિર્લજ્જ અને આચારભ્રષ્ટ શૂદ્રને જોયો. તે શૂદ્ર એક વ્યભિચારી દાસીની સાથે દારૂ પીને ગાતો અને હસતો ક્રીડા કરી રહેલ હતો. તે વેશ્યાની આંખો પણ દારૂના નિશાવાળી હતી અને નિશામાં ઉન્મત્ત થવાથી તેની સાડી થોડીક ખસી ગઈ હતી. આવો દેખાવ જોઇને અજામિલ મોહવશ થઇ ગયો. તેના હૃદયમાં અજા એટલે માયા પેસી ગઈ. તેણે ધૈર્ય અને જ્ઞાન પ્રમાણે કામવેગથી કંપિત પોતાના ચિત્તને રોકવાની ઇચ્છા કરી પણ તે ચિત્તને શાંત કરી શક્યો નહિ. આ પ્રકારે સ્ત્રીના નિમિત્તથી એ

અજામિલ કામથી ગ્રસ્ત થવાથી સ્મૃતિશૂન્ય થઈ ગયો અને મનમાં તેનું ચિંતન કરતો ધર્મથી વિમુખ થઇ ગયો. (૬. ૧. ૬૩)

હાલના કાળમાં એવા દશ્યથી કેટલા માણસો પોતનું જીવન ખરાબ કરતા હશે! સીનેમાના પડદા ઉપર સીનેમાની કંપનીઓ એવા શૃંગારરસના ઘણા બનાવ. જોનારાને આકર્ષવા માટે અને પૈસા કમાવા માટે મૂકે છે અને તેનાથી ઘણાંનાં જીવન બગાડે છે. માબાપો પણ વિચાર કર્યા વગર નાનાં છોકરાંઓને એવાં સીનેમા જોવા સાથે તેડી જાય છે અને પછી જ્યારે છોકરાંનાં મન કાબુમાં રહેતાં નથી ત્યારે માબાપને જ મુસ્કેલી ઊભી થાય છે. જ્યાં શૃંગારના ઘણા દેખાવ રોજ નજરે આવતા હોય ત્યાં અજ્ઞાની માણસો પોતાનું મન શી રીતે વશ રાખી શકે? તેથી આવા શૂદ્રોને અસ્પૃશ્ય માનવામાં આવેલ છે. એવા શૂદ્રો સમાજમાં બહુ રહે તો સમાજને બગાડી નાખે છે. હાલના કાળમાં ગુંડાઓને એવા શૂદ્ર માનવા જોઇએ અને તેમને અંદામાન જેવા બેટમાં અલગ રાખવા જોઇએ કે જેથી તેઓ સમાજને બગાડે નહિ. અજામિલ સારો હતો, પાછળથી ભક્ત થયો હતો પણ વચમાં તેને સંગદોષ થયો હતો.

અજામિલે તે વેશ્યાનો સંગ કરવા માંડ્યો અને પિતના સંપૂર્ણ ધનથી તેને ખુશી કરવા લાગ્યો. વેશ્યાના હાવભાવથી વશ થઇને તેણે પોતાની પરણેલી સતી સ્ત્રીનો પણ ત્યાગ કર્યો. પછી જ્યાં-ત્યાંથી અન્યાયથી ધન ભેગું કરી તે વેશ્યાનું ઘર ચલાવવા લાગ્યો. યમના દૂતો વિષ્ણુના દૂતોને કહે છે કે આ પાપીએ શાસ્ત્રની આજ્ઞાનું ઉલ્લંઘન કરેલ છે અને તે અનાચરણમાં પડી ગયેલ છે. તેનું જીવન પાપમય થઈ ગયું છે અને વેશ્યાનું અન્ન તેણે ભક્ષણ કરેલ હોવાથી તે અપવિત્ર થયેલ છે. તેથી અમે તેને યમરાજની પાસે લઇ જવા આવ્યા છીએ. તેણે પોતાના પાપોનું પ્રાયશ્ચિત્ત કરેલ નથી તેથી યમપુરીમાં દંડ ભોગવીને તે શુદ્ધ થશે. (૬. ૧. ૬૮).

વિષ્ણુના દૂતોએ યમના દૂતોને જવાબ આપ્યો કે;—બહુ દુઃખની વાત તો એ છે કે ધર્મરાજની સભાના સભ્યોમાં અધર્મનો પ્રવેશ થઈ ગયો છે. જેને દંડ ન દેવો જોઇએ તેને તમે દંડ દેવા તૈયાર થયા છો. આ અજામિલે પરાધીન દશામાં શ્રીહરિનું મંગલમય નામ લીધું છે, તેથી તેના કરોડો જન્મનું પ્રાયશ્ચિત્ત થઇ ગયું છે. (૬–૨–૭) જે વખતે તેણે "નારાયણ" એવા ચાર અક્ષરવાળું નામ લીધું તે જ વખતે તે પાપીનાં સમસ્ત પાપોનું પ્રાયશ્ચિત્ત થઇ ગયું છે. ગમે તેવાં પાપ કોઇએ કર્યાં હોય પણ જો તે ભગવાન વિષ્ણુનું નામ લે તો તે બધાથી મોટું પ્રાયશ્ચિત્ત છે. કારણ કે તેમ કરવાથી ભગવાનના ગુણ તેમની લીલા અને તેમનું સ્વરૂપ જાણવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. બીજાં વ્રત કે તપથી પાપી પુરુષ એવો શુદ્ધ થતો નથી. હરિનાં નામ હરિના ગુણનું જ્ઞાન કરાવે છે. જે પ્રાયશ્ચિત્ત કર્યાં પછી ચિત્ત ફરીથી અસત્–માર્ગમાં દોડે તે પ્રાયશ્ચિત્ત ચિત્તની આત્યન્તિક શુદ્ધિ કરવાવાળું નથી. તેથી પાપકર્મની આત્યન્તિક નિવૃત્તિ જોઇતી હોય તો ભગવાનનો ગુણાનુવાદ કરવો જોઈએ; કારણ કે તે નિશ્ચય શુદ્ધ કરવાવાળો છે. ૬–૨–૧૨

કેટલાક માણસો એમ માને છે કે અમે જીંદગીભર ગમે તેવાં પાપ કરીએ અને પછી છેવટે મરતી વખતે "નારાયણ" નું નામ લઇશું તેથી મુક્તિ થઈ જશે, પણ તે વાત સાચી નથી. અજામિલની મુક્તિ "નારાયણ" નું નામ લેવાથી થઇ નથી પણ તેનાં પાપનું પ્રાયશ્ચિત્ત થયું છે. વળી ભગવાનનું નામ લીધા પછી ભગવાનના ગુણ સાંભળવાની અને સમજવાની રુચિ થવી જોઇએ. અજામિલ પણ સાજો થઇને ભક્તિ કરવા અને જ્ઞાન મેળવવા હરદ્વાર ગયેલ છે એ વાત હવે પછી આવશે. કોઈ પાપી માણસ છેલ્લી વખતે ભગવાનનું નામ લે અને પછી તેનો દેહ તરત છૂટી જાય તો તેના પાપનું પ્રાયશ્ચિત્ત થાય છે પણ મુક્તિ માટે જે ભક્તિ અને જ્ઞાનની જરૂર છે તે માટે તેને વખત રહેતો નથી. તેથી ડાહ્યા પુરુષોએ જીવતાં જ ભક્તિ અને જ્ઞાન વધે તેવી રીતે રહેવું જોઇએ.

વિષ્ણુના દૂત યમદૂતોને કહે છે કે, સંકેતથી, હસીને, ગાયન ગાતાં, વાતો કરતાં કે મશ્કરીમાં પણ ભગવાનનું નામ લેવાથી માણસનાં બધાં પાપનું પ્રાયશ્ચિત્ત થાય છે. જે માણસ ઊંચેથી પડતી વખતે અથવા કોઈ લાઠી અથવા ખંજર મારવા આવે ત્યારે વિવશ થઈ 'હરિ' 'હરિ' એવું બોલે તો તે માણસ યમપુરીની યાતનાનો અધિકારી નથી. (૬–૨–૧૫)

મહર્ષિઓએ નાનામોટાં પાપોનાં જુદાંજુદાં પ્રાયશ્ચિત્ત શાસ્ત્રોમાં વર્ણવેલાં છે. પણ તેતે પ્રાયશ્ચિત્તથી તેતે પાપ નાશ થાય છે, પણ તેનાથી પાપીનું ચિત્ત શુદ્ધ થતું નથી પણ ભગવાનના ચરણની સેવાથી ચિત્ત શુદ્ધ થાય છે. ઔષધના ગુણ જાણ્યા ન હોય તો પણ સ્વેચ્છાથી સેવન કરનારને જેમ લાભ થાય છે તેમ હરિના નામરૂપી મંત્ર (તેનો પ્રભાવ જાણીને અથવા જાણ્યા વગર) જપાય તો પોતાનું ફળ જરૂર ઉત્પન્ન કરે છે.

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે આ પ્રમાણે વિષ્ણુના દૂતોએ યમના દૂતોને ભાગવત ધર્મ સારી રીતે સંભળાવ્યો અને અજામિલને મૃત્યુના મુખથી છોડાવ્યો.

પ્લેટો નામનો તત્ત્વવેત્તા પોતાના "રીપબ્લીક" નામના જગ-વિખ્યાત પુસ્તકમાં કહે છે કે પ્રપંચી, રાગદ્વેષી અને કામવાસનાથી બળબળતો, સત્તાવાંચ્છુ, અહંકારી આ પૃથ્વીલોકનો માનવી, સામાજિક નિયમોથી નહિ સુધરે, રાજતંત્રની શિક્ષાપ્રણાલિકાથી નહિ સુધરે પરન્તુ જો તેનામાં પરલોકનો ભય જાગે; માનવજીવનની ક્ષુદ્ર મર્યાદાની પેલી પાર ગૂઢ રહેલું, અનંત અવતારોમાં વિસ્તરતું જીવન જો તે સમજે, અને તેની દૃષ્ટિ જો વિશાળ થાય તો જ માનવ સુધારણા શક્ય બનશે અને સમાજમાં નૈતિક જીવનનું ગૌરવ વધશે. બીજા એક પાદરી લખે છે કે પરલોકના જ્ઞાનથી જ માનવતાનો ઉદ્ધાર શક્ય બને છે. ત્રીજા એક જ્ઞાની પુરુષ કહે છે કે દિવ્ય જીવન સમજ્યા વગર તમને માનવ જીવનનો કોયડો સમજાવાનો જ નથી.

વિષ્ણુના દૂતોના મુખથી નિર્ગુણ ભાગવત ધર્મ અને યમદૂતોના મુખથી ત્રણ વેદવાળો સગુણ ધર્મ સાંભળી અજામિલને શ્રીહરિમાં ભક્તિ ઉત્પન્ન થઇ અને પોતનાં દુષ્કર્મોનું સ્મરણ કરી તેને બહુ પશ્ચાત્તાપ થયો. તેને લાગ્યું કે "મેં કોઈ પૂર્વજન્મમાં મહાન પુણ્ય કર્યું હશે નહિતર મારા જેવા પાપીને છેલ્લી વખતે શ્રી ભગવાન વિષ્ણુનું નામ શી રીતે યાદ આવે? હું મહાકપટી પાપી નિર્લજ્જ ક્યાં અને ભગવાનનું "નારાયણ" જેવું મંગળમય નામ ક્યાં? હવે હું મારાં મન, ઇંદ્રિય અને પ્રાણને વશ કરીશ કે જેથી હું ઘોર અંધકારવાળા નરકમાં પડું નહિ, અને આ સ્ત્રીરૂપ ભગવાનની માયાથી હું મને મુક્ત કરીશ. (૬-૨-૩૭)

અાંહી અધ્યાત્મ ભાવે જોઇએ તો માયાને સ્ત્રીનું રૂપક આપેલ છે. તેથી જે વેશ્યાના પાશમાં અજામિલ ફસી ગયો હતો તે માયાનું સ્વરૂપ છે. અજામિલ શબ્દમાં અજાને સંસ્કૃત ભાષામાં માયા કહે છે. તેથી માયામાં પડેલા બધા માણસો અજામિલ સમજવાના છે.

અજામિલ પોતાના મનને કહે છે કે "હવે દેહ વગેરેમાં હું અને મારૂં એવી અસત્ બુદ્ધિને છોડીને હું ભગવાનનું કીર્તન કરી ભગવાનમાં બુદ્ધિને જોડીશ. આ પ્રમાણે ક્ષણવારના સત્સંગથી તેને તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થવાથી બધો મોહ છોડી તે હરિદ્વાર ચાલ્યો ગયો. ત્યાં સ્થિર આસનથી બેસી યોગમાર્ગનો આશ્રય લઈ પોતાની બધી ઇંદ્રિયોને વિષયોથી હઠાવી લઇ મનમાં લીન કરી દીધી અને મનને બુદ્ધિમાં લીન કરી દીધું (૬-૨-૪૦) પછી અધ્યાત્મ યોગદ્વારા આત્માને શરીર વગેરે દશ્યવર્ગથી પૃથક્ કરીને જ્ઞાનમય ભગવત્સ્વરૂપ પરબ્રહ્મમાં તે લીન થઈ ગયો. (૬-૨-૪૧)

મન અને ઇંદ્રિયોનો સ્વભાવ સાધારણ રીતે બહાર દોડવાનો છે અને જ્યાંસુધી જગત સાચું લાગે છે ત્યાંસુધી તે બહાર દોડ્યાં કરશે. તેથી વૈરાગ્યની જરૂર છે. તેની સાથે અભ્યાસ પણ જોઇએ.

ગીતામાં પણ ભગવાને કહેલ છે કે અભ્યાસ અને વૈરાગ્યથી મન વશ કરી શકાય છે. જેઓનું મન માયાનાં નામ અને રૂપમાં આસક્ત થઇ ગયું હોય છે તેમણે મનને ભગવાનના નામમાં અને ભગવાનના (સગુણ રૂપમાં આસક્ત કરવું જોઇએ. જેમ જમીન ઉપર પડી ગયેલો માણસ જમીનનો આધાર લઇને ઊઠે છે, તેમ નામરૂપની માયામાં પડેલ જીવ ભગવાનનાં નામ અને રૂપનો આધાર લઇને ઊઠી શકે છે. વૈરાગ્યની કેટલીક હકીકત પાંચમા સ્કંધમાં જડભરતના આખ્યાનમાં આવી ગયેલ છે. અભ્યાસ માટે અને પાપના પ્રાયશ્ચિત્ત તરીકે ભગવાનનું નામ લેવું એ શરૂઆતમાં જરૂરી સાધન છે. વેદાન્તમાં કહેલું છે કે જે કૃતોપાસ્તિ હોય છે (એટલે જેણે ઉપાસના સિદ્ધ કરેલ હોય છે તેને) જ્ઞાન જલદી થાય છે અને તેનો મનોનાશ અને વાસનાક્ષય પણ તરત થાય છે. જેણે ઉપાસના કરી હોતી નથી તેના ચિત્તમાં વિક્ષેપ રહ્યા કરે છે અને તેથી મનોનાશ અને વાસનાક્ષયને વાર લાગે છે. તેથી બહારની શુદ્ધિ માટે નિષ્કામ કર્મ અને અંતઃકરણની શુદ્ધિ માટે ઉપાસના એ જરૂરી સાધન માનવામાં આવેલ છે. એટલું કામ થયા પછી આત્મજ્ઞાન જલદી થાય છે અને નિષ્ઠા પણ તરત થાય છે. આત્મજ્ઞાન થયા પછી વ્યાવહારિક સત્તા પ્રાતિભાસિક થાય છે. તેમાં અંતઃકરણની વૃત્તિ ઉપર ઘણો આધાર છે. વૃત્તિનો આધાર અંતઃકરણની શુદ્ધિ ઉપર છે અને શુદ્ધિનો આધાર ઉપાસના ઉપર છે.

જ્યાંસુધી અજ્ઞાન હોય ત્યાંસુધી અંતઃકરણના ધર્મ આત્મામાં લાગ્યા કરે છે. જેમ કોઇ વખત લાલ પુષ્પની પાસે રહેલ સ્ફટિકને જોઇ, કોઈ કારણથી લાલ પુષ્પ ન દેખાય તો, સ્ફટિકમાં લાલપણાની બુદ્ધિ થઇ જાય છે તેમ અંતઃકરણનું પૃથક્ દર્શન ન થાય ત્યારે કર્તા–ભોક્તાવાળા ધર્મ આત્મામાં પ્રતીત થવા લાગે છે. પણ એ ધર્મ આરોપિત છે. તેથી જ્ઞાનથી આરોપનો અપવાદ થાય ત્યારે જીવ–બ્રહ્મની એકતા થઈ શકે છે. એ નિર્ગુણ સ્વરૂપના સાક્ષાત્કારનો માર્ગ છે, તેની વધારે હકીકત એકાદશ સ્કંધમાં આપેલ છે.

પણ અજામિલે ભક્તિયોગદ્વારા પોતાની બુદ્ધિ ભગવત્સ્વરૂપમાં લીન કરી દીધી હતી. તે વખતે વિષ્ણુના દૂતોએ જોયું કે તે એ જ અજામિલ છે. તેથી તે દૂતોએ અજામિલને પ્રણામ કર્યા. તે પછી તરંત અજામિલે પોતાનું શરીર ગંગાને કિનારે છોડી દીધું અને તેણે ભગવાનના પાર્ષદનું રૂપ ધારણ કર્યું. પછી તે બીજા પાર્ષદોની સાથે આકાશમાર્ગે વૈકુંઠધામમાં ચાલ્યો ગયો.

કેટલાક માણુસોના મનમાં એવી શંકા થાય છે કે જો જય–વિજય જેવાને વૈકુંઠમાંથી પડવું પડયું તો વૈકુંઠમાં જવાથી ફળ શું? તેના જવાબમાં વૈષ્ણવો એમ કહે છે કે વૈકુંઠ ત્રણ પ્રકારનાં છે. ૧. રમા વૈકુંઠ ૨. વ્યાપી વૈકુંઠ અને ૩. ગોલોક. પહેલા વૈકુંઠમાં ભેદબુદ્ધિ રહી ગઈ હોય તો ટકી શકાતું નથી અને ત્યાંથી પડવું પડે છે. અજામિલ પહેલા વૈકુંઠમાં ગયો હતો પણ તેની નિષ્ઠા આત્મામાં ઠીક થઈ હતી. જય–વિજયમાં ભેદબુદ્ધિ રહી ગઇ હતી તેથી તે પડયા હતા.

અધ્યાત્મભાવે વિચાર કરીએ તો ભીષ્મસ્તુતિમાં કહેલ છે કે બધાં ધર્મ–કર્મ કરતાં છતાં જેની બુદ્ધિ વૈકુંઠ એટલે અવિકારી રહી શકે તેને વૈકુંઠ કહે છે. એવા વૈકુંઠમાંથી જીવ પડી શકે નહિ.

આ પ્રમાણે અજામિલ જેવો પાપી માણસ પણ ભગવાનનું નામ લેવાથી અંતઃકરણ શુદ્ધ થયા પછી અધ્યાત્મયોગદ્વારા મુક્ત થયો. તેથી શ્રીહરિના નામસંકીર્તનથી વધારે સારૂં સાધન મુમુક્ષુને માટે નથી. તે બરાબર કરવામાં આવ્યું હોય તો માણસનું મન ફરીથી કર્મમાં આસક્ત થતું નથી. બીજાં પ્રાયશ્ચિત્ત કરવાથી ચિત્ત રજોગુણ અને તમોગુણમાં ઘેરાયેલું રહે છે. (૬–૨–૪૬)

પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે યમદેવના કાયદાનો ભંગ કોઈ કરી શકે એવું સાંભળવામાં આવેલ નથી; છતાં અજામિલની બાબતમાં આમ કેમ બન્યું?

શુકદેવજી—યમના દૂત ત્યાંથી વળીને પોતાના સ્વામી સંયમની પુરીના અધિપતિ યમ પાસે ગયા અને યમને પૂછ્યું કે "સંસારમાં પુણ્ય, પાપ અને મિશ્ર એ ત્રણ પ્રકારનાં કર્મ કરવાવાળા જીવોનાં કર્મનાં ફળ દેવાવાળા શાસક ખરેખરા કેટલા છે? જો જગતમાં ઘણા ઈશ્વર હોય તો જગત શી રીતે ચાલી શકે? અમે તો એમ સમજીએ છીએ કે આ જગતમાં જીવોને કર્મ પ્રમાણે ફળ દેનાર તમે એકલા જ છો, છતાં હાલના કાળમાં આપનો દંડ ચાલતો નથી એમ લાગે છે. અમે અજામિલનો જીવ લેવા ગયા ત્યાં જ વિચિત્ર પ્રકારના સિદ્ધ દૂતોએ આવીને અમને રોકીને પાછા કાઢ્યા. એ કોણ હતા? અજામિલે તો ફક્ત "નારાયણ" એટલું નામ લીધું તેટલામાં જ પાર્ષદોએ હાજર થઈને અમને દૂર કાઢ્યા." (૬–૩–૧૦)

યમરાજે જવાબ આપ્યો કે "મારા સિવાય એક સ્થાવર–જંગમના મુખ્ય અધીશ્વર છે. તેમનામાં આ આખું વિશ્વ તંતુમાં પટની સમાન ઓતપ્રોત છે, તેમના અંશ (બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ)ની અંદર ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે અને બધા લોક નાથેલા બળદની માફક તેમને આધીન છે. હું અને બીજા દેવો તેમની લીલાનો કાંઈ મર્મ સમજી શકતા નથી. જેમ ઘડો પોતાના પ્રકાશક નેત્રને જાણી શકતો નથી તેમ જીવોના અંતઃકરણમાં સાક્ષિરૂપે રહેલ પરમાત્માને ઇંદ્રિય, મન, પ્રાણ અને હૃદય કે વાણી જાણી શકતાં નથી. માયાપતિ જગદીશ્વર શ્રીહરિના દૂત તેમના સમાન રૂપ અને ગુણવાળા હોય છે અને તેઓ આ લોકમાં વિચર્યા કરે છે. એવા દૂત ભક્તિ કરનાર મનુષ્યોને તેમના શત્રુઓથી બચાવે છે. (૬–૩–૧૮)

અહીં ભગવાનના દૂતનો અર્થ સાધુ-સંતો એવો કરીએ તો સાધુ–સંતો ભક્તિ કરનારને સત્સંગ કરાવી આગળ ચલાવે છે એવો અર્થ પણ નીકળી શકે છે. ખાસ કરીને જેઓ ભગવાનનું નામ લેતા હોય તેમને ઘેર સાધુ–સંતોને જવાનું ગમે છે. પછી તેમના સત્સંગથી ભક્તો આગળ વધી શકે છે.

યમરાજ કહે છે કેઃ—

एतावानेव लोकेऽस्मिन्पुंसां धर्मः परः स्मृतः ।
भक्तियोगो भगवति तन्नामग्रहणादिभिः ॥
૬–૩–૨૨

અર્થઃ—આ લોકમાં ભગવાનનું નામ લેવાથી જે ભક્તિયોગ થાય છે તેને માણસનો સર્વશ્રેષ્ઠ ધર્મ માનવામાં આવે છે.

જુઓ! ભગવાનના નામનો પ્રભાવ કેવો છે! અજામિલ પણ એ પ્રભાવના બળથી મૃત્યુના પંજામાંથી બચી ગયો. મનુષ્યોના પાપોનો સમૂળ નાશ કરવા માટે ભગવાનના ગુણ સંબંધી નામ-કીર્તન એ મહાન સાધન છે. તેથી એવા પુરુષો મારા દંડને પાત્ર નથી. તેઓ પાપ કરતા નથી છતાં કોઈ પાપ તેમનાથી થઇ જાય તો ભગવાનના ગુણ ગાવાથી તે પાપ નષ્ટ થઈ જાય છે. જેઓ શ્રીહરિની ગદાથી રક્ષિત છે તેમની પાસે તમારે જવું નહિ. યમ કહે છે કેઃ—તેમને દંડ દેવામાં હું તથા સાક્ષાત્ કાળ પણ સમર્થ નથી. તમારે તો નીચેના સ્વભાવવાળા માણસોને જ મારી પાસે લાવવાઃ—

૧. જેઓ શ્રીહરિના ચરણકમળથી વિમુખ હોય અને નરકના દ્વારરૂપ પોતાના ઘરમાં આસક્ત હોય.

૨. જેમની જીભ ભગવાનનું નામ કદાપિ લેતી ન હોય, એવા અધમ પુરુષોને તમારે મારી પાસે લાવવા.

૩. મારા દૂતોએ (તમે) જે અપરાધ કર્યો છે, તેની ભગવાન ક્ષમા કરે એવું હું ઇચ્છું છું.

શુકદેવજી કહે છે કે આ પ્રમાણે યમરાજે તેમના દૂતોને ભક્તિનો પ્રભાવ સમજાવ્યો. શ્રીહરિનાં ઉદાર ચરિત્રોનું વારંવાર શ્રવણ અને કીર્તન કરવાવાળા પુરુષોનું અંતઃકરણ ભક્તિથી અનાયાસે જેવું શુદ્ધ થાય છે તેવું વ્રત વગેરેથી શુદ્ધ થતું નથી. આવો પુરુષ માયાના ગુણોમાં ફરીથી ફસાઈ જતો નથી. (૬–૩–૩૩).

ભક્તિમાર્ગનો સિદ્ધાંત એવો છે કે જે ઇંદ્રિયો વિષયો તરફ દોડીને જીવનું અંતઃકરણ બગાડે છે તેમને જો ભગવાનના ઉપયોગમાં લગાડી હોય તો તે ઇંદ્રિયોને કામ મળે અને અંતઃકરણની શુદ્ધિ થાય. જે વાણીથી માયાની વાતો બહુ થાય તે અંતઃકરણને દૂષિત કરે છે, પણ તે વાણીથી ભગવાનનું નામ લેવાય અને ભગવાનના ગુણનું કીર્તન થાય તો અંતઃકરણ શુદ્ધ થાય છે. કાનથી માયાની વાતો સાંભળીએ તો અંતઃકરણને બગાડે છે પણ તે જ કાનથી જો ભગવાનનાં ચરિત્રો સાંભળીએ તો અંતઃકરણ શુદ્ધ થાય છે. મનથી અનાત્માનું ચિંતન કરીએ તો તે બગડે છે પણ તેને જો આત્માના ચિંતનમાં લગાડીએ તો તે શુદ્ધ થાય છે. તેવી જ રીતે આંખ, જીભ વગેરે બીજી ઇંદ્રિયોને પણ ભગવાનનું કામ આપીએ તો અંતઃકરણને શુદ્ધ કરે છે. આ બાબત દશમ સ્કંધમાં શુકદેવજીએ પરીક્ષિત રાજાને વારંવાર કહેલ છે.

જ્ઞાનમાર્ગમાં વૈરાગ્યથી વ્યવહાર ઓછો કરવાની સૂચના વારંવાર આપવામાં આવે છે અને જે થોડો વ્યવહાર બાકી રહે તેનાથી આત્માનું અસંગપણું વારંવાર જણાવવામાં આવે છે. અંતઃકરણના ધર્મો આત્મામાં જણાય એ એક પ્રકારનું અજ્ઞાન હોવાથી જ્ઞાનથી તેની નિવૃત્તિ થાય છે. પણ જો વ્યવહાર વધારે હોય તો એ ભૂલ દૂર થઇ શકતી નથી. જેમનો વ્યવહાર વધારે હોય તેમને માટે નામસ્મરણ અને નામસંકીર્તન એ ઉત્તમ સાધન છે અને બધાં પાપનો નાશ કરનાર છે. બની શકે તો દિવસમાં પાંચ-સાત વખત અર્ધો કલાક નામસ્મરણ કરવું કે જેથી માયાના સંસ્કારો જોર કરે નહિ. આવા અભ્યાસની સાથે વૈરાગ્ય પણ જોઇએ.

પ્રકરણ ૭ મું

સાક્ષીરૂપી નારદ અને બુદ્ધિરૂપી દક્ષની કથા

માયારૂપી સંસારને જીતવો એ ઘણું મુશ્કેલ કામ છે અને તેમાં અનેક પ્રકારનાં વિઘ્નો ઉત્પન્ન થાય છે. અજામિલે તો એકવાર કામી માણુસને કામક્રીડા કરતો જોયો હતો પણ હાલના માણસો સીનેમામાં એવા દેખાવ કેટલીવાર જોતા હશે અને તેઓ પોતાનું મન શી રીતે વશ રાખી શકતા હશે? વળી જુવાન છોકરાઓ અને જુવાન છોકરીઓ એક જ હાઇસ્કૂલમાં અને એક જ કોલેજમાં સાથે ભણુવા લાગ્યાં છે, તેમાંથી કેટલાં પોતાનાં મન વશ રાખી શકતાં હશે? હવેના ગુંડાઓ કે જેઓ નિર્દોષને મારે છે અને સ્ત્રીઓનાં હરણુ કરે છે, તેમને પણુ ખોટી કેળવણી અને સીનેમાની કાંઇક અસર લાગી હોય છે. જેઓ અજ્ઞાની છે તેઓ ગમે તેનું કહેવું સાચું માની લે છે. તેઓ પોતાના હક્ક તરફ વધારે ધ્યાન આપે છે અને પોતાની જવાબદારી સમજી શકતા નથી. વળી તેમના હક્ક એટલે સંસારના વિષયો ભોગવવાની સગવડ, તે કરતાં વધારે તે કાંઇ સમજી શકતા નથી. એવા કામી અને ક્રોધી માણુસો કે જે સમાજને બગાડવાનો જ ધંધો કરે છે તેમને આગલા કાળમાં અસ્પૃશ્ય માનીને દૂર રાખવામાં આવતા હતા. હાલના કાળમાં એવું કરવું હોય તો જે ગુંડાઓ સમાજને ભયરૂપ છે તેમને પકડીને આંદામાન જેવા ટાપુમાં મોકલી આપવા જોઇએ, અથવા એક ટાપુ હિંદુ ગુંડાઓને માટે અને બીજો જુદો ટાપુ મુસલમાન ગુંડાઓને માટે અલગ રાખવો જોઇએ. ત્યાં લશ્કરની દેખરેખ નીચે તેમની પાસેથી કામ લેવું અને નીતિનું શિક્ષણ આપવું અને જેમનો સ્વભાવ સુધરે તેમને પાછા આવવા દેવા. અજામિલ સારો માણુસ હતો છતાં શૂદ્રના સંગથી બગડી ગયો. એવા શૂદ્ર હાલના સમાજમાં જ્યાંજ્યાં નજરે પડે, ત્યાંથી પકડીને તેમને

સમાજની બહાર કાઢી મૂકવા જોઇએ, અને તેમને સાચું જ્ઞાન મળે તેવા ઉપાય યોજવા જોઇએ. સમાજને માટે સંજોગો સુધારવાની જરૂર છે અને વ્યકિતને પોતાનું મન સુધરે તો સારા જીવનનો રસ્તો મળી શકે છે. માણસની જીંદગી ટુંકી હોવાથી, સમાજ સુધારવાનું કામ પોતાની જીંદગી પૂરી થાય ત્યાંસુધીમાં પૂરૂં થતું નથી પણ પોતાનું મન સુધારવાનું કામ કરીએ તો જલ્દી જીવનનું ખરૂં રહસ્ય સમજવામાં આવે છે.

એ બાબત એક કથાના રૂપમાં રૂપક આપીને શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવે છે. (૬–૪–૩)

જ્યારે પ્રાચીનબર્હિના પ્રચેતા નામના દશ પુત્રોએ સમુદ્રથી બહાર નીકળી બધી પૃથ્વીઓને વૃક્ષોથી ઢંકાઈ ગયેલી જોઇ ત્યારે તપોબળના કારણથી તેમને ઘણો ક્રોધ ચઢ્યો અને વૃક્ષો ઉપર કોપાયમાન થઇને તેમને બાળવા માટે પોતાના મોઢામાંથી વાયુ અને અગ્નિ કાઢયા. અાંહી એમ સમજવું કે જીવ પાણીના બિંદુમાંથી ઉત્પન્ન થાય છે. જ્યારે તેનામાં દશ ઇંદ્રિયો જાગૃત થાય છે ત્યારે સંસારરૂપી વૃક્ષ એટલો બધો વધેલો જણાય છે કે પૃથ્વીરૂપી અધિષ્ઠાન તેમના જોવામાં આવતું નથી. પછી ઔષધિઓના રાજા સોમ પ્રચેતાઓ પાસે આવ્યા અને તેમને કહ્યું કે "પ્રજાની વૃદ્ધિ કરવી એ તમારૂં કામ છે, તમારે આ વૃક્ષોનો દ્રોહ કરવો ન જોઇએ. બધા સંસારને સુખથી રહેવા દેવો જોઇએ. ભગવાને આ સંસાર બધા પ્રાણીઓને કર્મનાં ફળ ભોગવવા માટે રચેલો છે. તેમાં રચના જ એવી છે કે એક પ્રાણી બીજાનું અન્ન બની જાય છે. (૬–૪–૯) માટે તમે ક્રોધને શાંત કરો અને તમારા કુળમાં આગળ ઉત્પન્ન થયેલ સત્પુરુષોના માર્ગનું અવલંબન લ્યો. બધા પ્રાણીઓના અંતઃકરણમાં આત્મરૂપથી ભગવાન શ્રીહરિ રહેલા છે માટે તે બધા પ્રાણીઓનું નિવાસસ્થાન છે. એવી દૃષ્ટિ રાખશો તો તમે શ્રીહરિને સંતોષ આપી શકશો (૬–૪–૧૩). જે માણસ પોતાના હૃદયમાં ઉત્પન્ન થયેલ ક્રોધને આત્મવિચારથી શાંત કરી દે છે તે ત્રણે

ગુણોથી પર થઈ જાય છે. માટે તમે ઝાડોને બાળવાનું કામ બંધ કરો અને ઝાડોએ પાલન કરેલી આ શ્રેષ્ઠ કન્યા સાથે તમે પરણો. આમ કહી વૃક્ષોના રાજા સોમે પ્રમ્લોચા નામની અપ્સરાથી ઉત્પન્ન થયેલ મારિષા નામની કન્યા પ્રચેતાઓને આપી. આંહી સોમ એટલે મન સમજવું અને પ્રમ્લોચા એટલે સારી દૃષ્ટિ હોય તો તેને પરિણામે ઈચ્છા અને ક્રોધ મરે—તે મારિષા સમજવાની છે. તેને વાસનાક્ષય પણ કહે છે. તેની સાથે પ્રચેતાઓએ વિવાહ કર્યો. તે કન્યાથી તેમને પ્રાચેતસ નામથી પ્રસિદ્ધ દક્ષ નામનો પુત્ર થયો. એટલે જો આપણામાં વાસનાનો ક્ષય થાય તો દક્ષરૂપી બુદ્ધિ ઉત્પન્ન થાય છે. એ દક્ષની શક્તિથી અનેક જીવોની રચના પૃથ્વી ઉપર થયેલ છે.

ઉપરના દૃષ્ટાંતમાં દૃષ્ટિ સુધારવા માટે ખાસ ભલામણ કરવામાં આવેલ છે. તેથી અપ્સરાનું નામ પ્રમ્લોચા મૂકેલ છે. ઉપનિષદની અંદર પણ એવો શાંતિપાઠ આવે છે કે **भद्रं पश्येम अक्षभिर्यजत्राः।** એટલે જિજ્ઞાસુ સાધક દેવોને એવી પ્રાર્થના કરે છે કે અમારી આંખો એવી કરી આપો કે જેથી અમારૂં કલ્યાણ થાય એવી દૃષ્ટિ અમે રાખીએ. આંખોનો સ્વભાવ એવો છે જો દૃષ્ટિમાં સંભાળ ન રહે તો માયાનાં રૂપ આંખમાં જઈને આંખને બગાડે છે. માણસના ચાલુ વ્યવહારમાં તેનો આત્મા એટલો બધો ભળી ગયેલો જણાય છે કે સાક્ષી તરીકે અથવા દ્રષ્ટા તરીકે અલગ રહીને તે પોતાની ઈંદ્રિયોની ભૂલો જોઈ શકતો નથી. હાલની કેળવણીનો ઘણો ભાગ માત્ર ભૌતિક સુખ અથવા પ્રાણનું સુખ અથવા મનના સુખ સુધી જ વિદ્યાર્થીને લઈ જાય છે. તેથી બહારના સુખની દશા એ છેવટની દશા હોય એવું ઘણાને લાગે છે. પણ બહારનાં સુખ કેટલી હદ સુધી વધારવાં તેની હદ રહેતી નથી. તેથી જીવનનો વિકાસ થતો અટકી જાય છે. પછી પ્રચેતાઓની માફક પોતાની ઈચ્છા પૂરી ન થાય એટલે સંસાર ઉપર ક્રોધ ચડે છે. પણ સંસાર ઉપર ક્રોધ કરવાને બદલે પોતાની દૃષ્ટિ સુધારવાની જરૂર છે. તેથી બુદ્ધિની પણ જરૂર છે. તે દક્ષપ્રજાપતિનું

સ્વરૂપ છે. જ્યારે માણસમાં બુદ્ધિ હોતી નથી ત્યારે તે સ્વતંત્ર વિચાર કરતાં શીખતા નથી અને સમાજમાં ગમે તેના શિષ્ય થઇ બેસે છે. તેથી એવી ટેવ પડી જાય છે કે સમાજમાં હોય ત્યારે પોતાને ઠીક માને છે અને એકલો પડયો એટલે પોતાનું જીવન નિરર્થક માને છે. તેથી બુદ્ધિ વગરનો માણસ એકલો પડે ત્યારે બીકણ બને છે. તેને મરણની બીક લાગે છે, પાડોશીની બીક લાગે છે, હુલ્લડની બીક લાગે છે અને બીજી કોમની બીક લાગે છે. બીકણ માણસ ઘણીવાર મરે છે. એટલે જેટલી વાર બીએ છે તેટલી વાર મરે છે. બીક પણ એક જાતનો રોગ છે. માટે દશ ઇંદ્રિયોથી જે જ્ઞાન મળે તે સાચું નથી. તેમાંથી દશ પ્રચેતાઓના જેવો ક્રોધ ઉત્પન્ન થાય છે. નિશાળો અને કોલેજોમાં જે જ્ઞાન આપવામાં આવે છે તે જગત વિષેનું જ્ઞાન છે. આત્મા વિષે અથવા ઇશ્વર વિષે તે જ્ઞાન હોતું નથી. માણસ જડ વસ્તુઓ ઉપર પ્રેમ કરવામાં બીજા માણસ ઉપર પ્રેમ કરવાનું ભૂલી ગયેલા છે. અજ્ઞાની માણસ પોતાની જરૂરીઆત વધારી મૂકે છે. તેના ઘરમાં વસ્તી વધતા જાય છે અને તેમને માટે અનેક જાતનાં પાપ અને અનીતિ કરવાં પડે છે. ઇચ્છા વધી ગયા પછી તેને વશ કરવી મુશ્કેલ છે તેથી શરૂઆતમાં જ મારિષા નામની કન્યાને પરણવું એટલે વૈરાગ્યવાન થવું એ વધારે સારૂં છે. એવા જીવનથી દક્ષરૂપી બુદ્ધિનો જન્મ થાય છે.

પહેલાં દક્ષ પ્રજાપતિએ આકાશ, સ્થળ અને જળ ઉપર રહેવાવાળા દેવ, અસુર અને મનુષ્યરૂપ પ્રજાને મનથી ઉત્પન્ન કરી પણ તેથી પ્રજાની વૃદ્ધિ થઇ નહિ, તેથી દક્ષ વિંધ્યાચળની તળેટીમાં ઘોર તપ કરવા લાગ્યા. ત્યાં તેમણે તપદ્વારા શ્રીહરિને પ્રસન્ન કર્યા અને શ્રીહરિની સ્તુતિ કરી. ઘણા માણસોમાં બુદ્ધિ આવે છે પણ તે બુદ્ધિ જો હરિ તરફ વળે નહિ તો ઘણા અનર્થ ઉપજાવે છે. હાલમાં આપણા દેશના કેટલાક નેતાઓ બારીસ્ટર થયેલા છે પણ પહેલા દક્ષની માફક શંકરરૂપી હરિને યાદ કરતા નથી તેથી તેમની વૃત્તિ ભેદભાવવાળી રહી જાય છે. એ દક્ષનો ફરીથી બીજો અવતાર થયો

ત્યારે હવે તેની બુદ્ધિ કાંઈક હરિમાં લાગી છે; હવે તેણે જે સ્તુતિ કરી તેને હંસગુહ્ય સ્તોત્ર કહે છે. હંસગુહ્ય એટલે ગુપ્ત આત્માનું સ્વરૂપ જે રીતે જાણી શકાય તે રીતનું સ્તોત્ર સમજવું. ટુંકામાં દક્ષ કહે છે કેઃ—જે પરમાત્માની ચિત્ શક્તિ અમોઘ છે, જે જીવ અને માયાના નિયંતા છે, જેને પ્રત્યક્ષાદિ પ્રમાણ પહોંચી શકતાં નથી એવા સ્વયંપ્રકાશ સર્વોત્તમ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. જેમ રૂપ પોતાના પ્રકાશક ચક્ષુને જાણી શકતું નથી તેમ આ શરીરમાં સખાભાવથી રહેનારાવાળો જીવ સખાભાવથી સાથે રહેનાર વિશ્વસાક્ષીને નથી જાણી શકતો, એવા મહેશ્વરને મારા નમસ્કાર છે. (૬–૪–૨૪. દર્શન અને સ્મરણનો નાશ થાય ત્યારે જ્યારે નામરૂપના બાધક મનની સમાધિ થાય છે, તે વખતે જે કેવલ પોતાની સ્વરૂપ–સ્થિતિથી જણાય છે તથા શુદ્ધ ચિત્ત એ જ જેનું ઉપલબ્ધિસ્થાન છે, એ શુદ્ધ સ્વરૂપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. (૬–૪–૨૬). જે કાંઈ વાણીથી કહી શકાય છે અને બુદ્ધિ, ઇંદ્રિય અને મનથી ગ્રહણ કરી શકાય છે તે તેનું રૂપ નથી, એ તો ગુણોનું કાર્ય છે.

> यस्मिन्यतो येन च यस्य यस्मै
> यद्यो यथा कुरुते कार्यते च ।
> परावरेषां परमं प्राक् प्रसिद्धं
> तद् ब्रह्म तद्धेतुरनन्यदेकम् ॥
>
> (૬–૪–૩૦)

જેમાં, જ્યાંથી, જેના દ્વારા, જેનું, જેને માટે, જે કાર્યને જે પ્રકારે કરવામાં આવે છે તે બધું બ્રહ્મ જ છે. કારણ કે તે સંપૂર્ણ કાર્યકારણથી પૂર્વસિદ્ધ છે અને સજાતીય–વિજાતીય ભેદથી રહિત બધાનું એકમાત્ર કારણ છે.

(આવો શ્લોક ભાગવતમાં બે ત્રણ ઠેકાણે આવે છે.)

વળી યોગશાસ્ત્ર કહે છે કે સંપૂર્ણ જગત ભગવાનનું જ રૂપ છે

અને સાંખ્ય કહે છે કે એને કોઈ રૂપ નથી. આ પ્રકારે એક જ વસ્તુમાં બે વિરુદ્ધ અને ભિન્ન ધર્મોનું પ્રતિપાદન કરનાર યોગ અને સાંખ્યમાં પોતપોતાના તર્કોને અનુકૂલ જે એક સમાન અને શ્રેષ્ઠ વસ્તુ અભિમત છે તે જ બ્રહ્મ છે. પ્રાકૃત નામ અને રૂપથી રહિત હોવા છતાં જે અનન્ત ભગવાને પોતાના ચરણકમળનું ભજન કરનાર પુરુષો ઉપર કૃપા કરવાને માટે પોતાના જન્મ અને કર્મોદ્વારા ક્રમશઃ રૂપ અને નામ ધારણ કરેલ છે તે પરમાત્મા મારા ઉપર પ્રસન્ન થાઓ (૬–૪–૩૩)."

આ પ્રમાણે સ્તુતિ કરી ત્યારે ભગવાન દક્ષની પાસે પ્રગટ થયા. તે વખતે ભગવાન ગરુડ ઉપર ચડયા હતા. તેમને ૮ ભુજાઓ હતી. તેમનું શરીર શ્યામ હતું, ઉપર પીતાંબર પહેર્યું હતું અને તેમનું મુખ અને નેત્ર પ્રસન્ન હતાં. તેમની આસપાસ નારદ અને નન્દ–સુનન્દ વગેરે પાર્ષદ હતા અને અનેક દેવનાયક આસપાસ હતા. (૬–૪–૩૯)

આ સ્વરૂપનો સમાધિભાષામાં અધ્યાત્મ રીતે અર્થ કરીએ તો બુદ્ધિ જ્યારે શુદ્ધ થાય છે ત્યારે તેનામાં ૮ ભુજા રૂપ ૮ શક્તિ આવે છે, બ્લ્યુ રંગનું તેજ દેખાય છે. નારદ સાક્ષિરૂપ અને નન્દ-સુનન્દ આનંદરૂપ છે, આવું સ્વરૂપ કેટલાક માણસોને ધ્યાનમાં અનુભવમાં આવે છે.

ભગવાને દક્ષને કહ્યુંઃ "તમે ઉત્તમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. કારણ કે મારામાં શ્રદ્ધા કરવાથી તમારો મારામાં દૃઢ પ્રેમ થઈ ગયો છે.

બ્રહ્મા, મહાદેવ, તમે, મનુ અને ઈન્દ્ર એ બધા, પ્રાણીઓની ઉત્પત્તિના હેતુભૂત મારી વિભૂતિઓ છો. તપ મારૂં હૃદય છે, વિદ્યા શરીર છે, કર્મ આકૃતિ છે, યજ્ઞ અંગ છે, ધર્મ મન છે અને દેવતા પ્રાણ છે. (આંહી અધ્યાત્મ ભાગ સ્પષ્ટ કરી આપેલ છે.) સૃષ્ટિના આદિકાળમાં હું જ હતો. તેવા સ્વરૂપમાં માયાના યોગથી ગુણમય

બ્રહ્માંડ-શરીર પ્રગટ થયું, તે જ વખતે આયેનિજ આદિ-પુરુષ બ્રહ્મા પ્રગટ થયા અને તે પછી નવ પ્રજાપતિ ઉત્પન્ન થયા. (૬-૪-૫૦)

આંહી અને બીજે ઘણે ઠેકાણે માયાથી જગતની ઉત્પત્તિ બતાવેલ છે. એ માયાનું સ્વરૂપ કેવું છે? બીજા સ્કંધમાં ચતુઃશ્લોકી ભગવતમાં એમ કહેલું છે કે "જેમ બે ચંદ્ર ન હોવા છતાં દૃષ્ટિના દોષથી બે ચંદ્ર દેખાય છે તેમ પ્રપંચ થયા વગર પ્રતીત થાય છે અને આત્મા નિત્ય હોવા છતાં દેખાતો નથી, એનું નામ માયા છે (૨-૯-૩૩). એને શાસ્ત્રમાં પ્રાતિભાસિક સત્તા કહે છે. જેમને માયાનું સ્વરૂપ સમજાતું નથી તેઓ માયાને વ્યાવહારિક સત્તામાં લે છે. જેમને માયાનું સ્વરૂપ સમજાય છે તેઓ માયાને પ્રાતિભાસિક સત્તાવાળી માને છે. પ્રાતિભાસિક સતાનાં દૃષ્ટાન્ત સ્વપ્ન, રજ્જુસર્પ, છીપમાં રૂપાની ભ્રાંતિ વગેરે ભાગવતમાં ઘણે ઠેકાણે આવે છે. હાલના નવા વિજ્ઞાનવાળા (સાયન્સવાળા) પણ ગણિતથી જગતને પ્રાતિભાસિક બનાવી દે છે. દૃષ્ટાંત રીતે એક ૫ વર્ષના બાળકે એક ખુરશી જોઇ. તે તેને ઊંચી લાગવાથી ઠેકડો મારીને તેને ચડવું પડ્યું. ૨૫ વર્ષ સુધી તે ખુરશી ત્યાં જ પડી રહી અને ૩૦ વર્ષની ઉંમરે તે માણસ તે ખુરશી ઉપર ઠેકડો માર્યા વગર સહેલાઇથી બેસી ગયો. કારણ કે તેને તે ખુરશી તે વખતે નાની લાગી. હવે કઇ ખુરશી સાચી? તેણે નાની ઉંમરે જોયેલી હતી તે સાચી? કે મોટી ઉંમરે જોયેલી હતી તે સાચી? હાલનું સાયન્સ એમ કહે છે કે ખુરશી એ કોઇ વસ્તુ (object) નથી પણ એક બનાવ છે અથવા બનાવટ છે. આ પ્રમાણે જ્યારે આપણે જગતને જોનારાનો વિચાર કરીએ છીએ ત્યારે જગત પ્રાતિભાસિક (આભાસમાત્ર) બની જાય છે. પછી પ્રાતિભાસિક સત્તા કોને કહેવી તેનો વિચાર નીચે પ્રમાણે વિગતથી કરવો:—

૧. પ્રાતિભાસિક વસ્તુ સ્વપ્નની માફક સાચી હોતી નથી.

૨. પ્રાતિભાસિક વસ્તુ દ્રષ્ટાથી જુદી હોતી નથી.

૩. પ્રાતિભાસિક વસ્તુ ખોટી હોવાથી તેનું જ્ઞાન રાખવાની જરૂર નથી.

૪. પ્રાતિભાસિક વસ્તુની ઉત્પત્તિ, સ્થિતિ કે લય થતા નથી.

૫. પ્રાતિભાસિક વસ્તુના એક અંશની નિવૃત્તિ થતી નથી. છીપમાં દેખાતા રૂપામાં પણ એક અંશની નિવૃત્તિ થતી નથી. પ્રાતિભાસિક વસ્તુ નિરાકાર હોય છે.

૬. પ્રાતિભાસિક વસ્તુની નિવૃત્તિ સમકાળે થાય છે. જેમ મૃગજળ ધીરે ધીરે સૂકાતું નથી તેમ કલ્પિત જગત ધીરે ધીરે ઉત્પન્ન થતું નથી અને ધીરે ધીરે લય થતું નથી.

૭. જ્ઞાનકાળે પ્રાતિભાસિક વસ્તુનો ત્રૈકાલિક નિષેધ થાય છે. જે અજ્ઞાનકાળે ખોટું છે તે જ્ઞાનકાળે સાચું રહી શકે નહિ.

૮. પ્રાતિભાસિક વસ્તુ અધિષ્ઠાનની સાથે રહે તો દ્વૈત થતું નથી. અરિસામાં મોઢું દેખાય તેથી બે મોઢાં થતાં નથી.

૯. વસ્તુ એક હોવાથી જ્ઞાનીને શરીરમાં અહંભાવ નથી અને જગતમાં ઇદંભાવ નથી.

૧૦. ઠુંઠામાં પુરુષ દેખાય છે તે વખતે બે જ્ઞાનની સામગ્રી નથી તેમ બધા પ્રાતિભાસિક બનાવમાં બે જ્ઞાનની સામગ્રી નથી.

૧૧. સ્વપ્ન સ્વપ્ન વખતે વ્યાવહારિક છે: જાગ્યા પછી પ્રાતિભાસિક લાગે છે. પ્રાતિભાસિક લાગ્યા પછી બધું હું હતો એ માનવું સહેલું છે.

૧૨. પ્રતિભાસિક વસ્તુમાં માત્ર જ્ઞાત-સત્તા રહે છે એટલે તેનું જ્ઞાન થાય ત્યારે અર્થકારી થાય છે. અજ્ઞાત રજ્જુસર્પથી બીક ઉત્પન્ન થતી નથી.

૧૩. પ્રતિભાસિક વસ્તુ અર્થકારી થઇ શકે છે. તે માટે શ્રીમદ્‌ભાગવતમાં એકાદશ સ્કંધમાં નીચે પ્રમાણે પ્રમાણ આપેલ છે.

छायाप्रत्याह्वयाभासा ह्यसन्तोऽप्यर्थकारिणः ।
एवं देहादयो भावा यच्छन्त्या मृत्युतो भयम् ॥

૧૧-૨૮-૫

અર્થ—છાયા, પ્રતિધ્વનિ અને આભાસ અસત હોવા છતાં (સત્યવત્ દેખાવાથી) જેમ અર્થકારી થાય છે, તેમ દેહ વગેરેની ઉપાધિએ પણ મૃત્યુપર્યંત ઘણા પ્રકારના ભય આપે છે.

૧૪. સત્યમાં ભૂમિકા હોતી નથી. દોરડીમાં સર્પ દેખાય ત્યારે સર્પના જ્ઞાન કરતાં દોરડીનું જ્ઞાન વધારે સાચું નથી. કારણ કે પહેલું જ્ઞાન તદ્દન ખોટું છે. તેવી જ રીતે સ્વપ્નના જ્ઞાન કરતાં જાગ્રતનું જ્ઞાન વધારે સાચું નથી, કારણ કે સ્વપ્નનું જ્ઞાન તદ્દન ખોટું છે. ખોટા અને સાચા વચ્ચે વધારે ઓછાની સરખામણી થઇ શકતી નથી.

૧૫. મિથ્યા એટલે તદ્દન ખોટું નહિ પણ જે સાચા જેવું લાગે અને જે બીજી દશામાં બાધ પામે તે.

૧૬. કોઈ એમ પૂછે કે જગત તો સર્વને સરખું દેખાય છે, તો પૂછનારને કહેવું કે તને દેખાય છે તેવું લખ અને તપાસ કર કે એવું બીજાં કોઇને દેખાય છે કે નહિ? તપાસ કરતાં જગત પ્રાતિભાસિક લાગશે.

૧૭. કલ્પિત વસ્તુની તેના અધિષ્ઠાન સાથે એકતા થતી નથી કારણ કે કલ્પિતનું અસ્તિત્વ નથી. જ્ઞાન થાય ત્યારે કલ્પિતનું અસ્તિત્વ બાધ પામે છે.

૧૮. કલ્પિત વસ્તુ વિદ્યાવેદ્ય નથી. રજ્જુમાંથી સર્પનો બાધ થયા પછી તે વિદ્યાવેદ્ય નથી.

છતાં જેઓ પ્રાતિભાસિક સત્તા સમજી શકતા નથી અને જીવ અને જગત વ્યાવહારિક સત્તામાં છે એમ જેમને લાગે છે, તેમણે ભગવાનની ભક્તિ કરીને ભગવાનનો અનુગ્રહ મેળવવાની જરૂર છે. જ્યારે ભગવાનનો અનુગ્રહ થશે ત્યારે ભગવાન સિવાય બીજું કાંઈ રહેશે નહિ.

દક્ષ પ્રજાપતિ એ બુદ્ધિનું સ્વરૂપ છે. તેના દ્વારા અનેક પ્રકારની વૃત્તિઓ અને પ્રજાઓ વધે છે. તેથી સંસારને આરોપબુદ્ધિથી

સમજાવીને પછી અપવાદ કરવાની શાસ્ત્રોમાં રીત છે, તેથી ભગવાન દક્ષને કહે છે કે તમે પંચજન પ્રજાપતિની અસિક્નીની નામવાળી કન્યાને તમારી ભાર્યારૂપે ગ્રહણ કરો અને દાંપત્ય સંબંધથી રતિધર્મનો સ્વીકાર કરીને મૈથુન-ધર્મવાળી ભાર્યાથી ઘણી પ્રજા ઉત્પન્ન કરી શકશો. આંહી પંચજન એટલે પંચમહાભૂત સમજવાનાં છે. તે પ્રાતિભાસિક છે છતાં અસિ (ક્ની) એટલે સાચા છે. હવે ભાવ બુદ્ધિમાં આવે તો જ તેમાંથી વધારે માયાની વૃદ્ધિ થઇ શકે.

આ પ્રમાણે દક્ષને ઉપદેશ આપીને વિશ્વભાવન ભગવાન હરિ તેના દેખતાં દેખતાં સ્વપ્નમાં દેખેલા પદાર્થોની માફક ત્યાં જ અંતર્ધાન થઇ ગયા. (૬-૪-૫૪) આંહી ભગવાનનું એ રૂપ સ્વપ્નના જેવું પ્રાતિભાસિક હતું એમ બતાવેલ છે. ભગવાનનું સાચું સ્વરૂપ તો સર્વવ્યાપક છે તેથી તે રૂપે તે અંતર્ધાન થઈ શકે નહીં.

પછી દક્ષ પ્રજાપતિએ પંચજનની પુત્રીથી હર્યશ્વ નામના દશ હજાર પુત્ર ઉત્પન્ન કર્યા. એ બધા દક્ષની માફક સમાન ધર્મ અને સમાન સ્વભાવવાળા હતા. જ્યારે તેના પિતાએ તેમને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા દીધી ત્યારે તે તપ કરવા પશ્ચિમ દિશામાં ચાલ્યા ગયા. જ્યાં સિંધુ નદી સમુદ્રને મળે છે ત્યાં નારાયણ સરોવર નામનું મહા તીર્થ છે ત્યાં ગયા. ત્યાં સ્નાન કરવાથી તેમનાં અંતઃકરણનો મેલ ધોવાઇ ગયો. અને તેમની બુદ્ધિ પરમહંસના ધર્મમાં લાગી ગઈ. ત્યાં તે દક્ષના પુત્રોને નારદજી મળ્યા. નારદજીએ તેમની પાસે જઈને કહ્યું: "અરે હર્યશ્વગણ! મને ખેદ થાય છે કે તમે પ્રજાપતિ હોવા છતાં મૂર્ખ છો. તમે પૃથ્વીનો અંત જોયા વિના કેવી રીતે પ્રજાની ઉત્પત્તિ કરશો ?

આંહી દશ હજાર દીકરા ગણીને સાચા માનવા નહિ પણ જેનામાં બુદ્ધિ છે એવા ઘણા માણસો માનવા. વળી તેમની બુદ્ધિની પરીક્ષા કરવા માટે નારદજીએ તેમને નીચે પ્રમાણે પ્રશ્નો પૂછ્યા.

નારદજી એ સાક્ષીનું સ્વરૂપ છે. જ્ઞાનમાર્ગમાં સાક્ષીને આકાશની માફક નિષ્ક્રિય માનેલ છે, અને ભક્તિમાર્ગમાં સાક્ષીને વાયુની માફક સક્રિય માનેલ છે. (૧–૫–૭) નારદજી દક્ષના પુત્રો પાસે નીચે પ્રમાણે પ્રશ્નો મૂકે છે:—

૧. પૃથ્વીનો અંત ક્યાં છે?

૨. જે દેશમાં એક પુરુષ છે તે દેશને તમે જાણો છો?

૩. જે ગુફામાંથી નીકળવાનો માર્ગ નથી એવી ગુફાને તમે જાણો છો?

૪. એક બહુરૂપી સ્ત્રી છે તેને જાણો છો?

૫. જે પુરુષ વ્યભિચારી સ્ત્રીનો પતિ છે તેને તમે જાણો છો?

૬. બંને બાજુ વહે છે એવી નદીને તમે જાણો છો?

૭. પચીસ પદાર્થથી બનેલ વિચિત્ર ઘરને તમે જાણો છો?

૮. ચિત્રવિચિત્ર પાંખવાળા હંસને તમે જાણો છે?

૯. છરા અને વજ્રથી બનેલા અને પોતાની મેળે ફરવાવાળા ચક્રને તમે જોયેલ છે?

આટલું જાણ્યા વગર તમે પરમ પિતાની વાસ્તવિક આજ્ઞા સમજ્યા વગર તેને અનુરૂપ સૃષ્ટિ શી રીતે કરશો?

નારદજીના આવા ગૂઢ કોયડા જેવાં વચન સાંભળીને હર્યશ્વગણ પોતાની બુદ્ધિથી નીચે પ્રમાણે અનુક્રમે વિચાર કરવા લાગ્યા.

૧. આ જીવ નામનું લિંગશરીર એ જ ભૂમિ છે. અને જે આત્માનું અનાદિ બંધન છે, તેનો અંત જોયા વગર બીજાં અસત્ (એટલે મોક્ષમાં ઉપયોગી નથી એવાં) કર્મોમાં લાગી રહેવાથી શો લાભ છે?

૨. બધી અવસ્થાઓના સાક્ષી પોતાના જ આશ્રયે રહેવાવાળા અને પ્રકૃતિ વગેરેથી અતીત એક જ ઈશ્વર છે, એવા નિત્ય

મુક્ત પરમાત્માને જોયા વગર પુરુષોને બીજા અસત્ કર્મથી શો લાભ છે?

૩. જેને પ્રાપ્ત કરીને પુરુષ પાતાળના જીવની માફક પાછો આવતો નથી, એ સ્વયંજ્યોતિ પરમાત્માને જાણ્યા વિના સંસારમાં બીજા વ્યર્થ કર્મથી શું પ્રયોજન છે?

૪. જુદાંજુદાં રૂપ ધારણ કરવાવાળી આ ગુણમય બુદ્ધિ એક વ્યભિચારિણી સ્ત્રીની સમાન છે. તેનો અંત જાણ્યા સિવાય અસત્ કર્મોથી શો લાભ છે?

૫. કુલટા ભાર્યાના સંગથી પતિત થયેલ પતિની માફક આ બહુરૂપિણી બુદ્ધિના સસંર્ગથી ઐશ્વર્યભ્રષ્ટ થઈ તેની સુખદુ:ખરૂપ ગતિને પ્રાપ્ત થનાર જીવને જાણ્યા વગર આ સંસારમાં વિવેકશૂન્ય કર્મકલાપથી શું લાભ છે?

૬. સંસારની ઉત્પત્તિ અને સંહાર કરવાવાળી અને આ લોક અને પરલોકરૂપ બંને કિનારા સુધી ફેલાઈ ગયેલ વેગવાળી આ માયારૂપ નદીને જે જાણતા નથી, તેવા ઉન્મત્ત પુરુષને બીજાં અસત્ કર્મોથી શું મળવાનું છે?

૭. અંતર્યામી પુરુષ ૨૫ તત્ત્વનો અદ્ભુત આશ્રય છે. કાર્ય-કારણ સંઘાતના જે અધિષ્ઠાતા છે, એવા એ પુરુષનું સ્વરૂપ ન જાણનાર વ્યક્તિને બીજાં કર્મથી શું ફળ છે?

૮. જેનાથી બંધ અને મોક્ષનો વિવેક થાય એવા ઈશ્વર-પ્રતિપાદક શાસ્ત્રને છોડી જડ અને ચૈતનનું જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર બીજાં બહિર્મુખ કર્મોથી શો લાભ છે?

૯. આ પ્રમાણે સંપૂર્ણ જગતને આકર્ષણ કરનાર અતિસ્વતંત્ર અને તીક્ષ્ણ કાળચક્રને ન જાણનાર પુરુષને બીજાં વ્યર્થ કર્મોથી શો લાભ છે?

૧૦ જે પુરુષ પિતાતુલ્ય શાસ્ત્રની નિવૃત્તિપરાયણ આજ્ઞાને

માનતા નથી, એવા માયાના ગુણોમાં આસ્થા રાખવાવાળા પુરુષ કયે પ્રકારે નિવૃત્તિમાં તત્પર થઈ શકે ?

આ પ્રમાણે નિશ્ચય કરીને હર્યશ્વગણોએ નારદજીની પરિક્રમા કરી અને મોક્ષમાર્ગનો રસ્તો લીધો કે જ્યાંથી ફરી પાછું આવવું પડતું નથી. આજના વખતના માણસોને માટે નારદજીના ઉપરના પ્રશ્નો અને દક્ષના એટલે બુદ્ધિના દીકરાઓના નિશ્ચય ખાસ યાદ રાખવા જેવા છે. એ નારદજીના સત્સંગનું ફળ હતું.

પછી નારદજી પોતાની વીણા વગાડતા ભગવાનમાં એકાગ્ર ચિત્ત રાખીને અખંડ સ્થિર રહી બીજા લોકમાં ચાલ્યા ગયા.

બીજી બાજુ આંહી દક્ષ પ્રજાપતિએ જ્યારે એમ સાંભળ્યું કે નારદજીએ મારા પુત્રોને કર્તવ્યભ્રષ્ટ કર્યા ત્યારે તેને બહુ શોક થયો. તે પછી બ્રહ્માજીએ તેમને સમજાવ્યા અને તેથી પોતાની સ્ત્રી પાંચજનીથી ફરીથી શબલાશ્વ નામના એક હજાર પુત્ર ઉત્પન્ન કર્યા. તે પણ પિતાની આજ્ઞા પ્રમાણે પ્રજા વધારવાના સંકલ્પથી નારાયણ સરોવર ગયા. ત્યાં સ્નાન કરતાં જ તેમનું અંતઃકરણ શુદ્ધ થયું અને પરબ્રહ્મ (ૐ) નો જપ કરતાં તેમણે તપ શરૂ કર્યું. કેટલાક મહિના માત્ર જળ પીને અને વાયુનું ભક્ષણ કરીને નીચેના મંત્રથી તેઓએ ભગવાનની ભક્તિ કરીઃ—

ॐ नमो नारायण पुरुषाय महात्मने।
विशुद्धतत्त्वधिष्ण्याय महाहंसाय धीमहि ॥

ૐ પરમ પુરુષ પરમાત્મા નારાયણને નમસ્કાર છે. એ વિશુદ્ધ સત્ત્વગુણના આશ્રય પરમહંસસ્વરૂપ પરમેશ્વરનું અમે ધ્યાન ધરીએ છીએ.

આંહી પણ એક દિવસ દેવર્ષિ નારદ આવી ચડ્યા અને પહેલાંની માફક ગુહ્ય વચન તેમને કહેતાં કહેતાં કહ્યું કે, "દક્ષપુત્રો ! હું તમને ઉપદેશ આપું છું તે સાંભળો. તમે તમારા ભાઈઓનો માર્ગ

જુઓ. જે ધર્મ જાણનાર પોતાના ભાઈઓનો શ્રેષ્ઠ માર્ગ અનુસરે છે, તે પુણ્યપ્રિય પુરુષ પરલોકમાં મરુદ્દગણોની સાથે આનંદ કરે છે.

આંહી કઠોપનિષદની માફક નિવૃત્તિમાર્ગને અથવા મોક્ષમાર્ગને શ્રેષ્ઠ માર્ગ જણાવેલ છે. જે રસ્તે ઘણા માણસો પોતાનું કલ્યાણ જલદી કરે છે. તે જ સારો માર્ગ છે. સંસારમાં રહીને ભક્તિ કરવી એ ઊંટ ઉપર બેસીને હોકો પીવા જેવું છે, અથવા પાયખાનામાં બેસીને ફૂલની સુગંધ લેવા જેવું છે. તેથી જેમના સંજોગો અનુકૂળ હોય તેમણે વાનપ્રસ્થ ધર્મ ધારણ કરી સત્સંગ કરી આગળ વધવું. જેમનું પ્રારબ્ધ એવું હોય કે ગૃહસ્થાશ્રમમાંથી છૂટી શકાય નહિ તેમણે પણ બ્રહ્મચર્ય પાળવું. સ્ત્રીની સાથે સત્સંગની વાતો કરવી અને જેટલો ફુરસદનો વખત મળે તેટલો આત્મચિંતનમાં ગાળવો. પછી જિજ્ઞાસા વધશે તો સંજોગો અનુકૂળ થઈ જશે. માણસના શરીરનું આયુષ્ય એટલું ટૂંકું છે કે જેમનામાં ડહાપણ હોય, સારી બુદ્ધિ હોય તેમણે થોડી મિનિટ પણ નકામી જવા દેવી ન જોઈએ.

શબલાશ્વને આવો ઉપદેશ આપી નારદજી ત્યાંથી ચાલ્યા ગયા. તે રાજકુમારોએ પણ પોતાના ભાઈઓનો માર્ગ પકડ્યો. તેમણે પણ પોતાની વૃત્તિ અંતર્મુખ કરી અને તે પોતાની રાજધાનીમાં પાછા ગયા નહિ.

આંહીં દક્ષને જ્યારે ખબર પડી કે બીજા પુત્રો પણ કર્તવ્યચ્યુત થયા ત્યારે તેને નારદજી ઉપર ઘણો ક્રોધ આવ્યો—તેણે નારદજીને બોલાવીને કહ્યું કે “હે મૂર્ખ, ઉપરથી સાધુનો વેશ ધારણ કરનાર તેં મારી સાથે બહુ ખોટું આચરણ કર્યું છે. કારણ કે મારા સ્વધર્મ-પરાયણ પુત્રોને તેં સંન્યાસનો માર્ગ બતાવ્યો છે. હજુ મારા પુત્રોએ દેવ, ઋષિ, કે પિતૃનું ઋણ આપ્યું નથી. કર્મ બાબત તેમણે કંઈ વિચાર કરેલ નથી. તું બાલકની બુદ્ધિ બગાડનાર છે તેથી મહાન નિર્દય છે. જ્ઞાન થયા વગર માત્ર અવધૂતનો વેષ ધારણ કરવાથી શાંતિ પ્રાપ્ત થતી નથી. માત્ર કહેવાથી કોઈને વૈરાગ્ય થતો નથી અને

વૈરાગ્ય વગર ઉપશમ થતો નથી. માણસોને વિષયોનો અનુભવ થાય નહિ ત્યાં સુધી તેમના દોષની ખબર પડતી નથી. તું પ્રજાની વૃદ્ધિનો નાશક છે તેથી હું શાપ આપું છું કે તું સંપૂર્ણ લોકમાં ફર્યા કરીશ અને તને કોઇ રહેવાનું એક સ્થાન મળશે નહિ."

આજે પણ કોઈ કોઈ સાધુસંતો વિચરતા હોય છે અને કોઇને નિવૃત્તિનો અથવા વૈરાગ્યનો ઉપદેશ આપતા હોય છે ત્યારે તે માણસના વડીલો સાધુસંતો ઉપર આ પ્રમાણે ક્રોધ કરે છે. સાધારણ માણસોને એવું ગમે છે કે બધા ગૃહસ્થાશ્રમમાં રહે અને અમારા જેવા થાય તો ઠીક.

આવો એક પ્રસંગ કેટલાક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં બન્યો હતો. એક વખત કાકો-ભત્રીજો ગામ બહાર સાથે ફરવા નીકળ્યા હતા. બંને ગૃહસ્થાશ્રમમાં હતા. બંનેને એકએ પ્રજા હતી. કાકાની માન્યતા એવી હતી કે માણસનું કર્તવ્ય એ છે કે તેણે સમાજની સેવા કરવી. કારણ કે માણસનું જીવન એ સામાજિક જીવન છે. ભત્રીજાએ જવાબ આપ્યો કે માણસનું ખરું જીવન આધ્યાત્મિક છે. આવી ભિન્નભિન્ન પ્રકારની ભાવનાને પરિણામે કાકાના ઘરમાં વસ્તી વધી પડી. ૬ દીકરા, ૪ દીકરી અને દીકરાના દીકરા વધી પડ્યા કે કાકાને સમાજસેવા કરવાની પણ પૂરી ફુરસદ મળી નહી અને ભત્રીજાની ભાવના આત્મસાક્ષાત્કારની હોવાથી તેનું કુટુંબ એટલું ઓછું થઈ ગયું કે છેવટે તેને સંન્યાસ સુધી પહોંચવાની સગવડ થઈ. પણ આ બધા સંજોગોનું મૂળ નાની ઉંમરની ભાવના હતી. જેવી ભાવના હોય તે પ્રમાણે માણસના સંજોગો ફરવા લાગે છે. માટે પહેલાં સત્સંગ કરીને ભાવના સાચી કરી લેવી જોઇએ.

નારદજી સાક્ષીનું સ્વરૂપ છે એ વાત પહેલા સ્કંધમાં (૧-૫-૭) કહેવામાં આવી ગયેલ છે અને સાક્ષી એક ઠેકાણે નથી પણ બધાના અંતઃકરણનો સાથી હોવાથી સર્વવ્યાપક છે. તેથી તે બધા લોકમાં રહે એવો દક્ષનો શાપ પણ તેને અનુકૂળ હતો.

હંસગુહ્ય સ્તુતિ દ્વારા દક્ષે ભગવાનની સ્તુતિ કરી તેમાં કહેલ છે કે (૬–૪–૩૨) સાંખ્ય અને યોગ બન્ને રીતે આપને પહોંચી શકાય છે. કારણ કે બન્નેનું લક્ષ્ય આપ છો. વળી દક્ષના પહેલા પુત્રો હર્યશ્વ નામના તેમણે પણ નારદજીને જવાબ દેવામાં સાંખ્યનાં ૨૫ તત્ત્વોની વાત કરેલ છે. તેથી હર્યશ્વને સાંખ્યમાર્ગના ઉપાસક સમજવા અને શબલાશ્વને યોગમાર્ગના ઉપાસક સમજવા. સાંખ્યમાં એમ માનેલું છે કે પ્રકૃતિના ધર્મોથી પુરુષ (આત્મા) નિત્ય અસંગ છે, તેથી વ્યવહારથી પણ અસંગ રહી શકે છે. તે સાંખ્યનો એટલે જ્ઞાનમાર્ગ પચાવી શકે છે. યોગનો માર્ગ એવો છે કે જ્યારે જીવ વૃત્તિનો નિરોધ કરે છે ત્યારે દ્રષ્ટારૂપે સ્થિતિ કરી શકે છે, અને જ્યારે વૃત્તિનો નિરોધ થતો નથી ત્યારે જીવ વૃત્તિ જેવો થઈ જાય છે. તેથી વૃત્તિના નિરોધ માટે પણ અનુકૂળ સંજોગો કરવા માટે થોડો વખત નિવૃત્તિ લેવી જોઈએ. તેથી શબલાશ્વ નામના પુત્રો પણ સંસાર છોડીને ચાલ્યા ગયા. સંસારમાં રહીને ભક્તિ કરવામાં કેટલી મુશ્કેલી નડે છે, એ સતીના આખ્યાનમાં, ધ્રુવના આખ્યાનમાં, અજામીલના આખ્યાનમાં અને પ્રચેતાઓના ગૃહસ્થાશ્રમમાં જે પરમ તત્ત્વનું વિસ્મરણ થયું હતું, ત્યાં બતાવેલ છે. અસત્ પ્રવૃત્તિ તત્ત્વ-સ્મૃતિને ભુલાવી દે છે. ભરતરાજા વનમાં ગયા તો પણ હરણના પ્રેમમાં પોતાનું આત્મસાધન ભૂલી ગયા. છતાં ગૃહસ્થાશ્રમમાં રહીને ભક્તિ કરવી હોય તો શ્રી રામકૃષ્ણ પરમહંસની માફક સ્ત્રીને મા માનીને રહી શકાય. નીતિમાં રહેવું હોય તેમને માટે પરસ્ત્રીને મા માનવી જરૂરી છે પણ પોતાની સ્ત્રીને મા માનવાની જરૂર નથી. પણ ભક્તિ કરવી હોય તો શ્રી રામકૃષ્ણ પરમહંસની માફક પોતાની સ્ત્રીને પણ મા માનવી જોઈએ. એવી હિંમત કાયમ રાખવા માટે મન ઉપર ખૂબ અંકુશ રહેવો જોઈએ અને અનાત્માની વાતો અટકાવવી જોઈએ. પણ એવું ન બની શકે તો સંજોગો ફેરવવા જોઈએ અથવા હર્યશ્વ અને શબલાશ્વની માફક સંસારથી નિવૃત્ત થવું જોઈએ.

વળી ઉપરની કથામાં એમ કહેલું છે કે જ્યાં સિંધુ નદી સાગરને મળે છે ત્યાં નારાયણ નામનું તીર્થ છે. ત્યાં નાહવાથી દક્ષના પુત્રોનું અંતઃકરણ શુદ્ધ થયું હતું. ભૂગોળની દૃષ્ટિએ એ તીર્થ કચ્છની પશ્ચિમ–ઉત્તર ખૂણામાં છે. ત્યાં ઘણા નાહે છે છતાં તેમનાં અંતઃકરણ શુદ્ધ થતાં નથી. તેથી અધ્યાત્મભાવે અર્થ કરવો કે સિંધુ નદી એટલે વૃત્તિ અને સમુદ્ર એટલે પ્રત્યગાત્મા. ત્યાં સાક્ષાત્ નારાયણ છે. તે શુદ્ધ તત્ત્વમાં જીવ પોતાનું અંતઃકરણ જોડે તો અંતઃકરણની શુદ્ધિ જરૂર થાય.

દક્ષરૂપી સામાન્ય બુદ્ધિને સંસારમાં ગમેછે, પણ પ્રચેતાઓને તપથી અને સારી વૃત્તિથી નવું ચેતન આવ્યું હતું તેથી તેઓએ આત્મકલ્યાણ માટે નિવૃત્તિનો માર્ગ લીધો. દક્ષરૂપી બુદ્ધિને એ વાત ગમી નહિ. તેને તો પ્રજા વધારવી હતી અને સમાજનું કલ્યાણ કરવું હતું તેથી (રજોગુણરૂપી) બ્રહ્માએ દક્ષને નવી સૂચના એવી આપી કે, "તું હવે આસિક્નીની ભાર્યાથી કન્યા ઉત્પન્ન કર. કન્યા એ પ્રકૃતિનું સ્વરૂપ છે. બુદ્ધ જ્યારે પ્રકૃતિનું સ્વરૂપ લે છે ત્યારે તે બુદ્ધિથી સંસાર વધે છે. બ્રહ્માના કહેવાથી દક્ષ પ્રજાપતિએ ૬૦ કન્યાઓ ઉત્પન્ન કરી. તેમાંથી ૧૦ ધર્મને આપી, ૧૩ કશ્યપને, ૨૭ ચંદ્રમાને, બે ભૂતને, બે અંગિરાને, ૨ કૃશાશ્વને તથા બાકીની ૪ તાર્ક્ષ્યને આપી હતી. એ કન્યાનાં જે સંતાન થયાં તેનાથી ત્રણે લોક ભરાઇ ગયા.

હવે ભાગવતમાં નવીનવી કથાઓદ્વારા બ્રહ્મનું તત્ત્વ અને માયાનું તત્ત્વ ચોખ્ખું કરવાનું છે. શુકદેવજીએ સંસારની આવી વાતો નિમિત્તરૂપે ઉત્પન્ન કરેલ છે. છેવટે બારમા સ્કંધમાં શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે એ વાતોમાંથી એકે સાચી માનવાની નથી, પણ જીવ–બ્રહ્મની એકતાવાળું જ્ઞાન અને એવી ભક્તિ જ્યાં આવે એવી પરમાર્થની વાતો જ યાદ રાખવાની છે.

પછી ધર્મને ૧૦ કન્યાઓ આપી હતી, તેનાં નામ આપેલ છે

અને તેને કયાકયા દીકરા થયા તેનાં નામ પણ આપેલાં છે. ટૂંકામાં આપણને ધર્મની બુદ્ધિ ઉત્પન્ન થાય તો તેમાંથી ઋષભદેવ જેવા અનેક પુત્ર એટલે દૈવી વૃત્તિઓ ઉત્પન્ન થાય છે. તેમાં દશમી કન્યા સંકલ્પા હતી તેનાથી સંકલ્પ ઉત્પન્ન થયો અને સંકલ્પથી કામ ઉત્પન્ન થયો. એટલે કોઇવાર ખોટી પ્રજા એટલે ખોટી વૃત્તિ પણ ઉત્પન્ન થાય છે.

દક્ષની પુત્રી, ભૂતની ભાર્યા, સરૂપાથી કરોડો રુદ્રો ઉત્પન્ન થયા. આંહી સંખ્યાથી કરોડ સાચા માનીએ તો એક સ્ત્રીને એટલા પુત્ર થાય નહિ પણ અનેક પ્રકારનો અહંકાર થાય તેવી વૃત્તિ સમજવી. વળી તાર્ક્ષ્યને આપેલી પતંગી સ્ત્રીથી પક્ષીઓનો જન્મ થયો અને યામિનીથી પશુઓનો જન્મ થયો. વિનતાથી ગરુડજી અને સૂર્યના સારથિ અરુણજી ઉત્પન્ન થયા. કદ્રૂથી ઘણા નાગ ઉત્પન્ન થયા.

કોઈ સાધારણ સ્ત્રી પશુ, પક્ષી કે નાગને જન્મ આપે નહિ પણ જુદીજુદી જાતની પ્રકૃતિથી જુદીજુદી જાતના જીવ ઉત્પન્ન થઈ શકે. જે ૨૭ કન્યા ચંદ્રને આપી હતી તેમાંથી કોઇ સંતાન ઉત્પન્ન થયું નહિ. દક્ષના શાપથી ચંદ્રને ક્ષય રોગ થયો હતો. આંહીં ચંદ્ર એટલે મન સમજવું. એકલા મનના તર્કથી કાંઇ સારું કામ થતું નથી. મનને સારા અભ્યાસમાં લગાવ્યું હોય તો જ તે કાંઇ સારું કામ કરી શકે છે.

કશ્યપને આપેલી સુરભિમાંથી ગાય, ભેંસ અને બીજાં પશુઓ ઉત્પન્ન થયાં. આ બધાં નામ એવાં છે કે તેને સમાધિભાષામાં અધ્યાત્મભાવે લઈએ તો જ બુદ્ધિમાં બેસે તેવું છે, નહિતર ભાગવત સાંભળનાર નાસ્તિક બની જાય તેવું છે. ઝાડ બધાં ઇલા નામની કન્યાથી ઉત્પન્ન થાય છે. (૬-૬-૨૮) દનુ નામની કન્યાથી ૬૧ દાનવો ઉત્પન્ન થયા.

હવે કશ્યપને આપેલી અદિતિનો વંશ સંભળાવે છે. તેમાં

ભગવાને પોતે અવતાર લીધેલ છે. અદિતિ શબ્દ એમ સૂચવે છે કે જેમાં દૈત્યપણું અથવા અસુરપણું નથી.

દૈત્યોની નાની બહેન કુમારી રચના ત્વષ્ટાની ભાર્યા હતી. એ દંપતીઓથી સંનિવેશ અને મહાપરાક્રમી વિશ્વરૂપનો જન્મ થયો. વિશ્વરૂપ દેવતાઓના શત્રુનો દૌહિત્ર થતો હતો તો પણ જે વખતે ઈંદ્રના અપમાનથી દેવગુરુ બૃહસ્પતિએ દેવોનો ત્યાગ કર્યો ત્યારે દેવોએ વિશ્વરૂપને પોતાનો પુરોહિત બનાવ્યો.

આ બધી દક્ષની એટલે બુદ્ધિની પ્રજા છે. હાલના કાળમાં પણ બુદ્ધિ વધી ગઇ છે અને બુદ્ધિવાળામાં સંયમ ઓછો થયો છે. તેથી પ્રજા પણ બહુ વધી ગઇ છે. લડાઇ આવ્યા કરે છે તો પણ વસ્તી ઓછી થતી નથી. વળી અજ્ઞાનીની સંખ્યા પૃથ્વી ઉપર વધે છે. જેમ બગલાંઓ માછલાંને ખંજરની માફક ચાંચથી મારે છે, તેમ માણસના રૂપમાં પણ બગલાઓ જન્મ્યા છે. અધ્યાત્મભાવે બગલા જેવા માણસને પણ બગલા કહી શકાય છે. બગલાનો સ્વભાવ ફેરવવા માટે ઘણા મહાત્મા મહેનત કરે છે. મહાત્મા એમ માને છે કે એ બગલા નથી પણ માણસ છે. પણ માણસના શરીરમાં કેટલા પશુઓ બેઠા હશે તે કોણ જાણી શકે? હિંદુસ્થાનમાં થોડા ભાગ સિવાય આખી પૃથ્વી ઉપર માંસનો આહાર લેવામાં આવે છે. પશુ–માંસથી તૈયાર થયેલ શરીરમાં અહિંસા શી રીતે આવી શકશે? જેમનો ખોરાક માત્ર હિંસાથી મળે છે તેઓને મહાત્માઓ અહિંસાનો બોધ આપે છે અને તે એમ માને છે કે આખી પૃથ્વી અહિંસક થઈ જશે. એવો પ્રયત્ન બુદ્ધે પણ કરી જોયો હતો, અને તેને ગયે ઘણાં વર્ષો વીતી ગયાં છતાં પણ માણસમાંથી હિંસકવૃત્તિ દૂર થઇ શકી નથી. શાસ્ત્રમાં એવા તમોગુણી માણસ માટે ભયાનક સાધન સૂચવેલ છે. રજોગુણીને માટે રોચક સાધન છે. જે સત્ત્વગુણી હોય તે જ તે અહિંસા પાળી શકે છે અને જીવબ્રહ્મની એકતા સમજી શકે છે.

તમોગુણી અને રજોગુણી માણસ કેવી ભૂલો કરે છે તે હવે પછીના પ્રકરણમાં શુકદેવજી રાજા પરીક્ષિતને સમજાવે છે.

પ્રકરણ ૮ મું

વૃત્તિઓરૂપી વૃત્રાસુરનું આવરણ

દરેક જગ્યાએ પાંચ તત્ત્વ છેઃ સત્, ચિત્, આનંદ, નામ અને રૂપ. તેમાં પહેલાં ત્રણ બ્રહ્મનું સ્વરૂપ છે અને છેલ્લાં બે માયાનાં સ્વરૂપ છે. છેલ્લાં બેમાં ખોટાં નામ અને ખોટી વાણી છે તે સાંભળવાથી અજામીલને વેશ્યામાં મોહ થયો અને પ્રચેતાઓ પ્રજાની ઉત્પત્તિ માટે તપ કરવા લાગ્યા હતા અને તેમને જ્યારે સાચું નામ અને સાચી વાણી મળ્યાં ત્યારે અજામીલ જેમ નારાયણના નામથી સવળે રસ્તો ચઢ્યો તેમ પ્રચેતાઓ નારદજીના ઉપદેશથી સંન્યાસી થયા. એ વાત ગયા બે પ્રકરણમાં આવી ગયેલ છે. નામ અને રૂપ માયાનાં અંગ છે છતાં તેમનો સદુપયોગ થાય અને તેમને સત્ત્વગુણી કરી શકાય તો ઘણો લાભ આપે છે. નામ અને રૂપને માયાનું અંગ કહેવાનું કારણ એ છે કે જે ધર્મ એક વસ્તુમાં કોઇ વખતે દેખાય અને કોઇ વખતે ન દેખાય તે તે વસ્તુનો ધર્મ નથી. જેમ દોરડીમાં સર્પ દેખાય, તે ધર્મ સદા રહેતો નથી. જાગ્રત અવસ્થાનાં નામ અને રૂપ ઊંઘમાં રહેતાં નથી. સ્વપ્નનાં નામરૂપ જાગ્રતમાં રહેતાં નથી; તેથી તે બ્રહ્મનું સ્વરૂપ નથી. શબ્દની માયા જીવને કેવી રીતે ફસાવે છે તે વાત કહેવાઇ ગઈ. હવે રૂપની માયા કહેવામાં આવશે. એ બન્ને પ્રકારની માયા જીતી શકાય તો બાકી સત્-ચિત્-આનંદનો અનુભવ રહે. એ માયા સમજાવ્યા પછી સાતમા સ્કંધમાં પ્રહ્લાદરૂપી આનંદની શરૂઆત કરવામાં આવશે.

ઉપનિષદોમાં પણ કેટલેક ઠેકાણે **भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः।** એવો શાંતિપાઠ પહેલાં ભણવામાં આવે છે. કાનને સુધારવાની વાત થઈ ગઈ. આંખ જે રૂપ જુએ છે, તેમાં

સુધારો થઈ શકે તો તે વિશ્વરૂપ જોઈ શકે અને વિશ્વદૃષ્ટિ ન થઈ શકે તો કેવું આવરણ ઉત્પન્ન થાય તેની કથા હવે આવે છે.

શ્રીમદ્ભાગવતમાં સમાધિભાષા એવા પ્રકારે ગોઠવવામાં આવેલ છે કે. ખરી હકીકત પાછળથી કહે છે. તેથી વૃત્રાસુરના પૂર્વજન્મની વાત પાછળથી આપેલ છે. વૃત્રાસુર પૂર્વજન્મમાં ચિત્રકેતુ નામનો રાજા હતો. તેને એક કરોડ રાણીઓ હતી. તે એમ બતાવે છે કે તેને રૂપનો મોહ બહુ હતો. તેની વીગત હવે પછીના પ્રકરણમાં આવશે.

ઇંદ્ર પાસે ત્રણે લોકનું રાજ્ય હતું. રાજ્યના ઐશ્વર્યથી ઇંદ્ર મોહિત થઈ ગયો હતો અને તેણે સન્માર્ગ છોડી દીધો હતો. એક દિવસ તે ઇંદ્રાણી સહિત પોતાની સભામાં એક ઉચ્ચ સિંહાસન ઉપર બેઠો હતો. ત્યાં મરુત્, વસુ, રુદ્ર, આદિત્ય, ઋભુ, વિશ્વ અને સાધ્ય-ગણ તથા બન્ને અશ્વિનીકુમાર તેની સેવામાં હતા. વળી સિદ્ધ, ચારણ, બ્રહ્મવાદી મુનિગણ, વિદ્યાધર, અપ્સરા, કિન્નર, યક્ષ અને નાગ તેની સેવા અને સ્તુતિ કરતા હતા. બધી રીતે તેની કીર્તિ ગવાઇ રહી હતી. તે વખતે તે સભામાં બૃહસ્પતિ આવ્યા. બૃહસ્પતિ દેવોના પરમ ગુરુ હતા, છતાં ઇન્દ્ર તેમને જોઇને પોતાના આસનથી ઊઠ્યો નહિ તેમ તેણે તેમનો સત્કાર પણ કર્યો નહિ; તેથી પરમ સમર્થ ત્રિકાળદર્શી વિદ્વાન બૃહસ્પતિજી એ સભાની બહાર ચાલ્યા ગયા અને 'આ ઇંદ્રના ઐશ્વર્યમદનો દોષ છે' એમ સમજી પોતાને ઘેર ચુપચાપ પાછા આવ્યા.

અધ્યાત્મભાવે આ પ્રસંગ સમજવાનો પ્રયત્ન કરીએ તો ઇંદ્રની જગ્યાએ કોઇ પણ અભિમાની જીવ માની લ્યો. તેની સેવામાં ભગવાને ઇંદ્રિયો અને તેમના વિષયો આપેલા છે. તે ઐશ્વર્યના મોહમાં જીવ પોતાના ગુરુરૂપ બ્રહ્મને માન આપતો નથી. તેથી જીવ કેવો હેરાન થાય છે તે કથા હવે આવશે. બૃહસ્પતિ એ બ્રહ્મનું સ્વરૂપ છે એમ

ઉપનિષદમાં આવે છે અને બુદ્ધિરૂપી ઉદ્ધવજી તેમના શિષ્ય હતા એ વાત દશમા સ્કંધમાં આવે છે.

બૃહસ્પતિ ચાલ્યા ગયા પછી ઇન્દ્રને પોતાની ભૂલની ખબર પડી. તેણે જાણ્યું કે ગુરુની અવજ્ઞા થઇ એ સારું ન થયું. તે સભામાં પોતે પોતાની નિંદા કરવા લાગ્યો. તેને લાગ્યું કે આ ઇંદ્રની પદવીના ભોગે અને લક્ષ્મીએ મને ભૂલમાં નાખ્યો. પછી ઇંદ્ર બૃહસ્પતિને મનાવવા માટે ગયો પણ તે પહેલાં બૃહસ્પતિ ઘેરથી નીકળી પોતાના યોગબળથી અંતર્ધાન થઇ ગયા હતા. ઘણી શોધ કર્યાં છતાં ગુરુજી મળ્યા નહિ. પછી ઇંદ્ર બીજા દેવોને સાથે રાખી પોતાની રક્ષાનો વિચાર કરવા લાગ્યાં.

બ્રહસ્પતિના અપમાનનો પ્રસંગ સાંભળી દૈત્યોના ગુરુ શુક્રાચાર્યના કહેવાથી અસુરોએ દેવોના રાજ્ય ઉપર ચઢાઈ કરી. જીવ પણ જ્યારે બ્રહ્મનો તિરસ્કાર કરે છે ત્યારે તેનામાં આસુરી પ્રકૃતિનું જોર વધે છે. એ લડાઇમાં દેવોનો પરાજ્ય થયો અને ઇન્દ્ર સહિત સંપૂર્ણ દેવો પોતાની રક્ષા માટે બ્રહ્માજીના શરણમાં આવ્યા. બ્રહ્માજીએ કહ્યું કે, ‘તમે બહુ ખોટું કર્યું; તમે ઐશ્વર્યના મદથી આંધળા થઇને જિતેન્દ્રિય અને બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણનો સત્કાર કર્યો નહિ (એટલે ખરી રીતે બ્રહ્મ-નિષ્ઠપણાનો તિરસ્કાર કર્યો). તમારી હારનું કારણ તે અન્યાયનું ફળ છે. ગુરુનું માન રાખવાથી અસુરો પણ સારી સ્થિતિમાં આવી ગયા છે. માટે તમે હવે ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ પાસે જાઓ. તે બ્રાહ્મણ, તપસ્વી અને આત્મજ્ઞાની છે. તેનામાં માત્ર એક વિચિત્ર સ્વભાવ છે. તે અસુરોનો પણ પક્ષપાત કરે છે. એટલા કર્મને તમે સહન કરી શકો અને તમે તેને માન આપો તો તે તમારું બધું કામ સિદ્ધ કરી આપશે.’

પછી દેવો વિશ્વરૂપ પાસે ગયા અને કહ્યું કે અમે અમારા શત્રુથી બહુ દુઃખી થયા છીએ, આપ બ્રહ્મનિષ્ઠ બ્રાહ્મણ છો, તેથી અમારા ગુરુ છો. અમે તમને બૃહસ્પતિની જગ્યાએ ગુરુરૂપે સ્થાપવા

માગીએ છીએ કે જેથી તમારા તેજના પ્રભાવથી અમે શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરી શકીએ. વિશ્વરૂપે જવાબ આપ્યો કે જો કે પુરોહિત-પણું બ્રહ્મતેજને ક્ષીણ કરવાવાળું છે, તો પણ તમારી પ્રાર્થના સાંભળીને મારું હૃદય દ્રવીભૂત થયું છે અને હું તમારું કામ પૂર્ણ કરી આપીશ. પછી વિશ્વરૂપ દેવોના ગુરુ થયા અને તેમણે પોતાની વિદ્યાના બળથી દૈત્યોની રાજ્યલક્ષ્મી પડાવીને ઇંદ્રને આપી દીધી.

સાધારણ માણસના જીવનમાં પણ જ્યારેજ્યારે આસુરી પ્રકૃતિનું જોર વધે ત્યારે તે જો વિશ્વભાવના રાખે અને ટકાવી શકે તો આસુરી પ્રકૃતિનું જોર નરમ પડી જાય છે. વિશ્વભાવનાને ટકાવવી એ જ બ્રહ્મની નિષ્ઠામાં ઉપયોગી વસ્તુ છે. એ ભાવનાનું સાચું સ્વરૂપ કેવું છે તે નારાયણકવચરૂપી વૈષ્ણવી વિદ્યામાં આપેલ છે. તે કવચનો ઉપદેશ વિશ્વરૂપ ગુરુએ ઇન્દ્રને આપ્યો હતો. તે કવચ સંપૂર્ણ રીતે છઠ્ઠા સ્કંધના ૮ મા અધ્યાયમાં આપેલું છે. પણ તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

કોઈ પણ ભય આવે ત્યારે નારાયણકવચ ધારણ કરવું. પહેલાં હાથ પગ ધોઇ આચમન કરવું. દર્ભની પવિત્રી ધારણ કરી ઉત્તર દિશા તરફ મુખ રાખી બેસવું. પછી વાણીનો સંયમ કરી પવિત્રતા-પૂર્વક અષ્ટાક્ષર અને દ્વાદશ (બાર) અક્ષરવાળા મંત્રોથી અંગન્યાસ અને કરન્યાસ કરવા. પહેલાં **ॐ नमो नारायणाय** એ અષ્ટાક્ષર મંત્રથી અંગન્યાસ કરવો અને **ॐ नमो भगवते वासुदेवाय** એ બાર અક્ષરથી કરન્યાસ કરવો.

ઇંદ્ર હાથના દેવ હોવાથી અને હાથથી લેવા દેવાની ક્રિયા થતી હોવાથી વ્યવહારની શુદ્ધિ માટે હાથની શુદ્ધિ અને અંગની શુદ્ધિની જરૂર છે. એટલે રૂપને ભગવાનમય-દિવ્ય કરવાની જરૂર કે જેથી દેહમાંથી અનાત્મભાવ નીકળી જાય અને આખું વિશ્વ એ પોતાનું રૂપ છે એવું લાગે. પછી ભગવાન વિષ્ણુનું ધ્યાન કરવું.

પછી ભગવાન વિષ્ણુએ મત્સ્ય, વરાહ, વામન, નૃસિંહ વગેરે જે જે અવતાર લઈને જે જે કામ કર્યાં તે યાદ કરીને સ્તુતિ કરવી. જીવને પોતાના સંસારમાં ઘણાં કર્મ કરવાં પડે છે અને તેમાં ભૂલો પણ થયા કરે છે તેથી દરેક કર્મમાં ભગવાનની રક્ષા મળે તેટલા માટે જિજ્ઞાસુએ આ નારાયણકવચ ખાસ જાણવા જેવું છે. દૃષ્ટાંત તરીકે તેમાં કહેલું છે કે જળની અંદર મત્સ્યમૂર્તિ મારી રક્ષા કરે, સ્થળ ઉપર વામનરૂપ મારી રક્ષા કરે, યુદ્ધ વખતે નૃસિંહ ભગવાન મારી રક્ષા કરે, વરાહ ભગવાન માર્ગમાં મારી રક્ષા કરે, પર્વતના શિખર ઉપર પરશુરામજી અને પરદેશમાં રામચંદ્રજી મારી રક્ષા કરે, દત્તાત્રેય કુયોગથી રક્ષા કરે, અને કપિલ મુનિ કર્મબંધનથી રક્ષા કરે. સનત્કુમાર (બ્રહ્મચારી હોવાથી) કામદેવથી મારી રક્ષા કરે, નારદજી ભગવાનની પૂજામાં અપરાધ થાય તો રક્ષા કરે, કચ્છપ ભગવાન નરકથી મારી રક્ષા કરે, જમવામાં ભૂલ થઈ હોય તો ધન્વંતરિ મારી રક્ષા કરે અને શેષ ભગવાન ક્રોધી સર્પથી મારી રક્ષા કરે, વ્યાસ ભગવાન અજ્ઞાન દૂર કરે, બુદ્ધદેવ પ્રમાદથી અને કલ્કિ ભગવાન કલિયુગના દોષથી મારી રક્ષા કરે. સવારે કેશવ ભગવાન રક્ષા કરે, સાંજે માધવ વગેરે મારી રક્ષા કરે. હે સુદર્શન! તમારો આકાર ચક્ર જેવો છે, તમે અમારા શત્રુઓની સેનાને ભસ્મ કરી નાંખો. (આંહીં સુદર્શન એટલે સમ્યક્‌દર્શન સમજવાનું છે. સમ્યક્‌દર્શન પ્રાપ્ત થાય ત્યારે બધું ભગવાનમય લાગે અને કોઈ શત્રુ રહે નહિ.) એ પ્રમાણે શંખ, ગદા અને પદ્મની પણ સ્તુતિ કરવી.

નારાયણકવચમાં છેવટે કહેલ છે કે શ્રીહરિનાં નામ, રૂપ, આયુધ અને શ્રેષ્ઠ પાર્ષદગણ અમારાં બુદ્ધિ, ઇંદ્રિય, મન અને પ્રાણોની બધી આપત્તિઓથી રક્ષા કરે. (૬-૮-૩૦) વળી

यथा हि भगवानेव वस्तुतः सद्सच्च यत् ।
सत्येनानेन वः सर्वे यान्तु नाशमुपद्रवाः ॥

(૬-૮-૩૧)

અર્થ—જે કાંઇ સત્ (સ્થૂલ), અસત્ (સૂક્ષ્મ) પ્રપંચ છે તે વાસ્તવમાં ભગવાન જ છે એવા સત્યના પ્રભાવથી અમારાં બધાં વિઘ્ન દૂર થઈ જાય. બીજા શ્લોક યાદ ન રહે તો આ એક શ્લોક પણ અર્થની ભાવનાપૂર્વક રોજ બોલવાથી કોઇ પ્રકારનાં વિઘ્ન નડશે નહિ. એ જ ખરો સત્યાગ્રહ છે. સર્વત્ર એક આત્માની ભાવના કરવા-વાળાની દૃષ્ટિમાં ભગવાન (વિકલ્પશૂન્ય હોવા છતાં) પોતાની માયા-દ્વારા ભૂષણ, આયુધ અને રૂપ નામક પોતાની શક્તિઓ ધારણ કરે છે. એ પ્રમાણે જો સાચું હોય તો સર્વજ્ઞ અને સર્વવ્યાપી ભગવાન હરિ પોતાનાં સંપૂર્ણ રૂપોથી સદા અને સર્વત્ર અમારી રક્ષા કરો. (૬–૮–૩૨–૩૩).

આ સ્તુતિના છેલ્લા ભાગ ઉપર નજર કરતાં એમ જણાય છે કે જો કે ભગવાનના સ્વરૂપમાં નામ અને રૂપ નથી છતાં ભક્ત પ્રાર્થના કરે તો ભગવાન પોતાની માયાશક્તિથી તે ભક્તની રક્ષા માટે જેવા સાધનની જરૂર હોય તેવું સ્વરૂપ ધારણ કરી રક્ષા કરે છે. તેથી ભક્તિ બે પ્રકારે થઇ શકે છે: (૧) ભગવાનથી પોતાને અભિન્ન માનીને અને (૨) ભગવાનથી પોતાને ભિન્ન માનીને. પહેલી ભક્તિમાં જીવ કદાપિ ભગવાનથી જુદો પડતો નથી તેથી ભગવાનની મદદની કે રક્ષાની જરૂર પડતી નથી. બીજી ભક્તિમાં ભગવાનના અનુગ્રહની વારંવાર જરૂર પડે છે. વળી જો બધું ભગવાનનું સ્વરૂપ હોય તો જીવ ભગવાનનું સ્વરૂપ નથી એમ કેમ માની શકાય? છતાં જીવમાં એવું જ્ઞાન આવવું મુશ્કેલ છે. ઇંદ્ર જેવા પણ એ જ્ઞાન સમજી શકતા નથી. ઇંદ્રે જેવી ભૂલ કરી અને વિશ્વરૂપ ગુરુને મારી નાખ્યા તેવી ભૂલ ઘણા જીવો કરે છે અને વિશ્વભાવનાને બદલે સંસારી ભાવનામાં પડે છે અને તેમાંથી વૃત્તિઓરૂપી વૃત્રાસુરનું આવરણ ઉત્પન્ન થાય છે. એ કથા હવે પછી કહેવામાં આવે છે.

નારાયણકવચમાં છેવટે એમ આવે છે કે બધો પ્રપંચ વાસ્તવમાં ભગવાન છે એ સત્યના પ્રભાવથી અમારાં બધાં વિઘ્ન દૂર થઈ જાય.

(૬–૮–૩૧). અને તે પહેલાં એમ આવે છે કે હે સુદર્શન, હે ગદા, અમારા બધા શત્રુઓનો નાશ કરી દે અને ચૂર્ણ કરી દે (૬–૮–૨૩). આ ઉપરથી કેટલાકના મનમાં એવી શંકા ઉત્પન્ન થાય છે કે બધો પ્રપંચ જો ભગવાનનું સ્વરૂપ હોય તો શત્રુઓનો વિચાર કેમ આવે? તેનું સમાધાન એમ થઈ શકે કે સાધનદશામાં જીવની અંદર આસુરી પ્રકૃતિરૂપી શત્રુઓ રહે છે, અને જ્ઞાન થયા પછી પણ વિક્ષેપશક્તિની અનુવૃત્તિ થોડો વખત રહે છે. વળી ઇંદ્ર હાથના દેવ છે તેથી કર્મના દેવ છે. તેથી શરીર છે ત્યાંસુધી કાંઇક કર્મ તો રહેશે જ. એ કર્મ કરતાં કરતાં સુદર્શનરૂપી ભગવદ્દર્શન રહે તો બધે ભગવાન દેખાય, એક અખંડ વિશ્વરૂપનું દર્શન થાય; છતાં આપણા હાથથી અથવા કર્મથી એવું કામ થઇ જાય કે ઇંદ્રની પેઠે ગુરુને માન ન આપવાની ભૂલ થાય તો એવા કર્મથી પણ ભગવાન અમને બચાવે એવી પ્રાર્થના નારાયણકવચમાં છે.

વિશ્વરૂપ ગુરુએ ઇંદ્રને કહ્યું કે તું આ નારાયણકવચને ધારણ કરીશ તો સહજમાં બધા દૈત્યોને જીતી શકીશ. આ નારાયણકવચ ધારણ કરવાવાળો પુરુષ જ્યાંજ્યાં નજર કરે અથવા પગથી કોઇને અડે તો તે જ ક્ષણે તે ભયથી મુક્ત થઈ જાય છે. આ કારણને લઇને શિષ્યો બ્રહ્મનિષ્ઠ ગુરુઓને પગે સ્પર્શ કરે છે અને ૐ નમો નારાયણાય એમ બોલે છે. અને ગુરુ સમ્યક્દૃષ્ટિથી શિષ્યને ભયથી મુક્ત કરે છે. આ (વિશ્વભાવનારૂપ) વિદ્યા ધારણ કરવાવાળો પુરુષ રાજાથી, ચોરથી, ગ્રહથી કે વાઘ વગેરેથી ભય પામતો નથી.

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે, "હે રાજા! જે પુરુષ આ નારાયણકવચને યોગ્ય વખતે સાંભળે છે અને આદરપૂર્વક ધારણ કરે છે તેને બધાં પ્રાણી નમસ્કાર કરે છે અને તે સર્વપ્રકારના ભયથી મુક્ત થઇ જાય છે. વિશ્વરૂપ ગુરુએ ઇંદ્રને આ વિદ્યા શિખવાડી; તેના પ્રભાવથી ઇંદ્રે અસુરોને પરાસ્ત કર્યા અને ત્રણે લોકની રાજ્યલક્ષ્મી ઇંદ્રને પ્રાપ્ત થઇ.

આજે પણ માણસોના મનમાં અનેક પ્રકારના ભય રહે છે. તેઓ જો આ નારાયણકવચ સમજે અને તે પ્રમાણે વિશ્વભાવનાથી બધાને નારાયણ સમજીને રહે તો તેમને કોઈની બીક રહેશે નહિ. ઉપનિષદોમાં પણ કહેલું છે કે **द्वितीयाद् वै भयं भवति ।** એટલે બીજા દેખાય તો ભય ઉત્પન્ન થાય. જ્યાં બધું બ્રહ્મરૂપ દેખાય ત્યાં ભય રહેતો નથી.

વિશ્વરૂપને ત્રણ માથાં હતાં. યજ્ઞ વખતે તે પ્રત્યક્ષ રીતે દેવોને યજ્ઞનો ભાગ આપતા હતા; પણ તેમની મા અસુરના કુળની હોવાથી ગુપ્ત રીતે તે દૈત્યોને પણ હવિનો ભાગ આપી દેતા હતા. એ મા એ જ માયાનું સ્વરૂપ છે. પણ વિશ્વરૂપનો સ્વભાવ જ એવો રહે છે કે તે માયામાં પણ બ્રહ્મદર્શન કરી શકે છે. તેથી તેને બધા સમાન લાગે છે. પણ ઇંદ્રને બીક લાગી કે આવી રીતે જો દૈત્યોને ભાગ મળશે તો તેમનું બળ અમારા કરતાં વધી જશે તેથી ઇંદ્રે વિશ્વરૂપનાં ત્રણે માથાં ક્રોધથી કાપી નાખ્યાં. આમ કરવાથી ઇંદ્રને બ્રહ્મહત્યા લાગી. (આંહીં બ્રહ્મહત્યા એટલે બ્રહ્મનું વિસ્મરણ એમ સમજવાનું છે.)

બ્રહ્મનિષ્ઠ ગુરુઓનો સ્વભાવ જ એવો હોય છે કે તેમને બધું બ્રહ્મરૂપ લાગે છે તેથી વિશ્વરૂપનો ખરો અપરાધ નહોતો. ઇ. સ. ૧૯૨૨માં મુંબઇમાં એક બ્રહ્મનિષ્ઠ મહાત્મા કોઇને ત્યાં સેન્ડહર્સ્ટ રોડ ઉપર ઊતર્યા હતા. તેમનો એક શિષ્ય તેમને મળવા ગયો. ગુરુને કાંઈ પુસ્તક વેચાતાં લેવાની ઇચ્છા થઇ તેથી ગાડી ભાડે કરીને ગુરુ અને શિષ્ય કાલબાદેવી રોડ ઉપર ગયા. ત્યાંથી ૨૦ રૂપિયાનાં પુસ્તક ખરીદ કર્યાં. પછી ઠંડીને લઇને ગુરુએ ગંજીફ્રાક લેવાની ઇચ્છારાખી. તેથી શેખમેમન સ્ટ્રીટમાંથી ૬ ગંજીફ્રાક લીધાં. પછી પીંજારા ગલીમાંથી એક ૧૫ રૂપિયાની રજાઇ ઓઢવા માટે લીધી. પછી એક સારો ટ્રંક એ બધું રાખવા માટે લીધો. એમ એક કલાકમાં લગભગ ૮૪ રૂપિયાનું ખર્ચ થયું. પછી ગુરુએ શિષ્યને પૂછ્યું કે, કેટલું ખર્ચ થયું? શિષ્યે કહ્યું કે, એ બાબત આપને જાણવાની જરૂર નથી અને

મારે કહેવાની જરૂર નથી. પણ જે લીધું તે આપના ઉપયોગમાં રાખજો. ગુરુએ શિષ્યને કહ્યું, કે 'તારું બ્રહ્મજ્ઞાન પાકું થયું નથી, જે વસ્તુ સ્વામીની છે તે આખા જગતની છે." એટલે બીજે દિવસે એ વસ્તુઓ એની પાસે (ગુરુ પાસે) કદાચ ન પણ હોય અને બીજાને આપી પણ દે. એ ગુરુનો સ્વભાવ પણ એવો હતો કે કોઇ પાસે આવી ચીજો મંગાવે અને પછી કેટલીકવાર કોઇ જિજ્ઞાસુને અને ગરીબને આપી દેતા. તેથી તેમના શિષ્યોને તેમની સેવા કરવામાં ઘણી મુશ્કેલી પડતી હતી. ઇંદ્રના ગુરુ વિશ્વરૂપનો સ્વભાવ પણ એવો હતો. ખરા બ્રહ્મજ્ઞાની પુરુષો આખા વિશ્વને પોતાનું કુટુંબ માને છે.

વિશ્વરૂપના મરણ પછી તેના પિતા ત્વષ્ટાએ એવો યજ્ઞ કર્યો કે જેથી ઇંદ્રનો કોઇ શત્રુ તેમાંથી ઉત્પન્ન થાય. તેના પરિણામે તે યજ્ઞમાંથી એક મહા ભયંકર દૈત્ય પ્રગટ થયો. તે પ્રલયકાળના અગ્નિના જેવો હતો અને જાણે કે બધા લોકનો સંહાર કરી નાખશે એવું તેનું ઉગ્ર રૂપ હતું. તે ચારે તરફ જેટલાં બાણ ફેંકતો તે વધતાં લાગતાં હતાં. વૃત્તિઓનું સ્વરૂપ પણ એવું છે કે એક અનાત્મવૃત્તિમાંથી બીજી અનેક તેવી વૃત્તિ નીકળે છે. તેનું રૂપ કાળું હતું, શરીર વિશાળ હતું, તેનાં નેત્ર ઉગ્ર હતાં અને પોતાનું ત્રિશૂળ ઉપાડી તે ભયંકર ગર્જના કરતો હતો. તે પોતાની વિકરાળ દાઢોથી જાણે ત્રણે લોકોને ગળી જતો હતો એવું લાગતું હતું. તેનું એવું વિકરાળ રૂપ જોઇ લોકો અત્યંત બીકથી દશે દિશામાં ભાગતા હતા.

શુકદેવજી કહે છે કેઃ—

યેનાવૃતા ઇમે લોકાસ્તમસા ત્વાષ્ટ્રમૂર્તિના ।
સ વૈ વૃત્ર ઇતિ પ્રોક્તઃ પાપઃ પરમદારુણઃ ॥

(૬–૯–૧૮)

અર્થ—આ મહાતમોગુણી ત્વષ્ટાપુત્રે બધા લોક ઉપર આવરણ કરેલ હોવાથી અને તે મહાપાપી અને પરમ દારુણ અસુર હોવાથી

લોકોએ તેનું નામ વૃત્ર પાડયું અથવા તેને વૃત્રાસુર કહેતા. (વૃત્તિઓ યજ્ઞરૂપી કર્મમાંથી જ ઉત્પન્ન થાય છે.) પછી સંપૂર્ણ દેવોએ પોતાના અનુયાયીઓ સહિત એકીસાથે તેના ઉપર ચડાઈ કરી અને દિવ્ય શસ્ત્રને ઉપયોગ કર્યો; પણ વૃત્રાસુર એ બધાંને ગળી ગયો. તેથી દેવો વિસ્મય થયા અને પોતાના અંતઃકરણમાં રહેલ આદિપુરુષ શ્રી નારાયણની સ્તુતિ કરવા લાગ્યા.

આંહીં વૃત્રાસુર એટલે વૃત્તિઓનું આવરણ સમજવાનું છે. જ્યારે જીવનની અંદર અનેક જાતના સંકલ્પ ઊઠે છે, ત્યારે તેને ખબર પડતી નથી કે પોતે કોણ છે? તેથી બધા સંસાર ઉપર આવરણ આવી જાય છે. આવરણ એ અજ્ઞાનનું અથવા અવિદ્યાનું સ્વરૂપ છે. અવિદ્યા ક્યાંથી આવે છે તેનું કારણ જ્ઞાની પણ સમજી શકતા નથી, તેથી તેને અનિર્વચનીય કહેવામાં આવે છે. બ્રહ્મમાં અજ્ઞાન છે કે નહિ તે બ્રહ્મને જાણ્યા વગર કહી શકાતું નથી. તેથી અજ્ઞાની અજ્ઞાનનું સ્વરૂપ જાણતા નથી અને જ્ઞાનીને બ્રહ્મમાં અજ્ઞાન મળતું નથી તેથી જ્ઞાની પણ અજ્ઞાનને જાણતા નથી. દિવસે બપોરનો સૂર્ય તે વખતે ઘુવડને અંધારું લાગે તે ઘુવડની વૃત્તિમાંથી ઉત્પન્ન થયેલ આવરણ છે. તે અંધારું ભગવાને કરેલ નથી. તે ઘુવડના જગતનો વૃત્રાસુર છે. ઘુવડ માણસ થાય તો તે વૃત્રાસુરનો નાશ સહેલો છે, પણ ઘુવડ રહે ત્યાંસુધી એ દશામાં ઘુવડને બહુ મુશ્કેલી પડે છે. તેની જ રીતે માણસની દ્વૈતભાવવાળી વૃત્તિઓ માટે સમજવાનું છે. એ અજ્ઞાન સાચું નથી તેથી તેનું પ્રમાણ મળતું નથી. જો અજ્ઞાન અથવા આવરણ પ્રમાણથી સિદ્ધ થાય તો તેને દૂર કરી શકાય નહિ. તેથી અજ્ઞાન પ્રમાણથી સિદ્ધ થતું નથી પણ પ્રમાજ્ઞાનથી એટલે પ્રમાણથી અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. હાલના સમાજમાં લોકોમાં જે અજ્ઞાન છે તે દૂર કરવા માટે જે જ્ઞાન નિશાળમાં આપવામાં આવે છે તે પણ અજ્ઞાન વધારે છે; કારણ કે તેનાથી દ્વૈતભાવ દૂર થતો નથી. તેથી બધા

દેશમાં બધી પ્રજામાં વૃત્રાસુરનું રાજ્ય વધવા માંડયું છે અને તેથી ઘણા દેશ ઉપર હાલના કાળમાં આવરણ આવી ગયેલ છે.

હવે દેવો ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કેઃ—"આપ પરિપૂર્ણ છો, અહંકારથી શૂન્ય છો, રાગદ્વેષથી શૂન્ય છો, કાળ પણ આપનાથી બીએ છે, તો આપના એવા સ્વરૂપને છોડી અમે આ વખતે બીજા કોનો આશ્રય લઇએ ? આપ અમારા સર્વનાં અંતઃકરણમાં છો અને આપની માયાથી સર્વને ચલાવો છો. આપ દરેક યુગમાં અમારી રક્ષા કરો છો આપ વિશ્વથી ભિન્ન હોવા છતાં પણ વિશ્વરૂપ છો. માટે આપ હવે પોતાના ભક્તોનું રક્ષણ કરો."

વેદાન્તશાસ્ત્રમાં અંતઃકરણના પરિણામને વૃત્તિ કહે છે. સુષુપ્તિમાં અંતઃકરણ નથી તેથી ત્યાં અજ્ઞાનના પરિણામને વૃત્તિ કહે છે. વૃત્તિ બે પ્રકારથી હોય છેઃ પ્રમાવૃત્તિ જેવી વસ્તુ હોય તેવી બતાવે છે. એ વિશ્વરૂપનું સ્વરૂપ છે. તેને બ્રહ્માકાર વૃત્તિ પણ કહી શકાય. અપ્રમાવૃત્તિથી વસ્તુ જેવી હોય તેવી જણાતી નથી. તે વૃત્રાસુરનું સ્વરૂપ છે. તેથી દેવો પોતાના અંતઃકરણમાં રહેલ પરમાત્માની મદદથી બ્રહ્માકારવૃત્તિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે એમ સમજવાનું છે.

દેવોની સ્તુતિ પૂરી થયા પછી શંખ–ચક્ર–ગદાધારી શ્રીહરિ પશ્ચિમ દિશામાં પ્રગટ થયા. દેવોએ તેમને પ્રણામ કર્યા અને ફરીથી તે સ્વરૂપની સ્તુતિ કરતાં કહેવા લાગ્યા કેઃ–હે કાલસ્વરૂપ ! આપને અમારા નમસ્કાર છે. દૈત્યો ઉપર આપનું અમોઘ ચક્ર ફરી વળે છે એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. આપનું જે નિર્ગુણ પરમપદ છે તેને તેના કાર્યરૂપ જગતના કોઇ પણ જીવો જાણી શકતા નથી.

આપ એકમાત્ર બધા જગતનો આધાર છો. જ્યારે પરમહંસ યતિઓ આત્મસંયમરૂપી પરમ સમાધિ લગાવે છે, ત્યારે તેમના હૃદયનું અજ્ઞાન દૂર થઇ જાય છે અને પછી આવરણરહિત આત્મલોકમાં પ્રાપ્ત નિજાનન્દરૂપ તેમને જે અનુભવ થાય છે તે ખરું સ્વરૂપ છે.

(અહીં આવરણુરહિત સ્વરૂપની સ્તુતિ આવરણુ મટાડવા માટે કરે છે). આપના સિવાય કાંઈ નથી તેથી ગુણોના કાર્યરૂપ ભોગ આપ કોઈ જીવમાં રહી પરતંત્રતાથી ભોગવો છો કે પોતાની ચૈતન્યશક્તિથી ચ્યુત થયા વગર આત્મારામ થઈને ઉદાસીન વૃત્તિથી રહો છો તે અમને સમજાતું નથી. (એટલે અજ્ઞાનનું આવરણુ કેવું છે તે અમે સમજી શકતા નથી.) આપના સ્વરૂપ વિષે વિવાદ કરવાવાળા પણુ તર્કથી આપને પહોંચી શકતા નથી. આપ સંપૂર્ણુ માયામય પ્રપંચથી રહિત છો. એવા આપના અદ્વિતીય સ્વરૂપમાં પોતાની માયા છુપાવી લ્યો ત્યારે કર્તૃત્વ-ભોક્તૃત્વરૂપ કોઈ વ્યવહાર બની શકતો નથી.

समविषममतीनां मतमनुसरसि यथा रज्जुखण्डः सर्पादिधियाम् (૬-૯-૩૭) જે પ્રકારે એક જ દોરડી ભ્રાંતિ વગરના પુરુષોને દોરડી લાગે છે અને ભ્રાંતિવાળા પુરુષને સર્પ, જમીનની ફાટ, દંડ, જળની ધારા વગેરે રૂપે પ્રતીત થાય છે, તે પ્રકારે આપ પણુ વિવેકી અને અને અવિવેકી પુરુષોની બુદ્ધિનું અનુસરણુ કરો છો; એટલે કે વિવેકીને જે શુદ્ધ સચ્ચિદાનંદસ્વરૂપ જણાય છે તે જ અવિવેકીઓની દૃષ્ટિમાં (બીજા સંસારી જીવોની સમાન) કર્તા ભોક્તારૂપ જણાય છે. (આવો અવિવેક એ વૃત્રાસુરનું સ્વરૂપ છે.)

વિચાર કરીને જોતાં આપ જ બધી વસ્તુઓના સારભૂત છો, આપ સર્વેશ્વર છો, આપ કારણુનું પણુ કારણુ છો. શ્રુતિઓ પણુ અનાત્મ વસ્તુઓનો નિષેધ કરીને સર્વના અધિષ્ઠાનરૂપ આપને અવશેષ રાખે છે. (૬-૯-૩૮)

ભગવાનનું સગુણુ સ્વરૂપ અનંત છે. તે અનંત સ્વરૂપનું સંપૂર્ણ જ્ઞાન કોઈ રાખી શકતું નથી, અને તેની પૂરી ઉપાસના પણુ થઈ શકતી નથી. પણુ ભક્તની ભાવના પ્રમાણે સગુણુ ભગવાનના અમુક અંશનો સાક્ષાત્કાર થઈ શકે છે, તેથી જ્ઞાની પુરુષો વ્યાવહારિક સત્તાને પ્રાતિભાસિક બનાવીને, તેના સમસ્ત અંગનો નિષેધ કરીને, અવશેષ

રહેલ અધિષ્ઠાનરૂપ નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શકે છે. સગુણ-ભક્તિમાં ભેદનો અભેદ કરવો પડે છે અને નિર્ગુણ ભક્તિમાં ભેદનો નિષેધ કરવો પડે છે. પહેલી ભક્તિમાં બહુ પ્રેમ જોઈએ, એટલે સર્પ અને વીંછી ઉપર પણ પ્રેમ કરતાં આવડવું જોઈએ; અને બીજી ભક્તિમાં બહુ જ્ઞાન અને વૈરાગ્ય જોઈએ; કારણ કે નામરૂપવાળા સમસ્ત પ્રપંચનો બાધ કરવા માટે બ્રહ્માકારવૃત્તિની શરૂઆતમાં જરૂર પડે છે. તેથી જ્ઞાની પુરુષો વૃત્તિનું સ્વરૂપ બરાબર જાણવા માટે પ્રયત્ન કરે છે અને પછી વૃત્રાસુરરૂપી અવિદ્યાની વૃત્તિને વિદ્યાથી હઠાવી શકે છે.

અવિદ્યાની વૃત્તિ ત્રણ ગુણવાળી માયામાંથી ઉત્પન્ન થાય છે, એ જ વૃત્રાસુરનું ત્રિશૂળ છે. તેને સાયન્સમાં three dimensional world કહે છે. તે દશામાં દરેક માણસનું માપ ખોટું રહે છે, છતાં દરેક એમ માને છે કે હું સાચો અને બીજા બધા ખોટા. હવેના નવા સાયન્સવાળાએ એવું સિદ્ધ કરેલ છે કે આપણા જગતને ખરેખર ચાર કદ છે. એટલે આપણું જગત ચાર પરિમાણવાળું છે. તેને ભગવાનના ચાર હાથ કહી શકાય. ત્યાં અભેદદૃષ્ટિ રહી છે. અથવા એમ લાગે છે કે દરેક માણસ પોતાની દૃષ્ટિથી તે વખતે ઠીક હોય છે. તેથી કોઈની સાથે ઝઘડો થતો નથી તેને four dimensional continuam કહે છે. સગુણ ભક્તિમાં એ સિદ્ધાંત બહુ કામ આવે તેવો છે. નિર્ગુણવાળાને સ્વપ્નનો દૃષ્ટાંત બહુ ઉપયોગી છે. સ્વપ્નમાં આપણે ટ્રેનની મુસાફરી કરી અને તેમાં બીજા સાથે વાત કરી તો બોલનાર આપણે, સાંભળનાર પણ આપણે, સ્ટેશન માસ્તર, ગાર્ડ, ડ્રાઈવર, એંજિન, ડબ્બા વગેરે અને તે બધાની વચ્ચે ખાલી જગ્યા તે પણ આપણી દૃષ્ટિમાં (એટલે સ્વપ્ન જોનારની દૃષ્ટિમાં) છે. જાગ્યા પછી તેની ખાત્રી થાય છે. જાગ્રતમાં પણ આપણા ખોટા જ્ઞાનના અથવા અજ્ઞાનના બધા દેખાવ છે. એ અજ્ઞાનને આવરણ અથવા વૃત્રાસુર

કહી શકાય છે. વિશ્વરૂપવાળી વિશ્વભાવનાને મારી નાખવાથી આવી વૃત્રાસુરરૂપી અવિદ્યા ઉત્પન્ન થાય છે.

હવે દેવો સ્તુતિ કરતા ભગવાનને કહે છે કે આપના મહિમારૂપી અમૃતરસના સમુદ્રના બિન્દુનું એકવાર પણ જેણે આસ્વાદન કર્યું હોય છે તેને પોતાના હૃદયમાં નિરંતર સુખનો પ્રવાહ વહેતો દેખાય છે. તેનાથી તેના દેખેલા અને સાંભળેલા વિષયજન્ય લેશમાત્ર સુખના આભાસ વિસ્મૃત થઇ જાય છે. એવા માણસોનું ચિત્ત આપ સર્વાત્મામાં નિરંતર પૂર્ણ રીતે સમાહિત થઇને રહે છે. અવા અનન્ય ભગવદ્ભક્ત આપના ચરણકમળની સેવાને છોડી શકતા નથી, તેથી ફરીથી સંસારમાં પડતા નથી. જો કે દૈત્ય, દાનવ વગેરે આપની જ વિભૂતિ છે તથાપિ આ તેમના ઉત્કર્ષનો સમય નથી. તેથી આપે તેમને દંડ દેવો જોઇએ અને વૃત્રાસુરનો વધ કરવો જોઇએ. આપ બધા પ્રાણીઓની અંદર અંતર્યામીરૂપે અને બહાર પ્રકૃતિરૂપે રહેલા છો. હે કૃષ્ણ! હે ઈશ! ત્રણ લોકોને હેરાન કરનાર આ વૃત્રાસુરનો સંહાર કરો. આપને અમારા નમસ્કાર છે.

ઉપરની સ્તુતિ સાંભળીને ભગવાને કહ્યું કે: 'તમારી સ્તુતિથી હું પ્રસન્ન થયો છું. આવી સ્તુતિથી આત્માના પ્રભાવનું સ્મરણ થાય છે અને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. મારો ભક્ત તો મારા સિવાય બીજા કશાની ઇચ્છા રાખતો નથી. જે મંદ મતિવાળા અજ્ઞાની પુરુષો હોય છે તેમને પોતાના વાસ્તવિક કલ્યાણનું જ્ઞાન થતું નથી. જે ગુરુઓ તેમના શિષ્યને વિષયોનું સુખ આપે છે, તે પોતે જ મૂર્ખ છે (૬–૯–૪૯). જે પુરુષ મુક્તિના માર્ગને જાણે છે, તે કોઇ અજ્ઞાની વ્યક્તિને પ્રવૃત્તિમાર્ગનો ઉપદેશ આપતો નથી સારો વૈદ્ય રોગીની ઇચ્છા હોય તો પણ તેને કુપથ્ય આપતો નથી. (ગીતામાં ભગવાને કહેલ છે કે અજ્ઞાની માણસોને કર્મમાં જોડવા અને તેમનામાં બુદ્ધિભેદ કરવો નહિ, તે ક્રમમુક્તિનો માર્ગ લાગે છે. ભાગવતમાં ૭

દિવસમાં મુક્તિ અપાવવાનો માર્ગ બતાવવાનો છે તેથી વધારે વૈરાગ્યની અને નિવૃત્તિની વાતો આવે છે.)

ભગવાન કહે છે કેઃ—હે ઇંદ્ર! તમારું કલ્યાણ થાઓ, તમે તરત દધીચિ ઋષિ પાસે જાઓ અને તેમની વિદ્યા વ્રત, તથા તપના પ્રભાવથી અત્યન્ત દૃઢ થયેલું તેમનું શરીર માગો. દધીચિ ઋષિમાં શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન છે. તે જ્ઞાનના પ્રભાવથી અશ્વિનીકુમારોને અમરતા પ્રાપ્ત થઈ હતી. તે ઋષિએ જ પહેલાં નારાયણકવચ વિશ્વરૂપના પિતા ત્વષ્ટાને સમજાવ્યું હતું. તે ઋષિ પરમ ધર્માત્મા છે, તે તમને પોતાના શરીરનું અંગ આપી દેશે. તેમાંથી એક શસ્ત્ર તૈયાર કરી શકાશે. તેનાથી વૃત્રાસુરનું માથું કાપી શકાશે. વૃત્રાસુર મર્યા પછી તમને તમારી સંપત્તિ ફરીથી પ્રાપ્ત થશે. મારા ભક્તોને કોઈ કષ્ટ આપી શકતા નથી, માટે તમારું કલ્યાણ થાઓ.

આ પ્રસંગનો આધ્યાત્મિક ભાવે અર્થ કરીએ તો સંસ્કૃત ભાષામાં દધીચિ ઋષિનું નામ દધ્યઙ્ છે એટલે ધીરૂપી જેનું અંગ છે, એટલે જેનું શરીર જ બ્રહ્મવિદ્યાથી બનેલું છે તે. એટલે ખરી રીતે ભગવાન ઇંદ્રને અને દેવોને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવાનું કહે છે. તેવી વિદ્યા પ્રાપ્ત કર્યા વગર વૃત્તિઓરૂપી વૃત્રાસુરનું આવરણ દૂર થઈ શકે તેવું નથી. જ્યાંસુધી જીવને બ્રહ્મજ્ઞાન થતું નથી, ત્યાંસુધી અનેક પ્રકારની વૃત્તિઓ ઉત્પન્ન થયાં કરે છે. ખોટી વૃત્તિથી આવરણ ઉત્પન્ન થાય છે અને બ્રહ્માકાર વૃત્તિથી આવરણભંગ થાય છે. બ્રહ્માકારવૃત્તિ એ જ દધીચિ ઋષિનું અંગ છે. જેમ લાકડું કાપવા માટે લોઢું લાકડાની અપેક્ષા રાખે છે તેમ અજ્ઞાનવાળી વૃત્તિના નાશ માટે બ્રહ્માકારવૃત્તિની જરૂર પડે છે. સામાન્ય ચૈતન્ય અવિદ્યાનું સાધક છે, પણ વિશેષ ચૈતન્ય એટલે બુદ્ધિમાં આરૂઢ થયેલ ચૈતન્ય અવિદ્યાનું બાધક છે. તેથી બુદ્ધિરૂપી દધ્યઙ્ ઋષિની મદદની બધા જીવને જરૂર પડે છે. એવી બુદ્ધિ ઉત્પન્ન થાય ત્યારે તત્ત્વની ખબર પડે છે. વૃત્રાસુરરૂપી ભ્રાંતિનો

કોઇ આશ્રય નથી. જે ભૂલ સર્વ ન્યાયની વિરોધી છે તે તત્ત્વવિચારને સહન કરી શકતી નથી.

ઉપર પ્રમાણે ઇંદ્રને આજ્ઞા આપીને ભગવાન અંતર્ધાન થઇ ગયા. પછી ઇંદ્ર અને દેવો દધીચિ ઋષિ પાસે ગયા. ઋષિએ પ્રસન્ન થઇને કહ્યું કેઃ—"હે દેવો ! જો કે સાધારણ માણસ માટે શરીર આપવાનું કામ ઘણું મુસ્કેલ લાગે છે; પણ તમારા કલ્યાણ માટે હું તે તમને આપું છું." એમ કહી દધીચિ ઋષિએ પોતાનું ચિત્ત પરબ્રહ્મમાં લીન કરી શરીરનો ત્યાગ કર્યો. તે મુનિનાં ઇંદ્રિય, ચિત્ત, પ્રાણ સંયત હતાં અને તેમની દૃષ્ટિ તત્ત્વમય હતી તે બધા પ્રકારના બંધનથી મુક્ત હતા. જ્યારે આવી યોગધારણાથી તેમણે પ્રાણ છોડયા ત્યારે તેમને શરીરનો કાંઈ પત્તો લાગ્યો નહિ.

પછી દેવોની માગણી ઉપરથી વિશ્વકર્માએ તે ઋષિના શરીરનાં હાડકામાંથી એક સારું વજ્ર બનાવી આપ્યું. એ વજ્ર લઇ ઇંદ્ર હાથી ઉપર ચડયા અને વૃત્રાસુરને મારવા માટે તૈયારી કરી. આહીં વજ્ર એટલે બ્રહ્મવિદ્યામાં દૃઢતા સમજવાની છે. એવી નિષ્ઠા થયા વગર બધી વૃત્તિઓ મરતી નથી. તે વખતે ઇંદ્રની મદદમાં રુદ્ર, વસુ, આદિત્ય, અશ્વિનિકુમાર, પિતૃગણ, અગ્નિ, મરુત, ઋભુ, સાધ્ય અને વિશ્વદેવતા વગેરે હોવાથી તેમને જોઇ વૃત્રાસુર વગેરે દૈત્યો કંપાયમાન થઈ ગયા. આપણા અંતઃકરણમાં પણ જ્યારે બ્રહ્માકારવૃત્તિ ઉત્પન્ન થાય છે ત્યારે બીજી સાત્ત્વિક શક્તિઓ પણ મદદ કરવા લાગી જાય છે અને આસુરી પ્રકૃતિ એટલે ખરાબ વૃત્તિઓને મરવાની બીક લાગે છે. છતાં વૃત્રાસુરની મદદમાં બીજા અસુરો તૈયાર થઇ ગયા. તેમાં કેટલાકનાં નામ દ્વિમૂર્ધા (એટલે ભેદબુદ્ધિ) વગેરે જેવાં હતાં. તેઓએ ભેગા થઈ દેવોના ઉપર ગદા, પરિઘ, બાણ, શૂલ, પરશુ વગેરે અસ્ત્રો નાખવા માંડયાં. આવું યુદ્ધ દરેક જીવના હૃદયમાં રોજ બન્યા કરે છે. જેઓ મોટરમાં ફર્યા કરે છે તેવા કેટલાકનાં અંતઃકરણ

તપાસો, તો ત્યાં પણ વૃત્રાસુરનું રાજ્ય જોવામાં આવશે. તેમના ટપાલના કાગળ અને તાર તપાસો તો તેમાંથી વૃત્રાસુરની હોળી જ નીકળશે.

દૈત્યોનાં અસ્ત્રોને દેવોએ પોતાની શક્તિથી ભાંગી નાખ્યાં. તેથી દૈત્યોને ભય થયો અને તેઓ યુદ્ધભૂમિમાં વૃત્રાસુરને એકલો છોડીને ભાગી ગયા. આ પ્રમાણે અવિદ્યાનું કાર્ય દૂર થયું તો પણ અવિદ્યા પોતે હજુ જીવતી રહી ગઈ. વૃત્રાસુરે દૈત્યોને ઘણું સમજાવ્યા અને કહ્યું કે યુદ્ધમાંથી ભાગવું એ સારું નથી. સંસારી પ્રાણીઓને માટે બે પ્રકારનાં મૃત્યુ સારાં છે: એક તો બ્રહ્મચિંતનદ્વારા પ્રાણને જીતી યોગાભ્યાસથી શરીર છોડવું, અને બીજું યુદ્ધમાં સેનાની આગળ રહી પાછો પગ કર્યા વગર પ્રાણ છોડવા. આવો ઉપદેશ અસુરોની સેનાને મળ્યો છતાં તે સેના છિન્નભિન્ન થઈ ગઈ. તે જોઈ વૃત્રાસુરને વધારે ક્રોધ ચડ્યો. સંસારમાં પણ જ્યારે માણસની ઇચ્છા પૂરી થતી નથી ત્યારે કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. વૃત્રાસુરે દેવોને કહ્યું કે જે દૈત્યો ભાગે છે તેમના પર પાછળથી પ્રહાર કરવો એ શૂરવીરનું કામ નથી. તમારામાં તાકાત હોય તો મારી સામે આવી જાઓ. આમ કહી વૃત્રાસુરે ભયંકર ગર્જના કરી. તેનાથી બધા લોકો અચેત થઈ ગયા. ખરી વાત તો એ છે કે જ્યારે આત્માની આડું આવરણ ઉત્પન્ન થાય છે, ત્યારે બધા મનુષ્ય અચેત થઈ જાય છે. દેવો પણ તે ગર્જનાથી અચેત થઈ ગયા. તેમના ઉપર વૃત્રાસુર ત્રિશૂલ લઈને ઘૂમવા લાગ્યો. સંસારમાં જ્યારે માણસો વચ્ચે અથવા કોમો વચ્ચે ખરા હુલ્લડ જાગે છે ત્યારે વૃત્રાસુરની લડાઈ પ્રત્યક્ષ નજરે પડે છે. પછી ઇન્દ્રે વૃત્રાસુર ઉપર ગદા ફેંકી. તે વૃત્રાસુરે પકડી લીધી. તે જ ગદાથી વૃત્રાસુરે ઇંદ્રના હાથી ઉપર પ્રહાર કર્યો, જેથી તે હાથી વ્યાકુલ થઈ ૨૮ હાથ પાછો હઠી ગયો. આંહીં હાથી એટલે અહંકાર સમજવાનો છે અને ૨૮ સાંખ્યનાં તત્ત્વો છે. તેમાં

અહંકાર ગુંચવાઈ ગયો. હાથીની મૂર્ચ્છા ઊતર્યા પછી ફરીથી ઇન્દ્ર યુદ્ધ માટે તૈયાર થઈ ગયો. તે વખતે વૃત્રાસુરે તેને કહ્યું કે આજે મરું ભાગ્ય છે કે મારા ભાઇ વિશ્વરૂપને મરનાર તું મારી સામે આવ્યો છે. હવે તરતમાં થોડા વખતમાં મારા ત્રિશૂળથી તારું હૃદય ચીરી નાખીશ. તેં લજ્જા, લક્ષ્મી, દયા અને કીર્તિ છોડી દીધેલ છે. તારાં કુકર્મથી રાક્ષસો પણ તારી નિંદા કરે છે. તારા દેહને હવે ગીધો ભક્ષણ કરશે. તારા સાથી દેવો કે જે પશુઓ જેવા છે તેમનો પણ હું હમણાં નાશ કરું છું. છતાં કદાચ આ યુદ્ધમાં તું તારા વજ્રથી મારું માથું કાપીશ તો હું કર્મબંધનથી છૂટીને ધીર પુરુષના પદને પ્રાપ્ત થઈશ. માટે તું તારૂં વજ્ર ચલાવ. મને ખબર છે કે તે વજ્રમાં શ્રીહરિનું તેજ છે અને દધીચિ ઋષિના તપોબળનું તેજ છે. હું જાણું છું કે જ્યાં શ્રીહરિ હોય છે ત્યાં વિજય, લક્ષ્મી અને બધા ગુણ રહે છે (૬-૧૧-૨૦). (આંહી બ્રહ્મવિદ્યાનો ઉપયોગ કર એમ ઇંદ્રને વૃત્રાસુર કહે છે.) મને સંકર્ષણ ભગવાને જેવો ઉપદેશ આપેલ છે તે પ્રમાણે હું તો તેમનાં ચરણકમળમાં ચિત્ત લગાવીને, તારા વજ્રના વેગથી મારાં વિષયભોગરૂપ બંધન કપાઇ જવાથી શરીર છોડયા પછી યોગિઓની ગતિને પ્રાપ્ત થઇશ.

આંહી વૃત્રાસુર એમ કહે છે કે વજ્રથી વિષયોનાં બંધન કપાઇ જશે. તે ઉપરથી જણાઇ આવે છે કે એ વજ્ર ખરેખર હાડકાનું નથી પણ જ્ઞાનરૂપી વજ્ર છે, અને વિષયોની વૃત્તિરૂપી વૃત્રાસુર છે. સાધારણ બુદ્ધિ એ દક્ષનું સ્વરૂપ છે, તેનાથી વિષયો દૂર થતા નથી પણ આ તો ભગવાને આપેલી બુદ્ધિ છે, તે દધ્યહનું સ્વરૂપ છે. તેનાથી વિષયો કપાઇ જાય છે. જ્યારે ગાયત્રી મંત્રનો જપ કરવામાં આવે છે ત્યારે પણ જપ કરનાર ભગવાન પાસે બુદ્ધિ માગે છે. તેને સંસ્કૃત ભાષામાં ધી કહે છે. તેને જ્ઞાન પણ કહે છે. ઇંદ્ર એ હાથના દેવ હોવાથી સામાન્ય કર્મરૂપ વ્યવહારનું સ્વરૂપ છે. તેમણે વિશ્વ-

ભાવનારૂપ વિશ્વરૂપને મારી નાખ્યો. તે પછી અસુરોએ તેના પર ચડાઇ કરી હતી. તેવી જ રીતે હાલ ઘણા માણસો કર્મ કરે છે પણ વિશ્વભાવના રાખી શકતા નથી. તેથી તેમના વ્યવહારમાં વૃત્રાસુરનું જોર દેખાય છે. જ્યારે કોઇ કન્યાનો વિવાહ કરવાનો હોય ત્યારે એવી રીતે ન કરવો જોઇએ કે તે વિવાહમાં વર મરી જાય. તેવી જ રીતે આપણે વ્યવહાર એવી રીતે ન કરવો જોઇએ કે જગતના પતિ વિશ્વંભરને ભૂલી જવાય. વૃત્રાસુર ઇંદ્રને કહે છે કે તેં મારા ભાઇ વિશ્વરૂપને મારી નાખેલ છે માટે હું બરાબર વેર લઇશ. અહીં વિશ્વરૂપ એ બ્રહ્માકારવૃત્તિ માનીએ અને વૃત્રાસુર એ સંસારી વૃત્તિ માનીએ તો બન્ને વૃત્તિ ભાઇની માફક હોવા છતાં બંનેના સ્વભાવમાં ફેર પડી જાય છે. વૃત્રાસુરે ગયા જન્મમાં કેટલીક ભક્તિ કરી હતી તેથી તેને છેલ્લી વખતે ભક્તિનું અને ભગવાનના મહિમાનું સ્મરણ થવા લાગ્યું છે.

વૃત્રાસુર કહે છે કે જે પુરુષ ભગવાનમાં અનન્ય પ્રેમ કરવાવાળા છે અને તેમના નિજજન કહેવરાવે છે તેમને ભગવાન સ્વર્ગ, પૃથ્વી, અથવા રસાતલ વગેરેની સંપત્તિઓ આપતા નથી; કારણ કે એવી સંપત્તિથી દ્વેષ, ઉદ્વેગ, માનસિક પીડા, અભિમાન, કલહ, વ્યસન અને શ્રમ પ્રાપ્ત થાય છે (૬–૧૧–૨૨). (આ બાબત બધા રાજદ્વારી નેતાઓને સંભળાવી હોય તો તેમને કેવું લાગે ? પણ હાલનો કાળ એવો છે કે આખી પ્રજાને લડાઈ માટે તૈયાર રહેવું પડે છે અને તેથી રાજ્યના વિચાર કરવા પડે છે). ભગવાનની ભક્તિ એ જગતના બધા લાભ કરતાં મોટો લાભ છે. તેથી વૃત્રાસુર કહે છે કે, 'હે ઇન્દ્ર, પ્રભુ પોતાના ભક્તોના અર્થ, ધર્મ અને કામ સંબંધી પ્રયત્નનો નાશ કરી દે છે. એવું થાય છે તેમાં ભગવાનની કૃપા સમજવી જોઇએ. કેવળ અકિંચન ભક્તોને પ્રાપ્ત થવાવાળી આવી ભગવત્કૃપા બીજા પુરુષોને દુર્લભ છે. (આવા કારણને લઇને હિંદુસ્થાન દેશે બીજા દેશો

જીતવાની મહેનત કરેલ નથી. અને તેથીજ કદાચ ભક્તિ માટે યેગ્ય એવો દેશ આંહીના માણુસોને મળેલ છે. પણ હવે સંજોગો ફરી ગયા છે. ભક્તિ ઘણી ઓછી થઈ છે અને સંસારના સુખની માયા વધી છે. એ જ અસુરોની ચડાઈ છે.)

વૃત્રાસુરે ઉપર પ્રમાણે સારી ભાવના છેલ્લી વખતે ઉત્પન્ન કરી તેથી તેને ત્યાં ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થયાં. એ દર્શન કરતાં કરતાં વૃત્રાસુરે ચાર શ્લોકમાં જે સ્તુતિ કરી છે તે શ્રીમદ્‌ભાગવતમાં બહુ જ અગત્યનો ભાગ માનવામાં આવે છે અને બધા ભક્તોએ એ ચાર શ્લોક મોઢે કરવા જેવા છે અને રોજ સવારસાંજ બે વખત બોલવા જેવા છે. એમાં ઘણું રહસ્ય સમાયેલ હોવાથી તે ચાર શ્લોક નીચે આપવામાં આવે છે. ટૂંકામાં જીવે ભગવાન પાસે શું માગવું જોઈએ એ જાણવું હોય અને સાચી ભક્તિનું સ્વરૂપ જાણવું હોય તો નીચેની વાતો યાદ રાખવી. વૃત્રાસુર કહે છે કેઃ—

अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपतेर्गुणांस्ते गृणीत वाक्कर्म करोतु कायः ॥

(૬-૧૧-૨૪)

અર્થ—હે ભગવાન! હું વારંવાર તમારા ચરણારવિંદના આશ્રયમાં રમવાવાળા તમારા દાસનો દાસ થાઉં, મારું મન આપ કે જે સર્વના પ્રાણનાથ છો તેમનું સ્મરણ કરે, મારી વાણી આપના ગુણ ગાય અને મારું શરીર આપની સેવા કરે તેવું માગું છું.

આ શ્લોકમાં શરણાગતિનું પૂરું રહસ્ય આપેલું છે. શરણાગતિના ૬ પ્રકાર છે. ભક્તિને અનુકૂળ સંકલ્પોનો ત્યાગ કરવો, ભગવાન મારું રક્ષણ કરશે એવો વિશ્વાસ રાખવો, ભગવાનને પોતાના કરવા, ભગવાન તરફ દીનતા રાખવી અને કુટિલતા ન રાખવી. એવી છ પ્રકારની શરણાગતિ રાખવાથી ત્રણ પ્રકારની ભૂમિકા પ્રાપ્ત થાય છે. પહેલી ભૂમિકાએ એમ લાગે છે કે હું ભગવાનનો છું, બીજી ભૂમિકાએ

એમ લાગે છે કે ભગવાન મારા છે અને ત્રીજી ભૂમિકાએ એમ લાગે છે કે હું અને ભગવાન એક છીએ. જ્ઞાનમાર્ગમાં આત્માને ઇંદ્રિયોના ધર્મથી અસંગ માનવામાં આવે છે. ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયોનો ઉપયોગ ભગવાનના કામમાં કરવાથી તેમની શુદ્ધિ થાય છે. જ્ઞાનનો ભાગ દૃષ્યહ્ ઋષિના સ્વરૂપ આગળ બતાવેલ છે. ભક્તિનો ભાગ ઉપરના શ્લોકમાં છે. હવે વૈરાગ્યનું સ્વરૂપ વૃત્રાસુર નીચેના શ્લોકમાં માગે છે.

न नाकपृष्ठं न च पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम्
न योगसिद्धीरपुनर्भवं वा समञ्जस त्वा विरहय्य काङ्क्षे ॥
(૬–૧૧–૨૫)

અર્થ—સર્વ સૌભાગ્યના ભંડારરૂપ આપને છોડીને હું સ્વર્ગલોક, બ્રહ્મલોક, ચક્રવર્તીનું રાજ્ય, રસાતળનું રાજ્ય, અણિમા વગેરે સિદ્ધિઓ કે મોક્ષને પણ ઇચ્છતો નથી.

આપણા દેશમાં અંગ્રેજી રાજ્ય આવ્યા પછી વૈરાગ્યની ભાવના ઓછી થઈ ગઈ છે. તેમણે પોતાનો વેપાર વધારવા માટે આપણને વધારે વિષયો આપ્યા, અને વિષયોમાં મન ચોંટે એવી કેળવણી આપી. બધા દેશોમાં એવી સ્થિતિ ઉત્પન્ન થયેલ છે. સંચાની શોધ થયા પછી જે સગવડો માણસોને મળી છે તેનાથી મોહ વધેલ છે. એ મોહ બધા દેશોમાંથી દૂર કરવો એ ઘણું મુશ્કેલ કામ છે. જ્યાંસુધી સંસારના સુખનો મોહ છે ત્યાંસુધી ભગવાનનું સ્મરણ પણ સમાજમાં વધે તેવું નથી. તેથી ભવિષ્યમાં શું બનશે તે માટે ઘણા માણસોને ચિંતા થાય છે. અમેરિકા અને યુરોપની પ્રજા જો હિંસક રહેવાનું ચાલુ રાખશે તો તેમનો વિનાશ થશે, ત્યાંના લોકો શાંતિની વાતો કરે છે પણ તેમના દિલમાં યુદ્ધ ભરેલું છે.

વસ્તી વધતી જાય છે તેથી ખોરાકની ચિંતા વધી છે અને ઘણા પ્રકારના કંટ્રોલ આવેલા છે, પણ વસ્તી વધવા ઉપર કંટ્રોલની

જરૂર છે પણ સરકાર તે માટે શું કરી શકે ? તેમાં ધર્મના આચાર્યોની મદદની જરૂર છે.

સંસારના સુખની ઇચ્છા અને ભગવાનની ભક્તિ બંને એક દિલમાં રહી શકતાં નથી. તેથી વૈરાગ્યની જરૂર છે. ભગવાન પૂરો પ્રેમ માગે છે. તે પ્રેમ જો અનેક બાબતમાં વહેંચાઇ જાય તો ખંડિત થઇ જાય છે અને પછી ભગવાન મળતા નથી અને સંસાર પણ પૂરો મળતો નથી. આ કારણને લઇને જ્યારે નચિકેતાને યમરાજે સંસારનું ઘણું સુખ આપવાનું કહ્યું ત્યારે નચિકેતાએ એ ન લેતાં ફક્ત આત્મજ્ઞાન માગ્યું. વળી શ્રીમદ્ભાગવતમાં તો ૭ દિવસમાં મોક્ષ આપે તેવું જ્ઞાન છે. પૂરતો વૈરાગ્ય ન હોય તો એટલા વખતમાં એવું કામ થાય નહિ. જેમ સંસારના સુખમાં પૂરો વૈરાગ્ય જોઇએ તેમ ભગવાનમાં પૂરી પ્રીતિ જોઈએ. તે કેવા પ્રકારની જોઈએ તે માટે વૃત્રાસુર હવે કહે છે કેઃ—

अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः।
प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोऽरविन्दाक्ष दिदृक्षते त्वाम् ॥
(૬-૧૧-૨૬)

અર્થ—પાંખો આવ્યા વગરનાં પક્ષીનાં બચ્ચાં જેમ માને જોવાની ઇચ્છા કરે, ભૂખે પીડાયેલા વાછરડા જેમ દૂધની ઇચ્છા કરે અને મૂંઝાયેલ સ્ત્રી જેમ પરદેશ ગયેલા પતિને જોવાની ઇચ્છા કરે, તેમ હે પરમેશ્વર ! મારું મન તમને જોવાની ઇચ્છા કરે છે.

ભગવાન અનન્ય પ્રેમ માગે છે. તેથી ભક્તે તેવો પ્રેમ રાખવો જોઇએ, પણ સંસારમાં થોડોક પ્રેમ સ્ત્રી-પુત્રમાં હોય છે, થોડોક ધનમાં, થોડોક લોકકીર્તિમાં અને સગામાં રાખેલ હોય છે તેથી પ્રેમ વહેંચાઈ જવાથી પ્રેમની કોથળી ખાલી થઈ જાય છે અને ભગવાનને આપવા જેવો પ્રેમ રહેતો નથી. માણસોને ભગવાન જોઈએ છે પણ

તે જે ભાવ માગે છે તે આપવો નથી. આપણે બજારમાં કોઈ વસ્તુ લેવા જઈએ અને તે માટે જે ભાવ રાખેલો હોય તે આપીએ નહિ તો તે વસ્તુ મળે નહિ. તે પ્રમાણે ભગવાન પણ અનન્યભાવ વગર પ્રાપ્ત થાય તેમ નથી. એ કઈ જાતનો ભાવ હશે તે માટે આ શ્લોકમાં બહુ સારાં દૃષ્ટાંત આપેલાં છે. તેવો પ્રેમ ઉત્પન્ન થવા માટે સત્સંગ જોઈએ અને બીજો સંગ દૂર કરવો જોઈએ. તેટલા માટે વૃત્રાસુર કહે છે કેઃ—

ममोत्तमश्लोकजनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः।
त्वन्माययात्मात्मजदारगेहेष्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥

અર્થ—હે નાથ! હું સંસારરૂપી ચક્રમાં પોતાના કર્મથી પ્રારબ્ધયોગે કદાચ ફર્યા કરું તો પણ હવે આપના ભક્ત લોકોની સાથે જ મને મૈત્રી થજો; પણ તમારી માયાથી મોહિત થઈ જેઓ દેહ, પુત્ર, સ્ત્રી, અને ઘરમાં આસક્ત હોય તેવા સંસારી માણસોનો સંગ મને ન થાય, તેવું માગું છું.

બ્રહ્મના સુખની વાતો સંસારના સુખમાં રહેલાની પાસેથી શિખાય નહિ. હાલમાં ઘણા માણસો સંગદોષ તરફ ધ્યાન રાખતા નથી અને બીજાને ખુશી કરવાને ખાતર ખોટો સંગ પણ કરી લે છે. તેઓ એમ માને છે કે આપણે સુખી થવું અને બીજાને સુખી કરવા. પણ ખરું સુખ કયું છે તેનો તેઓ વિચાર કરતા નથી. વિષયી માણસોને વધારે વિષયમાં નાખવા એ સમાજની ખરી સેવા નથી પણ તેમને પ્રભુ તરફ વાળવા એ ખરી સેવા છે. અમને જૂનાગઢમાં એક ભક્ત મળ્યા હતા. તે કહેતા હતા કે હાલના કાળમાં બધું મળે છે પણ સાચા ભક્તોનો સંગ મળતો નથી. તેથી આ છેલ્લા શ્લોકમાં કહેલ છે તેવું વાતાવરણ મળતું નથી. જેમ બીજી વસ્તુઓનો દુકાળ પડે છે તેમ ભક્તિ અને નીતિનો પણ દુકાળ પડેલ છે. એવી દશામાંથી કોઈ વિરલ પુરુષ જ ખરો પુરુષાર્થ કરી શકે છે.

ઉપરના શબ્દો કહી વૃત્રાસુર પોતાનું ત્રિશૂળ ઉપાડી ઇંદ્રના ઉપર ધસ્યો. તે ત્રિશૂળરૂપી માયાને ઇંદ્રે પોતાના વજ્રરૂપી જ્ઞાનથી કાપી નાંખી. પછી વૃત્રાસુરે ઇંદ્રના હાથી ઉપર પોતાનું ચક્ર ફેંક્યું. તેથી ઇંદ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. આ દેખાવ જોઇને અસુરોએ વૃત્રાસુરની સ્તુતિ કરી. જ્યારે જીવના અંતઃકરણમાંથી જ્ઞાન ચાલ્યું જાય છે ત્યારે આસુરી વૃત્તિને આનંદ થાય છે. વૃત્રાસુરે ઇંદ્રને કહ્યું કે તારું વજ્ર ઉપાડી લે. જય-પરાજયનું કારણ કાળ છે. કાળ પણ ભગવાનને આધીન છે. તેની કૃપા વગર પુરુષ, પ્રકૃતિ, મહતત્ત્વ, અહંકાર વગેરે કોઇ વિશ્વની ઉત્પત્તિ કરી શકતાં નથી. જેમને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી તે અજ્ઞાની માણસ જીવને સ્વતંત્ર કર્તા-ભોક્તા માને છે. તેથી સુખદુઃખ અને જીવનમરણમાં સમતા રાખવી જોઇએ. સત્ત્વ, રજ અને તમ એ ત્રણે ગુણ પ્રકૃતિના છે; આત્માના નથી. તેથી જે પુરુષ આત્માને સાક્ષિમાત્ર જાણે છે તે પ્રકૃતિના ગુણદોષથી લિપ્ત થતો નથી. (૬-૧૨-૧૫). આંહી સાક્ષીભાવ પ્રાપ્ત કરવાની સૂચના છે.

ઇંદ્રે પોતાનું વજ્ર સંભાળી લીધું અને વૃત્રાસુરની વાણીની પ્રશંસા કરી અને કહ્યું કે, " હે દાનવ ! તું અવશ્ય પૂર્વજન્મનો કોઇ સિદ્ધ પુરુષ છે કે જેથી છેલ્લી વખતે તારામાં આવી સારી બુદ્ધિ ઉત્પન્ન થઇ છે. તેં ભગવાનની ભક્તિ જરૂર કરેલી છે. તું ભગવાનની માયાને પાર થયો છે તેથી તારામાં મહાપુરુષના જેવો ભાવ ઉત્પન્ન થયો છે. તારા જેવા રજોગુણી માણસમાં પણ ભક્તિની દૃઢતા જોઇને મને આનંદ થાય છે. જેને મોક્ષપતિ શ્રીહરિમાં પ્રેમ છે તેને વિષયસુખની શી જરૂર છે? (૬-૧૨-૨૨)

પછી ફરીથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. વૃત્રાસુરે બીજું ચક્ર ઇંદ્રના ઉપર ફેંક્યું, ઇંદ્રે તેને પોતાના વજ્રથી કાપી નાખ્યું. પછી વૃત્રાસુર ઇંદ્રની નજીક આવ્યો અને પહોળું મોઢું કરી ઇંદ્રને અને

તેના હાથીને ગળી ગયો. અજ્ઞાની જીવને પણ તેની વૃત્તિ ઘણી વાર ગળી જાય છે આ દેખાવ જોઇ દેવો દુઃખી થયા. છતાં શ્રીનારાયણ-કવચરૂપ શ્રીહરિ તથા યોગ અને માયાથી ઇંદ્ર સુરક્ષિત હોવાથી વૃત્રાસુરના પેટમાં ગયા છતાં મર્યા નહિ. ઊલટું ઇંદ્રે પોતાના વજ્રથી વૃત્રાસુરનું પેટ ફાડી નાખ્યું. આવી દશામાં દરેક જીવે પોતાની જ્ઞાનશક્તિનો ઉપયોગ કરવો જોઇએ. તે જ વજ્ર છે. આવી રીતે વૃત્તિઓની ચંચળતાનો નાશ કરી શકાય છે. વૃત્રાસુર મર્યો અને દેવોએ દુંદુભિ વગાડયાં. સિદ્ધ અને ગંધર્વગણ સ્તુતિ કરવા લાગ્યા. આપણી વૃત્તિઓમાં રહેલું આવરણ દૂર થાય છે ત્યારે પણ નવી સુગંધ ઉત્પન્ન થાય છે. વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલ આત્મજ્યોતિ સર્વલોકાતીત ભગવાનના સ્વરૂપમાં લીન થઈ ગઈ. જ્યારે આવરણ ભંગ થાય છે ત્યારે સ્વરૂપપ્રકાશ થાય છે એ વેન્દાતનો સિદ્ધાન્ત છે. કારણ કે આત્મા સદા પ્રકાશસ્વરૂપ છે અને અવિદ્યાનિવૃત્તિ એ જ જીવનનો પુરુષાર્થ છે (૬-૧૨-૩૫).

પ્રકરણ ૯
માયાનાં ચિત્રોરૂપી ચિત્રકેતુ

ઇંદ્રરૂપી જીવે વૃત્તિઓરૂપી વૃત્રાસુરને માર્યો, છતાં તેમાં જાણે કે બધું ચેતન ચાલ્યું ગયું હોય તેમ ઇંદ્રને બ્રહ્મહત્યાની બીક લાગી. તેથી તે ઘણા કાળ સુધી માનસસરોવરમાં સંતાઇ ગયો. પછી મહર્ષિઓના કહેવાથી ઇંદ્રે અશ્વમેધ યજ્ઞ કર્યો. એ અશ્વમેધથી જે પુણ્ય થયું તેનાથી બ્રહ્મહત્યાના પાપનું નિવારણ થયું.

અશ્વમેધ યજ્ઞનું આધ્યાત્મિક રહસ્ય સમજવા જેવું છે. અશ્વનો અર્થ ઘોડો થાય છે અને પ્રાણ થાય છે. જ્યારે અશ્વમેધ યજ્ઞ થાય છે ત્યારે યજ્ઞના ઘોડાને છૂટો મૂકવામાં આવે છે અને તેને કોઈ રાજા બાંધે તો તેની સાથે લડાઇ કરીને તે ઘોડાને છોડાવવો પડે છે. છેવટે

જ્યારે કોઈ જગ્યાએ એ ઘોડો ન બંધાય ત્યારે યજ્ઞ કરનાર રાજાને ચક્રવર્તીપણું પ્રાપ્ત થાય છે અને તે બધાં પાપમાંથી મુક્ત થાય છે. તેવી જ રીતે આપણો પ્રાણરૂપી ઘોડો સંસારની વાસનાઓમાં ફરે છે છતાં કોઇ રજોગુણરૂપી વાસનામાં તે ન બંધાય તો પ્રાણ શુદ્ધ થાય છે. તે પ્રાણનો પ્રાણાયામ કરીને તેને કુંભકરૂપે જ્યારે સ્થિતિ આપવામાં આવે છે ત્યારે મન વશ થઈ શકે છે. મન વશ થવાથી અહંકાર વશ થાય છે અને તેથી અહંકારે કરેલા પાપની નિવૃત્તિ મળે છે.

ઇંદ્ર પાસે મુનિજનોએ અશ્વમેધ યજ્ઞ કરાવ્યો, અને યજ્ઞ વખતે જ્યારે તેણે સર્વદેવમય પરમાત્મા પુરુષોત્તમનું યજન કર્યું ત્યારે વૃત્રવધથી ઉત્પન્ન થયેલું પાપ બળી ગયું. ઉપમા આપીને તે પ્રસંગ સમજાવતાં શુકદેવજી કહે છે કે જેમ સૂર્યનો ઉદય થતાં અંધારૂં ચાલ્યું જાય તેમ પાપ દૂર થયું. (૬–૧૯–૨૦) આંહીં અંધારાનો અર્થ અજ્ઞાન પણ થઈ શકે છે. જીવનું અજ્ઞાન દૂર થાય ત્યારે તે પોતાના સ્વરૂપ તરફ વળે છે.

હવે પરીક્ષિત રાજા શુકદેવજીને એવો પ્રશ્ન પૂછે છે કેઃ—વૃત્રાસુર રજોગુણી અને તમોગુણી સ્વભાવવાળો હતો. એવા મહાપાપી માણસની વૃત્તિ છેલ્લી વખતે નારાયણમાં આસક્ત કેમ થઈ ગઇ? પૃથ્વી ઉપર અસંખ્ય માણસો છે તેમાંથી કોઇકને જ પોતાના કલ્યાણની ઇચ્છા થાય છે. તેમાં પણ સંસારથી છૂટવાની ઇચ્છા પણ કોઇકને જ થાય છે, અને તેમાં પણ કોઈકને જ મોક્ષ એટલે સિદ્ધિલાભ મળે છે. એવા એવા સિદ્ધોમાં ભગવત્પરાયણ અને શાંત ચિત્તવાળા પણ મહાપુરુષ તો મળવા જ મુસ્કેલ છે. છતાં મહાપાપી વૃત્રાસુરની ઘોર સંગ્રામ વખતે ભગવાન કૃષ્ણમાં આવી નિશ્ચલ બુદ્ધિ શી રીતે થઇ?

આ પ્રશ્નના જવાબમાં શુકદેવજી વૃત્રાસુરના પૂર્વજન્મની હકીકત પરીક્ષિત રાજાને સમજાવે છે. શ્રીમદ્‌ભાગવતના લેખક

વ્યાસજીની લેખનશૈલી એવી છે કે ખરી હકીકત પાછળથી કહે છે અને તે હકીકત ઉપર ધ્યાન રાખીએ તો જ અધ્યાત્મભાવ સ્પષ્ટ રીતે સમજાય છે. ટૂંકામાં દરેક જીવમાં રજોગુણી અને તમોગુણી વૃત્તિઓ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે જાણવું હોય તો હવે પછીની કથા બરાબર સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ.

શુકદેવજી કહે છેઃ—શૂરસેન દેશમાં ચિત્રકેતુ નામનો એક પ્રખ્યાત સાર્વભૌમ રાજા હતો. તેના રાજ્યમાં પૃથ્વી સંપૂર્ણ કામના પૂર્ણ કરવાવાળી હતી. વળી તે રાજાને એક કરોડ રાણી હતી અને રાજા પોતે સંતાન ઉત્પન્ન કરવામાં સમર્થ હતો છતાં તેને કોઇ સંતાન થયું નહિ તેથી રાજાને ચિંતા થતી હતી. સંપત્તિથી, સ્ત્રીઓથી અને પૃથ્વીના રાજ્યથી પણ તેને આ ચિંતાને લઈ આનંદ થયો નહોતો. (૬–૧૪–૧૩)

આંહી એક કરોડ રાણી ગણીને સાચી માનવી નહિ. કારણ કે એવું હોય તો તેમની સેવા માટે દાસદાસીઓની ગણતરી કરતાં, એક રાજા ભોગવી શકે નહિ તેટલો વિષય કહેવાય. તેથી ચિત્રકેતુમાં વિષયવૃત્તિ વધારે હતી અને તેનામાં વિષયોના રૂપનું આકર્ષણ વધારે હતું એમ અર્થ કરવો એ વધારે સારું છે. વિષયોનાં ચિત્રો જેમના દિલમાં ઘણાં હોય તે બધા ચિત્રકેતુ સમજવાના છે.

ઉપનિષદની અંદર કહેલું છે કે માણસમાં ત્રણ ઇચ્છાઓ મુખ્ય રહે છેઃ (૧) પુત્રૈષણા, (૨) વિત્તૈષણા, અને (૩) લોકૈષણા. એ ત્રણમાં પુત્રૈષણા સંસારી માણસોને માટે ઘણી ચિંતા ઉત્પન્ન કરે છે. પુત્રૈષણા પૂરી કરવા માટે સ્ત્રીની એષણા જોઇએ અને ધનની એષણા પણ જોઇએ. અને ધન માટે લોકૈષણા પણ જોઇએ. પુત્રૈષણા એ એવી ઇચ્છા છે કે જેને પરિણામે સંસારની બીજી બધી ઇચ્છા જાગ્રત થાય છે અને તે એક કરોડ રાણી કરતાં પણ વધારે રજોગુણ ઉત્પન્ન કરે છે. સ્ત્રી એ જ સંસાર છે, સ્ત્રીના સુખની ઇચ્છા જીતનારને શાસ્ત્રોમાં

દેવ-વલ્લભ કહેલ છે. પણ એવા માણુસો કેટલા હોય છે? હાલના કાળમાં બધા દેશોમાં પ્રજાનો જે વધારો થાય છે તેના ઉપર કંટ્રોલ કરવા માટે રાજ્યો પાસે શા ઉપાય છે? ઊલટું રાજ્યો એમ ઇચ્છે છે કે અમારા રાજ્યમાં પ્રજા વધે તો ઠીક; પણ પ્રજા સદ્‌ગુણી તથા સંસ્કારી કેવી રીતે થાય તે તરફ ધ્યાન રહેતું નથી. તેથી રાગદ્વેષ વધે છે અને તે રાગદ્વેષને બહાર નીકળવા માટે લડાઇ જેવાં નિમિત્ત ઉત્પન્ન થાય છે.

કોઇ મકાનમાં બે ખુરશી કે બે ટેબલ વધારે લાવીએ તો તે બહુ નડતાં નથી, પણ ત્યાં તે કુટુંબમાં એક બાળક વધે તો તેને મોટી ઉંમરનો કરીને ઠેકાણે પાડવામાં માબાપે પણ બાળકના જેવું મન કરવું પડે છે અને તેમાં એટલી બધી વૃત્તિઓ રોકાય છે કે કરોડ રાણી કરતાં પણ વધી જાય છે. ચિત્રકેતુને તો પુત્ર થયા પહેલાં જ એટલી બધી ઇચ્છાઓ વધી ગઇ હતી કે તે કરોડ ગણી જેટલી થઇ હતી. તેથી તેને સુખ નહોતું. ઈંગ્લાંડના રાજા આઠમા એડવર્ડને પણ બ્રિટિશ રાજ્યનું સમ્રાટપદ મળ્યું તો પણ મિસીસ સીંપ્સનને પરણ્યા વગર તેને સુખ લાગતું નહોતું. હાલના કાળમાં ઘણા માણસોની એવી દશા છે. સ્ત્રી, પુત્રની ઇચ્છા એ જ સંસારનું ખરું મૂળ છે.

એક દિવસ અંગિરા ઋષિ ફરતા ફરતા ચિત્રકેતુ રાજાને ત્યાં આવી પહોંચ્યા. રાજાએ તેમની વિધિવત્ પૂજા કરી અને સારું આસન આપ્યું. પછી ઋષિએ રાજાને પૂછ્યું કે તમારુ મુખ ચિંતાગ્રસ્ત કેમ દેખાય છે? રાજાએ કહ્યું કે "જેમ ભૂખ્યા અને તરસ્યા રહેલ માણસને અન્ન અને જળ સિવાય બીજા ભોગ પ્રસન્ન કરી શકતા નથી તેમ હું સંતાનહીન હોવાથી મને આ સામ્રાજ્ય, ઐશ્વર્ય કે સંપત્તિ સુખ આપતાં નથી, માટે મને કોઈ રીતે સંતાન થાય એવો ઉપાય બતાવો કે જેથી મારો પરલોક સુધરે." પછી ઋષિએ ત્વાષ્ટ્રચરુ

તૈયાર કરાવી ત્વષ્ટાદેવનું યજન કરાવ્યું અને ચિત્રકેતુની મોટી રાણી કૃતદ્યુતિને યજ્ઞશેષ આપ્યું. એટલું કર્મ કર્યા પછી તેણે ચિત્રકેતુને કહ્યું કે તને એક પુત્ર થશે, તેનાથી તને હર્ષ અને શોક બંને પ્રાપ્ત થશે. એટલું કહી ઋષિ ત્યાંથી ચાલ્યા ગયા. પાછળથી કૃતદ્યુતિ રાણીને ગર્ભ રહ્યો અને સમય આવતાં તેણે એક કુમારને જન્મ આપ્યો. તે પ્રસંગે રાજા-પ્રજામાં બહુ આનંદ થઇ રહ્યો. રાજાએ ૬૦ કરોડ ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી. આંહીં પણ ૬૦ કરોડ ગણીને સાચી માનવી નહિ, પણ ઘણી ગાયો આપી એમ સમજવું. તે બાળકમાં ચિત્રકેતુનો પ્રેમ દિવસેદિવસે વધવા લાગ્યો. આજે પણ માબાપોને બાળકોની કાલી કાલી વાતોમાં બહુ રસ આવે છે. જે બાળક જન્મે છે તેનામાં તે વખતે માયા હોતી નથી તેથી નાનાં બાળક બધાને ગમે છે; પણ ધીરે ધીરે જ્યારે છોકરામાં માયા વધવા લાગે છે ત્યારે માબાપને મોટાં છોકરાં ગમતાં નથી પણ નાનાં વધારે ગમે છે. છતાં સંસારમાં બધું સુખ કોઇને મળતું નથી. હવે ચિત્રકેતુની બીજી રાણીઓનું માન ઓછું થઇ જવાથી તેમને દ્વેષ આવ્યો, અને તે રાણીમાંથી કોઇએ એક વખત ગુપ્તપણે તે કુમારને ઝેર આપી દીધું. તેથી કુમાર મરી ગયો અને રાજકુટુંબમાં મોટો હાહાકાર મચી રહ્યો. જે રાણીએ અપરાધ કર્યો હતો તે પણ રોવા લાગી. ચિત્રકેતુને પણ શોકથી મૂર્ચ્છા આવી ગઈ. રાણી કૃતદ્યુતિ પણ વિલાપ કરવા લાગી.

બધા ભેગા થઇ વિધાતાને ગાળો દેવા લાગ્યા. રાણીઓને વિલાપ કરતી જોઇને ચિત્રકેતુ પણ વિલાપ કરવા લાગ્યો. સંસારમાં પણ સ્ત્રી દુઃખી હોય છે ત્યારે તેના પતિને પણ દુઃખ થાય છે અને પતિને દુઃખી દેખીને સ્ત્રીને દુઃખ થાય છે; પણ સંબંધ થયા પહેલાં કોઈ દુઃખી થાય તો બીજાને તેનું દુઃખ લાગતું નથી. તેથી સુખદુઃખનું કારણ સંબંધ છે, અને સંસારમાં દુઃખસુખના પ્રસંગ ઘણા આવે છે. ચિત્રકેતુના મહેલમાં જ્યારે શોક છવાઇ ગયો હતો ત્યારે ત્યાં

નારદજી સહિત અંગિરા ઋષિ આવ્યા. તેઓએ રાજાને કહ્યું કે જે બાળકને માટે તમે શોક કરો છો તેની સાથે તમારે આ જન્મમાં, પહેલા જન્મમાં અને હવેના જન્મમાં કેવો સંબંધ છે ? જેમ જળના પ્રવાહથી રેતીના કણ એકત્ર થાય છે અને પાછા જુદા પડી જાય છે, અને એક બીજમાંથી બીજાં બી ઉત્પન્ન થાય છે, તેમ ભગવાનની માયાથી પ્રેરિત થઇને કોઈ પ્રાણીઓથી બીજાં પ્રાણી ઉત્પન્ન થાય છે અને કોઈ નષ્ટ થાય છે. વળી

वयं च त्वं च ये चेमे तुल्यकालाश्चराचराः
जन्ममृत्योर्यथा पश्चात्प्राङ्नैवमधुनापि भोः ॥

(૬-૧૫-૫)

અર્થ—અમે, તમે અને આ જેટલા ચરાચર પ્રાણી આ વખતે વર્તમાન છે તે જે પ્રકારે પોતાના જન્મથી પૂર્વે નહોતા અને મરણ પછી નથી રહેવાના, તેમ હમણાં પણ નથી.

હે રાજા! જેમ એક બીજમાંથી બીજું બીજ ઉત્પન્ન થાય છે તે પ્રમાણે દેહી (પિતા)ના દેહથી દેહી (માતા)ના દેહથી દેહી (પુત્ર)નો દેહ ઉત્પન્ન થાય છે. તેમાં દેહી ઘટ વગેરે કાર્યોમાં પૃથ્વી વગેરેની માફક સમાન છે અને:—

देहदेहिविभागोऽयमविवेककृतः पुरा ।
जातिव्यक्तिविभागोऽयं यथा वस्तुनि कल्पितः ॥

(૬-૧૫-૮)

અર્થ—જે પ્રકારે એક જ વસ્તુમાં ઘટજાતિ અને ઘટવ્યક્તિનો વિભાગ કેવળ કલ્પનામાત્ર છે, તે પ્રકારે દેહી અને દેહનો વિભાગ પણ અનાદિ અને અવિદ્યાકલ્પિત છે.

કેટલાક એમ માને છે કે બ્રહ્મની અંદર માણસની જાતિ, ગાયની જાતિ વગેરે નિત્ય રહેલ છે અને તેથી માણસ, ઘોડા, ગાય વગેરેની ઉત્પત્તિ થાય છે. યુરોપના તત્ત્વચિંતક પ્લેટો એવું માને છે,

આપણા દેશમાં શ્રી અરવિંદ એવું માને છે અને કેટલાક વૈષ્ણવો પણ એવું માને છે; પણ ઉપરના શ્લોકમાં એ વાત ખોટી બની જાય છે. એટલે જાતિ અને વ્યક્તિનો વિભાગ અવિદ્યાવાળો છે. એક ગાયનો દૃષ્ટાંત લઈએ તો તે માણસની દૃષ્ટિમાં ગાય છે પણ કૂતરાની દૃષ્ટિમાં શું હશે, કે બિલાડીની દૃષ્ટિમાં અથવા ઉંદરની દૃષ્ટિમાં એ કેવું પ્રાણી લાગતું હશે તે કહી શકાય નહિ. તેથી માત્ર માણસની દૃષ્ટિથી જે દેખાય તેને આધારે જાતિ અને વ્યક્તિની કલ્પના કરવી એ યોગ્ય નથી. માણસથી ગાય એ મોટું પ્રાણી છે, પણ હાથીને ગાય નાનું પ્રાણી લાગે. તેથી કયા જીવ નાના છે અને કયા મોટા છે તે કહી શકાય નહિ. વળી ગાયના પેટમાં જીવ હોય તેને કેવું લાગે અને તે જીવના પેટમાં જે ખાલી જગ્યા હોય તેમાં શું હોય તે બધું માણસની દૃષ્ટિથી નક્કી થઈ શકે તેવું નથી. વેદાન્તમાં પ્રમાતાને જીવ કહે છે અને ઉપરના ૬–૧૫–૫ ના શ્લોકમાં કહ્યા પ્રમાણે બધા પ્રમાતાને તુલ્યકાળ એટલે સરખો કાળ લાગુ પડે છે. એટલે પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય બધું સમકાલીન પ્રતીત થાય છે; આગળ–પાછળ નથી. ગાયનું જગત માણસના જ્ઞાનની અંદર છે. તે અવિદ્યાવાળું છે. તેમ માણસનું જગત માણસના જ્ઞાનની અંદર છે અને તે પણ અવિદ્યાવાળું છે. પણ ગાય પોતાના પ્રમાણથી પોતાનું જગત ખોટું માની ન શકે, તેમ માણસ પણ પોતાના પ્રમાણથી પોતાનું જગત ખોટું માની શકશે નહિ. હાલના સાયન્સવાળા કહે છે કે **we are living in a man-sized world with a man-sized time and a man–sized space.** એટલે આપણે માણસના કદવાળા જગતમાં રહીએ છીએ, એટલે જેવું માણસનું પ્રમાણ તેવું જગત દેખાય છે. તેમાં દેશ અને કાળ પણ માણસનાં પ્રમાણો પ્રમાણે બની જાય છે. તે કોઈ સાચી વસ્તુ નથી. છતાં જેમ સ્વપ્નમાં ખોટા પ્રમાણથી વ્યવહાર ચાલે છે. તેમ જાગ્રતમાં પણ ખોટા પ્રમાણથી વ્યવહાર ચાલે છે.

કોઈના મનમાં એમ પ્રશ્ન થાય કે, 'જો જીવ અથવા પ્રમાતા ક્ષણિક હોય તો રોજ એનો એ જીવ કેમ દેખાય છે? વળી જીવ ક્ષણપરિણામી હોય તો તે બુદ્ધનો ક્ષણિકવિજ્ઞાનવાદ થશે!' તેનું સમાધાન એવું છે કે પ્રમાતા પ્રમાણને આધીન છે. જ્યાંસુધી પ્રમાણ ફરશે નહિ ત્યાંસુધી પ્રમાતા ફરશે નહિ. ખાસ કરીને પ્રમાણના દેશ-કાળ ફરતા નથી ત્યાંસુધી પ્રમાતાના દેશકાળ ફરતા નથી. તેથી રોજ એક જ પ્રમાતા હોય તેવું જણાય છે.

ચિત્રકેતુ રાજાએ નારદજીને અને અંગિરા મુનિને કહ્યું કે આપ બંને કોણ છો? આપ જેવા કેટલાક ભગવત્પ્રિય બ્રાહ્મણો મારા જેવા વિષયાસક્ત બુદ્ધિવાળા પુરુષોને ઉપદેશ દેવાને માટે ગુપ્ત વેશમાં આ પૃથ્વી ઉપર સ્વચ્છંદ ફરતા હોય છે. હું તો મૂઢ બુદ્ધિવાળો અને પશુ જેવો છું, અને ઘોર અજ્ઞાનરૂપી અંધકારમાં ડૂબેલો છું, આપ મને કાંઈક આજ્ઞા આપો. (૬–૧૫–૧૬)

અંગિરા મુનિએ રાજાને કહ્યું કે "તું ભગવાનનો ભક્ત છે તેથી તારે આવો શોક કરવો ઉચિત નથી. આ મારી સાથે આવેલ જે બીજા મુનિ છે તે નારદજી છે. (એમ કહી અંગિરા રાજાને નારદરૂપી સાક્ષીની ઓળખાણ કરાવે છે. જ્યારે જીવને સાક્ષીની ઓળખાણ થતી નથી ત્યારે જ શોક થાય છે.) પહેલાં હું આવ્યો ત્યારે તારા મનમાં પુત્રની કામના હતી તેથી તે વખતે તને જ્ઞાનનો ઉપદેશ લાગત નહિ. હવે તો તેં પુત્રવાળાના દુઃખનો અનુભવ કરી લીધો છે. સ્ત્રી, ધન, ઐશ્વર્ય અને સંપત્તિ વગેરે વિષયો, રાજવૈભવ, પૃથ્વી, સેના, નોકર, પ્રધાન, મિત્રો વગેરે બધા ચલાયમાન છે અને અનિત્ય છે. હે રાજા! આ બધાં ગન્ધર્વનગર, સ્વપ્ન, માયા અને મનઃકલ્પિત પદાર્થોની સમાન અસત્ય છે અને શોક, મોહ, ભય અને દુઃખ દેવાવાળા છે. **दृश्यमाना विनार्थेन न दृश्यन्ते मनोभवाः।** એ પદાર્થનું કોઈ

વાસ્તવિક સ્વરૂપ નથી તેથી તે એક ક્ષણમાં દેખાતા હોવા છતાં બીજા ક્ષણમાં દેખાતા નથી." (૬–૧૫–૨૪)

આપણાં પ્રાચીન શાસ્ત્રો જોતાં આ પદ્ધતિ ચાલી આવે છે. ડાહ્યા અને જ્ઞાની માણસોએ રાજ્યના સુખને સાચું સુખ માનેલ નથી. તેથી કરીને સ્વરાજ્યની બાબતમાં આપણા દેશની આખી પ્રજા લડવાને માટે તૈયાર થઈ શકતી નથી. છતાં ખરું સુખ કોને કહેવાય અને ખરું જ્ઞાન કોને કહેવાય એ મુખ્ય બાબત ઉપર આર્યોના સંસ્કારમાં સારું ધ્યાન આપેલ છે. રાજ્યનું કામ એ છે કે પ્રજાને ખાવાપીવાની સગવડ કરી આપવી અને બીજા ચોર અને ખૂની માણસોથી રક્ષણ કરવું. પણ એટલાથી માણસનું જીવન પૂર્ણ થતું નથી. માણસ માત્ર ખાવાપીવા માટે અને પાંચ ઇંદ્રિયોનાં સુખ ભોગવવા માટે જન્મેલો નથી. જ્યારે ચિત્રકેતુનો બીજો જન્મ વૃત્રાસુર તરીકે થાય છે અને વૃત્રાસુરને છેલ્લી વખતે ભગવાનનાં દર્શન થાય છે ત્યારે તે એમ માગે છે કે, "મને બીજો જન્મ આવે તો તમારા ભક્તોનો સંગ થજો પણ જે માણસો ઘર, સ્ત્રી, કુટુંબ વગેરેમાં આસક્ત હોય તેમનો સંગ થવા દેશો નહિ." જેઓની દૃષ્ટિ આત્માના સાચા સુખ તરફ હોય છે, તેઓ પાંચ ઇંદ્રિયથી મળતા સુખનાં દરકાર કરતા નથી. છતાં હાલના કાળમાં બધા દેશોની પ્રજાને પાંચ ઇન્દ્રિયનાં સુખ વધારે ગમવા માંડ્યાં છે તેથી તેની અસરથી આપણા દેશની પ્રજા પણ માયાના સુખમાં પડી ગઈ છે. એ સંગદોષનું પરિણામ છે. તેથી જ વૃત્રાસુરે સારા સંગ માટે ભગવાન પાસે માગણી કરી હતી.

અંગિરા મુનિ ચિત્રકેતુને કહે છે કે, "હે રાજા! જે લોકો કર્મવાસનાથી પ્રેરિત થઈને વિષયોનું ચિંતન કરે છે તેમના મનથી ઘણા પ્રકારનાં કર્મ ઉત્પન્ન થાય છે. જીવાત્માનો આ દેહ પંચ મહાભૂત, જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનો સંઘાત છે. તેનાથી ઘણા પ્રકારના ક્લેશ અને સંતાપ થાય છે. માટે—

तस्मात्स्वस्थेन मनसा विमृश्य गतिमात्मनः ।
द्वैते ध्रुवार्थविश्रम्भं त्यजोपशममाविश ॥

(૬–૧૫–૨૬)

અર્થ—તું શાન્ત ચિત્તથી આત્મસ્વરૂપનો વિચાર કરી આ દ્વૈત ભ્રમમાં નિત્યત્વબુદ્ધિને ત્યાગી શાન્તિ મેળવી લે.

જેટલું જેટલું દ્વૈત દેખાય છે તે બધું ભ્રાંતિવાળું છે. જેમ સ્વપ્નમાં દેખાતું દ્વૈત મિથ્યા છે, તેમ જાગ્રતમાં દેખાતું દ્વૈત પણ મિથ્યા છે, વળી જેમ સ્વપ્નમાં પોતાની ભૂલની ખબર પડતી નથી, તેમ જાગ્રતમાં પણ પોતાની ભૂલની ખબર પડતી નથી. તેનું કારણ એ છે કે જે પ્રમાણમાં જે વસ્તુની સિદ્ધિ થાય છે તે પ્રમાણથી તે વસ્તુના નિવૃત્તિ થશે નહિ. તેથી પ્રમાણનો વિચાર કરીને ખોટા પ્રમાણને દૂર કરવું હોય તો ખૂબ સત્સંગ કરવો જોઈએ. હાલના નવા સાયન્સવાળાએ પણ પ્રમાણ (એટલે measure)ની ભૂલ કાઢવા તરફ ઠીક ધ્યાન આપેલ છે. તેનાથી ૫૦ વર્ષની અંદર આપણી કેળવણીમાં મોટો ફેરફાર થવાનો સંભવ છે. જે વાત આપણાં શાસ્ત્રો હજારો વર્ષ પહેલાં સ્પષ્ટ રીતે કહી ગયાં છે તે જ બાબત હવે નવી રીતે સાયન્સવાળા સમજાવે છે. તેઓ પણ હવે કહે છે કે આપણે જે જોઈએ છીએ તે જગત નથી પણ જગત વિષે આપણી કલ્પના છે. કોઈ ઓરડામાં એક ખુરશી પડી હોય તો નાનાં બાળકને તે બહુ ઊંચી લાગે છે. તે બાળક ૩૦ વર્ષ પછી તે ખુરશીને જોવા આવે તો તે વખતે તેને તે નીચી લાગે છે. આ બન્નેમાં કઈ ખુરશી સાચી ? જે પ્રમાણથી જે ખુરશી મળી હતી તે પ્રમાણથી તે ખુરશી તે વખતે સાચી લાગી હતી. તેથી પ્રમાણ પ્રમાણે પ્રમેય રહે છે અને તે વખતે ખોટું લાગતું નથી, પણ બીજે વખતે બીજા પ્રમાણથી જો પહેલો અનુભવ બાધ પામે તો પહેલો અનુભવ

સાચો નથી. સ્વપ્ન સ્વપ્ન વખતે સાચું લાગે છે પણ જાગ્યા પછી સ્વપ્નનો બાધ થાય છે તેથી સ્વપ્ન સાચું નથી. જાગ્રતનો અનુભવ પણ જાગ્રત વખતે સાચો લાગે છે પણ સ્વપ્નમાં અથવા ઊંઘમાં તેનો બાધ થાય તો જાગ્રતનો અનુભવ પણ સાચો નથી. તેથી દ્વૈત કોઇ રીતે સાચું સિદ્ધ થઇ શકતું નથી. આપણે દ્વૈતની જેટલી વાતો કરીએ તે બધી અર્થ વગરની છે. ભગવાને એક હું જ કરેલ છે પણ ખોટો હું બીજા હુંને તું કહે છે. હુંનું બહુવચન થતું નથી. હુંનું બહુવચન કરીએ તો તું અને તે હું સાથે લેવા પડે. તેથી હું એક છે. તેથી દ્વૈત મિથ્યા છે, દ્વૈતની વાતો યાદ રાખવા જેવી નથી. હજામ માણસના માથા ઉપરથી વાળ કાઢી નાખે છે પછી તેમાં ધોળા વાળ કેટલા છે અને કાળા વાળ કેટલા છે તે ગણતો નથી; કારણ કે એ બધા નાખી દેવાના છે. તેવી જ રીતે બધું દ્વૈત મિથ્યા હોવાથી તેમાં કયું ઠીક છે અને કયું અઠીક છે તે ગણવાની જરૂર નથી. જય-વિજય વૈકુંઠમાં ગયા છતાં તેમનામાં દ્વૈતની બુદ્ધિ રહી ગઇ તો વૈકુંઠમાંથી પડવું પડ્યું.

હવે નારદજી ચિત્રકેતુ રાજાને કહે છે કેઃ—તમે ચિત્તને સાવધાન રાખીને મારી પાસેથી આ મન્ત્રોપનિષદ ગ્રહણ કરો. આ મંત્રોપનિષદ ધારણ કરવાથી તમને ૭ રાત્રિમાં ભગવાન સંકર્ષણનાં દર્શન પ્રાપ્ત થશે. એ સંકર્ષણનો જે આશ્રય કરે છે, તેનો ભેદ-ભ્રમ દૂર થઈ જાય છે અને તે તરત તેના જેવા મહિમાને પ્રાપ્ત થાય છે. તેના પ્રભાવથી તમને પણ તરત પરમપદની પ્રાપ્તિ થશે.

આંહીં નારદજી સાક્ષિસ્વરૂપ છે અને સંકર્ષણ બ્રહ્મનું સ્વરૂપ છે. સાક્ષીનો અનુભવ થયા પછી બ્રહ્મનો અનુભવ થવો સહેલો છે. જ્યાં શેષનાગ ઉપર લક્ષ્મીનારાયણનું ચિત્ર આવે છે ત્યાં પણ નારદજીને સાથે રાખેલ છે.

પછી ચિત્રકેતુના રાજમહેલમાં મરી ગયેલ રાજકુમારને નારદજીએ પોતાની શક્તિથી થોડીવાર સચેત કર્યો અને કહ્યું કે, " હે જીવ! તારું કલ્યાણ થાય. જો તારાં માતા, પિતા, મિત્ર અને બન્ધુબાંધવ વગેરે તારા માટે શોકમાં પડેલાં છે. માટે તું આ રાજ્યના ભોગ ભોગવ અને સિંહાસન ઉપર બેસ."

જીવે કહ્યું:—'મેં મારા કર્મ પ્રમાણે અનેક જન્મ દેવલોકમાં, મનુષ્યલોકમાં અને તિર્યક્યોનિમાં લીધેલા છે. તેમાં ક્યા જન્મમાં આ મારાં માતાપિતા હતાં? દરેક જન્મમાં નવા મિત્રો અને નવા શત્રુઓ થાય છે. જેમ સોનું વગેરે વેચવાની વસ્તુઓ ઘણા માણસો પાસે ફરતી રહે છે, તેમ જીવ પણ જુદીજુદી યોનિઓમાં ફરતો રહે છે. સોનું વગેરેનો સંબંધ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તેમાં પણ મમતા રહે છે. તેમ જીવનો જેની સાથે જેટલો વખત જેવો સંબંધ તે પ્રમાણે મમતા રહે છે. જીવને શરીરના સંબંધથી શરીરમાં મમતા રહે છે. જીવ પોતાના સાચા સ્વરૂપે નિત્ય છે, અવિનાશી છે અને જન્મમરણથી રહિત છે અને સ્વયંપ્રકાશ હોવાથી સર્વનું અધિષ્ઠાન છે. (૬–૧૬–૦), અને માયાના ગુણના સંબંધ પોતે પોતાને ઉત્પન્ન કરે છે. તેને કોઇ પ્રિય નથી, તેમ અપ્રિય પણ નથી; કોઈ પોતાનો નથી તેમ પારકો નથી. તે મિત્ર અને શત્રુવાળી બુદ્ધિનો સાક્ષીમાત્ર છે. તે આત્મા કાર્ય–કારણનો સાક્ષી છે અને સ્વતંત્ર છે તેથી કોઇના ગુણ–દોષ અથવા ક્રિયાના ફળને ગ્રહણ કરતો નથી અને સદા ઉદાસીન રહે છે. (૬–૧૬-૧૧)"

(આંહી નારદરૂપી સાક્ષીના દર્શનથી જીવને પણ પોતાનું સાક્ષીપણું યાદ આવે છે.)

આટલું બોલી તે જીવ ત્યાંથી ચાલ્યો ગયો. આંહીં સમજવાની મુખ્ય બાબત એ છે કે માયાની અંદર બધો આધાર સંબંધ ઉપર છે. એક જન્મમાં કોઈ કન્યાનું કોઇ માણસ સાથે સગપણ થયું. પછી કોઇ કારણથી તેનું સગપણ તૂટી ગયું અને બીજે સંબંધ

થયો તો પહેલા કુટુંબના માણસોનો સુખદુઃખ સાથે તેને કાંઇ સંબંધ રહેશે નહિ. તેવી જ રીતે એમ માનો કે કોઈ હિંદુ મરીને તુર્કસ્થાનમાં જન્મ્યો અથવા કોઈ મુસલમાન મરીને હિંદુ થયો, તો તેનો દેશ કયો? તેને માટે વિક્રમનો સંવત રહેશે કે હિજરીનો સંવત રહેશે? તેણે કઈ કોમનું અભિમાન રાખવું? તેથી બધો આધાર સંબંધ ઉપર છે અને સંબંધ એ માયા છે. તેને નવા સાયન્સમાં Theory of Relativity કહે છે. જુદાજુદા પ્રકારના સંબંધથી જે નામ અને રૂપવાળાં ચિત્રો દરેક જીવના મનમાં ઉત્પન્ન થાય છે તે ચિત્રકેતુનું સ્વરૂપ છે. વળી ચિત્રકેતુને એક કરોડ રાણી હતી, એટલે રોજ એક કરોડ જેટલા સંબંધ યાદ આવતા હતા. આજે પણ માણસ સવારથી ઊઠીને રાત્રિ સુધી પોતાના સંકલ્પ ગણે અને સંબંધ ગણે તો અસંખ્ય થઇ શકે. જેટલા જેટલા વિષયોનાં જેટલાં જેટલાં દર્શન થાય છે તે બધી વૃત્તિઓ છે. દરેક વૃત્તિમાં નવોનવો સંબંધ રહેલો હોય છે. માયામાંથી છૂટવું હોય તો સાક્ષીરૂપી નારદજીની મદદથી સંકર્ષણરૂપી બ્રહ્મની ઉપાસના કરવી જોઇએ.

ઈ. સ. ૧૯૨૬ માં એક ૮ વર્ષનો બાળક માંદો પડ્યો હતો અને તેની છેલ્લી ઘડી આવી પહોંચી ત્યારે તેણે તેના માબાપને કહ્યું કે, "બસ હવે બસ. જીવન બધું એવું છે, બાંધવાનું છે તે બાંધી લો, જુઓ ઊંચે, ઊંચી ડાળી એક છે." મરતી વખતના આ શબ્દોએ માબાપના મન ઉપર બહુ અસર કરી અને તેઓએ પોતાનું જીવન ફેરવી નાખ્યું. તે પછી તે પુત્રની પછવાડે શ્રીમદ્ભાગવતની સપ્તાહ બેસાડવામાં આવી હતી. તેમાં જે વારે પુત્રનું મરણ થયું હતું તે વારે ચિત્રકેતુની આ કથા આવી અને જીવનો બોધ પણ આવ્યો. તે વખતે તે પુત્ર કોઈ બીજા બાળકના શરીરમાં પ્રવેશ કરીને તે કથા સાંભળવા આવ્યો હતો એવો પરચો કથામાં બેઠેલા કેટલાક માણસોને મળ્યો હતો અને તે પુત્રનાં માબાપને પણ મળ્યો હતો. તે પુત્રના મરણ પછી ભીંત ઉપર નજર કરતાં નીચેના શબ્દો

તેણે લખેલા, તેના માબાપના વાંચવામાં આવ્યા. "હું પાર, તે તું છે."

ચિત્રકેતુના પુત્રનો જીવ ચાલ્યા ગયા પછી રાજા વગેરેએ શોક અને મોહ છોડી દીધા. નારદજીના ઉપદેશથી ચિત્રકેતુને આત્મજ્ઞાન થવાથી, હાથી જેમ કીચડમાંથી બહાર નીકળે તેમ તે ઘરરૂપી અંધારા કૂવામાંથી નીકળ્યો. પછી તેણે જમુનાજીમાં વિધિપૂર્વક સ્નાન અને તર્પણ કર્યું, અને મૌન ધારણ કરી નારદ અને અંગિરાને પ્રણામ કર્યા. તે વખતે નારદજીએ પ્રસન્ન થઈને તેને નીચે પ્રમાણે સંકર્ષણ-વિદ્યાનો ઉપદેશ આપ્યો :

"ૐ આપ ભગવાન વાસુદેવને હું હૃદયથી નમસ્કાર કરું છું."

नमो विज्ञानमात्राय परमानंदमूर्तये ।
आत्मारामाय शान्ताय निवृत्तद्वैतदृष्टये ॥

૬-૧૬-૧૯

અર્થ—જે વિશુદ્ધજ્ઞાનમાત્ર, પરમાનન્દસ્વરૂપ, આત્મારામ છે અને દ્વૈતદૃષ્ટિથી રહિત છે એવા શાન્તસ્વરૂપ આપ પરમેશ્વરને નમસ્કાર છે.

વળી સ્વરૂપના આનંદના અનુભવથી માયાના રાગ-દ્વેષવાળા તરંગોને શાન્ત કરી દેવાવાળા, ઇંદ્રિયોના સ્વામી, વિશ્વરૂપ આપને હું નમસ્કાર કરુ છું. આપ કારણથી અતીત છો. જેમ માટીની વસ્તુઓમાં માટી ઓતપ્રોત છે તેમ આપ સર્વમાં ઓતપ્રોત છો. એવા બ્રહ્મ-સ્વરૂપને હું નમસ્કાર કરું છું. જે જાગ્રત વગેરે અવસ્થાના સાક્ષી છે તે જ જીવનું સાચું સ્વરૂપ છે.

(૬-૧૬-૨૪)"

આ પ્રમાણે ટૂંકામાં નારદજીએ રાજા ચિત્રકેતુને બ્રહ્મનું સ્વરૂપ સમજાવ્યું અને તે જીવનું સાચું સ્વરૂપ (એટલે સાક્ષી) છે એમ પણ સમજાવ્યું. (ચિત્રકેતુ શબ્દમાં કેતુનો અર્થ માથા વગરનું શરીર થાય છે,

એટલે જેને પોતાના અધિષ્ઠાનની ખબર નથી એવો જીવ તે ચિત્રકેતુ સમજવાનો છે. અથવા જો જીવ જે જે રૂપ અને ચિત્ર જુએ એના અધિષ્ઠાનને જાણે નહિ તો તે બધા જીવ પણ ચિત્રકેતુ સમજવાના છે. નારદજી અને અંગિરા મુનિ બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા પછી ચિત્રકેતુએ આ વિદ્યાનું ૭ દિવસ સુધી અનુષ્ઠાન કર્યું. તેના પરિણામે તેને વિદ્યાધરોનું અપ્રહિત અધિપતિપણું પ્રાપ્ત થયું. એટલે બ્રહ્મજ્ઞાનની નજીક તે રાજા પહોંચી ગયો. એ વિદ્યાના પ્રભાવથી મનની ગતિ વધી જવાથી તે ભગવાન શેષજીના ચરણમાં પહોંચી ગયો. તેમાં દર્શન કરતાં રાજાનાં બધાં પાપ નષ્ટ થઈ ગયાં. રાજાનું અંતઃકરણ શુદ્ધ થઈ ગયું. તેણે શેષજીને નમસ્કાર કર્યા અને શેષજીની સ્તુતિ કરતાં કહ્યું કેઃ—

"આપ અજિત છો છતાં સમદર્શી જિતેન્દ્રિય પુરુષો આપને જીતી લે છે. કારણ કે આપ દયાળુ છો અને નિષ્કામ ભક્તોને આપનું સ્વરૂપ પણ આપી દો છો. આ વિશ્વમાં બધી આપની લીલા છે, છતાં બ્રહ્મા વગેરે ભેદબુદ્ધિથી વ્યર્થ સ્પર્ધા કરે છે.

आद्यावन्तेऽपि च सत्त्वानां यद्ध्रुवं तदेवान्तकालेऽपि ।

૬–૧૬–૩૬

સત્ય સ્વરૂપથી પ્રતીત થવાવાળી વસ્તુઓમાં શરૂઆતમાં અને અંતમાં જે નિશ્ચલ તત્ત્વ છે તે જ મધ્યમાં છે. તે આપનું સ્વરૂપ છે.

(આવો શ્લોક માંડૂક્ય ઉપનિષદની કારિકામાં પણ આવે છે.) એટલે જે પહેલાં નથી, પછી નથી, તે વચમાં પણ નથી. જેમ કે નામ અને રૂપ પહેલાં હોતાં નથી, પછી હોતાં નથી, તો વચમાં પણ સાચાં નથી. અને સત્, ચિત્ અને આનંદ પહેલાં હતું, અંતે રહે છે તો વચમાં પણ તેના સિવાય બીજું કાંઈ નથી. સ્વપ્નના દૃષ્ટાંતથી તેની ખાતરી થઈ શકે છે. સ્વપ્નમાં જે ચિત્રો દેખાય છે તે પહેલાં નથી, પછી નથી તો વચમાં પણ સાચાં નથી. એ ચિત્રોને કોઈ

આધાર તે વખતે જણાતો નથી તેથી એ ચિત્રકેતુનું સ્વરૂપ છે. જાગ્રતનાં ચિત્રો એટલે નામરૂપની પણ એવી દશા છે. પણ સ્વપ્નમાં બધાં ચિત્રોનો ખરો આધાર સાક્ષી હતો એમ જાગ્યા પછી જણાય છે, તેમ જાગ્રતનાં બધાં નામરૂપનો ખરો આધાર સાક્ષી છે. એવી વિદ્યા પ્રાપ્ત કરીને હવે ચિત્રકેતુ સત્–ચિત્–આનંદરૂપ શેષજીની સ્તુતિ કરે છે.

ચિત્રકેતુ કહે છેઃ–આપની અંદર કરોડો બ્રહ્માંડો પરમાણુની માફક ઘૂમ્યા કરે છે તેથી આપ વાસ્તવમાં અનંત છો. આપ જ્ઞાનસ્વરૂપ છો અને નિર્ગુણ છો, તેથી આપના તરફ વળેલી વાસનાઓના અંકુર ફૂટતા નથી. એટલે જેમ શેકેલાં બી ઊગતાં નથી તેમ એ વાસનાઓ વધતી નથી. જીવમાં દ્વૈતભાવ માયાના ગુણથી આવે છે અને આપ નિર્ગુણ છો. (૬–૧૬–૩૯) આપે સનકાદિને ભાગવતધર્મ સમજાવ્યો હતો. એ ભાગવતધર્મ પ્રમાણે રહેવાથી 'હું અને મારું' એવી ભેદબુદ્ધિ રહેતી નથી. ભેદબુદ્ધિથી કરેલા બધા ધર્મ અશુદ્ધ અને નાશવાન થઈ જાય છે. (૬–૧૬–૪૧)

આપના દર્શનમાત્રથી મનુષ્યનાં બધાં પાપ નષ્ટ થઇ જાય છે. આપનું નામ એકવાર સાંભળવાથી ચાંડાલ પણ શુદ્ધ થઈ જાય છે. અને સંસારથી મુક્ત થઇ જાય છે. આપની સત્તાથી જ બધું ચાલી રહેલ છે અને આખું ભૂમંડળ જાણે કે આપના મસ્તક ઉપર સરસવના દાણા જેવું લાગે છે."

આવો સારો ભાવ ચિત્રકેતુની સ્તુતિમાં જણાય છે તેનું કારણ માત્ર નારદજીએ તેમને સમજાવેલ બ્રહ્મવિદ્યાનો પ્રતાપ છે. હવે ભગવાન સંકર્ષણ ચિત્રકેતુને જવાબ આપતાં કહે છેઃ "નારદજીએ અને અંગિરા મુનિએ મારી બાબતમાં જે ઉપદેશ આપ્યો છે તે વિદ્યાના પ્રભાવથી અને મારા દર્શનથી તમે પૂર્ણ થઈ શક્યા છો. શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ બન્ને મારી સનાતન મૂર્તિઓ છે. પ્રપંચ આત્મામાં વ્યાપ્ત છે. અને આત્મા પ્રપંચમાં વ્યાપ્ત છે. તથા એ બંનેમાં કારણરૂપથી હું વ્યાપ્ત છું અને વળી એ બંને મારામાં કલ્પિત છે.

(૬–૧૬–૫૨) કોઈ માણસને સ્વપ્ન આવ્યું હોય, તે સ્વપ્નમાં બીજું સ્વપ્ન આવેલ હોય ત્યારે બધું જગત પોતામાં દેખે છે અને સ્વપ્નમાં જાગ્યા પછી (એટલે પહેલા સ્વપ્નમાં) પોતાને એક જગ્યાએ રહેલો જુએ છે. તે જ પ્રમાણે જાગ્રત વગેરે અવસ્થાઓ પણ માયામાત્ર જ છે, એમ સમજીને એ બધી અવસ્થાના સાક્ષી માયાતીત પરમાત્માનું સ્મરણ કરવું જોઇએ.

येन प्रसुप्तः पुरुषः स्वापं वेदात्मनस्तदा ।
सुखं च निर्गुणं ब्रह्म तमात्मानमवेहि माम् ॥
(૬–૧૬–૫૫)

અર્થ—સૂતેલો પુરુષ જે ચૈતન્યની મદદથી પોતાની નિદ્રા અને અતીન્દ્રિય સુખનો અનુભવ કરે છે તે બધાના આત્મરૂપ બ્રહ્મ હું છું એમ જાણો.

આ શ્લોકમાં શ્રીસંકર્ષણ ભગવાન પોતાનું સ્વરૂપ સ્પષ્ટ કરી આપે છે. વળી કહે છે કે નિદ્રા અને જાગૃતિ એ બંને અવસ્થાઓનું સ્મરણ કરનાર પુરુષની એ અવસ્થાઓમાં સાક્ષીરૂપથી જે અનુગત છે અને વાસ્તવમાં તેનાથી પૃથક્ છે તે જ્ઞાન જ પરબ્રહ્મ છે. આ પરબ્રહ્મ સ્વરૂપ જ્યારે જીવ ભૂલી જાય છે ત્યારે તે પોતાના આત્માથી પણ જુદા જેવો થઇ જાય છે અને તેને સંસાર પ્રાપ્ત થાય છે. જ્ઞાન-વિજ્ઞાનની પ્રાપ્તિરૂપ મનુષ્યજન્મને પામી જે માણસ બધાના આત્મરૂપ પરમેશ્વરને જાણતો નથી તેને કોઈ જગ્યાએ શાંતિ મળતી નથી. સંસારના સુખ માટે જે પ્રવૃત્તિ થાય છે તેમાં મહેનત છે અને વિપરીત ફળ મળવાની સંભાવના પણ છે; પણ નિવૃત્તિમાર્ગમાં કોઈ પ્રકારનો ભય નથી. એવો વિચાર કરી વિવેકી પુરુષે ફળની કામનાથી નિવૃત્ત થઈ જવું જોઇએ. હે રાજા! બધાં સ્ત્રીપુરુષો સુખની પ્રાપ્તિ માટે અને દુઃખની નિવૃત્તિ માટે પ્રયત્ન કરે છે, પણ એ કર્મોથી તેમનું દુઃખ દૂર થતું નથી, તેમ તેમને સુખ પણ મળતું નથી. (૬–૧૬–૬૦) માટે ડાહ્યા પુરુષે વિવેક કરીને લૌકિક સુખથી અને પારલૌકિક

સુખથી મુક્ત થવું અને જ્ઞાનવિજ્ઞાનથી તૃપ્ત થઈને મારો ભક્ત થઈ જવું. આ પ્રકારે સંપૂર્ણ ઇંદ્રિયોદ્વારા એકમાત્ર પરમાત્માનું દર્શન કરવું એ જ બધા યોગનો સાર છે અને એ જ ખરો પુરુષાર્થ છે. હે રાજા! જો તમે મારા આ ઉપદેશને સાવધાન થઈને શ્રદ્ધા સહિત ધારણ કરશો તો જ્ઞાન-વિજ્ઞાનથી સંપન્ન થઈને સિદ્ધ થઈ જશો (૬–૧૬–૬૪). આટલું કહી જગદ્‌ગુરુ ભગવાન શ્રીહરિ ત્યાં અંતર્ધાન થઈ ગયા.

આવો અદ્વૈતનો ઉપદેશ ઘણા માણસો આજે પણ સાંભળે છે છતાં તેમાં નિષ્ઠા કેમ થતી નથી? ચિત્રકેતુની માફક કરોડ રાણીઓ-રૂપી બીજી જંજાળ દરેકના માથા ઉપર લાગી હોય છે. હવે ચિત્રકેતુની શી દશા થઈ તે જોઈએ. વિદ્યાધર ચિત્રકેતુ આકાશમાર્ગે વિચરવા લાગ્યો. તેનામાં ઘણી સિદ્ધિઓ આવી હતી, ઘણા પ્રકારના સંકલ્પોને પૂર્ણ કરવાવાળી વિદ્યાધર–સુંદરીઓની સાથે, ભગવાનના યશ ગાતો તે રમણ કરવા લાગ્યો. એક વખત વિષ્ણુ ભગવાને આપેલ તેજોમય વિમાન ઉપર ચડીને તે જતો હતો. તે વખતે તેણે જોયું કે ભગવાન શંકર સિદ્ધ–ચારણથી ઘેરાયેલા, મુનિઓની મંડળીની વચમાં, ભગવતી પાર્વતીજીને ખોળામાં બેસાડીને એક હાથે આલિંગન આપી રહ્યા હતા. એ દેખાવ જોઈને ચિત્રકેતુ તેમની પાસે ગયો અને પાર્વતીજીના સાંભળતાં નીચેનાં વચનો બોલ્યોઃ–

"આ બધા દેહધારીમાં શ્રેષ્ઠ, ધર્મનું વખાણ કરનારાવાળા બધાના ગુરુ શંકર છે. છતાં સભાની વચમાં પોતાની સ્ત્રીને આલિંગન આપીને બેઠા છે તેમને શરમ કેમ આવતી નથી? એ તપસ્વી અને બ્રહ્મવેત્તાઓની સભામાં મોટા ગણાય છે, છતાં આ વખતે સાધારણ વિષયી પુરુષોની માફક નિર્લજ્જ થઈને સ્ત્રીને ખોળામાં લઈને બેઠા છે. વિષયી પુરુષો પણ એકાંતમાં ઘણે ભાગે સ્ત્રીને ખોળામાં લે છે, પણ આ તો મોટા વ્રતધારી હોવા છતાં ભરી સભામાં સ્ત્રીને લઈને બેઠા છે!"

આ શબ્દો સાંભળી ભગવાન શંકરને હસવું આવ્યું અને તે કાંઇ બોલ્યા નહીં, બીજા સભસદો પણ બોલ્યા નહિ. પણ ચિત્રકેતુના જિતેન્દ્રિયપણાનું અભિમાન જોઇ પાર્વતીજી બોલ્યાં: "આવા દુષ્ટ અને નિર્લજ્જને દંડ આપનાર આ વખતે સંસારમાં શું કોઇ નથી? શું શંકર ભગવાનને કોઇ ઓળખી શકતું નથી? નારદ, સનક, કપિલ વગેરે શું ધર્મને જાણતા નથી! ભગવાન શંકર કે જે જગદ્‌ગુરુ છે તેમના માટે આવો કટાક્ષ જે કરે તેને દંડ મળવો જ જોઇએ. જેને પોતાની શ્રેષ્ઠતાનું અભિમાન છે, તે ભગવાનના ચરણોમાં રહેવાને યોગ્ય નથી. માટે (ચિત્રકેતુને કહ્યું) હે દુર્મતિ! તું અધમ આસુરી યોનિને પ્રાપ્ત થા, એટલે ફરીથી તું મહાપુરુષોનો અપરાધ કદાપિ કરીશ નહિ." આ શાપની અંદર ઘણા સારા સિદ્ધાંતો સમાયેલા છે. અધ્યાત્મભાવે તેનો અર્થ જોઈએ તો આજે પણ કોઈ જગ્યાએ સ્ત્રીપુરુષો બેઠાં હોય ત્યાં આપણે તેમને પાર્વતી અને શંકરરૂપે જોવાં જોઇએ. સ્ત્રીઓ બેઠી હોય ત્યાં બીજા પુરુષોએ તેમને પાર્વતીજી માનવાં જોઇએ અને પુરુષો બેઠા હોય તેમને સ્ત્રીઓએ શંકરરૂપ જોવા જોઇએ: પણ જો તેમના કોઈના અંગ ઉપર સંસારી દૃષ્ટિથી નજર જાય તો જોનારના ચિત્તમાં ખોટાં ચિત્રોરૂપી ચિત્રકેતુ ઉત્પન્ન થાય છે અને તેમાંથી પછી ખોટી વૃત્તિઓરૂપી વૃત્રાસુર ઉત્પન્ન થાય છે. માટે દરેક સ્ત્રીપુરુષોએ આવી બાબતનું ધ્યાન રાખવાનું છે. વળી સિનેમાવાળા તો મોહક ચિત્રો જોનારને આકર્ષણ કરવા માટે ખાસ મૂકે છે. જાહેર ખબર-વાળા પણ પોતાની વસ્તુની જાહેરખબરની પાસે એવાં ચિત્રો બહુ મૂકે છે. ન્યુસપેપરવાળાના વાર્ષિક અંક જે નીકળે છે, તેમાં પણ એવાં ચિત્રો બહુ આવે છે. વળી હાલના યુગમાં જુવાન છોકરા-છોકરીઓ સાથે નિશાળોમાં અને કોલેજમાં ભણે છે. તેઓ પણ ચિત્રકેતુના જેવાં થઇને એકબીજાના સામું જોયાં કરે છે. તેમને પાર્વતીજીના શાપ રોજ મળે છે તેથી વૃત્રાસુર જેવા આજે ઘણે ઠેકાણે મળી આવે છે. વૃત્રાસુરને જ્યારે પોતાની ભૂલની ખબર પડી ત્યારે છેલ્લી વખતે ભગવાન પાસે એવું માગે છે કે મને

હવે ભક્તોનો સંગ મળજો પણ સંસારી અને વિષયી માણસોનો સંગ થજો નહિ.

ટૂંકામાં સંસારી માણસોના સંગથી કોઇને લાભ થયો નથી; તેમની પાસેથી પાંચ ઇંદ્રિયોના વિષયો સિવાય બીજી વાતો નીકળતી નથી. ચિત્રકેતુને તો ભગવાનનાં દર્શન થયાં હતાં છતાં પોતાની જિતેન્દ્રિય-તાનું અભિમાન આવી ગયું હતું. અને તેથી દ્વૈતની ભાવના ઉત્પન્ન થઇ હતી. ભેદબુદ્ધિથી જયવિજય પણ વૈકુંઠમાંથી પડયા હતા. શ્રીમદ્‌ભાગ-વતના મહાત્મ્યમાં પણ કહેલું છે કે જ્ઞાન દૃઢ ન કરી શકાય તો તેનો નાશ થાય છે. ચિત્રકેતુને શ્રીસંકર્ષણ ભગવાને બહુ ઉત્તમ જ્ઞાન આપ્યું હતું પણ કરોડ રાણી વચ્ચે રહેવાથી તે ટકી શક્યું નહિ અને ફરીથી તે દ્વૈતભાવમાં આવી ગયો. માહાત્મ્યમાં એમ પણ કહેલું છે કે ભક્તે બીજાના ગુણદોષમાં પડવું નહિ (૪-૮૦) એકાદશ સ્કંધમાં ૨૮ મા અધ્યાયની શરૂઆતમાં પણ ભગવાન કહે છે કે જેઓ બીજાના કર્મની સ્તુતિ કે નિંદા કરે છે તેઓ પોતાના સ્વાર્થમાં પડી જાય છે. આ દૃષ્ટિએ આપણી કાઉન્સિલોના મેમ્બરોની ચૂંટણીનો વિચાર કરીએ તો મત આપનાર બધા લોકોને તેમના ગુણદોષમાં પડી જવું પડે છે. તેથી હિંદુસ્થાનની બ્રહ્મવિદ્યા ખીલવવા માટે એવી જાતની રાજ્યપદ્ધતિ ઉપયોગી નથી. જો માણસો માટે બ્રહ્મવિદ્યાનું લક્ષ્ય રાખવું હોય તો બધા દેશોનું એક રાજ્ય બનાવીને નવી જાતની રાજ્યવ્યવસ્થા કરવી જોઇએ. ભક્તો પણ જો દ્વૈત-ભાવમાં આવી જાય તો ભગવાનના ચરણમાં રહેવાને લાયક નથી એમ પાર્વતીજીના શાપમાં કહેલું છે. ભક્તિમાર્ગમાં જેને ભગવાનનું ચરણ કહે છે તેને જ્ઞાનમાર્ગમાં અધિષ્ઠાન કહે છે. કારણ કે ચરણ ઉપર જેમ આખું શરીર ઊભું રહે છે તેમ અધિષ્ઠાનરૂપી બ્રહ્મ ઉપર જગતના શરીરની કલ્પના ઊભી છે. માટે જેમને ચરણ-રૂપી અધિષ્ઠાનમાં રહેવું હોય તેમણે અદ્વૈતભાવમાં નિષ્ઠા રાખવી જોઇએ. પણ જ્યાં દ્વૈતનું શિક્ષણ બહુ ચાલતું હોય ત્યાં માણસો

અદ્વૈતની નિષ્ઠા શી રીતે રાખે ? એવી મુશ્કેલી દૂર કરવા માટે હવે સાતમા સ્કંધમાં વ્યાસજી પ્રહ્લાદનું ચરિત્ર લાવશે અને તેમાં સમજાવશે કે પ્રહ્લાદે નાની ઉંમરથી દ્વૈતનું શિક્ષણ લેવાની જ ના પાડી હતી અને એ જાતનો સત્યાગ્રહ નિશાળમાં કર્યો હતો. હાલના કાળમાં એવો કોઈ હિંમતવાળો વિદ્યાર્થી જોવામાં આવતો નથી.

બીજાના ગુણદોષમાં પડી જવાની ટેવ લગભગ બધે વ્યાપી રહેલ છે અને તેમાંથી નીકળવું બહુ મુશ્કેલ છે. એક દેશમાં ચાર રાજાને વૈરાગ્ય આવ્યો તેથી તેઓ રાજ્ય છોડીને ભક્તિ કરવા બહાર નીકળી પડ્યા હતા. થોડા વખત પછી બીજા કોઈ ગામમાં તે ભેગા થયા. તે વખતે એક રાજાને પગે ખરજવું હોવાથી તે લાકડાના કટકાથી ખોતરતો હતો. એટલે બીજા રાજાએ એવી ટીકા કરી કે, તેં રાજ્ય છોડયું તો યે લાકડાના કટકામાં તારી મમતા રહી ગઈ. એટલે ત્રીજા રાજાએ બીજાને કહ્યું કે, તેં પણ રાજ્ય છોડયું છે તો તારે પહેલાના કર્મની ટીકા શા માટે કરવી જોઈએ ? તે પછી ચોથા રાજાએ ત્રીજા રાજાને કહ્યું કે તેં પણ રાજ્ય છોડયું તો પહેલા બેની વચ્ચેની તકરારમાં તારે શા માટે પડવું જોઈએ ? એટલામાં ખણવાનું કામ પૂરું થયું અને પહેલા રાજાએ લાકડાનો કટકો ફેંકી દીધો પણ આવી ભૂલોમાં માણસો કેવી રીતે પડી જાય છે તે સમજવાનું છે.

એકવાર ચાર મુસલમાન મિત્રો મસ્જિદમાં પ્રાર્થના કરવા ગયા. પ્રાર્થના મૌન રાખીને સારી રીતે થઈ શકે તેટલા માટે ચારેએ મૌન રાખવાનું વ્રત લીધું. મસ્જિદના મોલવી મોડા આવ્યા તેથી બધાએ પોતાની બંદગી મૂંગા રહીને શરૂ કરી દીધી. થોડીવાર પછી મોલવી આવ્યા એટલે એક મિત્રે તેમને કહ્યું કે, તમે મોડા આવ્યા, અમે તમારી રાહ જોઈ પણ વખત થઈ ગયો હતો તેથી અમે તમારા વગર શરૂ કરી દીધું. તમે કેમ મોડા આવ્યા ? બીજા મિત્રે

પહેલાને કહ્યું કે તેં તેને ઠપકો કેમ આપ્યો ? તને ખબર નથી કે આવી વાતોથી તારી પ્રાર્થના બગડી ગઇ ? ત્રીજાએ પછી બીજાને કહ્યું કે " તું મૂર્ખ છે. બીજાને તેની ફરજ બાબત કહેવામાં તારી પ્રાર્થનામાં પણ ભંગ પડી ગયો. તું બોલ્યો શા માટે ? ચોથા મિત્રે આકાશ તરફ જોઇ ખુદાને મોટેથી બોલીને કહ્યું કે "તેં મને બચાવ્યો કારણ કે મેં કોઇની સાથે બોલીને મારી પ્રાર્થના બગાડી નથી." ચોથાની વાણીમાં પણ ઘણું અભિમાન રહેલું હતું, પણ તેની તેને ખબર પડતી નહોતી. તે પણ મૂંગો રહી શકયો નહિ. બધા પ્રકારની ટીકામાં કાંઇક અહંકાર રહેલો હોય છે. હાલના ઘણા સમાજસેવક પણ પોતા સિવાય બીજા બધાને સુધારવા માગે છે અને પોતે પૂર્ણ છે એમ માની બેસે છે. ચિત્રકેતુએ પણ એવી જ ભૂલ કરી હતી અને શંકરની પણ ભૂલ કાઢી હતી. તેથી તેને વૃત્રાસુરનો જન્મ આવ્યો હતો. શ્રીમદ્‌ભાગવતની કથા તો પરમહંસોની સંહિતા છે, અને સાત દિવસમાં મોક્ષ મળે તેવી કથા છે તેથી નાની ભૂલો પણ નિષ્ઠામાં કેવું વિઘ્ન કરે છે તે વ્યાસજીએ બારીકાઇથી બતાવેલ છે.

ચિત્રકેતુએ પાર્વતીજીને કહ્યું કે " હે મા ! હું તમારો શાપ ગ્રહણ કરું છું. આપ જે કહો તે મારા કર્મનું ફળ છે. અજ્ઞાનથી જીવ સુખદુઃખને ભોગવે છે માટે મારે મારું કર્મ ભોગવવું જોઇએ. હું સમજુ છું કે શ્રીહરિ સિવાય આ જગતમાં બીજું કોઇ નથી અને તે બંધનથી રહિત છે, છતાં તેની માયાશકિતથી જીવને બંધ–મોક્ષ અને સંસાર મળે છે. તેથી હું શાપથી મુકિત માગતો નથી. પણ મારું કથન આપને અનુચિત લાગ્યું તે માટે મને ક્ષમા કરો." આટલું કહી ચિત્રકેતુ ત્યાંથી ચાલ્યો ગયો.

પછી મહાદેવજીએ પાર્વતીજીને કહ્યું કેઃ 'તમે ભગવાનના ભક્તનું માહાત્મ્ય જોયું ? જે લોક ભગવત્પરાયણ છે તેમને કોઈ જાતનો ભય નથી. છતાં કોઇવાર ગુણદોષની કલ્પના થાય તેનું કારણ અજ્ઞાન છે.

अविवेककृतः पुंसो ह्यर्थभेद इवात्मनि ।
गुणदोषविकल्पश्च भिदेव स्रजिवत्कृतः ॥
(૬–૧૭–૩૦)

અર્થ—જેમ સ્વપ્નમાં ભેદભ્રમથી સુખદુઃખની પ્રતીતિ થાય છે તથા જાગ્રતમાં માળામાં સર્પની ભ્રાંતિ થાય છે, તેમ માણસને અજ્ઞાનથી આત્મામાં દેવ, મનુષ્ય વગેરે ભેદ અને ગુણદોષની કલ્પના થાય છે. પણ જેનામાં જ્ઞાન અને વૈરાગ્યયુક્ત ભક્તિ હોય છે તેને આ સંસારમાં પોતાની બુદ્ધિના આશ્રયરૂપ કોઇ પદાર્થ જોવામાં આવતો નથી. ભગવાનની લીલાને તો હું પણ બરાબર જાણતો નથી. બ્રહ્માજી, સનક, નારદ વગેરે અને દેવો પણ જાણી શકતા નથી. શ્રીહરિને તો કોઇ પ્રિય કે અપ્રિય નથી, અને કોઈ પોતાનું કે પારકું નથી. એ તો બધાના અંતરાત્મા છે. તેથી તે બધાને પ્રિય લાગે છે. આ ચિત્રકેતુ ભગવાનને પ્રિય છે અને હું પણ તેને પ્રિય છું. માટે તેની વાણીમાં તમારે કાંઇ વિષમબુદ્ધિ કરવી નહિ! આ સાંભળી પાર્વતીજીની બુદ્ધિ પણ શાંત થઇ ગઈ, કારણ કે તેમનામાં પણ વિષમબુદ્ધિ આવી ગઇ હતી.

પછી ચિત્રકેતુ ત્વષ્ટા દેવતાને ત્યાં વૃત્રાસુરરૂપે જન્મ્યો. તેના જીવનની હકીકત ગયા પ્રકરણમાં વિસ્તારથી આપેલી છે.

પ્રકૃતિમાં ગુણદોષની બુદ્ધિ આવે છે તેનું કારણ એ છે કે તેમાં ત્રણ ગુણ આવેલા છે. તેમાંથી રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. રાગ એ અદિતિનું સ્વરૂપ છે, અને દ્વેષ એ દિતિનું સ્વરૂપ છે. એ વાત હવે પછીના અધ્યાયમાં શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવે છે. કશ્યપ મુનિને દિતિ અને અદિતિ નામની બે સ્ત્રીઓ હતી, તેમાં દિતિના ગર્ભથી હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ ઉત્પન્ન થયા હતા. તેનું વર્ણન ત્રીજા સ્કંધમાં આવી ગયેલું છે. હિરણ્યકશિપુને ચાર પુત્ર હતા તેમાં પ્રહ્લાદ સૌથી નાનો હતો. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુને ઇંદ્રને મદદ આપનાર વિષ્ણુએ માર્યા હતા, તેથી ઇંદ્રને મારે તેવો પુત્ર ઉત્પન્ન કરવાની ઈચ્છા દિતિના મનમાં ઉત્પન્ન થઇ.

તે ઉપરથી દિતિએ પોતાના પતિ કશ્યપને સેવા કરીને પ્રસન્ન કર્યા. પછી દિતિએ કશ્યપ પાસે એવા પુત્રની માગણી કરી. કશ્યપે તેની સેવાથી પ્રસન્ન થઇને વરદાન આપ્યું હતું તેથી કશ્યપની ઇચ્છા નહોતી છતાં દિતિની ગર્ભ માટેની માગણી સ્વીકારી, પણ સાથે સાથે દિતિને કહ્યું કે જો તું પુંસવનવ્રત એક વર્ષ સુધી ધારણ કરીશ તો તને ઉત્તમ પુત્ર પ્રાપ્ત થશે. દિતિ તેવું વ્રત પાળવા લાગી. ઇંદ્રને આ બાબતની ખબર પડી ગઇ. એક દિવસ દિતિ જમ્યા પછી હાથપગ ધોયા વગર સૂઈ ગઇ અને તેનું વ્રત ખંડિત થયું ત્યારે ઇંદ્ર પોતાના યોગબળથી તેના ઉદરમાં ઘૂસી ગયો અને તેણે તેના ગર્ભના ૭ ટુકડા કર્યા. તેમાંથી ૭ બાળક થયાં. તે રોવા લાગ્યાં એટલે ઇંદ્રે તે દરેકના પાછા ૭ ટુકડા કર્યા. એટલે કુલ ૪૯ બાળક થયાં. તે બધા મરુત્‌-ગણ થયા. તે મર્યા નહિ અને ઇંદ્ર સાથે ૫૦ બાળક દિતિના ગર્ભમાંથી નીકળ્યા. તેથી આશ્ચર્ય થયું. ઇંદ્રે માફી માગી અને જે હકીકત બની હતી તે દિતિને નિવેદન કરી. દિતિએ તેને માફી આપી અને એ ૪૯ મરુદ્‌ગણને ઇંદ્ર દેવલોકમાં લઇ ગયો. જેમ વેદાન્તમાં પંચમહાભૂતનું પંચીકરણ આવે છે તેમ આ ૭ તત્ત્વનું સપ્તીકરણ જેવું છે. પાંચ મહાભૂતની સાથે મન અને બુદ્ધિ ઉમેરીએ તો ૭ થાય. એમ મૂળપ્રકૃતિમાંથી ૭ થયા અને એ સાતનું સપ્તીકરણ કરીએ તો ૪૯ થાય. એ બધી મૂળપ્રકૃતિની વિકૃતિ છે. છતાં ઇંદ્રરૂપી હાથના દેવે તેમને મદદ કરી દેવલોકના ઉપયોગમાં રાખ્યા. આ કથામાં મુખ્ય સમજવાનો વિષય પુંસવનવ્રતની વિધિ છે. તે છઠ્ઠા સ્કંધમાં ૧૯ મા અધ્યાયમાં વિસ્તારથી આપવામાં આવેલ છે. જેને સારી પ્રજા જોઇતી હોય તેવી સતી સ્ત્રીએ એ આખો અધ્યાય વાંચવા જેવો છે. હાલના કાળમાં સારી પ્રજા ઉત્પન્ન કરવાના હેતુથી માબાપ માબાપ થતાં નથી, પણ ભૂલમાં માબાપ થઇ જાય છે. તેથી સંયમ વગરની પ્રજા ઉત્પન્ન થાય છે. એક વખત હિંદુસ્થાનના વાઈસરોયે બળદની ઓલાદ સુધારવા માટે આખલા ભેટ આપવાનું શરૂ કર્યું હતું; પણ માણસની ઓલાદ બગડી જાય છે તે માટે કોઇ યોગ્ય

ઉપાય લેતા નથી. સંતતિનિયમનથી પ્રજાની સંખ્યા ઉપર કંટ્રોલ રહે છે પણ જે બાળક જન્મે તેના ગુણ ઉપર કંટ્રોલ રાખવો હોય તો પુંસવનવ્રત માતાઓ માટે ખાસ ધ્યાન આપીને આચરવા જેવું છે. તે વ્રતમાં રોજ અમુક મંત્ર બોલી શ્રીલક્ષ્મીનારાયણની પૂજા કરવાનો વિધિ છે. એ વ્રત બરાબર થાય તો સ્ત્રીપુરુષને ઇચ્છિત પદાર્થ મળે છે. વળી તે કન્યાને સારો પતિ મળે છે, વિધવાને સદ્દગતિ મળે છે, જેના દીકરા મરી જતા હોય તે ચિરંજીવી થાય છે, અભાગિની સ્ત્રી સૌભાગ્યવતી થાય છે, કુરૂપા હોય તે સુંદર રૂપવાળી થાય છે. રોગી પુરુષ આ વ્રતનું આચરણ કરે તો રોગથી મુક્ત થાય છે. ટૂંકામાં શ્રીલક્ષ્મીનારાયણ સમસ્ત મનોરથ પૂર્ણ કરે છે (૬–૧૯–૨૮). ચિત્રકેતુના આખ્યાન પછી આવા આખ્યાનની જરૂર છે. કારણ કે પ્રકૃતિને વશ કરવી હોય તો સત્ત્વગુણરૂપી લક્ષ્મી–નારાયણની પૂજા કરવી જોઇએ. દિતિ એ રજોગુણ અને તમોગુણનું સ્વરૂપ છે. આ પ્રમાણે માયામાં રહીને પણ આગળ વધી શકાય છે. તેમાં પણ ગર્ભ રહે ત્યારે જો નારદજી જેવા સંતપુરુષ ભગવાનનો મહિમા સંભળાવે તો અસુરના કુળમાં પણ પ્રહ્લાદ જેવા ભક્ત ઉત્પન્ન થાય, એ કથા હવે પછીના સાતમા સ્કંધમાં શરૂ કરવામાં આવશે.

પ્રકરણ ૧૦
સ્કંધ ૭ મો
દુનિયામાં ભગવાન લડાઇ અને કોમી ઝઘડા શા માટે થવા દે છે ?

છઠ્ઠા સ્કંધમાં એવી વાત આવી કે ઇંદ્ર અને વૃત્રાસુરનાં યુદ્ધને પ્રસંગે ભગવાને ઇંદ્રને મદદ આપી અને અસુરોનો નાશ કરાવ્યો; તેથી સાતમા સ્કંધની શરૂઆતમાં પરીક્ષિત રાજા શુકદેવજીને એવો પ્રશ્ન પૂછે છે કેઃ—

समः प्रियः सुहृद् ब्रह्मन्भूतानां भगवान्स्वयम् ।
इन्द्रस्यार्थे कथं दैत्यानवधीद्विषमो यथा ॥
७-१-१

અર્થ—"ભગવાન તો સ્વભાવથી જ સમદર્શી છે અને સમસ્ત પ્રાણીઓના મિત્ર છે, તો તેમણે વિષમ દૃષ્ટિવાળા પુરુષોની માફક ઇંદ્રને માટે દૈત્યોનો વધ શા માટે કરાવ્યો ? ભગવાન સાક્ષાત્ કલ્યાણ-સ્વરૂપ છે, તેથી તેમને દેવો પાસેથી કાંઇ લાભ મેળવવાની ઇચ્છા નથી, અને નિર્ગુણ હોવાથી તેમને દૈત્યો તરફ કોઇ પ્રકારનો દ્વેષ અને ઉદ્વેગ પણ થતો નથી. ભગવાન નારાયણના સ્વભાવ બાબતમાં મારો આ મોટો સંદેહ છે, તેનું આપ સમાધાન કરો."

શુકદેવજી કહે છે કે–હે રાજા ! શ્રીહરિના ચરિત્રના સંબંધમાં આ તારો પ્રશ્ન બહુ સુંદર છે. તેમાં ભગવાનની ભક્તિ વધારનાર પરમભક્ત પ્રહ્લાદજીનું ચરિત્ર પણ આવશે. આ પરમપવિત્ર ચરિત્રનાં તો નારદજી જેવા મુનિજન પણ વખાણ કરે છે. તેથી હું તને એ કથા સંભળાવું છું કે જેમાં તારા પ્રશ્નનું સમાધાન પણ થઇ જશે. ખરી વસ્તુ તો એવી છે કેઃ—

निर्गुणोऽपि ह्यजोऽव्यक्तो भगवान्प्रकृतेः परः ।
स्वमायागुणमाविश्य बाध्यबाधकतां गतः ॥
७-१-६

અર્થ—શ્રીહરિ વાસ્તવમાં નિર્ગુણ, અજન્મા, અવ્યક્ત છે અને પ્રકૃતિથી અતીત છે, તો પણ પોતાની માયાના ગુણોનો આશ્રય લઈ પોતે બાધ્યબાધક ભાવને પામે છે.

આજકાલ ઘણા માણસોને એવી શંકા થયા કરે છે કેઃ—

જો ભગવાન જાપાની માણસોની અંદર છે અને અમેરિકાની પ્રજાની અંદર પણ છે, તો અમેરિકાવાળાએ અણુબોમ્બથી જાપાનનાં બે શહેરોનો નાશ શા માટે કર્યો ? વળી જો ભગવાન હિંદુના હૃદ-

યમાં છે અને મુસલમાનના હૃદયમાં છે, તો એ બંને પરસ્પર શા માટે લડે છે?

કુટુંબના ઝઘડાઓમાં જોઈએ તોપણ સાસુ-વહુના ઝઘડા, ધન માટે ભાઈ ભાઈના ઝઘડા, કીર્તિ માટે નેતાઓમાં ઝઘડા, સ્ત્રીઓ માટે ઝઘડા, જમીન માટે ઝઘડા અને બીજા પ્રાણીઓમાં જોઈએ તો ઉંદરને બિલાડી સાથે વેર, બગલાં માછલાંને ખાઈ જાય, સર્પ દેડકાને પકડે, દેડકાં માખીને પકડે, એવા અસંખ્ય મારામારીના બનાવ માણસની નજરે જોવામાં આવે છે અને છતાં ભગવાન કહે છે કે હું બધામાં સમરૂપે રહેલો છું.

શુકદેવજી કહે છે કે એ બધું માયાથી બની શકે છે. પણ વળી એ માયામાં એવી સત્તા ક્યાંથી આવી કે તે ભગવાન કરતાં પણ મોટી થઇ પડી અને જ્યાં પ્રેમ જોઈએ ત્યાં હુલ્લડના પ્રસંગ ઉત્પન્ન કરે! જો ભગવાન સ્વતંત્ર હોય અને તેણે બધું આગળથી નક્કી કરી રાખેલ હોય તો ઘડિયાળની ચાવીની માફક બધું બરાબર ચાલવું જોઇએ અને જીવમાં થોડીક પણ સ્વતંત્રતા હોય તો જીવ પોતે દુઃખી થાય નહિ અને ભગવાન બધી બાબતમાં પોતાનું ધાર્યું કરતા હોય તો જીવને કોઇ પુરુષાર્થ કરવાની ઇચ્છા પણ થાય નહિ.

વળી જો બાજરો વાવીએ તો બાજરો ઊગે છે, ઘઉં વાવીએ તો ઘઉં ઊગે છે, એટલે જેવું કારણ હોય તેવું કાર્ય થાય છે. તેમ છતાં ભગવાન આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ છે અને ભગવાનના જગતમાં દુઃખ અને અજ્ઞાન નજરે પડે છે, તેથી આપણું જગત ભગવાને પોતે રચેલ છે કે કોઇ કંટ્રાક્ટરને જગત રચવાનું કામ સોંપ્યું છે અને તે કંટ્રાક્ટરે ભૂલો કરેલ છે? આવા આવા પ્રશ્નો ઉત્પન્ન થતા હોવાથી સાંખ્ય મતવાળા અને જૈન ધર્મવાળા ઈશ્વરને માનતા નથી. તેમનું કહેવું એવું છે કે કારણ હોય તેવું કાર્ય થવું જોઈએ. માટે એકલા ભગવાનથી આ જગત ઉત્પન્ન થયું નથી, પણ

ચેતન અને જડ અથવા પુરુષ અને પ્રકૃતિ એવાં બે તત્ત્વથી આ જગત ઉત્પન્ન થયેલ છે. ગરબડવાળું જગત એકલા ચેતનથી થઈ શકે નહિ.

ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન કહે છે કે જ્યારેજ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે અધર્મનો નાશ કરવા માટે હું માયાથી જન્મ લઉં છું. તે વખતે હું સાધુઓનું રક્ષણ કરું છું અને પાપીઓનો નાશ કરું છું અને યુગેયુગે ધર્મની ફરી સ્થાપના કરું છું. પરીક્ષિત રાજાનો પ્રશ્ન એવો છે કે જો ભગવાન બધામાં સમરૂપે રહેલા છે તો સંસારમાં કોઈ જાતનો ડખો થવો જ ન જોઈએ અને ભગવાનને અવતાર લેવાની જરૂર પણ રહેવી ન જોઈએ ભગવાનમાં જો પક્ષપાત હોય તો આપણી દુનિઆમાં હજી તે શું કરશે તેની ખબર પડે નહિ અને તેનામાં પક્ષપાત ન હોય તો તે બધાના હૃદયની અંદર રહેલા હોવાથી કોઈ જાતના ઝઘડા નજરે પડવા જોઈએ નહિ. ટૂંકામાં ભગવાનનો સ્વભાવ કેવો છે? અને માયા હોય તો માયાનો સ્વભાવ કેવો છે? તે બાબતનો પ્રશ્ન સાતમા સ્કંધની શરૂઆતમાં આવે છે.

પશ્ચિમના દેશોની અંદર ૧૯ મી સદી સુધી એમ માનવામાં આવતું હતું કે સાયન્સદ્વારા ઘણા પ્રયોગ કરતાં એમ સિદ્ધ થાય છે કે જડ વસ્તુઓ અને સૂર્ય, ચંદ્ર, તારા અને બીજી ઘણી વસ્તુઓ માણસની ઇચ્છા પ્રમાણે ચાલતી નથી, તેથી એ બધાનું નિયમન કોઈ સ્વતંત્ર સર્વશક્તિવાન ભગવાન કરતા હશે, અને તેથી માણસો પરતંત્ર છે. કારણ કે માણસો સ્વતંત્ર હોય તો એક દેશમાં ઘણા રાજાઓ જેવું થઈ જાય. પણ વીસમી સદીની શરૂઆતમાં તેઓને માયાનું સ્વરૂપ સ્પષ્ટ રીતે જણાવા લાગ્યું, તેથી હવે તેઓ એમ કહે છે કે કોઈ માણસ ઉપર કાયમનું બંધન ભગવાને રાખેલું નથી; પણ માણસ જો બરાબર જ્ઞાન મેળવે તો તેને નડે એવી માયા જગતમાં કોઈએ રાખેલ નથી.

સાયન્સવાળા અથવા વિજ્ઞાનવાળા પ્રયોગ વગર કોઈ વાત સાચી માનતા નથી. માયાનું સ્વરૂપ તેઓ ગણિતથી સિદ્ધ કરી આપે છે, પણ તે ગણિત બહુ અધરું હોવાથી હજુ આપણા દેશમાં તે દાખલ થયેલ નથી. પણ કેટલાક નીચેના દૃષ્ટાંતોથી આ બાબત સરળતાથી સમજી શકાય તેવી છે.

એમ માનો કે ડુમસમાં દરિયા કિનારે કોઈ મચ્છીમાર રહે છે. તે દરિયામાં જાળ નાખી અમુક જાતનાં માછલાં રોજ પકડી શકે છે, અને તે એમ માને છે કે તેના દરિયામાં તેવાં જ માછલાં છે. તેની ઘણી પેઢીઓથી તેના બાપદાદા એ પ્રમાણે ધંધો કરતા આવ્યા છે. હવે એમ માનો કે જ્યાં તાપી નદી સમુદ્રને મળે છે ત્યાં એટલે ડુમસની સામી બાજુએ હજીરાનું નવું ગામ છે, ત્યાં પણ કોઇ મચ્છીમાર રહે છે. પણ તેની જાળ વધારે ઝીણી હોવાથી તેમાં બીજી જાતનાં માછલાં આવે છે અને તે એમ માને છે કે તેના દરિયામાં તેવાં જ માછલાં છે. તેનો ધંધો પણ બાપદાદાથી ઘણી પેઢીએથી ચાલ્યો આવે છે. એક દિવસ બીજો મચ્છીમાર (હજીરાવાળો) ડુમસના મચ્છીમારનો મહેમાન થયો. તેણે ડુમસવાળાને ત્યાં બીજી જાતનાં માછલાં જોયાં અને પૂછ્યું કે તારે ત્યાં આવડાં જ માછલાં કેમ છે? ડુમસવાળાએ જવાબ આપ્યો કે અમારા દરિયામાં એવાં જ માછલાં નીકળે છે. હજીરાવાળાએ પેલાની જાળ તપાસી અને કહ્યું કે એ તો તારી જાળનો ધર્મ છે, દરિયાનો ધર્મ નથી. તું મારી માફક ઝીણી જાળ નાંખે તો બીજાં ઘણાં ઝીણાં માછલાં પણ મળી શકશે. તે પછી ડુમસવાળાએ પોતાની જાળમાં ફેરફાર કર્યો અને તેની જાળમાં ઝીણાં માછલાં પણ આવવા લાગ્યાં.

હવે સિદ્ધાંતમાં, પહેલા મચ્છીમારની જાળ એ તેનું પ્રમાણ હતું. એ પ્રમાણ પ્રમાણે તેણે દરિયાનો સ્વભાવ કલ્પેલો હતો. તેવી જ રીતે માણસનું જ્ઞાન એ પણ એક જાતનું પ્રમાણ છે (એ તેની

જાળ છે) અને એ પ્રમાણ પ્રમાણે માણસ જગતનો સ્વભાવ નક્કી કરી લે છે. પણ માણસના જ્ઞાનમાં ફેર પડી શકે છે. માણસના પ્રમાણમાં કેવી ભૂલો રહેલી છે તે જાણવું હોય તો ખોટું પ્રમાણ કોને કહેવું અને સાચું પ્રમાણ કોને કહેવું તે બાબત જાણવી એ માણસના જીવનમાં પહેલું જરૂરી કામ છે. સાધારણ રીતે પ્રમાણ બાબતનાં પુસ્તક બહુ થોડાં હોય છે અને તેનો અભ્યાસ પણ બહુ થોડા માણસો કરે છે. કારણ કે તે વિષય અઘરો છે પણ ગીતાનું પુસ્તક ઘણા માણસો વાંચી શકે છે. તેમાં અઢારમા અધ્યાયમાં ભમવાને જ્ઞાનના ત્રણ પ્રકાર બતાવેલ છે. એટલે સત્ત્વગુણી જ્ઞાન, રજોગુણી જ્ઞાન અને તમોગુણી જ્ઞાન કોને કહેવું તેની વિગત ત્યાં સ્પષ્ટ કરેલ છે. એ બાબત દરેક વિદ્યાર્થીને સમજાવવાની જરૂર છે.

શુકદેવજી પરીક્ષિત રાજાને જવાબ આપતાં કહે છે કે ભગવાનમાં વિષમભાવ નથી પણ માયાથી એવું જણાય છે. વળી એ માયારૂપી જાળ ત્રણ પ્રકારની છે. સત્ત્વ, રજ અને તમ, એ ત્રણ માયાના ગુણ છે, આત્માના નથી. એ ત્રણેની વૃદ્ધિ અને ક્ષય એકસાથે થતાં નથી. તેથી જ્યારે જગતમાં સત્ત્વગુણ વધે છે ત્યારે દેવો અને ઋષિઓ વધારે જન્મે છે અને તમોગુણ વધે છે ત્યારે યક્ષ અને રાક્ષસ જેવા માણસો અને જીવો વધે છે. અગ્નિમાં જેવાં લાકડાં નાખીએ તેવો અગ્નિ દેખાય છે. તે અગ્નિનું સ્વરૂપ નથી, છતાં મોટાં લાકડાં હોય તો મોટો અગ્નિ દેખાય અને આડાં લાકડાં હોય તો અગ્નિ આડો દેખાય છે. તેવી જ રીતે શુદ્ધ ચૈતન્ય માયાના ગુણ જેવું દેખાય છે પણ એ ચૈતન્યનો સ્વભાવ નથી. તેથી જ્ઞાની પુરુષો વિચાર દ્વારા ઉપાધિના ધર્મોનો બાધ કરીને શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરી શકે છે. જગતના નિમિત્તભૂત પ્રકૃતિ અને પુરુષના સહકારી એટલે આશ્રયરૂપ કાળને અમોઘકર્તા ભગવાન સ્વયં રચે છે. પણ તે પોતે કાળને અધીન નથી. પરંતુ જ્યારે કાળ સત્ત્વ-

ગુણની વૃદ્ધિ કરે છે ત્યારે પરમેશ્વર પણ સત્ત્વપ્રધાન દેવસમાજનો ઉત્કર્ષ કરતા હોય તેવું જણાય છે અને તેના વિરોધી રજોગુણ અને તમોગુણપ્રધાન અસુરોનો સંહાર કરતા હોય તેવું જણાય છે.

(૭-૧-૧૧)

આંહી સુધી છેવટે એવી વાત આવી કે જગતનું બધું કામ કાળનું છે અને કાળ ભગવાનનો રચેલો છે. આ બાબત ઉપર હાલનું સાપેક્ષવાદનું નવું સાયન્સ બહુ સારો પ્રકાશ પાડે છે. તેને Theory of Relativity કહે છે. એ આપણા જમાનામાં બહુ જ કિંમતી શોધ થયેલ છે. એ શોધ પ્રમાણે કાળને માણસો ઉત્પન્ન કરે છે એમ સિદ્ધ થયું છે. એટલે જેમ લંબાઇ, પહોળાઈ અને ઊંચાઇ એ કદ છે અને તેને માણસ ફેરવી શકે છે, તેમ કાળ પણ એક કદ છે અને તેને માણસ ફેરવી શકે છે. આ શોધ બધા દેશોમાં માન્ય થયેલ છે અને ગણિતથી સિદ્ધ થયેલ છે. તેથી નિષ્પક્ષપાત રીતે જોઇએ તો કાળ વિષે વધારે જ્ઞાન પ્રો. આઇન્સ્ટાઇન (સાપેક્ષવાદના સર્જક) આપી શકે છે. તેથી ભગવાને આપણા જમાનામાં નવી જાતના વ્યાસને જન્મ આપેલ છે. વ્યાસ એટલે જ્ઞાનનો કરનાર. પહેલાં જેણેજેણે સાચું જ્ઞાન મેળવીને તેનો વિસ્તાર કર્યો હતો તેને વ્યાસ કહેલા એવું લાગે છે. એ દૃષ્ટિએ જોતાં પ્રો. આઇન્સ્ટાઇનને વ્યાસ કહેવામાં કોઈ જાતની અતિશયોક્તિ નથી. છતાં તે આપણને આત્મજ્ઞાન તરફ લઈ જતા નથી એટલી તેનામાં ખામી છે. તેણે આપણને નવું દર્શન જરૂર આપેલ છે અને તે આપણાં શાસ્ત્રોને મદદરૂપ થાય છે. તેથી તેને મંત્રદ્રષ્ટાની ઉપમા તો જરૂર આપી શકાય તેમ છે. બધા ભેદદર્શનનું કારણ દેશ-કાળવાળી માયા છે. દેશ-કાળવાળી માયા શરૂ થયા વગર ત્રણ ગુણવાળી માયામાં પણ પરિણામ થાય નહિ. તેથી ત્રણ ગુણવાળી જાળ સમજવા કરતાં દેશ-કાળવાળી જાળ સમજવાની વધારે જરૂર છે. હવે સાપેક્ષવાદવાળા તે જાળ કેવી રીતે સમજાવે છે તે નીચેના એક દૃષ્ટાંતથી સ્પષ્ટ થઇ જશે. માણસની વૃત્તિમાં પણ સવારે ઊઠતાં

પહેલો ક્ષોભ થાય છે તેનું કારણ એ છે કે તે દેશ-કાળના ભેદ પહેલાં જુએ છે. તેથી એ બાબત સમજવી આપણા જીવનમાં બહુ જ ઉપયોગી છે.

દૃષ્ટાંત ૨. કાળનું તત્ત્વ.

એમ માનો કે બે માણસ પોતાનો વખત મેળવવાની ઇચ્છા રાખે છે. બંને નજીક હોય તો એકબીજાની ઘડિયાળ જોઈને વખત મેળવી શકે છે, પણ બંને દૂર હોય તો કોઈ સિગ્નલથી ઘડિયાળો મેળવી શકે છે. જેમ તાર ઑફિસવાળાને રોજ સાંજના ૪ વાગે મુખ્ય ઑફિસમાંથી વખત બરાબર કરવા માટે સિગ્નલ મળે છે અથવા રેડિયોમાં સંભળાતા ટકોરા ઉપરથી કોઈ પોતાની ઘડિયાળ મેળવી લે છે. કોઇ દેશી રાજ્યમાં બાર વાગ્યે તોપનો અવાજ કરવામાં આવે છે અથવા વીજળીનું ભૂંગળું વગાડવામાં આવે છે. આવા સાધનથી ગામના બધા માણસો પોતાની ઘડિયાળ ઠીક કરી લે છે. પણ એમ માનો કે એક માણસ સૂર્ય ઉપર છે અને બીજો માણસ પૃથ્વી ઉપર છે અને તે બંનેની ઇચ્છા એવી થઈ કે પોતાની ઘડિયાળનો વખત બરાબર મેળવી લેવો. તો તેજનું કિરણ મોકલવા સિવાય બીજો રસ્તો નથી. તેજની ગતિ એક સેકન્ડમાં ૧૮૬૯૦૦ માઈલની છે અને સૂર્યથી પૃથ્વી ૯૩,૦૦૦,૦૦૦ માઈલ દૂર છે. તેથી સૂર્યનું તેજ પૃથ્વી ઉપર પહોંચતાં ૮ મિનિટ લાગે છે એ બાબતની માણસોને ખબર છે. તેથી સૂર્ય ઉપરનો માણસ બપોરના ૧૨ વાગે તેજનો પ્રકાશ પૃથ્વી તરફ મોકલે તો પૃથ્વી ઉપરના માણસને તે કિરણ ૧૨ ઉપર ૮ મિનિટ થાય ત્યારે મળે. તે પ્રમાણે તે પોતાના ઘડિયાળમાં ૧૨-૮ મિનિટ કરી લે એટલે બંનેની ઘડિયાળ બરાબર થાય પછી પૃથ્વી ઉપરનો માણસ ૧૨-૮ વાગે એક પાછું વળતું તેજનું કિરણ સૂર્ય તરફ મોકલે અને તે દ્વારા સૂર્યના માણસને જણાવે કે મારી ઘડિયાળમાં ૧૨-૮ થયા છે. તે સમાચાર સૂર્ય

ઉપર રહેલા માણુસને ૧૨–૧૬ મિનિટે મળે અને તે સમજે કે અમારા બંનેની ઘડિયાળ બરાબર છે. હવે માનો કે આ પ્રમાણે સૂર્ય અને પૃથ્વી બન્ને જમણી તરફ ગતિ કરી રહેલ છેઃ—

અને સૂર્ય અને પૃથ્વી વચ્ચેનું અંતર સરખું છે એટલે ૯૩૦૦૦૦૦૦ માઈલનું છે અથવા ૮ મિનિટનું અંતર છે. હવે સૂર્ય અને પૃથ્વી બન્ને ગતિમાં છે અને સૂર્ય ઉપરનો માણુસ તેજનું સિગ્નલ બપોરે ૧૨ વાગ્યે પૃથ્વી ઉપરના માણુસને મોકલે છે. પણુ તે ૮ મિનિટની અંદર પૃથ્વી જમણી તરફ ગતિ કરી જાય તેથી તે સિગ્નલને પહોંચતાં ૯ મિનિટ લાગે છે. તેથી પૃથ્વી ઉપરના માણુસને ૧૨–૯ મિનિટે તે સિગ્નલ મળે છે. પૃથ્વીનો માણુસ પોતાની ઘડિયાળમાં ૧૨–૯ ટાઈમ મૂકીને સૂર્ય ઉપરના માણુસને તેજના સિગ્નલથી ખબર આપે છે. તે ખબર ત્યાં પહોંચતાં ૭ મિનિટ લાગે છે કારણુ કે તેજ પાછું વળે તેટલી વારમાં સૂર્ય નજીક આવી જાય છે. સૂર્ય ઉપરનો માણુસ પોતાની ઘડિયાળમાં ૧૨–૧૬ મિનિટનો સિગ્નલ વખત ગોઠવે છે પણુ તેને સમજાતું નથી કે બન્ને વચ્ચેનું અંતર ૮ મિનિટનું હોવા છતાં પૃથ્વીના માણુસની ઘડીઆળમાં ૧૨–૯ મિનીટ કેમ થઇ? તેને એમ લાગે છે કે પૃથ્વી ઉપરના માણુસની ઘડિયાળ ખોટી છે. આ ભૂલ એ માત્ર પ્રાતિભાસિક (apparent) ભૂલ છે. કારણુ કે આપણે જાણીએ છીએ કે તે પૃથ્વીના માણુસની ભૂલ નથી પણુ સૂર્ય અને પૃથ્વીની ગતિમાંથી એ ફેરફાર થવા પામ્યો છે. પણુ આપણે બધાં ગતિમાં છીએ. આપણી પૃથ્વી ફરે છે તેથી આપણે બધાં ફરીએ છીએ; અને છતાં આપણુને પૃથ્વીની ગતિની અસર પૃથ્વી ઉપર રહીને લાગતી નથી અને સૂર્ય ઉપર હોઇએ તો સૂર્યની ગતિની ખબર પડે નહિ અને આપણે પણુ સૂર્ય ઉપર એમ માનીએ કે પૃથ્વી ઉપરના માણુસની ઘડિયાળ ખોટી છે. તેથી સૂર્ય ઉપરનો માણુસ પૃથ્વી ઉપરના માણુસને કહે છે કે, "તું તારી ઘડીઆળ બરાબર કર એટલે એક મીનીટ પાછળ મૂક તો બન્નેની ઘડિયાળ બરાબર થાય.

પણ પૃથ્વી ઉપરનો માણસ કહે છે કે મારી ઘડિયાળ તમારા સીગનલ પ્રમાણે બરાબર મેળવેલી છે. હવે ખરી રીતે જોઇએ તો બન્ને માણસો પોતાની દષ્ટિથી સાચા છે, છતાં પહેલો બીજાને સુધારવા ઇચ્છા કરે છે. તેવી જ રીતે ઘણા પ્રયોગોથી હાલના વિજ્ઞાનવાળા એમ સિદ્ધ કરી શકે છે કે લંબાઈ, પહોળાઇ, કાળ, વજન, ગતિ વગેરે બધું પ્રાતિભાસિક છે. એટલે જોનારો કઇ દશામાં રહીને જુએ છે તે ઉપર બધો આધાર રાખે છે. તેથી દેશ અને કાળ વગેરે કોઇ સાચી વસ્તુ નથી, તેથી ઇતિહાસ અને ભૂગોળ ખોટાં છે. છતાં માણસ માણસ રહીને પોતાની ભૂલ પકડી શકશે નહિ. ઉપરના દષ્ટાંતમાં જેમ પૃથ્વી ઉપર, રહેલ માણસને પોતાની ઘડિયાળમાં રહેલ ભૂલની ખબર પડતી નથી તેમ પૃથ્વી ઉપર રહેલ બધા માણસોને પોતાની ભૂલની ખબર પડતી નથી. તેથી દરેક માણસને પોતાની જ વાત સાચી લાગે છે અને બીજા માણસને સુધારવાની ઇચ્છા કરે છે પણ દરેક માણસ પોતાની દષ્ટિએ પોતાના માપ પ્રમાણે સાચો હોય છે. તેથી માણસના સમાજમાં જન્મેલ માણસ સમાજના જેવો થવા માંડે છે. તે ઈંગ્લાંડમાં જન્મે તો ત્યાંના રિવાજ સાચા માને અને ૧૯૫૦ ની સાલ સાચી માને, હિંદુસ્થાનમાં જન્મે તો ૨૦૦૬ ની સાલ સાચી માને અને હિંદુના રિવાજ સાચા માને, અને તુર્કસ્થાનમાં જન્મે તો ૧૩૬૭ ની સાલ સાચી અને મુસલમાની રિવાજ સાચા માને અને પછી પોતાની ભૂલની ખબર પડે નહિ. તેથી કાળ એ એક કલ્પિત સંબંધ છે. એ કોઈ સાચું દ્રવ્ય નથી, એટલે વસ્તુ નથી. જે માણસ જે જાતના સમાજમાં રહે, તે, તે વાતાવરણના બંધનમાં આવી જાય છે. દશ વર્ષ પહેલાં કોઇ પાકિસ્તાનનું નામ લેતું નહોતું. હવે કેટલાકને પાકિસ્તાન સમજાતું નથી, તો પણ તેવી જાતના વાતાવરણમાં તેને માટે તૈયાર થઈ જાય છે. સાચું જ્ઞાન લડાઇનું કારણ બનતું નથી, કારણ કે સાચા જ્ઞાનથી જોઈએ તો બધા માણસો અને પ્રાણીમાત્ર ભગવાનનાં સ્વરૂપ છે. પણ માયાનું જ્ઞાન સાચું માનવાથી ઝગડા

ઉત્પન્ન થાય છે. વળી એ માયા ભગવાનમાં નથી. ઉપરના દૃષ્ટાંતમાં સૂર્યના માણસ વચ્ચે અને પૃથ્વીના માણસ વચ્ચે ૮ મિનિટનું જે અંતર છે તે અંતર ભગવાનમાં નથી. તેમજ બંનેની ગતિથી જે ૯ મિનિટનું અંતર પડી ગયું તે પણ ભગવાનમાં નથી. તેવી જ રીતે હિંદુસ્થાનમાં પાકિસ્તાનનું અંતર પડે અથવા બંધારણ સભા બીજા કોઇ ગ્રુપ બનાવે તે બનાવટી બનાવ છે. તે ભગવાનમાં નથી પણ માયાની રમત છે. અંગ્રેજો ૨૦૦ વર્ષ સુધી હિંદુસ્થાનને પોતાનો દેશ માનતા હતા. હવે એવું માનવાની તેમની ઈચ્છા નથી. આ બધા બનાવ સાથે ભગવાનને સંબંધ નથી. ઘુવડને દિવસે અંધારું દેખાય અને તે માટે ઘુવડ ભગવાનને ઠપકો દેવા જાય તો ભગવાન કહેશે કે મેં અંધારું કરેલ નથી. તે અંધારું ઘુવડની માયામાં રહેલ છે.

ભગવાનની અંદર રાગદ્વેષ કેમ નથી તે સમજવા માટે હવે પરીક્ષિત રાજા શુકદેવજીને કહે છે કેઃ-જ્યારે યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો હતો ત્યારે ત્યાં નારદજી આવ્યા હતા. તે વખતે યુધિષ્ઠિરે નારદજીને એવો પ્રશ્ન પૂછ્યો હતો કે "મારી સભામાં ભગવાનનો દ્વેષ કરનાર શિશુપાલે ઘણી ગાળો દીધી, છતાં શિશુપાલને ભગવાને માર્યો અને મરતી વખતે ભગવાનમાં શિશુપાલની સાયુજ્યતા પ્રાપ્ત થઈ એટલે એ ભગવાનના સ્વરૂપમાં મળી ગયો. એવી ગતિ અનન્ય ભક્તોને મળવી પણ દુર્લભ છે. (૭–૧–૧૫) શિશુપાળે તો નાની ઉંમરથી શ્રીગોવિંદનો દ્વેષ જ કરેલો હતો અને હંમેશાં તે શ્રી-કૃષ્ણને ગાળો જ દેતો હતો; તો પણ તેની જીભમાં કીડા પડ્યા નહિ તેમ તે નરકમાં પણ ગયો નહિ. આ બાબત અમને બહુ આશ્ચર્યજનક લાગે છે માટે તેનું કારણ બતાવો."

તેના જવાબમાં નારદજીએ કહ્યું કેઃ—હે રાજા ! પ્રકૃતિ અને પુરુષના અવિવેકથી નિન્દા, સ્તુતિ, સત્કાર અને તિરસ્કારના આશ્રયભૂત શરીરની રચના થયેલી છે. શરીરના અભિમાનથી જીવોમાં

અહંતા—મમતારૂપ વિષમતા થાય છે, અને મારવું, મરવું નિંદા વગેરેના દુઃખનો અનુભવ થાય છે. જે દેહમાં એવું અભિમાન ઉત્પન્ન થાય છે તેના વધથી પ્રાણીઓનો વધ માનવામાં આવે છે. પણ આ અભિમાન જેવું જીવોમાં છે તેવું સર્વાત્મા નથી; શ્રીહરિમાં કારણ કે ભગવાન અદ્વિતીય છે તેથી બીજાનું કલ્યાણ કરવા માટે તેમનું દમન કરનાર શ્રી પરમાત્માને હિંસા કેવી રીતે લાગે ? તેથીઃ

तस्माद्वैरानुबन्धेन निर्वैरेण भयेन वा ।
स्नेहात्कामेन वा युञ्ज्यात्कथञ्चिन्नेक्षते पृथक् ॥

અર્થ—સુદૃઢ વૈરથી, વૈર વગર ભક્તિભાવથી, ભયથી, સ્નેહથી અથવા કામનાથી, કોઈ પણ સાધનથી ભગવાનમાં એવું ચિત્ત લગાડવું જોઈએ કે ભગવાનથી પૃથક્ કાંઈ પણ દેખાય નહિ.

આ સિદ્ધાંતમાં માણસના જીવનનું રહસ્ય સમાઈ જાય છે. એ પ્રમાણે બોલવું સહેલું છે, સમજાવવું સહેલું છે, પણ એવો ભાવ ટકાવવો ઘણો મુશ્કેલ છે. પોતાનાં સગાંમાં અને મિત્રોમાં ભગવાનને જોવા એ સહેલું કામ છે, પણ બધામાં ભગવાનને જોવા, ગુંડાઓમાં ભગવાનને જોવા, સર્પ, વીંછી અને વાઘમાં ભગવાનને જોવા એ અઘરું કામ છે. તે માટે નાની ઉંમરથી જુદા પ્રકારની કેળવણી જોઈએ. જો સાચી કેળવણી ન હોય તો ઉપર જણાવેલ મચ્છીમારની જાળની માફક, જેમ મચ્છીમાર માનતો હતો કે તેના દરિયામાં અમુક જાતનાં જ માછલાં છે, તેમ માણસની ઈંદ્રિયોરૂપી જાળથી માણસ પોતાની જાળમાં આવે તેટલું જગત સાચું માની બેસે છે. પણ ભગવાનની જાળ માણસના જેવી હોતી નથી. તેનામાં દેહનું અભિમાન નથી, તેથી પોતાને સર્વવ્યાપક જાણી શકે છે. જે તેની ભક્તિ કરે તેની જાળ પણ ફરી જાય છે.


કોઈ પણ રીતે ભગવાનમાં તન્મયતા પ્રાપ્ત કરવાની જરૂર છે. તન્મયતાથી ભગવદ્‌ભાવ જીવમાં પ્રવેશ કરે છે અને જીવ વ્યાપક થવા માંડે છે. માયામાં રહેલ માણસ માત્ર અહંકારમાં રહે છે અને પોતાની

જ વાતો સાચી માનીને બેસે છે. તેથી જ્યાં સુધી જીવ ત્રણ ગુણવાળી માયામાં રહે છે ત્યાંસુધી તે માયાના ઝઘડામાંથી છૂટી શકતો નથી. ઉપરના ઘડિયાળના દૃષ્ટાંતમાં પૃથ્વી ઉપર રહેલ માણસને પોતાની ઘડિયાળનો ટાઈમ એટલે ૧૨-૯ નો ટાઈમ સાચો લાગે છે અને સૂર્ય ઉપર રહેલા માણસને તેની ઘડીઆળ ઠીક કરવાનું કહે છે અને સૂર્ય ઉપર રહેલ માણસ પૃથ્વી ઉપરના માણસને કહે છે કે "તારી ઘડીઆળની ભૂલ સુધારી લે." તેમ માણસના માયામય જીવનમાં એક પ્રકૃતિવાળા માણસ બીજી પ્રકૃતિવાળા માણસને દબાવે છે. તેથી કોઈ પ્રકૃતિ બાધક થાય છે અને કોઈ પ્રકૃતિ બાધ્ય થાય છે. કોઈ દેડકાએ માખીને પકડી તો તે વખતે દેડકાની પ્રકૃતિ બાધક થાય છે, અને માખીની પ્રકૃતિ બાધ્ય થાય છે. પછી દેડકાને સર્પ પકડે તો દેડકાની પ્રકૃતિ બાધ્ય થાય છે અને સર્પની પ્રકૃતિ બાધક થાય છે. પછી સર્પને મોર પકડે તો સર્પની પ્રકૃતિ બાધ્ય થઈ જાય છે અને મોરની પ્રકૃતિ બાધક થાય છે. કોઈ પ્રકૃતિમાં વધારે શક્તિ હોય છે, કોઈમાં ઓછી શક્તિ હોય છે. આત્મા બધા શરીરમાં એક છે પણ પ્રકૃતિમાં અથવા માયામાં અથવા ઉપાધિમાં બાધ્યબાધકભાવ રહે છે. વળી પ્રકૃતિમાં ઘણા તત્ત્વો એક સાથે કામ કરે છે. તેથી કાંઈક નિયમ જેવું પણ જણાય છે. પણ જીવ જ્યારે આત્મ સાક્ષાત્કાર તરફ વળે છે. ત્યારે પ્રકૃતિના નિયમો તૂટવા લાગે છે. તેવી જ રીતે જ્યાં સુધી માણસો સમાજના કાયદા નીચે રહેશે ત્યાં સુધી તે ઘણા કારણોની અસર નીચે રહેશે અને તેમને મુક્ત મળી શકે નહિ. સમાજ માણસને બે પુરુષાર્થમાં મદદ કરે છે એટલે ખાવાનું આપે છે અને કુટુંબના સુખની સગવડ આપે છે. તેનાથી અન્નમય કોશને અને પ્રાણમય કોષને તૃપ્તિ મળે છે. છતાં શરીર માંદું પડે અને કુટુંબના માણસો મરે ત્યારે પાછું દુઃખ ઉત્પન્ન થાય છે. તેથી સંસારના સુખમાં વૈરાગ્ય લાવવાની જરૂર છે. વૈરાગ્યની ભાવના સમાજમાં હોય તો વસ્તી વધે નહિ અને સાચા જ્ઞાન તરફ વળી શકે અને ધર્મ અને મોક્ષ એ પુરુષાર્થ સુધી પહોંચી શકે. છતાં એવા માણસોને માટે

પણ ખાવાપીવાની જરૂર પડે છે. આવી મુસ્કેલીઓ ધ્યાનમાં લઇને પ્રાચીન કાળના ઋષિ-મુનિઓએ સમાજના ૪ ભાગ કર્યા હતાઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. જેનામાં ઘણો સંયમ હોય તે બ્રાહ્મણ મનાતા. બાકીના ક્રમસર ઓછા સંયમવાળા હતા. જ્યાં સંયમ ઓછો હોય છે ત્યાં દેહનું અભિમાન હોય છે અને પોતાની વાત સાચી માની બેસે છે. વળી માણસના સમાજમાં માણસના વ્યવહારિક સુખનો વધારે વિચાર થાય છે. તત્ત્વજ્ઞાની પુરુષો આખું જગત કેવી રીતે ચાલે છે તે સમજવાનો પુરુષાર્થ કરે છે.

તેથી માણસનું જ્ઞાન ઠીક કરવાની પહેલી જરૂર છે. પણ જ્યાં ખાવાપીવાની બહુ ચિંતા રહેતી હોય ત્યાં ખાવાપીવાનું જ્ઞાન લેવાની પહેલી જરૂર લાગે છે અને તે કામમાં એટલો બધો વખત જાય છે કે માણસને આત્મજ્ઞાન માટે ફુરસદ મળતી નથી. વળી કુટુંબના સુખની ઇચ્છા વધે એટલે વસ્તી વધે અને વસ્તી વધે એટલે કમાવાની ચિંતા પણ વધે, તેથી ત્રણ ગુણવાળી માયામાં રહેલ માણસો માટે હંમેશાં ઝઘડો રહેશે. તે બાબત સાયન્સથી પણ નક્કી થયેલ છે. સાયન્સવાળા કહે છે કે જેઓ ત્રણ પરિણામવાળા (Three dimensional) જગતમાં રહે છે તેઓને માત્ર પોતાની વાત સાચી લાગે છે. તેથી જીવનમાં ઝઘડો રહેશે. તે બાબત બતાવવા માટે નીચેનું ચિત્ર એક સાયન્સના પુસ્તકમાંથી લઇને મૂકેલ છેઃ-

પાછળના પૃષ્ઠનામાં ચિત્રમાં ઉપરના ભાગમાં મોટા ૩ જેના કપાળમાં છે એવો એક રાક્ષસ છે. તેની આગળ રહેલા માણસો રોજ લડે છે. એક કહે છે કે મારી વાત સાચી છે. ને બીજો કહે છે કે મારી વાત સાચી છે. ચિત્રની નીચેના ભાગમાં ૪ પરિમાણવાળું એક સંસારરૂપી ઝાડ છે. તે બ્રહ્મજ્ઞાનની દશા છે. તે દશામાં એમ લાગે છે કે જે માણસ જે દષ્ટિથી વાત કરે છે તે વખતે તેનું પ્રમાણ બરાબર છે. તેથી કોઇ સાથે ઝઘડો કરવાની જરૂર નથી. એ દશામાં દેશકાળની ભૂલ સમજાય છે. એ બંને પ્રાતિભાસિક



છે એમ સમજાય છે. વળી જ્યાં દેશકાળ ખોટા હોય ત્યાં ઝઘડો થતો નથી પણ સમાધાન થાય છે. તેથી બન્ને પ્રકારની દૃષ્ટિવાળા એક જ ઝુલા ઉપર ઝૂલે છે. ત્યાં અદ્વૈત ભાવ છે. ચિત્રના ઉપરના ભાગમાં દ્વૈતભાવ છે અને દ્વૈત કલ્પિત છે છતાં જ્યાં સુધી તે બરાબર સમજાય નહિં ત્યાંસુધી ઝઘડો રહે છે. એ દ્વૈત ભગવાને કરેલું નથી ભગવાનને તેની ખબર જ નથી. જેમ સૂર્યે કદાપિ અંધારું જોયેલું નથી તેમ ભગવાને દ્વૈત જોયેલું નથી. ભગવાનનું સ્વરૂપ તો દ્વૈતને દૂર કરનાર છે. ખરી વાત તો એવી છે કે સ્વપ્નમાં જેમ દ્વૈતનું જ્ઞાન અદ્વૈત જ્ઞાનનું વિરોધી છે હું તેમ જાગ્રતમાં પણ દ્વૈતનું જ્ઞાન અદ્વૈત જ્ઞાનનું વિરોધી છે. ઉપરના પૃથ્વી ઉપરની ઘડિયાળના દૃષ્ટાંતમાં જો પૃથ્વી ઉપર રહેલ માણસનું જ્ઞાન ખોટું છે તો તે દ્વૈત થયું. ખરી રીતે બન્ને પ્રાતિભાસિક છે અને સ્થાનધર્મવાળા હોવાથી સાપેક્ષ જ્ઞાન છે. એટલે તે બન્ને relative knowledge છે. સાપેક્ષ જ્ઞાનને સાચું જ્ઞાન માનવાથી જેમ સ્વપ્નમાં ખોટો ઝઘડો થાય છે, તેમ જાગ્રતમાં પણ ખોટો ઝઘડો થાય છે. તેથી ત્રણ ગુણની માયામાં રહેલો જીવ સુખી થશે નહિ એ વાત શાસ્ત્રથી સિદ્ધ થાય છે અને સાયન્સથી પણ સિદ્ધ થાય છે. વળી એ માયાની સાથે ભગવાનને સંબંધ નથી. માયા અસત્ જેવી છે, ભગવાન સત્ છે.

એ વાત ચતુઃશ્લોકી ભાગવતમાં પણ આપેલી છે. સત્ અને અસત્નો સાચો સંબંધ થઇ શકતો નથી. એ વાત હાલના સાપેક્ષવાદના સાયન્સથી પણ સિદ્ધ થઇ શકે છે. તેથી શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે કોઇ પણ ઉપાયથી ભગવાન કૃષ્ણમાં મન પરોવી દેવું જોઇએ. ભગવાન સમરૂપ છે. તેનામાં રાગદ્વેષ હોત તો શિશુપાલને મોક્ષ ન મળત. વળી પૂતના જેવી રાક્ષસી ભગવાન શ્રીકૃષ્ણને ઝેર પાવા આવી તો પણ ભગવાને તેને માતાની સદ્ગતિ આપી. વળી પ્રહ્લાદ હિરણ્યકશિપુ જેવા રાક્ષસના કુળમાં જન્મ્યો હતો અને હિરણ્યકશિપુ ભગવાનનો દ્રોહ કરતો હતો છતાં પ્રહ્લાદના રક્ષણ માટે નરસિંહ ભગવાન થાંભલામાંથી પ્રગટ થયા. તેથી ભગવાનની અંદર વિષમ

ભાવના નથી પણ જીવ પોતે જેવો ભાવ રાખે છે તેવું ફળ તેને મળે છે. એ બાબત પ્રહ્લાદનું ચરિત્ર જ્યારે પૂરુ થશે, ત્યારે વધારે સ્પષ્ટ રીતે સમજાઇ જશે.

હવે નારદજી યુધિષ્ઠિરને શિશુપાલનો પૂર્વજન્મ સમજાવે છે અને કહે છે કે શિશુપાલ અને દંતવક્ર બંને વૈકુંઠમાં ભગવાનના દ્વારપાળ જય–વિજય હતા. એકવાર બ્રહ્માના પુત્ર સનન્દન વગેરે ઋષિ ફરતા ફરતા વિષ્ણુલોકમાં પહોંચ્યા. તે પાંચ છવર્ષના બાળક જેવા દેખાતા હતા અને નગ્ન રહેતા હતા. તેમને સાધારણ બાળક સમજીને જયવિજયે અંદર જતા રોક્યા. તેવું વર્તન જોઈ તે ઋષિઓએ તેમને એવો શાપ આપ્યો કે "હે મૂર્ખો, તમે બન્ને ભગવાન મધુસૂદનના રજોગુણ અને તમોગુણથી રહિત ચરણકમલમાં રહેવા યોગ્ય નથી. તેથી તમે તરત અત્યંત પાપવાળી યોનિને પ્રાપ્ત થાઓ (૧–૭–૩૭). પછી જ્યારે જયવિજયને પસ્તાવો થયો ત્યારે તે કૃપાળુ મુનિઓએ કહ્યું કે ત્રણ જન્મમાં આ શાપ પૂરો થશે અને તમને ફરીથી વૈકુંઠની પ્રાપ્તિ થશે." આ શાપના પરિણામે પહેલા જન્મમાં તે બંને દ્વારપાળ (જયવિજય) હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા. બીજા જન્મમાં રાવણ અને કુંભકર્ણ થયા, અને ત્રીજા જન્મમાં શિશુપાલ અને દંતવક્ર થયા. હિરણ્યકશિપુનો વધ નરસિંહ ભગવાને કર્યો હતો, અને હિરણ્યાક્ષનો વધ ભગવાને વરાહનું રૂપ લઇને કર્યો હતો. હિરણ્યકશિપુએ તો તેના પુત્ર ભક્ત પ્રહ્લાદને ઘણું દુઃખ આપ્યું હતું અને તેને મારવા માટે ઘણા પ્રયત્ન કર્યા હતા. એવા અનેક પ્રયત્ન થયા હોવા છતાં પ્રહ્લાદજી ભગવાનના તેજથી વ્યાપ્ત હોવાને કારણે, શાન્ત, સમદર્શી અને આત્મસ્વરૂપ બનેલ હોવાથી હિરણ્યકશિપુ તેમનો વધ કરી શક્યો નહિ.

હવે ભક્તરાજ શ્રી પ્રહ્લાદનું સંપૂર્ણ ચરિત્ર જણાવવા માટે મહારાજા યુધિષ્ઠિર નારદજીને વિનંતિ કરે છે. એ ચરિત્ર શુકદેવજી

પરીક્ષિત રાજાને આગળ સમજાવે છે. તેમાં શરૂઆતમાં એવી વાત આવે છે કે જ્યારે હિરણ્યાક્ષનો વધ વિષ્ણુએ કર્યો ત્યારથી તેના નાના ભાઈ હિરણ્યકશિપુને વિષ્ણુ ઉપર બહુ જ ક્રોધ ચડયો હતો. એક વખત ક્રોધમાં બળતો તે સભાની વચ્ચમાં પોતાનું ત્રિશૂળ ઉપાડી સભાજનોને કહેવા લાગ્યો કે "હે દ્વિમૂર્ધા, શંબર, નમુચિ, શકુનિ વગેરે દૈત્યગણ! મારી વાત સાંભળો ભગવાન કહે છે કે હું સમદર્શી છું છતાં દેવોએ તેમને ઉપાસનદ્વારા પોતાના પક્ષમાં લીધા અને મારા ભાઈ હિરણ્યાક્ષને મારી નંખાવ્યો. તેથી મને લાગે છે કેઃ—

तस्य त्यक्तस्वभावस्य घृणे मायावनौकसः ।
भजन्तं भजमानस्य बालस्येवास्थिरात्मनः ॥

૭, ૨, ૭૦,

અર્થ—ભગવાન શુદ્ધસ્વરૂપ હોવા છતાં પોતાને સ્વભાવ છોડી દે છે, અને માયારૂપી વરાહનું રૂપ લે છે. વળી જે તેનું ભજન કરે તેને જ મદદ આપે છે. બાળકની માફક તેમના મનનું ઠેકાણું નથી, તેથી જ્યાં હું મારા ત્રિશૂળથી તેનું માથું કાપીશ ત્યારે જ મારા મનને શાંતિ મળશે.

આ શ્લોકમાં હિરણ્યકશિપુનો કહેવાનો ભાવાર્થ એવો છે કે ભગવાનના મનનું ઠેકાણું નથી. ભગવાન સત્-ચિત-આનંદ સ્વરૂપ છે અને જગતમાં ક્લેશ, અજ્ઞાન અને દુઃખ જણાય છે અને પાછા વળી કહે છે કે મારા સિવાય બીજું કાંઈ છે નહિ, એટલે જગત મારાથી ભિન્ન નથી. વળી ગીતામાં પણ કહે છે કે જેમને જે ભાવે ભજે છે તેને હું તે ભાવે મળું છું.

હાલના કાળમાં પણ ઘણા માણસોના મનમાં હિરણ્યકશિપુના જેવા વિચારો આવે છે અને પોતાનો સ્વભાવ ખરાબ હોય છતાં કહે છે કે ભગવાને અમને આવા બનાવ્યા શા માટે? બીડીની ટેવ પાડે અને પછી કોઈ વખત બીડી ન મળે ત્યારે કહે કે ભગવાને

એવું વ્યસન કર્યું શા માટે ? એક માણસને પરણ્યે બે વર્ષ થયાં હતાં અને પછી તેની સ્ત્રી મરી ગઈ, તો કહે કે ભગવાને મારી ૧૬ વર્ષની સ્ત્રીને કેમ મારી નાખી? ખરી રીતે તેની સ્ત્રીને બે વર્ષ જ થયાં હતાં. તે પહેલાં તે તેની સ્ત્રી નહોતી. વળી જેઓ આખી જિંદગી બ્રહ્મચર્યથી રહે છે તેની સ્ત્રી મરવાનો પ્રસંગ આવતો નથી. કોઇને ધનમાં મોટી ખોટ આવે તો તે પણ ભગવાનને ગાળો દે છે કે ભગવાને મને મારી નાખ્યો. પણ તે મરી ગયો હોય તો બોલી શી રીતે શકે છે? ટૂંકામાં માણસ પોતાના માપથી ભગવાનને માપવાની મહેનત કરે છે, ભગવાનના માપથી જગત માપવાની મહેનત કરતા નથી. સ્વપ્નમાં જે બને છે તે બંધ આંખવાળા માટે છે. આંખ ખોલે તો કોઇ દુઃખ નથી. ભગવાને સ્વપ્નનું દુઃખ કર્યું હોય તો એક સેકન્ડમાં જતું રહે નહિં. જો તાવ એ આત્માનો સ્વભાવ હોય તો જાગ્રતનો તાવ ઊંઘ આવતાં તરત જતો રહે નહિ. વેદાન્તનો સિદ્ધાંત એવો છે કે જે ધર્મ જે વસ્તુમાં કોઇ વખતે દેખાય અને કોઇ વખતે ન દેખાય તે ધર્મ તે વસ્તુનો નથી. તેથી માયાના ધર્મ બ્રહ્મમાં આરોપિત છે અને આરોપિત ધર્મની નિવૃત્તિ જ્ઞાનથી થાય છે. સાધારણ જ્ઞાન કે જે હાઇસ્કૂલો અને કાલેજોમાં આપવામાં આવે છે તે અજ્ઞાનનું બાધક નથી, તે જ્ઞાન તો અજ્ઞાનને વધારે છે. માટે અજ્ઞાનનો અથવા માયાનો બાધ કરે એવું આત્મજ્ઞાન મેળવવું જોઇએ અને બીજું દ્વૈતનું જ્ઞાન લેવાનું બંધ કરવું જોઇએ. હવે જે પ્રહ્લાદ ભક્તની કથા આવવાની છે તેમાં તેના બાપ હિરણ્યકશિપુએ તેને અર્થશાસ્ત્ર, રાજ્યતંત્ર અને સંસાર-વ્યવહાર ઠીક ચાલે તેવી દ્વૈતની વિદ્યા શીખવવાનો બહુ પ્રયત્ન કર્યો છતાં પ્રહ્લાદ તે કાંઇ શીખ્યા જ નહિ. હાલના વિદ્યાર્થીઓ એવું જ્ઞાન મોટી ફી આપીને, ઘણાં વર્ષો સુધી રાતના ઉજાગરા કરીને પણ ખુશીથી ભણે છે. એ જ્ઞાનથી જીવ, જગત અને ઈશ્વરના ખરા કાયદા સમજાતા નથી, એ જ્ઞાન તો ભેદબુદ્ધિ વધારે છે. માણસને

પોતે કોણ ? તેની ખબર પડતી નથી અને સમાજમાં જેમ બીજા અજ્ઞાનમાં ધસડાય છે તેમ પોતે પણ અજ્ઞાનમાં ધસડાય છે. ન્યુસપેપરમાં પણ ભેદ વધે તેવું જ્ઞાન આવે છે, રેડિયો અને સિનેમામાં પણ એવું જ્ઞાન મળે છે. તેથી માણસનું જીવન પશુ જેવું થતું જાય છે.

પરીક્ષિત રાજાએ ૭ દિવસમાં ભાગવત સાંભળી સાચું જ્ઞાન મેળવી લીધું હતું, એ વાત વિદ્યાર્થીઓ યાદ રાખે અને ભાગવતનો અભ્યાસ કરે તો જીવ, જગત અને ભગવાન શું છે તેની ખબર પડે.

સાચા જ્ઞાન વગર અહંકાર મરે તેવું નથી. વ્યવહારમાં પણ જેનામાં બહુ અહંકાર હોય તે માણસ બીજાને ગમતો નથી. અહંકાર એ હિરણ્યકશિપુનું સ્વરૂપ છે. હિરણ્યકશિપુએ બ્રહ્મા પાસે એવું વરદાન લીધું હતું કે હું દિવસે ન મરું અને રાત્રે પણ ન મરું તેથી ઊંઘમાં પણ અહંકાર મરતો નથી. (૧૪–૫) માણસ સૂતા હોય તેમાં એકનું નામ દઈને જગાડીએ તે અવાજ બધાના કાનમાં જાય છે છતાં તેમાંથી જેનું નામ હોય તે જાગે. તેથી એમ જણાય છે કે ઊંઘમાં પણ અહંકાર મરતો નથી. અને ઘરમાં પણ તે મરતો નથી અને બહાર જંગલમાં તપ કરવા જાય તો પણ મરતો નથી. કેટલાક સાધુઓની અંદર પણ હિરણ્યકશિપુ જીવતો રહી જાય છે. જ્યાં જ્યાં અહંકાર જીવતો રહી જાય છે ત્યાં ત્યાં બે ભગવાન જેવું થઈ જાય છે. એટલે કે એક અહંકારની સત્તા અને બીજી ભગવાનની સત્તા. તેથી માયાની અંદર કોઈ જીવને શાંતિ મળતી નથી. તેવી રચનામાં ભગવાનની ભૂલ નથી, કારણ કે ભગવાન જીવને કહે છે કે અહંકાર મૂકી દે તો તું પોતે જ ભગવાન છે. છઠ્ઠા સ્કંધ સુધીમાં જેજે કથાઓ આવી તેમાં મમતાને કેમ મારવી એ બાબત શુકદેવજીએ સમજાવેલી છે. હવે અહંતાને કેમ મારવી તે સમજાવશે એ બંને જયવિજયને મળેલા શાપમાંથી ઉત્પન્ન થયા છે.

વિષ્ણુ ભગવાનના પાર્ષદ જય અને વિજય વૈકુંઠમાં રહેતા હતા છતાં તેમનામાં ભેદબુદ્ધિ રહી જવાથી તેમને સનકાદિનો શાપ મળ્યો હતો એ હકીકત ત્રીજા સ્કંધમાં ૧૫મા અધ્યાયમાં આપેલ છે. સનકાદિએ તેમને કહ્યું હતું કે, "ધીર અથવા જ્ઞાની પુરુષો તો સંપૂર્ણ બ્રહ્માંડરૂપ શ્રીહરિમાં મહાકાશ અને ઘટાકાશની સમાન કોઈપણ પ્રકારનો ભેદ જોતા નથી, છતાં તમને ભેદ દેખાય છે તેથી તમે જ્યાં કામ, ક્રોધ અને લોભ હોય તેવા લોકમાં જાઓ. (૩–૧૫–૩૪) આ શાપને પરિણામે જય–વિજય દિતિને ત્યાં હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ થયા. તે બંને અહંતા અને મમતાનું સ્વરૂપ છે. તેમાં મમતા રૂપી હિરણ્યાક્ષનો ભગવાને વરાહ–અવતાર લઈને નાશ કર્યો. હવે અહંકારના જુલમનું વર્ણન આવે છે. મમતા દૂર કરવી સહેલી છે પણ અહંતાનો નાશ કરવો એ બહુ મુશ્કેલ કામ છે. માણસો ધારે છે કે અમે નિષ્કામ કર્મ કરીએ છીએ, છતાં "મેં કર્યું" એવો ભાવ તરત આવી જાય છે. ભક્તિમાર્ગમાં પણ બીજું ભગવાનને અર્પણ કરવું સહેલું છે, પણ અર્પણ કરનારને અર્પણ કરવો એ બહુ મુશ્કેલ છે. જ્ઞાનમાર્ગમાં પણ જ્ઞાનનું અભિમાન આવતાં વાર લાગતી નથી. તેથી અહંકારરૂપી હિરણ્યકશિપુ તરત મરતો નથી. તેણે બ્રહ્મા પાસેથી એવું વરદાન મેળવેલ છે કે બ્રહ્માએ રચેલ કોઈ પ્રાણીથી તેનું મૃત્યુ થાય નહિં. તે કહે છે કે હું બહાર ન મરું, અંદર ન મરું વગેરે. એટલે ઘરમાં ન મરું અને માણસ ઘરની બહાર વનમાં જાય તો પણ ન મરું વગેરે. હિરણ્યકશિપુએ પોતાના દૈત્યમંડળને તૈયાર કર્યું અને ભગવાન વિષ્ણુ સાથે વૈર કરવા માંડયું, તેણે દૈત્યોને કહ્યું કે "દેવતાઓના પ્રાણ વિષ્ણુ છે. તેથી જ્યાં જ્યાં તપ, યજ્ઞ, સ્વાધ્યાય, વ્રત અને દાન વગેરે શુભ કર્મ થતાં હોય ત્યાં તેવા કર્મ કરવાવાળાનો નાશ કરો. જ્યાં જ્યાં બ્રાહ્મણ, ગાય, વેદ અને વર્ણાશ્રમધર્મ–કર્મ થતાં હોય તે દેશોને બાળી નાખો અને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખો."

સ્વામી તરફથી આવી આજ્ઞા મળવાથી દૈત્યો પ્રજાનો સંહાર કરવા લાગ્યા. તેમણે ગામ, વ્રજ, બગીચા, ક્ષેત્ર, આશ્રમ, નગર વગેરેમાં આગ લગાડી. કેટલાકોએ માણસોની આજીવિકાનાં ઝાડોને પણ કાપી નાખ્યાં. તેથી માણસોને અનાજ પણ પૂરું મળતું નહિ. કેટલાકે બળતાં લાકડાંથી લોકોનાં ઘર સળગાવી દીધાં. આ બધા અહંકારના રંજાડ છે. આવા રંજાડ હાલ પણ આપણા વખતમાં જોવામાં આવે છે, અને લાખો વર્ષ પહેલાં પણ થતા હતા. હિંદુ કે મુસલમાન જન્મ્યા પહેલાં હિંદુ કે મુસલમાન નહોતા, મર્યા પછી હિંદુ કે મુસલમાન રહેતા નથી, છતાં વચલી અવસ્થામાં અજ્ઞાનથી જે પ્રકારનું અભિમાન લાગી જાય છે તે હિરણ્યકશિપુના જેવું કામ કરે છે. જેમ એક કોમવાળા પોતાની કોમવાળા જુલમ કરતા હોય તો પણ તેમને હિંમત અને ધીરજ આપે છે તેમ હિરણ્યકશિપુએ પણ પોતાના ભત્રીજા ધૃષ્ટ, ભૂત, સન્તાપન, કાલનાભ, વગેરેને ધીરજ આપી અને તેમની મા રુષાભાનુ અને પોતાની મા દિતિને મધુર વાણીથી નીચે પ્રમાણે બોધ આપ્યો:—

"અરે મા, અરે વહુ, હે પુત્રગણ, તમારા જેવા વીરોએ શોક કરવો નહિ. વાસ્તવમાં આત્મા નિત્ય છે, અવિનાશી છે, શુદ્ધ સર્વગત, સર્વજ્ઞ છે અને દેહ—ઈંદ્રિયથી પૃથક્ છે. જેમ જળમાં વહાણ ચાલવાથી જળના કિનારા ઉપરનાં વૃક્ષ પણ ચાલતાં દેખાય છે, તેમ ગુણોદ્વારા મન ભ્રમિત થઇ જતાં આત્મા પણ ભ્રાન્ત દેખાય છે. અશરીરી આત્મામાં શરીરની ભાવના કરવી એ આત્મવિપર્યય છે, એવા અજ્ઞાનને લઇને માણસને જન્મ—મરણ અને ઘણા પ્રકારના શોક થાય છે." (૭–૨–૨૬)

હિરણ્યકશિપુની અંદર આવું આત્મજ્ઞાન આ વખતે ભાગવતની અંદર મૂકવામાં આવેલ છે, તેથી એમ લાગે છે કે હિરણ્યકશિપુએ કોઈ પાસેથી સાંભળેલું હશે. હાલના વખતમાં પણ કેટલાક અભિમાની માણસો આવી વેદાન્તની ઊંચી વાતો કરતા હોય છે છતાં તેમનો

વ્યવહાર અહંતા અને મમતાથી ભરેલો હોય છે. તેવી જાતની દશા હિરણ્યકશિપુની હશે એવું માની શકાય છે. જેને ખરું આત્મજ્ઞાન થયું હોય છે તે ભગવાનનો અને તેમના ભક્તોનો દ્વેષ કરતા નથી.

હિરણ્યકશિપુ પોતાના કુટુંબનો શોક ઓછો કરવા માટે તેમને એક ઇતિહાસ કહે છેઃ-ઉશીનર દેશમાં સુયજ્ઞ નામનો એક રાજા હતો. તે યુદ્ધક્ષેત્રમાં શત્રુઓના હાથથી માર્યો ગયો. તેનું શરીર બાણોથી વીંધાઈ ગયું. એવી તેની દશા દેખીને તેની રાણીઓ વિલાપ કરવા માંડી અને વિધાતાને ગાળો દેવા લાગી. તે વખતે યમરાજ બાળકનું રૂપ લઇને તેમની પાસે આવ્યા અને તેમને કહ્યું કે, "તમે રાત-દિવસ જન્મમરણરૂપી સંસારની ગતિ દેખો છો, છતાં તમને મોહ કેમ થાય છે? માણસ જ્યાંથી આવે છે, ત્યાં ચાલ્યો જાય છે. તેનું શરીર તો મરણધર્મવાળું છે. છતાં જે પરમાત્મા ગર્ભમાં રક્ષા કરે છે તે આંહી પણ રક્ષા કરે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ તો ભગવાનની લીલા છે. કોઈ વસ્તુ માર્ગમાં પડી હોય છતાં ભગવાન તેની રક્ષા કરે તો તેમ જ પડી રહે છે અને કોઈ વસ્તુ ઘરમાં સાચવીને રાખીએ છતાં નષ્ટ થઈ જાય છે. તેવી જ રીતે ભગવાનની કૃપા હોય તો જંગલમાં પણ માણસની રક્ષા થાય છે અને તેની કૃપા ન હોય તો સુરક્ષિત માણસ પણ બચી શકતા નથી. હે રાણીઓ, શરીરના કારણરૂપ લિંગદેહ ઉત્પન્ન અને નષ્ટ થાય છે, પરંતુ આત્માને જન્મ-મરણ નથી. જેમ અગ્નિ લાકડામાં વ્યાપ્ત છતાં તેનાથી પૃથક્ રહે છે, વાયુ શરીરમાં રહેવા છતાં તેનાથી પૃથક્ છે, આકાશ સર્વત્ર વ્યાપક હોવા છતાં તેનાથી અસંગ છે, તેમ આત્મા દેહ વગેરેમાં રહેવા છતાં તેનાથી અલગ છે. હે મૂઢ સ્ત્રીઓ! જે સુયજ્ઞને માટે તમે શોક કરો છો તે તો તમારી સામે પડ્યો છે, તેનો પ્રાણ દેખાતો નથી. પણ આત્મા પ્રાણ અને શરીરથી ભિન્ન છે. આત્મા જ્યાં સુધી લિંગદેહ સાથે જોડાયેલો લાગે છે ત્યાં સુધી તેને કર્મનું બંધન રહે છે, તેથી તેને

મોહ અને ક્લેશ વારંવાર પ્રાપ્ત થાય છે. તેનું કારણ માયા છે. ગુણોનાં કાર્યભૂત સુખદુ:ખને સત્ય માનવાં અને સત્ય બનાવવાં એ કેવળ મિથ્યા અભિનિવેશ છે. કારણ કે મનોરથ અને સ્વપ્નપદાર્થોની સમાન ઇંદ્રિયોના બધા વિષયો મિથ્યા છે. માટે પંડિતો આત્માનો તથા અનાત્માનો કોઇનો શોક કરતા નથી. શોક કરવાવાળા પણ કોઈ વસ્તુનો સ્વભાવ બદલી શકતા નથી."

આ દૃષ્ટાંત આપી હિરણ્યકશિપુ દિતિને કહે છે કે જેમ એ બાળકરૂપી યમના ઉપદેશથી સુયજ્ઞ રાજાની રાણીઓએ શોક છોડી દીધો તેમ તમે પણ સંપૂર્ણ જગતને અનિત્ય અને મિથ્યા સમજી શોક છોડી દો. આ સંસારમાં આ મારું છે, આ પારકું છે એ અભિનિવેશરૂપ અજ્ઞાન છે. વાસ્તવમાં પ્રાણીઓને માટે પોતાનું કે પારકું કોઇ નથી." હિરણ્યકશિપુનો આવો ઉપદેશ સાંભળીને તેમના કુટુંબી જનોએ હિરણ્યાક્ષનો શોક છોડી દીધો."

આટલો ઉપદેશ આપ્યા પછી હિરણ્યકશિપુએ પોતાને અજેય, અજર, અમર તથા એકમાત્ર નિષ્કંટક સમ્રાટ બનાવવાનો વિચાર કર્યો. તેથી તેણે કઠોર તપ કરવાનું શરૂ કર્યું.

આ બન્ને પ્રસંગ ઉપરથી એમ સમજી શકાય છે કે હિરણ્યકશિપુએ જે આત્મજ્ઞાન તેના કુટુંબીઓને આપ્યું તે તેણે પૂર્વજન્મમાં વૈકુંઠમાં સાંભળેલું હશે, પણ તેના જીવનમાં તે ઊતરેલું નહોતું. જો જ્ઞાન પ્રમાણે જીવન ન થાય તો જીવન પ્રમાણે જ્ઞાન થઇ જાય છે. હિરણ્યકશિપુના મનની અંદર વિષ્ણુ ભગવાન પ્રત્યે અને તેમના ભક્તો પ્રત્યે ઘણો દ્વેષ હતો. જો તેણે ગયા જન્મમાં વૈકુંઠમાં જ્ઞાન દૃઢ કરી લીધું હોત તો તેનામાં ભેદબુદ્ધિ આવત નહિ અને સનકાદિકોનો શાપ પણ લાગત નહિ. શ્રીમદ્‌ભાગવતના માહાત્મ્યમાં કહેલું છે કે, 'જ્ઞાન દૃઢ ન થાય તો તેનો નાશ થાય છે (એટલે ફક્ત વાતો કરવા પૂરતું રહે છે.) પ્રમાદથી શ્રવણનું ફળ મળતું નથી, મંત્રમાં સંદેહ હોય તો મંત્રનું ફળ મળતું નથી, અને વ્યગ્ર ચિત્તથી કરેલો જપ વ્યર્થ થઇ

જાય છે. (માહાત્મ્ય ૫–૭૩) હાલના કાળમાં ઘણા માણસો આત્મજ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે પણ તે પ્રમાણે જીવન કરતા નથી. તેથી હિરણ્યકશિપુના જેવી દશા રહે છે. અભ્યાસની સાથે વૈરાગ્ય જોઈએ. બંને બરાબર હોય તો જ મન વશ રહે છે. વૈરાગ્ય ન હોય તો અભ્યાસનું અભિમાન આવી જાય છે અને અભ્યાસ ન હોય તો વૈરાગ્યનું પણ અભિમાન આવી જાય છે. તેથી બન્નેની જરૂર છે. છેલ્લી લડાઈ પછી કેળવણીમાં અને અભ્યાસક્રમમાં ફેરફાર કરવાનો વિચાર કેટલાક દેશોમાં ચાલી રહેલ છે, પણ વૈરાગ્યની બાબતમાં બહુ ખામી રહેલ છે. માત્ર ૫ ઇંદ્રિયોના વિષયોને જ સાચું જીવન જ્યાં માનવામાં આવે છે. ત્યાં અહંકારરૂપી હિરણ્યકશિપુનું રાજ્ય રહે છે અને લોકોને ઘણા પ્રકારનાં દુઃખ ભોગવવાં પડે છે. ૩૦ વર્ષ પહેલાંની લડાઈમાં રાગ–દ્વેષથી મરેલા માણસો ફરીથી જન્મીને જુદાજુદા દેશમાં અને પ્રાંતોમાં હજુ રાગદ્વેષ વધારતા હોય તેવું જણાય છે.

ગીતાના ઉપદેશનું તાત્પર્ય અહંકારને મારવા ઉપર છે. કુરાનમાં પણ અહંકારને બહુ ખરાબ કહેલ છે છતાં અહંકારને મારવાનું કામ કેટલું અઘરું છે અને તે કેવી રીતે મરે તે હવે પછીની કથામાં સ્પષ્ટ થઈ જશે. વળી હાલના કાળમાં નવી મુશ્કેલી એ ઉત્પન્ન થયેલ છે કે વેપારી સંસ્કારવાળી કેળવણી લઈને ધનવાન વધારે ધનવાન થયા છે અને ગરીબ વધારે ગરીબ થયા છે. તેથી ગરીબો ધનવાનોની સામે થયા છે. જ્યાં અજ્ઞાન અને ગરીબાઈ વધારે છે ત્યાં હુલ્લડ ઉત્પન્ન થાય છે. હાલના કાળમાં ગીતા કે કુરાનના ઉપદેશ હિરણ્યકશિપુની માફક વાણીમાં જ માત્ર રહી જાય છે અને અર્થગોચર થઈ શકતા નથી.

હવે હિરણ્યકશિપુએ મંદરાચળની ગુફામાં ઘોર તપ શરૂ કર્યું. તેનું તપ એટલું વધ્યું કે પર્વતો સહિત પૃથ્વી ડગમગવા લાગી. ગ્રહો અને નક્ષત્રો તૂટવા લાગ્યાં અને દશે દિશામાં દાહ થવા લાગ્યો. આ

વખતે દેવોને બહુ ગભરામણ થઇ અને તેઓ બ્રહ્મા પાસે જઈ કહેવા લાગ્યા કે હે દેવ અમે આ દૈત્યના તપથી સંતપ્ત થવાના કારણે હવે સ્વર્ગમાં રહી શકતા નથી. તેની ઇચ્છા તમારા જેવા ઐશ્વર્યવાન બનવાની હોય તેવું લાગે છે. અમે એની વાત સાંભળી છે, માટે આપે તેનો કાંઇક ઉપાય કરવો જોઇએ. આપ જ બ્રાહ્મણ અને ગાયોની ઉત્પત્તિનું કારણ છો અને બધાના કલ્યાણ અને વિજયનું કારણ છો."

આ વાત સાંભળી બ્રહ્માજી ભૃગુ અને દક્ષ વગેરે પ્રજાપતિઓની સાથે હિરણ્યકશિપુના આશ્રમ પર આવ્યા. ત્યાં જોયું તો હિરણ્યકશિપુનું શરીર ઘાસ અને વાંસોથી ઢંકાઇ ગયું હતું અને કીડીઓ તેના મેદ, માંસ અને લોહીને ખાઈ રહી હતી. પાછા બ્રહ્માજીએ તેને કહ્યું કે "ઊઠો, તમારું તપ સિદ્ધ થઈ ગયું. હું તમને વર દેવા માટે આવેલ છું. તમને જોઇએ તે વર માગો. આવું ઉગ્ર તપ પહેલાં કોઇએ કરેલ નથી. જળ વગર સો વર્ષ સુધી પ્રાણ કોણ રાખી શકે ? આવા તપથી તમે મને વશ કરી લીધેલ છે. હું તમારી બધી કામના પૂર્ણ કરીશ. તમે મરણધર્મવાળા છો તો પણ અમારા જેવા અમર દેવતાનાં દર્શન તમને નિષ્ફળ થશે નહિ." પછી બ્રહ્માજીએ તેના શરીર ઉપર જળ છાંટયું. તેની અસરથી હિરણ્યકશિપુમાં જુવાની આવી. તેણે બ્રહ્માજીને પ્રણામ કર્યા અને પછી વિનીત ભાવે તેમની સ્તુતિ કરતાં કહ્યું કે:–"આપ ત્રણ ગુણમય રૂપથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરો છો. જ્ઞાન અને વિજ્ઞાન આપનું સ્વરૂપ છે. આપ સૂત્રાત્મા છો અને મન અને ઇંદ્રિયોના સ્વામી છો. આપ સમ્પૂર્ણ પ્રાણીઓના એકમાત્ર આત્મા છો, કારણ કે આપ અનાદિ, અનન્ત, અપાર, સર્વજ્ઞ અને બધાના અંતર્યામી છો. આપ સૃષ્ટિકર્તા હોવા છતાં નિર્વિકાર છો, કોઈ વસ્તુ આપનાથી ભિન્ન નથી. વિદ્યા અને કલા એ આપનાં અંગ છે. આપ ત્રિગુણમયી માયાથી અતીત સાક્ષાત્ પરબ્રહ્મ છો. કારણ કે આ બ્રહ્માંડ આપના ગર્ભમાં રહેલું છે. આ વ્યક્ત બ્રહ્માંડ આપનું સ્થૂલ રૂપ છે. એવા આપને હું નમસ્કાર કરું છું. જો મને

ગમે તેવો વર આપ આપવા ઇચ્છતા હો તો હે પ્રભો ! આપના રચેલા કોઈ પ્રાણીથી મારું મૃત્યુ ન થાય, હું અંદર–બહાર મરું નહિ, દિવસે ન મરું અને રાત્રે પણ મરું નહિ. (અહંકાર રાત્રે પણ પૂરો મરતો નથી, કારણ કે ઊંઘમાં તે માણસનું નામ દઈને બોલાવીએ તો તે જ જાગે છે, બીજા જાગતા નથી.) હું કોઈ અસ્ત્ર શસ્ત્રથી પણ મરું નહિ, પૃથ્વી કે આકાશમાં મરું નહિ, મનુષ્ય કે પશુથી મરું નહિ, દેવો કે અસુરો પણ મને મારી શકે નહિ, યુદ્ધમાં મારી સામે કોઇ થઈ શકે નહિ અને હું બધાનો અધીશ્વર થાઉં. જેવો આપનો મહિમા છે તેવો મારો મહિમા રહે અને જેવું ઐશ્વર્ય યોગીજનોને પ્રાપ્ત થાય છે તેવું મને પ્રાપ્ત થાય."

બ્રહ્માજી હિરણ્યકશિપુની સ્તુતિથી પ્રસન્ન થઈ ગયા અને આવું વરદાન દુર્લભ હોવા છતાં પણ તેને આપ્યું.

જે યોગીઓ બહુ તપ કરે છે તેમનામાં પણ ઘણીવાર અહંકાર વધી ગયેલો જોવામાં આવે છે. એક યોગીને પોતાની ભૂલની ખબર પડી. તે પછી તે કહેતા હતા કે કે સંસારી માણસોને માટે સંસાર છોડવો સહેલો છે પણ યોગીઓને સિદ્ધિનો મોહ છોડવો એ કરતાં પણ મુશ્કેલ છે. યોગમાં સામાન્ય રીતે ચિત્તની એકાગ્રતા થાય છે પણ વિશાળતા ભાગ્યે જ થાય છે. વિશાળતા માટે બ્રહ્મજ્ઞાનની જરૂર પડે છે. ધ્યાનનો વખત જેટલો રહે છે તે કરતાં ધ્યાન વગરનો વખત સામાન્ય રીતે વધારે રહે છે, તેથી વ્યુત્થાનદશામાં બ્રહ્મભાવ રાખવો હોય તો બ્રહ્મજ્ઞાન જોઈએ અને તે માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસન જોઇએ. હવે એક બાજુ હિરણ્યકશિપુના યોગનું તપ કેવું છે અને બીજી બાજુ પ્રહ્લાદનું જ્ઞાન કેવું છે તે તપાસીએ.

હિરણ્યકશિપુ પોતાના ભાઈના વધનું સ્મરણ કરી ભગવાન વિષ્ણુથી દ્વેષ કરવા લાગ્યો. અહંકાર વધે છે ત્યારે જગતની સ્થિતિ રહી શકતી નથી. હિરણ્યકશિપુએ બધી દિશાઓને અને બધા લોકોને પોતાને વશ કરી લીધા. તે ત્રિલોકીનો એકમાત્ર શાસક બની ગયો.

તે મદિરા પીતો હતો અને ઉન્મત્ત રહેતો હતો તો પણ અજિતેન્દ્રિય હોવાથી તેને તૃપ્તિ થતી નહિ. આ પ્રમાણે ઘણો કાળ વીતી ગયો અને તેના કઠોર શાસનથી લોકપાલ સહિત સંપૂર્ણ લોક ઉદ્વિગ્ન થઇ ગયા. જ્યારે લોકોને કોઈ આશ્રય ન રહ્યો ત્યારે તેઓ વિષ્ણુના શરણમાં ગયા, અને તેમની સ્તુતિ કરતાં કહ્યું કે જેને પ્રાપ્ત કરી શાન્ત અને નિર્મળ સંન્યાસીઓ પાછા આવતા નથી એવા શ્રીહરિને અમારા નમસ્કાર છે. આવી રીતે સ્તુતિ કરતાં એક દિવસ નીચે પ્રમાણે આકાશવાણી દેવોના સાંભળવામાં આવીઃ "હે દેવો! તમે બીઓ નહિ. બધા લોકોનું કલ્યાણ થાય. મારું દર્શન પ્રાણીઓને માટે બધા પ્રકારના મંગળનું સાધક છે. આ અધમ દૈત્યની દુષ્ટતા હું જાણું છું. હું એને શાન્ત કરી દઇશ. તમે યોગ્ય સમયની રાહ જુઓ. જ્યારે તે દૈત્ય કોઇ પ્રાણી, દેવતા, ગાય, વેદ, બ્રાહ્મણ, સાધુ, ધર્મ અને મારાથી દ્વેષ કરશે ત્યારે તે તરત નાશ પામશે. જ્યારે તે પોતાના નિર્વૈર, શાન્ત અને મહાત્મા જેવા પુત્ર પ્રહ્લાદથી વૈર કરશે ત્યારે બ્રહ્માજીનું વરદાન હોવા છતાં હું તેને અવશ્ય મારીશ." આવી આકાશવાણી સાંભળી દેવો પાછા પોતાને સ્થાને આવ્યા.

હિરણ્યકશિપુને ૪ પુત્ર હતા. તેમાં પ્રહ્લાદ ગુણોના કારણથી સર્વથી મોટા હતા. તે મહાપુરુષોની સેવા કરવાવાળા, બ્રાહ્મણભકત, સદાચારી, સત્ય પ્રતિજ્ઞાવાળા અને જિતેન્દ્રિય હતા. તેમને પ્રાણીઓ ઉપર પ્રીતિ હતી, સંતપુરુષો તરફ તેનો દાસભાવ હતો, દીનો ઉપર તેની કૃપા હતી, બરાબરિયા ઉપરનો તેનો સમાન સ્નેહ હતો અને મોટાઓને ઈશ્વર માફક સમજતા હતા. તેનામાં વિદ્યા, ધન, રૂપ અને કુલ સારાં હોવા છતાં તે માન અને ગર્વથી રહિત હતા. તે કોઈ પણ પ્રકારની વિપત્તિથી ગભરાતા નહિ અને **શ્રુતેષુ દૃષ્ટેષુ ગુણેષ્વવસ્તુદૃક્** ૭-૪-૩૨ (આ લોકના) જોયેલા અને (પરલોકના) સાંભળેલા વિષયોને મિથ્યા સમજી તે તેની ઇચ્છા કરતા નહિ. તેની ઇંદ્રિયો, મન, પ્રાણ અને શરીર શાંત રહેતાં. તેને કોઈ પણ પ્રકારની

કામના નહોતી. તે અસુરના કુળમાં જન્મ્યા હોવા છતાં તેનામાં અસુરભાવ નહોતો.

મ. ગાંધીજીએ જ્યારે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે કહેલું હતું કે "આપણે પ્રહ્લાદ અને સુધન્વાના વંશના છીએ, માટે તેમના જેવો સત્યાગ્રહ કરવો જોઈએ." તેથી જેઓ સત્યાગ્રહી થવા માગતા હોય તેમણે પ્રહ્લાદના ગુણો યાદ રાખવા જેવા છે. ખાસ કરીને પ્રહ્લાદ બધા વિષયોને મિથ્યા માનતા હતા અને માત્ર બધાના અધિષ્ઠાનરૂપ એક બ્રહ્મને જ સત્ય માનતા હતા. હાલના સત્યાગ્રહીઓ વિષયોને મિથ્યા માનતા નથી. પંડિતજન પ્રહ્લાદના મહાન ગુણોને ગ્રહણ કરે છે તેથી હજુ પણ પ્રહ્લાદની કીર્તિ ઈશ્વરની માફક ગવાય છે. જે વખતે પ્રહ્લાદ બાળક હતા તે વખતે પણ રમવા કૂદવાનું છોડી તે ભગવદ્-ધ્યાનમાં તલ્લીન થઈ જતા હતા અને તેથી તેનું શરીર જડવત્ થઈ જતું હતું. અને कृष्णग्रहगृहीतात्मा न वेद जगदीदृशम् ૭-૪-૩૭.

તેમનું ચિત્ત કૃષ્ણરૂપી ગ્રહથી ગ્રસિત થઈ જવાથી આ જગત છે એવું તેને ભાન રહેતું નહિ. વળી –

> आसीनः पर्यटन्नश्नञ्छयानः प्रपिबन्ब्रुवन् ।
> नानुसन्धत्त एतानि गोविन्दपरिरम्भितः ॥

અર્થ—શ્રીગોવિન્દમાં તન્મય થઈ જવાના કારણે તેને બેસતાં, ઘૂમતાં, ખાતાં, સૂતાં, પીતાં, બોલતાં એ ક્રિયાનું ભાન રહેતું નહિ.

તે કોઈવાર રોતા, કોઈવાર ગર્જના કરતા, કોઈવાર લજ્જા છોડી નૃત્ય કરતા અને કોઈવાર ભગવાનના સ્પર્શનો અનુભવ કરતાં પરમાનંદથી પુલકિત થઈને ચુપચાપ બેસી રહેતા. તે વખતે તેના નેત્રમાંથી અવિચલ પ્રેમાનંદની અશ્રુધારાનાં ટીપાં નીકળતાં હતાં. આવી દશામાં રહેવાથી તે કુસંગગ્રસ્ત પુરુષોના ચિત્તને પણ શાંતિ

આપતા હતા. આવા મહાન ભક્તપુત્રની સાથે તેના પિતા હિરણ્યકશિપુએ વિરોધ કરવો શરૂ કર્યો.

જે માણસમાં અહંકાર બહુ વધે છે તે પણ ભક્તોનો વિરોધ કરે છે. તે અહંકારે પણ જાણે કે બ્રહ્મા પાસેથી વરદાન મેળવ્યું હોય તેમ તે બહાર મરતો નથી અને અંદર પણ મરતો નથી. બધી વાતોમાં વાત કરનાર માણસ, જાણે કે પોતે બધું જાણે છે એમ "હું ડાહ્યો" એવું સિદ્ધ કરવાનો પ્રયત્ન કરે છે. માણસ જાણે કે પોતામાંથી અહંકાર ગયો, તો પણ કોઈ મનના ખૂણામાં તે ભરાઇ રહેલો હોય છે અને વખત આવ્યે પ્રગટી નીકળે છે. કેટલીકવાર માણસ પોતે દોઢડાહ્યો થાય છે. એટલે સામો માણસ અડધો ડાહ્યો અને પોતે ૧॥ ડાહ્યો એમ બન્ને મળીને બે ડાહ્યા થાય છે. સમષ્ટિ-અહંકાર બાધક નથી પણ વ્યષ્ટિઅહંકાર બાધક છે. બધું જગત મારું સ્વરૂપ છે એવું અભિમાન તો ભગવાનમાં પણ છે અને ગીતાના ૧૦મા અધ્યાયમાં તે સ્પષ્ટ જણાય છે. તેને વિભૂતિ કહે છે. તે સ્તુતિપાત્ર છે. પણ જ્યાં હું અને બીજા એવું દ્વૈત રહી જાય છે ત્યાં તે પ્રકારનું અભિમાન દૂર કરવા જેવું છે. ગીતાની શરૂઆતમાં ધૃતરાષ્ટ્ર પોતાના દીકરાને **मामका** કહે છે અને પાંડુના દીકરાને **पाण्डवा** કહીને બોલાવે છે તે પણ ખોટા અભિમાનનું સ્વરૂપ છે. કોઈ જગ્યાએ એક શેઠનો પુત્ર ગુજરી ગયો. તેની પાડોશમાં કોઇ વેદાન્તી રહેતા હતા. તેમણે હિરણ્યકશિપુની માફક વેદાન્ત સાંભળ્યું હતું પણ જીવનમાં ઉતાર્યું નહોતું, છતાં પોતે જાણે કે જ્ઞાની હોય તેમ તે શેઠને ઉપદેશ આપવા ગયા અને શેઠને કહ્યું કે, આત્મા જન્મતો નથી, મરતો નથી, માટે દીકરાનો શોક કરવો ઘટતો નથી વગેરે વગેરે. થોડા દિવસ પછી તે વેદાન્તી માણસની બકરી મરી ગઈ એટલે તેને બહુ જ શોક થયો અને તે રડવા લાગ્યો. તેનો અવાજ સાંભળી પેલા શેઠે તપાસ કરાવી કે આપણા પાડોશમાં કોણ રડે છે? તપાસ કરતાં તેને માલૂમ પડ્યું કે પેલા વેદાન્તી શોકથી

રડે છે. પછી શેઠ તેનું કારણ તપાસ કરવા માટે અને તેને દિલાસો આપવા માટે ગયા. શેઠને માલૂમ પડયું કે તેના રડવાનું કારણ તેની બકરીનું મરણ હતું. પછી શેઠે તેને સાંત્વન આપતાં કહ્યું કે, "મારો દીકરો મરી ગયો હતો ત્યારે તમે જ મને શાંતિ આપવા માટે આવ્યા હતા અને હવે બકરીના મરણથી તમને શોક કેમ થાય છે? આ વખતે તમારું જ્ઞાન ક્યાં ગયું?" તે માણસે જવાબ આપ્યો કે, "દીકરો તો તમારો પણ બકરી તો મારી." આ જવાબ સાંભળી શેઠને લાગ્યું કે હજુ આ માણસ વેદાન્ત બરાબર સમજેલ નથી. હિરણ્યકશિપુએ પણ તેની માને ઘણો ઉપદેશ આપ્યો પણ પોતાના જીવનમાં તેની કાંઇ અસર તેને થઇ નહોતી. તેથી જિજ્ઞાસુઓએ જ્ઞાન પ્રમાણે જીવન રાખવાની ખાસ જરૂર છે. વેદાન્તનું જ્ઞાન ખોટું નથી. પણ તે જીવનમાં ઉતારવું જોઇએ. વૈરાગ્ય વગરનું જ્ઞાન શોભતું નથી અને જ્ઞાન અને વૈરાગ્ય વગરની ભક્તિ શોભતી નથી, એ વાત ભાગવતની શરૂઆતમાં જ સમજાવવામાં આવેલ છે.

અહંકારને મારવો હોય તો વચલી જગ્યામાં મરે, તે બહાર કે અંદર ન મરે. આપણા અંતઃકરણમાં એક વૃત્તિ ઉત્પન્ન થાય, પછી તે લય પામીને બીજી વૃત્તિ ઉત્પન્ન થાય તે બન્નેની વચમાં થોડો વખત નિર્વિકલ્પ દશા રાખી શકય તો આત્માનો અનુભવ મળી શકે અને તેના જોરથી અહંકાર દૂર થવા લાગે. જેમ બે ગોપીની વચમાં કૃષ્ણ રમે છે તેમ બે વૃત્તિની વચમાં અનુભવ મળી શકે છે. પણ સામાન્ય માણસ એક વૃત્તિ ઉપરથી બીજી વૃત્તિ ઉપર તરત કૂદી જાય છે તેથી આત્માનો અનુભવ મળતો નથી. જ્યારે મનમાં ચંચળતા હોય ત્યારે સાચું પ્રમાણ મળતું નથી. તેથી અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે. હિરણ્યકશિપુને પણ નરસિંહ ભગવાને વચલી જગ્યામાં માર્યો હતો.

અજ્ઞાનવાળા સામાન્ય વ્યવહારમાં માણસ પોતે કાંઈક બનવા પ્રયત્ન કરે છે, કોઇ સમાજનો મેમ્બર થવા માગે છે અથવા કોઇનો

પ્રમુખ કે કોઇનો સેક્રેટરી થાય છે અથવા કોઈ નવી સંસ્થા ઉત્પન્ન કરે છે. તેને પોતાના અહંકારને પોષણ મળે તેવાં વખાણ કોઇ પણ રીતે જોઇએ છે. ખરી રીતે દરેક માણસ પોતે બ્રહ્મરૂપ છે પણ તેને પોતાના સ્વરૂપની ખબર નથી, તેથી બીજા પોતાને મોટો કહે એવું ઇચ્છે છે. તેને શાસ્ત્રમાં લોકેષણા કહે છે. તે દૂર કરવી બહુ મુશ્કેલ છે. ખાસ કરીને સમાજમાં રહેલ માણસને લોકેષણા જીતવી બહુ અઘરી છે. લોકો જે પ્રકારના માણસોનાં વખાણ કરતા હોય તેવા થવાનું માણસને મન થાય છે. જ્યાં લડાઇ કરનાર વખણાતા હોય ત્યાં લડવૈયા થવાનું મન થાય છે. સત્યાગ્રહીનાં વખાણ થતાં હોય ત્યાં તેવા થવાનું મન થાય છે. જ્યાં ધનવાન પૂજાતા હોય ત્યાં ધનવાન થવાનું મન થાય છે. જ્યાં સેવકનાં વખાણ થતાં હોય ત્યાં સેવક થવાનું મન થાય છે. અને પોતા સિવાય બીજા બધાને સુધારવાની ઇચ્છા તેને થાય છે. પણ આવી દશામાં માત્ર અહંકારને વધારે પોષણ મળે છે અને તે ભૂલની ખબર રહેતી નથી, એ માયાનું સ્વરૂપ છે. જેમ સ્વપ્નના પ્રમાણથી સ્વપ્નનું જગત સાચું થઇ જાય છે, તેમ જાગ્રતના પ્રમાણથી પણ જાગ્રતનું જગત સાચું થઇ જાય છે. તેથી હું કઇ રીતે વધારે પ્રખ્યાત થાઉં, મારું નામ અમર રહે તો ઠીક, તે માટે આરસની તખ્તીમાં કોઈ ઠેકાણે પોતાનું નામ દેખાય એવું ચિતરાવે છે. એ બધા હિરણ્યકશિપુના નમૂના છે. હિરણ્યકશિપુના એક સેવકનું નામ દ્વિમૂર્ધા હતું; એટલે હું અને મારું એવાં બે માથાં તેને હતાં. લડાઇઓનાં અને હુલ્લડનાં ખરાં કારણ પહેલાં મનમાં ઉત્પન્ન થાય છે. પછી તેનાં પરિણામ બહાર દેખાય છે. ૪૦ વર્ષ પહેલાં મુસ્લિમ લીગનું નામ કોઇ જાણતું નહોતું, ૧૫ વર્ષ પહેલાં પાકિસ્તાન શબ્દ કોઇએ સાંભળ્યો નહોતો, ૧૦૦ વર્ષ પહેલાં સત્યાગ્રહ શબ્દ કોઇએ સાંભળ્યો ન હતો, ૫૦૦ વર્ષ પહેલાં અમેરિકાને કોઇ ઓળખતું નહોતું, છતાં હવે એ શબ્દોએ એવાં અભિમાન ઉત્પન્ન કર્યાં છે કે તેને માટે લાખો માણસોનો સંહાર થાય છે.

અહંકાર બહાર મરતો નથી અને અંદર પણ મરતો નથી પણ વચલી જગ્યા બરાબર સમજાય તો તેને મારવો સહેલો પડે છે, તે બાબતમાં હાલના સાયન્સવાળા આપણને કેટલીક સાચી સમજણ આપી શકે છે. હું અને તુંની વચ્ચે જે ખાલી આકાશ અથવા અવકાશ છે તેને અંગ્રેજીમાં space કહે છે. તે સાપેક્ષ છે. ખાલી જગ્યા ભગવાને બનાવેલી નથી પણ જોનાર માણસના અહંકારમાંથી ઉત્પન્ન થાય છે. ખરી રીતે હુંનું બહુવચન થતું નથી. હુંનું બહુવચન કરીએ તો અમે થાય, પણ અમે કહેતામાં હુંની સાથે તું અને તે લેવા પડે. તેથી હું નું બહુવચન થતું નથી. તેથી તુંની જગ્યાએ પણ હું છે. બધા પોતાને હું કહે છે, તે હું એક છે તેથી હું અને તું એવા બે ભાગ થતા નથી, પણ ખોટો હું બીજા હુંને તું કહે છે. સાચો હું પોતાને બ્રહ્મરૂપે સર્વવ્યાપક જાણે છે તેથી તેની દૃષ્ટિમાં તું નથી. પ્રહ્લાદનું જ્ઞાન એવા પ્રકારનું હતું. એવા જ્ઞાન પાસે વચલી જગ્યામાં હુંનું મરણ થાય છે, કારણ કે વચલી જગ્યા સાચી નથી. હાલનું સાયન્સ એમ કહે છે કે perceptual space is within the perceptual event. એટલે જે વખતે જે ઘટના દેખાય છે તે વખતે વચલી જગ્યા પણ સ્વપ્નની માફક જાગ્રતમાં કલ્પિત ઉત્પન્ન થાય છે. બીજા બનાવ સાથે અથવા બીજી ઘટના સાથે બીજી જાતની જગ્યા દેખાય છે તેથી હું અને તું વચ્ચેની જગ્યા સાચી નથી છતાં અજ્ઞાન હોય ત્યાંસુધી વચલી જગ્યા સાચી લાગે છે અને તેથી જ અહંતા અને મમતાને પોષણ મળે છે.

એક વખત માથેરાનમાં એક યુરોપિયન જંગલખાતાના ઑફિસર તરીકે રહેતો હતો. તેણે માથેરાનના જંગલમાં બે વાઘનો શિકાર કર્યો. પછી પોતાની બહાદુરીનું કર્મ પોતાના મિત્રોને બતાવવા માટે તે વાઘના મડદાને બે કોથળામાં નાખીને માથેરાનની નાની ટ્રેનમાં બેસી નેરલ સ્ટેશને આવ્યો. ત્યાં પુનાથી મુંબઈ જતી ટ્રેનમાં તેનો સામાન ફેરવવાનો હતો. તેથી તેણે ત્યાંના સ્ટેશન માસ્તરને કહ્યું

કે, "મારો લગેજ (વાઘના મડદાના કોથળા) બુક કરી આપો." નેરલના સ્ટેશન માસ્તરે કહ્યું કે, "હજુ પુનાથી ટ્રેન આવવાને વાર છે, જ્યારે વખત થશે ત્યારે લગેજ કરી આપશે." પેલા યુરોપિયને કહ્યું કે "હું માથેરાનનો ફૉરેસ્ટ ઑફિસર છું." એટલે તેના જવાબમાં સ્ટેશન માસ્તરે કહ્યું કે, "હું પણ અહીંનો સ્ટેશન માસ્તર છું તેથી મારો હુકમ ચાલે છે." આવો અતડો જવાબ મળવાથી તે યુરોપિયન પોતાના ગુસ્સામાં એક બાજુ બેસી રહ્યો. જ્યારે ટ્રેનને આવવાનો વખત થયો ત્યારે સ્ટેશન માસ્તરે લગેજ ક્લાર્કને કહ્યું કે "તે યુરોપિયન પેસેન્જર (ફૉરેસ્ટ ઑફિસર)ને તેનું નામ પૂછીને લગેજ કરી આપો." તે કારકુને તેની પાસે જઈને નામ પૂછ્યું. અંગ્રેજી ભાષામાં વાત કરતાં "પ્લીઝ" શબ્દ વાપરવો જોઇએ. એટલે 'મહેરબાની કરીને તમારું નામ કહો' એમ કહેવાને બદલે એણે **what is your name** એટલું જ પૂછ્યું અને **please** શબ્દ વાપર્યો નહિ. તેથી તે ફૉરેસ્ટ ઑફિસરનો ગુસ્સો વધ્યો અને તેને જવાબમાં કહ્યું કે "સ્ટુપીડ" એટલે 'મૂર્ખ'. તે કારકુને આ જવાબ સાંભળી સ્ટેશન માસ્તરને વાત કરી. સ્ટેશન માસ્તરે કહ્યું કે તેનું નામ પૂછતાં જવાબમાં "સ્ટુપીડ" કહ્યું માટે 'સ્ટુપીડ'ના નામ ઉપર બે કોથળા લગેજના કરીને બુક કરી આપો. એ પ્રમાણે કારકુને કર્યું અને લગેજ ટિકિટનો એક ભાગ તે ફૉરેસ્ટ ઑફિસરને આપ્યો. પણ તેણે ગુસ્સામાં વાંચ્યું નહિ. ટ્રેન બોરીબંદર (મુંબઇ) સ્ટેશને પહોંચી અને ત્યાં જેનો જે લગેજ હોય તે તેને આપવા માટે ત્યાંનો લગેજ કારકુન આવ્યો. તેણે તે ટિકિટ વાંચી. પેલા ફૉરેસ્ટ ઑફિસરે કહ્યું કે કોથળા મારા છે. લગેજ કારકુને કહ્યું કે એ તો 'સ્ટુપીડ'ના નામ ઉપર આવેલા છે. તે વખતે તે ફૉરેસ્ટ ઑફિસરે કહ્યું કે એ "સ્ટુપીડ" હું છું. પછી તેને તેના કોથળા મળ્યા. ટૂંકામાં જે માણસ બીજાને સ્ટુપીડ અથવા મૂર્ખ કહેવા નીકળ્યો તેને પોતાને સ્ટુપીડ થવું પડ્યું. આવી રીતે અહંકાર અથવા હિરણ્યકશિપુ ઘણી જગ્યાએ અનેક જાતના અનર્થ કરાવે છે. જેમ દેહનું અભિમાન

રાખવું એ ખોટું છે, તેમ કોમનું અભિમાન અને દેશનું અભિમાન પણ માણસના જીવનને કલુષિત કરી નાખે છે. હિંદુ ધર્મમાં બધા પ્રકારનું અભિમાન દૂર કરવાનું કહેલ છે. હાલના કાળમાં કોમનું અભિમાન અને દેશનું અભિમાન પણ વધતું જાય છે. કેટલાક એમ માને છે કે હિંદુ અને મુસલમાન ૫ ણે તોપણ અયોગ્ય નથી. પણ તેમ કરવાથી સંસ્કારની રક્ષા થશે નહિ અને તેમની પ્રજાને મંદિરમાં જવું કે મસ્જિદમાં જવું તેની ખબર પડશે નહિ. સંસ્કાર સારા થાય તો બધા પ્રકારનાં અભિમાન નીકળી જાય. તેથી દેશની રક્ષા કરતાં પણ સંસ્કારની રક્ષા કરવાની વધારે જરૂર છે. તેને માટે બધા દેશોનું એક રાજ્ય બનાવવું જોઇએ, કેળવણીમાં ફેરફાર કરવો જોઇએ, વસ્તી વધવા ઉપર અંકુશ મૂકવો જોઇએ, કોઈ ભૂખે ન મરવું જોઇએ. જેમ બને તેમ સારા સંસ્કારવાળા માણસોને ઉત્તેજન આપવું જોઇએ અને તેમના દ્વારા પ્રજામાં સાચું જ્ઞાન ફેલાવવું જોઇએ. જેમ હિરણ્યકશિપુને બધે ઠેકાણે પોતાનું રાજ્ય ફેલાવવું હતું તેમ હાલ પણ અમેરિકાની ઇચ્છા પોતાની સત્તા ફેલાવવાની છે અને રશિયાની ઇચ્છા તેમની પોતાની સત્તા ફેલાવવાની છે. અમેરિકામાં હજુ વેપારી સંસ્કાર છે અને રશિયામાં મજૂરીના સંસ્કાર છે. મ. ગાંધીજી પણ માણસોને નીતિવાળા મજૂર બનાવવા માંગે છે. પણ પ્રહ્લાદના સંસ્કાર જુદા પ્રકારના હતા. પ્રહ્લાદને તો બધે ભગવાનનું દર્શન થતું હતું. તેનું કારણ એ હતું કે તેને ગર્ભમાં નારદજીએ જ્ઞાન આપ્યું હતું. સારી પ્રજા ભવિષ્યમાં બનાવવી હોય તો જે ભવિષ્યમાં માબાપ થવાનાં હોય તેમના વિવાહ સંસ્કારી કુટુંબોમાં થવા જોઇએ અને ગર્ભમાંથી બાળકના સંસ્કારની સંભાળ રાખવી જોઇએ.

સંસ્કારથી કાળ જિતાય છે, રાજદ્વારી રમતથી દેશ જિતાય છે. દેશ જીતવા કરતાં કાળ જીતવો એ માણસના જીવનમાં મુખ્ય કર્તવ્ય છે.

જ્યારે નરસિંહ ભગવાને થાંભલામાંથી પ્રગટ થઈને હિરણ્યકશિપુને માર્યો છે, ત્યારે ત્યાં ઇંદ્ર, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધર, નાગ, મનુ,

પ્રજાપતિ, ગંધર્વ વગેરે આવ્યા છે અને નરસિંહ ભગવાનની સ્તુતિ કરતાં એ બધા કહે છે કે અમને એ દૈત્ય બહુ નડતો હતો. કોઈ કહે છે કે તે અમારી આજીવિકાને નષ્ટ કરતો હતો, કોઈ કહે છે કે તે અમારા યજ્ઞ બગાડતો હતો, વગેરે વગેરે. અહંકાર માણસના જીવનમાં કેટલો રંજાડ કરે છે તે વિગતવાર જાણવું હોય તો એ બધી સ્તુતિઓમાં આપેલું છે.

બધા દેશોનું એક રાજ્ય થાય તો બધા સુખી થાય તેવું છે, પણ હાલ જ્યાંજ્યાં રાજ્યો જોવામાં આવે છે ત્યાંત્યાં થોડા માણસોને બીજાના ભોગે સત્તા અને હક જોઇએ છે. એવો સામાન્ય નિયમ થઈ ગયો છે. પણ આપણી કોંગ્રેસ ધારે તો ઉત્તમ નીતિ બતાવીને બીજાને નમૂનારૂપ થઈ પડે. અહંકાર અને અભિમાનમાંથી બચવું હોય તો પ્રજામાં સારા સંસ્કાર ઊગે તેવી કેળવણી જોઇએ, અને જેનામાં સારા સંસ્કાર હોય તેવા જ માણસોને શિક્ષકો તરીકે રાખવા જોઇએ. એક વિદ્વાન માણસ કહે છે કેઃ—

Excessive privilege and power are standing temptations to pride, greed, vanity and cruelty; oppression results in fear and envy; war breeds hatred, misery and despair. All such negative emotions are fatal to the spritual life. Only the pure in heart and poor in spirit can come to the unitive knowledge of God.

એટલે વધારે પડતા હક અને વધારે પડતી સત્તામાંથી અભિમાન, લોભ, દંભ, હિંસા, બીક અને અદેખાઈ વગેરે ઉત્પન્ન થાય છે. આવા અભિમાન એ આધ્યાત્મિક જીવનમાં વિઘ્નરૂપ છે.

હાલના કાળમાં જે હુલ્લડો થાય છે તેનાં બે કારણ છેઃ (૧) અજ્ઞાન અને (૨) ગરીબાઈ. અજ્ઞાનને લઇને અહંકાર વધે છે તે દૂર કરવા માટે સાચી અને સારી કેળવણી જોઇએ અને તે કામ માટે સાધુ પુરુષોની મદદ લેવી જોઇએ. ગરીબાઇને લઇને પણ હુલ્લડ થાય છે. જે માણસને કામ મળતું નથી અથવા કામ કરતાં છતાં પણ જેમને

પૂરું ખાવાનું મળતું નથી તેઓ હુલ્લડમાં તરત ભાગ લે છે. તેથી રાજ્યની પહેલી ફરજ એ છે કે જેઓ ભૂખે મરતા હોય તેમની તપાસ કરી તેમને ખાવાનું આપવું જોઇએ અને જેઓ કામ વગરના હોય તેમને કામ આપવું જોઇએ. તે ઉપરાંત વસ્તી વધવા ઉપર અંકુશ પણ મૂકવો જોઇએ કે જેથી આવક કરતાં ખર્ચ વધે નહિ. વસ્તીની બાબત રાજ્યના હાથની નથી પણ કામ કરનારને પૂરું ખાવાનું મળવું જોઇએ એટલી સગવડ તો રાજ્ય તરફથી થવી જ જોઇએ.

હવે એવો વખત આવેલ છે કે સારા સંસ્કારમાં હરીફાઈ થવી જોઇએ. એટલે પાકિસ્તાની રાજ્યે એ પોતાની બધી પ્રજાને વધારે સુખી કરવી જોઇએ અને મુંબઇ મદ્રાસ વગેરે જે પ્રાંતો કોંગ્રેસના હાથમાં છે તેમણે પોતાની રૈયતને તે કરતાં વધારે સુખી બનાવવી જોઇએ. એવા રાજ્ય તૈયાર થાય તો બધા પ્રાંતોમાં બધા સુખથી રહી શકે; પણ તે માટે જુદા પ્રકારની કેળવણી જોઇએ.

સાચી કેળવણી બધા કાળે સરખી જ રહે છે. તે ઇતિહાસ પ્રમાણે ફરતી નથી, તેમાં સુધારો થતો નથી. તે કેળવણી માણસને સંયમ અને આત્મજ્ઞાન તરફ વાળે છે અને અહંકારમાંથી છોડાવે છે.

ગયા ૨૦૦ વર્ષમાં માણસોને જે કેળવણી મળેલ છે તે માણસને એવું સમજાવે છે કે ખરો સુધારો ભવિષ્યમાં છે, પણ એ વાત સાચી નથી. એ ભવિષ્યનું ભવિષ્ય બાકી રહી જાય છે અને એ સુધારાનો અંત દેખાતો નથી. ખરું જ્ઞાન માણસને બ્રહ્મરૂપ બનાવે છે અને તે બ્રહ્મમાં ભવિષ્ય નથી.

The direct awareness of the eternally complete consciousness which is the ground of the material world is a possibility occasionally actualised by some human being at almost any stage of their own personal development from childhood to old age and at any period of the race's history.

જે જ્ઞાનને ઈતિહાસ ન હોય, જે જ્ઞાન પાસે ભૂગોળના વિભાગ ન હોય એવું અદ્વૈત જ્ઞાન એ જ ખરું જ્ઞાન છે. ઇતિહાસ વગરનું એવું જ્ઞાન આપણી પૃથ્વી ઉપર હિંદુધર્મમાં મળી શકે છે. બીજા દેશો જે જ્ઞાન આપે છે તેનો અંત જણાતો નથી. જે જ્ઞાનથી સંસારનું સાચુ સ્વરૂપ ન જણાય તે સાચું જ્ઞાન નથી.

પ્રકરણ ૧૨

પ્રહ્લાદનો સત્યાગ્રહ

પરીક્ષિત રાજાનો મુખ્ય પ્રશ્ન એ છે કે જો ભગવાન દેવોના હૃદયમાં છે અને દૈત્યોના હૃદયમાં પણ છે તો દેવોને મદદ આપીને દૈત્યોને કેમ મરાવે છે? એટલે જગતમાં બધું એક સત્તાથી ચાલે છે કે જગતમાં ઘણી સત્તા છે? આ પ્રશ્નના જવાબમાં હિરણ્યકશિપુ અને પ્રહ્લાદની કથા શરૂ થયેલ છે, જગતમાં મુખ્ય સત્તા બ્રહ્મની એટલે ભગવાનની છે તે સત્તા પ્રપંચમાં પ્રતીત થવી ન જોઇએ. પરંતુ અજ્ઞાનથી બ્રહ્મ અને પ્રપંચનું તાદાત્મ્ય જ્યારે થાય ત્યારે તે સત્તાનો ભેદ પ્રતીત થતો નથી; તેથી કામ વખતે કામનું જ્ઞાન પ્રમાણ થઈ જાય છે, ક્રોધ વખતે ક્રોધનું જ્ઞાન પ્રમાણ થઈ જાય છે અને લોભ વખતે લોભનું જ્ઞાન પ્રમાણ થઇ જાય છે, પણ તે પ્રમાણનો બીજી દશામાં બાધ થઇ જાય છે તેથી તે સાચું પ્રમાણ નથી. સાચા પ્રમાણ માટે સાચું જ્ઞાન જોઇએ. સાચું જ્ઞાન કોને કહેવું તે હવે પ્રહ્લાદની કેળવણી ઉપરથી ખબર પડશે. પ્રહ્લાદનું પ્રારબ્ધ એવું સારું હતું કે કેટલુંક સારું જ્ઞાન તેને નારદજી તરફથી (ગર્ભમાં હતા ત્યારે) મળ્યું હતું.

છીપમાં જ્યારે રૂપાનો અધ્યાસ હોય ત્યારે છીપનું જ્ઞાન થાય નહિ. તેવી જ રીતે જ્યારે બ્રહ્મમાં જગતનો અધ્યાસ હોય ત્યારે બ્રહ્મનું જ્ઞાન થાય નહિ. છીપનું જ્ઞાન અને રૂપાનું જ્ઞાન એવા બે પ્રકારના જ્ઞાનની સામગ્રી પણ પ્રતિબંધરૂપ છે. એટલે બ્રહ્મનું જ્ઞાન

અને જગતનું જ્ઞાન એવા બે પ્રકારના જ્ઞાનની સામગ્રી પણ પ્રતિબંધક છે. રૂપા વગેરેનો અભ્યાસ વિશેષ જ્ઞાનથી પ્રતિબદ્ધ છે. સિદ્ધાંતમાં જગતનું વિશેષ જ્ઞાન બ્રહ્મનું જ્ઞાન લેવા દેતું નથી. એ જ પ્રમાતાનું મિથ્યા જ્ઞાન છે. તેથી એવું જ્ઞાન નિશાળમાં લેવા માટે હવે પ્રહ્લાદ ના પાડશે. હાલમાં કોઈ વિદ્યાર્થીઓ જગતનું (દ્વૈતમૂલક જ્ઞાન) લેવા માટે ના પાડતા નથી.

યુધિષ્ઠિર રાજાએ નારદજીને એવો પ્રશ્ન પૂછેલ છે કે મારા યજ્ઞ વખતે ભરસભામાં શિશુપાલે શ્રીકૃષ્ણને ગાળો દીધી છતાં ભગવાને તેને સદ્દગતિ આપી તે મને સમજાતું નથી. તેના જવાબમાં નારદજી કહે છે કે ભગવાનની અંદર સમ-વિષમ ભાવ નથી. તે વાત પ્રહ્લાદના દૃષ્ટાંતથી સિદ્ધ કરવા માટે કહે છે કે અસુરોએ શુક્રાચાર્યજીને પોતાના પુરોહિત બનાવ્યા હતા. તેના પુત્રો શણ્ડ અને અમર્ક હિરણ્યકશિપુની પાસે રહેતા હતા. તે બંને પ્રહ્લાદને અને બીજા અસુર બાળકોને રાજનીતિ વધારે શીખવતા હતા. ગુરુજી જે પાઠ શીખવતા હતા તે પાઠ પ્રહ્લાદ બરાબર સાંભળતા હતા, પણ...

न साधु मनसा मेने स्वपरासद्ग्रहाश्रयम् ७-५-२

જે પાઠમાં એવું આવે છે કે આ આપણું છે અને આ બીજાનું છે તે ભાવ અસદ્ આગ્રહથી યુક્ત હોવાથી પ્રહ્લાદને તે પાઠ સાચો લાગતો નહોતો. આંહી "અસદ્ આગ્રહ" એ શબ્દ વાપરેલ છે, તેથી ઊલટા શબ્દો કરીએ તો જે શિક્ષણમાં આ મારું અને આ બીજાનું એવું ન આવે તેને સદ્આગ્રહ અથવા સત્યાગ્રહ કહી શકાય. આ જગ્યાએ આપણને સત્યાગ્રહનો સાચો અર્થ મળી શકે છે. મ. ગાંધીજીએ જ્યારે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ શરૂ કર્યો ત્યારે તેમણે લોકોને એમ કહેલ હતું કે આપણે પ્રહ્લાદ અને સુધન્વાના જેવો સત્યાગ્રહ કરવો જોઈએ. પણ પ્રહ્લાદના સત્યાગ્રહમાં અને હાલના સત્યાગ્રહમાં ઘણો ફેર છે. હાલના સત્યાગ્રહી જે જ્ઞાનથી આ મારું અને આ

બીજાનું એવું જણાય તેવું જ્ઞાન લેવાની ના પાડતા નથી. કેટલાક વર્ષો પહેલાં પંડિત જવાહરલાલના પિતા મોતીલાલ નહેરુએ મ. ગાંધીજીને કહ્યું હતું કે, "તમે સત્યની વ્યાખ્યા કરવાનું છોડી દ્યો, સત્ય શું છે તે હજુ કોઈ બરાબર સમજાવી શકેલ નથી." મ. ગાંધીજી પણ પોતાના સત્યાગ્રહને Experiments with truth કહે છે. એટલે સત્ય બાબત તે પ્રયોગ કરતા હતા. નોઆખલીના અત્યાચાર જોઈને તેમણે એમ પણ કહ્યું હતું કે મેં જે સત્ય માટે આટલાં વર્ષો ગાળ્યાં અને આટલા પ્રયોગો કર્યા તે સત્ય જાણે કે મારી પાસેથી ખસી જતું હોય તેવું લાગે છે. પ્રહ્‌લાદની આ કથામાં સત્યના પ્રયોગ નથી પણ સત્યમાં નિષ્ઠા છે. આવા સત્યનો આગ્રહ રહે તો જગતમાં માત્ર એક જ સત્તા છે એવું લાગ્યા કરે.

એક દિવસે હિરણ્યકશિપુએ પ્રહ્‌લાદને પાસે બોલાવીને પૂછ્યું કે "બેટા, તને કયું જીવન સારું લાગે છે?" પ્રહ્‌લાદ જવાબમાં કહે છે કે:—

तत्साधु मन्येऽसुरवर्य देहिनां सदा समुद्विग्नधियामसद्ग्रहात्‌
हित्वात्मपातं गृहमन्धकूपं वनं गतो यद्धरिमाश्रयेत ॥७-५५॥

અર્થ—અહંતા મમતા રૂપી અસદ્ આગ્રહથી જેની બુદ્ધિ સદા ઉદ્વિગ્ન રહે છે તે પ્રાણીઓને જો કલ્યાણ જોઈતું હોય, તો આત્મ-પતનના હેતુભૂત જે આ ઘરરૂપી અંધારો કૂવો છે તેનો ત્યાગ કરી વનમાં જઈ શ્રીહરિનો આશ્રય લેવો જોઈએ.

એટલે ગૃહસ્થાશ્રમનું જીવન જ એવું છે કે તેમાં હું અને મારું એવો વ્યવહાર બહુ જ કરવો પડે છે. એવા વ્યવહારમાં બીજી સત્તા એટલે માયામાં સત્તા હોય એવું પણ લાગ્યા કરે છે. માણસની વચ્ચે રહી માણસ જેવું થવું સહેલું છે. એકાંતમાં જઈ બ્રહ્મજ્ઞાની થવું પણ સહેલું છે, પણ માણસની વચ્ચે રહીને બ્રહ્મજ્ઞાન રાખવું એ બહુ મુશ્કેલ છે. પાંચમા સ્કંધમાં જ્યાં જડભરતની કથા આવે છે ત્યાં પણ જડભરત રહુગણ રાજાને કહે છે કે, "હું હરણનો સંગ કરનારો

મયા જન્મમાં હરણ થઈ ગયો હતો, તેથી આ જન્મમાં માણસના સંસર્ગથી શંકાવાળો રહું છું કે કદાચ ફરીથી માણસ થઇ જાઉં. તેથી અસંગ ભાવથી રહું છું અને મારું જ્ઞાન પણ છૂપું રાખું છું." (૫-૧૨-૧૫).

પ્રહ્લાદ પોતાના પિતાને એમ કહે છે કે ગૃહસ્થાશ્રમીઓએ વાનપ્રસ્થ-આશ્રમમાં આવવાની તૈયારી કરવી જ જોઈએ. સરકાર પણ ૫૫ વર્ષે નોકરોને રિટાયર કરે છે વાનપ્રસ્થઆશ્રમનો મુખ્ય ધર્મ તપ, બ્રહ્મચર્ય, વૈરાગ્ય અને સત્સંગ છે. વાનપ્રસ્થઆશ્રમવાળાએ સંન્યાસ આશ્રમમાં પહોંચવાની તૈયારી કરવી જોઇએ, તેથી તેમણે ગૃહસ્થીઓનો સંગ ઓછો કરવો જોઇએ અને સંન્યાસીઓનો સંગ વધારે કરવો જોઈએ.

પહેલાં આપણે કેવા થવું છે તે નક્કી કરવું જોઇએ. એ બાબત જ્યાં સુધી નક્કી નહિ થાય ત્યાંસુધી આપણી જિંદગી નાવિક વગરના વહાણની માફક સંસારના સમુદ્રમાં આમ તેમ ડોલ્યા કરશે. એ બાબત નક્કી કરવા માટે આપણા જીવનનો હેતુ સમજવો જોઇએ અને જીવનનો હેતુ સમજવા માટે જીવનમાં કેટલાં સુખ છે અને કયું સુખ સાચું છે એ સમજવું જોઇએ. આ બાબત વર્ણાશ્રમધર્મવાળા બહુ સ્પષ્ટ કરીને સમજાવી શકે છે. શાસ્ત્રનું પ્રમાણ આપી તેઓ કહે છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ છે, તેમાંથી ૪ જાતનાં સુખ નીકળે છે, તેમાં પહેલાં ત્રણ સુખ અનિત્ય છે અને ચોથું નિત્ય છે. આ બાબત નારદજીએ પ્રહ્લાદને ગર્ભમાં સંભળાવી હતી. હાલના વખતમાં કોઇ સ્ત્રીને જ્યારે અધરણી આવે છે ત્યારે તે અગૃહિની થાય છે એટલે ઘરના કામને લાયક રહેતી નથી. તે વખતે તેને સારું જ્ઞાન આપવામાં આવ્યું હોય તો ગર્ભમાં રહેલ બાળકને પણ તે જ્ઞાન મળે છે. પણ એવી રીતે માણસની બીજ-અવસ્થા સુધારવાની કોઇ મહેનત કરતા નથી. મેડમ મોન્ટેસોરી સાથે અમારે એક વખત અમદાવાદમાં વાર્તાચિત કરવાનો પ્રસંગ મળ્યો હતો ત્યારે

મોન્ટેસોરી નાની ઉંમરથી બાળકોને કેમ કેળવવાં તે બાબત સમજાવતાં હતાં. તેમણે અમને કહ્યું કે, "A child is a wounderful divine being" એટલે બાળકમાં આશ્ચર્યકારક દિવ્યતા રહેલી છે. અમે કહ્યું કે, "એ દિવ્યતા પ્રગટ થવા અમે જે માબાપ થવાનાં હોય તેમના વિવાહથી ધ્યાન રાખીએ છીએ અને બાળકને ગર્ભમાં સારું જ્ઞાન મળે તેની સંભાળ રાખવા માટે અમારાં શાસ્ત્રોમાં વિધિ બતાવેલી છે." પણ એવા નમુના હાલના કાળમાં અમે મોન્ટેસોરીને બતાવી શકીએ તેવું નથી. હાલની કેળવણી અને સમાજની દુર્દશા એવી છે કે પ્રહ્લાદના જેવા માણસોને બદલે હિરણ્યકશિપુ જેવા માણસો તૈયાર થાય છે. થોડા વખત પહેલાં સાબરમતી નદીમાં એક બહુ મોટું તડબુચ પાકયું હતું. તે વ્યાજબી કિંમતે વેચવામાં આવ્યું હતું પણ વેચનારે એવી શરત કરી હતી કે ખરીદનારે તેનાં બી વેચનારને પાછાં આપવાં, જેથી તે બીમાંથી બીજાં સારાં તડબૂચ ઉગાડી શકાય, પણ માણસનું બી સારૂં થાય અને તે સાચવી શકાય તેને માટે કોણ પ્રયત્ન કરે છે?

હિરણ્યકશિપુએ પ્રહ્લાદની વાત સાંભળી શિક્ષકોને કહ્યું કે બાળકોની બુદ્ધિ બીજાના જ્ઞાનથી બગડી જાય છે માટે આને નિશાળમાં લઇ જાઓ અને તેના ઉપર બરોબર દેખરેખ રાખો અને ગુપ્ત રૂપથી વિચારવાળા વિષ્ણુના પક્ષપાતી માણસો (એટલે સાધુ. સંન્યાસીઓ) આની બુદ્ધિ બગાડે નહિ તેની બરાબર સંભાળ રાખો (૭–૫–૭)

પછી શિક્ષકોએ પ્રહ્લાદને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, "બેટા પ્રહ્લાદ! તારું કલ્યાણ થાઓ, તું અમને બરાબર જવાબ દે, તારે જૂઠું બોલવું નહિ, તારી બુદ્ધિમાં બીજા બાળકો કરતાં આવો ઊલટો ફેર કેમ જણાય છે? આ તારો બુદ્ધિભેદ કોઈ બીજાનો કરેલો છે કે સ્વયં થયો છે. જો, અમે તારા ગુરું છીએ, માટે અમને ખરી હકીકત કહે. (૭–૫–૧૦)

પ્રહ્લાદ કહે છે કે "જેની બુદ્ધિ મોહથી ઢંકાઈ ગઇ છે એવા પુરુષોને જે ભગવાનની માયાથી આ મારું છે, આ પારકું છે એવો મિથ્યા દુરાગ્રહ થાય છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું વળી...

स यदानुव्रतः पुंसां पशुबुद्धिर्विभिद्यते ।
अन्य एष तथान्योऽहमिति भेदगतासती ॥ ७-५-१२

અર્થ—'જ્યારે એ પ્રભુનો જીવો ઉપર અનુગ્રહ થાય છે ત્યારે હું અને બીજા એવી તેની મિથ્યા પશુબુદ્ધિ નષ્ટ થઇ જાય છે." આત્મા એક છે છતાં બુદ્ધિહીન પુરુષો આ મારું છે, આ પારકું છે, એ પ્રકારે નિરૂપણ કરે છે. ભગવાનની લીલા બહુ દુર્જ્ઞેય છે. એના માર્ગમાં બ્રહ્મા વગેરે વેદવાદી ગણો પણ મોહિત થઇ જાય છે. એ પરમાત્માએ મારી બુદ્ધિમાં ભેદ કરેલો છે. જે પ્રમાણે લોઢું પોતે જ લોહચુંબકની પાસે જાય છે તેમ ચક્રપાણિ શ્રીહરિની ઇચ્છાથી મારી બુદ્ધિમાં ભેદ પડી ગયો છે. (૭-૫-૧૪)

પ્રહ્લાદની બુદ્ધિનો ભેદ એટલે અનન્ય ભાવ—અદ્વૈત ભાવ સમજવાનો છે. સાધારણ માણસમાં અન્ય બુદ્ધિ અથવા દ્વૈતબુદ્ધિ હોય છે તેવી બુદ્ધિ પ્રહ્લાદમાં ઉત્પન્ન થતી નહોતી. આ એક ભગવાનની મહાન કૃપા સમજવાની છે. જે જ્ઞાનથી હું અને બીજા એવું ન લાગે એવું જ્ઞાન માણસને મળવું બહુ મુશ્કેલ છે. તેમાં પણ હાલના કાળમાં એવા મહાત્માઓ બહુ જ ઓછા હશે. હાલમાં છેલ્લા ૧૫૦ વર્ષ થયાં પ્રજાને વેપારી સંસ્કારવાળી કેળવણી મળેલ છે અને માત્ર એક ગૃહસ્થાશ્રમમાં જીવન પૂરું થાય છે. વેપારી સંસ્કારવાળા માણસો સાધુ થાય તો પણ વેપારી સંસ્કાર તેમનામાં રહી જાય છે અથવા બહુ આગળ વધે તો ક્ષત્રિયનો સ્વભાવ પ્રાપ્ત કરી બીજા ઉપર હુકમ ચલાવવા માટે અને સમાજમાં નેતા થવા માટે આગળ પડે છે. પણ સત્તા અને હુકમ કરતાં બ્રહ્મજ્ઞાનની કિંમત વધારે છે. ક્ષત્રિયપણામાં પણ સામે અનેક સત્તા જેવું લાગે છે. પણ બ્રહ્મજ્ઞાન પાસે માત્ર એક જ સત્તા રહે છે. એવું જ્ઞાન પ્રહ્લાદે પ્રાપ્ત કર્યું હતું. આવા

જ્ઞાનપૂર્વક વ્યવહારમાં રહેવાથી ઘણી મુશ્કેલીઓ ઊભી થવાનો સંભવ છે તેથી પ્રહ્લાદ ગૃહસ્થાશ્રમીઓને વાનપ્રસ્થઆશ્રમમાં આવવાની ભલામણ કરે છે.

બધા પ્રકારના સત્યાગ્રહ સરખા હોતા નથી. જીસસ ક્રાઇસ્ટ તે વખતના રોમના રાજ્યની અનીતિની સામે થયા હતા. તેના બદલામાં તેમને ઘણું સહન કરવું પડયું. બુદ્ધ તે વખતના રાજાની અહિંસાની સામે થયા હતા અને રાજાનું હૃદય ફેરવી શકયા હતા. શ્રીકૃષ્ણ કંસની અનીતિની સામે થયા હતા અને કંસને મારી શકયા હતા. વસિષ્ઠના સો દીકરા વિશ્વામિત્રે માર્યા છતાં વસિષ્ઠ શાંત રહેવાથી વિશ્વામિત્રનું હૃદય ફેરવી શકયા હતા. જડભરતે રહુગણની આજ્ઞા ન માનીને રહુગણને સુધાર્યા હતા. કોઇપણ દેશમાં મોટા ફેરફાર કોઈ તેજસ્વી તપસ્વી કે જ્ઞાની માણસથી થાય છે. તે પોતાના જ્ઞાનથી અને કર્મથી લોકોને દોરી તેમને નવા અને સારા વિચાર આપે છે.

મ. ગાંધીજીએ લોકોમાં જાગૃતિ લાવવાનો નવો રસ્તો શોધ્યો અને અંગ્રેજોની અનીતિ એટલી જાહેર કરી દીધી કે અંગ્રેજોને હવે હિંદમાં રહેવું ઠીક પડતું નથી. એ એક લાભ થયો છે પણ બીજી બાજુ મુસ્લિમ લીગવાળા જુદા થયા છે. જ્યારે કામ, ક્રોધ અથવા લોભ ઉત્પન્ન થાય છે ત્યારે સત્યાગ્રહનો અર્થ ફરી જાય છે અને માત્ર સામું થવું તેને સત્યાગ્રહ માનવામાં આવે છે.

એવા સત્યાગ્રહોમાં જગતણા એક સત્તાનો અનુભવ થતો નથી. પ્રહ્લાદના સત્યાગ્રહમાં તેને એક સત્તાનો અનુભવ છે.

મનુષ્યની જિંદગી એ એક પ્રકારનું યુદ્ધક્ષેત્ર છે. તેમાં હાર જીત બંને થાય છે. તેમાં લાભ ગેરલાભ બન્ને રહેલા છે. સામાન્ય માણસને તાત્કાલિક લાભ (immediate happiness) વધારે ગમે છે. તે એમ માને છે કે આ જિંદગીમાં જેટલું સુખ ભોગવ્યું તેટલું સાચું, પાછળથી કોને ખબર છે કે શું થશે. આવી વૃત્તિ જિંદગીનો સટ્ટો કરાવે છે, સટોડિયાના જેવો સ્વભાવ કાળનો વિચાર કરતો નથી.

એ ધૃતરાષ્ટ્રનું સ્વરૂપ છે. તેથી ગીતાના પહેલા શ્લોકમાં તેણે પોતાના દીકરાને મામકા કહ્યા અને પાંડવોને માટે પાંડવા શબ્દ વાપર્યો છે. એ જ મહાભારતની લડાઇનું બી હતું.

પ્રહ્લાદે ગુરુઓને કહ્યું કે જેને આ મારું અને આ પારકું લાગે છે તે માણસ બુદ્ધિ વગરનો છે. એ જવાબ સાંભળી ગુરુ ગુસ્સે થયા અને બોલ્યા કે "અરે કોઇ સારી લાકડી લાવો. આ વિદ્યાર્થી અમને અપજશ આપવાવાળો છે. આ સામ, દામ કે ભેદથી સુધરે તેવો નથી. આ દૈત્યના કુલરૂપ ચંદનના વનમાં કાંટાના વૃક્ષ જેવો ઉત્પન્ન થયો છે."

આ પ્રકારે અનેક પ્રકારની બીક આપીને પ્રહ્લાદને ત્રિવર્ગનું એટલે ધર્મ, અર્થ અને કામ (politics, economics and sociology)નું જ્ઞાન આપવું શરૂ કર્યું. થોડો વખત ગયા પછી પ્રહ્લાદ ઠીક શીખી ગયો હશે એમ માની તેને સારાં કપડાં પહેરાવીને તેના પિતા હિરણ્યકશિપુની પાસે લાવવામાં આવ્યો. હિરણ્યકશિપુએ પૂછ્યું કે, "બેટા પ્રહ્લાદ, આટલા દિવસમાં તું ગુરુ પાસેથી જે કાંઇ શીખ્યો હોય તેમાંથી મને સારી સારી વાતો સંભળાવ."

પ્રહ્લાદે જવાબ આપ્યો કે, "પિતાજી, ભગવાન વિષ્ણુનું શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વન્દન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન કરવું એ તેની નવ પ્રકારની ભક્તિ છે. જો કોઈ પુરુષ આ નવ પ્રકારની ભક્તિનું શરણાગતિથી આચરણ કરે તો તે અભ્યાસ હું સર્વથી શ્રેષ્ઠ માનું છું."

ઉપરની નવ પ્રકારની ભક્તિ નીચેના ભક્તોએ કરી બતાવેલ છે.

૧. શ્રવણભક્તિ=પરીક્ષિતની
૨. કીર્તનભક્તિ=શુકદેવજીની
૩. સ્મરણભક્તિ=પ્રહ્લાદજીની
૪. પાદસેવન=લક્ષ્મીજીની
૫. અર્ચન=પૃથુ રાજાની

૬. વંદન ભક્તિ=અક્રૂરજીની
૭. દાસભક્તિ=હનુમાનજીની
૮. સખ્યભક્તિ=અર્જુનની
૯. આત્મનિવેદન=બલિરાજાની

આંહી પ્રહ્લાદજીએ સારામાં સારો અભ્યાસ કોને કહેવો તે સ્પષ્ટ રીતે જણાવેલ છે. જેઓને બી. એ. અથવા એમ. એ. થવું હોય તેમને તે માર્ગે જવા પહેલાં પ્રહ્લાદનો આ શિખામણ માનવા જેવી છે. ભક્તિના આવા અભ્યાસમાં મુખ્ય શરણાગતિ છે. શરણાગતિ વગર અહંકારની સત્તા તૂટતી નથી, તેથી ભાગવતમાં હિરણ્યકશિપુના અહંકારની સામે પ્રહ્લાદની શરણાગતિનો નમૂનો મૂકેલો છે. દરેક વ્યક્તિ કોઇ ને કોઈ રૂપમાં શરણભાવ રાખે છે. તેમાં ભેદ એટલો છે કે આસ્તિક માણસ જરૂરી વસ્તુ અથવા મુખ્ય વસ્તુ તરફ ધ્યાન રાખે છે, નાસ્તિક માણસ પોતાની ઇચ્છાઓ પૂરી કરવા પ્રયત્ન કરે છે. જરૂરી વસ્તુ એક હોય છે, ઇચ્છાઓ અનેક હોય છે. જરૂરી વસ્તુ આત્મા છે, તેનો સાક્ષાત્કાર થયા પછી ફરી તેની ઉત્પત્તિ રહેતી નથી, અને ઇચ્છા પૂરી કરવા જનાર માણસ શક્તિ વગરનો થતો જાય છે. શરણાગત માણસ જ્યારે પ્રભુને શરણ થાય છે, ત્યારે ઇચ્છાઓની નિવૃત્તિ થાય છે અને જે આત્મા પ્રાપ્ત છે તેની પ્રાપ્તિ થાય છે. આત્મામાં ખરી સત્તા છે તેથી તેને પોતાના અસ્તિત્વ માટે બીજા ઉપર આધાર રાખવો પડતો નથી. તે પરમ સત્ય છે. ઇચ્છા આસક્તિથી ઉત્પન્ન થાય છે. તેથી ઇચ્છાની નિવૃત્તિ થાય છે પણ પૂર્તિ થતી નથી. ઇચ્છાવાળો પ્રાણી વિષય-સત્તાથી ભિન્ન કાંઇ જાણતો નથી. એ હિરણ્યકશિપુનું સ્વરૂપ છે.

શરણાગતિ શરૂ થતાં જ અહંકારમાં પરિવર્તન થાય છે. શરણાગતિ એ ભાવ છે, કર્મ નથી. ભાવ અને કર્મમાં એ ફેર રહે છે કે ભાવ વર્તમાનમાં ફળ આપે છે અને કર્મ ભવિષ્યમાં ફળ આપે છે વળી

ભાવનો કર્તા સ્વયં સ્વતંત્રતાપૂર્વક ભાવ કરી શકે છે અને કર્મ સંગઠનથી ઉત્પન્ન થાય છે. સંગઠન અનેક પ્રકારનાં હોય છે. અનેક જાતની નિર્બળતાનો સમૂહ એજ વાસ્તવમાં સંગઠન છે. એ સામાન્ય નિયમ છે હિરણ્યકશિપુ પણ વારંવાર પોતાના સરદારોને મદદ માટે બોલાવતો હતો. પણ પ્રહ્લાદને માત્ર એક સત્તા ઉપર આધાર હતો. સંગઠનમાં પોતાથી ભિન્નની સહાયતાની જરૂર રહે છે. સામાજિક જીવન એવી રીતે જ ચાલે છે. મ. ગાંધીજી પણ જ્યારે દેશમાં સંગઠન અથવા એકતા જોતા હતા ત્યારે પ્રતિકાર કરતા અને જ્યારે સંગઠન તૂટી જતું ત્યારે પોતાની ચળવળ પડતી મૂકતા હતા. પણ પ્રહ્લાદનો સત્યાગ્રહ સત્યને આધારે હતો અને તેમાં સાચી શરણાગતિ હતી. તેને કોઇ સંગઠન કરવાની જરૂર પડી નહોતી.

શરણાગતિ બે પ્રકારની હોય છે:—

૧. ભેદભાવવાળી

૨. અભેદભાવવાળી

ભેદભાવવાળી શરણાગતિ પ્રેમીના એટલે શરણ્યના સ્વીકાર માત્રથી સિદ્ધ થાય છે. અભેદભાવની શરણાગતિ પ્રેમીના એટલે શરણ્યના યથાર્થ જ્ઞાનથી થાય છે. અભેદભાવની શરણાગતિ, શરણાગત થયા પહેલાં જ નિર્વિષય થઇ જાય છે, કેવળ લેશ માત્ર અહંતા શેષ રહે છે અને તે શરણ્ય (પ્રભુ) નાં કૃપાથી નિવૃત્ત થઇ જાય છે. ભેદભાવની શરણાગતિ શરણ થતાં જ અહંકારનું પરિવર્તન કરે છે; એટલે જે જીવ અનેકનો હતો તે એકનો થઇ જાય છે. શરણાગતના હૃદયમાં એ ભાવ રહે છે કે હું તેનો છું, તે નિરંતર સદ્ભાવપૂર્વક રહે છે. એવો નિયમ છે કે જે જેનો થઇને રહે છે તેનું બધું તેના પ્રેમી (પ્રભુ)નું હોય છે અને તે નિરંતર તેના પ્રેમની આશા કરતો રહે છે. જેમ જેમ પ્રેમપાત્રના પ્યારની અગ્નિ વધતી જાય છે તેમ તેમ શરણાગતની અહંતા તે પ્રકારે તદ્રૂપ થઇ જાય છે. જેમ

અગ્નિમાં નાખેલાં લાકડાં અગ્નિથી અભેદ પામે છે તેમ અહંકાર મૂળ સહિત નષ્ટ થતાં ભેદભાવની શરણાગતિ અભેદ ભાવમાં પરિવર્તન પામે છે. શરણાગતિના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છેઃ—

૧. **तस्यैवाऽहम्** હું ભગવાનનો છું.

૨. **ममैवाऽसौ** તે મારા છે.

૩. **स एवाऽहम्** હું અને તે એક છીએ.

પ્રહ્લાદની શરણાગતિ હજુ છેલ્લી દશા સુધી પહોંચી નહોતી. તેને બધા ભગવાનરૂપે લાગતા હતા પણ હું ભગવાન છું એવું લાગતું નહોતું, આ કથા શ્રીમદ્‌ભાગવતની સપ્તાહ વખતે ત્રીજે દિવસે આવે છે. પ્રહ્લાદમાં પરમહંસદશા હતી છતાં છેવટની સ્તુતિમાં તે નૃસિંહ ભગવાનને કહે છે કે હું વિષયોથી બીઉં છું તેથી ચોથા દિવસની કથામાં સાંજે મહાન પરમહંસ શ્રીકૃષ્ણનો જન્મ આવે છે કે જે વિષયોથી પણ બીતા નહોતા,

પહેલી બે શરણાગતિમાં ભેદ છે, છતાં ભક્ત વિભક્ત થતો નથી. જેમ કોઈ પતિવ્રતા સ્ત્રી પિતાના ઘરમાં હોય તો પણ ભાવથી પતિથી વિભક્ત થતી નથી, તેમ ભેદભાવવાળો ભક્ત પણ ભાવથી જુદો થતો નથી. ફેર એટલો રહે છે કે ભેદભાવની શરણાગતિમાં વિરહ અને મિલન એ બન્ને પ્રકારના રસ રહે છે અને અભેદ ભાવની શરણાગતિમાં નિત્ય એક રસનો અનુભવ રહે છે. અનુભવનો અર્થ ઉપભોગ નથી. ઉપભોગ સંયોગથી ઉત્પન્ન થાય છે, ઉપભોગકાળે કર્તામાં ભોક્તાનો ભાવ અવશેષ રહે છે. મિલનનો રસ જેમ જેમ વધે છે, તેમ તેમ ભોક્તાની સત્તા મટતી જાય છે. તેથી ઉપભોક્તા નિર્વાસનાને પ્રાપ્ત થતો નથી પણ શરણાગત નિર્વાસનાને પ્રાપ્ત થાય છે. વાસનાવાળો પ્રાણી શરણાગત થઈ શકતો નથી. શરણાગતને પ્રેમીની જરૂર છે, વાસનાની જરૂર નથી. વાસનાનો જન્મ ભોગમાં આસક્તિ અને પ્રમાદથી થાય છે અને પ્રેમી અથવા આશ્રયનો પરિચય, ભોગમાં આસક્તિ મટે ત્યારે મળે છે. સૂર્યનો ઉદય અને અંધકારની

નિવૃત્તિ જેમ સમકાળે થાય છે તેમજ પ્રમાણે ભોગની આસક્તિની નિવૃત્તિ અને આશ્રયની જાગૃતિ એ પણ સમકાળે થાય છે. પ્રહ્લાદના સત્યાગ્રહમાં અને તેની શરણાગતિમાં સંસારના ભોગની નિવૃતિ હતી અને આશ્રયની જાગૃતિ હતી. મ. ગાંધીજીના સત્યાગ્રહમાં સંસારના ભોગ ઉપર વૈરાગ્ય રાખવાનું બહુ કહેવામાં આવતું નથી, અને તેથા પરમાત્મારૂપી આશ્રયની જાગૃતિ પણ બરાબર થતી નથી.

શરણાગત ભક્ત શરણાગતિનો ત્યાગ ન કરવામાં વિવશ થઈ જાય છે. એ ભેદભાવની શરણાગતિ છે. શરણાગત થતાં અનેકભાવ એકભાવમાં લીન થઇ જાય છે. તે વખતે બે પ્રકારના જીવનનો અનુભવ મળે છે. એક તેનું વાસ્તવિક જીવન, બીજું તેનો અભિનય (એટલે સંસારનું નાટક). શરણાગતનું વાસ્તવિક જીવન એ પ્રેમીનો પ્યાર છે. તેનો અભિનય એ ધર્મ પ્રમાણે વિશ્વની સેવા છે. અભિનય કર્તા (નાટકની માફક) પોતાના આત્મસ્વરૂપને ભૂલતો નથી અને, અભિનયમાં (એટલે સંસારરૂપી નાટકમાં) તેને જીવનબુદ્ધિ થતી નથી. તે વખતે શરણાગત સર્વ પ્રકારે બધી તરફથી વિમુખ થઇને પોતાના પ્રેમી (એટલે શરણ્ય)ની સન્મુખ થઇ જાય છે.

જેમ નદી સમુદ્રમાં મળીને મોટી થાય છે, બી ઝાડરૂપ થઈને મોટું થાય છે, તેમ હદમાં રહેલ જીવ. બેહદમાં રહેલ સત્યને શરણુ થવાથી મોટો થાય છે. પણ શરણાગત ભાવ નિર્વિકલ્પ થવો જોઈએ. કારણ કે સદ્ભાવમાં અથવા સત્યમાં વિકલ્પ બની શકતો નથી. જે સત્યાગ્રહીને સત્ય મળે છે તેનામાં સંકલ્પવિકલ્પ બની શકતા નથી. ભગવાન બધે છે એ બાબતમાં પ્રહ્લાદને જરાપણ વિકલ્પ થતો નહોતો. તેનો સત્યાગ્રહ સાચો હતો. હાલના સત્યાગ્રહમાં ઘણો ભાગ આગ્રહ રહે છે.

શરણાગતનો અહંકાર બળી ગયેલા બીના જેવો રહે છે. કારણ કે તેમાં હદવાળો ભાવ અને કલ્પિતની સત્તા બન્ને મટી જાય છે. હદવાળો ભાવ અને કલ્પિત સત્તા સ્વીકારવાથી અનેક વિઘ્ન

ઉત્પન્ન થાય છે. હદવાળા પ્રેમથી અનેકનો સંહાર થાય છે, તેથી કોઈ દેશને હજુ સાચું સ્વરાજ મળેલ નથી. એક દેશના પ્રેમવાળા બીજા દેશના માણસોનો સંહાર કરે છે. ખરી શરણાગતિમાં અને ખરા સત્યાગ્રહમાં ભગવાન ઉપર આસ્તિકભાવ રહે છે. તેનાથી કલ્પિત સત્તાની નિવૃત્તિ થાય છે અને હદવાળો અહંકાર દૂર થાય છે. તે વખતે અલૌકિક પ્રેમ જાગ્રત થાય છે અને તે વ્યાપક થાય છે. એ જ વાસ્તવમાં માનવજીવન છે. જ્યારે માણસ પોતામાં પ્રભુનો અનુભવ કરી લે છે, ત્યારે ઋષિજીવન શરૂ થાય છે. તે વખતે પ્રેમનું આસ્વાદન પ્રાપ્ત થાય છે.

શરણાગતિ એ અભ્યાસ નથી પણ સદ્ભાવ છે. જ્યારે શરણાગતભાવનો સદ્ભાવ થાય છે. ત્યારે જીવનું હદવાળું જીવન પણ સાધનરૂપ થાય છે. ભક્ત પોતાને માટે પોતાના આશ્રય (પ્રભુથી ભિન્ન કોઇ આશા રાખતો નથી. જ્યારે ભક્ત પોતાને માટે કોઈ વ્યક્ત સમાજ વગેરેની આપેક્ષા કરતો નથી ત્યારે અભિનય (જીવન રૂપી નાટક)ના અંતમાં, એટલે દરેક કાર્યને અંતે, ભક્તના હૃદયમાં આશ્રયના વિરહની અગ્નિ પોતે જ પ્રજ્વલિત થઇ જાય છે, તેથી તેથી શરણાંગત બધું કામ કરતાં છતાં પોતાના શરણ્ય (પ્રભુ)થી વિભક્ત થતો નથી. બારીકાઇથી જોએતો વ્યવહારમાં આવો કોઇ અભ્યાસ નથી કે જેથી સાધક વિભક્ત થતો ન હોય. સંગઠનથી ઉત્પન્ન થતા અભ્યાસમાં અભેદ ભાવ આવતો નથી. તેથી સત્યાગ્રહ વખતે કેટલાક સત્યાગ્રહી ઘણે ભાગે પોતાના અહંકારનો પરિચય આપે છે પણ પ્રહ્લાદની માફક પ્રભુનો પરિચય આપી શકતા નથી.

ખરા શરણભાવમાં અહંકારનું પરિવર્તન થાય છે. જે સાધનથી સાધક પોતાના આશ્રયથી વિભક્ત રહે તે સાચું સાધન નથી. પૂર્ણ સાધન તો તે જ કહેવાય કે જે સાધકને સાધ્યથી વિભક્ત થવા ન દે. તેથી જે સત્યાગ્રહમાં પ્રભુનું વિસ્મરણ જરા પણ ન થાય તે સાચો સત્યાગ્રહ છે. તેથી ભક્તોમાં પ્રહ્લાદની સ્મરણભક્તિ

વખણાય છે. આવો શરણાગતભાવ બધાં સાધનથી ઉત્તમ સાધન છે.

બધી પ્રવૃત્તિ અહંકારથી ચાલે છે, પણ શરણાગતિ વખતે ખરાબમાં ખરાબ અહંકારમાં પણ પરિવર્તન થાય છે. અહંતામાં ફેરફાર થતાં તેમાં રહેલા દોષ મટી જાય છે. વળી જેમ માટી કુંભારને કામ આવે છે તેમ શરણ થયેલ ભકત ભગવાનના ઉપયોગમાં આવે છે. વળી એ પણ નિયમ છે કે જે જેને કામ આવે છે. તેના ઉપર તેને પ્રેમ થાય છે.

જે માણસ શરણ થાય છે તેનામાં કોઇ પણ પ્રકારનું અભિમાન રહેવું ન જોઇએ. દીનતાનું અભિમાન એ પણ અભિમાન છે. શરણાગત દીન થતો નથી, કારણ કે ભગવાને તેનો પૂર્ણ સ્વીકાર કર્યો હોય છે. દાસભાવ કદાચ બંધનનું કારણ બને પણ અભિન્નત્વ અથવા એકત્વ સ્વતંત્રતાનું કારણ છે. જે ભકત ભગવાનથી જુદો રહે છે તે શરણ થયો નથી. જે સ્ત્રી પતિથી જુદી રહે છે તે શરણ થઇ નથી. ભિન્નતા મટતાની સાથે જ સ્વતંત્રતા આવી જાય છે. ભિન્નતાથી અભિમાન આવે છે. સતી સ્ત્રી પોતાના પતિનું નામ લેતી નથી, કારણ કે બન્ને એકજ છે. એકતામાં કોઇ ભય નથી, તેથી શરણાગત પ્રહ્લાદની માફક નિર્ભય થઇ જાય છે.

પ્રહ્લાદ ખરી વિદ્યાપીઠ (university)માં ભણ્યો હતો. તેના ખરા ગુરુ નારદ હતા. તેથી પ્રહ્લાદ ભેદમાં સમજતા નહોતા. હાલની વિદ્યાપીઠોમાં અંગ્રેજીમાં unoversity કહે છે તેનો ખરો અર્થ uni એટલે અભેદ કરી બતાવવો અને બ્રહ્મનો અનુભવ આપવો તે કામ હાલની university કરતી નથી પણ ઉલટું ભેદ વધારીને diversity, કામ કરે છે.

હિરણ્યકશિપુના રાજ્યમાં તો ભેદબુદ્ધિ વધે તેવું જ જ્ઞાન આપવામાં આવતું હતું; પણ પ્રહ્લાદ તે શીખતા નહોતા અને જ્યારે પિતાએ તેને પૂછ્યું કે તું શું ભણ્યો ત્યારે તેણે નવ પ્રકારની ભક્તિનું વર્ણન આપ્યું, તે વખતે હિરણ્યકશિપુને બહુજ ક્રોધ ચડ્યો અને

શંડામર્કે ગુરુને કહ્યું કે "તમે મારી કાંઇ પણ પરવાર કર્યા વગર મારા શત્રુ વિષ્ણુનો આધાર લઈને મારા પુત્રને આવી સાર વગરની વિદ્યા શા માટે ભણાવી ? એટલે મારા રાજ્યમાં universityની જરૂર નથી પણ diversityની જરૂર છે. સંસારમાં ઘણા માણસો કપટ વેશ ધારણ કરીને ઉપરથી મિત્ર બની રહે છે, પણ વખત આવે ત્યારે તેમનો દ્રોહ પ્રગટ થઇ જાય છે."

ગુરુપુત્રોએ કહ્યું કે આપનો પુત્ર (પ્રહ્લાદ) જે કાંઇ કહે છે તે અમારું અથવા બીજા કોઈનું શીખવેલું કહેતો નથી પણ તેની બુદ્ધિ જ એવી છે. માટે આપ આરોપણ કરો નહિ.

પછી હિરણ્યકશિપુએ પ્રહ્લાદને પૂછ્યું કે, આવી અમંગળમય ખોટી બુદ્ધિ તારામાં શી રીતે ઉત્પન્ન થઇ ?

પ્રહ્લાદજી કહે છે કે:—

मतिर्न कृष्णे परतः स्वतो वा मिथोऽभिपद्येत गृहव्रतानाम् ।
अदान्तगोभिर्विशतां तमिस्रं पुनः पुनश्चर्वितचर्वणानाम् ॥
૭-૫-૩૦

અર્થ—જે માણસો અજિતેન્દ્રિય છે અને ચર્વિતચર્વણ ન્યાયથી વિષયોને વારંવાર ભોગવે છે અને વારંવાર સંસારમાં પ્રવેશ કરે છે એવા ઘરમાં આસક્ત પુરુષોની બુદ્ધિ પોતાની મળે, કોઇના શીખવવાથી અથવા પરસ્પર સત્સંગથી પણ ભગવાનમાં લાગતી નથી.

न ते विदुः स्वार्थगतिं हि विष्णुं दुराशया ये बहिरर्थमानिनः
अन्धा यथान्धैरुपनीयमाना वाचीशतन्त्यामुरुदाम्नि बद्धाः ॥
૭-૫-૩૧

અર્થ—જેઓ બહારના વિષયોને મોટા માને છે અને આંધળાને દોરનાર આંધળાની માફક વેદવાણીરૂપ કર્મબંધનમાં પડયા છે તે પણ પરમ પુરુષાર્થરૂપ શ્રીવિષ્ણુને મેળવી શકતા નથી.

नैषां मतिस्तावदुरुक्रमाङ्घ्रिं स्पृशत्यनर्थापगमो यदर्थः ।
महीयसां पादरजोऽभिषेकं निष्किञ्चनानां न वृणीत यावत् ॥
૭-૫-૩૨

અર્થ—જે માણસો પોતાને જ્યાં સુધી નિષ્કંચન મહાપુરુષોની ચરણરજથી નવરાવતા નથી ત્યાંસુધી તેમની બુદ્ધિ ભગવાન ઉરુક્રમના ચરણને સ્પર્શ કરતી નથી. એવા મહાપુરુષોના સંગથી જ સંસારરૂપી અનર્થનો સર્વથા નાશ થઇ શકે છે.

પ્રહ્લાદના આ જવાબમાં ગુરુનું સ્વરૂપ અને અજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કરેલું છે. પાંચમા સ્કંધમાં જડભરતે પણ રહુગુણને એવો ઉપદેશ આપેલો છે. આવા જ્ઞાન માટે બ્રહ્મનિષ્ઠ ગુરુનું શરણ લેવું જોઇએ અને તેની સાથે એકાન્તમાં કેટલોક વખત રહેવું જોઇએ તે સિવાય દ્વૈતભાવ અથવા ભેદભાવ દૂર થઈ શકે તેવું નથી. ભેદભાવમાં રહેલ સંસારી માણસોના સંગથી કોઇને લાભ થયો નથી. એવો કોઈ દોષ નથી કે જે ભિન્નતાથી ઉત્પન્ન ન થાય અને એવો કોઈ ગુણ નથી કે જે એકતાથી ઉત્પન્ન ન થાય. પણ એકતાનો અનુભવ આપે એવી University ક્યાં છે. જ્યાં એવું શિક્ષણ ન મળે તેને University પણ કહી શકાય નહી. જેમ સત્યાગ્રહમાં સત્ય શબ્દ ખોવાઈ ગયેલ છે તેમ University Uni એટલે અદ્વૈત શબ્દ ખોવાઇ ગયો છે.

બધા દોષનું કારણ ભિન્નતા છે, અને બધા સદ્ગુણોનું કારણ એકતા છે.

ભક્તિમાર્ગમાં એકતાનું મુખ્ય સાધન શરણાગતિ છે. જે માણસ ભગવાનને શરણ જતો નથી તેનામાં અહંકાર આવી જાય છે. શરણાગતિ એ નિર્બળનું બળ છે. તે બીજાની સહાયતા વગર પોતાના શરણભાવથી સફળતા મેળવે છે. તે પોતાની પ્રસન્નતા માટે સંગઠનની તરફ નજર કરતો નથી. તેમાં નિર્વાસના, નિર્વૈરતા, નિર્ભયતા, સમતા, મુદિતા વગેરે સદ્ગુણો સ્વતઃ ઉત્પન્ન થવા લાગે છે. શરણાગતિની પહેલી દશા એવી છે કે જીવ પોતાની શક્તિઓનો સદુપયોગ કરે છે અને લક્ષ્યથી નિરાશ થતો નથી? It is the lesson of life that everything in the world

always faled a man. Only the Divine does not fail him, if he turns entirely to the Divine.

શરણાગતિ એટલે આળસુપણું નથી. શરણાગતિનો અધિકારી કેવો હોવો જોઇએ તે બરાબર ધ્યાનમાં રાખવું જોઇએ. કેટલાક પ્રમાદી માણસો એમ માને છે કે આપણે શરણ થવું એ પણ ભગવાનની કૃપા હોય તો થાય, એમ માની તે આળસુ થઈ જાય છે. એ સાચી દશા નથી. જેને ભક્ત થવું છે તેણે પોતાની વર્તમાન સ્થિતિનો બરાબર સદુપયોગ કરવો જોઇએ. આવો માણસ જ શરણ થઈ શકે છે. જે માણસ પ્રતિકૂલ સંજોગોમાં ચિંતાતુર થઇ જાય છે અને પોતના જીવનને સાધનરૂપ કરી શકતો નથી અને સંસારની થોડીક અનુકૂળતામાં આસક્ત થઈ જાય છે અને જે પોતાના સંજોગોમાં હાર સ્વીકારી લે છે તથા લક્ષ્યથી નિરાશ થઈ જાય છે તે, આસ્તિક નથી અને શરણાગત પણ નથી.

પ્રહ્લાદનો જવાબ સાંભળીને હિરણ્યકશિપુને ઘણો ક્રોધ ચડ્યો. તેણે પુત્રને પૃથ્વી ઉપર ફેંકી દીધો અને લાલચોળ આંખો કરી પોતના દૂતોને બોલાવીને કહ્યું કે, "આ બાળકનો વધ કરો. તેને આંહીંથી બહાર કાઢો અને મારી નાખો. મારા ભાઇને મારનાર વિષ્ણુની એ દાસની માફક પૂજા કરે છે. આપણા શરીરનો કોઇ પણ ભાગ બગડી ગયો હોય તો આપણે તે દાકતર પાસે કપાવી નાખીએ છીએ. તેમ આ પુત્ર અમારા કુલમાં રોગની માફક ઉત્પન્ન થયો છે. માટે તેને મારી નાખવો જોઇએ. તેને કોઇ પણ ઉપાયથી મારી નાખો. ઝેર દઇને, શસ્ત્રથી અથવા પહાડ ઉપરથી ફેંકીને મારી નંખાવો. જેમ મુનિજનોને વાસ્તે તેમની ચંચળ ઇંદ્રિયો શત્રુનું કામ કરે છે, તેમ હું આ પુત્રને શત્રુ માનું છું."

આવી કડક આજ્ઞા થયા છતાં પણ પ્રહ્લાદના મનમાં પરમ શાંતિ હતી. તેનો સત્યાગ્રહ સાચો હતો કારણ કે તેની શરણાગત

સાચી હતી. ખરો સત્યાગ્રહ એ છે કે જેમાં પોતાને માટે પોતાથી જુદી કોઇ વસ્તુની જરૂર ન રહે. ભિન્નતાથી એકતા થઇ શકતી નથી. જો માણસ દોષયુક્ત અહંતા સ્વીકારી લે તો દોષયુક્ત પ્રવૃત્તિ પણ બની રહે છે. વ્યવહારમાં કલ્પિત ભેદ બને છે પણ વસ્તુનો ભેદ બની શકતો નથી. જ્યારે આપણે આપણને કોઇ હદમાં બાંધી લઇએ છીએ ત્યારે અસ્વાભાવિક ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે અને પછી તેવી દશામાં આપણું બંધન ઉત્પન્ન થાય છે. તે વખતે હૃદયમાં દીનતા અને અભિમાન બંને ઉત્પન્ન થાય છે. દીનતા વિષયો તરફ ચાલી જાય છે અને અભિમાન ભગવાન તરફ ચાલે છે. શરણ થયેલો માણસ દીનતા ભગવાન તરફ રાખે છે. અભિમાનીને સંગઠનની જરૂર પડે છે તેથી હિરણ્યકશિપુએ પોતાની મદદ માટે દૂતોને બોલાવ્યા, પણ પ્રહ્લાદને કોઇની મદદની જરૂર લાગી નહિ. તેણે એવું જ્ઞાન મેળવ્યું હતું કે આખા જગતમાં એક જ સત્તા વ્યાપી રહેલ છે. વિષયી માણસો ચાલુ જીવનનો ઉપભોગ કરે છે, ભક્ત અને જિજ્ઞાસુ તેને સાધનરૂપ માને છે, સાધારણ જીવો વર્ણ, આશ્રમ, સંપ્રદાય, સંસ્થા, જાતિ, દેશ, સમાજ વગેરે દશાને જીવન માની લે છે પણ વાસ્તવમાં એ બધી દશા છે, એ નાટક છે, જીવન નથી. તેથી બહારનું જીવન ફેરવવા કરતાં પોતાની પ્રવૃત્તિ ફેરવવાની જરૂર છે. સંગઠનમાં પારણામી રસ રહે છે, પણ જે નીત્ય આનંદ કેવળ ત્યાગથી પ્રાપ્ત થાય છે તેને માટે ભવિષ્યની આશા કરવી એ માત્ર પ્રમાદ છે.

જે માણસ પોતાની ભૂલ જોઇ શકતો નથી તે માણસ નથી, જે પોતાની ભૂલ જોઇને તે દૂર કરવાનો પ્રયત્ન કરતો નથી તે પણ માણસ નથી. જેના જીવનમાં કોઈપણ જાતની ભૂલ નથી તે પણ માણસ નથી. પ્રહ્લાદને જ્યારે ખોટું શિક્ષણ નિશાળમાં આપવામાં આવ્યું ત્યારે તેણે તે શિક્ષણ લીધું નહિ. અજ્ઞાન મળે અથવા મિથ્યા જ્ઞાન મળે

તેની સામે સત્યાગ્રહ કરવો એ ખરો સત્યાગ્રહ છે. કારણ કે સ્વપ્નમાં જેમ ખોટું જ્ઞાન થોડો વખત પ્રમાણ થઇ જાય છે, તેમ જાગ્રતમાં પણ ખોટું જ્ઞાન થોડો વખત પ્રમાણ થઈ જાય છે. કામનાઓની ઉત્પત્તિઓનું મૂળકારણ અજ્ઞાન છે. એ ખરા જ્ઞાનનું કમીપણું છે. કામનાની પૂર્તિથી ફરી કામના ઉત્પન્ન થાય છે. કામનાઓની પૂર્તિ કર્મ અથવા સંગઠનથી થાય છે, પણ કામનાઓની નિવૃત્તિ તત્ત્વજ્ઞાનથી થાય છે. અહંકારની કામના ઉત્પન્ન થાય છે અને કામના પ્રવૃત્તિનું રૂપ ધારણ કરી સુખની પ્રતીતિ કરાવે છે, પણ તેમાં એકતા થતી નથી. તેથી કામનાઓની નિવૃત્તિ કરવી જોઇએ અને એવી નિવૃત્તિ માટે સાચા જ્ઞાનની જરૂર છે. હાલમાં કોઈ સત્યાગ્રહી સાચા જ્ઞાન માટે સત્યાગ્રહ કરતા નથી. જે પરમ સત્ય સાચા જ્ઞાનથી પ્રાપ્ત થાય છે તે સત્યને માટે જે સત્યાગ્રહ કરવામાં આવે તે જ સાચો સત્યાગ્રહ છે. સત્યમાં ભેદ બનતો નથી. એવા અભેદ અનુભવ માટે દઢતા રાખવી અને જે મુશ્કેલીઓ આવે તે સહન કરી આગળ વધવું એ જ ખરો પુરુષાર્થ છે.

પ્રકરણ ૧૩

એક સત્તાનો અનુભવ

Experience of one-power-Government

ઑગસ્ટ ૧૯૪૭ નો મહિનો હિંદુસ્થાનને માટે સ્વરાજનો મહિનો હતો. પણ સ્વરાજ એટલે શું? તેનો વિચાર કરવાની જરૂર છે. સ્વરાજ એ એક સાધન છે. તેનાથી માણસના જીવનના મુખ્ય ઉદ્દેશ પાર પડવા જોઇએ. માણસના જીવનમાં નીચે પ્રમાણે બે મુખ્ય ઉદ્દેશ છેઃ—

૧. જીવન પૂરું થાય ત્યાં સુધીમાં જે જાણવાનું હોય તે જાણી લેવુ જોઇએ, એટલે જ્ઞાન પૂરેપૂરું થવું જોઇએ.

૨. જે મેળવવાનું હોય તે મેળવી લેવું જોઈએ. એટલે ટૂંકામાં જ્ઞેયસમાપ્તિ અને ધ્યેયસમાપ્તિ થવી જોઈએ પ્રજાસત્તાક રાજ્યનો પ્રયોગ હિંદુસ્તાનમાં આ પહેલો જ છે. તેનાથી ઘણા માણસો એમ માને છે કે હક્ક વધારે મળ્યા છે, પણ તેની સાથે જવાબદારી પણ ઘણી વધી છે. કોઇ માણસને પરણવું હોય તો બીજા કોઈ માણસે ઘણી મહેનતે મોટી કરેલી કન્યા પરણનારને તેટલી મહેનત વગર મળે છે પણ તે હક્કની સાથે તે સ્ત્રીનું ભરણપોષણ કરવાની અને રક્ષણ કરવાની જવાબદારી પણ રહે છે અને છોકરાંની સંભાળ રાખવાની જવાબદારી પણ વધે છે. સ્વરાજના હક્કની સાથે ૪૦ કરોડની પ્રજાની જરૂરિયાતો પૂરી કરવાની જવાબદારી પણ માથે આવેલ છે. એ જવાબદારી બહુ અઘરી લાગી તેથી જ અંગ્રેજોએ આંહીંનું રાજ્ય મૂકી દીધેલ છે. તેઓ આપણને જેટલા હક્ક આપતા ગયા છે તે કરતાં વધારે જવાબદારી આપી ગયા છે. સ્વરાજ બરાબર ચલાવવા માટે પ્રજામાં સંસ્કાર જોઇએ અને પ્રજામાં સારા સંસ્કાર નાખવા એ અઘરામાં અઘરું કામ છે. ઘણા માણસોને સંસારના વિષયોનું સુખ ગમે છે. તેનાથી વસ્તી વધે છે અને સંયમ ઘટે છે. આવી અઘરી બાબતોમાં એકલું રાજ્ય શું કરી શકશે? તેથી ધર્મની જરૂર પડશે. પણ ઘણા ધર્મવાળા સાધનને ફળ માની બેઠા છે. તેથી આગળ વધી શકતા નથી, અને આપણા રાજ્યબંધારણની ૨૮ મી કલમમાં એવી આજ્ઞા કરેલ છે કે રાજ્યના ખર્ચે ચાલતી કોઇ શાળામાં ધર્મનું શિક્ષણ આપવામાં આવશે નહિ. તેથી ધર્મ ફેલાવવા માટે સાચા ધર્માચાર્યોને શોધવા પડશે. તે સિવાય પ્રજામાં સંસ્કાર આવશે નહિ અને સંસ્કાર વગર સ્વરાજ ટકશે નહિ. માણસની જીંદગી બહુ ટૂંકી હોવાથી સારા સંસ્કાર વગર જ્ઞાનની સમાપ્તિ થતી

નથી અને મેળવવાનું મળી શકતું નથી. ખોટા સંસ્કારવાળો માણસ માત્ર ખોટા સુખમાં જીવન ગાળે છે અને પશુ જેવો થાય છે.

કલ્પિત વસ્તુને પણ નિજ સ્વરૂપના સાન્નિધ્ય માત્રથી સત્તા મળી જાય છે જેમાં સત્તા લાગે છે તેમાં પ્રિયતા ઉત્પન્ન થાય છે અને જેમાં પ્રિયતા ઉત્પન્ન થાય છે તેમાં સત્તા લાગે છે. કલ્પિત વસ્તુમાં આસક્તિ એ જ પરતંત્રતા છે. બધી પરિણામી ક્રિયાઓનો જન્મ અસ્વાભાવિક કલ્પિત સત્તાના આધાર ઉપર છે. તેથી દોષયુક્ત અહંકાર મટાડવાની જરૂર છે કે જેથી ખોટી ચેષ્ટાઓનો અંત આવે અને આત્માનો અનુભવ મળે. અહંકાર એ હિરણ્યકશિપુનું સ્વરૂપ છે. તે તરત મરે તેવો નથી. જો કે પ્રવૃત્તિઓ બદલવાથી અહંતા થોડીક બદલે છે પણ અહંતા બદલી શકાય તો પ્રવૃત્તિઓ તદ્દન બદલાઈ જાય છે. તેથી અહંકારરૂપી હિરણ્યકશિપુની સામે નિરહંકારી પ્રહ્લાદનું જીવન સાતમા સ્કંધમાં આપેલ છે.

પ્રહ્લાદનો સાધારણ માણસો કલ્પિત એકતાનો સ્વીકાર કરે છે. સગાંસંબંધી સાથે જે સંબંધ બંધાય છે તે કલ્પિત એકતા છે. તેનો સ્વીકાર ન થાય તો તે મટી જાય છે. જનમ્યા ત્યારે કોઈ સગાં હોતાં નથી, મરણ પછી હોતાં નથી પણ વચ્ચમાં લગભગ દરેક વાતચીતમાં પહેલી વાત સંબંધની આવે છે. અમારે તો અમુકની સાથે બહુ જ ધાટો સંબંધ છે, એવી રીતે ઘણી વાતો શરૂ થાય છે. સ્વપ્નમાં પણ એવો સંબંધ ઉત્પન્ન થાય છે અને તેથી અનેક સત્તા જેવું જણાય છે.

ખરી રીતે સ્વપ્નમાં કર્તા એક છે, છતાં અજ્ઞાનથી તે બાબતની ખબર રહેતી નથી. જાગ્રતમાં પણ કર્તા એક છે, તેનું લક્ષ્ય પણ એક છે, પરંતુ જીવનને સાધનરૂપ ન કરવાથી માણસની બધી ક્રિયાઓ એક લક્ષ્યમાં લય પામતી નથી. તેથી માણસ અનેક જાતની વાસનાઓમાં બંધાઇ જાય છે. સામાન્ય ક્રિયાનું જીવન પશુજીવન છે, ભાવનું

જીવન માનવજીવન છે અને જ્ઞાનનું જીવન સુખી જીવન છે, તેથી પહેલાં જ્ઞાન ઠીક કરી લેવું જોઈએ.

નિત્ય જીવન માટે અનિત્ય જીવનનો અંત કરવો જોઈએ. તેથી ગૃહસ્થાશ્રમ પછી તરત વાનપ્રસ્થ આશ્રમમાં આવવું જોઈએ અથવા પ્રહ્લાદની માફક બહુ સારાં પુણ્ય હોય તેતો નાની ઉંમરમાં જ સાચું જ્ઞાન મેળવી લેવું જોઈએ. અનિત્ય જીવન પરિણામી વિષયો તરફ લઈ જાય છે છતાં વિષયો મળતા નથી, કારણ કે તે વિષયો મળ્યા પછી શકિત કમ થાય છે, પ્રાપ્ત કાંઈ થતું નથી. કોઈને આપણે પૂછીએ કે વિષયો તરફ શા માટે દોડો છો ? તો તે જવાબ આપે છે કે એવી ટેવ પડી ગઈ છે. ટેવનું કારણ સંસારના અભ્યાસથી ઉત્પન્ન થયેલ આસકિત છે. એવા અભ્યાસનું કારણ ખોટો અહંકાર છે. ક્રિયા લક્ષ્યની અપ્રાપ્તિકાળમાં જ થાય છે. જેને આત્મા નિત્ય પ્રાપ્ત લાગે છે તેનામાં ત્યાગવૃત્તિ ઉત્પન્ન થાય છે. ત્યાગ અને ભકિતથી યથાર્થ જ્ઞાન થાય છે અને યથાર્થ જ્ઞાન થાય ત્યારે બધે એક સત્તા લાગે છે.

પ્રહ્લાદને નાની ઉંમરમાં (ગર્ભ–અવસ્થામાં) નારદજીએ સાચું જ્ઞાન આપ્યું હતું, તેથી તેને બધે એક પરમાત્મા દેખાતા હતા. જે જ્ઞાનથી હું અને બીજા દેખાય એવું જ્ઞાન સ્વીકારવાની તેણે ના પાડી હતી તેથી હિરણ્યકશિપુનો ક્રોધ વધ્યો હતો અને તેણે પોતાના દૂતોને આજ્ઞા કરી કે પ્રહ્લાદને મારી નાખો. એ આજ્ઞા પ્રમાણે તેના રાક્ષસો હાથમાં ત્રિશૂળ લઈને "મારો કાપો" એમ બોલતા ખડા થઈ ગયા અને પ્રહ્લાદના માથા ઉપર પ્રહાર કરવા લાગ્યા. આ વખતે પ્રહ્લાદનું ચિત્ત અનિર્વાચ્ય સર્વાત્મા ભગવાન પરબ્રહ્મમાં લીન હતું. તેથી જેમ પુણ્ય વગરના માણસોની ક્રિયાઓ નિષ્ફળ જાય છે તેમ એ બધા ઘા નકામા થઈ ગયા. (૭–૫–૪૧)

પ્રહ્લાદને કાંઇ અસર થતી નથી એમ જાણી હિરણ્યકશિપુને વધારે ક્રોધ ચડયો અને તેને મારવા માટે બીજા અનેક ઉપાયો લેવામાં આવ્યા. એટલે હાથીઓના પગ નીચે અનેકવાર પ્રહ્લાદને કચરાવ્યા, સર્પો કરડાવ્યા, કેટલાક મંત્રોના અભિચાર કરાવ્યા, પર્વતો ઉપરથી ફેંકી દીધા, અનેક જાતની માયાના પ્રયોગ કર્યા, અંધારી કોટડીમાં બંધ રાખ્યા, ઝેર આપ્યાં, ઉપવાસ કરાવ્યા, બહુ ઠંડીમાં રાખ્યા, બહુ ગરમીમાં રાખ્યા, સમુદ્રમાં ડુબાવ્યા, છતાં એ નિર્દોષ બાળકનો કોઇ ઘાત કરી શકયા નહિં. કારણ કે પ્રહ્લાદ ભગવાનની એક સત્તા માનીને તે નિશ્ચયથી રહેતા હતા.

ધર્મ ધર્માત્માથી શોભે છે. ધર્મ એ જીવન છે, એ પાઠ નથી. જે ખરો ધર્માત્મા હોય છે તેને બીજા કોઇની મદદની જરૂર પડતી નથી. આસ્તિક માણુસ એકને શરણે રહે છે. નાસ્તિક માણુસ અનેકને શરણે રહે છે. આસ્તિક માણુસ માત્ર એક સત્તાને જ માને છે. તે સત્તા પોતાનો પરિચય આપવામાં સ્વતંત્ર છે. વળી શરણાગતનો અહંકાર બળી ગયેલા બી જેવો રહે છે, તેમાં હદવાળો ભાવ અને કલ્પિતની સત્તા બંને મટી જાય છે. હદવાળો ભાવ અને કલ્પિતની સત્તા સ્વીકારવાથી અનેક વિઘ્નો ઉત્પન્ન થાય છે. માયાના પરિમિત સૌંદર્યમાં સંતોષ રાખવાથી કામ ઉત્પન્ન થાય છે. કામ ઉત્પન્ન થયા પછી જીવ પોતાને હદમાં બાંધી લે છે. તે પ્રમાણે સંકલ્પ ઉત્પન્ન થાય છે અને તે પ્રમાણે ઇંદ્રિયો વગેરેની પ્રવૃત્તિ થાય છે. તેથી જગતમાં જાણે કે ઘણી સત્તા હોય તેવું લાગે છે.

ભોગમાં અરુચિ ઉત્પન્ન થાય ત્યારે યોગ પ્રાપ્ત થાય છે અને પછી જ્યારે ભોક્તાનો અંત થાય એટલે બાધ થાય ત્યારે તત્ત્વજ્ઞાન અને નિત્યજીવનનો અનુભવ મળે છે. યોગ કરતાં પણ જ્ઞાનની કિંમત વધારે છે. યોગ પુરુષતંત્ર છે, જ્ઞાન વસ્તુતંત્ર છે. યોગ અવસ્થા છે, જ્ઞાન સ્વરૂપ છે. અવસ્થાનું ઉત્થાન થાય છે, સ્વરૂપનું ઉત્થાન થતું નથી.

નિર્વિકલ્પ જ્ઞાન સ્વરૂપ છે અને નિર્વિકલ્પ સ્થિતિ એ અવસ્થા છે. નિર્વિકલ્પ અવસ્થામાં કારણ શરીરનો સંબંધ લેશમાત્ર રહે છે. તેથી દીર્ઘકાળ સમાધિ રહેવા છતાં ઉત્થાનનો સંભવ છે. પણ અવસ્થાનો ભેદ મટે તો આપણે નિત્ય જીવનનો અનુભવ કરી શકીએ. એ દશામાં વિયોગનો ભય લેશમાત્ર રહેતો નથી વ્યુત્થાનદશામાં પણ એક બ્રહ્મદર્શન રહે છે. એવી દશા પ્રહ્લાદે પ્રાપ્ત કરી હતી. તે માટે આ મારું અને આ બીજાનું એવું જ્ઞાન રાખવું જોઈએ નહિ.

સાચા જ્ઞાનથી સંસારનું બંધન છૂટી જાય છે અને ધ્યાનથી આનંદનો અનુભવ મળે છે. બંધન તૂટતાં સંસારની વાસનાઓનો ત્યાગ થાય છે. તેથી જ્ઞાન થયા પછી ધ્યાન સ્વયં થાય છે. અનુભવજન્ય જ્ઞાન એને સાચા જ્ઞાનનું સ્વરૂપ છે. બુદ્ધિજન્ય જ્ઞાન અને ઇંદ્રિયજન્ય જ્ઞાન એ જ્ઞાનનો ગુણ છે. તેથી તેમાં વધઘટ થાય છે.

વિષયોમાં સુખનો ભાવ અવિચારથી થાય છે. અવિચાર એ જ્ઞાનની ખામી બતાવે છે. અને જ્ઞાનની ખામી એ પોતાને શરીર માનવાથી ઉત્પન્ન થાય છે. આ બધાં કારણોથી રાગ થાય છે.

મ. ગાંધીજીએ પોતાનું જીવન ભક્તિના સાધન જેવું બતાવેલ હતું અને દેહનો રાગ ઘણો છોડેલ હતો. છતાં સંસારના સુખને તેમણે મિથ્યા માનેલ નહોતું, તેથી તેમના સત્યાગ્રહમાં એક સત્તાનો અનુભવ મળેલ નથી. તેમણે સ્વરાજને સાચું માનેલ હતું. વિધવાઓને વિવાહ કરવાનું કહેલ હતું તેથી એમ જણાઈ આવે છે કે તેમણે સંસારના સુખને ખોટું માનેલ નથી. જ્યાં સુખ અનેક પ્રકારનું હોય છે ત્યાં ઘણી સત્તા ઉત્પન્ન થાય છે અને તે કલ્પિત હોવા છતાં સાચી લાગે છે. પ્રહ્લાદનો સત્યાગ્રહ શુદ્ધ હૃદયનો હતો. તેમણે સંસારનાં સુખ સાચાં માન્યાં નહોતાં.

જ્યારે હિરણ્યકશિપુ કોઈ પણ ઉપાયથી તે બાળકનો વધ ન કરી શક્યો ત્યારે તેને બહુ ચિંતા થઈ. તેને લાગ્યું કે આ નાનો

બાળક હોવા છતાં મારી પાસે નિઃશંકભાવથી બેસી રહે છે તેથી તેનામાં જરૂર કાંઈ સત્તા હશે, કાંઈક સામર્થ્ય હશે. તેનો પ્રભાવ હદવગરનો જણાય છે, તેને કોઇની બીક નથી તેથી એમ લાગે છે કે તે અમર છે.

હિરણ્યકશિપુને શિક્ષકોએ કહ્યું કે આપની સત્તા ત્રણે લોકમાં ફેલાઇ ગયેલ છે તો આપને કોઈ ચિંતા કરવાનું કારણ નથી. હાલ પ્રહ્લાદને બાંધી રાખો. વખત જતાં પણ માણસોમાં ઘણી વાર સ્વયં સારી બુદ્ધિ આવી જાય છે, તેમ આનામાં પણ આવી જશે. હિરણ્યકશિપુએ જવાબ આપ્યો કે એ વાત ઠીક છે. તમે પણ એને ગૃહસ્થના ધર્મ અને રાજ્યના ધર્મ શિખવાડજો.

પછી તે ગુરૂ પુત્રોએ વિનીત અને નમ્ર પ્રહ્લાદને ક્રમશઃ ધર્મ, અર્થ અને કામની શિક્ષા આપવી શરૂ કરી. પણ પ્રહ્લાદને એ શિક્ષણ સારું લાગ્યું નહિ.

यथा त्रिवर्गं गुरुभिरात्मने उपशिक्षितम् ।
न साधु मेने तच्छिक्षां द्वन्द्वारामोपवर्णिताम् ॥
૭-૫-૫૩

એ શિક્ષણ તો રાગ, દ્વેષ અને દ્વન્દ્વ અને વિષયભોગમાં આસક્ત રહેવાવાળાને માટે ઉપયોગી હતું એમ પ્રહ્લાદને લાગ્યું તેથી પ્રહ્લાદ ભણ્યો નહિ.

રાગદ્વેષથી છૂટવું હોય તો ત્યાગ જોઇએ. જે નિત્ય છે તેને જે જાણે છે, તે આસ્તિક છે. જે અનિત્ય છે તેને જે માને છે તે નાસ્તિક છે. ધર્મ, અર્થ અને કામની અંદર અનિત્ય સુખની વાતો જ આવે છે. કર્મ, શરીર અને સંસાર એ ત્રણેનું સ્વરૂપ એક છે. તેમાં કોઇને સવતંત્ર સત્તા નથી. જે પોતે સ્વતંત્ર નથી તે બીજાને સ્વતંત્ર કરી શકતો નથી. જે પોતે અનેક સત્તાની વચ્ચે રહે છે તે બીજાને એક સત્તામાં લાવા શકે નહિ. એક સત્તામાં આવ્યા વગર પ્રસન્નતા

નથી. તેથી જે માણસને કર્તવ્યનું જ્ઞાન થયું નથી, તેને બ્રહ્મચારી વિદ્યાર્થી થવું પડશે. જે માણસમાં ભોગવાસના છે તેને ગૃહસ્થ થવું પડશે.

જેને તપ કરવાની અને સેવા કરવાની ઇચ્છા છે તેને વાનપ્રસ્થ થવું પડશે. જેને નિર્ભયતા પ્રાપ્ત કરવી છે તેને ત્યાગ કરવો પડશે.

સંસારની સગવડો રાખવી અને નિર્ભયતા રાખવી એ બની શકે તેવું નથી. સંસારમાં કોઇ એવી અવસ્થા નથી કે જેમાં અપૂર્ણતા ન હોય, તેથી જીવનની પૂર્ણતા પ્રસિદ્ધ કરવા માટે પરમહંસદશાની જરૂર છે. એવા પરમહંસોની કથા શ્રીમદ્ભાગવતમાં વારંવાર આવે છે તેથી શ્રીમદ્ભાગવતને પરમહંસની સંહિતા કહે છે અવસ્થાભેદ દૂર કરીને સર્વ પ્રકારથી અભય થઈ જવું એટલે સ્થાયી ભાવથી સત્યનો અનુભવ કરી લેવો એ સંન્યાસ—આશ્રમ છે અથવા પરમહંસની દશા છે. દુઃખી માણસ સંસારની મદદથી દુઃખ મટાડવાનો પ્રયત્ન કરે તે ખોટું છે. સંસારથી જે નિરાશ થાય છે તેનાં દુઃખ હરિ સ્વયં હરી લે છે. જે સંસાર સ્વરૂપથી અપૂર્ણ છે તે સંસારની મદદથી અપૂર્ણતા મટી શકતી નથી, તેથી કર્મથી અપૂર્ણતા મટી શકતી નથી. અપૂર્ણતા જ્ઞાનનું કમીપણું બતાવે છે. એવું જ્ઞાન હવે પ્રહ્લાદ નિશાળના અસુર બાળકોને મેળવવા માટે કહે છે.

જ્યારે ગુરુજી ઘરના ધંધામાં લાગી જતા ત્યારે નિશાળના બાળકોને ખેલવાનો—કૂદવાનો વખત મળતો. તે વખતે પ્રહ્લાદ તે બાળકોને પોતાની પાસે બોલાવતાં પ્રહ્લાદની અંદર રાગદ્વેષ નહોતા તેથી અસુરનાં બાળકોને તેમની સાથે વાત કરવામાં બહુ આનંદ આવતો હતો. પ્રહ્લાદે બાળકોને કહ્યું કેઃ—

હે દૈત્યબાળકો! બુદ્ધિમાન પુરુષોએ તો બાળકઅવસ્થામાંથી જ ભાગવતધર્મનું આચરણ કરવું જોઇએ. કારણ કે માણસનો જન્મ અતિ

દુર્લભ છે અને અનિત્ય હોવા છતાં પુરુષાર્થનો સાધક છે. આ મનુષ્યજન્મમાં ભગવાન વિષ્ણુના ચરણોનું શરણ લેવું એ જ જીવનનું એકમાત્ર કર્તવ્ય છે, કારણ કે સંપૂર્ણ પ્રાણીઓનો એ જ આત્મા છે, પ્રિય, ઈશ્વર અને સુહૃદ છે. અરે બાળકો! દેહનો સંબંધ થતાં પ્રાણીઓને ઇંદ્રિયસુખ તો દુઃખની માફક વગર મહેનતે મળે છે, માટે ઇંદ્રિયોના સુખ માટે પ્રયત્ન ન કરવો. તેમાં આયુષ્ય નકામું ચાલી જાય છે. જે સુખ ભગવાનના ચરણની સેવાથી મળે છે, તે ઇંદ્રિયોથી નથી મળતું. તેથી શરીર સારું હોય ત્યાં સુધી વિવેકી પુરુષોએ પોતાના કલ્યાણનો ઉપાય કરવો જોઇએ. માણસનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે. તેમાં જેઓ સંયમ વગરના છે તેમનું અરધું આયુષ્ય નકામું જાય છે. કેટલોક વખત નિદ્રામાં જાય છે, બાળક-અવસ્થા રમતગમતમાં જાય છે, કેટલાક વર્ષ વૃદ્ધાવસ્થાની નબળાઇમાં જાય છે. વચલી જુવાન અવસ્થામાં કેટલાંક વર્ષ મોહમાયામાં ચાલ્યાં જાય છે. એવો કયો પુરુષ છે કે ઘરના સ્નેહ અને બંધનમાંથી ચિત્તને મુક્ત કરી શકે? (વળી હાલના વખતમાં પ્રજાતંત્ર રાજ્યો ઉત્પન્ન થયા હોવાથી કેટલાંક વર્ષ રાજ્યની ચિંતામાં ચાલ્યાં જાય છે.) તેમાં પુત્રેષણા, વિત્તેષણા અને લોકૈષણા કોણ છોડી શકે? જુવાનીમાં પ્રિયતમા અને પ્રિયનો એકાંત સહવાસ, તેમના વાર્તાલાપ, બન્ધુજનોના સ્નેહ અને બાળકો થયા પછી તેમની તોતડી વાતો અને વેવાઈ કે વેવાણોની વાતોનો રસ કોણ છોડી શકે? કામનાઓ જેમની પૂરી થતી નથી, તેઓ જીભ અને ઉપસ્થના સુખને જ મુખ્ય માનો છે. આવા પુરુષો મોહગ્રસ્ત સંસારથી વિરક્ત થતા નથી. તેમને પોતાનું આયુષ્ય નકામું ચાલ્યું જાય છે તેની ખબર રહેતી નથી. આવો પુરુષ વિદ્વાન હોય તોપણ આત્મપદ પ્રાપ્ત કરી શકતો નથી. જેનામાં આ મારું અને આ પારકું એવી ભેદ-બુદ્ધિ છે તે અજ્ઞાનીની માફક તમોગ્રસ્ત થઇ જાય છે. માટે દૈત્યોના સંગનો ત્યાગ કરી નારાયણનું શરણ લ્યો. નિઃસંગ મહાત્માઓ એને જ મોક્ષપદ કહે છે. વળી ભગવાનને પ્રસન્ન કરવામાં બહુ મહેનત નથી,

કારણ કે તે બધા પ્રાણીઓના આત્મા છે અને સંસારમાં સર્વત્ર રહેલો છે. ઘટપટ વગેરે પદાર્થોમાં, આકાશ વગેરે મહાભૂતોમાં, સત્વ વગેરે ગુણોમાં અને ગુણોની સામ્યાવસ્થારૂપ પ્રકૃતિમાં તથા ગુણવૈષમ્ય રૂપ મહત્તત્ત્વમાં એ એક જ ઈશ્વર બિરાજમાન છે. વળી,

प्रत्यगात्मस्वरूपेण दृश्यरूपेण च स्वयम् ।
व्याप्य व्यापकनिर्देश्यो ह्यनिर्देश्योऽविकल्पितः ॥
(૭–૬–૨૨)

અર્થ—એ ઈશ્વર અનિર્વચનીય અને અવિકલ્પિત છે, તો પણ અંતર્યામી દ્રષ્ટારૂપથી વ્યાપક અને અનાત્મા દૃશ્યરૂપથી વ્યાપ્ય કહીને તેનું જ વર્ણન બધે ઠેકાણે થાય છે.

છતાં તેનું દર્શન કેમ થતું નથી ? તો તેને માટે પ્રહ્લાદ કહે છે કે કેવળ જ્ઞાન અને આનંદસ્વરૂપ એ પરમાત્માનું ઐશ્વર્ય, ગુણમયી સૃષ્ટિ કરવાવાળી માયાથી ઢંકાએલ છે, તે માયાની નિવૃત્તિ થાય તો તેનું દર્શન થઈ શકે છે. (૭–૬–૨૩)

જો કોઇ જાતની અભિલાષા બાકી છે તો એમ સમજવું કે હજુ અનન્ત અભિલાષા બાકી છે. કારણ કે ત્યાગ સમસ્તનો થાય છે. એક અંશનો ત્યાગ થઈ શકતો નથી. થોડોક સંસાર રાખવો અને થોડોક છોડવાથી પણ ભગવત્પ્રાપ્તિ થતી નથી. મૃગજળમાં થોડું જળ પીવા જેવું હોતું નથી. કલ્પિત વસ્તુ નિરાકાર હોય છે તેથી તેમાંથી એક અંશની નિવૃત્તિ થતી નથી. વળી મૃગજળ ધીરે ધીરે સુકાતું નથી, તેમ કલ્પિત જગત ધીરે ધીરે કાઢી શકાતું નથી. ખરી નિર્બળતા તો એ છે કે જેનું બળ સંસારની સહાયતા ઉપર આધાર રાખે છે સંસારની વસ્તુઓ ઉપર વિશ્વાસ રાખવો એ નિર્બળતા છે. જો સંસારની સહાયતાનો ત્યાગ થઇ શકે તો મહાન બળ ઉત્પન્ન થાય છે.

જ્ઞાન, બળ, અર્થ, અને ક્રિયા એ ચારે ધારણ કરનારને અનુક્રમે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર કહે છે

શુદ્ધ જ્ઞાન પોતે બળ, અર્થ અને ક્રિયા ઉપર શાસન કરે છે.

> બળ—અર્થ અને ક્રિયા ઉપર શાસન કરે છે તેથી ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રોને તાબે રાખે છે પણ મહાત્માને તાબે રાખી શકતા નથી.

અર્થ—માત્ર ક્રિયા ઉપર શાસન કરે છે તેથી વેપારીઓ મજૂરો ઉપર અમલ ચલાવી શકે છે.

વિશેષ જ્ઞાન હોવાથી બ્રાહ્મણ એટલે બ્રહ્મજ્ઞાની જગત્–ગુરુ કહેવાય છે. વિશેષ બળની વિશેષતાથી ક્ષત્રિય સંસારનો રાજા કહેવાય છે. વિશેષ અર્થની વિશેષતાથી વૈશ્ય સંસારનો નિધિ કહેવાય છે. વિશેષ ક્રિયાની વિશેષતાથી શૂદ્ર સંસારનો દાસ કહેવાય છે. મજૂરેની સ્થિતિ સુધારવાનો હાલમાં ઘણો પ્રયત્ન થાય છે, પણ તેમને પ્રહ્લાદના જેવું જ્ઞાન કોણ આપશે? ભોગથી શક્તિઓનો વિનાશ થાય છે, યોગથી શક્તિઓનો વિકાસ થાય છે. શારીરિક ઉન્નતિને માટે સદાચારની જરૂર છે, માનસિક ઉન્નતિને માટે સેવા જરૂરની છે, આત્મિક ઉન્નતિને માટે ત્યાગ જરૂરનો છે. હાલ મજૂરોમાં જે જાગૃતિ આવી છે તેને પરિણામે તેઓ ઓછું કામ અને વધારે પગાર માગે છે. તેઓ હક્ક તરફ ધ્યાન રાખે છે અને જવાબદારી સમજતા નથી, તેથી વધારે મળતા પગારનો ઉપયોગ પણ સંસારનાં સુખ વધારે મેળવવામાં કરે છે. ગુણમયી માયાથી વાસના વધે છે, યોગમાયાથી વાસનાની નિવૃત્તિ થાય છે.

પ્રહ્લાદ અસુરના બાળકોને કહે છે કે, " તમે આસુરી ભાવ છોડીને બધા પ્રાણીઓ ઉપર દયા કરો તો ભગવાન પ્રસન્ન થશે અને ભગવાન પ્રસન્ન થાય તો પછી શું મેળવવાનું બાકી રહે ?

ધર્મ, અર્થ અને કામ પણ જો ભગવાનની સેવામાં લગાવી શકાય તો ઠીક છે, નહિ તો વ્યર્થ છે, તેથી આખું જીવન ભક્તિના સાધન રૂપ કરવું જોઇએ.

એનો અર્થ એવો છે કે વિષયાસક્ત પ્રાણી ક્રિયાજન્ય આસક્તિનો રસ ચાખે છે. ક્રિયાજન્ય રસ સંગઠન વગર સિદ્ધ થતો નથી. તેથી વિષયી માણુસ સંસારની ગુલામીથી છૂટી શકતો નથી. સૃષ્ટિ તો માત્ર પોતાની અંદર વિષયો વગેરેનો ભાવ ધારણ કરવાથી પ્રતીત થાય છે. વિષયાસક્ત પ્રાણી કલ્પિત સત્તાને સ્વીકારી લે છે. તેથી તેને જગતમાં ઘણી સત્તાઓ જણાય છે. પણ જો વિષયજન્ય સ્વભાવનો અંત થાય તો સૃષ્ટિનો કલ્પિત સત્તાનો અંત થાય અને માત્ર એક સત્તા રહે.

તેથી સમર્પણની પૂર્ણતા થતાં ઈશ્વરનો અનુભવ થાય છે. જ્ઞાનનું સ્વતંત્ર સાધન વિચાર છે, પણ પ્રહ્‌લાદનું આવું અદ્‌ભુત જ્ઞાન ક્યાંથી આવ્યું ? બીજા અસુરનાં બાળકોએ પ્રહ્‌લાદને પૂછ્યું કે, આપણે બધા સાથે ભણીએ છીએ છતાં તારામાં આટલું બધું જ્ઞાન ક્યાંથી આવ્યું ?

પ્રહ્‌લાદ કહે છે કે જ્યારે મારા પિતા તપ કરવા માટે મંદરાચળ પર્વત ઉપર ચાલ્યા ગયા હતા ત્યારે દેવોએ દૈત્યો સાથે યુદ્ધ કરવાની તૈયારી કરી. તેથી દૈત્યો ચારે તરફ ભાગવા માંડ્યા. દેવો અમારા રાજમહેલને લુંટવા લાગ્યા અને ઇંદ્રે મારી માતા કયાધુને પકડી. તે વખતે હું ગર્ભમાં હતો. જ્યારે ઇંદ્ર મારી માને સ્વર્ગલોક તરફ લઇ જતો હતો ત્યારે રસ્તામાં દેવર્ષિ નારદજી મળ્યા. તેમણે ઇંદ્રને કહ્યું કે, આ નિરપરાધ અબળાને ન લઇ જાઓ, તેના ગર્ભમાં જે બાળક છે તે સર્વથા નિર્દોષ છે, તે પરમ ભક્ત છે, ગુણોમાં અતિમહાન છે અને ભગવાનનો સેવક છે અને અતિ બળવાન છે, તેને તું મારી શકીશ નહિ. નારદજીનાં વચન સાંભળી ઇંદ્રે મારી માને છોડી દીધી. પછી નારદજીએ મારી માને ધર્મનું ખરું રહસ્ય અને વિશુદ્ધ જ્ઞાન

સંભળાવ્યું (૭-૭-૧૫) પરંતુ ઘણો કાળ થવાથી સ્ત્રીસ્વભાવને લઈને મારી માતા એ જ્ઞાન ભૂલી ગઈ, પણ મને હજુ તે જ્ઞાનનું વિસ્મરણ થયું નથી. હે બાળકો ! તમારી ઇચ્છા હોય તો તમે પણ એ જ્ઞાન પ્રાપ્ત કરી લો. શ્રદ્ધાથી બીજાં બાળકો પણ એવી બુદ્ધિ કરી શકશે. કાળના પ્રભાવથી જેમ વૃક્ષમાં જન્મ, વૃદ્ધિ, પરિણામ ક્ષય, જીર્ણતા અને નાશ એ ૭ વિકાર થાય છે તેમ શરીરના પણ જન્મ વગેરે ૭ વિકાર થાય છે. પણ આત્માને તેની સાથે કાંઇ સંબંધ નથી. આત્મા તો નિત્ય અવિનાશી, શુદ્ધ, એક, ક્ષેત્રજ્ઞ, અધિષ્ઠાન, અવિકારી, સ્વયંપ્રકાશ, બધાનું કારણ, વ્યાપક, અસંગ અને પૂર્ણ છે. માટે વિચારવાન પુરુષોએ તો દેહમાંથી મોહથી પ્રાપ્ત થયેલ " હું અને મારું " એ ભાવનો ત્યાગ કરવો જોઇએ. (૭-૭-૨૦)

તત્ત્વજ્ઞાન થયા પછી તત્ત્વમાં નિષ્ઠા થાય તેને ફળભક્તિ કહે છે. ભક્તને પ્રથમ ભક્તિ અને પછી તત્ત્વજ્ઞાન થાય છે. જિજ્ઞાસુને પહેલાં તત્ત્વજ્ઞાન અને પછી તત્ત્વનિષ્ઠા થાય છે. એ જ જીવન્મુક્તિ છે. જો જગતના વાસ્તવિક સ્વરૂપને જાણવાની ઇચ્છા હોય તો પ્રહ્લાદ કહે છે તેમ રાગ અને મોહને દૂર કરવા જોઇએ. જ્યારે મનમાં રાગ કે મોહ હોય ત્યારે યથાર્થ દૃષ્ટિ પ્રાપ્ત થતી નથી. અસત્ સત્તાનું યથાર્થ સ્વરૂપ અસત્‌થી અસંગ થવાથી જાણી શકાય છે. તેથી સામાન્ય બુદ્ધિથી અસંગ થઇ જવું. વિષયજન્ય સ્વભાવનો ત્યાગ કરવાથી જગતની સત્તા જગતરૂપથી બાકી રહેતી નથી. કાર્ય રહે ત્યારે કારણનું જ્ઞાન થતું નથી, કાર્યનો અંત થતાં કારણનું જ્ઞાન થાય છે. એ બાબત હવે પ્રહ્લાદ અસુરનાં બાળકોને સમજાવે છે.

પ્રહ્લાદ કહે છે કે આચાર્યોએ મૂળ પ્રકૃતિ, મહત્તત્ત્વ, અહંકાર અને પાંચ તન્માત્રા એ આઠ પ્રકૃતિ અને તેના ત્રણ ગુણ (એટલે મન સહિત ૧૧ ઇંદ્રિયો અને શબ્દ વગેરે પાંચ વિષયો મળી) ૧૬ વિકૃતિ અને તેમાં એક અનુગત આત્મા બતાવેલ છે. તેમાં જે અનાત્મ

ભાગ છે તેનો "આ આત્મા નથી" એમ બાધ કરીને આત્માનું અનુસંધાન કરવું જોઇએ."

તેનો અર્થ એવો છે કે હદવાળી સત્તાનો અભાવ થતાં જ હદ વગરની સત્તા મળે છે. પોતાની અપૂર્ણતાનું જ્ઞાન તો ભાગ્યવાનને થાય છે. અપૂર્ણતાના જ્ઞાનથી અપૂર્ણતાથી છૂટાય છે અને સંસારનું બરાબર જ્ઞાન થાય તો સંસારનો સંબંધ છૂટે છે. દોરડીમાં ભૂલથી સર્પ દેખાય, તે સર્પનું બરાબર જ્ઞાન થાય તો તે સર્પના સંબંધથી છૂટી શકાય છે. તેવું સંસારની બાબતમાં પણ સમજવાનું છે.

જ્યારે આપણાથી કોઇને મોટા જોઇએ છીએ ત્યારે આપણામાં દીનતા આવે છે અને જ્યારે કોઇને નાના જોઇએ છીએ ત્યારે આપણામાં અભિમાન આવે છે. નાના મોટા ક્યારે દેખાય છે, જ્યારે પોતાને શરીર સમજીએ છીએ ત્યારે. તેથી શરીરના ભાવથી ઉપર જવું એમાં જીવનનો સદુપયોગ છે. એમ કરવાથી દુઃખનો અંત આવી જશે અને હૃદય શુદ્ધ પ્રેમથી ભરાઇ જશે. પોતાના આનંદ માટે પોતાથી ભિન્ન બીજા કોઇની આવશ્યકતા નથી.

પ્રહ્લાદ નિશાળના બાળકોને કહે છે કે જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ બુદ્ધિની વૃત્તિઓ છે. તે વૃત્તિઓ જેની સત્તાથી ચાલે છે તે સર્વસાક્ષી પરમાત્મા છે. બુદ્ધિની કર્મજન્ય બદલાતી ત્રણે અવસ્થા દ્વારા તેના સાક્ષી આત્માના સ્વરૂપનું જ્ઞાન કરવું. તેમાં અન્વય અને વ્યતિરેક ભાવે વિચાર કરવો. એ ત્રણે અવસ્થા વ્યભિચારી હોવાથી આત્મામાં નથી, એ વ્યતિરેકભાવ છે; અને આત્મા બધી અવસ્થામાં અનુસ્યુત છે એ અન્વયભાવ છે. જેમ સ્ફટિકની પાસે લાલ પુષ્પ પડયું હોય ત્યારે પણ સ્ફટિક શુદ્ધ સફેદ છે છતાં સફેદપણું જોઇ શકાતું નથી, તેમ ઉપાધિમાં શુદ્ધ આત્માનો અનુભવ મળવો મુશ્કેલ છે. માટે ઉપાધિનો બાધ કરીને આત્માનો અનુભવ લેવો જોઇએ. મુખ્ય ઉપાધિ અહંભાવની છે. અહંભાવ બદલવાથી

કર્તવ્ય બદલાઇ જાય છે અને અહંભાવ મટી જવાથી કર્તવ્ય મટી જાય છે.

ખેતરમાં મરચાં વાવ્યાં હોય ત્યારે તેમાંથી મરચાંની તીખાશ નીકળે છે અને શેરડી વાવી હોય તો શેરડીની મીઠાશ એનામાંથી નીકળે છે. ખેતર પોતે તીખું કે મીઠું નથી, એ તો શેરડીની મીઠાશ અને મરચાંની તીખાશ પૂરી કરે છે. તે જ પ્રમાણે સત્ય વિષયયુક્ત પ્રાણીઓના સ્વભાવને અનુસારે પ્રગટ થઇને તેની પૂર્તિ કરે છે. તેને તે સ્વભાવથી ઉપર લઇ આવો તો તે પોતાના અનંત સ્વભાવમાં આપણુનો લય કરી દેશે. સાચા જિજ્ઞાસુ સત્યની સાથે અભેદ પામીને સત્યને જાણે છે.

પ્રહ્લાદ બાળકોને કહે છે કેઃ—

एतद्द्वारो हि संसारो गुणकर्मनिबन्धनः ।
अज्ञानमूलोऽपार्थोऽपि पुंसः स्वप्न इवेष्यते ॥७-७-२७

અર્થ—ગુણુ અને કર્મના નિબન્ધરૂપ સંસારનું કારણ દેહનો અભ્યાસ છે. તે મિથ્યા હોવા છતાં અને અજ્ઞાનજનિત હોવા છતાં સ્વપ્નની માફક જીવને પ્રતીત થાય છે. આવા સંસારથી છૂટવા માટે ત્રિગુણાત્મક કર્મના બીનો નાશ કરનાર અને જાગ્રત વગેરે બુધ્ધિવૃત્તિઓને નિવૃત્ત કરનાર યોગનું સાધન કરવું જોઇએ. તેને માટે હજારો ઉપાય છે, પણ જે જે સાધનથી વિષ્ણુમાં પ્રેમ વધે તે ઉપાયનું પાલન કરવું. એ ઉપાય ભગવાનને ગમે છે. તે ઉપરાંત ગુરુની સેવા કરવી, પોતાની વસ્તુઓ ભગવાનને અર્પણ કરવી, ભક્તોનો સંગ કરવો, ભગવાનની ભક્તિ કરવી, ભગવાનની કથામાં શ્રધ્ધા રાખવી, ભગવાનનાં કર્મોનું કીર્તન કરવું વગેરેથી ભગવાનમાં સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થાય છે. ભગવાન શ્રીહરિ બધા પ્રાણીમાં રહેલા છે. એવી

ભાવનાથી બધાના તરફ મનમાં સમાન ભાવ રાખવો અને યથાશક્તિ તેમની સેવા કરવી. જેમણે કામક્રોધ વગેરે છ શત્રુઓને જીતી લીધા છે તેઓમાં તેમની અનન્ય ભક્તિ ઉત્પન્ન થાય છે. (૭–૭–૩૩)

આ ભાવ રહે તો પ્રેમપાત્ર માટે એક જગ્યાવાળું રહેવાનું સ્થાન મળતું નથી. અહંભાવ ગળી જાય તો કાંઇ કરવાનું સૂઝતું નથી. સિદ્ધ અવસ્થામાં અહંકાર ગળી જાય છે. સાધારણ જીવ એક ક્રિયાને બદલીને કાલાન્તે અહંભાવને બદલે છે. વિચારશીલ પ્રાણી અહંભાવને બદલીને બધી ક્રિયાને એકસાથે બદલે છે. સાચો ભક્ત અહંભાવને મટાડી પ્રેમપાત્ર ભગવાનને મેળવી લે છે.

પ્રહ્લાદ બાળકોને કહે છે કે જે હરિ પોતાના હૃદયમાં આકાશની માફક રહેલ છે તેની ભક્તિ કરવામાં શો વિશેષ પરિશ્રમ છે ? એ સામાન્ય ભાવથી સંપૂર્ણ પ્રાણીઓના સખા અને આત્મા છે, તેને છોડીને બીજા વિષયો ભેગા કરવાથી શો લાભ છે ? ધન, સ્ત્રી, પશુ, પુત્ર વિગેરે, ઘર, પૃથ્વી અને બધી ભોગસામગ્રી, ક્ષણિક આયુષ્યવાળા મનુષ્યને શો લાભ આપી શકે ? તે જ પ્રમાણે યજ્ઞ વગેરથી જે સ્વર્ગનો લાભ થાય છે તે પણ નાશવાન છે, માટે જે ભગવાનમાં કોઈ દોષ જણાતો નથી તેમજ સંભળાતો નથી તેનું એકનિષ્ઠાથી ભજન કરો. (૭–૭–૪૦)

પ્રહ્લાદની આ શિખામણમાં સારો વૈરાગ્ય બતાવેલો છે વૈરાગ્ય એ ફાંસીની સજા છે. એ સજા સાધુઓને અને ભક્તોને ગમે છે. સંસાર પૂરું સુખ આપી શકતો નથી એવું જ્ઞાન થવું એ યથાર્થજ્ઞાન છે. સંસારની જરૂર નથી એટલું બુધ્ધિ સમજી જાય તો તે આનંદ-ભવનમાં ચાલી જાય છે. એટલે નિર્વિકલ્પ સમાધિ થઇ જાય છે. જે સાધનોથી વિષય તરફ જઇ શકાય છે, તે સાધનોથી સત્ય તરફ જઈ શકાતું નથી.

પ્રહ્લાદ અસુરના બાળકોને કહે છે કે જે શરીરને માટે પુરુષ

આ લોકમાં કામ્યકર્મદ્વારા ઘણા પ્રકારના ભોગની ઇચ્છા કરે છે એ દેહ તો પારકો અને ક્ષણભંગુર છે, તે આવે છે અને જાય છે. તેની સાથે સાચો સંબંધ થતો નથી, તો તેનાથી દૂર રહેવાવાળા મમતાના આશ્રયરૂપ પુત્ર, સ્ત્રી, ઘર, ધન, રાજ્ય, પશુ, નોકર અને મિત્રોની તો વાત જ શી કરવી ? અર્થાત એ કોઇની સાથે પણ સાચો સંબંધ થતો નથી. આવા તુચ્છ વિષયોથી આત્માને શું પ્રયોજન છે ? એ બધા તો દેહની સાથે નાશ પામવાવાળા છે. જોકે તેમાં થોડો પુરુષાર્થ દેખાય છે છતાં નિત્ય આનંદના સાગરરૂપ આત્માને માટે એ બધા અનર્થરૂપ છે (૭–૭–૪૫). કર્મ અને શરીર બંને અવિવેકથી ઉત્પન્ન થાય છે. તેથી જે ચૈતન્યને આધારે સંપૂર્ણ અર્થ, ધર્મ અને કામ રહેલા છે, તે નિશ્ચેષ્ટ આત્મા પરમેશ્વર શ્રીહરિને સંકલ્પરહિત થઇને ભજો; કારણ કે શ્રીહરિ જ પંચભૂત અને મહત્તત્ત્વ અને બધા પ્રાણીઓના આત્મા છે. તેથી તેને અંતર્યામી કહે છે. હે બાળકો ! કોઇ પણ, દેવ, અસુર મનુષ્ય, યક્ષ અને ગંધર્વ શ્રીમુકુન્દના શરણોનું ચિંતન કરવાથી અમારી માફક આનંદ પ્રાપ્ત કરી શકે છે (૭–૭–૫૦).

નિષ્ઠામાં ક્રમીપણું એ ભકિત । ક્રમીપણું બતાવે છે પ્રીતિ એ ક્રિયા નથી, પૂર્ણ અક્રિયતા છે. ક્રિયાનો જન્મ તો કામનાથી થાય છે, અને કામનાયુક્ત દશામાં ભકિત થઇ શકતી નથી. જ્યારે ભકિત ઉત્પન્ન થાય છે ત્યારે કામના રહેતી નથી. ભકિત થતાં ભેદ રહેતો નથી. ભકિતથી જ્ઞાનની નિષ્ઠા દૃઢ થાય છે. ભકત જાણે છે કે આ જે કાંઇ છે તે તમારા પ્રિય ભગવાન છે. જ્ઞાની કહે છે કે આજે કાંઈ છે તે મારું સ્વરૂપ છે. નિષ્ઠા થયા પછી આ જે કાંઈ મટી જાય છે. અનાત્મભાવને છોડીને આત્મભાવનો અનુભવ કરવો એ તત્ત્વજ્ઞાનનો અર્થ છે. જળની દૃષ્ટિ થયા પછી લહેરની દૃષ્ટિ રહેતી નથી. પછી લહેરમાં ભેદ છે એ શી રીતે કહી શકાય ?

જેને જે પ્રતીત થાય છે તે તેની અવસ્થા છે. જો પ્રતીતિની સત્તા જ સિદ્ધ થતી નથી તો સુખની સત્તા કેવી રીતે સિદ્ધ થશે. વિષયોની સુંદરતા તત્ત્વવેત્તાને પ્રતીત થતી નથી, કારણ કે તે સ્વરૂપથી નથી. વિષયી સ્વરૂપને જાણી શકતા નથી. જેની સત્તા જીવ સ્વીકારી લે છે તે તેના ઉપર શાસન કરે છે. તેથી કોઈ કાળે પોતાથી ભિન્ન કોઇ સત્તાનો સ્વીકાર ન કરો. રાજ્યનું સુખ છોડવું કોઇને ગમતું નથી, છતાં અંગ્રેજો એ હિંદનું રાજ્ય શા માટે છોડી દીધું ? ઇંગ્લાંડના રાજા આઠમા એડવર્ડે એક સ્ત્રીની ખાતર રાજ્ય છોડયું અને રાજ્ય છોડયા પછી બીજે દિવસે તે સ્ત્રી મરી ગઈ હોત તો તે રાજાની શી દશા થાત ? સંસારમાં સાચું સુખ હોત તો કોઈ સાધુ થાત નહિ.

તેથી સંસારની સત્તા સ્વીકારવી જોઇએ નહિ. સિનેમાની સત્તા સ્વીકારવાથી સિનેમાની વાસના મટતી નથી. સિનેમાની ભાવના જેવો જ સંસાર છે. સિનેમાના ભાવથી વિષયોનો ઉપયોગ કરવો એ વિષયી માણસોની ચતુરતા છે. વિચારશીલ માણસ તો વિષયોનો અંત કરે છે. સિનેમાના જેવી દૃષ્ટિથી તો વિષયોની રક્ષા થાય છે, માટે તત્ત્વદૃષ્ટિથી વિષયોનો અંત કરી દેવો જોઇએ. પ્રત્યેક ભોગીને ભોગને અંતે ભોગની અરુચિ સ્વતઃ થાય છે, પણ જે ભોગી એ અરુચિને સ્થાયી બનાવી શકતો નથી તેની પ્રવૃત્તિ ભોગોમાં અનેકવાર થાય છે. ભોગોની નિવૃત્તિ એ યોગની પ્રાપ્તિ છે. ભોગ વખતે ક્ષણિક નિવૃત્તિનો રસ એ પણ યોગનો રસ છે એમ મનાય છે. ક્ષણિક યોગ તે વખતે પણ જણાય છે. જેને પ્રહ્લાદની માફક આત્મજ્ઞાનનું થયું છે તે ભોગની સત્તાનો અને જગતની સત્તાનો અભાવ માને છે. જગત મારું સ્વરૂપ છે એ દૃષ્ટિથી જગતનો અભાવ થઈ જાય છે અને તત્ત્વનિષ્ઠા પણ થઇ જાય છે પછી માત્ર એક સત્તાનો અનુભવ રહે તેથી જ પ્રહ્લાદને મારવા જનાર તેને મારી શકયા નહિ.

વિષયોની નિવૃત્તિ જ્ઞાનથી થાય છે, ક્રિયાથી થતી નથી. કારણ કે વિષયોની ઉત્પત્તિ અજ્ઞાનથી થાય છે, સ્વરૂપથી થતી નથી. જે વસ્તુ સ્વરૂપથી સિદ્ધ છે તેનો અભાવ થઈ શકતો નથી. પ્રવૃત્તિને ક્રમસર નિયમમાં લાવવા માટે આશ્રમધર્મ કરેલા છે. પહેલાં બ્રહ્મચર્ય-આશ્રમમાં ગુણોનો વિકાસ કરવો, પછી સંયમપૂર્વક ગૃહસ્થાશ્રમમાં ગુણોનો ઉપયોગ કરવો, પછી ભોગનું યથાર્થ જ્ઞાન કરી વાનપ્રસ્થ આશ્રમમાં ભોગને યોગમાં બદલી નાખવો. અને છેવટે સંન્યાસ-આશ્રમમાં ભોગ અને યોગ બંનેના અભાવ કરી નિર્વિશેષ અને કલ્પાતીત સર્વોત્કૃષ્ટ નિર્દોષ તત્ત્વથી અભેદ પામી જવું. એ સામાન્ય નિયમ છે. વૈરાગ્ય બરાબર હોય તો તરત જ ત્યાગ થઈ શકે છે. **यदेव विरजेत् तदेव प्रव्रजेत्** એટલે વૈરાગ્ય થાય કે તરત સંસારનો ત્યાગ કરી ચાલી નીકળવું એવી શાસ્ત્રોમાં આજ્ઞા છે. છતાં કોઈનું પ્રારબ્ધ બહુ તીવ્ર હોય અને સંસારમાંથી નીકળી ન શકે તો પોતામાંથી સંસારને કાઢી નાખવો જોઈએ. શ્રી રામકૃષ્ણ પરમહંસ પરણેલા હતા છતાં તેમનામાં સંસાર નહોતો, સંત તુકારામ સંસારમાં હતા છતાં તેમનામાં સંસાર નહોતો પ્રહ્લાદ અસુરોની વચ્ચે રહેતા છતાં તેમનામાં અસુરપણું નહોતું, તેથી તે અસુરના બાળકોને પણ સાચે રસ્તે દોરી શકતા હતા.

પ્રહ્લાદ બાળકોને કહે છે કે, "ભગવાન મુકુન્દને પ્રસન્ન કરવામાં બ્રાહ્મણપણું, દેવત્વ, ઋષિત્વ, સદાચાર, બહુ વાચન, અથવા દાન, તપ, યજ્ઞ, શૌચ કે એવા કોઈ વ્રતની જરૂર નથી, એટલે એ બધામાં પૂરી શક્તિ નથી. ભગવાન તો કેવળ વિશુદ્ધ ભક્તિથી જ પ્રસન્ન થાય છે. બાકીનું બધું વિડમ્બનામાત્ર છે. તેથી હે દાનવગણ ! બધા જીવોને પોતાની સમાન માની સર્વ ભૂતોના આત્મા પરમેશ્વર ભગવાન હરિની ભક્તિ કરો. ભગવાનની ભક્તિ કરવાથી દૈત્યો, યક્ષ, રાક્ષસ, સ્ત્રીઓ, શૂદ્ર, વ્રજવાસી, પક્ષી, મૃગ તથા ઘણા પાપી જીવ પણ ભગવદ્ભાવને પ્રાપ્ત થઈ ગયા છે.

एतावानेव लोकेऽस्मिन्पुंसः स्वार्थः परः स्मृतः ।
एकान्तभक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम् ॥

(૭–૭–૫૫)

અર્થ : આ લોકમાં પુરુષને સર્વથી મોટો સ્વાર્થ એટલો જ છે કે સર્વત્ર શ્રી ગોવિન્દનું જ દર્શન કરવું, તેને જ ઐકાન્તિકી ભક્તિ કહે છે.

ખરો શ્રેષ્ઠ માણસ સંસારને આધીન રહે તો નથી. સાચું સુખ એકાન્તમાં મળે છે, એટલે બધે એક જોવાથી મળે છે. તેથી શરીરનો ભાવ છોડવો. દ્રૌપદીની માફક પોતાની સાડી (શરીર) પણ ન પકડો ત્યારે હરિની કૃપા થશે. એકમાં અનેકનો અંત કરવો એ એકાન્ત છે. બધી શક્તિઓનો સંચય નિર્વિષય થવાથી થાય છે. જે વસ્તુ અપૂર્ણ હોય તેની ભક્તિ કરવી નહિ. અનેક ક્રિયાઓને અને ભાવોને એક જ અર્થમાં લીન કરી દો એટલે બધું જીવન એકનિષ્ઠાવાળું કરી દો. સંસારની મદદથી પૂર્ણતાની આશા રાખવી એ ભૂલ છે. વિષયપ્રવૃત્તિથી ભિન્ન સંસાર છે નહિ. ભવિષ્યની આશા એ પ્રત્યેક પ્રવૃત્તિનું મૂળ કારણ છે. ભવિષ્યની અભાગી આશા પૂર્ણ ભક્તિ થવા દેતી નથી, તેથી ભવિષ્યની આશા છોડી દેવી. સાધારણ પ્રાણી પ્રવૃત્તિકાળે નિવૃત્તિ મેળવવાનું ચિંતન કરે છે અને નિવૃત્તિકાળે પ્રવૃત્તિનું ચિંતન કર્યા કરે છે. વાસ્તવમાં કોઇ ચિંતનની જરૂર નથી. કારણ કે બધે એક સત્તા વ્યાપીને રહેલ છે.

વસ્તુઓની સ્થિતિ સ્વીકારવાથી રાગ થાય છે પણ એ બુદ્ધિનો પ્રમાદ છે. તેનાથી વિપરીત ભાવ રાખવો એ બુદ્ધિનો સદુપયોગ છે. જો ભિખારી થવું હોય તો એવા ભિખારી થવું કે દાતાને પણ ભીખમાં લઇ લો. દૃષ્ટિને દૃશ્યથી હઠાવી લો. ચિત્તને તેના આધારથી દૂર કરો. પરતંત્રતાપૂર્વક જીવતું રહેવાને બદલે સ્વતંત્રતાપૂર્વક મરી જવું વધારે સારું છે. બધે સ્વને જોવા એ ખરી સ્વતંત્રતા છે, પરને જોવા એ પરતંત્રતા છે.

પરતંત્રતાથી સચ્ચાઇ પ્રાપ્ત થઇ શકતી નથી. પ્રહ્લાદ બધા બાળકોને બધે ઠેકાણે માત્ર સ્વને એટલે ભગવાનને જોવા માટે સમજાવતા હતા. એ બાબત તેમણે અનુભવથી સિદ્ધ કરી હતી તેથી નિશાળના બધા બાળકોએ તેમનો ઉપદેશ ગ્રહણ કર્યો, અને ગુરુનું શિક્ષણ છોડી દીધું. તેથી ગુરુજીએ આ બધી હકીકત હિરણ્યકશિપુને કહી તેથી હિરણ્યકશિપુને ક્રોધ વધ્યો. તેણે પ્રહ્લાદને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું કે; 'અરે મન્દ બુદ્ધિવાળા, કુલનાશક અધમ ! તું આડો ચાલે છે અને મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તેથી હમણાં જ તને યમરાજને ત્યાં મોકલી આપું છું. મારા ક્રોધથી તો બધા લોકો કાંપે છે. તું કોના બળથી નિર્ભય થઇને મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે ? (૭–૮–૭)

પ્રહ્લાદજી કહે છે કેઃ—

केवलं मे भवतश्च राजन्
स वै बलं बलीनां चापरेषाम् ।
परावरेऽमी स्थिरजङ्गमा ये
ब्रह्मादयो येन वशं प्रणीताः ॥ ૭–૮–૮

અર્થ—હે રાજા ! બ્રહ્માથી શરૂ કરી બધા નાનામોટા સ્થાવર જંગમ પ્રાણીઓને જેણે વશ રાખેલ છે તે ભગવાન માત્ર મારું જ બળ નહિ પણ તમારુ અને બીજા બલવાનોનું બળ છે. તે પરમ પરાક્રમી ઈશ્વર જ કાળ છે અને તે જ ઇંદ્રિયબળ, મનોબળ, ધૈર્ય, દેહબળ, અને ઇન્દ્રિયસ્વરૂપ છે. તે ત્રણ ગુણોના નિયન્તા પરમાત્મા જ પોતાની શક્તિઓથી સંપૂર્ણ જગતની રચના, પાલન અને સંહાર કરે છે.

પિતા ! આપ આપના અસુરભાવનો ત્યાગ કરો, અને મનને સમદર્શી બનાવો આ સંસારમાં અસંયત અને કુમાર્ગનો આશ્રય

લેનાર ચિત્તના સિવાય બીજો કોઇ દોષપાત્ર નથી, એવા ચિત્તને સમદર્શી બનાવવું એ અનન્ત ભગવાનની મોટામાં મોટી ઉપાસના છે. (૭–૮–૧૦)

આ જવાબ ઉપરથી જણાઇ આવશે કે જગતમાં બધે એક સત્તા રહેલી છે. તે ભગવત્ચૈતન્યને કોઇ સાથે રાગદ્વેષ નથી. માણસનું ચંચળ મન એ જ માણસનો શત્રુ છે. પ્રહ્‌લાદ કહે છે કે કોઇ માણસ પોતાની છ ઇંદ્રિયરૂપી શત્રુઓને જીત્યા વગર પોતાને દશે દિશાનો સ્વામી માને છે, પરંતુ સાધુ પુરુષ જિતેન્દ્રિય, બોધવાન અને સંપૂર્ણ પ્રાણીઓ પ્રતિ સમાન ભાવ રાખવવાળા હોય છે. તેની પાસે અજ્ઞાનથી ઉત્પન્ન થતા કામક્રોધરૂપી શત્રુ રહેતા નથી. તો બહારના શત્રુ ક્યાંથી રહે ? (૭–૮–૧૦)

આંહી એક બાજુ હિરણ્યકશિપુની આસુરી સત્તા છે, બીજી બાજુ પ્રહ્‌લાદનો સત્યનો આગ્રહ છે. પ્રહ્‌લાદના જવાબથી હિરણ્યકશિપુનો ક્રોધ વધ્યો. તેણે પ્રહ્‌લાદને કહ્યું કે મારા સિવાય બીજા ઈશ્વરની તું વાત કરે છે તો તે ક્યાં છે ? બતાવ ! પ્રહ્‌લાદે કહ્યું કે "તે સર્વત્ર છે." હિરણ્યકશિપુએ કહ્યું, "જો તે સર્વત્ર છે તો આ થાંભલામાં કેમ દેખાતો નથી. પ્રહ્‌લાદે કહ્યું, "દેખાય તો છે." હિરણ્યકશિપુએ તે તરફ જોતાં કાંઈ ન જોયું. ત્યારે તેણે કહ્યું કે તું મિથ્યા વાતો કરે છે તેથી હમણાં જ તારું માથું કાપી નાખું છું. અને હું જોઉં છું કે તને આશ્રય આપનાર કેવો બચાવે છે.

આટલું કહી હિરણ્યકશિપુ પોતાનું ખડ્ગ લઇ સિંહાસન ઉપરથી ઊઠયો અને થાંભલામાં ખડ્ગથી પ્રહાર કર્યો એટલામાં તરત જ તેમાં મોટા ભયાનક શબ્દ થયો અને હિરણ્યકશિપુ અને બધા દૈત્યો ભયભીત થઈ ગયા, પરંતુ એ શબ્દના આધારભૂત કોઈ વ્યક્તિ જોવામાં આવી નહિ તે વખતે:—

सत्यं विधातुं निजभृत्यभाषितं
व्याप्तिं च भूतेष्वखिलेषु चात्मनः ।
अदृश्यतात्यद्भुतरूपमुद्वहन्
स्तम्भे सभायां न मृगं न मानुषम् ॥

૭-૮-૧૮

અર્થ—શ્રીહરિ પોતાના સેવક પ્રહ્‌લાદના વચનની સત્યતા બતાવવા ખાતર અને પોતે બધે વ્યાપક છે તેની ખાતરી આપવા માટે સભાની વચમાં મોટું વિચિત્ર રૂપ ધારણ કરી તે થાંભલામાંથી પ્રગટ થયા. તે પૂરું પશુનું રૂપ નહોતું તેમજ માણસનું રૂપ પણ નહોતું.

થાંભલામાં તો આજે પણ પરમાત્મા રહેલા છે પણ જોવા માટે પ્રહ્‌લાદના જેવી દૃષ્ટિ જોઇએ વ્યાપ્ત રહેવું. એ પરમાત્માનો ધર્મ છે, તેને પ્રાપ્ત રાખવા એ આપણો ધર્મ છે. જેનો નિત્ય સંબંધ બની રહેલ છે તેનું સતત ભાન રહેતું હોય તો તેનો પરિચય આપણા જીવનમાં મળી શકે છે. એવો ભાવ રાખી શકાય તો તે અવિનાશી પરમાત્માને આપણી સામે પ્રગટ થવું પડે છે. ભક્તની ભાવનાને અનુરૂપ બની રહેવું એ ભગવાનમાં મુખ્ય ગુણ છે. તેથી ખરો ભક્ત પોતાના ભાવ દ્વારા આશ્રયદાતાનો પરિચય આપી શકે છે. ભાવ હોય પણ ભાવ પ્રમાણે જીવન ન રખાય, તો ભાવની શુદ્ધિનો પરિચય શી રીતે મળી શકે ? જડ વસ્તુ આપણને મદદ કરી શકતી નથી. પણ ચેતન માટે એવી શંકા રાખવી એ નાસ્તિક ભાવ છે. બધે માત્ર પરમાત્મા રહેલ છે, એ પ્રમાણિત કરવું એ આપણો ધર્મ છે.

બીજા કોઈ વિચારથી ભય કે ઇચ્છા ચિત્તમાં પેસી ન શકે એ જ પ્રહ્‌લાદ જેવા સંતજીવનનું આશ્ચર્ય છે.

મોઢેથી બોલવું કે હું ભગવાનમાં માનું છું, છતાં પોતાના જ્ઞાનમાં બીજી સત્તાનો અથવા બીજાના અસ્તિત્વનો વિચાર રહી

જાય તો સર્વત્ર એક ભગવાન હોવા છતાં તેનાથી ભિન્ન બીજુ કાંઇ માનવાથી સાચા ભગવાન માન્યતામાં નથી તો મનને ગમે તે ભગવાનનું સ્વરૂપ માનવાથી અને મોઢેથી કહેવાથી ખરા ભગવાનનો અનુભવ મળશે નહિ.

આશ્રિત ભાવનો પરિચય દેવામાં આશ્રયદાતાનો પણ પરિચય દેવો જોઇએ, દઇ શકાય છે; થઇ જાય છે. રહેવું છે, જીવવું છે, તો જેની સત્તાથી નિત્ય જીવન ચાલી રહેલ તેનો સંબંધ લેવો પડશે. એ જ ખરો સત્ય–આગ્રહ છે. ક્રિયાશીલ અવસ્થામાં પણ એ ભાવ ચાલુ રાખવો એ જ પુરુષાર્થ છે. જે ભગવાન નિત્યપ્રાપ્ત અને સર્વત્ર છે તેને કેવી રીતે ભુલી શકાય ? તેનો સંબંધ કાયમ રાખીને શક્તિનો ઉપયોગ કરવાનો છે, તે વખતે તે કાર્યની અવસ્થામાં ભક્તની સાથે ભગવાનનું રહેવું જોવામાં આવશે અને ભગવાનની સાથે ભક્તનું રહેવું જોવામાં આવશે.

પ્રકરણ ૧૪

સ્કંધ ૮ મો

ભગવાનમાં વિષમભાવ નથી, તો જગતમાં વિષમભાવ શી રીતે આવ્યો ?

શ્રીમદ્ભાગવતની સપ્તાહ જ્યારે શરૂ થાય છે ત્યારે બીજે દિવસે સાંજે જડભરતની કથા આવે છે. જડભરતમાં પરમહંસદશા હતી પણ તે માણસના સંગથી બીતા હતા અને એકલા ફરતા હતા. માણસની વચ્ચે રહીને માણસના જેવું થવું સહેલું છે, પણ માણસોની વચ્ચે રહીને પરમહંસ થવું મુશ્કેલ છે. તેથી કેટલાક માણસોને સંસાર છોડવાનો વિચાર આવે છે. સંસારમાં દ્વૈતની ભાવના વારંવાર આવ્યા કરે છે. એવા વિકટ સંજોગોમાં પણ ભક્તિ કરવી હોય તો કરી

શકાય તેટલા માટે સાતમા સ્કંધમાં પ્રહ્લાદની ભકિત બતાવેલ છે અને નવમા સ્કંધમાં રાજા અંબરિષની કથા આવશે. હાલના કાળમાં પણ ભગવાને શ્રી રામકૃષ્ણ પરમહંસનો દષ્ટાંત આપણી પાસે મૂકેલ છે. તે સંસારમાં હતા, તેમને સ્ત્રી પણ હતી છતાં તેમની અંદર સંસાર નહોતો. ભકત તુકારામને કજિયાખોર સ્ત્રી હતી, અને એ બાળકો પણ હતાં છતાં એવા સંજોગોમાં તેઓ સારી ભકિત કરી શકયા હતા. જ્યારે સંસારમાં રહીને ભકિત કરવી હોય ત્યારે પ્રહ્લાદની માફક ભગવાનનું સતત સ્મરણ જોઈએ અને બીજી બાબતોનું વિસ્મરણ જોઈએ. વળી પ્રહ્લાદને ચારે બાજુ રાક્ષસોની વચ્ચે રહેવાનું હતું. તે રાક્ષસો ભકિતનો દ્વેષ કરતા હતા. પણ પ્રહ્લાદે એવું શિક્ષણ લીધું હતું કે માત્ર ભગવાન જ બધે રહેલા છે. આવા શિક્ષણથી અનન્ય ભાવ રહી શકે છે. જો બધે ભગવાન છે એવું જ્ઞાન ન રહે તો સાચા ભગવાન આપણી માન્યતામાં નથી, તેથી ભગવાનને બદલે જગત મળે છે. પ્રહ્લાદનું જ્ઞાન સાચું હતું તેથી તેને જગતને બદલે ભગવાન મળતા હતા.

પ્રહ્લાદની રક્ષા માટે અને સંપૂર્ણ પ્રાણીઓમાં પોતાની વ્યાપકતા છે એ બતાવવાને માટે હિરણ્યકશિપુની સભામાં થાંભલામાં વિચિત્ર રૂપવાળા શ્રીહરિ પ્રગટ થયા હતા. તેમનો દેખાવ તદ્દન પશુ જેવો નહોતો તેમજ મનુષ્ય જેવો પણ નહોતો. હિરણ્યકશિપુ પણ તેને જોઈ બોલી ઊઠ્યો કે આ નરસિંહરૂપધારી વિચિત્ર જીવ કોણ છે?

ભગવાનનું એ રૂપ બહુ ભયાનક હતું, અને તેથી તેની પાસે જવાની કોઈની હિંમત ચાલી નહિ. હિરણ્યકશિપુને પણ એમ લાગ્યું કે કદાચ મહામાયાવી હરિમાંથી જ મને મારવા માટે આ વિચિત્ર શરીર નીકળેલ હોય. તેણે પોતાની ગદા હાથમાં લીધી અને તે નરસિંહ ભગવાન તરફ દોડ્યો. પણ જેમ પતંગ તેજમાં લીન થઈ જાય છે તેમ હિરણ્યકશિપુ નરસિંહ ભગવાનના તેજમાં લીન થઇ ગયો. સૃષ્ટિના આરંભમાં પણ પ્રભુએ પોતાના તેજથી અંધકારનું પાન

કર્યું હતું. આંહી ઉપમા આપી એમ બતાવેલું છે કે હિરણ્યકશિપુનું સ્વરૂપ (અધ્યાત્મભાવે) અંધકારનું અથવા આવરણનું બનેલું હતુ (૭-૮-૨૫).

હિરણ્યકશિપુએ પોતાની ગદા ફરીથી ઉપાડી અને ભગવાન ઉપર ફેંકી, પણ જેમ ગરુડ સર્પને પકડી લે તેમ ભગવાને તે ગદા સહિત હિરણ્યકશિપુને પકડી લીધો, છતાં સર્પ જેમ ગરુડના પંજામાંથી છૂટી જાય તેમ હિરણ્યકશિપુ ભગવાનના હાથમાંથી નીકળી ગયો. ગરુડ એ શાસ્ત્રનું સ્વરૂપ છે. એ વાત આઠમા સ્કંધમાં આવશે. સર્પ એ સંસારનું સ્વરૂપ છે. એ વાત બારમા સ્કંધના છેવટના ભાગમાં આવે છે. શાસ્ત્રદ્વારા સંસારને પકડી શકાય છતાં જીવમાં પાછો સંસારીભાવ આવી જાય છે. તે વખતે દેવો એ લડાઈ જોઈ રહ્યા હતા. આપણામાં પણ સંસારીભાવ આવે ત્યારે દેવો જોઇ રહે છે. ફરીથી હિરણ્યકશિપુ ભગવાનની તરફ દોડ્યો. પછી ભગવાને સિંહના જેવો નાદ કરી તેને પકડી લીધો. એ નાદથી હિરણ્યકશિપુની આંખો બંધ થઇ ગઇ. તે વખતે ભગવાને સભાના બારણા વચ્ચે તેને પોતાના ખોળામાં લઇને લીલાથી ચીરી નાખ્યો. પછી ભગવાન પોતાની જીભથી તેનું લોહી પીવા લાગ્યા. હિરણ્યકશિપુ મરવાથી દેવો વાજાં વગડાવવા લાગ્યા, ગંધર્વો ગાયન કરવા લાગ્યા અને અપ્સરાઓ નૃત્ય કરવા લાગો. આપણામાં પણ જ્યારે આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે નવું ચેતન અને નવો આનંદ આવે છે.

પછી બ્રહ્મા, ઇંદ્ર, ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો વગેરેએ ભગવાનની સ્તુતિ કરવી શરૂ કરી. ઇંદ્રે કહ્યું કે, "અમારુ હૃદયકમળ દૈત્યના ભારથી દબાયેલું હતું તેને આપે વિકસાવી દીધું." બધા કહે છે કે એ દૈત્ય અમને બહુ નડતો હતો. તે અહંકારરૂપી અંધકારનું સ્વરૂપ છે. તે બધાને બહુ નડે છે.

વિદ્યાધર કહે છે કે તેણે અમારી વિદ્યાનો નાશ કર્યો હતો. મનુઓ કહે છે કે તેણે ધર્મની બધી મર્યાદા તોડી નાખી હતી. પછી પ્રજાપતિ ગંધર્વ અને ચારણ વગેરેએ સ્તુતિ કરી છે. પછી યક્ષો, કિંપુરુષો અને વૈતાલિકો વગેરેની સ્તુતિ આવે છે. એ બધી સ્તુતિ ઉપરથી જણાય છે કે બધા લોકોમાં વિષમભાવનું કારણ એ અહંકાર-રૂપી હિરણ્યકશિપુ હતો. એ નાશ પામ્યા પછી બધા ભગવાનને કહે છે કે અમે આપના સેવક છીએ, હવે અમે આપની સેવા કરી શકીશું. છેવટે વિષ્ણુના દૂતોએ કહ્યું કે, "આ દૈત્ય તો વાસ્તવમાં ગયા જન્મમાં આપનો સેવક હતો અને બ્રાહ્મણ (સનકાદિ)ના શાપથી એની આ ગતિ થઈ છે. તેથી તેનો વધ થયો તે ઠીક થયું છે."

આ પ્રમાણે બધાએ સ્તુતિ કરી, પણ ભગવાન ક્રોધના આવેશમાં હોવાથી કોઈ તેમની પાસે જઈ શક્યું નહિ. સંસારમાં પણ ક્રોધી માણસમાં ક્રોધ હોય ત્યારે તેની પાસે જવું મુશ્કેલ પડે છે. દેવોએ લક્ષ્મીજીને આગળ કર્યાં પણ લક્ષ્મીજી તે સ્વરૂપથી બીને પાછાં વળી ગયાં. પછી બ્રહ્માજીએ પ્રહ્લાદને કહ્યું, "તમારા પિતા ઉપર ગુસ્સે થયેલ ભગવાનની પાસે તમે જાઓ અને તેમને શાંત કરો." પ્રહ્લાદ ભગવાનની પાસે ગયા અને પૃથ્વી ઉપર લોટી તેમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. ભગવાને તેમને ઉપાડી લીધા અને તેમના મસ્તક ઉપર કૃપાથી હાથ મૂક્યો. ભગવાનના હાથનો સ્પર્શ થતાં જ પ્રહ્લાદનાં બધાં અશુભ કર્મ નાશ પામ્યાં અને તે જ વખતે તેમને પરમાત્માના વાસ્તવિક સ્વરૂપનો સાક્ષાત્કાર થયો. (૭-૯-૬) પછી પ્રહ્લાદજી નીચે પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યાઃ—

"જેમની બુદ્ધિ સત્ત્વગુણમાં સ્થિર થઈ છે એવા બ્રહ્મા વગેરે દેવગણ અને મુનિ અને સિદ્ધગણ પણ પોતાની વાણીથી આપની સ્તુતિ કરી આપને પ્રસન્ન કરી શક્યા નથી, તે આપ શ્રીહરિ ઉગ્ર જાતિમાં ઉત્પન્ન થયેલ મારા ઉપર કેમ સંતોષ પામ્યા તે હું જાણું છું.

ભગવાનમાં વિષમતા નથી તો જગતમાં ક્યાંથી આવી એ મૂળ પ્રશ્ન પરીક્ષિત રાજાએ શુકદેવજી પાસે સાતમા સ્કંધમાં મૂકેલ છે. તેનો જવાબ હવે પ્રહ્‌લાદની સ્તુતિમાં સ્પષ્ટ થતો જાય છે. પ્રહ્‌લાદ કહે છે કે, "ધન, કુલીનતા, રૂપ, તપ, વિદ્યા, ઓજ, તેજ, પ્રભાવ, બળ, બુદ્ધિ અને યોગ એ બધા ગુણ પણ શ્રીહરિને પ્રસન્ન કરવાને સમર્થ નથી પણ ભક્તિથી ભગવાન ગજેન્દ્ર (હાથી)ની ઉપર પણ પ્રસન્ન થઈ ગયા હતા. જો બ્રાહ્મણ ઉપરના ૧૨ ગુણોથી યુક્ત હોય પણ ભગવાનથી વિમુખ હોય તો તેના કરતાં મન–વચન–કર્મથી ભગવાનની સન્મુખ રહેનાર ચાંડાળ પણ શ્રેષ્ઠ છે. તેવો ચાંડાળ પોતાના કુળને પણ પવિત્ર કરી દે છે. પણ અભિમાન રાખનાર બ્રાહ્મણ એવું કરી શકતો નથી. (૭-૯–૧૦) આ શ્લોકમાં અહંકારી બ્રાહ્મણ કરતાં ભક્તિવાળાં હરિજનની કિંમત વધારે બતાવેલ છે. તેથી ભગવાનમાં વિષમભાવ નથી પણ માણસમાં છે.

તેથી એમ સમજવું જોઈએ કે ભગવાનને પૂજાની જરૂર છે. ભગવાન તો આત્મલાભથી પૂર્ણ જ છે.

नैवात्मनः प्रभुरयं निजलाभपूर्णो
मानं जनादविदुषः करुणो वृणीते ।
यद्यज्जनो भगवते विदधीत मानं
तच्चात्मने प्रतिमुखस्य यथा मुखश्रीः ॥ ७-९-११

અર્થ—ભગવાન આત્મલાભથી પૂર્ણ હોવાથી, ક્ષુદ્ર પુરુષોની પૂજાની ઇચ્છા રાખતા નથી. તે તો કરુણાવશ થઈને પોતાના ભક્તોની સેવાનો સ્વીકાર કરે છે. તેમાં પણ ભક્તોને લાભ મળે છે. જેમ મુખ ઉપર કરેલી શોભા દર્પણમાં દેખાતા પ્રતિબંધને સુશોભિત કરે છે, તેમ ભક્તો ભગવાનને જે જે માન આપે છે તે પ્રતિબિંબરૂપ ભક્તોને જ મળે છે.

એટલે આપણે જેવો ભાવ ભગવાનને આપીએ છીએ તેવો તે આપણને પાછો મળે છે. તેથી આપણું પ્રમાણ ઠીક કરવાની જરૂર છે પ્રમાણની ભૂલ પકડવી બહુ મુશ્કેલ છે. જેમ સ્વપ્ન વખતે સ્વપ્નનું પ્રમાણ સાચું લાગે છે. તેમ જાગ્રત વખતે જાગ્રતનું પ્રમાણ પણ સાચું લાગે છે. એવું માયાનું સ્વરૂપ છે. આ બાબત ઉપર યોગવાસિષ્ઠમાં નિર્વાણ પ્રકરણ (ઉત્તરાર્ધ)ના સર્ગ ૯૭ માં બહુ સારો ખુલાસો કરેલો છે. તેમાંથી થોડોક ભાગ નીચે આપેલો છે.

વસિષ્ઠ કહે છે, 'જગત એક જાતનું પરમાત્માનું સ્વપ્ન જ છે. તે ચિદ્રૂપ હોવાથી અને બ્રહ્માકાશથી કશું જુદું ન હોવાથી સર્વ બ્રહ્મરૂપ છે એમ અનુભવ થાય છે. જગતરૂપી બ્રહ્મ અત્યન્ત દૃશ્ય છે અને મહા ચૈતન્ય અદૃશ્ય છે, તેથી ચિદાત્મા પેઠે પોતે અદૃશ્ય રહેલ છે એ વાત પણ (તેમ માનવાવાળાને) સત્ય જેવી જણાય છે. સર્વ દૃશ્યની શાંતિ થતાં પ્રાપ્ત થતો મોક્ષ અજ્ઞાનને લીધે મળતો નથી અને તે વિના અદ્વિતીય ચિદાત્મા અલભ્ય છે. વળી મોક્ષ સમયે પણ તેનો જુદો અનુભવ કરનાર બીજો કોઇ નથી એવો શૂન્યતાવાદ પણ (તે મત માનનારને) સત્ય હોય એમ ભાસે છે. પુરુષ ચિન્માત્ર છે અને અકર્તા છે, પ્રધાનરૂપી મૂળ કારણમાંથી મહત્તત્ત્વ, અહંકાર વગેરે ક્રમે આવિર્ભાવને પામે છે એમ માનનારાઓ (સાંખ્ય મતવાળાઓ) ને તેવો જ અર્થ અનુભવવામાં આવવાથી તે સત્ય લાગે છે. દૃશ્ય એ બ્રહ્મનો વિવર્ત છે એમ માનનારને (વેદાંતીને) તે મત સત્ય જણાય છે, કેમ કે તેમને સર્વ કાંઇ એવી જાતનું જ દૃષ્ટિગોચર થાય છે અને અનુભવમાં આવે છે.'

આ બધાં દૃષ્ટાંત એમ બતાવે છે કે જેવો ભાવ આપણે ચૈતન્ય તરફ રાખીએ છીએ તેવો પ્રતિબિંબરૂપ જીવને મળે છે. ગીતામાં પણ કહેલ છે કે ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्। એટલે

ભગવાન કહે છે કે જે મને જે ભાવે ભજે છે તેને હું તેવા ભાવે ભજું છું, તેથી ભગવાનની અંદર વિષમભાવ નથી. ક્રોધ વખતે ક્રોધ પ્રમાણરૂપ થઈ જાય છે, કામ વખતે કામ પ્રમાણરૂપ થઇ જાય છે અને લોભ વખતે લોભ પ્રમાણરૂપ થઈ જાય છે. પાકિસ્તાનવાળાને પોતાની વાત સાચી લાગે છે અને કોંગ્રેસવાળાને પોતાની વાત સાચી લાગે છે. આપણે મુસ્લિમ લીગના સભ્ય હોઇએ તો આપણને લીગની વાત સાચી લાગે અને કોંગ્રેસના સભ્ય હોઇએ તો કોંગ્રેસની વાત સાચી લાગે. આપણે ઇંગ્લાંડમાં જન્મ્યા હોઇએ તો ઇંગ્લાંડની વાત સાચી લાગે અને રશિયાની દૃષ્ટિએ રશિયાની વાત સાચી લાગે. વસિષ્ઠ મુનિ કહે છે કે, જગત પરમાણુઓના સમૂહરૂપ છે. એ–(કણાદ, ગૌતમ વગેરેનો) મત પણ તેમના વિચારને અનુસારે સત્ય છે, કેમકે જેવો જેવો જેનો દૃઢ નિશ્ચય થાય તેવો તેને અનુભવ થાય છે. જેવું સર્વ અહીં દેખાય તેવું જ પરલોકમાં છે. જગત ખરેખર અનિર્વચનીય છે પણ તે સદ્રૂપ કે અસદ્રૂપ કહી શકાતું નથી. જગતની પ્રતીતિ મનની પ્રૌઢ કલ્પનાને અનુસારે થાય છે. આ વાત પણ (તેમ માનનારને તેવો અનુભવ હોવાથી) સત્ય જણાય છે.

કેટલાક (ચાર્વાક વગેરે) વાદીઓ બાહ્ય જ સત્ય છે, પૃથ્વી વગેરે પંચભૂતોથી જુદો આત્મા નથી એમ કહે છે. તેમના વિચાર પ્રમાણે તે વાત સત્ય છે. કેમકે અતીન્દ્રિય આત્માને તેઓ પોતાના દેહમાં વિચાર કરતાં છતાં જોઈ શકતા નથી. પ્રતિક્ષણ વસ્તુમાત્રનો ફેરફાર થતો જોવામાં આવે છે તેથી ક્ષણિકવાદીઓની ક્ષણિકતા વિષેની બુદ્ધિ પણ તેમની દષ્ટિમાં યુક્ત જ ભાસે છે, કેમકે સર્વના આદિરૂપ પરમતત્ત્વ સર્વશકિતમાન હોવાથી તેમાં બધા વિકલ્પોનો સમાવેશ સંભવે છે. જેમ ઘડામાં પૂરેલું કલવિક પક્ષી ઘડાનું મોઢું ખુલ્લું થતા તેમાંથી ઊડી બહાર જતું રહે છે તેમ દેહમાં પરિચ્છિન્ન આકારે રહેલો જીવ કર્મનો ક્ષય થઈ જતાં દેહમાંથી ઊડી જઈ પરલોકમાં જતો રહે છે. આવો (આર્હંત મતનો) વિચાર પણ તેમ

માનનારના અનુભવને સાચો લાગે છે. વળી યવન વગેરે જીવની કલ્પના (તેના અનુભવ પ્રમાણે) ખોટી કહી શકાતી નથી.

આ પ્રમાણે જો દૃષ્ટિ પ્રમાણે જ સૃષ્ટિ હોય તો સાચું શું હશે ? તે બાબતમાં વસિષ્ઠ કહે છે કે સત્પુરુષો વિપ્ર, અગ્નિ, વિષ, અમૃત અને મરણ વગેરે વિષમ પદાર્થોમાં પણ સમાન બુદ્ધિ રાખનારા હોય છે. કેમ કે તત્ત્વવેત્તાઓની દૃષ્ટિમાં બ્રહ્મ જ સર્વરૂપ છે અને સર્વના આત્મારૂપ છે.

પ્રહ્લાદમાં આવી જ દૃષ્ટિ હતી. હિરણ્યકશિપુએ પ્રહ્લાદને મારવા માટે ઘણા ઉપાય કર્યા પણ પ્રહ્લાદમાં બ્રહ્મદૃષ્ટિ હોવાથી તેને બધું બ્રહ્મરૂપ લાગ્યું હતું. આવી દૃષ્ટિ મહાત્મા પુરુષોમાં હોય છે, સામાન્ય માણસ કે જે માત્ર પોતાની પરિચ્છિન્ન દૃષ્ટિને સાચી માને છે તેની સામે બીજી સત્તા બાકી રહી જતી હોવાથી તેમને દુઃખ આવ્યા વગર રહેતું નથી, તેથી જ્યાંસુધી આખી પૃથ્વી ઉપર એક રાજ્ય થાય નહિં ત્યાંસુધી બધા દેશોને લડાઇ માટે તૈયાર રહેવું પડશે, અને તેથી દરેકને માથે કાયમ ચિંતા રહ્યા કરશે. તેમાં કેટલાક દેશો પહેલા હુમલા (offence) માટે તૈયારી કરે છે અને કેટલાક બચાવ (defence) માટે તૈયારી રાખે છે. છતાં અંતે બધાને નુકશાન થાય છે. પ્રહ્લાદને પોતાના રક્ષણ માટે કોઇ જાતની જરૂર પડી ન હોતી, કારણ કે તેની દૃષ્ટિમાં એક જ સત્તા હતી. બીજા માણસો કે જેમની દૃષ્ટિ ખોટી હોવા છતાં તેમને સાચી લાગે છે તેમને સુધારવાનું કામ બહુ મુશ્કેલ પડે છે. વસિષ્ઠ મુનિ શ્રીરામચંદ્રજીને કહે છે કે 'આ સર્વ સ્વભાવથી સિદ્ધ છે એવું સ્વભાવવાદીઓનું કહેવું પણ તે મત સ્વીકારનારાઓને યુકત જણાય છે, કેમકે શોધ કરતાં છતાં તેમની બુદ્ધિમાં કોઇ બુદ્ધિમાન સર્વકર્તા આરૂઢ થતો નથી. ઇશ્વરમાં આસકત ચિત્તવાળા પુરુષો કહે છે કે સર્વત્ર એક જ કર્તા છે. આ વાત પણ સત્ય જ છે, કેમકે તે

ઉપાસક પુરુષ (પોતાનો દઢ નિશ્ચય હોવાથી) સર્વકર્તા પરમેશ્વરને જરૂર પ્રાપ્ત થાય છે, એ વાત અબાધિત છે. કેટલાક (આસ્તિકો) આ લોકની પેઠે જ પરલોકને પણ માને છે. તેમની એ પ્રબળ ભાવના પણ સત્ય છે એમ તમે સમજો. આવી રીતે સર્વ વાદીઓના ઇચ્છિત વિચારને એક ચિદાત્મા જ (ભાવનાને અનુસારે) ચિંતામણિની પેઠે અને કલ્પદ્રુમની પેઠે પોતાની મેળે જ તત્કાળ પ્રાપ્ત છે. સત્ખ્યાતિવાદી અસત્ખ્યાતિવાદી અને અનિર્વચનીય ખ્યાતિવાદી એ સર્વના મત પણ ખોટા નથી, કેમ કે બ્રહ્મ સર્વશકિતમાન છે અને તેની માયાની-શકિત અનિર્વચનીય છે. જે પુરુષ જેવા નિશ્ચયમાં સ્થિર થઇ રહ્યો છે તેમાંથી જો તે પોતાની બાળકબુદ્ધિથી પાછો ન હઠે તો અવશ્ય ફળ મેળવે છે. બુદ્ધિમાન પુરુષે પંડિતો સાથે વિચાર કરવો અને તત્ત્વરૂપ શ્રેષ્ઠ વસ્તુ વિષે દઢ નિશ્ચય કરી લેવો, પણ જે તે સિદ્ધાંત ગ્રહણ કરી લેવો નહિ. શાસ્ત્રના અધ્યયનથી અને આચરણથી માણસ ઉત્તમ બુદ્ધિવાળો થાય છે. શાસ્ત્રની બાબતમાં મતભેદ થાય તો જે સૌનું સમાધાન કરી તેમને આનંદ ઉપજાવે અને નિષિદ્ધ આચરણથી રહિત હોય તે પુરુષને શ્રેષ્ઠ સમજવો અને તેનો આશ્રય કરવો. એવા સાચા બોધવાળા પુરુષ વિરલ જ હોય છે.”

ગીતામાં પણ ભગવાન કહે છે કે “હજારો મનુષ્યોમાં કોઇક જ સિદ્ધિને માર્ગે એટલે આત્માને માર્ગે ચડે છે અને તેમાં કોઇક જ મને બરાબર જાણે છે.” પ્રહ્લાદજી પણ સ્તુતિ કરતાં કહે છે કે “જો કે હું નીચ જાતિનો છું, તો પણ નિઃશંક થઇ મારી બુદ્ધિને અનુસાર સર્વ પ્રકારે ઇશ્વરના મહિમાનું વર્ણન કરું છું. એવા વર્ણનથી અવિદ્યાવશ સંસારચક્રમાં પડેલા જીવ તે જ વખતે પવિત્ર થઇ જાય છે. હે ભગવાન, આપના અવતારોદ્વારા આપ જેજે લીલાઓ કરો છો તે જગતના કલ્યાણ માટે એટલે આત્માના આનંદને માટે થાય છે; તેથી આપનો ક્રોધ શાન્ત કરો, કારણ કે અસુરનો નાશ થઇ

ગયો છે. સર્પ અથવા વીંછી જેવા દુઃખદાયી જીવને જ્યારે કોઈ મારે છે ત્યારે સાધુજન પણ આનંદ માને છે. જે માણસને ભયથી છૂટવું હોય તેણે આપના આ રૂપનું સ્મરણ કરવું જોઈએ. મને આપના આ ભયંકર રૂપથી કાંઇ ભય થતો નથી. હું તો અતિ ઉગ્ર અને દુઃસહ સંસારચક્રના દુઃખથી ભયભીત થઈ રહ્યો છું, હવે આપ પ્રસન્ન થઇને મને આપના મોક્ષદાયક ચરણોમાં ક્યારે બોલાવશો? સંસારનાં દુઃખ દૂર કરવા માટે જે સંસારના ઉપાય છે તે પણ દુઃખરૂપ છે. હું દેહ વગેરે અનાત્મામાં આત્મબુદ્ધિ કરી ઘણા કાળથી ભટકી રહેલ છું. આપ મને આપના દાસભાવનો ઉપદેશ આપો. બાળકની સંભાળ માતાપિતા રખે છે. રોગીને ઔષધિ આપવામાં આવે તો પણ કેટલીકવાર તેનું વિપરીત ફળ જોવામાં આવે છે.

રાજપ્રકરણમાં પણ દરેક રાજ્યો પોતાના દેશના રક્ષણ માટે લશ્કર રાખે છે, છતાં તેમની ચિંતા ઓછી થતી નથી. છાંદોગ્ય ઉપનિષદ્માં ભૂમાવિદ્યામાં કહે છે કે જે પરિપૂર્ણ બ્રહ્મ છે તેમાં જ સુખ છે, અલ્પમાં સુખ નથી, તેથી અલ્પ દુઃખરૂપ છે. જે માણસ ભગવાનથી અલગ રહે છે તે આ સંસારચક્રને પાર થઇ શકતા નથી. (૭. ૯. ૨૧.). તેથી સંસારમાં જેઓને વૈરાગ્ય આવે છે તેમને જ સાચો રસ્તો મળે છે. પ્રહ્લાદ કહે છે કે સંસારની લક્ષ્મી અને વિભૂતિ તો મારા પિતા પાસે ઘણી હતી, છતાં તે એક ક્ષણમાં નષ્ટ થઇ ગઇ, તેથી હું બ્રહ્મા સુધીનું આયુષ્ય, વૈભવ કે ઇન્દ્રિયસંબંધી ભોગની ઇચ્છા કરતો નથી. એ બધા ભોગ તો કાળથી ગ્રસ્ત છે વળી

कुत्राशिषः श्रुतिसुखा मृगतृष्णिरूपाः
क्वेदं कलेवरमशेषरुजां विरोहः ।
निर्विद्यते न तु जनो यदपीति विद्वा-
न्कामानलं मधुलवैः शमयन्दुरापैः ॥७-९-२५॥

અર્થ—કેવળ સાંભળવામાં સુખરૂપ, મૃગજળ જેવાં વિષયસુખ ક્યાં અને ક્યાં સંપૂર્ણ રોગનું ઉત્પત્તિસ્થાન આ શરીર. માણસ તેની અસારતા અને નાશવત્તા જાણવા છતાં, બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થવાવાળા ભોગરૂપ મધની કણીઓથી પોતાની ઇચ્છારૂપ અગ્નિને શાંત કરવા પ્રયત્ન કરે છે પણ તેનાથી વિરક્ત થતા નથી." આવી સ્થિતિ પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ ખોટી કેળવણી છે. નિશાળોમાં ભણતા વિદ્યાર્થીઓને સાચા સુખની અને ખોટા સુખની ખબર હોતી નથી. તેમજ સાચું જ્ઞાન કોને કહેવાય અને ખોટું જ્ઞાન કોને કહેવાય તેની પણ ખબર નથી. રાજદ્વારી નેતાઓ તેમને જેમ ધસડે છે તેમ તેઓ ધસડાય છે પણ રાજદ્વારી નેતાઓને સાચી દોરવણી આપનાર નેતાની જરૂર છે. તેમને માટે નિશાળોની જરૂર છે. હાલનં રાજ્યો અજ્ઞાની માણસોની બહુમતિથી ચાલે છે ઉત્તમ મતિ તો સંસ્કારથી પ્રાપ્ત થાય છે. સંસ્કારી માણસ ઇતિહાસને સાચો માનતા નથી. તે તો બધે એક બ્રહ્મને ઓળખવાનો પ્રયત્ન કરે છે. રાજ કરનારાઓ ઇતિહાસને ઉત્પન કરે છે અને લોકો ઇતિહાસ-ભૂગોળ શીખીને તેમાં બંધાય છે. પ્રહ્લાદે એવું શિક્ષણ લેવાની મૂળથી ના પાડી હતી એ વાત ગયા પ્રકરણમાં આવી ગયેલ છે. તેથી આપણે કેવા થવું છે તે પહેલાં નક્કી કરવું જોઇએ. જે સાધનોથી માણસ વિષયો તરફ જાય છે તે સાધનોથી સત્ય તરફ જઇ શકાતું નથી. પકિસ્તાનમાં કે હિંદી યુનીયનમાં કેવા સંસ્કાર ઉત્પન્ન થશે તેની થોડીક અટકળ થઇ શકે તેવું છે. પણ છતાં ભગવાનની અગમ્ય શક્તિ કામ કરે તો જ સારો રસ્તો નીકળે તેવું છે. તેથી હિંદી યુનીયનમાં દરેક સભા વખતે પહેલાં ભગવાનની પ્રાર્થના કરવાનો કાયદો રાખવો જોઇએ. મુસલમાનો સાથે હોય તો હિંદી ભાષામાં અને ઉર્દુ ભાષામાં બંને ભાષામાં પ્રાર્થના થવી જોઇએ. જો ભગવાનને ભૂલ્યા તો હવે બીજી કોઇ સત્તા હિંદુસ્તાનને બચાવે તેવું નથી.

સ્વરાજના હક્ક લેવા જતાં અનંત પ્રકારની જવાબદારી લોકોના ઉપર આવી પડી છે. ભોગથી શક્તિનો વિનાશ થાય છે, તેથી આત્મિક ઉન્નતિ માટે અને દેશની ઉન્નતિ માટે ત્યાગની જરૂર છે. જો પાકિસ્તાનમાં અને હિંદુસ્થાનમાં સંસ્કાર બગડશે તો સ્વરાજ માત્ર નામનું જ રહેશે, હવેના નવા સંજોગોમાં પાકિસ્તાનમાં અને હિંદુ-સ્થાનમાં સારા સંસ્કાર દાખલ કરવા હોય તો બંને દેશોની વસ્તીએ બંને ધર્મ શીખવા પડશે. એવું થાય તો જ માણસોને સમજાશે કે સ્વરાજ એ માણસની જીંદગીનું મુખ્ય લક્ષ્ય ન હોય પણ સંસ્કાર એ મુખ્ય લક્ષ્ય હોવું જોઇએ. સ્વરાજ એ તો સાધન છે, તેને ફળ માની લેવું ન જોઇએ. હિંદુઓનું સંગઠન થાય કે મુસ્લિમલીગનું સંગઠન થાય પણ જો તે માત્ર સંસારના સુખ માટે થાય તો ઝઘડા વધશે. બંગાળના મુસલમાનો હિંદુના સ્ત્રીઓને ઉપાડી જાય અને હિંદુઓ પણ એવું શીખે તો બંને પ્રજાના સંસ્કાર બગડી જશે. બંને ખુદાની પ્રાપ્તિનું લક્ષ્ય રાખે તો બંને વચ્ચે સંસ્કારની એકતા થાય અને બીજા દેશો ઉપર પણ સારી અસર કરી શકાય.

તેથી ક્ષત્રિયોને બદલે વધારે બ્રાહ્મણોની જરૂર છે. વધારે લડવૈયાને બદલે વધારે મોલ્વીઓની જરૂર છે. જનકના રાજ્યમાં વધારે પોલીસ કે લશ્કરની જરૂર પડી નહોતી. તે વખતે ધાર્મિક જ્ઞાન સારૂં હોવાથી લગભગ બધા માણસો સદાચાર પાળતા હતા.

ભગવાન સદા સમરૂપ છે. તેમનામાં વિષમભાવ નથી. ઉપર કહ્યું તેમ જે ભાવ આપણે બિંબને આપીએ ભાવ તે પ્રતિબિંબને મળે છે, (૭-૯-૧૧). તો પણ ઘણા માણસોને એવા વિચાર આવે છે કે ભગવાને આવી વિષમતા જગતમાં ઉત્પન્ન કરી શા માટે ? એ પ્રશ્ન કરનાર ભગવાનને ઓળખીને પ્રશ્ન પૂછતા નથી. જ્ઞાનીને ભગવાનમાં વિષમતા દેખાતી નથી અને અજ્ઞાની પણ ભગવાનને જોયા વગર વિષમતા શી રીતે સિદ્ધ કરી શકશે ? તેથી માયા સિદ્ધ થઇ શકતી

નથી: માયા પોતાને સિદ્ધ થવા ન દે એ માયાનું ભૂષણ છે. કલ્પિત માયાથી બ્રહ્મનું સદ્વિતીયપણું સિદ્ધ થતું નથી. ભગવાનમાં વિષમપણું નથી. હવે પ્રહ્લાદ આપણને નીચે પ્રમાણે પોતાની સ્તુતિમાં સ્પષ્ટ કરી બતાવે છેઃ—

"હે ઈશ, તમઃપ્રધાન અસુરકુળમાં રજોગુણથી ઉત્પન્ન થયેલો હું ક્યાં અને આપની કૃપા ક્યાં ? પરમપુરુષાર્થરૂપ આપનું જે હસ્તકમળ બ્રહ્મા, મહાદેવ અને લક્ષ્મીજીના મસ્તક ઉપર આપે મૂકેલ નથી તે મારા મસ્તક ઉપર આપે મૂકેલ છે, તેમાં કોઈ આશ્ચર્ય નથી; કારણ કે બીજા સંસારી જીવોની સમાન આપમાં ઉત્તમ–અધમ બુદ્ધિ નથી, કારણ કે આપ સંપૂર્ણ જગતના આત્મા અને સુહૃદ છો. છતાં આપની કૃપામાં જે અંતર દેખાય છે તેનું કારણ એ છે કે કલ્પવૃક્ષની સમાન આપનો પ્રસાદ સેવાથી પ્રાપ્ત થાય છે; એટલે આપની સેવા પ્રમાણે જીવમાં ધર્મ વગેરેનો ઉદય થાય છે. તેમાં જાતિગત ઉચ્ચતા અથવા નીચતા એ કારણ નથી."

આ સ્તુતિ એમ બતાવે છે કે ભગવાનની અંદર વિષમતા નથી પણ જીવની અંદર જેવો ભાવ હોય છે તેવો તે ભગવાનની અંદર જુએ છે. એ બાબત દશમ સ્કંધમાં જ્યાં શ્રીકૃષ્ણ કંસને મારવા માટે રંગમંડપમાં મલ્લ સાથે યુદ્ધ કરવા માંટે પ્રવેશ કરે છે ત્યાં પણ સમજાવેલ છે; એટલે તે વખતે શ્રીકૃષ્ણ મલ્લને મલ્લ જેવા લાગ્યા હતા, કંસને કાળસ્વરૂપ, યોગીઓને પરમ તત્ત્વરૂપ વગેરે.

હવે પ્રહ્લાદજી કહે છે કે, "હું જ્યારે સંસારરૂપી કૂવામાં પડયો હતો ત્યારે દેવર્ષિ નારદે મારા ઉપર કૃપા કરી હતી, તેથી હવે હું આપના દાસોની સેવા કેવી રીતે છોડી શકું ? વળી જ્યારે મારા પિતાએ અન્યાય કરવા માટે હાથમાં ગદા લઈને એમ કહ્યું કે "મારાથી જુદો જો કોઈ ઈશ્વર હશે તો તારી રક્ષા કરશે, હું તારું માથું કાપી

નાખું છું." તે વખતે આપે મારા પ્રાણોની રક્ષા કરી અને મારા પિતાનો વધ કર્યો, એ કામ આપના દાસ દેવર્ષિ નારદનું વચન સત્ય કરવા માટે કર્યું હતું એમ હું માનું છું. હે નાથ ! આ સંપૂર્ણ જગત એક માત્ર આપ જ છો, તેના આદિ, મધ્ય અને અંત આપમાં જ છે. આપ એક હોવા છતાં માયાના ગુણોના પરિણામરૂપ જગતને રચી તેમાં પ્રવિષ્ટ થઈ ઉત્પત્તિ સ્થિતિ અને લયની ક્રિયાઓથી જગતના સ્રષ્ટા, રક્ષક અને સંહારકના રૂપમાં અનેક જેવા પ્રતીત થાઓ છો. હે ઈશ ! આ સત્ (કાર્ય) અને અસત્ (કારણ) રૂપ સંપૂર્ણ જગત આપ જ છો, તથા તેનાથી ભિન્ન પુરુષ પણ આપ જ છો. તેથી "આ મારૂં છે અને આ પારકું છે" એવી બુદ્ધિ એ વ્યર્થ માયા છે; કારણ કે જેનો જેનાથી જન્મ, સ્થિતિ, લય અને પ્રકાશ થાય છે તે તદ્રૂપ જ થાય છે. તેથી જેમ કાર્યરૂપ વૃક્ષ અને કારણરૂપી બી બંને ગંધતન્માત્રરૂપ છે, તે પ્રકારે આ સંપૂર્ણ જગત આપનું જ રૂપ છે (૭-૯-૩૧)".

જીવને જે મારા તારાનો બોધ લાગે છે તે દેહના અભિમાનથી લાગે છે. ભગવાનમાં એવું દેહનું અભિમાન નથી, તેથી ભગવાનની અંદર વિષમભાવ નથી. તેથી દેહનું અભિમાન જે રીતે છૂટે એવી બ્રહ્મવિદ્યા સમાજમાં વ્યાપવી જોઈએ. પણ તેવી વિદ્યા આપનાર કયાં છે ? કોલેજોમાં બ્રહ્મસૂત્રો અને ઉપનિષદો શીખવવામાં આવે છે, પણ જે શિક્ષકો તે ઉપદેશ પ્રમાણે રહેતા ન હોય તેમની અસર વિદ્યાર્થીઓ ઉપર રહેતી નથી, તે ઉપરાંત વિદ્યાર્થીઓના મગજમાં બીજું ' તનું વાંચન, સીનેમા ન્યુસપેપર, રેડીઓ વગેરેના સંસ્કાર એટલા બધા ભરાઇ જાય છે કે બધું ઈશ્વરનું સ્વરૂપ છે એ વાત ટકતી નથી. તેઓની નજરમાં ઘણી સત્તા દેખાય છે. બ્રહ્મવિદ્યામાં એક સત્તાની વાત આવે પણ બીજા વિષયો એટલે ઇતિહાસ, ભૂગોળ વગેરેમાં અનેક સત્તાની વાત આવે છે તેથી એક

સત્તાની વાત ટકતી નથી. પ્રહ્લાદ તો જ્યાં અનેક સત્તાની વાત આવે એવા ધર્મ, અર્થ અને કામના વિષયો ભણ્યા જ નહોતા. જેવું જ્ઞાન હોય તેવું જગત દેખાય છે એ સામાન્ય નિયમ છે.

હવે પૃથ્વી વગેરે સંસાર કેવી રીતે ઉત્પન્ન થયો તે બાબતનું વર્ણન પ્રહ્લાદ આપે છે અને કહે છે કે, "આપના માયામય વિરાટ પુરુષનું દર્શન કરીને બ્રહ્માજીને પરમ આનંદ થયો. વળી આપ મનુષ્ય, તિર્યક્, ઋષિ, દેવ અને મત્સ્ય વગેરે રૂપે અવતાર લઈને સંપૂર્ણ લોકોનું પાલન કરો છો અને પાપી માણસોનો સંહાર કરી ધર્મની રક્ષા કરો છો, પરંતુ કલિયુગમાં અવતાર ન લઈને આપ ગુપ્ત રૂપથી રહો છો, તેથી આપ "ત્રિયુગ" એવા નામથી પ્રસિદ્ધ છો." (૭–૯–૩૮)

પ્રહ્લાદજીની આ સ્તુતિ એમ બતાવે છે કે કલિયુગમાં ભગવાનનો અવતાર થવાનો નથી પણ ભગવાન ગુપ્તરૂપથી કોઈની મારફત કામ કરશે, એટલે કોઈ મહાત્માદ્વારા અથવા કોઈ યોગી દ્વારા ભગવાન કામ કરશે. હાલના કાળમાં કોઈ એવું અનુમાન કરે છે કે ૫ વર્ષ પહેલાં જ્યારે યુરોપની લડાઈમાં હીટલર જીતતો જીતતો સ્ટેલીનગ્રાડ સુધી પહોંચ્યો ત્યારે હિંદના મહાન યોગી શ્રી અરવિંદે પોતાની યોગશક્તિ વાપરીને હિટલરને હાર અપાવી અને રૂશીઆનો બચાવ કર્યો હતો. આ વાત સાચી હોય કે ન હોય પણ શ્રી અરવિંદ કે જે એક વખત સ્વદેશી ચળવળના નેતા હતા, તે યોગી થયા પછી, તેમનામાં પાછળના સંસ્કાર સ્ફુરે અથવા ભગવાન તેમની મારફત કાંઈ કાંઈ કામ કરવાની ઇચ્છા રાખે તો કદાચ મોટા રાજદ્વારી ફેરફાર જગતમાં થાય, એમ કેટલાક હજુ શ્રી અરવિંદના મરણ પછી પણ માને છે. પણ તે સાપેક્ષ તત્ત્વ છે. ભગવાનના સાચા સ્વરૂપમાં કોઈ ઈચ્છા નથી અને કોઈ વિષમ ભાવ નથી, છતાં કોઈ ભક્ત તેમની મદદ માગે અથવા તેમનો અનુગ્રહ માગે તો તે જે ભાવ ભગવાનને આપે તે તેને પાછો મળે છે, એ બાબત શ્લોક ૭–૯–૧૧ માં સ્પષ્ટ કરેલ છે.

સગુણ સ્વરૂપથી અમુક અમુક લાભ મળે છે પણ પરમ લાભ જોઈતો હોય તો નિષ્કામ ભાવ જોઈએ. પ્રહ્‌લાદ સગુણ ભગવાનની નજીક બેઠા છે છતાં સ્તુતિ કરતાં કહે છે કે "મારૂં મન અતિ અસાધુ, દોષવાળું, કામાતુર તથા હર્ષ, શોક, ભય અને ત્રણે ઇચ્છાઓથી વ્યાકૂળ છે, આપની કથામાં તેને પ્રીતિ થતી નથી. આવા કલુષિત ચિત્તથી હું આપના સ્વરૂપનું ચિન્તન કેવી રીતે કરૂં ? જેમ એક માણસને ઘણી સ્ત્રીઓ હોય, તે તેમના પતિને પોતપોતાની તરફ ખેંચે છે તેમ મને અતૃપ્ત જીભ એક તરફ ખેંચે છે, ઉપસ્થ બીજી તરફ, કાન ત્રીજી તરફ, રૂપ ચોથી તરફ અને ગંધ પાંચમી તરફ ખેંચે છે અને બીજી કર્મેન્દ્રિયો અનેક સ્થાન તરફ ખેંચે છે. માટે હે નિત્યમુક્ત ! સંસારરૂપ વૈતરણીમાં માણસો પોતાના કર્મથી પડયા છે, તેઓ ખાનપાન અને જન્મમરણથી ભયભીત થયેલ છે, તેઓ મારું તારું કરી પરસ્પર દ્વેષ કરે છે, તેમના ઉપર મને કરુણા અને ખેદ થાય છે માટે આપ તેમનું રક્ષણ કરો. આ બધાંને સંસારથી પાર કરવામાં આપને શી મહેનત પડવાની છે ?

મહાપુરુષોની કૃપા તો મૂઢ પુરુષો ઉપર થવી જોઇએ. આપના પ્રિય દાસોની સેવા કરવાવાળા અમને તો આપની કૃપા જરૂર મળે તેવું છે. મને સંસારરૂપી વૈતરણીની કાંઇ બીક નથી, કારણ કે મારું ચિત્ત તો આપના ગુણગાનમાં મગ્ન છે, મને તો એ અજ્ઞાનીઓની અને મૂઢ લોકોની ચિન્તા છે કે જે આપનાથી વિમુખ રહી ઇંદ્રિયોના માયિક સુખને માટે કુટુંબના પોષણ વગેરેનો ભાર વહન કરી રહેલ છે. સાધુઓ અને મુનિઓ તો એકાન્તમાં રહી મૌનવ્રત ધારણ કરી પોતાનું કલ્યાણ કરી લે છે, તે બીજાના હિતમાં ભાગ્યે જ તત્પર હોય છે. પરંતુ મને તો આ ગરીબોને છોડીને એકલા મોક્ષ મેળવવાની ઇચ્છા નથી. સંસારમાં ભટકવાવાળા આ લોકોમાં આપના સિવાય બીજા કોઇ તેમનો ઉદ્ધાર કરવાવાળા મને દેખાતા નથી (૭-૯-૪૪)."

આ સ્તુતિમાં બેત્રણ બાબત સમજવા જેવી છે. સંસારને વૈતરણી નદી કહેલ છે, કેટલાક માણસો એમ માને છે કે મર્યા પછી વૈતરણી નદી આવશે. ગરુડપુરાણમાં પણ એવી વાત આવે છે, પણ આંહી અધ્યાત્મભાવે સંસારની વાસના એ જ વૈતરણી નદી સમજવાની છે. બીજું પ્રહ્લાદે ભગવાનને બીજાનો ઉદ્ધાર કરવાનું કહેલ છે. હાલના કાળમાં જેમને ભગવાન દર્શન આપે તે ભગવાન પાસે આવી વાત મૂકતા હશે કે કેમ તે વિચારવા જેવું છે. જ્ઞાની પુરુષોની દૃષ્ટિમાં તો બ્રહ્મથી ભિન્ન જીવ કે જગત છે જ નહિ, તેથી તેઓ તો આવી વિનંતી કરે અથવા ન કરે. જે સમુદ્રનું મોજું સમુદ્રથી જુદું નથી તે સમુદ્રની કૃપાની યાચના કરે નહિ. ભક્તોમાં હાલના કાળમાં મ. ગાંધીજી એવી પ્રાર્થના ભગવાન પાસે મૂકતા હતા, પણ તેમાં વધારે સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો ગરીબોને સંસારની સગવડ આપવાનો પુરુષાર્થ છે. બધાને સંસારરૂપી વૈતરણમાંથી મોક્ષ મળે તો ઠીક એવી પ્રાર્થના તો કોઈ ભગવાન પાસે કરતા હતા કે કેમ તે શંકા જેવું છે. પ્રહ્લાદનો સત્યાગ્રહ એવો છે કે જેથી બધાને સત્ય મળે, એટલે મોક્ષ મળે.

હવે પ્રહ્લાદ કહે છે કે "ગૃહસ્થાશ્રમમાં જે મૈથુન વગેરેનું સુખ છે તે ખરજવાના સુખ જેવું છે. જેમ ખરજવું ખોદતા પહેલાં સુખ લાગે છે અને પછી અધિક અધિક દુઃખ વધે છે તે પ્રમાણે સંસારના ભોગમાં સુખ અલ્પ છે અને દુઃખ અધિક છે. આવાં અનેક દુઃખ ઉઠાવવા છતાં એ દીન સંસારી માણસો તેનાથી તૃપ્ત થતાં નથી પણ ધીર પુરુષો કામ વગેરેના વેગને સહન કરી લે છે (૭–૯–૪૫)".

માણસને એક પુત્ર થાય તો પણ લગભગ ૨૫ વર્ષ સુધી તેની સંભાળ રાખવી પડે છે, બાળકને મોટો કરવામાં માબાપે પણ બાળકના જેવું મન કરવું પડે છે. પછી એવું કલુષિત મન ભગવાનમાં

લાગતું નથી. તેથી શાસ્ત્રોમાં પહેલાં પુત્રેષણા છોડવા તરફ આજ્ઞા કરેલી છે. પ્રજા થાય તો તેને માટે ધન જોઇએ અને ધન મેળવવા માટે લોકોના સંબંધ વધારી લોકૈષણા પણ વધારવી જોઈએ. કેટલાંક કર્મનું ફળ તરત પૂરૂં થઈ જાય છે પણ જે કર્મથી પ્રજા ઉત્પન્ન થાય છે તેના ફળમાં જે પ્રવૃત્તિ વધે છે તેની અસર ઘણાં વર્ષો સુધી ચાલે છે. તેથી સંસારમાં ઉત્તમ પુરુષાર્થ સાધવો હોય તો બ્રહ્મચર્યની ખાસ જરૂર છે. એ બાબતમાં કોંગ્રેસ સરકાર કાંઇ મદદ કરી શકશે નહિ, કારણ કે તેમને લશ્કર માટે વધારે વસ્તીની જરૂર છે. વળી સંયમ વગરની પ્રજામાંથી કોંગ્રેસ સારું ભવિષ્ય શી રીતે બનાવી શકશે તે સમજવું પણ મુશ્કેલ છે. તેથી સ્વરાજ કરતાં પ્રહ્લાદના જેવા સંસ્કારની આપણને વધારે જરૂર છે. સંસ્કાર વગરનું સ્વરાજ લાંબો વખત ટકશે નહિ, અને સારા સંસ્કારવાળા એક પ્રહ્લાદે હિરણ્યકશિપુની મહાન સત્તા તોડી નાખી હતી. તેથી ઘણા મૂર્ખ માણસોના લશ્કરના કરતાં એક રામ અથવા એક કૃષ્ણની કિંમત ઘણી છે. તેથી હવે આપણા દેશનું રક્ષણ કરવું હોય તો સંસ્કારના રક્ષણની ખાસ જરૂર છે.

પ્રહ્લાદ સ્તુતિ કરતાં કહે છે કે "માન, વ્રત, શાસ્ત્રશ્રવણ, તપ, વેદાધ્યયન, સ્વધર્મપાલન, એકાન્તસેવન, વ્યાખ્યાનશક્તિ, જપ અને સમાધિ વગેરે જે મોક્ષનાં ૧૦ પ્રસિદ્ધ સાધન છે તે પણ કોઈવાર અજિતેંદ્રિય પુરુષોની જીવિકાનાં સાધન બની જાય છે. વાસ્તવમાં આપ રૂપરહિત છો, છતાં આપનાં રૂપ પણ જ્ઞાનના સાધન તરીકે કામ આવે છે. યોગીજન લાકડામાં રહેલ અગ્નિની માફક ભક્તિયોગદ્વારા કાર્ય અને કારણ બંનેમાં આપનો સાક્ષાત્કાર કરે છે, કારણ કે આપનાથી પૃથક્ સત્તા તેમની નથી. સગુણ અને નિર્ગુણ બધું આપનું સ્વરૂપ છે છતાં માયાના ગુણથી દેવ અને મનુષ્યો આપને જાણી શકતા નથી, કારણ કે તે બધા આદિ અને અંતવાળા છે, એવું સમજી

પંડિતો શાસ્ત્રના અભ્યાસથી પણ ઉપરામ પામી જાય છે. (૭–૯–૪૯)

છતાં પ્રણામ, સ્તુતિ, સર્વકર્મનું અર્પણ, ઉપાસના, આપના ચરણોનું ધ્યાન અને કથાશ્રવણ એ છ અંગથી યુક્ત જે આપની સેવા છે તે કર્યા વગર કેવલ પરમહંસોને પ્રાપ્ત થનાર આપમાં માણુસની ભક્તિ શી રીતે થઈ શકે ?" એટલે એ સાધનાથી જ ભક્તિ બરાબર થઈ શકે છે.

આ પ્રમાણે ભક્ત પ્રહ્લાદજીએ ભગવાનના ગુણોનું વર્ણન કરી સ્તુતિ કરી. તે પછી ભગવાનનો ક્રોધ શાન્ત થઈ ગયો. પછી ભગવાને પ્રહ્લાદજીને કહ્યું કે. "હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તારે જે વરદાન જોઈએ તે માંગી લે, હું પ્રાણીઓની સંપૂર્ણ કામના પૂરી કરૂં છું." તેના જવાબમાં પ્રહ્લાદજી કહે છે કે "હે પ્રભુ! હું તો સ્વભાવથી જ ભોગોમાં આસકત છું, તેથી મને વરદાન વગેરેથી વધારે લોભમાં નાખો નહિ. હું તો ભોગોથી બીને મોક્ષને માટે આપના શરણમાં આવ્યો છું (૭–૧૦–૨). કદાચ આપ મારી પરીક્ષા કરતા હશો, પણ જે સેવક પોતાની કામનાની પૂર્તિની ઇચ્છા રાખે છે તે સેવક નથી પણ વેપારી છે અને સેવક પાસેથી સ્વામિત્વની ઇચ્છા રાખી તેને ધન વગેરે દેવાવાળા સ્વામી એ ખરા સ્વામી નથી (૭–૧૦–૫)

अहं त्वकामस्त्वद्भक्तस्त्वं च स्वाम्यनपाश्रयः ।

હું આપનો નિષ્કામ ભકત છું અને આપ મારા નિરપેક્ષ સ્વામી છો, તેથી રાજા અને સેવકના જેવો આપણા બંને વચ્ચે સંબંધ નથી. છતાં આપની ઇચ્છા મને વર દેવાની હોય તો હું એટલું જ માગું છું કે મારા હૃદયમાં કોઈ પણ પ્રકારની કામનાઓનો અંકુર ન રહે, કામના ઉત્પન્ન થતાં જ ઇંદ્રિય મન, પ્રાણ, દેહ, ધર્મ, ધૈર્ય, બુદ્ધિ, લજ્જા, શ્રી, તેજ, સ્મૃતિ અને સત્ય એ બધું નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. (૭–૧૦–૮)

આ બાબત ખાસ સમજવી જરૂરની છે, તેથી પ્રહ્લદજી કહે છે કે "જે વખતે માણુસ પોતામાં રહેલી બધી કામનાઓને છોડી દે છે તે જ વખતે તે ભગવદ્દભાવને પ્રાપ્ત થઈ જાય છે. મારા આપને નમસ્કાર છે." ગીતામાં પણ સ્થિતપ્રજ્ઞના લક્ષણમાં એવો જ ઉપદેશ શરૂઆતમાં આવે છે.

ભગવાન કહે છે–"જે પુરુષ તમારા માફક મારા અનન્ય ભક્ત થાય છે તે લૌકિક અથવા પારલૌકિક કોઈપણ પ્રકારના ભોગોની કામના કદાપિ કરતા નથી, તો પણ મારી આજ્ઞાથી આ મંન્વન્તર પૂરો થાય ત્યાંસુધી તમે આ લોકના ભોગ ભોગવો અને બધાં કર્મ મને અર્પણ કરો, પછી તમે જરૂર મને પ્રાપ્ત થશો. જે પુરુષ આ સ્તુતિઓનું કીર્તન કરશે તે પણ કાલાન્તરે મુક્ત થશે."

પછી પ્રહ્લાદજીએ એવું વરદાન માગ્યું કે, "મારા પિતાની અંદર હું અને મારૂં એવી મિથ્યા બુદ્ધિ થઈ હતી, તેનાથી તેણે આપની નિંદા કરી હતી અને મારો દ્રોહ કર્યો હતો. તેથી તે દોષથી મુક્ત થઈ મારા પિતા શુદ્ધ થઈ જાય." આ માગણીમાં હિરણ્યકશિપુનું સ્વરૂપ "અહંકાર અથવા મિથ્યા દૃષ્ટિ" આપેલ છે (૭–૧૦–૧૬). શ્રીમદ્દભાગવતની ખુબી એવી છે કે સાચું સ્વરૂપ પાછળથી બતાવે છે, એવું ઘણે ઠેકાણે માલુમ પડે છે.

ભગવાન કહે છે કે, "જે કુળમાં તારા જેવો ઉત્તમ પુત્ર ઉત્પન્ન થયો તેની ૨૧ પેઢીઓ પવિત્ર થઈ ગઈ. જેનામાં કોઈ જાતની કામના નથી એવા મારા ભક્તજન બધામાં આત્મદૃષ્ટિ કરે છે અને કોઈ ને પીડા દેતા નથી. સંસારમાં જે લોક તમારી ભક્તિનું અનુકરણ કરશે તે મારા ભક્ત થઈ જશે. તમે મારા બધા ભક્તોમાં આદર્શરૂપ છો, મારા અંગનો સ્પર્શ થવાથી તમારો પિતા પવિત્ર થઈ ગયેલ છે, છતાં હવે તેનો અગ્નિસંસ્કાર કરો. તે ઉત્તમ લોકને પ્રાપ્ત થશે.

તમે હવે શાસ્ત્ર પ્રમાણે રહીને મારી સેવારૂપ બધાં કાર્ય કરો. (૭–૧૦–૨૩).

પછી બ્રહ્માજીએ ભગવાનની સ્તુતિ કરી અને કહ્યું કે "એ બહુ સાંભાગ્યની વાત છે કે સંપૂર્ણ લોકોને સંતપ્ત કરનાર આ દૈત્યને આપે માર્યો, તે મારા વરદાનથી અભિમાની થઈ ગયો હતો. આપે પ્રહ્લાદને મૃત્યુના મુખમાંથી છોડાવ્યો તે પણ સારૂં કર્યું. જે પુરુષ આપના આ નૃસિંહસ્વરૂપનું એકાગ્રતાથી ધ્યાન કરશે તે બધા પ્રકારના ભયથી મુક્ત થશે. (૭–૧૦–૨૯)

ભગવાને બ્રહ્માજીને કહ્યું કે તમારે દૈત્યોને આવા વર કદાપિ દેવા નહિ. જે સ્વભાવથી જ ક્રૂર છે તેમને આપેલા વર તો સર્પને દૂધ પાવા સમાન છે. (૭–૧૦–૩૦)

આનો અર્થ એમ પણ થઈ શકે કે જેઓ રાજ્ય કરવા માટે લાયક નથી, તેમને જો રાજ્યસત્તા મળે તો વધારે ઉન્મત્ત થાય છે અને નિર્દોષને મારવા માટે તૈયાર થાય છે.

ભગવાન હવે અંતર્ધાન થઇ ગયા અને પ્રહ્લાદજીએ બ્રહ્મા વગેરે દેવોની પૂજા કરી, પછી બ્રહ્મા વગેરે પોતાને સ્થાને ચાલ્યા ગયા.

આ કથાનો સિદ્ધાંત બતાવતાં નારદજી યુધિષ્ઠિરને કહે છે અને શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે જેમ કીડો ભમરીનું ધ્યાન કરતાં કરતાં ભમરી જેવો થઈ જાય છે તેમ ભગવાનનો દ્રોહ કરનાર રાજા પણ વૈરભાવથી ભગવાનનું ચિંતન કરતાં પહેલાંનાં પાપથી મુક્ત થઇને અંતે તદ્રૂપ થઇ ગયા.

હે રાજા! પૂર્વકાલમાં જ્યારે મહામાયાવી મયાસુર રુદ્રદેવનો સુયશ નષ્ટ કરવા તત્પર થયો, ત્યારે શ્રીહરિએ તેમનો યશ બચાવ્યો હતો. આ બાબત વધારે સ્પષ્ટ કરવા માટે યુધિષ્ઠિરે નારદજીને વિનંતી કરી, તેથી નારદજીએ તેમને માયાના ત્રણ પુર (હરિની મદદથી) રુદ્ર કેવી રીતે જીતી શક્યા તે બાબત સમજાવી. નારદજી એ સાક્ષીનું

સ્વરૂપ છે. વિષ્ણુ એ નિષ્ઠા કરાવનાર અથવા સ્થિતિ આપનાર તત્ત્વ છે. રુદ્ર અહંકારના દેવ છે, તે અહંકારરૂપી માયાનો નાશ કરી આવરણભંગ કરે છે, પણ આવરણભંગ થયા પછી સ્વરૂપમાં સ્થિતિ કરવા માટે વિષ્ણુની જરૂર પડે છે, કારણ કે વિષ્ણુ સ્થિતિ આપનાર એટલે સ્થિતપ્રજ્ઞ દશા આપનાર છે. તેથી જ ભાગવતમાં મુખ્ય દેવ વિષ્ણુ છે અને તેમાં પરમહંસોની કથા આવે છે. પ્રહ્લાદ પણ પરમહંસ હતા પરમહંસદશાને જ સ્થિતપ્રજ્ઞની દશા કહે છે. ટુંકામાં એવો કોઇ દોષ નથી કે જે ભેદબુદ્ધિથી ઉત્પન્ન ન થાય અને એવો કોઇ ગુણ નથી કે જે અભેદબુદ્ધિથી પ્રાપ્ત ન થાય. તેથી ભક્ત પ્રહ્લાદજીની માફક અભેદભાવ કેળવવો અને તેમાં નિષ્ઠા કરવી. તે માટે જે જ્ઞાનમાં 'હું અને મારું, આવે તેવું જ્ઞાન લેવું ન જોઇએ, પણ હાલના કાળમાં રોટલીની ફિકરમાં ફરજીઆત એવું જ્ઞાન લેવું પડે છે. તેથી માણસોને પરમાર્થની બાબતમાં ઘણી મુશ્કેલી નડે છે. વળી રોટલીની ફિકર કરતાં વાસના જીતવી વધારે અઘરી છે નાની ઉંમરમાં પ્રહ્લાદના જેવું જ્ઞાન મળ્યું હોય તો જ વાસના ઉપર અંકુશ રહે તેવું છે. પ્રહ્લાદ પણ વાસનાથી ગભરાઇ જતા હતા, તેથી વાસના બળે તેવું વરદાન તેમણે ભગવાન પાસે માગેલ છે.

★

પ્રકરણ ૧૫ મું
વર્ણાશ્રમધર્મ.

માણુસના જીવનમાં મુખ્ય જરૂરીઆત બે છે. સારા સંસ્કાર મળે તેવી કેળવણી અને સારો અને સસ્તો ખોરાક થોડી વસ્તી હોય ત્યારે એ વાત ઉપર ઠીક ધ્યાન આપી શકાય છે પણ વસ્તી વધી પડે ત્યારે એ બાબત ઉપર પૂરતું ધ્યાન આપી શકાતું નથી.

આગળના વખતમાં કાયદા બનાવનાર સત્ત્વગુણી બ્રાહ્મણો અને સાધુઓ હતા અને કાયદા પાલન કરનાર રજોગુણી અને તમોગુણી માણુસો હતા. હાલના કાળમાં બહુમતિવાળાં પ્રજાતંત્ર રાજ્યો ઉત્પન્ન થયાં છે. તેમાં કાયદા બનાવનાર રજોગુણી વૃત્તિવાળા અને સંયમ વગરના હોય છે અને કેટલાક સત્ત્વગુણી માણુસોને એ કાયદા પાલન કરવા પડે છે. સત્ત્વગુણી માણુસોમાં કુદરતી સંયમ હોય છે, તેઓ ખોટું બોલતા નથી, ચોરી કરતા નથી, તેમને કોર્ટ કે પોલીસની જરૂર પડતી નથી. તેમના હાથમાં કાયદા કરવાનું કામ આપવામાં આવે તો લોકોમાં નીતિ વધે તેવા કાયદા કરે અથવા કેળવણી એવા પ્રકારની કરે કે જેથી માણુસ અનીતિ કરતાં અટકે. હાલમાં કાયદા અને અંકુશ વધી ગયા છે અને તે છતાં અનીતિ પણ વધી ગઈ છે.

વળી કાયદા કર્યા પહેલાં માણુસના જીવનનો હેતુ નક્કી કરવો જોઈએ અને તે પ્રમાણે કાયદા કરવા જોઈએ. માણુસના જીવનનો હેતુ સુખ મેળવવાનો છે પણ સુખ કેટલા પ્રકારનાં છે અને તેનાં સાધન કયાં છે તે બાબતનું જ્ઞાન કાયદા ઘડનારમાં હોવું જોઈએ. હિંદુસ્થાનમાં ૪ પુરુષાર્થ માનવામાં આવેલા છે, એટલે કે ધર્મ, અર્થ કામ અને મોક્ષ. તેમાં પહેલા ત્રણનું ફળ અનિત્ય છે, અને ચોથા પુરુષાર્થનું ફળ નિત્ય છે. તેમાં જેને જે પુરુષાર્થ કરવો હોય તેને માટે પૂર્ણ છૂટ જોઈએ. બહુમતિનાં રાજ્યોમાં બધાને લડવા તૈયાર રહેવાનું

શીખવવામાં આવે છે. તેવું આપણા દેશમાં બનશે તો મોક્ષ માટે કોઇ તૈયાર થશે નહિ. બધા બ્રાહ્મણ થઇ શકે નહિ. અને બધા ક્ષત્રિય થઈ શકે નહિ. કોંગ્રેસના નેતાઓ પોતે જેવા હોય તેવા બધાને બનાવવાનું કરશે તો સમાજવ્યવસ્થા અને રાજ્યવ્યવસ્થા બરાબર રહેશે નહિ. મજુરોની પાસે મજુરીની કિંમત હોય છે. શાંતિથી આત્માનું ધ્યાન કરવા માટે જે ફુરસદની જરૂર છે અને તેનાથી જે લાભ થાય છે તે મજુરોના પ્રધાનો સમજી શકશે નહિ. તેથી સારો સમાજ કરવા પહેલાં માણસના જીવનનો હેતુ શો છે તે પહેલાં નક્કી કરવો જોઈએ.

આપણે શું કરવાનું છે તે જાણવા પહેલાં આપણે કેવા થવું છે તે જાણવું વધારે જરૂરતું છે.

યુધિષ્ઠિર રાજા નારદજીને પૂછે છે કે "હું વર્ણાશ્રમના આચાર સહિત મનુષ્યોના સનાતન ધર્મ સાંભળવા માગું છું કે જેથી માણસોને ભક્તિ અને જ્ઞાનની પ્રાપ્તિ થાય.

નારદજી—સનાતન ધર્મ મેં શ્રી નારાયણના મુખથી સાંભળેલ છે. હે રાજા! સર્વવેદમય હરિ છે. મહર્ષિઓએ રચેલી સ્મૃતિઓ અને ચિત્તને સંતોષ થાય તેવું આચરણ એ ધર્મનું મૂળ છે. વળી સત્ય, દયા, તપ, શૌચ, તિતિક્ષા, સ્વાધ્યાય, સરલતા, સન્તોષ, સમદર્શી મહાત્માઓની સેવા, અભ્યાસદ્વારા સંસારી ભોગોની ચેષ્ટાથી નિવૃત્ત થવું, મૌન રહેવું, બધા કર્મનું ફળ વિપરીત કેમ આવે છે તેનો વિચાર કરવો, આત્મચિંતન કરવું, પ્રાણીઓને અન્નનો ભાગ દેવો, બધા પ્રાણીઓમાં અને ખાસ કરીને માણસોમાં ઇષ્ટદેવબુદ્ધિ રાખવી અને મહાત્માઓના આશ્રયભૂત શ્રીહરિનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું, તેમની સેવા-પૂજા, નમસ્કાર અને દાસત્વ કરવું અને તેમના પ્રતિ સખ્ય અને આત્મસમર્પણ કરવું. આ ૩૦ પ્રકારના

આચરણ એ સંપૂર્ણ ધર્મ કહેવાય છે. તેમનું પાલન કરવાથી માણસો ઉત્તમ ધર્મવાળા કહેવાય છે.

હે ધર્મરાજ! સારા સંસ્કારવાળા દ્વિજ કહેવાય છે. અધ્યયન કરવું, અધ્યાપન કરવું દાન લેવું, દાન દેવું તથા યજ્ઞ કરવા અને કરાવવા એ છ બ્રાહ્મણના ધર્મ છે, ક્ષત્રિયોને માટે દાન લેવાનો ધર્મ નથી. ક્ષત્રિયોએ પ્રજાનું પાલન કરવું અને બ્રાહ્મણ સિવાય બીજાને દંડ આપવો અને બીજા પાસેથી કર લેવા.

(આ પદ્ધતિ એમ બતાવે છે કે સમાજમાં સંસ્કારી માણસોનું ઘણું માન હતું.) વૈશ્યોએ બ્રાહ્મણોનું કહેવું માનવું અને વેપાર અને ખેતીથી પોતાની આજીવિકા ચલાવવી તથા શૂદ્રોએ દ્વિજની એટલે સંસ્કારી માણસોની સેવા કરવી જોઇએ.

બ્રાહ્મણોએ સદાઈથી રહેવું જોઈએ અને આપત્તિકાળ સિવાય ક્ષત્રિય સિવાય બીજા હલકા વર્ણના માણસો પાસેથી મદદ લેવી ન જોઈએ. આપત્તિકાળે ગમે તેની મદદ લઈ શકાય છે. બ્રાહ્મણે હલકા વર્ગની સેવા કરવી ન જોઈએ. શમ, દમ, તપ, શૌચ, સન્તોષ, ક્ષમા, આર્જવ, જ્ઞાન, દયા, ભગવત્પરાયણતા અને સત્ય એ બ્રાહ્મણનાં લક્ષણ છે. શૂરવીરતા, પુરુષાર્થ, શૌર્ય, તેજસ્વિતા, ત્યાગ, મનોજય, ક્ષમા, બ્રાહ્મણોમાં ભક્તિ રાખવી, અનુગ્રહ અને પ્રજાનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનાં લક્ષણ છે. દેવ, ગુરુ, અને ભગવાનમાં ભક્તિ રાખવી, ધર્મ, અર્થ અને કામની પુષ્ટિ કરવી, આસ્તિકતા, નિત્ય ઉદ્યમ અને વ્યવહારકુશલતા એ વૈશ્યનાં લક્ષણ છે, ઉચ્ચ વર્ણોની સાથે વિનમ્ર-ભાવ રાખવો, શૌચ, સ્વામીની નિષ્કપટ સેવા, ચોરી ન કરવી, સત્ય ભાષણ અને ગાયો અને બ્રાહ્મણોની રક્ષા કરવી એ શૂદ્રના ધર્મ છે.

આ પદ્ધતિ પ્રજામાં સારા સંસ્કાર ઉત્પન્ન કરવા માટે છે. જેમ ખરાબ બટેટાંને સારાં ભેગાં રાખ્યાં હોય તો બધાં બગડે છે તેમ

ખરાબ સંસ્કારવાળા ગુંડાઓને સારા સંસ્કારવાળાની વચ્ચે રાખ્યા હોય તો બધાને બગાડે છે. તેથી ગુણ–કર્મ પ્રમાણે એટલે સંસ્કાર પ્રમાણે ૪ ભાગ કે જે શાસ્ત્રોમાં બતાવેલ છે તે પ્રમાણે સમાજની રચના થાય તો બધા ઠીક આગળ વધી શકે છે. આખી પ્રજાને લડવા માટે તૈયાર કરવાથી સંસ્કાર સુધરતા નથી. વળી પ્રજાસત્તાક રાજ્યમાં બહુમતિનું રાજ્ય હોવાથી બધી પ્રજાને રાજ્યના વિચાર કરવા પડે, તો પણ સમાજમાં સુધારો થઈ શકશે નહિ. સંસ્કારી માણસો દેશ–કાળના ભેદ માનતા નથી અને ઇતિહાસ અને ભૂગોળને સાચાં માનતા નથી. હાલના કાળમાં બધા દેશોના સંસ્કારની ભેળસેળ થયેલી છે અને લડાઈ થાય ત્યારે વિમાનો અને અણુબોમ્બ જેવાં શસ્ત્રો પણ તૈયાર થાય છે. તેથી બધા દેશના જુવાનોને એવી લડાઇ ફરજિયાત શીખવી પડે છે. તેનાથી રાગદ્વેષ વધે છે અને સંસ્કાર સારા થતા નથી.

મુખ્ય મુશ્કેલી એ છે કે હિંદુસ્થાનની પશ્ચિમે બે મોટા ધર્મ આવેલા છે, એટલે ખ્રિસ્તી અને ઇસ્લામ ધર્મ આવેલા છે. તેમના ધર્મમાં જીવ અને જગત વિષે ચોક્ખું તત્ત્વજ્ઞાન જણાતું નથી. તેઓ મડદાને દાટે છે અને જાણે કે જીવ શરીરને ચોંટેલો હોય તેમ કબરમાં રહે છે તેમ માને છે અને બધાનો હિસાબ કયામતને દિવસે થશે, તે વખતે તેમાંથી જીવ નીકળીને પોતાના કર્મનો હિસાબ ભગવાનને દેશે. તે બ્રહ્મરૂપ થઇ શકે તેવું માનતા નથી. વળી એ બે ધર્મ ઈતિહાસ માને છે, અને હિંસામાં પણ માને છે. હિંદુધર્મ અને બૌદ્ધધર્મ સંસ્કારમાં માને છે, તેથી હિંસામાં માનતા નથી અને ઇતિહાસમાં માનતા નથી. હિંદુ ધર્મમાં એમ માનેલું છે કે જીવ બ્રહ્મરૂપ છે. હવે એ બંને નવી જાતની પ્રજાની અથડામણ શરૂ થઇ છે. કદાચ સિંહ માણસને મારી શકે તેથી સિંહનું જીવન ઊંચું માની શકાતું નથી. જેઓ હિંસકવૃત્તિ બતાવે તેઓ સંસ્કારી હોતા નથી.

મુસલમાનોને સ્વતંત્ર પાકીસ્તાન દેશ મળ્યો છે પણ બધો આધાર તેમના સંસ્કાર ઉપર છે. જો કોઈ પણ સારા આદર્શ વગર કોઇ પ્રજામાં જાગૃતિ આવે તો તેથી હલકા સ્વભાવની જાગૃતિ થાય છે. ઊંચા આદર્શ વગરનું જીવન પશુ જેવું થાય છે. તેમાં કોઈ પુરુષાર્થ થઈ શકતો નથી. સારા સંસ્કાર માટે ભક્તિ વધવી જોઈએ અને અહંકાર દૂર થવો જોઈએ. ગયાં ૨૦૦ વર્ષ સુધી વેપારીઓ રાજા તરીકે કામ કરતા, હવે મજુરોને રાજગાદી જોઇએ છે. વેપારીને બદલે મજુર રાજા થાય તેથી સંસ્કાર સુધરતા નથી. મજુરો બધાને મજુરીની કિંમત સમજાવશે. મજુરો સાધારણ રીતે વધારે પગાર માગે છે અને ઓછું કામ આપે છે. આપણા દેશમાં એવો અનુભવ ઘણાને થાય છે. વળી મજુરોમાં સંયમ નથી. અને તેમને સંસારના વિષયો ગમે છે. આવા માણસોના હાથમાં સત્તા આવે તો સારા ભવિષ્યની આશા શી રીતે રાખી શકાય.

સંઘ અને રાજ્ય માટે શક્તિની જરૂર છે પણ શક્તિની પછવાડે સાચા જ્ઞાનનો અને નીતિનો ટેકો ન હોય તો તે સંઘની અને
૧ રાજ્યની પડતી આવે છે. હાલ બધા દેશોમાં શિક્ષકો કરતાં મજુરોને વધારે રોજી મળે છે પણ પ્રજામાં સારા સંસ્કાર ફેલાવવા હોય તો શિક્ષકોને પૂરતો પગાર આપવો જોઇએ. જે શિક્ષકોના મનમાં પોતાના ભરણપોષણની ચિંતા હોય તે ઉત્તમ વિચાર કરી શકતા નથી અને ઉત્તમ વિચાર આપી શકતા નથી. શિક્ષકોએ પણ સંયમથી રહેવાની જરૂર છે, તેઓ પોતાના વર્તનથી સારું શિક્ષણ આપી શકે.

હવે નારદજી યુધિષ્ઠિર રાજાને સ્ત્રીઓના ધર્મ બતાવે છે. પતિની સેવા કરવી, તેને અનુકૂલ રહેવું, પતિના સંબંધીઓને અનુવર્તન કરવું અને પતિના નિયમોની રક્ષા કરવી એ પતિવ્રતા સ્ત્રીઓના ધર્મ છે. સાધ્વી સ્ત્રી ઘરને સ્વચ્છ રાખે છે અને પોતાના શરીરને પણ સ્વચ્છ રાખે છે. તેણે ઇંદ્રિયનો સંયમ રાખવો અને સત્ય અને પ્રિય વચનોથી

પતિની પ્રેમપૂર્વક સેવા કરવી. જે કાંઇ મળી જાય તેમાં સંતોષ રાખવો, કાર્યકુશલ રહેવું અને સાવધાન રહેવું. જે સ્ત્રી આવી રીતે પતિપરાયણ થઇને તેને ભગવદ્‌ભાવથી ભજે છે તેને વૈકુંઠલોકમાં સારૂપ્ય મુક્તિ મળે છે, તેથી જેમ વિષ્ણુ લક્ષ્મીજીની સાથે રહે છે તેમ તેને પતિનું સુખ મળે છે. (૭–૧૧–૨૯)

મુંબઇમાં એક બ્હેન અમને પૂછતી હતી કે મર્યા પછી તે તેના પતિને મળી શકે કે નહિ ? અમે કહ્યું કે તે બની શકે નહિ, કારણ કે બંનેના કર્મ ભિન્નભિન્ન હોય છે. બંને સાથે જન્મતા નથી અને સાથે મરતાં નથી. વળી સ્ત્રી મરી ગયા પછી તેનો પતિ બીજી સ્ત્રી કરે અને બીજી સ્ત્રી પણ તેને સાથે રાખવાની ઇચ્છા રાખે તો તે બની શકે નહિ. બે સ્ત્રીનો પતિ પહેલાં મરી જાય તો તે બે સ્ત્રીમાંથી કોની રાહ જોઈને તે નવા લોકમાં રહે, તેથી ભાગવતમાં કહેલું છે કે સતી સ્ત્રીને સારૂપ્ય મુક્તિ મળે એટલે ભગવાન તેના પતિ થાય, એટલે જીવતાં તેણે અનન્ય ભાવથી પતિસેવા કરવી જોઈએ અને પતિને પરમેશ્વર માનવા જોઇએ. વળી પતિને પરમેશ્વર માનવાથી પરમેશ્વર જેવાં બાળક મળી શકે. જો વસુદેવ અને દેવકીના જેવાં માબાપ તૈયાર થાય તો તેમને ત્યાં કૃષ્ણ જેવાં પુત્રરત્ન પ્રાપ્ત થાય, અને એવું થાય તો જગતની બધી ગરબડનો અંત આવે અને બહુમતિના રાજ્યની જરૂર રહે નહિ. આવા પુત્રરત્ન માટે માત્ર બે માણસોની મદદની જરૂર છે. એટલે માબાપ જો બ્રહ્મચર્યથી, સંયમથી અને તપથી રહે તો જરૂર રામ અને કૃષ્ણ જેવા અથવા વ્યાસ અને વાલ્મીકિ જેવા મહાત્મા આપણી પૃથ્વી ઉપર જન્મ લે.

નારદજી કહે છે કે–“જે માણસો વર્ણાશ્રમ પ્રમાણે ધર્મનું આચરણ કરે છે તે ધીરે ધીરે સ્વાભાવિક કર્મોનો ત્યાગ કરી ગુણાતીત થઈ જાય છે. જે પુરુષને માટે જે વર્ણના ધર્મ બતાવ્યા છે તે ધર્મ જો બીજા વર્ણમાં મળી જાય તો તે માણસને પણ તે વર્ણનો સમ-

જવો જોઇએ. (૭-૧૧-૩૬) એટલે ગુણ-કર્મ પ્રમાણે વર્ણ માનવા જોઈએ."

વર્ણાશ્રમધર્મની પદ્ધતિનો મૂળ હેતુ ધીરેધીરે ઇંદ્રિયો ઉપર સંયમ કેળવવાનો છે. બ્રાહ્મણ ૪ આશ્રમ કરી શકે છે; કારણ કે તે ઘણા સંયમથી રહે છે. ક્ષત્રિયો ૩ આશ્રમ કરી શકે છે, તેથી રાજદ્વારી માણસો ઘણે ભાગે વાનપ્રસ્થ આશ્રમ સુધી પહોંચી શકે છે. વૈશ્યો માટે બે આશ્રમ છે અને શૂદ્રો માટે એક ગૃહસ્થાશ્રમ છે. જેઓ હાડકાં-ચામડાંનો ધંધો કરે છે તે શૂદ્ર મનાય છે, તેવી જ રીતે જેઓ માત્ર ગૃહસ્થાશ્રમમાં રહી હાડકાં-ચામડાંના વિષયી સુખમાં અટકી જાય છે અને આગળ વધીને વાનપ્રસ્થ-આશ્રમમાં અથવા સન્યાસ-આશ્રમમાં આવી શકતા નથી તે બધા શૂદ્રની કોટિના સમજવાના છે.

આશ્રમધર્મ ગીતાજીમાં આપેલા નથી તેનું કારણ એમ લાગે છે કે અર્જુનનો પ્રશ્ન વર્ણસંકર પ્રજા બાબતનો હતો, તેથી ગીતામાં ભગવાને વર્ણધર્મ છેવટના ૧૮ માં અધ્યાયમા કહેલા છે, અને વચમાં પણ ભગવાન અર્જુનને કહે છે કે ચારે વર્ણ મેં ઉત્પન્ન કરેલા છે. હવે આ બાબતમાં પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે જો ભગવાને ચાર વર્ણ કર્યાં તો માત્ર હિન્દુસ્તાનમાં અને હિન્દુઓમાં કેમ કર્યાં અને બીજા દેશોમાં અને બીજી પ્રજામાં કેમ ન કર્યાં? કદાચ તે પ્રજા હજુ એવી વ્યવસ્થાને લાયક થઈ નહિ હોય એમ અનુમાન કરી શકાય અથવા અપ્રગટ રીતે તેમનામાં પણ પાદરીઓ બ્રાહ્મણ જેવા હોય છે, તેમનામાં ક્ષત્રિયો છે, વૈશ્યો તો છે જ અને મજુરો પણ છે, પણ તેમની વ્યવસ્થા અને સંયમની રીત હિંદુ ધર્મના જેવી સ્પષ્ટ નથી.

હવે નારદજી યુધિષ્ઠિર રાજાને આશ્રમ ધર્મ સમજાવે છે, એટલે બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસીએ કેવી રીતે રહેવું તે સમજાવે છે. બ્રહ્મચારીએ ઇંદ્રિયોનો સંયમ કરવો અને ગુરુની સેવા કરવી, સાંજે અને સવારે તેણે ગુરુ, અગ્નિ, સૂર્ય અને દેવતાઓની

ઉપાસના કરવી, તથા એકાગ્રતાપૂર્વક ગાયત્રીનો જપ કરવો. સવાર–સાંજ ભિક્ષા લાવી ગુરુને અર્પણ કરવી, પછી ગુરુની આજ્ઞા લઇ ભોજન કરવું; તેણે સુશીલ રહેવું, અલ્પ–આહારી થવું, દક્ષ, શ્રદ્ધાળુ અને જિતેન્દ્રિય થવું અને ખાસ જરૂર સિવાય સ્ત્રીઓ સાથે બોલવું નહિ. બ્રહ્મચારી જુવાન હોય અને ગુરુપત્ની જુવાન હોય તો બ્રહ્મચારીએ ગુરુપત્નીને અડાય તેવી સેવા ન કરવી. હે રાજા! તત્ત્વજ્ઞાનમાં સમર્થ પુરુષ પણ સ્ત્રી વગેરે ભોગ્ય પદાર્થને આભાસરૂપ જાણી લીધા પછી જો તેનું ચિંતન કરે (એટલે હું પુરુષ છું અને તે સ્ત્રી છે) તો તેની દ્વૈતબુદ્ધિ નિવૃત્ત થતી નથી, તેથી તેનું પતન થાય છે. (૭–૧૨–૧૦)

"સુશીલત્વ વગેરે સાધારણ ધર્મ ગૃહસ્થ અને સંન્યાસીને મટે પણ છે; પણ ઋતુગામી ગૃહસ્થને માટે ઋતુકાળથી અતિરેકત સમયમાં સંબંધ વિહિત નથી."

આ બધા નિયમનો હેતુ સંયમ કેળવવાનો છે. એ અઘરૂં કામ છે તેથી શાસ્ત્રમાં નિયમો મૂકેલા છે. એ નિયમ પ્રમાણે રહે તો સંયમ કેળવાય છે. સ્ત્રી નજરે આવે તો તેને ચામડી વગરની જોવાની ટેવ રાખવી. એવી ટેવથી પણ તેમાં રાગબુદ્ધિ થતી નથી.

પછી બ્રહ્મચારીએ પોતાનો અભ્યાસ પૂરો કર્યા પછી ગુરુને દક્ષિણા આપવી અને તેની આજ્ઞા હોય તો ગૃહસ્થ, વાનપ્રસ્થ અથવા સંન્યાસ–આશ્રમમાં પ્રવેશ કરવો.

માણસના જીવનમાં મુખ્ય મુશ્કેલી વ્યવહાર અને પરમાર્થની એકતા કરવામાં રહેલી છે. વ્યવહારમાં ભેદબુદ્ધિ રાખવી પડે છે અને "મારું–તારું" કરવું પડે છે. પરમાર્થમાં અભેદબુદ્ધિ રાખવી પડે છે અને તે દૃષ્ટિએ આખું જગત પોતાનું છે. આ કારણને લઇને પરમાર્થ તરફ વધતાં કેટલીક વ્યાવહારિક મુશ્કેલીઓ સહજ ઉત્પન્ન થાય છે. તે દૂર કરવા માટે અને જીવન વ્યવસ્થિત કરવા માટે નાની ઉંમરથી જ કોઈ મહાત્મા પાસે જઈ થોડુંક ઉપયોગી શિક્ષણ મેળવી લેવું જોઈએ. તેમના અનુભવ બીજાને માર્ગદર્શક થાય છે.

યુધિષ્ઠિર રાજા નારદજીને પૂછે છે કે હે દેવર્ષે ! જેનું ચિત્ત ઘર વગેરેમાં આસક્ત છે એવા મારા સમાન ગૃહસ્થ પુરુષ પણ જે પ્રકારે અનાયાસે પરમાર્થપદને પ્રાપ્ત કરે તેવો ઉપાય બતાવો ?

નારદ—ગૃહસ્થાશ્રમીએ બધાં કર્મો ભગવાનને અર્પણ કરવાં અને શાન્ત પુરુષોના સહવાસમાં રહી ભગવાનના અવતારોની અમૃતમયી કથા શ્રદ્ધાપૂર્વક સાંભળવી અને મુનિઓની સેવા કરવી. જેમ સ્વપ્નમાંથી જાગેલો પુરુષ સ્વપ્નકલ્પિત સંબંધીઓમાં આસક્ત થતો નથી તેમ સંત્સંગદ્વારા ધીરે ધીરે પોતાના સ્ત્રી–પુત્ર વગેરેની આસક્તિને છોડી દેવી. માત્ર ખાસ જરૂર જેટલો શરીરનો સંબંધ રાખવો, એટલે અંદરથી વૈરાગ્ય અને ઉપરથી રાગ બતાવવો, તો જ ખરો પુરુષાર્થ થઇ શકે છે. બીજી વ્યવહારની વાતોમાં પણ મમતા રાખવી નહિ. વળી ગૃહસ્થો પાસે જે ધન–ધાન્ય વગેરે હોય તેમાંથી સાધુ–સેવામાં પણ વાપરવું. પોતાને તો ઉદરપૂર્તિ જેટલો ધન ઉપર હક્ક છે એમ માનવું. પશુ–પક્ષી ઉપર દયા રાખવી; ધર્મ, અર્થ અને કામમાં વ્યગ્ર ન થવું અને દેશકાળ પ્રમાણે જે મળે તેમાં સંતોષ રાખવો. જેઓ પોતાની સ્ત્રીમાં પણ મમતા અને અભિમાન છોડી દે છે તેઓ પરમાત્માને જીતી શકે છે. વળી ગૃહસ્થે પાંચ યજ્ઞોનું–વિધિથી દેવતા, ઋષિ, મનુષ્ય, , ભૂત અને પિતૃગણનું અને આત્માનું–પૂજન કરવું જોઇએ. તેનાથી પૃથક્પૃથક સર્વાન્તર્યામી પરમેશ્વરની આરાધના થાય છે. વળી ગૃહસ્થોએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે નિત્યનૈમિત્તિક કર્મ પણ કરવાં જાઈએ. જ્યાં સાધુઓ રહેતા હોય અને ભક્તિ થઈ શકતી હોય તે દેશ ઉત્તમ છે. એવાં સ્થળે કરેલાં કર્મ હજારગણાં વધારે ફળવાન થાય છે. શ્રીહરિની પૂજાથી સર્વની પૂજા થાય છે. છતાં જેનામાં તપ કે યોગ વધારે હોય તેમાં વિશેષ પ્રકાશ જણાય છે. માણસોમાં ભગવાન માનીને પૂજા કરવામાં એવી મુશ્કેલી નડે છે કે માણસો એકબીજાનું અપમાન કરે છે. તેથી ત્રેતાયુગમાં ઉપાસનાને માટે ભગવાનની પ્રતિમાની કલ્પના કરવામાં આવી છે.

ત્યારથી કેટલાક લોક મોટી શ્રદ્ધાથી અને સામગ્રીથી પ્રતિમામાં ભગવાનની પૂજા કરે છે પણ જે પુરુષોમાં દૂષણબુદ્ધિ છે તેમને પ્રતિમા-પૂજાથી પણ પુરુષાર્થની સિદ્ધિ થતી નથી. (૭–૧૪–૪૦) છતાં જે પુરુષોમાં સંસ્કાર હોય એટલે બ્રાહ્મણપણું હોય અથવા સાધુપણું હોય તે સુપાત્ર છે, કારણ કે તપ, વિદ્યા અને સંતોષ વિગેરે ગુણોથી તેઓ સાક્ષાત્ શ્રીહરિના વેદરૂપ શરીરને ધારણ કરે છે.

અમુક ઉંમર થાય ત્યારે ગૃહસ્થે વાનપ્રસ્થ–આશ્રમમાં પ્રવેશ કરવો જોઈએ. પહેલાં જ્યારે ૧૦૦ વર્ષનું શરીરનું આયુષ્ય હતું ત્યારે ૫૦ વર્ષની ઉંમરે માણસ વાનપ્રસ્થ–આશ્રમ સ્વીકારતા હતા. હવેની ઉંમર લગભગ ૬૦ વર્ષની માની શકાય, તે પ્રમાણે ૪૦ વર્ષની ઉંમરે વાનપ્રસ્થ થવું જોઇએ અને ૫૦ વર્ષની ઉંમરે સંન્યાસ લેવો જોઈએ. શાસ્ત્રોમાં વાનપ્રસ્થ–ધર્મવાળા માટે બહુ સખત તપ બતાવેલ છે પણ હાલમાં શરીરો એવાં તપ સહન કરી શકતાં નથી તેથી વાનપ્રસ્થોએ મુખ્ય ત્રણ બાબત ઉપર ધ્યાન દેવું જોઇએ, એટલે—

૧. બ્રહ્મચર્ય પાળવું.

૨. ગૃહસ્થોનો સંગ ન કરવો.

૩ સાધુ–સંન્યાસીઓનો સંગ કરવો.

આટલા નિયમ પાળી શકાય તો પણ વાનપ્રસ્થ આશ્રમમાં સારી પ્રગતિ થઇ શકે છે. છેવટે તેણે લયચિંતનદ્વારા આત્માને પરમાત્મામાં મેળવી દેવો જોઇએ.

વાનપ્રસ્થ માણસ જો બ્રહ્મવિચારમાં સમર્થ હોય તો તેણે સંન્યાસ ગ્રહણ કરવો જોઈએ, બધી વસ્તુઓનો ત્યાગ કરવો જોઈએ, અને કોઇ ગામમાં એક રાત્રિથી વધારે રહેવું નહિ. સંન્યાસીને માટે પણ શાસ્ત્રમાં એટલા બધા કડક નિયમ બતાવેલા છે કે હાલના કાળમાં તે પાળવા બહુ મુશ્કેલ છે. પણ મુખ્ય ધર્મ તેણે પાળવા જોઈએ. તેણે બધાં પ્રાણિમાત્રના હિતૈષી થવું. બ્રહ્મચર્ય પાળવું, શાંત

ચિત્તવાળા થવું, નારાયણ–પરાયણ રહેવું અને એકલા વિચરવું. તેણે સત્ (કાર્ય) અને અસત્ (કારણ) બંનેથી પરે જે તત્ત્વ છે તે અવિનાશી આત્મામાં આ સંપૂર્ણ પ્રપંચ અધ્યસ્ત છે એમ જાણવું, અને તેથી જગતને આત્મરૂપે અથવા બ્રહ્મરૂપે જાણવું. આત્મદર્શી યતિએ સુષુપ્તિ અને જાગ્રતની સંધિમાં આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરવો અને બંધ અને મોક્ષ કેવળ માયામાત્ર છે, તે કોઈ વસ્તુ નથી એમ સમજી સર્વત્ર બ્રહ્મ જોવું. (૭–૧૩–૫). શરીરનું મૃત્યુ આવવાનું જ છે અને જીવન અનિશ્ચિત છે તેથી તેના તરફ રાગ ન કરવો. તેણે અનાત્મ શાસ્ત્રોમાં પ્રીતિ ન કરવી (એટલે હાલના કાળ પ્રમાણે અર્થ કરીએ તો) ન્યુસપેપરો ન વાંચવાં અને વ્યવહારની અને રાજ્યની દ્વૈતવાળી વાતોમાં બહુ ફસી જવું નહિ. કોઈ કમાવાનું સાધન હાથમાં ન લેવું, માત્ર વાદને માટે તર્ક ન કરવો, અને કોઈ પક્ષ લેવો નહિ. તેણે ઘણા શિષ્યો કરવા નહિ, ઘણા ગ્રંથનો અભ્યાસ ન કરવો, શાસ્ત્રોની વ્યાખ્યા ન કરવી અને મઠની સ્થાપના ન કરવી. વિદ્વાન હોવા છતાં મૂંગાંની માફક તેણે રહેવું.

આ બાબતમાં અજગર–વૃત્તિથી રહેનાર એક મુનિ અને પ્રહ્લાદજીના સંવાદરૂપ એક પુરાતન ઇતિહાસનો દૃષ્ટાંત પંડિતજનો આપે છે. એકવાર પ્રહ્લાદજીએ કોઈ અવધૂતને જોયા, અને તેમને પૂછ્યું કે સંસારમાં તો ધન–ધાન્યથી જેને ભોગ પ્રાપ્ત હોય તેમનાં શરીર પુષ્ટ દેખાય છે અને આપને તો કોઈ ભોગ પ્રાપ્ત નથી છતાં આપનું શરીર કેમ પુષ્ટ દેખાય છે ? આપ વિદ્વાન, સમર્થ અને ચતુર છો અને લોકોને પ્રસન્ન કરવાવાળી તરેહતરેહની વાતો પણ જાણો છો તથાપિ બધા લોકોને કર્મ કરતા જોવા છતાં આપ ઉદાસી ભાવથી પડયા રહો છો તેનું કારણ શું છે ? તે મુનિએ જવાબ આપ્યો કે તમે સાધુસમાજમાં માન્ય છો તેથી તમે પ્રવૃત્તિ અને નિવૃત્તિનું ફળ જાણો છો, છતાં ટુંકામાં કહું તો ઇચ્છિત ભોગથી તૃપ્ત થવું બહુ કઠણ છે. તૃષ્ણા માણસને જન્મ-મરણરૂપ સંસારચક્રમાં નાખે છે. કર્મોની

પ્રેરણાથી અનેક યોનિયોમાં ભટકતો હું આ મનુષ્યલોકમાં આવ્યો છું, આ મનુષ્યયોનિમાં પણ સ્ત્રી–પુરુષો સુખની પ્રાપ્તિ માટે અને દુઃખની નિવૃત્તિ માટે પ્રયત્ન કરે છે, છતાં તેનું વિપરીત પરિણામ આવે છે, એ જાણી હું કર્મોથી ઉપરામ પામી ગયો છું. સુખ તો આત્માનું સ્વરૂપ જ છે તેથી બધા પ્રકારની ચેષ્ટાઓથી નિવૃત્ત થઈએ તો તે સુખ સ્વયં પ્રકાશિત થાય છે. તેથી બધા ભોગોને મનોરથમાત્ર સમજીને હું પ્રારબ્ધ–ભોગ ભોગવતો આંહી પડયો રહું છું. આ દ્વૈતપ્રપંચ વસ્તુતઃ અસત્ છે છતાં માણસ પોતાના સ્વાર્થને ભૂલીને જન્મમરણ રૂપ વિચિત્ર અને ભયંકર સંસારમાં પડી રહે છે. (૭–૧૩–૨૭) જેમ અજ્ઞાની માણસ જળથી ઉત્પન્ન થયેલ શેવાળથી ઢંકાયેલ મીઠા જળને છોડી દૂર રહેલ મૃગજળને પીવાની ઇચ્છા કરે છે તેમ પોતાના આત્માથી અન્યત્ર પુરુષાર્થને સમજનાર માણસ આત્માના અનુસંધાનથી વિમુખ થઇને વિષયોની તરફ દોડે છે (૭–૧૩–૨૮). તેની બધી ક્રિયા વ્યર્થ જાય છે. જેઓ ધનના લોલુપ છે અને અજિતેન્દ્રિય છે, તેઓને સર્વત્ર શંકા રહે છે અને તેમને ભયના કારણથી નિદ્રા પણ આવતી નથી. તેથી બુદ્ધિવાન માણસોએ ધનની ઇચ્છા પણ રાખવી નહિ. આ લોકમાં અજગર અને મધ–માખી એ બે મારા ગુરુ છે. તેમના જીવનથી સાર ગ્રહણ કરીને મેં વૈરાગ્ય અને સંતોષ પ્રાપ્ત કરેલ છે. મધમાખીએ એકઠું કરેલું મધ બીજા લઈ જાય છે. એ જોઇ હું બધા ભોગથી વિરક્તિ રાખી અને અજગરની માફક દૈવવશ જે કાંઇ મળી જાય તેમાં સંતોષ રાખું છું. જો કાંઈ ન મળે તો ધીરજ રાખી બહુ દિવસ એમ જ પડયો રહું છું. હું સંતોષથી પ્રારબ્ધ ભોગવું છું. જેવાં કપડાં મળે તેવાં પહેરી લઉં છું, અને જ્યાં–ત્યાં પડયો રહું છું. મનુષ્યોના સ્વભાવ ભિન્નભિન્ન હોય છે તેથી હું કોઈની નિંદા કે સ્તુતિ કરતો નથી. હું તો પરમાત્મા સાથે સાયુજ્ય મોક્ષ ઇચ્છું છું. માટે ડાહ્યા પુરુષોએ બધા પ્રકારનાં કર્મનો ત્યાગ કરી ઉપરામ પામી જવું. આ પ્રમાણે પ્રહ્લાદજીએ તે અવધૂત પાસેથી

પરમહંસના ધર્મ સાંભળ્યા. પછી પ્રહ્લાદે તેમનું પૂજન કર્યું અને તેમની આજ્ઞા લઇ તે પ્રસન્ન ચિત્તથી પોતાને ઘેર પાછા આવ્યા.

સંસાર એવો છે કે સંસાર તરફથી આપણે જેટલા સુખની અને જેટલી સગવડતાની આશા રાખીએ છીએ તેટલા પ્રમાણમાં સંસાર પ્રત્યે આપણી જવાબદારી અને ફરજ ઉત્પન્ન થાય છે. તેથી પોતાનાથી જેટલી જવાબદારી ઊપડે તેટલી જ ઉત્પન્ન કરવી જોઇએ. અને એવી રીતે જીવન ગોઠવું જોઈએ કે આત્મજ્ઞાન માટે અને આત્મનિષ્ઠા માટે પૂરતો વખત રહે. સુખ જોઇએ માટે વિચાર વગર ગમે તે રીતે લેવું એવી વૃત્તિ રાખવાથી જીવન બગડતું જાય છે. જે માણસો સંસારના સુખમાં પડયા હોય તે ખરેખર સુખી છે કે નહિ તેની તપાસ કરવી જોઇએ. જે દેશમાં પ્રજાસત્તાક રાજ્ય હોય તે દેશના માણસો ખરેખર સુખી છે કે નહિ તેની પણ તપાસ કરવી જોઈએ. બીજા માણસો ખરેખર સુખી છે કે નહિ તેની પણ તપાસ કરવી જોઇએ. બીજા માણસો અને બીજા દેશો કઈ બાબતમાં આપણાથી વધી જાય છે અને આપણે કઇ બાબતમાં પાછળ રહી જઈએ છીએ તેનો પણ વિચાર કરવો જોઈએ.

માણસનું જીવન સુધારવા માટે બે સાધનની જરૂર છે. ૧ ધર્મ ૨. રાજ્ય. ધર્મ નીતિનો માર્ગ બતાવી ચિત્તશુદ્ધિ દ્વારા આત્મ-સાક્ષાત્કાર કરાવે છે. રાજ્ય કમાવાનાં સાધન કરી આપે છે અને સમાજિક સુખ માટે કેટલીક સગવડો આપે છે. રાજ્ય અર્થ અને કામ એ બે પુરુષાર્થમાં મદદ કરે છે.

રાજ્યધર્મ લોકોમાં નીતિ જાળવવા ન્યાયની અદાલતો સ્થાપી સગવડ કરે છે. પણ ત્યાં તેના લાભનું ક્ષેત્ર સમાપ્ત થાય છે. લોકોને આત્મજ્ઞાન જોઈતું હોય તો જેને તે મળ્યું હોય તેની પાસેથી લેવું જોઇએ.

આગળના વખતમાં રાજ્યની ચિંતા એક સારા વિદ્વાન રાજા

ઉપર નાખવામાં આવતી. લોકોને આત્મજ્ઞાન આપવાની ફરજ એક સારા બ્રહ્મનિષ્ઠ મહાત્મા ઉપર રહેતી અને તેનો નિભાવ રાજ્ય તરફથી થતો અને સમાજસુધારા કરવાની ફરજ એક સારા નગરશેઠ ઉપર નંખાતી હતી, અને સૌ પોતાની ફરજ ઓળંગતા નહિ. તેથી રાજા વેપારી થતો નહિ અને વેપારી રાજા થતો નહિ.

પણ હાલમાં વ્યક્તિગત સદ્ગુણો ઓછા થવાથી સંઘશક્તિથી રાજ્યધર્મ અને સમાજમાં, સુધારા કરવામાં આવે છે. તે હાલનો યુગધર્મ છે. સંઘશક્તિને પ્રજાસત્તાક રાજ્ય કહે છે. તેનાથી કેટલીક સગવડ મળે છે અને કેટલીક અગવડ પણ ઉત્પન્ન થાય છે. પ્રજાસત્તાક રાજ્યો પણ લડાઇ બંધ કરી શક્યાં નથી અને લોકોને સારા સંસ્કાર તરફ દોરી શક્યાં નથી. જ્યારે માણસોમાં નીતિ અને સદ્ગુણો વધશે ત્યારે પાર્લામેન્ટના રાજ્ય કરતાં એક રાજાનું રાજ્ય સારૂં લાગશે. ધાર્મિક બાબતોમાં પુસ્તકો અને ભાષણો કરતાં અનુભવી મહાત્માઓની વાણીમાં વધારે શ્રદ્ધા રહેશે અને ગામમાં નાતજાતના ઝઘડામાં એક પ્રમાણિક નગરશેઠના વચન ઉપર ન્યાય અંકાશે, મોટી અદાલતોની જરૂર રહેશે નહિ.

સુધરેલું જગત કોને કહેવું તે પહેલાં સ્પષ્ટ સમજવું જોઇએ. અર્થ અને કામની દૃષ્ટિએ જે સારૂં લાગે તે ધર્મ અને મોક્ષની દૃષ્ટિએ સારું ન લાગે. આત્મદૃષ્ટિએ બધું આત્મરૂપ લાગે છે. રાજનીતિમાં માત્ર લશ્કરની જરૂર પડતી નથી, પણ સામ, દામ, ભેદ અને દંડ એ ચાર કેળવવાની જરૂર પડે છે. હાલનો વિદ્યાર્થી એવી વિદ્યા માટે ભણતો નથી, તે કમાવવા માટે ભણે છે.

વર્ણાશ્રમ પ્રમાણે જીવન ગાળીને તેના ફળરૂપે સારા બ્રાહ્મણો, સારા ક્ષત્રિયો, સારા વૈશ્યો, સારા બ્રહ્મચારીઓ, સારા ગૃહસ્થો, સારા વાનપ્રસ્થો અને સારા સંન્યાસીઓ ઉત્પન્ન કરી શકીએ તો આર્યોના સંસ્કારની અસર બહુ સારી થાય. જે ધર્મવાળા પોતાને બહુ સારા માને તેમણે સમાજ પાસે તેનાં ફળ રજુ કરવાં જોઇએ. તેને બદલે

તેમાંથી અનેક જાતની સમજણ વગરની નાતો, અનેક જાતના પથો અને વાડાઓ, નબળાં શરીર, નબળાં મન, સંસારમાં કજીઆ, વેપારમાં સ્વાર્થ, નોકરીમાં લાંચરૂશ્વત વગેરે ફળ દેખાય તો હિંદુધર્મની સંસ્કૃતિમાં કાંઇક મોટી ખામી છે એમ લાગ્યા વગર રહે નહિ.

માણસના ટૂંકા જીવનમાં ધર્મ, અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ સિદ્ધ થાય એવી સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થા કરવી એ કામ સહેલું નથી. માણસ પોતાનાં પગરખાં અને પાઘડી વચ્ચે સમાઈ જતો નથી. તેની અંદર જેજે જ્ઞાન, શક્તિ, પ્રેમ વગેરે રહેલાં છે તે માત્ર અર્થ અને કામથી પૂરાં ખીલતાં નથી. તે માટે ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થની જરૂર છે.

હવે નારદજી યુધિષ્ઠિર રાજાને ગૃહસ્થને માટે મોક્ષધર્મ સમજાવે છે. અમુક નૈમિત્તિક કર્મ વખતે ગૃહસ્થોએ બ્રાહ્મણોને જમાડવા જોઈએ. ટૂંકામાં અન્ન માત્ર પોતાને માટે રાખવાનું નથી પણ બધાને પરમાત્મરૂપ માની બધા વચ્ચે વ્હેંચી લેવાની આજ્ઞા છે (૭–૧૫–૬). વળી કોઇ પણ પ્રાણીને મન, વાણી અને શરીરથી કોઈપણ પ્રકારનું કષ્ટ આપવું નહિ. જેમજેમ વૈરાગ્ય આવતો જાય છે તેમતેમ બહારના કર્મથી ઉપરામ પામીને મનોનિગ્રહરૂપ આત્મચિંતનમાં તત્પર રહેવું જોઇએ.

જેની ઇચ્છા મોક્ષ તરફ વળવાની છે તે માણસ ધન વગરનો હોય તો પણ તેને શરીરના નિભાવ માટે પણ ધનની ઇચ્છા કરવી જોઇએ નહિ. કારણ કે ઉદ્યોગ વગરના અજગરની સમાન નિવૃત્તિપરાયણ પુરુષનો નિર્વાહ તેની નિવૃત્તિપરાયણ દશાથી થાય છે. જે માણસ સંતોષી છે, નિવૃત્તિપરાયણ છે તથા આત્મામાં રમણ કરનારવાળો છે તેને જે આનંદ મળે છે તે આનંદ કામ અને લોભને વશ થયેલ અને ધનને માટે બધી દિશામાં દોડનાર વ્યક્તિને કેવી રીતે મળી શકે ? (૭–૧૫–૧૬). જેનું ચિત્ત સંતોષી છે તેને માટે બધી

દિશાઓ સુખરૂપ છે. જેના પગમાં પગરખાં છે તેને કાંટા વગેરેની બીક લાગતી નથી. તેનાથી વિપરીત. જે માણુસ ઉપસ્થ અને જીભ સંબંધી વિષયોની વાસનાથી કૃપણુ થઇને ઘરની નોકરી કરે છે તે કૂતરાની સમાન થઇ જાય છે. હે રાજા ! મનુષ્ય દૈવયોગથી પ્રાપ્ત થતા કેવળ જળમાત્રથી સંતોષી થઇને કેમ નથી રહેતા એ સમજાતું નથી ! જેનામાં સંતોષ નથી તેનાં તેજ, વિદ્યા, તપ તથા યશ ઇન્દ્રિયલોલુપતાથી ક્ષીણુ થઇ જાય છે. અને તેનો વિવેક પણુ નષ્ટ થઇ જાય છે. ભૂખનો તો અંત અન્નથી આવી જાય છે પણુ લોભનો અંત આવતો નથી.

હાલના કાળમાં જોઈએ તો રૂશીઆ પાસે ઘણો મોટો મુલક છે છતાં તેને વધારે મુલકની ઈચ્છા થાય છે. પાકીસ્તાનવાળાને પણુ જેટલો મુલક વધારી શકાય તેટલો વધારવાની ઇચ્છા રહે છે. ફક્ત હિંદુઓએ પોતાનો મુલક વધારવાની ઇચ્છા કરી નથી, કારણ કે તેમનું લક્ષ્ય મોક્ષ સુધી પહોંચવાનું છે. ભાગવતમાં કહે છે કે દુર્ગુણો નીચે પ્રમાણે જીતવાઃ—

૧. કામને નિઃસંકલ્પતાથી જીતવો.
૨. ક્રોધને કામનાના ત્યાગથી જીતવો.
૩. લોભને અર્થમાં અનર્થબુદ્ધિ કરવાથી જીતવો.
૪. ભયને તત્ત્વચિંતનથી જીતવો.
૫. શોક અને મોહને અધ્યાત્મવિદ્યાથી જીતવા.
૬. દમ્ભને મહાપુરુષની સેવાથી જીતવો.
૭. યોગનાં વિઘ્નોને મૌનથી જીતવાં.
૮. હિંસાને શરીરની નિઃશ્લિષ્ટતાથી જીતવી.
૯. આધિભૌતિક દુઃખને કૃપાથી જીતવાં.
૧૦. આધિદૈવિક વેદનાને સમાધિથી જીતવી.
૧૧. આધ્યાત્મિક કષ્ટને યોગબળથી જીતવાં.

૧૨. નિદ્રાને સાત્ત્વિક આહારથી જીતવી.

૧૩. રજોગુણ અને તમોગુણને સત્ત્વગુણથી જીતવા.

૧૪. સત્ત્વગુણને ઉપરતિથી જીતવો.

અને ઉપરના બધા દોષ ગુરુની ભક્તિદ્વારા સહજમાં જીતી શકાય છે. (૭–૧૫–૨૫). જે માણસને ભગવત્સ્વરૂપ ગુરુદેવમાં "આ માણસ છે એવી દુર્બુદ્ધિ છે તેનું શાસ્ત્રશ્રવણ એ હાથીના સ્નાનની માફક છે. ગુરુ સાક્ષાત્ ભગવાન જ છે એમ ભાવના રાખવી જોઇએ."

ઉપર કહેલા દોષને જીતવા એ જ ખરું સ્વરાજ છે. પ્રજાસત્તાક રાજ્યમાં ઉપરના દોષો જીતવાની કેટલી સગવડ મળશે તે હવે જોવાનું છે. તેમાં રાજ્યની સાથે ધર્મની જરૂર છે. જે પ્રમાણે ખેતી વગેરે કર્મ મોક્ષ તરફ લઈ જતાં નથી તેમ ધારાસભામાં બેસવાનો હક્ક મળવાથી મોક્ષનો માર્ગ મળતો નથી.

નારદજી કહે છે કે જે માણસે મનને જીતવા માટે ઉદ્યમ કરવો હોય તેણે પરિગ્રહ અને સંગનો ત્યાગ કરી સંન્યાસ લેવો અને એકાન્ત દેશમાં એકલા રહીને ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત થયેલ સ્વલ્પ આહાર કરવો. તેણે સ્થિર આસન રાખવું, તેના ઉપર સીધું શરીર રાખીને બેસવું અને ૐકારનો જપ કરવો અને પ્રાણાયામ કરવો. તેણે ભટકતા મનને પાછું વાળવું. આમ કરવાથી ચિત્ત શાંત થઇ જાય છે, બ્રહ્માનંદનો અનુભવ મળે છે અને બધી વૃત્તિઓ શાંત થઇ જાય છે (૭–૧૫–૩૫). જે ભિક્ષુ અથવા યતિ, ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ કરાવનાર ગૃહસ્થાશ્રમધર્મને છોડીને પછી તેમાં ફરીથી પડે તો તે અતિ નિર્લજ્જ છે. ગૃહસ્થોએ કર્મત્યાગ ન કરવો જોઇએ, બ્રહ્મચારીએ વ્રતનો ત્યાગ ન કરવો, તપસ્વીએ ગામમાં ન રહેવું અને સંન્યાસીએ ઇંદ્રિયોમાં લોલુપતા ન રાખવી; કારણ કે તેમ કરવાથી આશ્રમભ્રષ્ટ થવાય છે.

आत्मानं चेद्विजानीयात्परं ज्ञानधुताशयः ।
किमिच्छन्कस्य वा हेतोर्देहं पुष्णाति लम्पटः ॥

૭–૧૫–૪૦

અર્થ—જેણે પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણી લીધો છે એવા આત્મજ્ઞાની પુરુષની બધી વાસનાઓ ક્ષીણ થઈ જાય છે. એવો પુરુષ કઈ ઇચ્છાથી અને કયા કારણથી ઇંદ્રિયલોલુપ થઇને પોતાના શરીરને પુષ્ટ કરે ?

આવા અર્થવાળો શ્લોક બૃહદારણ્યક ઉપનિષદમાં આવે છે અને તેનું વિસ્તારપૂર્વક વિવેચન પંચદશીમાં તૃપ્તિદીપમાં આવે છે. તે પ્રકરણ પંચદશીમાં સારામાં સારૂં ગણાય છે.

વળી નારદજી કહે છે કે શરીર રથ છે, ઇંદ્રિયો ઘોડા છે, મન લગામ છે, શબ્દાદિ વિષયો માર્ગ છે, બુદ્ધિ સારથિ છે, ચિત્ત બંધન છે, દશ પ્રાણ ધુરી છે, ધર્મ અને અધર્મ પૈડાં છે અને અભિમાની જીવ તેમાં બેઠો છે. એ રથીએ ૐકારરૂપી ધનુષ કરીને, જીવરૂપી બાણ કરીને લક્ષ્ય પરબ્રહ્મનું કરવું, એટલે જેમ ધનુષ ઉપર ચઢાવી બાણને લક્ષ્યમાં ઘુસાડી દેવામાં આવે છે તેમ ૐકારના જપ દ્વારા પોતાના આત્માને પરમાત્મામાં લીન કરી દેવો. તેમાં સાવધાન રહેવું. નહિતર જો ઇંદ્રિયો બહિર્મુખ થશે તો બુદ્ધિરૂપી સારથી જીવને કુમાર્ગમાં લઇ જશે અને વિષયોરૂપી લુંટારાના હાથમાં સોંપી દેશે, પછી મૃત્યુરૂપી મહાભય ઉત્પન્ન થશે અને અંધકારમય સંસારના કૂવામાં પડવું જોઇશે.

હે રાજા ! વૈદિક કર્મ બે પ્રકારનાં થાય છે. તેમાં જે પ્રવૃત્તિપર છે તેનાથી જન્મમરણરૂપ સંસાર પ્રાપ્ત થાય છે અને નિવૃત્તિથી અમરત્વની પ્રાપ્તિ થાય છે. જે માણસ શાસ્ત્રરૂપી નેત્રથી આ પિતૃયાન અને દેવયાન નામક વેદોક્ત ભોગને જાણે છે તે જનસમુદાયમાં રહેવા છતાં મોહને પ્રાપ્ત થતો નથી. કારણ કે—

आदावन्ते जनानां सद्‌ बहिरन्तः परावरम् ।
ज्ञानं ज्ञेयं वचोवाच्यं तमोज्योतिस्त्वयं स्वयम् ॥

૭–૧૫–૫૭

અર્થ—શરીરોના આરંભમાં અને અંતમાં (ભોક્તા અને ભોગ્ય

રૂપથી) અંદર, બહાર અને ઊંચે-નીચે, જ્ઞાન-જ્ઞેય, વચન-વાચ્ય અને અંધકાર અને પ્રકાશરૂપ જે કાંઈ વસ્તુ છે, તે જ્ઞાની પુરુષ પોતે જ છે.

એટલે આત્મસ્થિત જ્ઞાનીની દૃષ્ટિમાં આત્મા સિવાય બીજા કોઈની સત્તા રહેતી નથી તેને મોહ પણ કેવી રીતે થાય?

आबाधितोऽपि ह्याभासो यथा वस्तुतया स्मृतः ।
दुर्घटत्वादैन्द्रियकं तद्वदर्थविकल्पितम् । ७-१५-५८

અર્થ—જે પ્રકારે પ્રતિબિંબ વગેરેનો આભાસ (યુક્તિ અને વિચારથી) બાધિત થયા પછી પણ વાસ્તવિક જેવો જણાય છે તે પ્રમાણે ઇંદ્રિયોનો વિષય અસંભવ હોવાને કારણે, ન હોવા છતાં સત્યની માફક પ્રતીત થાય છે.

આ શ્લોકમાં જગતને પ્રતીતિમાત્ર જણાવેલું છે. વૃક્ષની છાયા એ વૃક્ષનો સંઘાત નથી, તેમ આ શરીર પણ પંચમહાભૂતોની છાયામાત્ર હોવાથી મિથ્યા જ છે. જો શરીરને સત્ય માનવામાં આવે તો તે ભૂતોનો સંઘાત હોવું જોઈએ અથવા તેનું પરિણામ હોવું જોઈએ. જેમ વૃક્ષોના સંઘાતને વન માનવામાં આવે છે તેમ શરીર પંચમહાભૂતોના સંઘાતરૂપ હોય તો તેનો એક અવયવ ખેંચવાથી બધું શરીર ખેંચાવું ન જોઈએ; જેમ એક વૃક્ષને ખેંચવાથી બધું વન ખેંચી શકાતું નથી. વળી જો શરીરને ભૂતોનું પરિણામ માનીએ તો તે ભૂતોના પરિણામ રૂપ પોતાના અવયવથી ભિન્ન છે કે અભિન્ન છે? ભિન્ન તો કહી શકાતું નથી કારણ કે હાથ-પગ વગેરે પોતાના અવયવથી ભિન્ન શરીર કોઈ ઠેકાણે જોઈ શકાતું નથી; અને ભિન્ન હોય તો તે ભૂતો સાથે પૂર્ણ રીતે મળેલું છે કે અંશ રૂપથી? જો પૂર્ણરૂપે મળેલું હોય તો એક આંગળીમાં શરીરની બુદ્ધિ થવી જોઈએ અને કોઈ અંગ નકામું થતાં આખું શરીર નકામું થવું જોઈએ. પણ તેમ બનતું નથી. જો અંશથી ભૂતોમાં મળેલું

હોય તો એક અવયવથી અથવા અવયવ, તથા તેનાથી અને તેના અવયવ માનવાથી અને એ બધામાં શરીરને અંશતઃ અનુગત માનવાથી તેની અંશ–પરંપરાનો અંત આવશે નહિ અને અનવસ્થા દોષ પણ ઉત્પન્ન થશે, તેથી વસ્તુતાએ શરીર ભૂતોનો સંઘાત નથી, તેમજ પરિણામ પણ નથી. તે ફક્ત આરોપિત છે એટલે મિથ્યા છે. અવયવી અસત્ સિદ્ધ થવાથી અવયવ પણ અસત્ છે, છતાં.

स्यात्सादृश्यभ्रमस्तावाद्विकल्पे सति वस्तुनः ।
जाग्रत्स्वापौ यथा स्वप्ने तथा विधिनिषेधता ॥
॥ ૭–૧૫–૬૧ ॥

અર્થ–જ્યાંસુધી વસ્તુઓનો અવિદ્યાકલ્પિત વિકલ્પ બની રહે છે, ત્યાં સુધી સાદૃશ્યતાનો ભ્રમ પણ બની રહે છે તથા સ્વપ્નમાં જે પ્રમાણે કોઈ વખત જાગ્રતની પ્રતીતિ થાય છે અને કોઈ વખતે સ્વપ્નની પ્રતીતિ થાય છે તે પ્રમાણે મોહનિદ્રા રહે ત્યાંસુધી શાસ્ત્રના વિધિનિષેધ પણ છે.

હવે નારદજી યુધિષ્ઠિર રાજાને ત્રણ પ્રકારનું અદ્વૈત સમજાવે છે. હે રાજા ! ભાવ–અદ્વૈત ક્રિયા–અદ્વૈત અને દ્રવ્ય–અદ્વૈતની આલોચના કરનારાવાળા મુનિ આત્માનુભવ દ્વારા પોતાની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિરૂપ ત્રણે અવસ્થાઓને ત્યાગી દે છે. તેનો વધારે ખુલાસો નીચે પ્રમાણે છે..

૧. ભાવ–અદ્વૈત

પટ જે પ્રમાણે તન્તુરૂપ છે તે પ્રકારે સર્વત્ર કાર્યકારણરૂપ વસ્તુ એક જ છે, કારણ કે ભેદ વાસ્તવમાં અસત્ય છે, એવો વિચાર કરવો તેને ભાવ–અદ્વૈત કહે છે. (૭–૧૫–૬૩)

૨. ક્રિયા અદ્વૈત

મન, વાણી અને શરીરથી કરેલાં પોતાનાં બધાં કર્મ સાક્ષાત્ પરબ્રહ્મને સમર્પણ કરવાં એ ક્રિયા અદ્વૈત છે. (૭–૧૫–૬૪)

૩. દ્રવ્ય અદ્વૈત.

પોતાના સ્ત્રી-પુત્ર વગેરેના અને અન્ય સમસ્ત પ્રાણીઓના સ્વાર્થ અને ભોગની એકતા કરવી એ દ્રવ્યનું અદ્વૈત છે, એટલે બધાના શરીર પંચભૂતવાળા છે અને ભોક્તા એકમાત્ર સર્વાન્તર્યામી પરમાત્મા છે એવી ભાવનાથી બધાના ધનની અને ભોગોની એકતા કરવી તે દ્રવ્ય અદ્વૈત છે.

માટે શાસ્ત્ર પ્રમાણે રહેવું, એવી રીતે રહેવાથી ભક્તિ વધે છે. હે રાજા ! તમે ભગવાનની કૃપાથી ઘણા યજ્ઞ કરેલ છે અને તેમની જ કૃપાથી તમે સંસારસાગરથી પાર થઈ જશો.

હવે નારદજી પોતાની થોડીક કથા યુધિષ્ઠિર રાજાને કહેતાં જણાવે છે, કે, હું ગયા મહાકલ્પમાં એક ઉપબર્હણ નામનો ગંધર્વ હતો, હું સુંદર હોવાથી લોકોને મારૂં દર્શન બહુ ગમતું, સ્ત્રીઓને તો હું બહુ પ્રિય હતો, તેથી હું અત્યંત આસક્ત અને ઉન્મત્ત રહેતો હતો. એક વાર દેવોની યજ્ઞશાળામાં પ્રજાપતિઓએ ભગવાનનું ચારિત્ર ગાવા માટે ઘણી અપ્સરાઓને બોલાવી હતી, હું પણ તેમની સાથે ઉન્મત્ત ભાવથી ગાવા લાગ્યો. મારી એવી અવજ્ઞાપૂર્ણ પ્રવૃત્તિ જોઈ પ્રજાપતિઓએ મને શાપ આપ્યો કે 'તેં અમારી અવજ્ઞા કરી છે તેથી તું શૂદ્રયોનિને પ્રાપ્ત થા. તેથી મેં દાસીના ગર્ભથી જન્મ લીધો પણ ફરીથી સત્સંગ કરવાથી હું બ્રહ્માનો પુત્ર થયો. આ કથાનું અધ્યાત્મ રહસ્ય જોઈએ તો નારદજી એ સાક્ષીનું સ્વરૂપ છે. તે બહુ સુંદર સ્વરૂપ છે. તેનું નામ ઉપબર્હણ હતું એટલે બ્રહ્મની નજીકનું તત્ત્વ સમજવું. તે સાક્ષી જ્યારે સ્ત્રીઓની સાથે એટલે પ્રકૃતિઓની સાથે નાચવા લાગે છે ત્યારે તેને શાપ મળે છે અને પછી તે દાસી-પુત્ર એટલે પ્રકૃતિનો પુત્ર થાય છે. તે પછી સત્સંગથી અને સત્પુરુષોની સેવાથી ફરીથી તેને બ્રહ્માનું પુત્રપણું પ્રાપ્ત થાય છે. (૭-૧૫-૭૩.) તેથી એમ સમજવું કે સાક્ષીને પ્રકૃતિની સાથે નાચવા

હોવો નહિ. ખરી રીતે સાક્ષી નાચતો નથી, કોર્ટમાં તટસ્થ રહે તેને સાક્ષી કહે છે, છતાં આજકાલ કોઇ સાક્ષી પણ કોર્ટમાં પક્ષપાતી થઇ જાય છે. એવું થાયતો તેને શાપ મળે. કોર્ટમાં કેટલાક સાક્ષી ગીતા ઉપાડીને કહે છે કે હું ખોટું નહિ બોલું અને છતાં પાંચ મીનીટ પછી તરત ખોટું બોલવા માંડે છે. ગીતા અને કુરાનના ઉપદેશની કિંમત હવે રહી નથી.

આ પ્રમાણે (નારદજી કહે છે) ગૃહસ્થાશ્રમના ધર્મ જો શાસ્ત્ર પ્રમાણે પાળ્યા હોય તો ગૃહસ્થ પુરુષ પણ અનાયાસે સંન્યાસીને પ્રાપ્ત થનાર યોગ્ય ગતિને પ્રાપ્ત કરી લે છે. હે રાજા! તમે ભાગ્યવાન છો, કારણ કે તમારા ઘરમાં મનુષ્યરૂપમાં છૂપાયેલા સાક્ષાત્ પરબ્રહ્મ નિવાસ કરી રહેલ છે, તેથી તમારે ઘેર દર્શન માટે મુનિજન આવે છે.

મહારાજા યુધિષ્ઠિરે પ્રેમથી વિહ્વલ થઈને પ્રસન્નતાપૂર્વક નારદજીની અને ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરી, પછી નારદજી ત્યાંથી ચાલ્યા ગયા.

પ્રકરણ ૧૬

જડબુદ્ધિરૂપી ગજેન્દ્ર

હવે આઠમો સ્કંધ શરૂ થાય છે. શ્રીમદ્‌ભાગવતનો મુખ્ય વિષય જ્ઞાન અને વૈરાગ્ય સહિત ભક્તિનો છે. તેથી દરેક સ્કંધમાં એ ત્રણની વાતો જુદા જુદા પ્રકારથી આવે છે. કથા કહેનાર મહાન પરમહંસ શ્રી શુકદેવજી છે કે જેમને સ્ત્રી અને પુરુષ બન્નેમાં બ્રહ્મ-દર્શન રહે છે. કથા સાંભળનાર પરીક્ષિત રાજા પણ એવી દૃઢ જિજ્ઞાસાવાળા છે કે તેમને ભગવાનની કથા સિવાય બીજું કાંઇ યાદ આવતું નથી. તેને અન્ન કે જલ લેવાનું પણ યાદ આવતું નથી. (૮-૧-૩૩) શ્રીમદ્‌ભાગવતની કથા એવા પ્રકારની છે કે તેમાં અનેક

જાતની માયા બતાવવામાં આવેલ છે. પાંચમા સ્કંધમાં ભરત રાજાને ફક્ત હરણમાં પ્રીતિ રહી જવાથી હરણ થવું પડયું હતું. છઠ્ઠા સ્કંધમાં ચિત્રકેતુને વિષયોમાં એટલો રાગ હતો કે અંગિરા મુનિ તેને બ્રહ્મજ્ઞાન આપવા આવ્યા તો પણ તેણે બ્રહ્મજ્ઞાન લીધું નહિ પણ પુત્રની માગણી કરી. આજે પણ કેટલાક માણસો સાધુઓ પાસે જઈને સંસારના સુખની માગણી કરે છે. તેઓ પોતાની વૃત્તિ ફેરવવા માગતા નથી. તેઓ એમ સમજે છે કે સંસારની જાળમાંથી કોઈ મુક્ત થઇ શકે નહિ. તેથી સાતમા સ્કંધમાં શુકદેવજી પ્રહ્લાદનું ચરિત્ર આપીને એમ સમજાવે છે કે રાક્ષસના કુળમાં જન્મેલ માણસ પણ પરમ ભક્તિ કરી શકે છે. છઠ્ઠા સ્કંધમાં જેમ ચિત્રકેતુએ બ્રહ્મ-વિદ્યા લેવાની ના પાડી તેમ તેથી ઉલટું સાતમા સ્કંધમાં પ્રહ્લાદે સંસારની વિદ્યા શીખવાની ના પાડી હતી. પ્રહલાદના જેવી દૃઢતા હોય તો જ સંસારનો ચેપ લાગે નહિ. સંસારમાં વારંવાર દ્વૈતની ભાવનામાં આવવું પડે છે, તેથી એવી દ્વૈતની વિદ્યા જેટલી ઓછી શીખાય તેટલો વધારે પુરુષાર્થ પરમાર્થના માર્ગમાં થઇ શકે છે. જય–વિજય વૈકુંઠમાં ગયા તો પણ તેમનામાં દ્વૈતભાવ રહી ગયો, તેથી તે વૈકુંઠમાંથી પડયા. દ્વૈતભાવ તદ્દન દૂર કરવો બહુ જ મુશ્કેલ છે. પ્રહ્લાદ પણ શ્રી નરસિંહ ભગવાનના ખોળામાં બેઠા બેઠા સ્તુતિ કરતાં કહે છે કે "હું આપના આ ઉગ્ર રૂપથી બીતો નથી પણ સંસારના વિષયોથી બીઉં છું." આ વચનો એમ બતાવે છે કે પ્રહ્લાદનું પરમહંસપણું પણ પૂર્ણ ન હતું, તેને એમ લાગતું હતું કે બધે એક સત્તા રહેલી છે, પણ તેની ઉંમર નાની હોવાથી અદ્વૈતમાં પૂર્ણ નિષ્ઠા થઈ નહિ હોય. સંસારના વ્યવહારમાં ભગવાનનું વિસ્મ-રણ કેટલી વાર થઈ જાય છે તે વાત બધા સાધકના અનુભવમાં આવે છે. જે દશામાં વારંવાર ભગવાનનું વિસ્મરણ થઈ જાય છે તેને હાથીની યોનિનું રૂપ આપીને હવે આઠમા સ્કંધમાં શુકદેવજી ગજેન્દ્ર-મોક્ષનો પ્રસંગ શરૂ કરે છે. હરણ જેમ શબ્દમાં આસક્ત થઇને

મરણનો ખ્યાલ રાખતું નથી, પતંગિયું દીપમાં આસક્ત થાય છે, માછલું રસમાં આસક્ત થાય છે, ભમરા ફૂલમાં આસક્ત થઈ પોતાનો જાન ગુમાવે છે, હાથી હાથણીમાં આસક્ત થઈ કાગળની હાથણી પછવાડે દોડીને પણ ખાડામાં પડે છે, તેવી જ રીતે માયારૂપી ખોટી હાથણી જેવી વાસનામાં પડીને માણસ પોતાનું આયુષ્ય વ્યર્થ ગુમાવે છે. માંડુક્ય ઉપનિષદ્ ઉપર શ્રી ગૌડપાદાચાર્યની કારિકા છે તેના છેવટના ભાગમાં કહે છે કે 'અણુમાત્રેઽપિ વૈધર્મ્યે' એટલે જરા પણ અનાત્મભાવ આવી જાય તો આવરણભંગ થતો નથી. આવરણને આઠમા સ્કંધમાં મગરનું સ્વરૂપ આપેલ છે અને દશમા સ્કંધમાં કંસનું સ્વરૂપ આપેલ છે. કંસના શત્રુ બ્રહ્મસ્વરૂપ કૃષ્ણ છે. એ મામો–ભાણેજ ફક્ત એક જ વાર મળેલા છે અને જ્યારે મળ્યા છે ત્યારે કંસનું મરણ થયું છે. કારણ કે જ્ઞાન અને અજ્ઞાન સાથે રહી શકે નહિ. અજ્ઞાન અથવા આવરણ એ કલ્પિત છે છતાં અજ્ઞાનદશામાં તે પ્રમાણરૂપ થઇ જાય છે. એવા આવરણનું મૂળ કારણ આત્માનું વિસ્મરણ છે. એ વિસ્મરણને ગજેન્દ્રનું રૂપ આપેલ છે.

ભગવાનનું અથવા આત્માનું વિસ્મરણ ન થાય તેટલા માટે આઠમા સ્કંધની શરૂઆતમાં શુકદેવજી પરીક્ષિત રાજાને મંત્રોપનિષદ્ સંભળાવે છે. તેમાં મનુજી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કેઃ—

> યેન ચેતયતે વિશ્વં વિશ્વં ચેતયતે ન યમ્ ।
> યો જાગર્તિ શયાનેઽસ્મિન્નાયં તં વેદ વેદ સઃ ॥
>
> ૮–૧–૯

અર્થ–જેની સત્તાથી સંપૂર્ણ વિશ્વ ચેતના પ્રાપ્ત કરે છે, પરંતુ વિશ્વ જેને ચેતન આપી શકતું નથી. વિશ્વનો લય થતાં પણ જે સાક્ષી રૂપથી જાગતા રહે છે, જેને જગત જાણી શકતું નથી તે પરમાત્મા આ જગતને બરાબર જાણે છે.

आत्मा वास्यमिदं विश्वं यत्किञ्चिज्जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्य स्विद्धनम् ॥

૮–૧–૧૦

અર્થ–આ સંસારમાં જે કાંઇ ભૂતસમુદાય છે તે બધો પરમાત્માથી વ્યાપ્ત છે. તેથી બધું પરમાત્માને અર્પણ કરીને પછી તેનો ઉપયોગ કરવો, એટલે પોતાના અને પારકા ધનમાં આસક્તિ રાખવી નહિ.

આવો મંત્ર ઈશોપનિષદ્‌ની શરુઆતમાં પણ આવે છે. શ્રીકૃષ્ણ ભગવાન પણ ઉજ્જૈનમાં ગુરુ સાંદિપનીને ત્યાં ઉપનિષદ્ ભણ્યા હતા. શ્રીમદ્‌ભાવત પણ નિગમરૂપી કલ્પતરુ ઉપરથી પડેલું તૈયાર પાકેલું ફળ છે. તેથી ભાગવતમાં ઘણી જગ્યાએ વેદાન્ત ભરેલું જણાય છે: હવે મનુજી કહે છે કેઃ–

यं न पश्यन्ति पश्यन्तं चक्षुर्यस्य न रिष्यति ।
तं भूतनिलयं देवं सुपर्णमुपधावत ॥

૮–૧–૧૧

અર્થ–જે સર્વસાક્ષીને ચક્ષુ વગેરે ઈંદ્રિયો દેખી શકતી નથી પ જેનું જ્ઞાન કોઈ દિવસ ક્ષીણ થતું નથી, એટલે ચક્ષુ વગેરે ઈંદ્રિયોનો વિષય ન હોવા છતાં જે બધું જાણે છે તે સર્વાન્તર્યામી અસંગ પરમાત્માનું ભજન કરો.

न यस्याद्यन्तौ मध्यं च स्वः परो नान्तरं बहि ।
विश्वस्यामूनि यद्यस्माद्विश्वं च तदृतं महत् ॥

૮–૧–૧૨

અર્થ–જેના આદિ, અન્ત અને મધ્યમાં કાંઇ નથી. જેને પોતાનું પારકું, અંદર બહાર, કાંઇ નથી, પણ જે સ્વયં જગતના આદિ અન્ત વગેરે બધું છે, તથા જેનાથી સંપૂર્ણ જગત ઉત્પન્ન થયું છે તે સત્ય અને પરિપૂર્ણ છે.

જો જગતને આદિ કે અંત ન હોય તો જગત શી રીતે ઉત્પન્ન થાય તેને માટે હવે પછીના શ્લોકમાં કહે છે કે ભગવાન માયાશક્તિથી રચના, પાલન વગેરે કરે છે અને પોતાની નિત્યસિદ્ધ જ્ઞાનશક્તિથી માયાને ત્યાગી, ઈચ્છા વગર પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે. તેથી નિષ્કામ ભાવથી કર્મ કરવાં જોઇએ. ભગવાન પરમેશ્વર પણ કર્મ કરે છે પણ આત્મલાભથી પૂર્ણકામ હોવાથી તેમાં આસક્ત થતા નથી (૮-૧-૧૫) તે જ પ્રમાણે તેનું અનુવર્તન કરનાર પુરુષ પણ કર્મોમાં આસક્ત થતા નથી.

સ્વાયંભુવ મનુની પછી અગ્નિપુત્ર સ્વારોચિષ બીજા મનુ થયા. પછી બીજા કેટલાક મનુઓ થયા. તામસ મન્વન્તરમાં હરિમેધા નામના ઋષિની ભાર્યા હરિણીથી હરિ નામનો ભગવાનનો અવતાર થયો અને તેમણે ગજેન્દ્રને ગ્રાહથી છોડાવ્યો.

તામસ મન્વતર, જ્યારે મન તમોગુણી અને જડબુદ્ધિવાળું થાય છે ત્યારે દરેક માણસના જીવનમાં શરૂ થાય છે. તેથી પરીક્ષિત રાજા હવે શુકદેવજીને પૂછે કે તમોગુણથી જીવને મુક્તિ કેવી રીતે મળી શકે છે? તેમાં ચૈતન્યરૂપી હરિની કથા આવે છે તેથી બધાને શ્રવણ કરવા યોગ્ય છે.

શ્રીમદ્‌ભાગવતની કથા એવા પ્રકારની છે કે સાચી હકીકત એટલે અધ્યાત્મ રહસ્ય ઘણે ભાગે કથાની પછી આવે છે. તેથી ગજેન્દ્રમોક્ષ પછી ગ્રાહ કોણ હતો અને ગજેન્દ્ર કોણ હતો એ બાબત જ્યારે શુકદેવજી સમજાવે છે ત્યારે કહે છે કે ગ્રાહ અજ્ઞાનનું સ્વરૂપ હતું (૮-૪-૬) અને ગજેન્દ્ર એ આત્માનું વિસ્મરણ હતું (૮-૪-૧૦, ૮-૪-૧૨). જ્યારે આત્માનું વિસ્મરણ થાય છે, ત્યારે જીવને અજ્ઞાનરૂપી ગ્રાહ પકડે છે.

આત્માનું વિસ્મરણ કેવી રીતે થાય છે તે માટે આઠમા સ્કંધમાં બીજા અધ્યાયની શરૂઆતમાં કહે છે કે, "ક્ષીરસાગરથી ઘેરાયેલ

એક ત્રિકૂટ નામનો પર્વત હતો." આ ત્રણ ગુણવાળી માયા સમજવાની છે. તે દશ હજાર યોજન ઊંચો હતો એટલે માયાની શક્તિ દશ ઇંદ્રિયોમાં કામ કરે છે. તે પર્વતની ગુફામાં સિદ્ધ, ચારણ, ગંધર્વ, વિદ્યાધર, નાગ, કિંન્નર અને આસરાઓ વિહાર કરતાં હતાં. ત્યાં એક અવાજની સામે બીજા અવાજના પડઘા પડતા હતા તેથી ઇર્ષ્યા અને અસહિષ્ણુતાની ગર્જના થતી હતી (૮-૨-૬). તેમાં જંગલી જીવ રહેતા હતા. તેમાં નદીઓ અને તળાવો પણ હતાં. તેમાં અનેક જાતનાં સુગંધી વૃક્ષો હતાં. તેમાં એક મોટું સોનેરી કમળવાળું સરોવર હતું. એક દિવસ આ પર્વતના વનમાં રહેનાર એક યૂથપતિ ગજરાજ (હાથી) પોતાની હાથણીઓ સહિત અને બચ્ચાં સહિત સ્નાન કરવા આવ્યો. દરેક જીવ પણ આવી રીતે પોતાની વૃત્તિઓ સહિત સંસારરૂપી સરોવરમાં આનંદ લેવા આવે છે. ગજરાજ ગૃહસ્થ પુરુષોની સમાન મોહગ્રસ્ત થઇને પોતાની સૂંઢના અગ્રભાગથી જળના ફૂવારા છોડી પોતાની હાથણીઓને નવરાવવા લાગ્યો (૮-૨-૨૬). જ્યાંજ્યાં ઉપમાનું પ્રમાણ ભાગવતમાં આવે છે ત્યાં અધ્યાત્મભાવનો અર્થ ખુલ્લો થાય છે. તેથી આંહી દરેક ગૃહસ્થની રતિક્રીડા સમજવાની છે. રતિક્રીડામાં કેવા જળના ફૂવારા છૂટે છે તેનો અનુભવ ગૃહસ્થાશ્રમમાં રહેનારાને હોય છે પણ એ રીતે તમોગુણ કેટલો વધે છે, દેહનું અભિમાન કેટલું વધે છે અને આત્માનું વિસ્મરણ કેવું થાય છે તેનું માણસને ભાન રહેતું નથી. ભગવાનની માયાથી મોહિત થયેલ ગજેન્દ્ર પણ પોતા ઉપર આવનાર કષ્ટનો વિચાર કરી ન શકયો. ૮-૨-૨૬).

તે વખતે દૈવેચ્છાથી કોઇ મહા બળવાન ગ્રાહે (મગરે) ક્રોધમાં ગજેન્દ્રનો પગ પકડી લીધો. પછી ગજેન્દ્રે તેના મુખમાંથી નીકળવાનો બહુ પ્રયત્ન કર્યો પણ તે છૂટી શકયો નહિ. ગજેન્દ્રને છોડાવવામાં બીજા હાથીઓ અને હાથણીઓએ ઘણો પ્રયત્ન કર્યો છતાં તેઓ પણ તેને

છોડાવવાને સમર્થ થયાં નહિ. એવી રીતે ગજેન્દ્ર અને ગ્રાહની પરસ્પર ખેંચતાણમાં એક હજાર વર્ષ વીતી ગયાં. તેથી દેવોને પણ ઘણું આશ્ચર્ય થયું. પછી ગજેન્દ્રનાં ઉત્સાહ, બળ અને તેજ ક્ષીણ થવા લાગ્યાં અને ગ્રાહનાં ઉત્સાહ બળ અને તેજ વધવા લાગ્યાં. (૮-૨-૩૦)

ઉપર કહ્યું તેમ ગ્રાહ એ અજ્ઞાનનું સ્વરૂપ છે અને ગજેન્દ્ર એ આત્માનું વિસ્મરણ છે. જ્યારે આત્માનું વિસ્મરણ થાય છે ત્યારે અનેક પ્રકારનાં કષ્ટ ઉત્પન્ન થાય છે. અને આત્માનો સાક્ષાત્કાર થાય છે ત્યારે બધું ભગવાનમય લાગે છે. શ્રી અરવિંદ એક જગ્યાએ લખે છે કે—

Its absence leaves the greatest actions dull,
Its presence makes the smallest seem divine.

ઉપર કહ્યું તેમ અજ્ઞાન સાથે યુદ્ધ કરવામાં ગજેન્દ્રને એક હજાર વર્ષ વીતી ગયાં. અહીં ગણીને હજાર વર્ષ માનવા નહિ પણ ઘણો કાળ વીતી ગયો એમ સમજવું. દરેક જીવ પણ અનંત કાળથી અજ્ઞાનદશામાં પડી રહેલો હોય છે અને જેમ ગ્રાહનું જોર વધતું ગયું તેમ અજ્ઞાનનું જોર વધતું જાય છે. એક ભૂલ કરી તો તેની વાસનાને લઇને તેમાંથી અનેક ભૂલો ઉત્પન્ન થાય છે અને સંસારના માણસો આપણને તેમાંથી છોડાવી શકતા નથી.

અજ્ઞાન અથવા અવિદ્યા સ્વતંત્ર નથી, જીવની આશ્રિત પણ નથી, કારણ કે અવિદ્યા આવ્યા પછી જીવભાવ આવે છે; પરંતુ એક અપેક્ષાએ બ્રહ્મની આશ્રિત મનાય છે. તેમાં કોઇને એવો પ્રશ્ન ઊઠે કે બ્રહ્મ જ્ઞાનસ્વરૂપ છે તો તેમાં તેથી વિપરીત સ્વભાવવાળી અવિદ્યા કેવી રીતે સંભવે? તો એ શંકા ઠીક નથી. કારણ કે અવિદ્યાસંબંધ બ્રહ્મમાં તાત્ત્વિક માનીએ તો વિરોધ થાય, કારણ કે વિરુદ્ધ બે ધર્મ એક ધર્મીમાં રહી શકતા નથી. જો એકને તાત્ત્વિક મનાય અને બીજાને અતાત્ત્વિક મનાય તો કોઈ વિરોધ નથી. તાત્ત્વિક અંધકારની

સ્થિતિ સૂર્યમાં રહી શકતી નથી, પણ કલ્પિત અંધકારની સ્થિતિ સૂર્યમાં વિરુદ્ધ નથી. ઘૂવડ સૂર્યમાં અંધકારની કલ્પના કરે છે, સૂર્યનું વાસ્તવિક સ્વરૂપ પ્રકાશસ્વરૂપ છે, તેમાં ઘૂવડનો કલ્પિત અંધકાર રહે તેમાં વિરોધ નથી. તેવી જ રીતે સ્વયંપ્રકાશ બ્રહ્મમાં કલ્પિત અવિદ્યાની સ્થિતિ વિરુદ્ધ નથી. ગ્રાહનું સ્વરૂપ એ અવિદ્યાનું સ્વરૂપ છે, તેમાં ગજેન્દ્રરૂપી જીવ પકડાઈ ગયો છે, પણ એ અવિદ્યા સાચી નથી; સાચી હોય તો તેની નિવૃત્તિ થાય નહિ. અવિવેકથી બ્રહ્મમાં અવિદ્યાની પ્રતીતિ થાય છે અને વિવેક થતાં વાસ્તવિક–અવિદ્યાશૂન્ય બ્રહ્મ સિદ્ધ થાય છે. વિવેક એ સમ્યક્ દર્શન છે. તે જ ભગવાનનું સુદર્શન ચક્ર છે. જ્યારે ગજેન્દ્ર ભગવાનની સ્તુતિ કરે છે અને ભગવાન તેને બચાવવા માટે આવે છે ત્યારે છંદરૂપી ગરુડ ઉપર બેસીને આવે છે. એટલે વેદમય ગરુડની ઉપર બેસીને આવે છે (૮–૩–૩૧). આ ઉપરથી જણાશે કે શાસ્ત્રની મદદ હોય તો વિવેક ઉત્પન્ન થાય અને વિવેકથી અથવા સમ્યક્ દર્શનથી અવિદ્યા દૂર થાય.

અવિદ્યા પ્રમાણજન્ય નથી, અવિદ્યા પ્રમાણનો વિષય પણ નથી. જો અવિદ્યા પ્રમાણથી સિદ્ધ થાય તો તે નિવૃત્તિ થાય નહિ. બ્રહ્મ અને અવિદ્યાના સંબંધની કલ્પના પણ અવિદ્યામાં રહીને થાય છે. બ્રહ્મદષ્ટિએ તો અવિદ્યાનો સંબંધ કોઈ રીતે બ્રહ્મમાં થતો નથી, પણ ગજેન્દ્રરૂપી જીવ માયારૂપી ત્રિકૂટ પર્વતની પાસે આવી માયાના કાર્યરૂપી વૃત્તિઓરૂપી હાથણીની સાથે રમવા લાગે ત્યારે અવિદ્યામાં બંધાય છે.

અવિદ્યાનો વિરોધ પ્રમાણજન્ય જ્ઞાન સાથે છે. તેથી ગજેન્દ્રને અકસ્માત એવો વિચાર આવ્યો કે ગ્રાહરૂપ પાશમાં પડવાથી મને આ સંકટ ઉત્પન્ન થયું છે, તેમાંથી મારા સાથી હાથી મને છોડાવી શકતા નથી તો હાથણીઓ મને શી રીતે છોડાવી શકશે એમ માની તેણે શ્રીહરિનું (બ્રહ્મનું) શરણ લીધું.

જેના ભયથી મૃત્યુ પણ ભાગે છે એવા ઈશ્વરને શરણે ગજેન્દ્ર ગયો, અને તેમની સ્તુતિ કરવા લાગ્યો (૮-૨-૩૩). ભગવાનના ગુણનું સ્મરણ કરવાથી આત્માના સ્વરૂપનું ભાન થાય છે કારણ કે આત્મા એ જ પરમાત્મા છે. આત્મજ્ઞાન થતાં સંપૂર્ણ દ્વૈત નિવૃત્ત થઈ જાય છે, કેવળ ચિદાત્મા જ અવશિષ્ટ રહે છે, જ્યારે જીવ-બ્રહ્મના અભેદ વિષયનું સમીચીન જ્ઞાન થાય છે ત્યારે એમ લાગે છે કે અવિદ્યા હતી નહિ, અને રહેશે નહિ. એમ અવિદ્યાનો ત્રૈકાલિક નિષેધ થાય છે. અવિદ્યાની દશામાં અવિદ્યાનો ત્રૈકાલિક નિષેધ બની શકતો નથી. કારણ કે તે વખતે તેની અપરોક્ષ પ્રતીતિ થાય છે. તો પણ તેથી જીવની શરણાગતિની પારમા જરૂર છે. લિંક રીતે જોતાં અવિદ્યાનો ત્રૈકાલિક નિષેધ પ્રસિદ્ધ છે.

ગજેન્દ્રે શરૂઆતમાં પોતાના મનને હૃદયદેશમાં સ્થિર કર્યું અને પછી તે પોતાના પૂર્વજન્મમાં શીખેલ સ્તોત્રથી પરમેશ્વરને નમસ્કાર કરી નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો:—

यस्मिन्निदं यतश्चेदं येनेदं य इदं स्वयम् ।
योऽस्मात्परस्माच्च परस्तं प्रपद्ये स्वयम्भुवम् ॥ ८-३-३

અર્થ—જેનામાં આ જગત સ્થિત છે, જેનાથી ઉત્પન્ન થયું છે, જેનાથી વ્યાપ્ત છે, જે સ્વયં જગત છે, અને જે આ કાર્યકારણરૂપ જગતથી પરે છે તે ભગવાન સ્વયંભૂનું હું શરણ લઉં છું.

આ શબ્દો એમ બતાવે છે કે બ્રહ્મ સિવાય બીજી કોઈ સત્ય વસ્તુ નથી. એવા જ્ઞાનથી અવિદ્યાની અને તેના કાર્યની નિવૃત્તિ થાય છે. ચિદાત્મામાં જેનું સ્વરૂપ ન હોય તેવી મિથ્યા વસ્તુનો આરોપ કરવો અને તેના સંબંધની કલ્પના કરવી તેનું નામ અવિદ્યા છે. અવિદ્યા એ આત્માના અવિચારની અપેક્ષાએ જ રહી શકે છે. આત્માનું વિસ્મરણ એ જ ગજેન્દ્રનું સ્વરૂપ છે. તેથી તેને અજ્ઞાનરૂપ ગ્રાહે પકડયો છે. ગજેન્દ્ર હવે આત્માનું સ્મરણ કરીને અવિદ્યાથી છૂટવાનો પ્રયત્ન કરે છે.

ગજેન્દ્ર સ્તુતિ કરતાં કહે છે કેઃ—જેની દૃષ્ટિ કદાપિ લુપ્ત થતી નથી એવા જે પ્રભુ પોતાની અંદર પોતાની માયાદ્વારા સ્થાપિત, કોઈ વખતે પ્રકટ અને કોઈ વખતે અપ્રકટ એવા કાર્યકારણરૂપ બંને પ્રકારના પ્રપંચના સાક્ષીરૂપથી નિરંતર જોયા કરે છે, અને બધું પ્રલય થતાં જ્યારે અંધકાર વ્યાપી જાય છે તે વખતે સર્વવ્યાપક ભગવાન તેની પાર રહે છે, તે આત્મયોનિ પરાત્પર પ્રભુ મારી રક્ષા કરો. જેનું સ્વરૂપ દેવો અને ઋષિગણ પણ જાણી શકતા નથી તેને બીજાં પ્રાણીઓ કેવી રીતે જાણી શકે અથવા તેનું વર્ણન કરી શકે ? ઘણા પ્રકારના વેશ ધારણ કરી વિચિત્ર ચેષ્ટાઓ કરવાવાળા નટની માફક દુર્ગમ લીલા કરવાવાળા પ્રભુ મારી રક્ષા કરો. (૮–૩–૬)

(લીલા એટલે નાટક અને નાટક એટલે વિવર્તભાવે, જેવા હોઈએ તેવા ન દેખાતાં, બીજા રૂપે દેખાવું એ જ વેદાન્તનો સિદ્ધાંત છે.)

જેના મંગળમય સ્વરૂપનો સાક્ષાત્કાર કરવાની ઇચ્છાથી સંપૂર્ણ જીવોના આત્મસ્વરૂપ, મિત્ર, જનસંગશૂન્ય અને સાધુસ્વભાવવાળા મુનિજન વનમાં રહી અખંડ ભાવથી બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું પાલન કરે છે તે ભગવાન મારી ગતિ છે. જેને જન્મ, કર્મ, નામ, રૂપ અથવા ગુણદોષ કાંઈ પણ નથી, તો પણ લોકોની રચના અને પ્રલયને માટે પોતાની માયાથી વખતોવખત રચના વગેરે સ્વીકાર કરી લે છે તે અનંતશક્તિ આશ્ચર્ય–કર્મા. રૂપરહિત હોવા છતાં પણ અનેક રૂપ ધારણ કરનાર પરબ્રહ્મ પરમેશ્વરને વારંવાર નમસ્કાર છે. (૮–૩–૯) (આ સ્તુતિ ઉપરથી જણાય છે કે જગતમાં જે ક્રિયાનો અંશ જણાય છે તે માયાનો છે અને સત્તા બ્રહ્મની છે.) જે સ્વયંપ્રકાશ, બધાના સાક્ષી તથા મન, વાણી અને ચિત્તથી દૂર છે તે પરમાત્માને વારંવાર નમસ્કાર છે (૮–૩–૧૦). જે સમસ્ત ઇન્દ્રિયોના વિષયોને જોવાવાળા છે, બધી પ્રતીતિઓનું કારણ છે, છાયા રૂપ અસત્ અહંકાર વગેરેથી જેની સત્તા સૂચિત થાય છે, અને જે

સંપૂર્ણ વસ્તુઓમાં સત્ રૂપથી પ્રકાશિત છે એવા આપને નમસ્કાર છે.
૮–૩–૧૪

હવે જગતના કારણની વાત આવે છે.

"જે બધાનું કારણ છે છતાં પોતે કારણ રહિત છે. તથા (કારણ હોવા છતાં માટી વગેરેની સમાન વિકારને પ્રાપ્ત થતા નથી એવા) અદ્દભુત કારણરૂપ . વળી (નદીઓના લયસ્થાન સમુદ્રની માફક) જે સંપૂર્ણ વેદ અને શાસ્ત્રોના મહાસાગરરૂપ (પરમ આશ્રય હોવાથી) મોક્ષસ્વરૂપ અને શ્રેષ્ઠ પુરુષોના આશ્રયસ્થાન છે. એવા આપને વારંવાર નમસ્કાર કરું છું. (૮–૩–૧૫)

આંહી ભગવાનની અંદર વિરુદ્ધધર્માશ્રયત્વ બતાવેલ છે. તે સાપેક્ષ દૃષ્ટિથી સમજવાનું છે, એટલે અધ્યસ્ત પણ વાસ્તવમાં અધિષ્ઠાનરૂપ છે. છતાં અધ્યસ્ત વસ્તુ દેખાય તો તે સાપેક્ષભાવે દેખાય. તેથી સાપેક્ષભાવે વિરુદ્ધ ધર્મ માની શકાય.

દશમ સ્કંધમાં જ્યાં શ્રીકૃષ્ણ કંસને મારવા જાય છે ત્યાં સાપેક્ષભાવે ભગવાનમાં વિરુદ્ધ ધર્મ માનેલા છે એટલે બ્રહ્મની સાથે કલ્પિત વિરુદ્ધ ધર્મ રહી શકે છે.

હવે ગજેન્દ્ર કહે છે કે, "જે ગુણરૂપ અરણિમાં છૂપાયેલ જ્ઞાનાગ્નિસ્વરૂપ છે, ગુણક્ષોભના કારણથી જેમાં મનની સ્ફૂર્તિ થાય છે, આત્મતત્ત્વની ભાવનાદ્વારા વિધિનિષેધરૂપ શાસ્ત્રની ઉપેક્ષા કરનાર જ્ઞાનીની પ્રતિ જે સ્વયં પ્રકાશિત થાય છે તે આપને હું નમસ્કાર કરૂં છું. (૮–૩–૧૬)"

વિધિનિષેધ બન્ને માયાનાં કાર્ય હોવાથી (**विवर्जितागम**) જ્ઞાની પુરુષો તેની દરકાર કરતા નથી, તેમ જ્ઞાની પુરુષો સ્વચ્છંદી થતા નથી. તેઓ મોટા દોષ કરતા નથી અને નાના દોષથી બીતા નથી.

હવે કહે છે કે "જે પુરુષ દેહ, પુત્ર, સ્વજન, ઘર, ધન અને

નોકર વગેરેમાં આસક્ત છે તેને ભગવાન અત્યન્ત દુષ્પ્રાપ્ય છે. જે ભગવાન ગુણસંગથી રહિત છે, જેનું ચિંતન જીવન્મુક્ત પુરુષો કરે છે તે જ્ઞાનસ્વરૂપ ભગવાન ઈશ્વરને મારા નમસ્કાર છે. (૮–૩–૧૮).

માણુસોને સંસારનાં સુખ વધારે મળે એવી જાતની લોકસેવા જે સેવકો કરી રહેલ છે તેમણે આ શ્લોક સમજવા જેવો છે. શ્રીમદ્‌ભાગવત તો ૭ દિવસમાં મોક્ષ આપે તેવી કથા છે તેથી તેમાં વૈરાગ્યની ભાવના બહુ ઊંચી રાખેલી છે. વૈરાગ્ય એટલે ફાંસીની સજા સમજવાની છે. સંસારની જે સગવડોથી ભક્તિ વધે તેવી સગવડો લેવા માટે ભાગવતમાં છૂટ આપેલી છે પણ સગવડોને નામે ઇંદ્રિયોનાં સુખની પુષ્ટિ થવી ન જોઈએ, ઇંદ્રિયોના સુખમાં દેહનું અભિમાન વધે છે.

ગજેન્દ્ર કહે છે કે, "ભગવત્‌પરાયણ અનન્ય ભક્તજન જેનાં અતિ અદ્ભુત અને મંગળમય ચરિત્રોનું કીર્તન કરતાં પરમાનન્દ-સમુદ્રમાં મગ્ન થઇ કોઈપણ વસ્તુની ઇચ્છા કરતા નથી તે અવિનાશી પરમેશ્વર, અવ્યક્ત, આત્મજ્ઞાનથી જાણવા લાયક, અતીન્દ્રિય, સૂક્ષ્મ, અતિદૂર, અનન્ત, આદ્ય અને પરિપૂર્ણ પરબ્રહ્મની હું સ્તુતિ કરૂં છું. (૮–૩–૨૦).

स वै न देवासुरमर्त्यतिर्यङ्
न स्त्री न षण्ढो न पुमान्न जन्तुः ।
नायं गुणः कर्म न सन्नचास-
न्निषेधशेषो जयतादशेषः ॥ ८–३–२४

અર્થ—એ ભગવાન દેવ, અસુર, મનુષ્ય, તિર્યક્, સ્ત્રી, નપુંસક, પુરુષ અથવા જીવ કોઈ પણ નથી. તેમજ ગુણ, કર્મ, સત્ કે અસત્ પણ નથી. તેથી બધાનો નિષેધ થતાં જે નિષેધના અવધિરૂપથી બાકી રહે છે તે સર્વરૂપ પરમેશ્વરનો જય હો. એટલે મારો ઉદ્ધાર કરવાને માટે તે પ્રકટ થાઓ.

બ્રહ્મ સિવાય બીજું કાંઇ દેખાય તે આરોપ છે. તે અજ્ઞાન છે. તે અજ્ઞાનરૂપ ગ્રાહથી છૂટવા માટે હવે ગજેન્દ્ર કહે છે કેઃ—

जिजीविषे नाहमिहामुया कि—
मन्तर्बहिश्चावृतयेभयोन्या ।
इच्छामि कालेन न यस्य विप्लव—
स्तस्यात्मलोकावरणस्य मोक्षम् ॥ ८–३–२५

અર્થ—મને આ ગ્રાહ (મગર)ના મુખથી છૂટીને જીવતા રહેવાની ઇચ્છા નથી; કારણ કે જે બહાર–અંદર બધી તરફથી અજ્ઞાનથી આવૃત્ત છે એવી હાથીની યોનિથી મને શું પ્રયોજન છે! હું તો આત્મપ્રકાશને ઢાંકવાવાળા તે અજ્ઞાનથી મુક્ત થવા ઇચ્છું છું કે જે પ્રકાશનો કાળથી અંત આવતો નથી.

આ શ્લોક ઉપરથી જણાય છે કે ગ્રાહ એ અજ્ઞાનનું સ્વરૂપ છે. બધા સંસારનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાન હોય ત્યારે અધિષ્ઠાન અધ્યસ્તરૂપે જણાય છે અને જ્ઞાન થાય તો અધ્યસ્ત અધિષ્ઠાનરૂપ થઈ જાય છે. અનાત્મા અધ્યસ્ત છે, તે સદા અવ્યભિચારી સ્વરૂપવાળો રહી શકતો નથી. તેની સત્તા અથવા હયાતિ માની હોય ત્યારે પણ અન્યથા થયા કરે છે. સુષુપ્તિમાં તો તેનો અત્યંત અભાવ સ્પષ્ટ જણાઇ આવે છે છતાં અજ્ઞાનરૂપે તે જણાય છે. આત્મા અને અનાત્માના સ્વભાવ વિરુદ્ધ હોવા છતાં તેમની સેળભેળ કરી તેમના ધર્મ પરસ્પર એકબીજામાં આરોપ કરનાર જે વૃત્તિ તેને આત્મજ્ઞાની પુરુષો અવિદ્યા અથવા અજ્ઞાન કહે છે. જેના આવરણથી વસ્તુ જેવી હોય તેવી દેખાય નહિ અને જેનામાં ધ્યાન જાય તો જીવ અનર્થમાં આવી પડે છે તેને લોકમાં અવિદ્યા અથવા અજ્ઞાન કહે છે. જેમ અગ્નિ ઉષ્ણતાવાળો હોવા છતાં તેના સ્વભાવની જેને ખબર નથી એવો બાળક પગલે પગલે તેને અડતાં દાઝે છે, તે જ પ્રમાણે અહીં પણ આત્માના સ્વરૂપનો નિશ્ચય જેને નથી થતો, તે, મિથ્યા વસ્તુનો સંબંધ તેમાં આરોપીને, મન વગેરે ઉપાધિનું તાદાત્મ્યપણું આત્મામાં

માનીને જન્મમરણ અને સુખદુઃખ વારંવાર ભોગવે છે, અને તેનાથી ખેંચાઈને તેનું ફળ ભોગવતાં પોતાની સ્વરૂપપ્રચ્યુતિ થાય છે તેનું પણ સ્મરણ તેને રહેતું નથી. તેથી પોતાના કર્મથી સંસારમાં જાણે કે પોતે રખડતો હોય તેવું દેખાય છે. તેથી બધા અનર્થનો હેતુ આત્મા અને અનાત્માનો પરસ્પર અધ્યાસ છે. એજ અધ્યાસને તત્ત્વચિંતકો અવિદ્યા કહે છે.

ગજેન્દ્ર કહે છે કે, "યોગાભ્યાસથી જેનાં કર્મ બળી ગયાં છે તે યોગિજન પોતાના શુદ્ધ અંતઃકરણમાં જેનો સાક્ષાત્કાર કરે છે તે યોગેશ્વર પરમાત્માને હું નમસ્કાર કરું છું. વળી જે પુરુષે પોતાની ઇન્દ્રિયો જીતી નથી તેને ભગવાનનો માર્ગ મળતો નથી. જેની માયાથી ઉત્પન્ન થયેલ અહંબુદ્ધિદ્વારા આવૃત્ત થયેલ પોતાના આત્મ-સ્વરૂપને જીવ જાણી શકતા નથી તે અપાર મહિમાવાળા ભગવાનને હું નમસ્કાર કરૂં છું." (૮–૩–૨૯)

જેઓને એમ લાગે છે કે માયા ભગવાનની રચેલી છે તેમને માટે ભક્તિ કરીને ભગવાનનો અનુગ્રહ મેળવવાની જરૂર છે. જેમને એમ લાગે કે માયા એ માત્ર દેખાવ છે અને જીવની ભૂલથી અથવા જીવના અજ્ઞાનથી પ્રતીત થાય છે તેમને માટે આત્મજ્ઞાનની જરૂર છે. બંને રીત શાસ્ત્રોમાં માનેલી છે અને એ શાસ્ત્રને ગરુડનું સ્વરૂપ માનેલ છે. એ ગરુડ ભગવાનનું વાહન છે. એ બાબત હવે પછીની કથામાં શુકદેવજી સ્પષ્ટ કરે છે. શુકદેવજી કહે છે કે આ પ્રમાણે નિર્વિશેષ ભાવથી સ્તુતિ કરવાથી, ભિન્નભિન્ન રૂપોનું અભિમાન રાખનાર બ્રહ્મા વગેરે દેવોમાંથી કોઈપણ દેવ ગજેન્દ્રને છોડાવવા માટે આવ્યા નહિ, ત્યારે જે હરિ સર્વરૂપ છે અને સર્વદેવમય છે તે ત્યાં પ્રગટ થયા. ગજેન્દ્રનું અતિ કરુણાવાળું દુઃખ જોઈને તેની સ્તુતિ સાંભળી જગન્નિવાસ શ્રીહરિ, વેદમય ગરુડ ઉપર ચડીને, હાથમાં સુદર્શન ચક્ર લઈને, દેવોસહિત, જ્યાં ગજેન્દ્ર હતો ત્યાં તરત આવ્યા.

આહી બે બાબત ખાસ ધ્યાન રાખવા જેવી છે. એક તો **छन्दोमयेन गरुडेन समुह्यमानः** વેદમય ગરુડ ઉપર ચઢીને એટલે (અજ્ઞાનરૂપી ગ્રાહને મારવા માટે) શાસ્ત્રની સાથે આવેલ છે અને સુદર્શન ચક્ર હાથમાં લીધું છે. એટલે સમ્યક્‌દર્શન એ તેમનું મુખ્ય હથીઆર છે. આપણે પણ શાસ્ત્રનો આધાર લઈને સમ્યક્‌દર્શન અથવા સર્વાત્મભાવ પ્રાપ્ત કરી શકીએ તો અજ્ઞાનનો નાશ થાય. ખરી રીતે ગજેન્દ્રની સ્તુતિમાં જ સમ્યક્‌ દર્શન જણાઈ આવે છે. (સંસાર-રૂપી) સરોવરની અંદર મહા બળવાન ગ્રાહ (અજ્ઞાન)થી પકડાયેલ ગજેન્દ્રે આકાશમાં ચક્રધારી હરિને ગરુડ ઉપર આવતા જોઈને (ભગવાનને અર્પણ કરવાને માટે પોતાની સૂંઢમાં એક કમળનું ફૂલ લઈને તેને ઉપર ચડાવી કષ્ટથી સ્તુતિ કરતાં કહ્યું કે "હે નારાયણ, હે અખિલગુરુ, હે ભગવાન આપને મારા નમસ્કાર છે" ગજેન્દ્રને અત્યંત પીડા પામતો જોઈને અજન્મા હરિ એકદમ ગરુડ ઉપરથી ઊતરી ગયા અને કૃપાપૂર્વક તરત તેને મગરસહિત સરોવરથી બહાર કાઢયો અને બધા દેવોના દેખતાં પોતાના ચક્રથી મગરનું મોઢું ચીરી નાખ્યું અને ગજેન્દ્રની મુક્તિ કરી.

અહીં ગજેન્દ્રે ભગવાનને અર્પણ કરવા માટે કમળનું ફૂલ લીધું તેનો અર્થ એમ સમજવો કે અપ્રાકૃત ભાવ ગજેન્દ્રે તે વખતે ધારણ કર્યો. કમળ એ બ્રહ્માની પહેલાં ઉત્પન્ન થયેલ છે. બ્રહ્મા પણ કમળમાંથી ઉત્પન્ન થયેલ છે તેથી કમળની વાત જ્યાં આવે ત્યાં અપ્રાકૃત ભાવ સમજવાનો છે. તેથી ભગવાનના મુખને મુખારવિંદ એટલે મુખકમળ કહે છે, નેત્રને નેત્રકમળ કહે છે, ચરણને ચરણકમળ કહે છે, હૃદયને હૃદયકમળ કહે છે. વળી કમળ એટલે અસંગભાવ પણ સમજવો જળમાં કમળ અસંગ રહે છે.

આહી કોઈને ભક્તિમાર્ગની રીતે આ પ્રસંગ સમજવો હોય તો પણ ભગવાન પતિતપાવન અને અધમોદ્ધારણ થઈ શકે છે અથવા જેનું દિલ સાચું હોય તેની મદદમાં તરત આવે છે. એવો એક પ્રસંગ નીચે પ્રમાણે થોડા વખત ઉપર મદ્રાસ ઇલાકામાં બન્યો હતો.

દક્ષિણમાં વ્યંકટેશ ભગવાનનાં મંદિરો ઘણાં હોય છે. તેમાં એક ગામમાં કોઈ સાચો ભક્ત હતો, અને હંમેશાં ભગવાનનાં દર્શન કરવા માટે જતો હતો અને ભગવાનનું સ્મરણ પણ બરાબર રાખતો હતો. થોડા વખત પછી તેને પૈસાની જરૂર પડી. તેથી ગામના એક વાણીયા પાસેથી ૫૦૦ રૂપીઆ ઊછીના લીધા. છ મહિના પછી તેણે તે રૂપીઆ તે વાણીઆને પાછા આપી દીધા પણ તેની પહોંચ લીધી નહિ. થોડા વખત પછી તે વાણીઆએ ભક્તની પાસે પોતાના લેણા ૫૦૦ રૂપીઆ માગ્યા. તે ભકતે કહ્યું કે "મેં તે રકમ પાછી આપી દીધી છે." વાણીઆએ લુચ્ચાઈથી અથવા વિસ્મરણથી ૫૦૦ રૂપીઆ માટે કોર્ટમાં કેસ માંડયો. કોર્ટે તે ભકતને સાક્ષી આપવા માટે કહ્યું. ભકતે કહ્યું કે 'મારો સાક્ષી બીજો કોઈ નથી, માત્ર ભગવાન મારા સાક્ષી છે." ન્યયાધીશે કહ્યું કે "એવો પુરાવો કોર્ટની અંદર ચાલે નહિ. તારા ભગવાનને કોર્ટની અંદર સાક્ષી તરીકે બોલાવી શકાય નહિ." ભકતે કહ્યું કે "જેમ બીજા સાક્ષીને બોલાવો છો તેમ તેમને બોલાવો." ન્યાયાધીશે કહ્યું કે " સાક્ષી ઉપર સમન્સ કાઢીને બોલાવવામાં આવે છે.' ભકતે કહ્યું, કે મારા ભગવાન ઉપર પણ સમન્સ કાઢો." ન્યાયાધીશે કહ્યું કે "એ સમન્સ કયાં જઈને કોને આપવો?" ભકતે કહ્યું કે " વ્યંકટેશ ભગવાનના મંદિરના બારણા ઉપર સમન્સ ચોઢો, તેમને આવવું હશે તો સાક્ષી તરીકે આવશે." ન્યાયાધીશને એ વાત હસવા જેવી લાગી તો પણ ભકતની માંગણી પ્રમાણે ભગવાન ઉપર સમન્સ કાઢીને મંદિરના બારણા ઉપર તે કાગળ ચોટાડવામાં આવ્યો અને કઈ તારીખે ભગવાને કોર્ટમાં હાજર થવું એ પણ તેમાં જણાવ્યું હતું. કેસની મુદ્દત પડી અને પછી નકકી કરેલ દિવસે બંને પક્ષના વકીલો અને ભકત વગેરે કોર્ટમાં કેસ માટે ભેગા થયા. પછી ન્યાયાધીશે ભકતને પૂછ્યું કે "તારો સાક્ષી કયાં છે?" ભકતે કહ્યું કે "તમે સાક્ષીને કેવી રીતે બોલાવો છો?" ન્યાયાધીશે કહ્યું કે અમારો પટાવાળો જે સાક્ષીનું નામ હોય તેને બહાર જઈ પોકારે છે કે

"અમુક સાક્ષી હાજર છે ?" ભકતે કહ્યું કે "તે પ્રમાણે પોકારવાને માટે પટાવાળાને કહો." ન્યાયાધીશે તે પ્રમાણે પટાવાળાને કહ્યું. પટાવાળાએ બૂમ પાડી કે "...... ભકતના વ્યંકટેશ ભગવાન સાક્ષી તરીકે હાજર છે ?" એટલામાં તે કોર્ટની અંદર દિવ્ય તેજનો પ્રવેશ થયો. તે તેજ એટલું સખત હતું કે ન્યાયાધીશ અને વકીલો પણ તે જોતાં આંખ મીંચી ગયા. માત્ર તે ભકત તે દેખાવ આનંદથી જોઇ રહેલ હતો. પછી બધાને ખાત્રી થઈ કે તે ભકતના સાક્ષી સાચા છે. તેને છોડી મૂકવામાં આવ્યો અને તે વાણીઆને ખોટી ફરીઆદ માટે ઠપકો મળ્યો. આ બાબત ન્યાયાધીશની સહીથી અને બંને તરફના વકીલોની સહીથી કોઈ ન્યુસપેપરમાં થોડા વખત પહેલાં પ્રસિદ્ધ થઇ હતી.

ભગવાન સાક્ષી તરીકે તો (અધ્યાત્મભાવે) સૌના હૃદયમાં હાજર છે જ, છતાં બહાર પણ સાક્ષી તરીકે આવી શકે છે. તેમાં માત્ર ભાવની શુદ્ધિ જોઇએ. એટલે તે ભકતને એવી શંકા જરા વાર પણ થઇ ન હોતી કે ભગવાન આવશે કે નહિ. શંકા વગરની ભાવશુદ્ધિ જ્યાં હોય ત્યાં ભકતની સાથે ભગવાનને રહેવું પડે છે. વ્યવહારકાળે પણ માયારહિતપણું–તેને ભાવશુદ્ધિ કહે છે. ગજેન્દ્રને માટે પણ જેમ ભગવાન આવ્યા હતા તેમ હાલના કાળમાં પણ ઘણા ભકતોને હજુ ભગવાનનાં દર્શન થાય છે. ભગવાન વ્યાવહારિક લાભ આપે છે અને ઉપર પ્રમાણે ભકતની રક્ષા કોર્ટમાં ભગવાને કરી હતી, પણ વ્યાવહારિક લાભ માટે ભગવાનની ભકિત કરવી નહિ. વિશુદ્ધ ભાવવાળા ભકત ભગવાન પાસે વ્યાવહારિક લાભ માગતાં નથી. તેથી ગજેન્દ્રે ભગવાન પાસે એવું માગ્યું કે મને અજ્ઞાનમાંથી છોડાવો, અજ્ઞાનમાંથી મુકિત મળે તો ફરીથી જન્મમરણ આવે નહિ અને બધા પ્રકારના દુઃખમાંથી આત્યન્તિક નિવૃત્તિ મળે.

શ્રીમદ્‌ભાગવતની કથા એવા પ્રકારની છે કે તેમાં અધ્યાત્મ ભાગ ઘણે ભાગે પાછળથી આવે છે. ચાલુ પ્રસંગ વધારે સ્પષ્ટ કરવા માટે

હવે શુકદેવજી પરીક્ષિત રાજાને ગજેન્દ્ર અને ગ્રાહ (મગર)ના પૂર્વજન્મની હકીકત કહે છે. ગ્રાહ એટલે મગર પૂર્વજન્મમાં શ્રેષ્ઠ ગંધર્વ હુહુ હતો. તેને દેવલ ઋષિનો શાપ મળ્યો હતો તેથી તેને મગરનો જન્મ આવ્યો હતો. તે ભગવાનના સુદર્શન ચક્રથી મર્યો તેથી તેની મુક્તિ થઈ અને તેણે આશ્ચર્યમય દિવ્ય શરીર ધારણ કર્યું. ગંધર્વલોક એ મનુષ્યલોક કરતાં શ્રેષ્ઠ લોક છે, ત્યાં વધારે સારૂં જ્ઞાન હોય છે. ઋષિનો શાપ મળવાથી તેને મગરની યોનિ પ્રાપ્ત થઈ એટલે અજ્ઞાનદશા પ્રાપ્ત થઇ. પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ તરફ માણસોને બહુ માન હતું અને ઋષિમુનિઓ પણ સિદ્ધ હતા, ફરીથી એવો યુગ આવશે ત્યારે જગતમાં અન્યાય તરત દૂર થઇ શકશે. જે કામ ઉત્તમ મતિથી થાય છે તે બહુમતિથી થતું નથી. હાલમાં માણસોમાં અજ્ઞાન ઘણું છે તેથી બહુમતિના મતથી રાજ્યો ચલાવાય છે. છતાં એ રીતે પણ અન્યાય દૂર થતો નથી. તેથી હવે ઉત્તમ મતિની જરૂર છે. જે કામ એક રામ અથવા કૃષ્ણથી શકે છે તે કામ લોકોની બહુમતિથી થઇ શકતું નથી. ઉત્તમ મતિનો એક નમુનો હાલના કાળમાં પ્રો. આઇન્સ્ટાઇને કરેલી સાપેક્ષવાદની શોધ છે. તે એક માણસે આખી પૃથ્વીના બધા માણસોના જ્ઞાનમાં ફેરફાર કરી નાખ્યો છે. તે શોધ બરાબર સમજાય તો દેશકાળ ખોટા થઇ જાય છે. તેનાથી જન્મમરણ ખોટાં થાય છે, ઈતિહાસભૂગોળ ખોટાં થાય છે, રાજ્યતંત્રો ખોટાં થાય છે અને ન્યુસપેપરો પણ ખોટાં થાય છે. એ શોધનું ખરું સ્વરૂપ જ્યારે લોકોને સમજાશે ત્યારે કોઇને ઇતિહાસભૂગોળ શીખવાની ઇચ્છા થશે નહિ. એવી જ રીતે બીજા કોઈ એક મહાપુરુષ (ઉત્તમ મતિવાળા)નું જ્ઞાન પ્રસિદ્ધ થાય એવો સંભવ છે અને તે પણ લોકોના જ્ઞાનમાં ફેરફાર કરી નાખશે.

ભગવાનનો સ્પર્શ થવાથી ગજેન્દ્ર પણ અજ્ઞાનના બંધનથી મુક્ત થઈ ગયો તથા ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી ભગવાનના સારૂ-

પ્યને પ્રાપ્ત થયો. ચતુર્ભુજ સ્વરૂપ કેવું હશે તે સામાન્ય માણુસને માટે સમજવું બહુ અઘરૂં છે. હાલમાં સાપેક્ષવાદના સાયન્સવાળા જેને four dimensional continuum કહે છે તે બરાબર સમજાય તો ચતુર્ભુજ સ્વરૂપ પણ સમજાય. તે સાયન્સ ગણિતથી ચતુર્થ પરિમાણ સિદ્ધ કરે છે, તેથી બધા ધર્મોને કબુલ કરવું પડે તેવું છે.

હવે ગજેન્દ્રનો પૂર્વજન્મ શુકદેવજી કહે છે. પૂર્વજન્મમાં ગજેન્દ્ર ઈંદ્રદ્યુમ્ન નામનો પાણ્ડ્ય દેશનો પ્રખ્યાત રાજા હતો. તે વખતે તે વિષ્ણુ ભગવાનની ઉપાસનામાં તત્પર રહેતો હતો. એક વખતે તે રાજા મલય પર્વત ઉપર શ્રીહરિની આરાધના કરતો હતો. તે વખતે દૈવ યોગથી પોતાની શિષ્યામંડળી સહિત મહાયશસ્વી અગસ્ત્યજી ત્યાં આવ્યા. પણ રાજાએ તેમનો સત્કાર ન કર્યો, તેથી મુનિએ તેને શાપ આપ્યો કે, "આ મોટો અસાધુ અને દુરાત્મા તથા મૂર્ખ છે, તેણે આજે બ્રાહ્મણજાતિનો તિરસ્કાર કરેલ છે, તેનામાં હાથીની માફક જડ બુદ્ધિ છે તેથી તેને ઘોર અજ્ઞાનવાળી યોનિ પ્રાપ્ત થાય."

આ શાપમાં ગજેન્દ્રએ જડબુદ્ધિનું સ્વરૂપ છે. એમ સ્પષ્ટ બતાવેલું છે. જેઓ બ્રાહ્મણનું અપમાન કરે છે એટલે બ્રહ્મજ્ઞાનનું અપમાન કરે છે તેમનામાં જડ બુદ્ધિ અથવા અજ્ઞાન ઉત્પન્ન થાય છે. હાલમાં બ્રહ્મજ્ઞાનનો આદર ભાગ્યેજ થાય છે. લોકસેવામાં પણ કેટલીક વાર ભેદજ્ઞાન વધે તેવી સેવાનો આદર થાય છે, તેથી માણસોમાં જડ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. ગજેન્દ્ર પણ બીજા જન્મમાં આત્મજ્ઞાનનો નાશ કરનાર હાથીના શરીરને પ્રાપ્ત થયો, પણ ભગવાનની ભક્તિના પ્રભાવથી હાથીના શરીરમાં પણ તેને આત્મસ્વરૂપનું સ્મરણ થયું. પછી ગજેન્દ્રને ભગવાનનું પાર્ષદપણું પ્રાપ્ત થયું અને ભગવાન ગજેન્દ્રને લઇને પોતાના અદ્ભુત ધામમાં ચાલ્યા ગયા. (૮-૪-૧૩)

ભક્તિમાર્ગમાં પહેલી ભૂમિકા મૂર્તિપૂજા છે. બીજી ભૂમિકામાં ભગવાનના ગુણ ગાવા અને સાંભળવા, ત્રીજી ભૂમિકામાં સમર્પણ

અથવા શરણાગતિ અને ચોથી ભૂમિકાએ તન્મયતા પ્રાપ્ત થાય છે અને આત્માનું સ્મરણ થતાં ગ્રાહરૂપી અજ્ઞાનનો નાશ થાય છે. બ્રહ્મમાં અજ્ઞાન કલ્પિત છે તેથી જ્ઞાન થતાં અજ્ઞાનનો બાધ થાય છે. આત્માનું અધ્યસ્તરૂપે ભાસવું એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ તો પ્રકાશ કરવાનો છે. અધ્યાસનો નિરોધ તો પ્રમાણથી ઉત્પન્ન થયેલ અથવા ભક્તિથી ઉત્પન્ન થયેલ જ્ઞાનથી થાય છે. એવું જ્ઞાન જેનામાં ઉત્પન્ન થયેલ નથી તેણે આત્માનો વિચાર કરેલ નથી. તેથી આત્મા પ્રકાશતો નથી એવું દેખાય છે. જેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી તેનામાં અનાત્માના સંબંધવાળું અભિમાન ઉત્પન્ન થાય છે. પછી તે બાબતમાં સંશયજ્ઞાન, વિપરીત જ્ઞાન, આભાસ વગેરેની મનોવૃત્તિઓ ઊઠે છે. પછી મિથ્યા વિષયને સાચો માનવાના નિમિત્તે તેમાં રાગદ્વેષ થાય છે. તેથી જ ગજેન્દ્ર ત્રિકુટ પર્વતની પાસેના સરોવરમાં હાથણીઓની સાથે રમવા લાગ્યો હતો.

એવી રીતે સંસારનું આલંબન અવિદ્યા છે અથવા આત્માનું વિસ્મરણ છે. તેને જ જડબુદ્ધિ કહે છે.

શુકદેવજીએ આ પ્રમાણે ગજેન્દ્રમોક્ષનો પ્રસંગ પરીક્ષિત રાજાને સંભળાવ્યો. આ પ્રસંગ કલિના દોષોનો નાશ કરવાવાળો અને સ્વર્ગ અને સુયશ પ્રાપ્ત કરવાવાળો છે. તેથી ખોટા સ્વપ્નનો નાશ કરવાની જેમની ઇચ્છા હોય તેમણે સવારે ઊઠીને ગજેન્દ્રમોક્ષનો પાઠ કરવો (૮-૪-૧૫). જગત એ પણ એક ખોટું સ્વપ્ન છે. જગત વિષે જેટલા વિચાર આવે તે બધા પણ ખોટાં સ્વપ્ન છે. હાલના પ્રખ્યાત સાયન્ટીસ્ટ પ્રો. આઇન્સ્ટાઈન પણ કહે છે કે What we see is not the world, it is only a human conception of something that exists વેદાન્ત પણ એમ કહે છે કે બ્રહ્મને માણસ પોતાની દૃષ્ટિ પ્રમાણે કલ્પે છે.

ભગવાને પણ ગજેન્દ્રને કહ્યું કે જે માણસ પાછળના પહોરમાં

ઊંડા ઇંદ્રિયનિગ્રહપૂર્વક એકાગ્ર ચિત્તથી મારા જન્મ અને રૂપનું સ્મરણ કરશે તે સંપૂર્ણ પાપથી મુક્ત થઈ જશે, અને પ્રાણાન્ત વખતે તારી આ સ્તુતિથી પ્રાર્થના કરશે તો હું તેને પવિત્ર કરી દઇશ. (૮–૪–૨૫)

એમ કહી ભગવાને પોતાનો શંખ વગાડયો અને દેવોને આનંદ આપતા ગરુડ ઉપર ચડી સ્વધામ પધાર્યા. (૮–૪–૨૬).

પ્રકરણ ૧૭

અમરપદ માટે પ્રકૃતિનું સમુદ્રમન્થન

ગજેન્દ્રમોક્ષમાં આત્માના વિસ્મરણની વાત આવી. હવે આત્માનું સ્મરણ કરનારને પણ કેવાં વિઘ્નો આવે છે તેનું સમુદ્રમન્થનની કથા-દ્વારા શુકદેવજી વર્ણન કરે છે.

પાંચમા રૈવત મન્વન્તરમાં શુભ્ર ઋષિની ભાર્યા વિકુણ્ઠાથી ભગવાને વૈકુણ્ઠ અવતાર લીધો હતો અને લક્ષ્મીદેવીનું પ્રિય કરવાની ખાતર તેમણે વૈકુણ્ઠ ધામની રચના કરી. તેને રમા–વૈકુંણ્ઠ કહે છે. ત્યાં ગયેલા પુરુષોમાં કોઈમાં ભેદબુદ્ધિ રહી જાય છે તેથી જયવિજયની માફક ત્યાંથી પડે છે. છઠ્ઠા મનુ ચક્ષુષના પુત્ર ચાક્ષુષ હતા. એ દશામાં જ્ઞાનદૃષ્ટિ કાંઈક ઊઘડે છે તેથી તે ચાક્ષુષ મન્વન્તર કહેવાય છે. તે વખતે શ્રીહરિએ પોતાના અંશથી વૈરાજની સ્ત્રી સંભૂતિથી "અજિત" નામે અવતાર લીધો હતો. તેણે જ સમુદ્રમન્થન વખતે દેવોને અમૃત પાયું હતું અને જળમાં ડૂબતા મન્દરાચલને કાચબાનાં રૂપથી ધારણ કર્યો હતો.

આ બાબત વિસ્તારથી સમજાવવા માટે પરીક્ષિત રાજાએ શુકદેવજીને વિનંતી કરી.

બીજી કથાઓની માફક આ કથામાં પણ આધ્યાત્મિક રહસ્ય પાછળથી આપેલ છે. આ કથા ૮ મા સ્કંધમાં પાંચમા અધ્યાયથી શરૂ થાય છે અને ૧૦મા અધ્યાયમાં (૮–૧૦–૫૫) કહેલ છે કે 'ભગવાને દેવસેનામાં પ્રવેશ કરી દૈત્યોના ફૂટ કર્મથી પ્રગટ થયેલી બધી માયા તરત નષ્ટ કરી નાખી. એટલે જેવી રીતે જાગ્યા પછી બધાં સ્વપ્નોનો નાશ થાય છે તેવી રીતે માયાનો નાશ કર્યો, અને દેવોને જરા–મરણ દૂર કરનાર અમૃત પાયું (૮–૯–૨૧). તેથી આ પ્રસંગમાં અનાત્માનો બાધ કરીને આત્માનો આનંદ કેમ મેળવવો તે બતાવેલ છે.

અનાત્માનું જોર કેવું છે તેનું વર્ણન કરતાં શુકદેવજી કહે છે કેઃ–જ્યારે અસુરોનાં તીક્ષ્ણ બાણોથી વિંધાઇને ઘણા દેવો પ્રાણહીન થઈને પડયા, જ્યારે ઇંદ્ર સહિત ત્રણે લોક શકિત વગરના થઇ ગયા, યજ્ઞ વગેરે કર્મનો ઉચ્છેદ થઇ ગયો, ત્યારે ઇંદ્ર અને દેવો બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું કે જેની સત્તાથી દેવ, અસુર, મનુષ્ય તિર્યક્, વૃક્ષ વગેરે રચાયેલાં છે તે અવિનાશી પ્રભુનું આપણે શરણ લેવું જોઈએ. જો કે તેની દૃષ્ટિમાં કોઇ વધ કરવા યોગ્ય નથી અને રક્ષણ કરવા તેમજ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, તો પણ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારને માટે માયાના ત્રણ ગુણ–રજોગુણ, સત્ત્વગુણ અને તમોગુણનો તે ક્રમસર સ્વીકાર કરે છે (૮–૫–૨૨). આ વખતે પ્રાણીઓના કલ્યાણને માટે તેમણે સત્ત્વગુણ ધારણ કરેલ છે તેથી જગતની રક્ષાનો વખત છે, માટે આપણે તેમનું શરણ લેવું જોઇએ. આ પ્રમાણે દેવોને કહી બ્રહ્માજી તેમને સાથે લઈ તમોગુણની પેલે પાર ભગવાન અજિતના નિવાસસ્થાન ક્ષીરસાગર પાસે ગયા. ત્યાં બ્રહ્માએ નીચે પ્રમાણે ભગવાનની સ્તુતિ કરીઃ—

"अविक्रियं सत्यमनन्तमाद्यं
गुहाशयं निष्कलमप्रतर्क्यम् ।
मनोऽग्रयानं वचसानिरुक्तं
नमामहे देववरं वरेण्यम् ॥ ८–५–२६

અર્થ—જે નિર્વિકાર, સત્ય, અનન્ત, આદિપુરુષ બુદ્ધિરૂપી ગુહામાં રહેલ છે, જે નિષ્કલ, અતર્ક્ય, મનથી પણ આગળ ચાલવાવાળા, વાણીનો અવિષય અને ભજનીય છે તે દેવશ્રેષ્ઠને અમે નમસ્કાર કરીએ છીએ. ”

સામાન્ય વ્યવહારમાં પણ માણસ જ્યારેજ્યારે આસુરી પ્રકૃતિથી પરાભાવ પામે છે ત્યારે તેણે આવી સ્તુતિ કરવી જોઇએ. એ અજિત ભગવાનની સ્તુતિ છે. એટલે જેને કોઇ જીતી શકયા નથી એવા સમર્થ ભગવાનની સ્તુતિ છે. સંસારમાં જેને સ્વરાજમાં નેતા કહે છે તે નિર્મળ હૃદયના ન હોય તો અજિત હોતા નથી અથવા અજિત રહેતા નથી. તેમનો આધાર બહુમતિ ઉપર હોય છે. પણ પરમાત્માનું (શુદ્ધ–નિર્મળનું) અજિતપણું સ્વશક્તિને આધારે છે. તે સ્વયંપ્રકાશ છે, અજ્ઞાનરહિત છે, દેહરહિત છે. બ્રહ્માજી કહે છે કે “ આપ પ્રકૃતિથી પર છો, અદૃશ્ય અવ્યક્ત છો, જે માયાને કોઇ જીવ પાર કરી શકતું નથી તે માયાને આપે જીતી લીધી છે. અમે આપના સાત્ત્વિક અંશથી ઉત્પન્ન થયા છીએ છતાં આપના સૂક્ષ્મ રૂપને જાણી શકતા નથી. ચંદ્રમા જેનું મન છે, જઠરાગ્નિમાં જે વૈશ્વાનર રૂપથી રહેલ છે, અગ્નિ જેનું મૂખ છે, એ પરમાત્મા અમારા ઉપર પ્રસન્ન હો. સૂર્ય જેના નેત્ર છે, પ્રાણવાયુ જેના પ્રાણથી પ્રગટ થયેલ છે તે પરમ ઐશ્વર્યશાલી પ્રભુ અમારા ઉપર પ્રસન્ન હો. જેના શ્રોત્રથી દિશાઓ ઉત્પન્ન થયેલ છે. જેના બલથી ઇંદ્ર, જેના પ્રસાદથી દેવગણ, ક્રોધથી મહાદેવજી, બુદ્ધિથી બ્રહ્મા, જેની ઇંદ્રિયોથી વેદ અને ઋષિગણ વગેરે થયા છે તે પરમ ઐશ્વર્યવાન ભગવાન અમારા ઉપર પ્રસન્ન હો. જેના મુખથી બ્રાહ્મણ, ભુજાઓથી ક્ષત્રિય, પેટથી વૈશ્ય અને જેના ચરણથી શૂદ્રગણ ઉત્પન્ન થયા છે તે પરમ ઐશ્વર્યવાન પરમાત્મા અમારા ઉપર પ્રસન્ન હો. જે દર્શન વગેરે વૃત્તિઓથી માયિક ગુણોમાં આસક્ત થતા નથી, જે વાયુની સમાન સર્વત્ર

અસંગ ભાવથી ક્રીડા કરે છે તે પરમાત્માને અમારા નમસ્કાર છે. (૮–૫–૪૪)

અમને આપના દર્શનની ઇચ્છા છે માટે આપનું સગુણ સ્વરૂપ બતાવો કે જે અમારી ઇંદ્રિયો જોઇ શકે. (૮–૫–૪૬)

સગુણ ભગવાન સર્વશક્તિમાન છે અને આસુરી માયા જીતવી હોય તો તેની મદદની જરૂર પડે છે પણ તે સાથે જીવનો શરણભાવ જરૂરનો છે. જો જીવ શરણ ન થાય તો જીવને પોતામાં સત્તા જેવું લાગે અને એક સત્તાનો અનુભવ મળે નહિ. તેથી જીવે પોતાનાં કર્મ ભગવાનને અર્પણ કરીને શુદ્ધ થવું જોઇએ. પ્રજામાં સારા સંસ્કાર ઉત્પન્ન કરવા હોય તો અહંકાર દૂર કરવો જોઇએ અને જેની સત્તાથી બધું ચાલી રહેલ છે તેને શરણે થવું જોઇએ. તેથી બ્રહ્માજી કહે છે કેઃ—

क्लेशभूर्यल्पसाराणि कर्माणि विफलानि वा ।
देहिनां विषयार्तानां न तथैवार्पितं त्वयि ॥ ८–५–४७

અર્થ—વિષયાસક્ત પુરુષોનાં કર્મ જે પ્રકારે વધારે ક્લેશવાળાં હોય છે, અને સારહીન અને નિષ્ફળ હોય છે તે પ્રમાણે આપને સમર્પણ કરેલાં કર્મ નિષ્ફળ હોતાં નથી.

આપ જીવના આત્મા છો, પ્રિય અને હિતકારી છો તેથી આપને સમર્પણ કરેલા થોડા કર્મનો આભાસ પણ નકામો જતો નથી.

यथा हि स्कन्धशाखानां तरोर्मूलावसेचनम्
एवमाराधनं विष्णोः सर्वेषामात्मनश्च हि ॥ ८–५–४९

જેમ વૃક્ષના મૂળમાં પાણી નાખવાથી થડ, શાખા અને પાંદડાંને પાણી પહોંચી જાય છે તેમ શ્રી વિષ્ણુ ભગવાનની આરાધનાથી સંપૂર્ણ દેવોની અને પોતાની આરાધના થઈ જાય છે.

કારણ કે મુખ્ય સત્તા એકની છે. તે અનન્ત છે, અચિન્ત્ય કર્મરૂપ છે, નિર્ગુણ છે અને ગુણાધીશ છે. આ વખતે જે આપ સત્ત્વગુણમાં રહેલા છો, તેમને અમે નમસ્કાર કરીએ છીએ. (૮–૫–૫૦)

આ પ્રમાણે સ્તુતિ પૂરી થતાં જાણે કે હજારો સૂર્યો એક સાથે ઊગ્યા હોય તેમ ભગવાન શ્રીહરિ તેમની સામે પ્રગટ થયા. તે વખતે બ્રહ્માજીએ ફરીથી તેમની નીચે પ્રમાણે સ્તુતિ કરીઃ—

अज्ञातजन्मस्थितिसंयमाया
गुणाय निर्वाणसुखार्णवाय ।
अणोरणिम्नेऽपरिगण्यधाम्ने
महानुभावाय नमो नमस्ते ॥ ८-६-८

અર્થ—જેના જન્મ, સ્થિતિ કે પ્રલય કદાપિ થતા નથી, તે નિર્ગુણ, મોક્ષાનંદના સમુદ્ર, અણુથી અણુ, અપરિચ્છિન્ન સ્વરૂપ મહામહિમ પ્રભુને વારંવાર નમસ્કાર છે.

વિશેષમાં બ્રહ્માજી કહે છે કે " આપ પ્રકૃતિથી પર છો. આ સંપૂર્ણ જગત પહેલાં આપમાં લીન હતું, તથા મધ્ય અને અંતમાં પણ આપ સ્વતંત્ર પરમાત્મામાં સ્થિત છે. ઘટના ઉપાદાન કારણ માટીની સમાન જગતના આદિ, મધ્ય અને અંત આપમાં જ સ્થિત છે. આપ આપને આશ્રયે રહેવાવાળી માયાથી આ જગતની રચના કરીને તેમાં અનુપ્રવિષ્ટ થઇ રહેલ છો, તેથી સાવધાનચિત્તવાળા વિવેકી અને શાસ્ત્રજ્ઞ માણસો પોતાના મનથી ગુણોના કાર્યભૂત આ સંસારમાં પણ નિર્ગુણરૂપથી આપનો જ સાક્ષાત્કાર કરે છે. (૮–૬–૧૧).

છાંદોગ્ય ઉપનિષદમાં જેમ ઘડાનો ને માટીનો દૃષ્ટાંત આપેલ છે તેમ આંહી પણ એ દૃષ્ટાંત આપીને સમજાવેલ છે કે બ્રહ્મ સિવાય કાંઇ નથી, છતાં જગતની રચના દેખાય તો તે માયાનું કાર્ય છે અને માયામાં રહીને જ બ્રહ્મા અને દેવો વગેરે ભગવાનની સ્તુતિ કરે છે. માયાની ઉપર જઈએ એટલે માયાનો બાધ કરતાં આવડે તો બ્રહ્મ સિવાય બીજું કાંઇ રહે નહિ. તેથી દેવો વગેરે ભગવાનને પ્રાર્થના કરે છે કે અમારે માટે જે કર્તવ્ય હોય તે આપ અમને કહો.

શુકદેવજી કહે છે કે દેવોનું વિઘ્ન દૂર કરવાને માટે એકલા શ્રીહરિ

સમર્થ હતા છતાં પ્રકૃતિરૂપી સમુદ્રનું મન્થન કરાવવાની ઇચ્છાથી તેઓએ કહ્યું કે, "હે બ્રહ્માજી, હે શંકર, હે દેવગણ! તમે બધા સાવધાન થઇને મારું કહેવું સાંભળો, કે જેથી તમારું કલ્યાણ થાય. જ્યાંસુધી તમારા કલ્યાણનો સમય ન આવે ત્યાંસુધી દૈત્ય અને દાનવો સાથે સન્ધિ કરી લો, કારણ કે આ સમય તેમને અનુકૂળ છે. કોઈ મોટું કાર્ય કરવું હોય તો શત્રુઓથી મળીને કરી લેવું જોઇએ. કાર્ય સિદ્ધ થઈ જાય ત્યારે સર્પ જેમ દેડકાને ગળી જાય છે તેમ અસુરોને જીતી શકાશે માટે—

> अमृतोत्पादने यत्नः क्रियतामविलम्बितम् ।
> यस्य पीतस्य वै जन्तुर्मृत्युग्रस्तोऽमरो भवेत् ॥
> ८-६-२१

અર્થ—તમે બધા મળી અમૃત કાઢવાનો પ્રયત્ન કરો કે જે પીવાથી મરણધર્મવાળો જીવ અમર થઇ જાય છે.

(આ શ્લોકમાં અમૃત એટલે અમરપણું સમજાવેલ છે.) પહેલાં ક્ષીરસમુદ્રમાં ઘાસ, વનસ્પતિ વગેરે નાખો, પછી મન્દરાચળનું મંથન કરો અને વાસુકિ નાગનું દોરડું બનાવો. તેને પરિણામે દૈત્યોના ભાગમાં કેવળ ક્લેશ જ રહેશે, માટે દૈત્યો સાથે મૈત્રી કરી લ્યો, સરળતાથી જેવું કામ થાય છે તેવું ક્રોધથી થતું નથી. સમુદ્રમાં ઝેર ઉત્પન્ન થાય તો પણ તેનાથી ભય પામશો નહીં.

સંસારનાં બધાં કામ એવાં છે કે જેમાં કાંઈક વિઘ્ન આવ્યા જ કરે છે. ગીતામાં (૧૮મા અધ્યાયમાં) કહેલ છે કે સાત્ત્વિક સુખ મેળવવાના સાધનમાં પહેલાં ઝેર જેવું અથવા ક્લેશ જેવું લાગે છે, ઉપનિષદમાં કહેલું છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવું છે.

પછી ભગવાન અન્તર્ધાન થયા. બ્રહ્માજી, મહાદેવજી, પોતાના લોકમાં ગયા અને દેવો બલિરાજાની પાસે આવ્યા. બલિરાજાએ જોયું કે દેવો

યુદ્ધને માટે તૈયાર નથી તેથી તેણે પોતાના સૈન્યોને પણ યુદ્ધથી રોકી દીધાં. ઇન્દ્રે બલિને સમુદ્રમન્થનની વાત કહી, અને બધાએ સાથે મળીને મહાન ઉદ્યોગ શરુ કર્યો. પછી દેવો અને દૈત્યોએ મળીને મન્દરાચળ પર્વતને ઊખેડી લીધો અને તેને સમુદ્રની પાસે લઈ આવ્યા. તે કામમાં બધાં થાકી જવાથી પર્વતને ત્યાં જ છોડી દીધો તે પર્વતનું બીજું નામ કનકાચળ હતું, એટલે અચળ સોનેરી રંગની વસ્તુ, તેને જીવાત્મા અથવા ચિદાભાસનું સ્વરૂપ પણ કહી શકાય. તેનું મન્થન કરવાથી પહેલાં વિઘ્નો ઉત્પન્ન થાય છે પણ અંતે અમરપદ મળે છે.

હવે ભગવાન ત્યાં પ્રગટ થયા અને થાકી ગયેલા દેવોને નવી શક્તિ આપી. પછી ભગવાને તે પર્વતને હાથથી ઉઠાવી ગરુડ ઉપર મૂક્યો અને પોતે પણ ગરુડ ઉપર ચડી દેવો અને અસુરો સહિત સમુદ્રકિનારે આવ્યા. ગરુડ એ શાસ્ત્રનું સ્વરૂપ છે, એ વાત ગજેન્દ્રમોક્ષના પ્રસંગમાં આવી ગઈ છે. પછી ગરુડે તે પર્વતને ત્યાં ઊતાર્યો અને પોતે ભગવાનની આજ્ઞા માગી ત્યાંથી ઊડી ગયા, કારણ કે ગરૂડ રહે તો વાસુકિ નાગ આવે નહિ; એટલે જ્યાં શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વર્તન હોય ત્યાં સંસારની વાસના રહે નહિ.

પછી વાસુકી નાગનું દોરડું કરીને અમૃતપ્રાપ્તિને માટે સમુદ્રના મન્થનની શરૂઆત કરી. પહેલાં શ્રીહરિએ નાગનું મુખ પકડ્યું એટલે દેવો પણ એ તરફ પકડવા લાગ્યા પણ દૈત્યોને શ્રી નારાયણનું એ કામ ઠીક ન લાગ્યું તેથી તે કહેવા લાગ્યા. કે અમે વેદના જ્ઞાતા છીએ અને જન્મ-કર્મમાં ઊંચા છીએ માટે સર્પના અમંગળ અંગ પૂછડાને પકડીશું નહિ. તે સાંભળીને હસીને શ્રીહરિએ મુખ છોડી દીધું અને દેવો સહિત પોતે પૂંછડાનો ભાગ પકડ્યો. એ પ્રમાણે સમુદ્રનું મન્થન ચાલ્યું. ખરી રીતે જોતાં સર્પના મોઢામાં ઝેર છે અને પૂંછડીમાં અમૃત છે. આ વખતે પર્વતને કોઇ આધાર ન મળવાથી તે જળમાં ડૂબવા લાગ્યો. એટલે જીવાત્મા સંસારમાં ડૂબવા લાગ્યો તે

વખતે ભગવાને કાચબાનું રૂપ લઇને પર્વતને આધાર આપ્યો અને પર્વતને ઊંચો કર્યો. તે પછી સમુદ્રમન્થનનું કામ શરૂ થયું. ભગવાને પોતાની પીઠ ઉપર એ પર્વતને ધારણ કર્યો. આંહી પર્વતરૂપ જીવનું અધિષ્ઠાન બ્રહ્મ છે એમ સમજવાનું છે. તે જીવ સંસારરૂપી સમુદ્રમાં વાસનારૂપી વાસુકિથી જ્યારે ફરે છે ત્યારે તેમાંથી હવે શું નીકળે છે તે જોઇએ. વાસુકિને નિદ્રા અથવા અવિદ્યાનું રૂપ પણ આપેલું છે. (૮-૭-૧૧) મન્થનના કર્મથી થાક લાગતાં વાસુકિની કાન્તિ ફીકી પડી ગઇ અને દેવો ઉપર મેઘે વર્ષા કરી.

આટલો પ્રયત્ન છતાં જ્યારે અમૃત ન નીકળ્યું ત્યારે અજિત ભગવાન પોતે મથવા લાગ્યા. તે વખતે ભગવાન બીજા પર્વતરાજ જેવા શોભતા હતા, એટલે પરમ–આત્મા રૂપ લાગતા હતા. પછી તે પ્રયત્નથી પહેલાં ઝેર ઉત્પન્ન થયું. તેના અસહ્ય તાપથી દેવો અને પ્રજાઓ ભયભીત થયાં અને શ્રી સદાશિવને શરણે ગયાં, અને તેમની સ્તુતિ કરવા લાગ્યાં:—

"હે મહાદેવ, અમે તમારે શરણ છીએ, ત્રણ લોકને ભસ્મ કરવાવાળા આ ઝેરથી અમારી રક્ષા કરો. એક માત્ર આપ જ જગતના બંધન અને મોક્ષના અધીશ્વર છો. આપનું જ્ઞાન સ્વતઃસિદ્ધ છે, આપ પરમ બ્રહ્મસ્વરૂપ છો અને આપની અનેક શક્તિઓથી આપ જગતરૂપે ભાસો છો (૮–૭–૨૪). આપ બધાના કારણ છો, કાળ સંકલ્પ સત્ય, ઋત અને ધર્મરૂપ છો. વેદ પણ, મૂળ પ્રકૃતિનો આશ્રય આપને બતાવે છે. આપ સર્વદેવમય છો, કાળ આપની શક્તિ છે, દિશાઓ આપના કાન છે, વરુણ જીભ છે, આકાશ નાભિ છે, વાયુ શ્વાસ છે, સૂર્ય તેજ છે, જળ વીર્ય છે, સ્વર્ગ આપનું શિર છે, જીવોનો આધાર આપનો અહંકાર છે. ઓષધિઓ અને લતાઓ આપના વાળ છે અને ધર્મ આપનું હૃદય છે, પાંચ ઉપનિષદ આપનાં પાંચ મુખ છે અને જે સ્વયંપ્રકાશ પરમાર્થ તત્ત્વ છે તે આપની અવસ્થા છે. હે કૈલાસ

પતિ! જેમાં સત્ત્વ રજ કે તમ એ ત્રણે ગુણો નથી અને જે બધા પ્રકારના ભેદથી રહિત છે તે બ્રહ્મરૂપ આપના પરમ તેજને બધા લોકો અને બ્રહ્મા વગેરે દેવો પણ જાણી શકતા નથી (૮-૭-૩૧). હે નાથ! કાર્યકારણરૂપ જગતથી પર જે માયા છે તેનાથી પણ આપ પર છો. અમે આપની સ્તુતિ શી રીતે કરી શકીએ! આપનો આવિર્ભાવ સંસારના કલ્યાણને માટે થાય છે તેથી અમને આ ઝેરની અસરથી મુક્ત કરો."

પછી મહાદેવજીએ કહ્યું કે દીનની રક્ષા કરવી એ સમર્થ પુરુષોનું કાર્ય છે. ભગવાનની માયાથી મોહિત તથા પરસ્પર વૈર કરનાર જીવો ઉપર જે પુરુષ કૃપા કરે છે તેનાથી સર્વાત્મા શ્રીહરિ પ્રસન્ન રહે છે અને તેથી હું પ્રસન્ન રહું છું. તેથી હું ઝેરનું ભક્ષણ કરીશ કે જેથી મારી પ્રજાઓનું કલ્યાણ થાય."

આપણને પણ સંસારમાં જ્યારે કોઇની સાથે ઝેરવેર ઉત્પન્ન થાય ત્યારે તે વખતે ક્ષમા રાખતાં શીખવું જોઈએ અથવા કોઇનાં વેરઝેર વધે નહિ અને શાંતિ થાય એવા ઉપાય લેવા જોઇએ. આ જગ્યાએ ભાગવતમાં કહેલ છે કે:—

तप्यन्ते लोकतापेन साधवः प्रायशो जनाः ।
परमाराधनं तद्धि पुरुषस्याखिलात्मनः ॥ ८-७-४४

અર્થ—સાધુજનો ઘણે ભાગે સંસારના દુઃખથી દુઃખી થયા કરે છે, કારણ કે બીજાને માટે દુઃખ ભોગવવું તે સર્વાત્મા શ્રીહરિની ઉત્કૃષ્ટ આરાધના છે.

શંકરનું વિષપાન જોઈને બધા દેવો અને બધી પ્રજા તેમની સ્તુતિ કરવા લાગી.

પછી ફરીથી સમુદ્રમન્થન કરતાં કામધેનુ ઉત્પન્ન થઇ, તેને વેદવાદી મુનિગણોએ ગ્રહણ કરી. પછી ઘોડો ઉત્પન્ન થયો તે બલિએ ગ્રહણ કર્યો. ઐરાવત હાથી નીકળ્યો તે ઇન્દ્રે લીધો અને કૌસ્તુભ

૨૧

મણિ પ્રગટ થયો તે શ્રીહરિએ લીધો. પછી સ્વર્ગને શોભા આપનાર કલ્પવૃક્ષ નીકળ્યું. એમ અનુક્રમે અપ્સરાઓ, લક્ષ્મીજી વગેરે નીકળ્યાં. પછી લક્ષ્મીજી પોતાને માટે વર શોધવા નીકળ્યાં.

(હાલના કાળમાં લક્ષ્મી પોતાને માટે યોગ્ય સ્થળ શોધે છે પણ તેને યોગ્ય સ્થળ મળતું નથી તેથી એક માણસ પાસેથી ખસીને બીજા પાસે જાય છે અને બીજા પાસેથી ત્રીજા પાસે જાય છે. શેર-બજારમાં આવા પ્રસંગ રોજ ઘણી વાર બને છે.)

લક્ષ્મીજીએ જોયું તો દુર્વાસામાં તપ છે પણ તેણે ક્રોધ જીત્યો નથી તેથી તેની પાસે રહેવું ઠીક નથી, બૃહસ્પતિમાં જ્ઞાન છે તો નિઃસંગતા નથી, બ્રહ્મા મહાન છે પણ તેણે કામને જીતેલ નથી, ઇંદ્ર બીજાના આશ્રયની ઇચ્છા કરે છે, પરશુરામમાં ધર્મ છે પણ પ્રાણીઓ તરફ મિત્રતા નથી, શિબિ વગેરેમાં ત્યાગ છે તો પણ તેથી તેની મુક્તિ થઈ નથી, કાર્તવીર્યમાં બલ છે પણ તે કાળને આધીન છે. સનકાદિકમાં વૈરાગ્ય છે પણ હમેશાં સમાધિનિષ્ઠ રહે છે તેથી તે પણ વર કરવા યોગ્ય નથી. માર્કંડ વગેરે લાંબા આયુષ્ય-વાળા છે, પણ સ્ત્રીઓને પ્રસન્ન રાખી શકતા નથી. મહાદેવમાં બંને ગુણ છે પણ તેમનું રૂપ અમંગળ જેવું છે, એક વિષ્ણુ ભગવાન મંગળમય છે પણ તેમને મારી ઇચ્છા નથી. છતાં એવા વિચાર કરી છેવટે શ્રી લક્ષ્મીજીએ નિત્ય સદ્ગુણસંપન્ન, પ્રાકૃત ગુણોથી અતીત અને અણિમા વગેરે સંપૂર્ણ ગુણોથી અલંકૃત પોતાના વર તરીકે શ્રી મુકુંદને પસંદ કર્યા. તે નિરપેક્ષ હોવા છતાં તેમને પોતાના એકમાત્ર આશ્રય તરીકે સ્વીકાર્યા. તે વખતે બધા દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી.

પછી ક્ષીરસમુદ્રમાંથી કન્યારૂપી વારુણી દેવી પ્રગટ થઈ, તેને અસુરોએ સ્વીકારી. તે પછી ધન્વન્તરીજી અમૃતનો કલશ લઈને સમુદ્રમાંથી આવ્યા. તે આયુર્વેદના પ્રવર્તક થયા. તેમની પાસેથી

અસુરોએ અમૃતનો ઘડો છીનવી લીધો. આ દેખાવ જોઇને દેવોએ શ્રીહરિનું શરણ લીધું. ભગવાને દેવોને કહ્યું કે :—"તમે ખેદ ન કરો, હું મારી માયાથી દૈત્યોમાં પરસ્પર કલહ ઉત્પન્ન કરી તમારું કાર્ય સિદ્ધ કરીશ."

હાલના કાળમાં પાકીસ્તાન બાબત પણ એવી દશા ઉત્પન્ન થઇ હતી. પશ્ચિમ પંજાબમાં જે ગુંડાઓ હિંદુઓને મારીને તેમનો માલ પડાવી જતા હતા તેમની પાસેથી બીજા ગુંડાઓ પડાવી જતા હતા. અનીતિથી મેળવેલું દ્રવ્ય કોઇને સુખ આપતું નથી. અમૃતના લોલુપ દૈત્યોમાંનો એક કહેવા લાગ્યો કે "હું પહેલાં પીશ" અને બીજો કહેવા લાગ્યો કે "હું પહેલાં પીશ." વળી દૈત્યોમાં પણ કેટલાક કહેવા લાગ્યા કે દેવોએ પણ અમૃતમન્થનમાં સમાન પરિશ્રમ કરેલો છે માટે તેમને પણ ભાગ મળવો જોઇએ, એ સનાતન ધર્મ છે.

આવી રીતે જ્યારે અસુરો અમૃતનો ઘડો લઇ ગયા ત્યારે ભગવાને એક નવી જાતની અનિર્વચનીય માયા રચી અને પોતે મોહિનીરૂપી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. તે રૂપ એવું સુંદર હતું કે અસુરોના હૃદયમાં વારંવાર કામોદ્દીપન કરતું હતું.

અસુરનો અર્થ સંસ્કૃત ભાષામાં એવો થાય છે કે અસુ એટલે પ્રાણમાં ર એટલે રમનાર; એટલે અસુરોને પ્રાણનું સુખ બહુ ગમે છે. સ્ત્રી પણ પ્રાણનું સ્વરૂપ છે તેથી સ્ત્રી તેના પતિને પ્રાણનાથ કહે છે. આત્માનું અમરપદ મેળવવામાં પણ મોટામાં મોટું વિઘ્ન પ્રાણમય કોશની વાસનામાંથી આવે છે. એ વાસના જીતવામાં ઘણા ડાહ્યા પુરુષો પણ હારી જાય છે. જે કામ જીતી શકે છે તેને શાસ્ત્રોમાં દેવવલ્લભ કહે છે. જેઓ કામને જીતી ન શકતા હોય તેમને માટે નીચે પ્રમાણે કેટલાક ઉપાય છે :—

૧. સાત્વિક ખોરાક લેવો.

૨. સ્ત્રીના વિષયોવાળાં નાટક, સીનેમા ન જોવાં અને એવી કથામાં ન જવું.

૩. સત્સંગ કરવો.

૪. સ્ત્રીઓના સામું જોવું નહિ અથવા દૃષ્ટિ જાય તો સ્ત્રીને ચામડી વગરની જોવી.

૫. કોઈ હઠયોગ બતાવનાર ગુરુ મળે તો અપાનને જીતવાની રીત શીખવી.

૬. રસોઈ કરનાર બ્રહ્મચારી હોય તો પણ બ્રહ્મચર્ય પાળવામાં સગવડ પડે છે.

૭. આત્મામાં ધ્યાન લાગી શકે તો પણ વાસના ક્ષીણ થઈ જાય છે અને રેતસમાંથી ઓજસ્ થાય છે.

૮. જ્યારે પતિ–પત્નીને એકાંતનો વખત મળે ત્યારે સારાં શાસ્ત્રોનું વાંચન રાખવું.

૯. સવારે અને રાત્રે ઈશ્વરની પ્રાર્થના કરવી.

૧૦. રાત્રે બહુ પેટ ભરીને જમવું નહિ.

પ્રાણમય કોશનું જોર એ આપણા જીવનમાં આસુરી પ્રકૃતિનું જોર છે. સંસારનો વ્યવહાર પણ એક પ્રકારનું સમુદ્રમન્થન છે. તેમાં પરણેલા પસ્તાય છે અને વગર પરણેલા પણ પસ્તાય છે તેથી સાવધ રહીને દરેક જીવે પોતાનો રસ્તો કરવાનો છે. પ્રાણમય કોશમાંથી છૂટવા માટે બહુ સાવધાનતા રાખવાની જરૂર છે.

જ્યારે અસુરોએ મિત્રધર્મ છોડી દીધો અને અમૃત માટે પરસ્પર અંદર અંદર લડવા લાગ્યા ત્યારે તેમણે ત્યાં આવતી એક સ્ત્રી (મોહિની)ને જોઈ, અને બધા અસુરો કામાતુર થઈ ગયા. પછી તેઓ તે સ્ત્રીને પૂછવા લાગ્યા કે તું ક્યાંથી આવી? તું કોણ છે? તારે શી ઇચ્છા છે? તું અમારા ચિત્તને ડગાવી દે છે. તું અમારો કજીઓ પતાવીને બધાને શાન્ત કર, દેવો અને અસુરોએ

અમૃત માટે સમાન પુરુષાર્થ કરેલ છે, માટે તું ન્યાયની રીતે બધાને અમૃત વહેંચી આપ.

અસુરોએ આ પ્રકારે પ્રાર્થના કરવાથી જે ભગવાને માયાથી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું હતું તેમણે હસીને કહ્યું કેઃ "તમે મારા જેવી વ્યભિચારી સ્ત્રીનું (માયાનું) અનુસરણ શા માટે કરો છો? પંડિતો તો સ્ત્રીનો વિશ્વાસ કરતા નથી." આવી વાણીથી દૈત્યોને તેના ઉપર વધારે વિશ્વાસ થઈ ગયો અને અમૃતનું પાત્ર તેના હાથમાં આપી દીધું. શ્રીહરિએ તે અમૃતનું પાત્ર લઈને બધાને કહ્યું કે હું સારૂં કરૂં કે ખરાબ કરૂં, જો તમે બધા મારી વાતનો સ્વીકાર કરો તો હું અમૃતને વ્હેંચી આપું. તેના જવાબમાં અસુરોએ હા પાડી. પછી બધાએ ઉપવાસ કર્યો અને બીજે દિવસે સ્નાન વગેરે કરી બ્રાહ્મણોને દાન આપી પોતપોતાની રુચિ અનુસાર નવાં વસ્ત્ર પહેરી પોતપોતાના આસન પર બેઠા.

તે વખતે સુંદર રૂપ ધારણ કરેલ કન્યા (મોહિની) હાથમાં અમૃતનો કલશ લઇને આવી. તેના સૌંદર્યથી દેવો-અસુરો મોહિત થઈ ગયા. તે વખતે મોહિનીરૂપ શ્રીહરિએ સર્પના જેવા સ્વભાવવાળા દૈત્યોને અમૃત પાત્રાનું ઉચિત ન સમજીને તેમને ભાગ દીધો નહિ. તેથા દેવોને અને અસુરોને જુદી જુદી પંક્તિઓમાં બેસાડયા. આપણે પણ અમૃત પીવું હોય તો આસુરી પ્રકૃતિથી દૈવી પ્રકૃતિને જુદી પાડવી જોઇએ. પછી—

दैत्यान्गृहीतकलशो वञ्चयन्नुपसञ्चरैः ।
दूरस्थान्पाययामास जरामृत्युहरां सुधाम् ॥ (૮-૯-૨૧)

અર્થ—હાથમાં કલશ લઇને શ્રીહરિએ દૈત્યોને પોતાના હાવ-ભાવ અને કટાક્ષ વગેરેથી છેતરીને, તેમની અપેક્ષાએ દૂર બેઠેલા દેવોને તે જરા-મરણ ટાળનાર અમૃત પાયું. (આંહી અમૃતનો અર્થ અમરપણું સમજવાનો છે.)

તે વખતે અસુરોએ એમ માન્યું કે સ્ત્રીની સાથે ઝઘડો કરવો એ ઠીક નથી અને અમારા તરફ પણ તે પ્રેમ બતાવે છે, તેથી તેઓ ચુપચાપ બેસી રહ્યા. આજે પણ માયા ઘણીવાર અસુરો તરફ પ્રેમ બતાવતી હોય તેવું જણાય છે. તે કામિનીમાં અસુરોને અત્યન્ત પ્રેમ થઇ ગયો. તેથી પ્રણયભંગના ભયથી અને પોતાના તરફ બતાવેલ અત્યન્ત સત્કારથી બંધાઇ જતાં અસુરો તે સ્ત્રીને કાંઈ અપ્રિય વચન કહી શક્યા નહિ.

એક રાહુ નામનો દૈત્ય દેવનો વેષ ધારણ કરીને અમૃત પી ગયો. તે વાત ચંદ્રમાએ અને સૂર્યે ભગવાનને કહી. તેથી ભગવાને સુદર્શન ચક્રથી તેનું માથું કાપી નાખ્યું. તેથી તેનું ધડ નીચે પડયું પણ માથું અમર થઇ ગયું. તેથી બ્રહ્માજીએ તેને ગ્રહ બનાવી દીધો. તેનાથી ગ્રહણ થાય છે. તે અજ્ઞાનનું સ્વરૂપ છે. અજ્ઞાનને માથું નથી. તે કલ્પિત છે, છતાં સૂર્ય–ચંદ્રને એટલે જ્ઞાન અને ભક્તિને તે નડે છે.

હવે શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે:–દેશ, કાળ, હેતુ, અર્થ, કર્મ અને ગતિ સમાન હોવા છતાં દેવો અને દૈત્યોને પ્રાપ્ત થયેલ ફળમાં ભેદ પડી ગયો. માટે જેના ચરણકમળની સેવા કરવાથી દેવોને સુગમતાથી અમૃત મળ્યું અને જેનાથી વિમુખ રહેવાથી દૈત્યોને અમૃત મળ્યું નહિ તે શ્રીહરિની સેવા બધાએ કરવી જોઈએ. આ કથાના સારભૂત હવે ઉપયોગી શ્લોક કહે છે:—

यद्युज्यतेऽसुवसुकर्ममनोवचोभि—
देहात्मजादिषु नृभिस्तदसत्पृथक्त्वात् ।
तैरेव सद्भवति यत्क्रियतेऽपृथक्त्वा—
त्सर्वस्य तद् भवति मूलनिषेचनं यत् ॥ ८–૯–२९

અર્થ—માણુસો પોતાના પ્રાણ, ધન, કર્મ, મન અને વાણી વગેરેથી શરીર અને પુત્ર વગેરેને માટે જેજે કર્મ કરે છે તેમાં ભેદબુદ્ધિ રહી જતી હોવાથી તે વ્યર્થ થાય છે; પણ તે જ પ્રાણ વગેરેના યોગથી જે કાર્ય ઈશ્વરના ઉદ્દેશથી કરવામાં આવે તે અભેદ-

ભાવયુક્ત હોવાથી સફળ થાય છે. એ તો વૃક્ષના મૂળમાં જળસિંચન કરવાની માફક પુત્ર વગેરે બધાને તૃપ્તિ આપનાર થાય છે.

જ્યારે જીવ ભગવાનની સન્મુખ થાય છે ત્યારે તેનામાં શરણાગતિ ઉત્પન્ન થાય છે. પછી સાક્ષીભાવ આવે છે અને છેવટે અદ્વૈતભાવ પણ આવે છે. આઠમા સ્કંધમાં ત્રણ પ્રસંગે શરણાગતિની સારી કથા આવે છે:—ગજેન્દ્રમોક્ષમાં, દેવ અને અસુરના સમુદ્રમન્થનમાં અને હવે પછી બલિરાજાનું આત્મસમર્પણ આવશે તેમાં પણ શરણાગતિ સારી આવશે. શરણાગતિના છ પ્રકાર નીચે પ્રમાણે શાસ્ત્રમાં બતાવેલા છે:—

૧ ભક્તિને અનુકૂળ સંકલ્પ કરવા.
૨ ભક્તિને પ્રતિકૂળ સંકલ્પનો ત્યાગ કરવો.
૩ ભગવાન મારૂં રક્ષણ કરશે એવો વિશ્વાસ રાખવો.
૪ ભગવાનને પોતાના કરવા.
૫ ભગવાનને બધું સમર્પણ કરવું.
૬ કુટીલતા રાખવી નહિ.

આ પ્રમાણે ૬ પ્રકારની શરણાગતિ રાખવાથી ૩ ભૂમિકા પ્રાપ્ત થશે. પહેલી ભૂમિકામાં એમ લાગશે કે હું ભગવાનનો છું, બીજી ભૂમિકાએ એમ લાગશે કે ભગવાન મારા છે, છેલ્લી ભૂમિકાએ એમ લાગશે કે હું અને ભગવાન એક છીએ. કેટલાક માણસો કહે છે કે અમે અમારાં કર્મ ભગવાનને અર્પણ કરીએ છીએ છતાં થોડી વારમાં એમ કહે છે કે એ કામ મેં કર્યું"! આવી દશામાં અહંકાર રહી જાય છે અને શરણાગતિ પ્રાપ્ત થતી નથી. સંસારની આસક્તિ છોડીને સાક્ષીભાવ કેળવવો અથવા શરણભાવ કેળવવો એ બહુ અઘરૂં કામ છે. તેથી યજ્ઞ વખતે વારંવાર યજમાનને ગુરુ કહે છે કે ન મમ એટલે મારૂં નથી. પણ બહુ થોડા માણસો એનો ખરો અર્થ સમજે છે મમતા હોય ત્યારે કેવી દશા પ્રાપ્ત થાય છે તેનાં થોડાંક દૃષ્ટાન્ત નીચે આપેલાં છે:-

૧. કોઈ નાના બાળકનો કાન વિંધવો હોય તો તેની મા વિંધી શકતી નથી, પણ કહેવત છે કે પારકી મા કાન વિંધે. પોતાની માને મમતા હોય છે તેથી તેનો હાથ ધ્રૂજે છે તે સાક્ષી-ભાવથી કામ કરી શકતી નથી.

૨. દાક્તર બીજા દરદીની દવા શાંતિથી કરી શકે છે પણ તેના પોતાના ઘરમાં કોઈ માંદું પડયું હોય તો તે સાક્ષીભાવ રાખી શકતો નથી અને બીજા દાક્તરને બોલાવે છે.

૩. વકીલ ઘણા અસીલોના કેસ બરાબર ચલાવી શકે છે પણ તેને પોતાના ઘરનો કેસ ચલાવવો હોય તો બીજા વકીલની સલાહની જરૂર પડે છે.

૪. ઇજનેર બીજાનાં ઘર બરાબર બાંધી આપે છે પણ પોતાના ઘર માટે બીજાની સલાહ લે છે.

૫. મ્યુનીસીપાલીટીનો કારકુન ગામમાં થતાં જન્મમરણ, હર્ષ–શોક વગર નોંધે છે પણ પોતાના ઘરમાં જન્મમરણ થાય તો તેને હર્ષશોક થાય છે.

૬. સ્વપ્નમાં પણ માણસ આસક્તિથી વિષય જેવો બની જાય છે અને પોતાની ભૂલ જાણી શકતો નથી.

૭. જાગ્રતમાં પણ કર્મમાં આસક્તિવાળો માણસ અસુરના જેવો થાય છે.

આ પ્રમાણે આસક્તિથી માણસ પોતાની દશા સ્થિતપ્રજ્ઞ જેવી કરી શકતો નથી. જો બધાં કર્મ નિષ્કામભાવે થતાં હોય તો તે જીવને સમાધિ કરતાં વાર લાગે નહિ; પણ ઘણા માણસો સંસારમાં આસક્ત રહે છે અને જાણે કે ભગવાને જગતને છોડી દીધું હોય તેમ વર્તે છે. એક વખત એક માણસ સંસારથી નિરાશ થઇને બેઠો હતો, તેને એમ લાગ્યું કે ભગવાન જગતમાં હોય તેમ લાગતું નથી, પણ તેની સ્ત્રીને ભગવાન ઉપર શ્રદ્ધા હતી. તેની સ્ત્રી તે વખતે

કાળાં કપડાં પહેરીને તેની પાસે આવી. તેથી જ્યારે તેના પતિએ પૂછ્યું કે "આજે કાળાં કપડાં કેમ પહેર્યાં છે?" ત્યારે સ્ત્રીએ કહ્યું કે, "ભગવાન મરી ગયા!" પતિએ કહ્યું; "ભગવાન મરી ગયા? એ કેમ બને?" "સ્ત્રીએ પૂછ્યું કે "ત્યારે તમે શોકમાં શા માટે બેઠા છો?" એ જવાબ સાંભળી પતિનો શોક જતો રહ્યો અને તેનામાં હિંમત આવી. દેવોએ પણ હિંમતથી ભગવાનને આધારે સમુદ્રમંથન કર્યું અને પોતાનાં કર્મ ભગવાનને અર્પણ કરી રાહ જોઈ બેસવાથી તેમને અમૃત પ્રાપ્ત થયું. જે કર્મ ભગવાનને અર્પણ થઇ જાય છે તેમાં અદ્વૈતભાવ ભરાય છે અને તેથી જીવને સાચી ભક્તિ પ્રાપ્ત થાય છે.

અસુરો ભગવાનથી વિમુખ રહ્યા તેથી તેમને અમૃત મળ્યું નહિ (૮-૧૦-૧). દેવોને અમૃત પાયા પછી ભગવાન ત્યાંથી ચાલ્યા ગયા. પોતાના વિરોધીઓનો વિજય જોઇને અસુરો તે સહન કરી શક્યા નહિ અને તેઓએ પોતાનાં અસ્ત્ર-શસ્ત્ર લઇને દેવો ઉપર ચઢાઇ કરી. દેવો પણ પોતાનાં હથીઆરો લઇને સામા થયા. બંને બાજુવાળા એકબીજાને મારવા લાગ્યા. અને વાજાંઓના મહાન શબ્દ પણ શરૂ થયા, અસુરોના સેનાપતિ બલિ એક વિમાન ઉપર બેસીને યુદ્ધ કરતા હતા. તેના બીજા યૂથપતિઓ નમુચિ, શંબર, વિપ્રચિત્તિ, દ્વિમૂર્ધા, ભૂત સન્તાપ, અરિષ્ટ વગેરે પણ વિમાનમાં બેસી લડતા હતા.

આ બધો દેખાવ જોઇને દેવોના અધિપતિ ઈંદ્રને પણ ક્રોધ ચડયો. તેણે પણ અરાવત નામના દિગ્ગજ ઉપર ચડી, પોતાના ગણો સહિત લડાઇ શરૂ કરી. તે વખતે ઈંદ્રની સામે બલિ લડવા લાગ્યો. તારકાસુરની સામે કાર્તિકસ્વામી, ૧લનાભની સામે યમરાજ, ભયની સામે વિશ્વકર્મા, સવિતાની સાથે વિરોચન, રાહુની સામે ચંદ્રમા અને મહિષાસુરની સાથે અગ્નિદેવ લડવા લાગ્યા. તેમજ શુક્રાચાર્યની સાથે બૃહસ્પતિ લડવા લાગ્યા. એમ પરસ્પર લડવાને માટે ગોઠવાઈ ગયા અને દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા.

આ યુદ્ધનો આધ્યાત્મિક અર્થ કરીએ તો જ્યારે જીવ ભગવાનની સન્મુખ થાય છે ત્યારે તેને પણ આસુરી પ્રકૃતિ અનેક પ્રકારે નડે છે. જેઓ પશ્ચાત્તાપ પામ્યા વગર આવાં વિઘ્નો સહન કરે છે તેમને અંતે ભગવાન મદદ કરે છે. જ્યારે અંતર્મુખ વૃત્તિ થાય છે ને વખતે અસુરો ઘણા ભયંકર વિચાર આપી જીવને ગભરાવે છે. અંદરના મધુર અને દૈવી ભાવથી દૂર કરે છે અને ભયંકર દેખાવ આપે છે, એવા હેતુથી કે છેવટે આવી સાધનામાં દુઃખ માનીને જીવ તે સાધના છોડી દે. આવું દુઃખ સમતાથી સહન કરવું એ દૈવી પ્રકૃતિનું લક્ષણ છે. આ વખતે ભગવાનની સેવામાં પોતાને અર્પણ કરવાનો પ્રસંગ મળે છે. અપરોક્ષ અનુભવ તો મુશ્કેલીઓમાં જ થાય છે. તેથી ધીરજ રાખવી જોઇએ. મોહ કેમ જીતવો તે આ વખતે ખબર પડે છે. જો આપણે મોહને અનુમતિ ન આપીએ તો બમણો લાભ મળે છે. વાસના કે ખોટી આશા રાખ્યા સિવાય અંતર્મુખ થઇને રહેવું, તે વખત નકામો ગયો એમ માનવું નહિ. તે લાભનો વખત છે. ભગવાનને ઘણા શબ્દોની પ્રાર્થના જોઈતી નથી પણ હૃદયની શુદ્ધતા જોઇએ છે. તે વખતે જીવનો વિકાસ થાય છે ભાવના વિશાળ રાખવી જોઇએ.

રણભૂમિમાં (માયારૂપી) ધૂળ ઊડી અને બધી દિશાઓ અને સૂર્ય સહિત આકાશ ઘેરાઈ ગયું. રાજા બલિએ ઇંદ્રને દશ બાણ માર્યાં એટલે ઇંદ્રની (જીવની) દશે ઈંદ્રિયો વ્યાકુળ થઈ ગઇ. ઇંદ્રે તેની સામે ભલ્લ નામનું બાણ છોડયું. પછી બલિએ એક શક્તિ હાથમાં લઇને ફેંકી, તેને ઇંદ્રે ચક્રથી કાપી નાખી. એ પ્રમાણે બલિનાં બધાં હથીઆર ઇંદ્ર કાપી નાખ્યાં. પછી અસુરોએ અંતર્ધાન થઇને આસુરી માયા ફેલાવી, પછી મહાન અગ્નિ કાઢી તેઓ દેવસેનને ભસ્મ કરવા લાગ્યા. દેવોને આ માયાની સામે થવાનો કોઇ ઉપાય ન સૂઝ્યો ત્યારે ત્યાં ભગવાન પ્રગટ થયા.

ભગવાન માત્ર જીવની શરણાગતિ માગે છે. દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે, જ્યાંસુધી એક હાથથી તે પોતાનું શરીર ઢાંકતી હતી ત્યાંસુધી ભગવાને મદદ ન આપી પણ જ્યારે તેણે બંને હાથથી પ્રાર્થના કરી એટલે ભગવાને વસ્ત્રરૂપે અવતાર લીધો. જ્યારે જીવ મૌન રહે, જિજ્ઞાસુ રહે, શાંત રહે ત્યારે ભગવાનની મદદ તરત મળે છે. માટે છેવટ સુધી શ્રદ્ધા રાખવી જોઈએ. જ્યારે જીવને લાગે કે પોતાની શક્તિમાં કાંઈ સામર્થ્ય નથી ત્યારે ભગવાનનો અનુગ્રહ તરત મળે છે. જ્યારે જીવમાં અહંકાર આવે છે ત્યારે એ ભગવાન જેવું થઇ જાય છે. શરીરના ઉગ્ર તપ કરતાં ઈંદ્રિયોનો પ્રત્યાહાર કરી નમ્રતાથી અને શરણુભાવથી ૦ા કલાક શાંત પ્રાર્થના કરવી એ વધારે સારો રસ્તો છે. શાંત પ્રાર્થના અને ટૂંકી પ્રાર્થના કેવી હોય તે જાણવું હોય તો નીચે પ્રમાણે એક નમુનો છેઃ—

ૐ હે ઇશ્વર, હે અંતર્યામી, હે સર્વજ્ઞ, હે સર્વશક્તિમાન, હે ન્યાયકારી, હે નાથ! આપ મારા છો અને હું આપનો છું, હું આપને શરણ છું અને મારા કર્માનુસાર આપની પ્રેરણાથી રાતદિવસ કાયિક, વાચિક અને માનસિક જેજે કર્મ કરૂં તે આપને સમર્પણ કરૂં છું, આપ મારી બુદ્ધિને શુદ્ધ કરો, આપના સ્વરૂપ વિષે જોડો અને આ જન્મમરણરૂપ સંસારદુઃખથી પાર કરી આપના પરમાનંદસ્વરૂપની પ્રાપ્તિ કરાવો. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

આ પ્રાર્થના સવારે બિછાનામાંથી ઊઠયા પહેલાં અને રાત્રે બિછાનામાં સૂતા પહેલાં કરવી જોઈએ. આવી પ્રાર્થનાથી જીવન પવિત્ર થાય છે. મ્હોટી જાત્રાએ જવા કરતાં કલાક પણ શાન્તિથી અને ભક્તિથી ભગવાનની પ્રાર્થના થાય તે ભગવાનને વધારે પસંદ છે. ભગવાને દેવસેનામાં પ્રવેશ કર્યો કે તરત દૈત્યોએ ફૂટ કર્મથી પ્રગટ કરેલી બધી માયા જેમ જાગ્યા પછી સ્વપ્નનો નાશ થાય છે

તેમ તેમના તેજથી નષ્ટ થઇ ગઇ, સાચી વાત એ છે કે ભગવાનનું સ્મરણ બધી વિપત્તિઓથી મુક્તિ આપે છે. (૮–૧૦–૫૫)

પછી કાલનેમિ દૈત્યે ભગવાનના ઉપર પ્રહાર કર્યો પણ ભગવાને તેને પકડી લીધો અને મારી નાખ્યો. ઈંદ્રે બલિનો તિરસ્કાર કરતાં કહ્યું કે તું તુચ્છ માયાથી માયાપતિને જીતવાની ઇચ્છા રાખે છે પણ જે માણસ માયાનો આશ્રય લઈને સ્વર્ગ ઉપર ચડવાની ઇચ્છા કરે છે અને મોક્ષની ઈચ્છા કરે છે તેને હું નીચે પછાડી દઉં છું. (આ શબ્દો એમ જતાવે છે કે માયાદ્વારા મોક્ષ મળશે નહિ.)

બલિએ ઇંદ્રનાં વચન ગણકાર્યાં નહિ અને ઇંદ્રને વિંધી નાખ્યો.

પછી ઇંદ્રે પોતાનું અમોઘ વજ્ર છોડી બલિને તેના વાહન સહિત પાડી નાખ્યો. હવે બીજા અસુરોએ ઇંદ્રને ઘેરી લીધો એટલે દેવો ઇંદ્રને જોઇને ગભરાવા લાગ્યા. એટલામાં ઇંદ્ર ઘેરામાંથી બહાર નીકળ્યા અને ફરી યુદ્ધ શરૂ થયું. ઈંદ્રે પોતાના વજ્રથી નમુચિનું ગળું કાપવા માંડયું પણ કપાયું નહિ. તેથી ઇંદ્ર ગભરાયા. એટલામાં આકાશ-વાણી થઇ કે, હે ઇંદ્ર! આ નમુચિને વરદાન છે તેથી તે કોઇ સૂકી કે લીલી વસ્તુથી મરશે નહિ તેથી ઇંદ્રે સમુદ્રના ફીણથી નમુચિનું માથું કાપી નાખ્યું. (આહીં દ્વંદ્વ રહિત સ્થિતિ સમજવાની છે. એવી દશા ઉત્પન્ન થાય તો અસુર મરે. જ્યાંસુધી ગુણદોષની બુદ્ધિ રહી જાય છે ત્યાંસુધી અસુરનું જોર પણ રહે છે.)

ઇંદ્રના આ છેલ્લા પરાક્રમથી બધા દેવો ખુશી થયા. પછી નારદજીએ આવીને દેવોને સમજાવીને યુદ્ધ બંધ કરાવ્યું. નારદજી એ સાક્ષીનું સ્વરૂપ છે. જ્યારે જીવને સાક્ષીનું ભાન થાય છે ત્યારે પ્રકૃ-તિનું યુદ્ધ સમાપ્ત થાય છે. દેવો સ્વર્ગમાં ગયા અને જે દૈત્યો મરી ગયા હતા તેમને શુક્રાચાર્યે પોતાની સંજીવની વિદ્યાથી જીવતા કર્યા.

રાજા બલિ કે જે યુદ્ધમાં થાકી ગયો હતો તેનામાં પણ શુક્રા-

ચાર્યના સ્પર્શથી નવી શક્તિ આવી. શુક્ર એ માણસનું વીર્ય છે. તે આસુરી વૃત્તિને જાગ્રત કરે છે.

યોગવાસિષ્ઠમાં પણ શુક્રાચાર્યના ઘણા જન્મની વાત આવે છે. વીર્ય કેટલી વૃત્તિઓ ઉત્પન્ન કરે છે તેનો અનુભવ સંસારી માણસોને ઠીક હોય છે.

ઘણા માણસોને ઇંદ્રિયોના વિષયોનાં સુખ જોઈએ છે, તેથી તેઓ આસુરી માયાની સત્તા નીચે આવે છે. એવો સમય હાલમાં પૃથ્વી ઉપર આવેલ છે. સામાજિક ધર્મ એવો છે કે જેમાં માણસ માણસના દષ્ટિબિંદુથી ઉપર જઈ શકતાં નથી. કોઈ ઉપર જાય તો પણ સામાજિક સંસ્કાર તેને પાછો માણસના દૃષ્ટિબિંદુમાં લાવી મૂકે છે. આત્મસાક્ષાત્કારના માર્ગમાં પાછળના જુના સંસ્કાર ભૂલવામાં ઘણી મુશ્કેલી બધા સાધકને નડે છે, તેથી સમુદ્રમંથન કરવું પડે છે.

કોઈપણ રીતે બધી હદમાંથી છૂટીને અદ્વૈતમાં નિષ્ઠા કરવી એ પરમ પુરુષાર્થ છે. વ્યાક્તના અભિમાનમાંથી છૂટીને સામાજિક અભિ-માનમાં આવવાથી પણ હદ બંધાય છે.

ધર્મનું કામ માણસને ઉત્તમ કોટિના જીવનમાં લઈ જવાનું છે. તેથી ધર્મ માટે ઉત્તમ મતિની જરૂર પડે છે. સમાજનું કામ બહુ-મતિથી ચાલે છે પણ ઠીક ચાલતું નથી. બહુમતિ એ માયા છે.

એક ભગવાનના પ્રગટ થવાથી (ઉપર કહ્યું તેમ) સ્વપ્નની માફક અસુરોની માયાનો પરાભવ થયો, તેમ બહુમતિ કરતાં એક ઉત્તમ મતિની ઘણી કિંમત છે. ઉત્તમ મતિ પ્રાપ્ત કરવા માટે અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે. અભ્યાસ એટલે ભગવાનની સન્મુખ થવું અને વૈરાગ્ય એટલે વિષયોથી વિમુખ થવું. આપણા જીવનની ફરજો એટલી બધી વધવી ન જોઈએ કે મોક્ષના સાધન માટે વખત જ ન રહે.

ઈશ્વર એક છે પણ ધર્મનાં સાધન અનેક છે અને અનેક સાધન જરૂરનાં પણ છે. છતાં સાધનને ફળ માની બેસીએ તો જીવની

પ્રગતિ અટકી જાય. જેઓને આગળ વધવું હોય તેમણે પોતાના કરતાં વધારે જ્ઞાની અને સારા ચારિત્ર્યવાળા માણસો હોય તેમનો સંગ કરવો જોઈએ હાલમાં ઘણા માણસો એમ માને છે કે તેમને સ્ત્રી, પુત્ર, ધન, કીર્તિ વગેરે મળ્યાં એટલે તે ભાગ્યશાળી થયા, પણ જ્યાંસુધી માથે મરણની બીક છે ત્યાંસુધી ભાગ્યશાળી શાના? દરેકને દરેક જાતની સ્વતંત્રતા જોઇએ છે પણ આત્માની સ્વતંત્રતા, ઇંદ્રિયો ઉપર સંયમ રાખ્યા વગર મળતી નથી, અને સંયમ માટે સમુદ્રમંથન કરવું પડે છે. ડાહ્યો માણસ ભગવાનનાં વચન માને છે અને શાસ્ત્ર પ્રમાણે ચાલે છે. દેવો પણ એવી રીતે વર્ત્યા તેથી તેમની જીત થઇ.

પ્રકરણ ૧૮

મોહિનીરૂપી માયા અને મન્વન્તરોનું વર્ણન

સાતમા સ્કંધમાં પ્રહ્લાદજીએ નૃસિંહ ભગવાનની સ્તુતિ કરતાં કહેલું હતું કે "હું આપના ઉગ્ર રૂપથી બીતો નથી પણ સંસારના વિષયોથી બીઉં છું, માટે તેમાંથી મને બચાવો." એ વિષયોમાં મુખ્ય વિષય સ્ત્રીરૂપી માયા છે. તેનું જોર કેવું છે તેનું વર્ણન હવે પછીની કથામાં આવે છે.

ભગવાનના બધા અવતારોમાં મોહિની અવતાર એ પણ એક અવતાર મનાય છે. તેને ગુણાવતાર કહે છે. (૮-૧૨-૧૨). એટલે ભગવાન જ્યારે ગુણોના આધારે ક્રીડા કરે ત્યારે ગુણાવતાર જોવામાં આવે છે. ચતુઃશ્લોકી ભાગવત કે જે ભગવાને બ્રહ્મજીને કહેલ છે તેમાં અવતારની વાત નથી. જેમ સો ટચના સોનામાંથી ઘાટ થતો નથી તેમ શુદ્ધ બ્રહ્મમાંથી ઘાટ થાય નહિ. ઘાટ માટે જેમ સોનામાં બીજું મિશ્રણ જોઈએ તેમ અવતાર માટે બ્રહ્મને માયાની જરૂર પડે

છે. જીવ પણ જ્યારે હું અને મારૂં કરે ત્યારે તેનો વ્યવહાર ચાલે છે. જો જીવમાંથી હું અને મારું નીકળી જાય તો જીવ બ્રહ્મરૂપ થઈ જાય, પણ એ કાઢવું ઘણું અઘરૂં છે. ખરી રીતે જેઓ ભગવાનથી વિમુખ છે તેમને તો માયા ગમે છે. તેથી અસુરો મોહિનીને જોઈને મુગ્ધ થઈ ગયા હતા.

ભગવાનને અવતાર લેવો હોય ત્યારે શુદ્ધ સત્ત્વગુણનો આશ્રય લે છે. એ દશામાં રજોગુણ અને તમોગુણ એ બંને સત્ત્વગુણને તાબે રહે છે. જીવમાં મલિન સત્ત્વગુણ હોય છે તેથી જીવ રજોગુણ અને તમોગુણને વશ થઈને રહે છે. તેથી જીવને કર્મથી જન્મ આવે છે અને ભગવાન થોડી માયાના અંશનો સ્વીકાર કરીને પોતાની ઈચ્છાથી અવતાર લે છે.

પણ જો શુદ્ધ બ્રહ્મમાં માયા નથી તો માયા આવી ક્યાંથી? એ પ્રશ્નના ખુલાસા માટે કાળ ક્યાંથી આવ્યો એ જાણવું જોઈએ અને કાળ જ્યાં પરિચ્છિન્ન દેશ હોય ત્યાં ઉત્પન્ન થાય છે. ભગવાનમાં પરિચ્છિન્નપણું નથી તેથી કાળ પણ નથી, તો પછી દેશ–કાળ ક્યાંથી આવ્યા? એ બાબત હાલના સાપેક્ષવાદના સાયન્સવાળા ઠીક ખુલાસો આપી શકે છે. તે બાબતમાં કેટલીક હકીકત પાછલાં પ્રકરણોમાં આપેલી છે અને આ લેખમાં મન્વન્તરના વર્ણનમાં છેવટના ભાગમાં આપેલી છે ×

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે "જ્યારે શ્રી મહાદેવજીએ સાંભળ્યું કે શ્રીહરિએ સ્ત્રીવેષથી દૈત્યોને મોહ પમાડી દેવોને અમૃત પાયું ત્યારે તેમનું તે રૂપ જોવાને માટે બધા ભૂતગણોને સાથે લઈ પાર્વતીજી સહિત તે ભગવાન પાસે આવ્યા. ભગવાને મહાદેવજીનો સત્કાર કર્યો. પછી મહાદેવજીએ કહ્યું કે:—

× જેઓને આ બાબત વિસ્તારથી સમજવી હોય તેમણે અમારૂં પુસ્તક "દેશ અને કાળ" વાંચવું.

देवदेव जगद्व्यापि जगदीश जगन्मय ।
सर्वेषामपि भावानां त्वमात्मा हेतुरीश्वरः ॥ (૮-૧૨-૪)

અર્થ—હે દેવાધિદેવ, હે જગતવ્યાપી, હે જગદીશ, હે જગન્મય ! આપ બધા ભાવોના આત્મા છો, હેતુ અને ઇશ્વર છો.

आद्यन्तावस्य यन्मध्यमिदमन्यदहं बहिः ।
यतोऽव्ययस्य नैतानि तत्सत्यं ब्रह्मचिद्भवान् ॥ (૮-૧૨-૫)

અર્થ—જે આ જગતના આદિ મધ્ય અને અન્તમાં છે પરંતુ જે અવિનાશીને કોઈ આદિ, મધ્ય કે અંત નથી અને જેમાં ઇદં એટલે દૃશ્ય નથી અને અહંમ્ એટલે દ્રષ્ટા નથી તેમ જ બીજો અંદર ભોક્તા નથી અને (જેની બહાર) ભોગ્ય નથી, તે સત્ય અને ચેતનરૂપ બ્રહ્મ આપ જ છો. વળી કહે છે કે આપ નિરપેક્ષ હોવા છતાં જીવોની અપેક્ષાથી તેમને શુભ-અશુભ કર્મનાં ફળ પણ આપો છો. જેમ સોનું કુંડલરૂપે પરિણામ પામે છે છતાં સુવર્ણ જ રહે છે, તેમ એકમાત્ર આપ દ્વૈતરૂપ કાર્યવર્ગ અને અદ્વૈતરૂપ કારણ છો તેમાં કાંઈ ભેદ નથી. લોકોએ અજ્ઞાનથી આપનામાં વિકલ્પ માની લીધા છે. આપ ઉપાધિ વગરના છો, તેમાં માયાના ગુણોથી ભેદ પ્રતીત થાય છે, સ્વતઃ ભેદ નથી (૧૮-૧૨-૮). હે ઈશ ! સત્ત્વગુણથી ઉત્પન્ન થયેલ હું, બ્રહ્માજી તથા મરીચિ વગેરે મુનિગણ પણ આપના રચેલ સંસારને જાણી શકતા નથી તો આપની માયાથી મોહિત થયેલ રાજસ-તામસ પ્રકૃતિવાળા દૈત્ય અને મનુષ્ય વગેરે કેવી રીતે જાણી શકે? (૮-૧૨-૧૦)

અહીં મહાદેવજી પોતાને અને બીજા દેવોને સત્ત્વગુણમાં મૂકે છે એટલે કાર્યબ્રહ્મમાં મૂકે છે. કાર્ય કારણની પછી ઉત્પન્ન થાય છે. તેથી કાર્ય કારણને જાણી શકે નહિ. બધા અજ્ઞાની માણસો કાર્યમાં રહે છે તેથી કારણને જાણી શકતા નથી. મહાદેવજી કહે છે કે “હે પ્રભો ! આપ સર્વાત્મક જ્ઞાનસ્વરૂપ હોવાથી જેમ વાયુ આકા-

શમાં વ્યાપ્ત રહે છે તેમ સંપૂર્ણ જગતમાં વ્યાપ્ત રહીને તેની ચેષ્ટા, સ્થિતિ, જન્મ, નાશ, પ્રાણીઓનાં કર્મ અને સંસારનાં બંધન અને મોક્ષ બધું જાણો છો.

अवतारा मया दृष्टा रममाणस्य ते गुणैः ।
सोऽहं तद् द्रष्टुमिच्छामि यत्ते योषिद्वपुर्धृतम् ॥ ८-१२-१२

અર્થ—ગુણોના આશ્રયથી ક્રીડા કરતા આપે જેજે અવતાર લીધા છે તે બધા મેં જોયા છે; પણ આપે જે સ્ત્રીરૂપ ધારણ કર્યું, તે હું જોવા ઇચ્છું છું. જે રૂપથી આપે દૈત્યોને મોહિત કરી દેવોને અમૃત પાયું તે જોવાની મારી ઉત્કંઠા છે અને તે જોવાની ઇચ્છાથી અમે આંહી આવ્યા છીએ.

ભગવાને કહ્યું, "જ્યારે અમૃતનું પાત્ર દૈત્યોના હાથમાં ચાલ્યું ગયું ત્યારે દેવોનું કામ કરવાની ખાતર મેં દૈત્યોને કુતુહલમાં નાખવા માટે સ્ત્રીનું રૂપ ધારણ કર્યું હતું.

तत्तेऽहं दर्शयिष्यामि दिदृक्षोः सुरसत्तम ।
कामिनां बहुमन्तव्यं सङ्कल्पप्रभवोदयम् ॥ (८-१२-१५)

અર્થ—આપને એ રૂપ જોવું છે, તેથી કામી પુરુષો જેને બહુ માનનીય માને છે અને જે રૂપથી કામ-ઉદ્દીપન થાય છે તે રૂપ હું આપને બતાવીશ.

આંહી માત્ર સ્ત્રીના રૂપની વાત લાગતી નથી; કારણ કે શંકરની સાથે પાર્વતી પણ હતાં અને શંકરે સ્ત્રીનાં દર્શન તો કર્યાં હતાં પણ તે કાર્યરૂપ સ્ત્રી હતી. સ્ત્રીના રૂપનું કારણ જાણ્યું હોય તો જ મોહનું સ્વરૂપ સમજાય અને મોહિનીનું સ્વરૂપ સમજાય. કૂતરી, ગધેડી, બકરી અને સ્ત્રી ચારે ભગવાનની દષ્ટિમાં સ્ત્રી છે છતાં કૂતરાને માત્ર કૂતરી ઉપર મોહ થાય છે, ગધેડાને ગધેડી ઉપર જ મોહ થાય છે. કૂતરી કે ગધેડીમાં કેવું સૌંદર્ય રહેલું હશે તે તો માત્ર કૂતરાને કે ગધેડાનેજ ખબર પડી શકે છે. માણસની

દૃષ્ટિથી તેમનો મોહ અને કામ માપી શકાય તેવું નથી. કૂતરીમાંથી જન્મેલ કૂતરો પણ મોટો થઇને માની સાથે સંબંધ બાંધવા લાગે છે. એ મોહ કેવા પ્રકારનો હશે તે શંકર પણ સમજી શકતા નથી. મોહ સમજવામાં જેમ રૂપલાલા સમજવાની જરૂર છે તેમ જેને મોહ થાય છે તે પુરુષની વૃત્તિનું સ્વરૂપ પણ સમજવાની જરૂર છે. ગુજરાતના પ્રખ્યાત કવિ દયારામભાઇ પોતાના કાવ્યમાં એક ગોપીના મુખમાં વચન મુકે છે કેઃ—

હું શું જાણું કે વ્હાલે મુજમાં શું દીઠું;
વારી વારી જુએ અને મુખ લાગે મીઠું !

પુરુષને સ્ત્રી કેવી લાગે છે તે સ્ત્રી પુરુષ થયા વગર શી રીતે જાણી શકે? સ્ત્રીને પુરુષ કેવો લાગે છે તે પુરુષ સ્ત્રી થયા વગર શી રીતે જાણી શકે?

કૂતરાને કૂતરી કેવી લાગે છે તે કૂતરો થયા વગર માણસ શી રીતે જાણી શકે? તેથી ભોગ્ય સમજવા માટે ભોક્તાને સમજવાની પણ જરૂર છે. કલાપી કહે છે કે:—

કળા ભોગ્ય છે મીઠી પણ ભોક્તા વિણ કલા નહિ;
કળાવાન કળા સાથે ભોક્તા વિણ મળે નહિ.

તેથી કળા કરતાં ભોક્તાને સમજવાની વધારે જરૂર છે. માણસનું શરીર ૫ કોશનું બનેલું છે. તેમાં અન્નમય કોશથી સ્ત્રીને જુએ તો કૂતરા જેવાને માણસની સુંદર સ્ત્રી પણ એક કરડવા લાયક પ્રાણી લાગે છે, કામી માણસો તેને પ્રાણમય કોશમાંથી જુએ તો તેમને કામ ચડે છે, કળાકારો મનોમય કોશમાંથી સ્ત્રીને જુએ તો તેમને તેમાં નવી કળા દેખાય છે. વિજ્ઞાનમય કોશવાળાને તેમાં પોતાનો આત્મા દેખાય છે, આનંદમય કોશવાળા માત્ર સ્ત્રીને જુદી રીતે યાદ કરે છે અને જે ગુણાતીત દશામાં રહે છે તેઓને સ્ત્રી સ્ત્રીરૂપે દેખાતી નથી. શુકદેવજી જેવા પરમહંસની દૃષ્ટિમાં સ્ત્રી એ સ્ત્રીરૂપે

નહોતી દેખાતી પણ બ્રહ્મરૂપે દેખાતી હતી, તેથી સ્ત્રીઓએ કપડાં પણ પહેર્યાં નહોતાં. જેઓએ એવી પરમહંસની દશા પ્રાપ્ત કરી ન હોય પણ જેઓ સાધારણ સંન્યાસીની દશામાં હોય તેઓમાંથી કેટલાક સ્ત્રીના સામું જોઇને ઉપદેશ આપી શકતા નથી, જ્યાં સ્ત્રી દેખાય ત્યાંથી તેઓ દૂર રહે છે. કેટલાક સ્ત્રીને ચામડી વગરની જોવાની ટેવ પાડે છે. આ મોહરૂપી મોહિની ઘણાને ગભરાવે છે, તેનું કારણ એ છે કે ભોકતા કયા દૃષ્ટિબિંદુથી જુએ છે એટલે તે કયું scale of observation વાપરે છે, તે ઉપર બધો આધાર છે. હાલનું સાયન્સ પણ દ્રષ્ટિના માપ ઉપર બધું જગત મૂકે છે. ભગવાન પણ કહે છે કે कामिनां बहुमन्तव्यं એટલે કામી પુરુષોને જે રૂપ અત્યંત માનનીય છે અને કામ-ઉદ્દીપન કરવાવાળું છે તે બતાવીશ.

એમ કહી ભગવાન ત્યાં અંતર્ધાન થઇ ગયા. તે વખતે શંકર બધી તરફ દૃષ્ટિ કરીને જોવા લાગ્યા. એટલામાં રંગબેરંગી પુષ્પો અને નવપલ્લવિત વૃક્ષોથી સુશોભિત ઉપવનમાં એટલે બગીચામાં તેમણે એક સુંદરી દીઠી. તે દડાથી રમતી હતી, તેની કેડે કંદોરો હતો. દડાની રમતથી તેના સ્તન અને મનોહર માળાના ભારથી તેની પાતળી કમર તૂટી જતી હોય તેવું દેખાતું હતું અને તે પોતાનાં ચરણો આંહીતહીં ફેરવતી હતી. તે પોતાની ખસી જતી સાડીને અને વેણીને એક હાથથી ઠીક કરતી હતી અને બીજા હાથથી દડો ઉછાળતી હતી તેથી પોતાની માયાથી સંપૂર્ણ જગતને મોહિત કરતી હતી.

ટુંકામાં તેની રમતથી તેના શરીરના ઊંચાનીચા ભાગો જોનારને મોહ પમાડતા હતા. તેને જોઈને મહાદેવજી મોહિત થઈ ગયા. તેમને એકીટશે નિહાળવાથી તેમનું મન ચંચળ થઈ ગયું. તેને પોતાની પાસે રહેલ પાર્વતીજીનું અને ગણોનું પણ ભાન રહ્યું નહિ.

આવી દશા ઘણા કામી માણસોની થાય છે, અને પછી જ્યારે તેઓ પસ્તાય છે ત્યારે સ્ત્રીઓ તરફ તિરસ્કાર રાખે છે. કામ એવી

વસ્તુ છે કે પરણેલા પસ્તાય છે અને ન પરણેલા પણ પસ્તાય છે. શાસ્ત્રકારોએ સ્ત્રીને ખરાબ કહેલ નથી પણ વિષયસુખને ખોટું સુખ કહેલ છે અને તેની કિંમત બહુ ઓછી આંકે છે. જીવન એ એક કળા છે અને કળાનો મહિમા ઘણો મોટો છે. કેટલીક વાર ખોટી કળા આપણા જીવનમાં ઊંચી ભાવના ખડી કરી શકે છે. ભક્ત-ચરિત્રોનાં નાટકો, સીનેમા ખોટાં હોય છે તો પણ ભક્તિ ઉત્પન્ન કરે છે અને નાચની કળા જોવામાં સાવધાન ન રહેવાય તો આપણામાં હલકી વૃત્તિ જાગ્રત કરે છે. તેથી કેવી કળાથી કેવા પ્રકારની લાગણી ઉત્પન્ન થાય છે તે તરફ ખાસ ધ્યાન રાખવું જોઇએ. જે વસ્તુ સારી હોય તે ગમે છે એવો નિયમ નથી, પણ જે ગમે છે તે સારી લાગે છે, તેથી આપણને જે વસ્તુ ગમે તે નિત્ય રહે તેવી હોય તો ખરૂં સુખ મળે છે. માણસોએ ગયા જન્મોમાં માત્ર સ્ત્રી સાથે જ એકતા કરેલી હોવાથી આ જન્મમાં તેમાં જ સૌંદર્ય અને કળા દેખાય છે, પણ તે ભૂલ છે. સારી કળા માણસનો આત્મા જાગ્રત કરે છે. ઉપર કહ્યું તેમ ખરા ભોક્તા વગર કળાની ખરી કિંમત અનુભવવામાં આવતી નથી. સામાન્ય જીવ ભોક્તા થવાને બદલે ભોગ્ય બની જાય છે અને કામ અને ક્રોધ તેના ભોક્તા થાય છે.

મહાદેવજી કાર્યબ્રહ્મમાં (આ વખતે) હોવાથી કામના ભોગ્ય બની ગયા. તે મોહિનીની દડાની રમતથી અને તેના નેત્રકટાક્ષથી મોહિત થઇ ગયા. એક વાર રમણીની પાસેથી દડો બહુ દૂર જતો રહ્યો તેથી શ્રી મહાદેવજીના દેખતાં દડો લેવા માટે તે સ્ત્રી દોડી. તે વખતે તેની સાડી કેડ આગળથી ખસી ગઇ અને તે વખતનું તેનું રૂપ એકટશે જોતાં મહાદેવજીનું મન તેમાં ફસી ગયું, તેમનો વિવેક જતો રહ્યો અને તે મોહિનીની ચેષ્ટાથી કામાતુર થઈને પાર્વતીજીના દેખતાં શરમ છોડી મોહિનીની પછવાડે ગયા. મહાદેવજીને આવતા જોઈ, વસ્ત્ર વગરની તે સ્ત્રી લજ્જિત થઈ, તેથી હસતી હસતી

વૃક્ષોમાં છુપાઈ ગઈ; પણ શંકરની ઇંદ્રિયો તેની તરફ આકર્ષિત થવાને કારણે જેમ હાથી હાથણીની પછવાડે દોડે તેમ શંકર વેગથી તેના તરફ દોડયા, તેના કેશ પકડી લીધા અને તે અબળાની ઈચ્છા ન હોવા છતાં બંને હાથથી તેને અલિંગન આપ્યું.

જે પશુપતિ છે તેની આવી દશા થાય તો સાધારણ માણસો કે જે હંમેશાં સીનેમામાં અનેક જાતના મોહક દેખાવ જુએ છે અને જે નિશાળોમાં છોકરાં છોકરી સાથે ભણતાં હોય છે તેમની કેવી દશા થતી હશે. ખરો ભોક્તા કળામાં પોતાના આત્માને જોઇ શકે છે અને ખોટો ભોકતા કળા પાસે દીન બની જાય છે. કળામાં પોતાના આત્માને જોવો એ સારા ભોક્તાનું મુખ્ય લક્ષણ છે. એવો પ્રસંગ રાસલીલામાં (દશમ સ્કંધમાં) આવે છે. Asthetic pleasure arises from the spirit's consciousness of discovering itself in the sensible એટલે જ્યારે આપણો આત્મા બહારની વસ્તુઓમાં, બીજાનાં શરીરોમાં દેખાય છે ત્યારે આપણને ખરૂં સુખ અને સૌંદર્ય મળે છે. બાળકોને માની અંદર, મિત્રને મિત્રની અંદર, વેપારીને ગ્રાહકની અંદર, સ્ત્રીને પુરુષની અંદર અને પુરુષને સ્ત્રીની અંદર કેટલેક અંશે આત્માનો અનુભવ થાય છે અને તે વખતે અંદર-બહારનું (એટલે બીજાનું) ભાન હેતું નથી. તેથી ઘણા માણસોને કુટુંબનું સુખ બહુ ગમે છે, પણ ત્યાં માત્ર પ્રેમની શરૂઆત છે અને પ્રેમની ભૂલવણી છે. શ્રીમદ્ભાગવત તો સાત દિવસમાં મોક્ષ આપે તેવી અદ્ભુત કથા છે તેથી માણસના જીવનની ભૂલો બહુ સ્પષ્ટ રૂપમાં બતાવેલ છે અને સંસારના સુખમાં પરમ વૈરાગ્યની જરૂર પણ બતાવેલ છે.

ખરી કળામાં મુખ્ય ત્રણ લક્ષણો રહેલાં હોય છે. Harmony, wholeness and happiness એટલે એકસુરતા, અખંડપણું અને સુખ. એ ત્રણેના અનુભવ માટે ભોકતામાં પણ એ ત્રણ ગુણ

હોવા જોઇએ. જ્યારે ભોક્તામાં એ ત્રણ ગુણ ન હોય ત્યારે તે બહારનું બધું જગત પોતાનું કરી શકતો નથી. પરણ્યા પછી થોડાક માણસો પોતાના લાગે છે. કુટુંબની અને કોમની સેવા કરવાથી વધારે માણસો આપણા મિત્ર બને છે, દેશસેવાથી તેથી વધારે અને માણસજાતની સેવા કરવાથી ઘણું જગત આપણું સગું થાય છે. છતાં સર્પની અને વાઘની બીક રહે છે. તે આપણા વિરોધમાં રહે છે તેથી જ્યારે બધાને આપણા આત્મારૂપે માનતાં શીખીએ અને તે પ્રમાણે વર્તીએ ત્યારે જ આપણા વિરોધમાં કોઇ રહેતું નથી. એ ખરી કળા છે. એ પ્રાપ્ત કરવા માટે ખરી વિદ્યા પ્રાપ્ત કરવી જોઈએ. કળા ઈન્દ્રિયોને બહેકાવવા માટે વાપરવાની નથી પણ આત્માના ઉત્કર્ષ માટે વાપરવાની છે. સારી રીતે જીવનાર માણસને આપણે જીવનનો કળાધર કહીએ છીએ.

ભગવાન શંકરે મોહિનીને આલિંગન આપ્યું ત્યારે મોહિની પોતાને છોડાવવાની ચેષ્ટા કરવા લાગી અને તેના વાળ વિખરાઇ ગયા. અન્તમાં મહાદેવજીના હાથમાંથી છૂટી ભગવાનની રચેલી સ્થૂલ નિતંબોવાળી માયા ત્યાંથી ભાગી. (૮–૧૨–૩૦)

આંહી મોહિનીને સ્થૂલ નિતંબોવાળી અને માયારૂપ કહેલ છે. જેના નિતંબ સ્થૂલ હોય તેના ગર્ભમાં બાળક સારાં થાય છે, કારણ કે તેમને જોઇએ તેટલી જગ્યા મળે છે. સ્ત્રીઓના સૌંદર્યમાં નિતંબની સ્થૂલતાની ગણત્રી કરવામાં આવેલ છે. વળી મોહિનીને માયા રૂપે વર્ણવી છે. એ માયા ઘણા પ્રકારની છે અને ઘણા માણસો તેમાં મોહ પામી અટકી ગયા છે. તે શંકરના હાથમાંથી છટકી ગઇ અને બીજા કોઇના હાથમાં આવતી નથી, તેથી શંકરના મંદિરોમાં માયાને બાણથી છેટે રાખવામાં આવે છે. જેઓ પ્રેમને સમજ્યા વગર સંસારમાં પડે છે અથવા પ્રેમને સમજ્યા વગર સંસારથી બીને સંસારનો ત્યાગ કરે છે તે બંને પ્રકારના માણસો પ્રેમથી હારી જાય છે. પ્રાચીન

કાળમાં બ્રહ્મચર્ય અવસ્થામાં જ આત્મજ્ઞાન આપવામાં આવતું હતું, શંકરના મંદિરમાં પણ બારણા આગળ હનુમાનજીની મૂર્તિ અને ગણપતિની મૂર્તિ રાખવામાં આવે છે. તેનો અર્થ એ છે કે જો હનુમાનજી જેવા બ્રહ્મચારી થશો તો તમારા સંસારનાં વિઘ્નો ગણપતિ દૂર કરશે. પણ એ કેટલું અઘરૂં કામ છે તે બતાવવા માટે હવે ભાગવતમાં કહે છે કે કામથી પીડાતા ભગવાન શંકર અદ્ભુત કર્તા શ્રી હરિની પાછળ દોડયા. તે વખતે મહાદેવજીનું અમોઘ વીર્ય સ્ખલિત થઇ ગયું અને તે જ્યાંજ્યાં પડયું ત્યાંત્યાં સોનાની અને ચાંદીની ખાણો થઇ. પછી નદી, સરોવર, પર્વત અને ઉપવન તથા જ્યાં જ્યાં ઋષિ લોક રહેતા હતા તે બધાં સ્થળોમાં ભગવાન શંકર મોહિની ભગવાનની પાછળ ગયા. શંકર જ્ઞાનરૂપ છે અને હરિએ મોહનું સ્વરૂપ ધારણ કર્યું છે. આપણા જ્ઞાનને ઠીક ન રાખીએ તો બધી જગ્યાએ તે આપણને મોહમાં નાખે છે. કોઇ વસ્તુમાં ખાસ સૌંદર્ય નથી પણ તેને આપણે કેવું સૌંદર્ય આપીએ છીએ તેના ઉપર બધો આધાર છે. તેથી કળા દર્શનમાં છે એટલે દૃષ્ટિમાં છે. સ્ત્રીનું સૌંદર્ય સ્ત્રીમાં નથી પણ જોનારની દૃષ્ટિમાં છે. સ્ત્રીને કયાં ખબર છે કે જે પુરુષ તેને જુએ છે તેની ભાવનામાં તે કેવી છે? બાળકને કયાં ખબર છે કે તેની માને તે કેવો લાગે છે? આશકના પ્રેમમાં જે સૌંદર્ય છે તે કંઈ માશુકના ચહેરા ઉપર છે? સંસારનું સૌંદર્ય માત્ર ચામડીનું છે. તેને surface Consciousness કહે છે. તેમાં રૂપ દેખાય છે પણ ગુણ દેખાતા નથી. તેથી સામાન્ય પ્રકૃતિના ક્ષેત્રમાં પૂર્ણતા મળતી નથી. જેઓ દેહવિલાસને મુખ્ય ગણે છે તેઓ આત્માના સૌંદર્યની હિંસા કરે છે. સંસારના પ્રેમમાં પ્રેમ પૂરો થતો નથી. કારણ કે એક અજ્ઞાનીનો બીજા અજ્ઞાની સાથે સંબંધ થાય છે. એક વખત એક ૪૫ વર્ષની ઉંમરના કુંવારા અંગ્રેજને અમે પૂછ્યું કે તમે કેમ પરણતા નથી? તેણે જવાબ આપ્યો કે "હું પોતે જ મુરખ જેવો છું અને હું પરણું

તો મારા ઘરમાં બે સુરખ ભેગાં થાય." તેથી આ મોહ એવા પ્રકારનો છે કે જેમાં ઘણા છેતરાય છે. જેમ સાચું સુખ ભોગવવામાં કળા છે તેમ ખોટું સુખ છોડવામાં અને તે માટે અગવડો ભોગવવામાં પણ કળા રહેલી છે. બંને પ્રકારની કળા સમજવી જોઇએ. ખરૂં સૌંદર્ય પૂર્ણતામાં છે, પોતે પૂર્ણ બની બીજાને પૂર્ણ બનાવવામાં છે. જ્યાં જેવી કળા રહેલી છે ત્યાં તેવો ભોકતા પ્રકટ થાય છે અને જેવો ભોકતા હોય છે તેવી કળા ત્યાં પ્રતીત થાય છે. જેવું ઉપાદાન કારણ હોય છે તેવું નિમિત્ત પ્રાપ્ત થાય છે.

શંકર મોહિનીની પછવાડે દોડયા પણ અન્તમાં વીર્યપાત થતાં તેમને પોતાને ભગવાનની માયાનું સ્વરૂપ જણાયું અને તે વિષયાસક્તિથી નિવૃત્ત થઇ ગયા. તેમને તે વખતે પરમાત્માનું માહાત્મ્ય સમજાયું. મહાદેવજીને ખેદવાળા અને લજ્જાવાળા જોઇને ભગવાન મધુસૂદને પુરુષરૂપ ધારણ કર્યું અને અતિ પ્રસન્ન થઇ મહાદેવજીને કહ્યું કે 'હે દેવશ્રેષ્ઠ, મારી સ્ત્રીરૂપી માયાથી કામનાવશ થઇ અત્યન્ત મોહિત થઇ અંતમાં તમે પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ ગયા તે બહુ આનંદની વાત છે. તમારા સિવાય એવો બીજો કયો પુરુષ છે કે જે ઘણા પ્રકારના હાવભાવ બતાવવાવાળી અને અજિતેન્દ્રિય પુરુષોને માટે જીતવી અતિ મુશ્કેલ એવી મારી માયામાં આસક્ત થઇને પછી તે છોડી શકે? સૃષ્ટિના કારણભૂત કાળરૂપ મારા એક અંશથી યુક્ત થયેલ આ ગુણવાળી માયા હવે તમારો પરાભવ કરી શકશે નહિ."

આંહી છેવટના ભાગમાં માયાનું સ્વરૂપ ભગવાને સ્પષ્ટ બતાવી દીધું છે. તે ભગવાનના એક અંશમાં રહેલી છે તેથી જ્યારે આપણે અપરિચ્છિન્ન બ્રહ્મભાવ છોડીને પરિચ્છિન્ન ભાવમાં આવીએ ત્યારે આપણને માયાની અસર લાગે છે. તે વખતે દેશકાળની અસર લાગે છે. પહેલાં દેશ-કાળની પરિચ્છિન્ન ભાવના આવે છે અને તે સાથે જ ગુણદોષની ભાવના ખડી થાય છે. જે સર્વવ્યાપક અપરિચ્છિન્ન બ્રહ્મરૂપ છે તેમાં ગુણદોષ બની શકતા નથી. અપરિચ્છિન્ન ભાવ

પ્રાપ્ત કરવો મુશ્કેલ હોવાથી કેટલાક માણસો ભગવાનને મા માની ઉપાસના કરે છે. તેમાંથી અંબાજી, બહુચરાજી વગેરેની શક્તિપૂજા ઉત્પન્ન થયેલ છે. માનો પ્રેમ એવો છે કે દીકરો પ્રેમ ન કરે તો પણ માનો પ્રેમ દીકરા ઉપર રહે છે. તેથી ભક્તિમાં ભૂલ પડે તો પણ ભગવાન મા રૂપે તેનું રક્ષણ કરે છે. ચંડીપાઠમાં શરૂઆતમાં માયાનું સ્વરૂપ સમજાવવા માટે એક નાની કથા આવે છે. સુરથ નામનો રાજા રાજ્ય છોડી એકલો જંગલમાં જાય છે. ત્યાં તેને એવી ચિંતા થાય છે કે મારી સ્ત્રી તથા બાળકોનું મારી પછવાડે શું થતું હશે ? એટલામાં તેને જંગલમાં એક સમાધિ નામનો વૈશ્ય મળે છે. તે વૈશ્ય તે રાજાને કહે છે કે તારું રાજ્ય ગયું અને કુટુંબ સાથે સારો સંબંધ હતો તેથી તને કુટુંબ યાદ આવે છે, પણ હું તો મારે ઘેરથી કંકાસથી છૂટીને નીકળ્યો છું અને ફરીથી ઘેર જાઉં તો ત્યાં સ્ત્રીની સાથે કજીઆ શરૂ થાય તેવું છે, છતાં મને પણ વિચાર થાય છે કે મારી સ્ત્રી અને બાળકોનું શું થતું હશે? એવી માયાનું સ્વરૂપ સમજવા માટે બંને પાસેના આશ્રમમાં રહેલા એક મુનિ પાસે જાય છે. મુનિ તેમને કહે છે કે “એ જ માયાનું અને મોહનું સ્વરૂપ છે. ચકલીને બચ્ચાં થયા પછી ચકલી તેમને માટે ખાવાનું લેવા જાય છે અને તે પોતે ન ખાતાં પહેલાં બચ્ચાંને આપે છે. એ પણ એક જાતનો માયિક પ્રેમ છે. જો માબાપને બાળકો ઉપર માયા ન લાગે તો બાળકોને મોટા કોણ કરે ? તેથી ભગવાને કુદરતી રીતે માબાપની અંદર વાત્સલ્યભાવ રાખેલો છે. પણ એના પ્રેમમાં અટકી જવું ન જોઈએ.” જ્યાં હદવાળો પ્રેમ છે ત્યાં પ્રેમની ભૂલવણી છે. જેમને આગળ વધવાની ઇચ્છા હોય તેમણે સાધારણ માણસના જીવનથી વિલક્ષણ જીવન કરવું પડે છે. સંસારી પ્રેમ એ એક જાતનો ઉન્માદ છે. સંસારના પ્રેમમાં ભાન રહેતું નથી અને ભટકવાનું રહે છે. પ્રભુના પ્રેમમાં ભાન રહે છે અને ભટકવાનું રહેતું નથી. કોઈ માબાપે ઘણાં વર્ષ સુધી મહેનત લઈ મોટી કરેલી

કન્યા, વિવાહ વખતે જુવાન માણસને, તેટલી મહેનત વગર પરણતી વખતે સુખ માટે મળે છે પણ તેના બદલામાં તેની અને તેનાં બાળકોની સંભાળ રાખવાની જવાબદારી પતિને માથે આવે છે. વળી બંનેમાંથી એકનું શરીર માંદગીમાં લપટાય અથવા મરી જાય તો પ્રેમમાં વિઘ્ન આવે છે, કારણ કે પ્રેમનું સાધન જ ખોટું છે. પોતાના પ્રિયતમથી જુદું પડવું પડે એ એમ બતાવે છે કે હજુ માણસને સાચો પ્રેમ મળેલો નથી. કેટલીક વાર પુરુષોમાં પણ સ્ત્રીઓ કરતાં વધારે સૌંદર્ય લાગે છે. ઢેલ કરતાં મોર સારો લાગે છે, સિંહણ કરતાં સિંહ સારો લાગે છે અને કુકડી કરતાં કુકડો સારો લાગે છે. તેથી સૌંદર્ય સમજવા માટે પુરુષાર્થની જરૂર છે. જે ચેતનના લેશ સૌંદર્યથી સર્વને સુંદરતા મળેલ છે તે ભગવાન સૌંદર્યના નિધિ છે. શૃંગાર રસ બહારની વસ્તુમાંથી આવતો નથી પણ માણસની તેવી વૃત્તિમાંથી ઉત્પન્ન થાય છે. મડદાંને અથવા બાળકને અથવા પશુને સુંદર સ્ત્રીમાં કાંઈ આકર્ષણ થતું નથી. જે જાતનું સૌંદર્ય જે વસ્તુમાં માણસ જુએ છે તેમાં બીજું વધારાનું સૌંદર્ય જરૂર રહેલું હોય છે કે જે સાધારણ દૃષ્ટિથી અનુભવમાં આવતું નથી. ખોટું સૌંદર્ય આપણામાં વિકાર ઉત્પન્ન કરે છે, તે થોડો વખત ટકે છે, અને આપણને નાના બનાવે છે. ખરૂં સૌંદર્ય આપણા વિકારને અંકુશમાં રાખે છે, તેની અસર કાયમ રહે છે અને આપણને મોટા બનાવે છે. જો બે પ્રાણ ભેગા થવાથી સુખ લાગે તો જ્યારે બ્રહ્મભાવે ઘણા પ્રાણ ભેગા થાય ત્યારે કેટલું સુખ લાગે! પ્રેમ એ એવી આકર્ષણ કરનાર વસ્તુ છે કે જે હાડકાંને જીવતાં કરે છે પણ પ્રેમનું તત્ત્વ ન સમજાય તો જીવતાંને હાડકાં જેવા કરે છે. ભગવાન સર્વપ્રેમરૂપ છે પણ બધા પ્રકારના પ્રેમ એ ભગવાનનાં રૂપ નથી. સ્ત્રી વગેરે મિથ્યા કલ્પિત અનિત્ય વસ્તુનો ભોગ એ અસત્‌ની ઉપાસના છે. તેનાથી જીવ ભયંકર સંસારમાં પડે છે. એવું અનિત્ય સુખ જતું રહે તેનો શોક

જ્ઞાની પુરુષો કરતા નથી. મૃગજળ જોવાનો આનંદ નષ્ટ થાય તો તેનો શોક જ્ઞાની પુરુષો કરતા નથી. સત્ય દૃષ્ટિએ જોતાં આપણી બહાર કાંઈ નથી, છતાં એ વાત સંસારમાં ઘણીવાર ભૂલી જવામાં આવે છે. ભગવાન ખરા પ્રેમ માટે ખરી કિંમત માગે છે. જે વસ્તુનો જે ભાવ હોય તે ભાવ આપ્યા વગર તે વસ્તુ મળે નહિ. તેથી ગીતાના ૧૮ મા અધ્યાયમાં નીચે પ્રમાણે સુખના ૩ પ્રકાર સમજાવેલા છે.

૧. સાત્ત્વિક સુખ માટે શરૂઆતમાં બહુ મુશ્કેલી વેઠવી પડે છે. જ્ઞાન, વૈરાગ્ય, ધ્યાન, અભ્યાસ, નિયમ વગેરે પાળવા પડે છે. તે સાધન પરિપૂર્ણ થાય અને બુદ્ધિ બ્રહ્માકાર થાય ત્યારે સમાધિનું સાત્ત્વિક સુખ મળે છે. તેથી શરૂઆતની ભક્તિ ઘણાને ભઠ્ઠી જેવી લાગે છે પણ અંતે તેમાંથી અમૃત નીકળે છે.

૨. વિષયસુખ રજોગુણી છે, તેમાં મન–ઇંદ્રિયોનો સંયમ કરવો પડતો નથી. તેથી શરૂઆતમાં તે સારૂં લાગે છે પણ પરિણામે તે ઝેર જેવું નિવડે છે, કારણ કે તેનાથી દેહનું અભિમાન વધે છે અને તે સુખ મેળવવા માટે મરણ પછી હલકાં શરીર લેવાં પડે છે.

૩. જે સુખ શરૂઆતમાં અને પરિણામે મોહ, અવિવેક, નિદ્રા અને આળસ ઉત્પન્ન કરે તેને તામસ સુખ કહે છે.

આ બાબતમાં ઘણા માણસો વિવેકબુદ્ધિ રાખી શકતા નથી અને પાછળથી પસ્તાય છે. ડાહ્યા માણસો બીજાને પસ્તાવામાં પડેલા જોઇને પોતે તે ખાડામાં પડતા નથી. ડાહ્યા માણસો સ્ત્રીને ભીંત જેવી માને છે. એક કોઇ નાયિકા કબીરજીને મોહ કરવા માટે આવી અને પોતાનો અભિનય બતાવવા લાગી ત્યારે કબીરજીએ તેને કહ્યું. કે "ઠગની નયના કયા ઠમકાવે, તેરે હાથ કબીરા નહિ આવે" રંભા જ્યારે શુકદેવજીને મોહ કરવા આવી અને તેણે શુકદેવજીને કહ્યું કે "બીજી સ્ત્રીના શરીરમાંથી તો દુર્ગંધ નીકળે છે પણ મારા શરીરમાંથી

સુગંધ નીકળે છે માટે મારા સંગથી તમને ઘણું સુખ થશે ત્યારે શુકદેવજીએ જવાબ આપ્યો કે "તારું શરીર તો ઘણું સારું છે. તેથી હવે જો કદાચ બીજો જન્મ લેવો પડશે તો તારે પેટે જ જન્મ લઈશ."

પણ ઘણા માણસો આવી ઊંચી ભાવના રાખી શકતા નથી અને મોહમાં પડે છે. તેથી તેને ચ્યુત કહે છે. ભગવાન મોહમાં પડતા નથી તેથી ભગવાનને અચ્યુત કહેવામાં આવે છે. સંસારી વાતોમાં પણ માણસો બોલે છે કે અમુક માણસ પ્રેમમાં પડેલો છે. એટલે પ્રેમમાં ચડેલો નથી. અંગ્રેજી ભાષામાં પણ કહે છે કે He has fallen in love એટલે તે પ્રેમમાં પડેલો છે. આવી માયામાં કેટલાક માણસો પણ ફસી ગયા છે. વિશ્વામિત્ર અને મેનકાની વાત પણ શાસ્ત્રોમાં આપેલી છે. સૌભરી મુનિ અને યયાતિ રાજાના કામની વાત નવમા સ્કંધમાં આવશે. નારદજીએ પણ પૂર્વજન્મમાં સ્ત્રીઓથી મોહ પામવાથી લૌકિક ગાતો ગાયાં હતાં, તેથી દેવોએ તેમને શૂદ્ર બનવાને શાપ આપ્યો હતો. નારદજી જેવા આવી બાબતમાં ભૂલી ગયા તો સીનેમા જોવાવાળાની અને કોલેજો અને હાઇસ્કૂલોમાં સાથે ભણતા છોકરાછોકરીઓની શી દશા થતી હશે? સ્ત્રીના શરીર તરફ દૃષ્ટિ જાય અને તેથી મોહ થાય તો તેમાં દોષદૃષ્ટિ રાખવી જોઈએ અને તેમાં આત્મબુદ્ધિ થાય તો તે ભગવાનની કળા છે, એટલે એક પ્રકારનો અરિસો છે. આત્મબુદ્ધિ તો માત્ર શ્રીકૃષ્ણ જેવા રાખી શકે. સાધારણ માણસ માટે એવો પ્રયોગ જોખમકારક છે.

મહાદેવજી પણ પાર્વતીજીને કહે છે કેઃ—

अपि व्यपश्यस्त्वमजस्य मायां
परस्य पुंसः परदेवतायाः ॥
अहं कलानामृषभो विमुह्ये
ययावशोऽन्ये किमुतास्वतन्त्राः ॥

૮–૧૨–૪૩.

અર્થ—હે દેવી, તમે પરમપુરુષ પરમદેવતા અજન્મા શ્રીહરિની માયા જોઈ? અરે! હું ભગવાનની કળાઓમાં શ્રેષ્ઠ અને પરમ સ્વતંત્ર હોવા છતાં પણ તે માયામાં મોહિત થઈ ગયો તો બીજા પરતંત્ર જીવ તેમાં મોહ પામે તેમાં તો કહેવું જ શું? એક હજાર વરસ સમાધિનું સાધન કર્યા પછી ઉપરામ પામ્યા પછી જેના સ્વરૂપ માટે તમે મને જે પૂછ્યું હતું તે સાક્ષાત્ પુરાણ પુરુષ આ છે. તેનામાં કાળની ગતિ નથી અને વેદની ગતિ પણ નથી.

કેટલીક બહેનો એવો પ્રશ્ન પૂછે છે કે શાસ્ત્રોમાં માત્ર સ્ત્રીઓના શરીરની નિંદા કેમ આપેલ છે, પુરુષોના શરીરની નિંદા કેમ કરેલ નથી? તેનો એક જવાબ એ છે કે આંહી વાતચીત કરનાર શુકદેવજી અને પરીક્ષિત બંને પુરુષો છે, શાસ્ત્ર લખનાર પણ પુરુષ છે. છતાં શ્રીમદ્ભાગવતમાં બે જગ્યાએ પુરુષોના શરીરની નિંદા પણ આપેલી છે. દશમ સ્કંધના ૬૦ મા અધ્યાયમાં રુક્મિણીના હાસ્યના પ્રસંગમાં અને એકાદશ સ્કંધમાં ગુરુ દત્તાત્રેયના ૨૪ ગુરુઓમાં પિંગલાના પશ્ચાત્તાપમાં પુરુષોના શરીરની નિંદા પણ આપેલી છે. ભગવાને જ્યારે રુક્મિણીને પૂછ્યું કે તમે શિશુપાળ વગેરે કોઈ રાજાને પરણવાને બદલે મને શા માટે પસંદ કર્યો. તેના જવાબમાં રુક્મિણી કહે છે કે શિશુપાળ વગેરે રાજાઓ તો ગધેડાની માફક ઘરનો બોજો ઉપાડવાવાળા, બળદની માફક ઘરના કામમાં જુતેલા ઘણા કષ્ટ ઉઠાવવાવાળા, કૂતરાની સમાન સ્ત્રીઓનો તિરસ્કાર સહન કરવાવાળા, બિલાડાની માફક કૃપણ અને હિંસક અને ચાકરોની માફક સ્ત્રીની સેવા કરવાવાળા છે. એ તો જે સ્ત્રી મંદભાગ્યવાળી હોય અને જેના કાનમાં આપના ગુણ પડયા ન હોય તેના પતિ થાય. વળી જે પુરુષોના શરીરમાં ઉપર ચામડી, વાળ, નખ અને કેશનું આવરણ છે અને અંદર માંસ, અસ્થિ, લોહી કૃમિ, વિષ્ટા, કફ, પિત્ત અને વાયુથી જે શરીર પૂર્ણ છે એવા જીવતા છતાં મરેલાની સમાન મંદા

શરીરને જે સ્ત્રી પતિ તરીકે માને તે સ્ત્રીએ આપના ચરણકમળની સુગંધી લીધી નથી અને તે મૂઢ સ્ત્રી છે. (૧૦–૬૦, ૪૪–૫૫) એકાદશ સ્કંધમાં પણ પીંગલા પોતાના મનને કહે છે કે (૧૧–૮–૩૨) અરે મેં વેશ્યાવૃત્તિથી આ અતિ નિંદનીય આજીવિકા વ્યર્થ ચલાવી ને મારા આત્માને સંતપ્ત કર્યો. જે શરીરમાં આડાંઅવળાં હાડકાં છે, ચામડી વાળ અને નખનું જેમાં આવરણ છે તે શરીર નાશવંત છે અને મળમૂત્રથી ભર્યું છે, અને તે નવ દ્વારવાળું છે. તેને કાન્તરૂપે તો મારા જેવી મૂર્ખ સ્ત્રી હોય તે જ ભજે છે. આ નગરમાં હું એક જ મૂર્ખ અને દુષ્ટ છું કે જે હું આત્મપ્રદ અચ્યુતને (પરમાત્માને) છોડીને બીજાથી મારી કામના પૂરી કરવાની ઇચ્છા રાખું છું. જે પુરુષ પોતે કાળચક્રમાં ભમે છે તે પોતાની ભાર્યાઓને શો સંતોષ આપી શકે? (૧૧–૮–૩૬).

હવે પુરુષાર્થની દૃષ્ટિથી જોઈએ તો જેમ પુરુષોમાં કેટલાક મહાત્માઓ થવા છે તેમ સ્ત્રીઓમાં પણ કેટલીક દેવીઓ થયેલ છે. સીતા–અરુંધતીનું સૌભાગ્ય તો હજુ વિવાહ વખતે કેટલેક ઠેકાણે આશિષ તરીકે આપવામાં આવે છે. મૈત્રેયી અને ગાર્ગી બ્રહ્મવિદ્યામાં કુશળ હતી. હાલના કાળમાં બ્રહ્મવિદ્યા તરફ લક્ષ્ય ઓછું થઇ ગયું છે, અને લોકમાં રાજદ્વારી બાબતમાં કુશળ હોય તેવા માણસોનાં જ વખાણ થાય છે, તેથી કેટલીક બહેનોને પોલીટીકલ (રાજકારણમાં કુશળ) થવાનું ગમે છે.

સ્ત્રી અથવા પુરુષ ખરાબ નથી, પણ વિષયવૃત્તિ ખરાબ છે. તેથી માણસ ધારે તો સંસારને પણ સ્વર્ગ બનાવી શકે અથવા નરક જેવો પણ બનાવી શકે. બરનાર્ડ શો નામનો પ્રખ્યાત અંગ્રેજ લેખક કહે છે કે જ્યાંસુધી પોતાની સ્ત્રી જીવતી હોય ત્યાંસુધી મનુષ્ય પરણેલી જીંદગી સબંધી કાંઇ સત્ય લખી શકે નહીં. (કારણ કે તેમાં પડી જવાનો લોભ રહેલો હોય છે), જો કોઈ માણસ સ્ત્રીને પૂરેપૂરો ધિક્કારતો હોય તો લખવામાં હરકત નથી, પણ હું તો સ્ત્રીને ધિક્કા-

રતો નથી. બરનાર્ડ શૉ પરણ્યા પછી કોઇએ તેમને પૂછ્યું કે તમારી પરણેલી જીંદગી તમને કેવી લાગે છે? તેમણે કહ્યું કે જેઓ પરણેલા નથી તે બરાબર કહી શકતા નથી અને જેઓ પરણેલા હોય છે તેઓ પણ હંમેશને માટે તે બાબતમાં મુંગા થઈ જાય છે.

સ્ત્રીને જોઇને જે માણસને કામ ન થાય તે કાંતો બાળક હોવો જોઇએ અથવા પશુ હોવો જોઈએ અથવા મહાત્મા હોવો જોઈએ. સાધારણ માણસને માટે એવા મોહમાંથી બચવું એ અઘરૂં કામ છે. છતાં તે મોહને જીત્યા વગર આત્મજ્ઞાનનો રસ્તો ખુલ્લો થતો નથી. આત્મજ્ઞાન માટે દેહનું અભિમાન છોડવું પડે છે ને વિષયસુખમાં દેહનું અભિમાન વધે છે. પરીક્ષિત રાજાને ૭ દિવસમાં દેહનું અભિમાન છોડાવવા માટે શુકદેવજીની કથા ચાલે છે. તેથી શ્રીમદ્ભાગવતમાં વારંવાર જોરથી વૈરાગ્યની વાત આવે છે. એવો વૈરાગ્ય ગીતામાં ભગવાને બતાવેલ નથી. ત્યાં વર્ણધર્મનો પ્રશ્ન અર્જુને પૂછેલો હોવાથી આશ્રમધર્મની હકીકત આપેલી નથી.

જ્યારે શુકદેવજી પરીક્ષિત રાજાને શરૂઆતમાં મળ્યા ત્યારે તેણે પૂછ્યું હતું કે જેને જલ્દી મરવાનું છે તેણે કયું શુભ કર્મ અથવા શુદ્ધ કર્મ કરવું જોઇએ. શુકદેવજીએ જવાબ આપ્યો હતો કે છેવટે નારાયણમાં મન રહે તેવી ભકિત કરવી જોઇએ. સાત દિવસમાં ભગવાનમાં તન્મયતા કરવી હોય તો ભકિત અને વૈરાગ્ય અને જ્ઞાન સિવાય બીજું કોઇ વધારે સારૂં કર્મ નથી, તેથી ભાગવતમાં જ્ઞાન અને વૈરાગ્યનું સારૂં જોર છે.

પરણેલી જીદંગીમાં ઘણાને નિરાશા મળે છે. તેનું કારણ ખોટો મોહ છે. જેઓ તે જીવનમાંથી અમુક આશાઓ રાખે છે તેમનું સાધન ખોટું હોવાથી તેમાં નિરાશા નીકળે છે. પરણ્યા પહેલાં કેટલાકને એમ પણ લાગે છે કે સ્ત્રી તો બ્રહ્માએ અમૃતમાંથી બનાવી હશે. પરણ્યા પછી થોડાંક વર્ષ ગયાં પછી તેમને એમ લાગે છે, કે તે

હાડકાં અને ચામડાની બનેલી છે. તેથી પરણેલી જીંદગીમાં રોજ ગુલાબનાં ફૂલ ઊઘડતાં નથી. પરણ્યા પછી દુઃખ ઓછું થતું નથી પણ દુઃખ શરૂ થાય છે. સંસ્કારી જીવન સંયમ વગર ઉત્પન્ન થતું જ નથી. ધીરે ધીરે સંયમ કેળવવા માટે વર્ણાશ્રમ ધર્મની પદ્ધતિ બહુ જ ઉપયોગી છે.

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે આ પ્રમાણે મેં તમને ભગવાન વિષ્ણુનાં પરાક્રમ સંભળાવ્યાં છે. તેમણે સમુદ્રમંથન વખતે પોતાની પીઠ ઉપર મહાન મંદરાચલ પર્વતને ધારણ કર્યો હતો. અને માયાથી મોહિનીનું રૂપ ધારણ કરીને અસુરોને મોહિત કરીને પોતાને શરણે આવેલા દેવોને અમૃત પાયું. એ પરમ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું.

મન્વન્તરોનું રહસ્ય

માયા બે પ્રકારની હોય છે. એક ગુણદોષવાળી અને બીજી દેશ–કાળવાળી. ગુણદોષવાળી માયાનું સ્વરૂપ સમુદ્રમંથન વખતે અને મોહિનીના સ્વરૂપની વખતે અને કાર્ય વખતે આવી ગયું. હવે દેશ–કાળવાળી માયાનું સ્વરૂપ શુકદેવજી પરીક્ષિત રાજાને સંભળાવે છે. આઠમા સ્કંધની લીલાને મન્વન્તરની લીલા કહે છે. લીલા એટલે નાટક. નાટકમાં નામ અને રૂપ સાચાં હોતાં નથી છતાં તેનાથી વ્યવહાર થાય છે અને તે જોનારાને ભુલાવે છે. તેથી જ શ્રીકૃષ્ણ નટવર કહેવાય છે અને શ્રી શંકર નટરાજ કહેવાય છે. તેમની લીલાઓમાં કાળ એ એક મહાન તત્ત્વ છે. કાળને લઈને મન્વન્તરના ભાગ પડેલા છે. મન્વન્તર એટલે મનુ–અંતર. એટલે એક મનુથી બીજા મનુ સુધીનો સમય. પુરાણોમાં એમ માનેલ છે કે બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ થાય છે. તેથી ૧૪ મન્વન્તર થાય છે. જે જીવનમાં મન પ્રધાન છે તેને મનુ કહે છે અને મનુના દીકરા તે મનુષ્ય. દરેક મનુ પોતાનાં પાત્રોદ્વારા સતધર્મનું પાલન કરે છે.

દરેક મનુના સમય દરમ્યાન શ્રી ભગવાન અવતાર ધારણ કરી ધર્મની પ્રતિષ્ઠા કરે છે.

ચૌદ મન્વન્તરોને અધ્યાત્મભાવે સમજીએ તો ૧૪ લોકમાં ઘટાવી શકાય. જેવા દેશ હોય છે તેવા કાળ ઉત્પન્ન થાય છે. અથવા જ્ઞાનની ૭ ભૂમિકા અને અજ્ઞાનની ૭ ભૂમિકામાં પણ ઘટાવી શકાય તેવું છે. આઠમા સ્કંધમાં પહેલા અધ્યાયમાં પહેલા ૪ મન્વન્તરનું વર્ણન આવે છે. પહેલા સ્વાયમ્ભુવ મનુ, બીજા સ્વારોચિષ, ઉત્તમ ત્રીજો મનુ, અને ઉત્તમનો ભાઇ તામસ ચોથો મનુ થયો. તેનો ભાઈ રૈવત પાંચમો મનુ થયો, છઠ્ઠા મનુનું નામ ચાક્ષુષ હતું અને હાલમાં સાતમો મન્વન્તર વૈવસ્વતનો ચાલે છે. તેમાં શ્રાદ્ધદેવ મનુ છે. આ બધાના ખરા અર્થ જાણવા મુશ્કેલ છે. તે માટે કાળનું સ્વરૂપ જાણવું જોઇએ. કાળનુ ખરૂં સ્વરૂપ ગીતામાં, ઉપનિષદમાં કે બ્રહ્મસૂત્રમાં મળતું નથી. બ્રહ્મ દેશકાળથી અતીત છે એટલું જ તેમાં સિદ્ધ કરેલું છે, પણ દેશકાળ પોતે ક્યાંથી આવ્યા, સૌથી પહેલું શું હતું તે જાણવા માટે કાળની પણ જરૂર છે. સામાન્ય રીતે કાળના બે ભાગ પાડેલા છે. ૧ અખંડ કાળ કે જે બ્રહ્મસ્વરૂપ છે. અને ૨ ખંડકાળ તેને ઘડીઆળનો વખત અથવા ટાઇમ-પીસ કહે છે. ખંડ-કાળની હકીકત શ્રીમદ્‌ભાગવતમાં ત્રીજા સ્કંધમાં આપેલી છે. તેમાં ૨ પરમાણુ મળીને ૧ અણુ થાય છે. ૩ પરમાણુનો ૧ ત્રસરેણુ થાય છે. અને એ જ પ્રમાણે માણુસની ઘડી, પ્રહર, રાત્રિ, દિવસ, માસ, ઋતુ, અયન, સંવત્સર, દેવવર્ષ, મન્વન્તર, કલ્પ વગેરેની ગણત્રી કરેલી છે પણ માણુસનો કાળ એ સાચો કાળ નથી, મંગળના તારામાં બે ચંદ્ર છે, તેમાં એક ચાંદ્રમાસ ૭ ક. ૩૯ મિનિટનો છે અને બીજો સવા દિવસનો છે, તેથી જો કોઈ માણુસ મંગળના ગ્રહમાં રહેતો હોય તો તેના દિવસ અને મહિના તદ્દન જુદા પ્રકારના તેને લાગે છે.

૨૩

માણસનાં ૩૬૦ વર્ષનું એક દેવોનું વર્ષ થાય છે. દેવોનાં ૧૨૦૦૦ વર્ષમાંથી એક ચતુર્યુગી થાય છે અને એવી ૭૧ ચાતુર્યુગીનો એક મન્વન્તર થાય છે. તે વખતે માણસના ૩૦૬૭૨૦૦૦૦ વર્ષ થાય છે. જો ચોવીસ કલાકનો દિવસ સાચો હોય તો આ બાબત સાચી ઠરે પણ હાલના સાયન્સથી ગણિતથી સિદ્ધ થયું છે કે એવો કોઈ નિયત કાળ નથી પણ દરેક બનાવમાંથી (એટલે eventમાંથી) કાળ નીકળે છે જેમ એક વસ્તુ અને બીજી વસ્તુની વચ્ચે જે અંતર હોય તે ફૂટથી માપી શકાય છે તેમ એક બનાવ વચ્ચે અને બીજા બનાવ વચ્ચે જે કાળનું અંતર પડે છે તેને interval કહે છે અને તે પણ હવે તેજની મદદથી માપી શકાય છે, પણ તે વખતે જોનારાની સ્થિતિ ધ્યાનમાં લેવી પડે છે. તેથી કાળ સાપેક્ષ બની જાય છે. આ બાબત યોગવાસિષ્ઠમાં ઠીક સમજાવેલી છે અને સાપેક્ષવાદ (Relativity)ના સાયન્સમાં પણ ઠીક સમજાવેલ છે. તેમના કહેવા પ્રમાણે અર્થસત્તાને અનુસારે પ્રતીતિ નથી, પણ પ્રતીતિને અનુસારે કાળની સત્તા છે; એટલે દ્રષ્ટાની પહેલાં કાળ રહેલો નથી પણ પ્રતીતિ વખતે અનુભવમાં આવે છે.

ન્યાય, વૈશેષિક અને સાંખ્ય શાસ્ત્રોમાં એમ કહેલું છે કે તમોગુણી અહંકારમાંથી કાળ ઉત્પન્ન થાય છે. તમોગુણી અહંકારને રહેવા માટે વખત જોઈએ અને તેથી કાળ ઉત્પન્ન થાય છે. પણ અહંકારની પહેલાં મહત્તત્ત્વ છે અને મહત્તત્ત્વ મૂળ પ્રકૃતિનું પરિણામ છે તેથી મૂળ પ્રકૃતિના પરિણામના પહેલાં પણ કાળ હોવો જોઈએ. એ કાળ ક્યાંથી આવ્યો? તેથી વેદાન્તમાં પ્રકૃતિને અવિદ્યા માનેલ છે. એ મતમાં જગત એ અવિદ્યાનું પરિણામ અને ચેતનનો વિવર્ત છે. જેમને પરિણામ શબ્દ ન ગમતો હોય તેમને માટે અવિદ્યા એ જ જગત છે. જેને વિદ્યા પ્રાપ્ત થાય તેને જગત બ્રહ્મરૂપે રહે.

પણ જ્યાં ઘણા બનાવો બનતા હોય ત્યાં તે સર્ગમાં અથવા

મન્વન્તરમાં કાળ નિયત રૂપ પકડે છે. ઋષિઓ દરેક ચતુર્યુગીને અને અસ્ત પામેલા વેદોને તપશ્ચર્યાથી જુએ છે. દેવો યજ્ઞભાગના ભોક્તા બને છે, ઈન્દ્ર લક્ષ્મીનો ઉપભોગ કરી ત્રણે લોકનું રક્ષણ કરે છે અને દૃષ્ટિ વગેરેથી સૃષ્ટિને ભરતી રાખે છે. તે ઉપરાંત ભગવાન યુગ પ્રમાણે અવતાર ધારણ કરીને યોગક્ષેમ ચલાવે છે અને ધર્મનું સ્થાપન કરે છે. ધર્મ એટલે નિયતિ અને કાયદા માણસના કલ્યાણને માટે જરૂરના છે. ચાલુ મન્વન્તરમાં શ્રાદ્ધદેવ મનુ છે. તેના ઈક્ષ્વાકુ, નભગ વગેરે ૧૦ પુત્રો છે, આદિત્ય વગેરે દેવો છે. ઈન્દ્ર પુરંદર છે, કશ્યપ વગેરે ઋષિઓ છે અને શરૂઆતમાં વામન અવતાર છે, આ પ્રમાણે સૃષ્ટિનો ક્રમ નિયમિત રીતે ચાલ્યા કરે છે. આપણે માણસ છીએ એમ માનીએ ત્યાંસુધી એ નિયમ આપણને લાગુ પડે છે પણ આપણે દેહનું અભિમાન છોડી દઈએ તો તે નિયતિનો ક્રમ આપણને લાગુ પડે નહિ. જે ક્ષેત્રમાં જે જીવ રહેતો હોય તેને તે ક્ષેત્રના ધર્મ લાગુ પડે છે. હાલનું સાયન્સ પણ કહે છે કે determinism એટલે નિયતિ અથવા પ્રારબ્ધ સામાજિક (statistical) છે. જ્યાં ઘણા બનાવ અથવા કર્મ એક સાથે કામ કરતાં હોય ત્યાં પ્રારબ્ધ અથવા નિયતિ રહે છે.

વૈવસ્વત મન્વન્તરમાં કશ્યપજી દ્વારા અદિતિના ગર્ભથી ભગવાન વામનજીનો અવતાર થયો છે. વિવસ્વાનને બે સ્ત્રી હતી. એકનું નામ સંજ્ઞા અને બીજીનું નામ છાયા હતું. છાયાનો પુત્ર સાવર્ણિ હતો, એટલે છાયારૂપી માયાથી આવરણ ઉત્પન્ન થાય છે. તે આઠમો મનુ થશે. નવમો મનુ વરુણનો પુત્ર દક્ષસાવર્ણિ થશે, પછી બ્રહ્મસાવર્ણિ દશમો મનુ થશે. એ પ્રમાણે ૧૪ મનુ અને મન્વન્તરની વાત આવે છે. પણ મનુના પુત્રો અંગ્રેજો અને મુસલમાનો એવા મન્વન્તરને માનતા નથી. આઠમા સ્કંધના ચૌદમા અધ્યાયને અંતે એમ કહેલ છે કે શ્રીહરિ સનક વગેરે સિદ્ધોનાં રૂપ ધારણ કરીને પ્રત્યેક યુગમાં

જ્ઞાનનો ઉપદેશ કરે છે, યાજ્ઞવલ્કય વગેરે ઋષિના રૂપથી કર્મકાંડનો પ્રચાર કરે છે અને દત્તાત્રેય વગેરે દ્વારા યોગમાર્ગની પ્રવૃત્તિ કરે છે. યોગમાર્ગ રજોગુણીને માટે છે, જ્ઞાનમાર્ગ સાત્ત્વિકને માટે છે અને જેમનામાં વૈરાગ્ય નથી તેમને માટે કર્મમાર્ગ છે. એ બાબત એકાદશ સ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને સમજાવેલી છે. આઠમા સ્કંધમાં પણ કહેલું છે કે જેમને જન્મ-મરણના ચક્રમાંથી નીકળવું હોય તેમને માટે બલિરાજાના જેવું બલિદાન દેવું જોઇએ એટલે આત્મનિવેદન નામની નવમી ભક્તિ કરવી જોઇએ.

પ્રકરણ ૧૯

બલિદાન એટલે બલિરાજાના જેવું દાન

સાત દિવસમાં મોક્ષ મળે એવી શ્રીમદ્ભાગવતની કથામાં ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યનું જોર વારંવાર દરેક અધ્યાયમાં આવ્યા કરે છે. જેમ ભકિત વગરનું જ્ઞાન શુષ્ક લાગે છે તેમ જ્ઞાન અને વૈરાગ્ય વગરની ભકિત પણ રડતી રહે છે, એ બાબત ભાગવતમાં માહાત્મ્યની અંદર શરૂઆતમાં જ સ્પષ્ટ કરેલ છે. ગૃહસ્થાશ્રમી માણસોને માટે ભકિતનો માર્ગ ઉત્તમ છે છતાં એ માર્ગમાં પણ કેવાં કેવાં વિઘ્નો આવે છે અને એ માર્ગમાં કેવી કેવી ભૂલો થાય છે તે શ્રીમદ્ભાગવતમાં અનેક જગ્યાએ સ્પષ્ટ કરીને બતાવેલ છે. માયામાં એવી વિચિત્રતાં છે કે જરાપણ ભૂલ થાય તો તેમાંથી અનેક પ્રકારની બીજી ભૂલો ઉત્પન્ન થાય છે. ગયા પ્રકરણમાં બતાવ્યું તેમ શંકર ભગવાન પણ માયામાં મોહિત થઇ ગયા તો બીજાનું શું કહેવું ? માયાના મુખ્ય ત્રણ રૂપમાં છે. ૧ પુત્રેષણા (સ્ત્રી–પુત્રની ઇચ્છા) ૨. વિત્તૈષણા અને લોકેષણા. પહેલા પ્રકારની માયા એ બધી માયાનું મૂળ

છે. તેથી ગયા પ્રકરણમાં તે વિસ્તારથી તાપેલી છે. હવે ધન અને સંપતિ જેમાં મુખ્ય છે એવી માયા જીતવાનો પ્રસંગ શુકદેવજી પરીક્ષિત રાજા આગળ મૂકે છે. તેમાં બલિરાજાની આત્મસમર્પણ ભક્તિની વાત પણ આવે છે. આગળના રાજાઓ કેવા ત્યાગી હતા એ પણ તે કથામાંથી જણાઇ આવે છે. પરીક્ષિત રાજા શુકદેવજીને પૂછે છે કે "શ્રીહરિ જગતના ઇશ્વર હોવા છતાં લોભી માણસની માફક તેમણે બલિરાજા પાસે પૃથ્વી શા માટે માગી અને પોતાના મનોરથ સિદ્ધ થવા છતાં બલિરાજાને બંધનમાં શા માટે નાખ્યા ? પૂર્ણકામ શ્રી યજ્ઞેશ્વર ભીખ માગે અને નિરપરાધીઓને બાંધે એ બન્ને વાતોમાં અને શંકા થાય છે. જો કે વિરુદ્ધ ધર્મની બાબતમાં ઘણા માણસો ગભરાઈ જાય છે તો પણ શ્રીમદ્ભાગવતમાં તે બાબત બહુ સ્પષ્ટ કરેલ છે. પણ તેના ખુલાસા તેતે કથાના પાછળના ભાગમાં આવે છે. શ્રી વામન ભગવાને બલિનું બધું ઐશ્વર્ય હરી લીધું. તે પછી ભગવાન તેને કહે છે કે (૮–૨૨–૨૪) "હું જેના ઉપર કૃપા કરું તેનું બધું ધન હરણ કરી લઉં છું, કારણ કે ધનના મદથી ઉન્મત્ત થઇને માણસ ભગવાનનો અને સાધુઓનો તિરસ્કાર કરે છે. જો જન્મ, કર્મ, અવસ્થા, રૂપ વિદ્યા; ઐશ્વર્ય અને ધન વગેરેથી ગર્વ ન થાય તો તે ભગવાનનો અનુગ્રહ છે. (૮–૨૨–૩૬)

સમાજમાં કેટલીક વાર એમ બોલાય છે કે અમુક માણસે પોતાનું બલિદાન આપ્યું પણ તેનો ખરો અર્થ સમજાવો હોય તો બલિના જેવું દાન આપવું જોઇએ. એ કથા હવે શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવે છે. ગયા પ્રકરણમાં જણાવ્યું તે પ્રમાણે જ્યારે ઇંદ્રે બલિને માર્યા હતા અને શુક્રાચાર્યે તેમને જીવતા કર્યા ત્યારથી બલિ-રાજા ગુરુસેવાને મુખ્ય માની શુક્રાચાર્યને સમસ્ત અર્પણ કરીને તેમની સેવા કરવા લાગ્યા. પછી ભૃગુવંશી બ્રાહ્મણોએ સ્વર્ગના વિજ-યની ઇચ્છાથી બલિને ઇન્દ્રની પદવી આપી અને તેની પાસે વિશ્વ-

જિત યજ્ઞ કરાવ્યો. પછી બલિએ પોતાની સેનાથી દેવનગરીને ઘેરી લીધી. જેઓ અધર્મી હોય, દુષ્ટ, ભૂતદ્રોહી, ઠગ, માની, કામી અને લોભી હોય તેઓ આ નગરીમાં પ્રવેશ કરી શકતા નથી (૮–૧૫–૨૨). બલિની ચડાઈથી ઈંદ્ર ગભરાયા, તેમણે પોતાના ગુરુ બૃહસ્પતિને કહ્યું કે અમારા વેરી બલિનો આ ઉદ્યોગ સહન કરી શકાય તેવો નથી. તેને એવું કયું તેજ મળ્યું છે તેની ખબર પડતી નથી. એ તો પ્રલયકાળના અગ્નિની માફક આખા જગતને પી જાય છે, દશે દિશાઓને ચાટે છે અને નેત્રોથી સંપૂર્ણ દિશાઓને બાળી નાખે છે."

બૃહસ્પતિ—હે ઈન્દ્ર ! હું બલિની ઉન્નતિનું કારણ જાણું છું. વેદવાદી ભૃગુના પુત્રોએ પોતાના શિષ્ય બલિને માટે આ મહાન તેજ સંપાદન કરેલ છે. આ વખતે એક માત્ર પરમેશ્વર શ્રીહરિ સિવાય બીજું કોઈ બલિની સામે ટકી શકે તેમ નથી, તેથી તમે સ્વર્ગ છોડીને કોઈ જગ્યાએ છુપાઈ જાઓ, અને બલિના અધઃપતનનો વખત આવે તેની રાહ જુઓ. હમણાં બ્રહ્મતેજથી તેનામાં શક્તિ આવી છે. કોઈ વખતે બ્રહ્મતેજનું (બ્રાહ્મણનું) અપમાન કરવાથી તે પોતાના કુટુંબ સહિત નષ્ટ થઈ જશે.

આવી સલાહને લઈને બધા દેવો પોતાની ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરી સ્વર્ગને છોડીને બીજે સ્થળે ચાલ્યા ગયા. બલિએ દેવપુરીની ઉપર પોતાનો અધિકાર જમાવ્યો. પછી ભૃગુના પુત્રોએ બલિની પાસે સો અશ્વમેધ યજ્ઞ કરાવવાનો આરંભ કર્યો. આવા યજ્ઞોના પ્રભાવથી બલિની કીર્તિ બધી દિશામાં ફેલાઈ ગઈ. બલિ પણ આ કીર્તિથી પોતાને કૃતાર્થ માની લક્ષ્મીનો આનંદ લેવા લાગ્યા.

દેવમાતા અદિતિએ જોયું કે તેના પુત્રો ભાગી ગયા છે અને દૈત્યોએ સ્વર્ગનું રાજ્ય લઈ લીધું છે, તેથી તેને પરિતાપ થતો હતો. એક વાર કશ્યપ મુનિ ઘણા કાળ પછી સમાધિમાંથી ઊઠીને પોતાના આશ્રમે આવ્યા, ત્યાં અદિતિએ તેમનું સન્માન કર્યું.

અદિતિને શોકમાં રહેલી જોઈને કશ્યપ મુનિએ પૂછ્યું કે "હે સ્ત્રી! તેં કોઈ અમંગળ કામ તો કરેલ નથી? જો ગૃહસ્થાશ્રમધર્મ બરાબર પળાય તો યોગસાધન કર્યા વગર યોગનું ફળ મળે છે. એવા ઉત્તમ ધર્મના પાલનમાં કાંઈ હાનિ તો આવી નથી ને? (૮-૧૬-૫) આ ઘરમાં આવેલ કોઈ અતિથિ પૂજા વગરનો અને સન્માન વગરનો તો રહી ગયો નથી ને? જે ઘરમાં અતિથિઓનો સત્કાર થતો નથી તે ગીધ પક્ષીઓના ઘર જેવું છે, અથવા શું હોમ વખતે અગ્નિને આહુતિ દેવામાં ભૂલ થઈ છે? બ્રાહ્મણ તો વિષ્ણુ ભગવાનનું મુખ છે, તારા બધા પુત્રો તો સુખી છે ને? મને તારું ચિત્ત અસ્વસ્થ કેમ જણાય છે? (૮-૧૬-૧૦)

આ પ્રશ્નોમાં ગૃહસ્થાશ્રમનું કર્તવ્ય બહુ સ્પષ્ટ રીતે બતાવેલ છે. ગૃહસ્થાશ્રમ એ પણ એક આશ્રમ છે. તેનું પાલન શાસ્ત્ર પ્રમાણે સંયમથી થાય તો એક પ્રકારનો યોગ સિદ્ધ થાય છે, પણ હાલનું જીવન બહુ વ્યવસાયવાળું થઈ ગયું છે. અતિથિસત્કારનો લોપ થતો જાય છે. પશ્ચિમના દેશોમાં પણ પોતાનાં નજીકનાં કોઈ સગાં મહેમાન તરીકે આવે તો એક-બે દિવસ જમવાનું આપીને પછી તેમના જમવાના ખર્ચ માટે તેમને બીલ આપવામાં આવે છે.

અદિતિ જવાબ આપે છે કે-બ્રાહ્મણ, ગાયો, ધર્મ અને આ લોક સર્વ પ્રકારે કુશલ છે. આપનું નિરંતર સ્મરણ રહેવાથી મેં કોઈ અતિથિનો તિરસ્કાર કર્યો નથી. આપે મને ધર્મનો રસ્તો બતાવેલ છે તો હવે મારી બીજી શી ઈચ્છા રહે? સત્ત્વ, રજ અને તમથી યુક્ત આ બધી પ્રજા આપના મનથી ઉત્પન્ન થઈ છે. (૮-૧૬-૧૪) તેથી જો કે આપને બધું સમાન છે છતાં દેવો શક્તિ વગરના થઈ ગયા છે, તેમનું આપે રક્ષણ કરવું જોઈએ. પ્રબલ દૈત્યોએ મારું ઐશ્વર્ય, ધન, યશ અને સ્થાન હરણ કરી લીધાં છે. તેથી હું સ્થાન વગરની થઈ શોકસાગરમાં ડૂબી રહી છું, આપ

એવો ઉપાય બતાવો કે જેથી મારા પુત્રોને (દેવોને) ફરી ઐશ્વર્ય પ્રાપ્ત થાય."

અદિતિ ઉપરથી આદિત્ય શબ્દ થયેલ છે, તે સૂર્યનું નામ છે અથવા દૈવી તેજનું સ્વરૂપ છે. અદિતિનો સમાધિભાષાનો અર્થ વધારે સમજવાની જેમની ઇચ્છા હોય તેમણે શ્રી. અરવિંદના લેખો Secret of the Vedas વાંચવા. ભક્તોને અને યોગીઓને હૃદયમાં એક પ્રકારનું તેજ જોવામાં આવે છે, તેને પણ અદિતિ કહે છે.

અદિતિએ એ પ્રમાણે પ્રાર્થના કરી તેથી કશ્યપજીને બહુ વિસ્મય થયો. તેમણે કહ્યું 'ભગવાનની માયાનું બળ કેવું છે? આ બધો સંસાર સ્નેહબંધનથી બંધાયેલો છે. પાંચ ભૂતોથી બનેલો અનાત્મા દેહ કયાં અને પ્રકૃતિથી પર રહેલ આત્મા કયાં? આ પતિ પુત્ર વગેરે કોણ કોના થાય છે? માટે હે અદિતિ! તમે સંપૂર્ણ પ્રાણિમાત્રના અંતઃકરણમાં રહેલ જગદ્ગુરુ વાસુદેવ ભગવાનની ઉપાસના કરો. તે દીનવત્સલ છે તેથી તમારી ઇચ્છા પૂરી કરશે, ભગવાનની ભક્તિ જ પરમ કલ્યાણકારક છે, બીજા કોઈ દેવની ભક્તિ કરવાથી પરમ કલ્યાણ થતું નથી.

પછી કશ્યપજીએ અદિતિને પયોવ્રત કરવાનો વિધિ સમજાવી આ વ્રતમાં મુખ્ય દૂધના આહાર ઉપર રહેવાનું છે અને ભગવાનની સ્તુતિ કરવાની છે. પછી ભગવાનનું પૂજન કેમ કરવું તે બતાવેલ છે. આ વ્રતની સંપૂર્ણ હકીકત આઠમા સ્કંધના ૧૬ મા અધ્યાયમાં બતાવેલ છે. આ વ્રત બ્રહ્માજીએ કશ્યપજીને બતાવ્યું હતું અને કશ્યપજીએ અદિતિને સમજાવ્યું. આ વ્રતને "સર્વયજ્ઞ" અથવા "સર્વવ્રત" કહે છે. તે સંપૂર્ણ તપનો સાર છે અને મુખ્ય દાન છે. તેનાથી ભગવાન પ્રસન્ન થાય છે. જેનાથી ભગવાન પ્રસન્ન થાય એ જ સાચા નિયમ છે, તે જ ઉત્તમ યમ છે, તેજ તપ, દાન, વ્રત અને યજ્ઞ છે.

હાલના કાળમાં ઘણાં માબાપો અમને કહે છે કે તેમની પ્રજાથી તેમને સંતોષ થતો નથી, દીકરાઓ માબાપનું કહેવું માનતા નથી અને દીકરીઓ ગમે તેને પરણી લે છે. તેનું કારણ એ છે કે પ્રજાની ઉત્પતિ પહેલાં અને પ્રજાની ઉત્પત્તિ પછી માબાપ ભગવાનનું સ્મરણ કરતાં નથી.

જેઓને રામ અને કૃષ્ણ જેવા અથવા વ્યાસ અને વાલ્મીકિ જેવા બાળક જોઇએ તેમણે કેટલાક નિયમ પાળવા જોઇએ. એવા નિયમોમાં સ્ત્રીઓને માટે આ પયોવ્રત એ એક બહુ સારૂં વ્રત છે. તેનાથી ભગવાન પ્રસન્ન થાય છે અને ભગવાન પુત્રરૂપે અવતરે છે અથવા ભગવાનના જેવા પુત્ર મળી શકે છે. એવો એક પુત્ર આપણા દેશમાં અવતરે તો પણ હિંદુસ્થાનનો અને બધા દેશોનો ઉદ્ધાર થાય તેવું છે. આવા કામ માટે બહુમતિની જરૂર નથી. અદિતિના જેવી શુદ્ધ આચરણવાળી એક સ્ત્રી પણ જો આ પ્રમાણે પયોવ્રત કરે અને તેને ઘેર એક સુપુત્ર જન્મે તો તે સમાજની મોટામાં મોટી સેવા છે. જે કામ એક માણસની ઉત્તમ મતિથી થાય છે, તેવું કામ અજ્ઞાની માણસોની બહુમતિથી થતું નથી.

મહર્ષિ કશ્યપજીનો ઉપદેશ સાંભળી અદિતિએ સાવધાનતાપૂર્વક બાર દિવસના વ્રતનું અનુષ્ઠાન શરૂ કર્યું. તેણે એકનિષ્ઠ બુદ્ધિથી પરમ પુરુષ પરમેશ્વરનું ચિંતન કરતાં કરતાં બુદ્ધિને સારથિ બનાવીને મન-રૂપી લગામથી ઇંદ્રિયોરૂપી દુષ્ટ ઘોડાને પોતાને સ્વાધીન કરી લીધા. આ પ્રમાણે એકાગ્ર બુદ્ધિથી પોતાના મનને સર્વાત્મા શ્રીહરિમાં સમાહિત કરી તે પયોવ્રતનું અનુષ્ઠાન કરવા લાગી. એ વ્રતના પ્રભા-વથી અદિતિની સામે પીતામ્બર, સુશોભિત ચતુર્ભુજમૂર્તિ શંખચક્ર-ગદાધારી ભગવાન આદિપુરુષ પ્રગટ થયા. અદિતિ આદરપૂર્વક એકદમ ઊભી થઈ ગઈ અને પ્રેમથી વિહ્વલ થઈ, પૃથ્વી ઉપર દંડની માફક લોટી. તેણે ભગવાનને પ્રમાણ કર્યા. પછી ભગવાનની સ્તુતિ

કરવાનો તેણે પ્રયત્ન કર્યો પણ તેમ ન કરી શકી. તેના શરીરમાં રોમાંચ ઉત્પન્ન થયાં અને તે ચુપચાપ રહી ગઈ. છતાં થોડીવાર પછી શક્તિ આવવાથી તેણે ભગવાનની સ્તુતિ કરી. અદિતિ સ્તુતિ કરતાં કહે છે કે, "આપ શરણાગતનાં દુઃખ દૂર કરનાવાળા છો, દીનોના પ્રભુ છો, આપ પ્રસન્ન થાઓ છો ત્યારે માણસને ચારે પુરુષાર્થનું ફળ મળી જાય છે." ભગવાને કહ્યું; 'હે મા ! દૈત્યોએ દેવોને તેમના સ્થાનમાંથી પાડી નાખ્યા છે, તે હું જાણું છું. તારે ફરીથી દેવોનો વિજય જોવાની ઇચ્છા છે તે પણ હું જાણું છું. મને લાગે છે કે હાલમાં એ અસુરો અજેય છે, કારણ કે તે સમર્થ બ્રાહ્મણ શુક્રાચાર્યથી રક્ષિત છે. હાલ તેમને હરાવવાનો ઉદ્યોગ સફળ થશે નહિ છતાં હું તમારા વ્રતથી સંતુષ્ટ થયો છું તેથી કોઈ ઉપાય શોધવો પડશે. મારૂં પૂજન વ્યર્થ જતું નથી. શ્રદ્ધા ફળ આપે છે. તેથી હું મારા અંશથી શ્રી કશ્યપજીના તપરૂપ વીર્યમાં સ્થિત થઈ તમારા પુત્રોની રક્ષા કરીશ. તમે તમારા નિષ્પાપ પતિ કશ્યપજીમાં મને આ રૂપે રહેલો જોઇને તેમની સેવા કરો. આ બાબતમાં કોઇ તમને કાંઈ પૂછે તો તમારે કહેવું નહિ, કારણ કે દેવોનાં બધાં કામ ગુપ્ત હોય તો જ સિદ્ધ થાય છે (૮–૧૭–૨૦)

આંહી એક મુખ્ય બાબત સમજવા જેવી છે. ભગવાન અદિતિને કહે છે કે તમારા પતિની અંદર મને આ રૂપે જોવાથી તમને મારા જેવો પુત્ર પ્રાપ્ત થાશે. આજે પણ કોઇ સ્ત્રી પોતાના પતિમાં ભગવાનનું દર્શન કરે તો તેને ભગવાનના જેવો પુત્ર પ્રાપ્ત થાય, પણ એવી દૃષ્ટિ કઈ સ્ત્રી રાખી શકે છે ? તેવા કામ માટે પહેલાં સત્સંગ જોઈએ. આટલું કામ થઇ શકે તો એક સ્ત્રીની ઉત્તમ મતિથી ભગવાનના જેવાં બાળકો આપણા સંસારમાં મળી શકે અને પછી બહુમતિની જરૂર પડે નહિ.

આંહી બીજી બાબત એ સમજવાની છે કે કેટલાંક કામ ગુપ્ત રાખવાથી સિદ્ધ થાય છે. ઉપનિષદોમાં કહેલ છે કે દેવોને પરોક્ષ

વાતો વધારે ગમે છે. દૈવી પ્રેરણાની વાતો ગુપ્ત રાખતાં શીખવું જોઈએ. પછી ભગવાન અંતર્ધાન થઈ ગયા. અદિતિ ભગવાનનાં વચન સાંભળી કૃતકૃત્ય થઈ ગઈ અને ભક્તિપૂર્વક પતિની સેવા કરવા લાગી. શ્રી કશ્યપજીએ પણ સમાધિયોગથી પોતાના શરીરમાં શ્રીહરિનો અંશ પ્રવેશ કરતો જોયો. પછી પોતે સમાહિત ચિત્તથી અદિતિના ગર્ભમાં ઘણા કાળથી તપદ્વારા સાચવેલ વીર્ય મૂક્યું અને તે દ્વારા ભગવાન સનાતન પુરુષનો જન્મ થયો. હાલના કાળમાં ગર્ભધારણ વખતે કેટલાં સ્ત્રીપુરુષો પોતાનું મન સમાહિત એટલે સમાધિવાળું રાખે છે? અને જો પશુ જેવું મન હોય તો તેમાંથી સારી પ્રજાની આશા શી રીતે રાખી શકાય? બળદની અને ગાયોની ઓલાદ સુધારવા માટે હિંદુસ્તાનના માજી વાઇસરૉય લીન્લીથગો ખેડૂતોને સારા આખલા ભેટ આપતા હતા, પણ માણસની ઓલાદ સુધારવા માટે કોણ પ્રયત્ન કરે છે?

ભગવાનનો જન્મ થયા પછી બ્રહ્માજી નીચે પ્રમાણે તેમની સ્તુતિ કરવા લાગ્યા :—

जयोरुगाय भगवन्नुरुक्रम नमोऽस्तु ते ।
नमो ब्रह्मण्यदेवाय त्रिगुणाय नमो नमः ॥

અર્થ—હે મહાન કીર્તિમાન ભગવાન! આપનો જય થાઓ. હે પરમ પરાક્રમી! આપને નમસ્કાર છે. હે બ્રહ્મદેવ! હે નિર્ગુણ, નિયામક પ્રભો! આપને વારંવાર પ્રણામ છે.

વધારામાં બ્રહ્માજી કહે છે કે જે સંપૂર્ણ જીવોના અંતઃકરણમાં સ્થિત છે તે આપ વિષ્ણુ ભગવાનને મારા નમસ્કાર છે. આપ આ ત્રણે ભુવનમાં આદિ, અન્ત અને મધ્ય છો, તેથી આપને અનન્ત શક્તિવાળા કહે છે. જેમ નદીનો પ્રવાહ તેમાં પડેલા તણખલાને સાથે લઈ જાય છે, તેમ આપ કાળરૂપથી બધા જગતને ખેંચો છો. આપ દેવોના એક માત્ર આશ્રય છો.

પછી જન્મમૃત્યુથી રહિત ભગવાન અદિતિના ગર્ભથી બહાર

પ્રગટ થયા. તેમના ગળામાં કૌસ્તુભ મણિ હતો. તેનાથી કશ્યપજીના ઘરનો અંધકાર દૂર થયો. તે વખતે બધી દિશાઓ અને જળાશય નિર્મળ થઇ ગયાં, પ્રજાવર્ગને અત્યન્ત હર્ષ થયો અને ઋતુઓ પોતાના ગુણોથી યુક્ત થઇ ગઈ. તે વખતે કશ્યપજીએ પણ અતિ વિસ્મયપૂર્વક "જય હો" એમ કહ્યું. તે વખતે વિચિત્ર લીલા કરવાવાળા નટની માફક શ્રી હરિએ બધાના દેખતાં વામન (નાનું) બ્રહ્મચારીનું રૂપ ધારણ કર્યું. પછી તેમનો જાતસંસ્કાર કરાવ્યો. પછી તેમને ઉપનયનવિધિ થઇ ત્યારે સૂર્યે ગાયત્રીનો ઉપદેશ આપ્યો. બૃહસ્પતિએ યજ્ઞોપવીત આપ્યું અને કશ્યપજીએ મેખલા આપી, કુબેરજીએ ભિક્ષાનું પાત્ર આપ્યું અને ભગવતી ઉમાએ તેમાં ભિક્ષા આપી.

થોડા વખત પછી નર્મદાકાંઠે ભરૂચમાં જ્યાં બલિરાજા અશ્વમેધનું અનુષ્ઠાન કરતા હતા ત્યાં વામન ભગવાન પધાર્યા. તેમણે માયાથી બટુક રૂપ ધારણ કર્યું હતું. તે વામન-બ્રાહ્મણ રૂપ શ્રીહરિને જોઇને ભૃગુપુત્રના શિષ્યો ઊભા થયા અને તેમનો સત્કાર કર્યો. બલિરાજાએ પણ તેમને નમસ્કાર કરી પ્રસન્નતાપૂર્વક આસન આપ્યું. બલિરાજાએ તેમના ચરણ ધોઇ પૂજન કર્યું અને ચરણોદક પોતાના મસ્તક પર રાખ્યું. પછી બલિરાજાએ કહ્યું; 'આપ ભલે પધાર્યા, આપને નમસ્કાર છે. કહો હું આપનું શું કામ કરું? હે આર્ય! હું તો આપને સાક્ષાત્ બ્રહ્મર્ષિઓનું મૂર્તિમાન તપ સમજું છું."

હિંદુધર્મમાં ઉત્તમ પુરુષને "આર્ય" કહેવાનો રિવાજ છે. સીતાજી પણ રામચંદ્રજીને આર્યપુત્ર કહીને બોલાવતાં હતાં. આર્ય એટલે સંસ્કારી અથવા બ્રહ્મજ્ઞાની પુરુષ, એવો અર્થ થાય છે.

બલિરાજા વામનજીને કહે છે કે આપના ચરણોથી આ ભૂમિ પવિત્ર થઈ ગઈ છે. હે બ્રહ્મણકુમાર! આપ કોઇ ભિક્ષા માટે આવ્યા હો તેવું લાગે છે, માટે આપને જોઈએ તો ગાય, સોનું, સામગ્રીવાળું

ઘર, અન્ન, જળ, કન્યા, ગામ, ઘોડા, હાથી અથવા રથ–જે જોઇએ તે ખુશીથી માગી લ્યો.

વામન ભગવાને કહ્યું:—તમારું મધુર વચન તમારા કુળને યોગ્ય જ છે. વળી પારલૌકિક ધર્મમાં તમારે ત્યાં શુક્રાચાર્ય તથા પ્રહ્લાદજી પ્રમાણસ્વરૂપ થયા છે. (આહીં પ્રમાણ શબ્દ સંસ્કારી જીવનને લાગુ પડે છે.) તમારા કુળમાં કોઈ નિઃસત્ત્વ કે કૃપણ (લોભી) થયા નથી, કોઇએ બ્રાહ્મણની માગણીનો તિરસ્કાર કર્યો નથી, કોઈએ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો નથી. તમારા કુળમાં હિરણ્યકશિપુ થયા છે. તે જ્યારે ભગવાન વિષ્ણુને મારવા આવ્યા ત્યારે વિષ્ણુ ભગવાને વિચાર કર્યો કે "જેમ મૃત્યુ પ્રાણીઓની પછવાડે ફરે છે તેમ આ બાહ્ય દૃષ્ટિવાળો દૈત્ય હું જ્યાં જઇશ ત્યાં મારી પછવાડે ફરશે. તેથી વિષ્ણુ ભગવાને હિરણ્યકશિપુના શરીરમાં જેમ શ્વાસ વાયુમાં લીન થઇ જાય તેવું સૂક્ષ્મ શરીર ધારણ કરી તેમાં પ્રવેશ કર્યો. (૮–૧૯–૧૦) પછી ભગવાન તેને ન મળવાથી ક્રોધ થયો. બધે શોધતાં તેને ભગવાન ન મળ્યા. તેથી તેને લાગ્યું કે મારા ભાઈને મારનાર વિષ્ણુ એવા લોકમાં ચાલ્યા ગયા છે કે જ્યાંથી જીવ પાછો આવતો નથી. વેર તો દેહ હોય ત્યાંસુધી રહે છે, ક્રોધ અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને અહંકારથી તેની વૃદ્ધિ થાય છે. આપ ધર્મમાં રહો છો તે હું જાણું છું.

ઉપરની કથામાં ભગવાન વિષ્ણુ હિરણ્યકશિપુના પ્રાણરૂપ થઈ ગયા હતા એવું આવે છે. તેથી તે દૈત્ય ભગવાનને જોઇ શક્યો નહિ. આજે પણ જ્યારે આપણું જ્ઞાન પ્રાણની લાગણીને વશ થઇ જાય છે ત્યારે આત્મજ્ઞાન થતું નથી અને પ્રાણનું સુખ પ્રમાણ થઇ જાય છે. જેમ શુદ્ધ સ્ફટિક પાસે લાલ પુષ્પ પડયું હોય અને કોઇ કારણથી લાલ પુષ્પ ન દેખાય તો સ્ફટિક લાલ છે એવી ભ્રાંતિ ઉત્પન્ન થાય છે, તેમ પ્રાણ જડ છે છતાં તેમાં ચેતન હોય તેવું લાગે છે. તેમાં જે ચેતનપણું છે તે અવ્યક્ત વિષ્ણુનું છે, પણ

અહંકારથી જીવ પોતાનું માને છે. જીવની સ્થિતિને લઇને પ્રાણની સ્થિતિ છે તેથી પ્રાણ ધારણ કરે તેને જીવ કહે છે, સ્થિતિ આપનાર તત્ત્વને વિષ્ણુનું સ્વરૂપ પણ કહે છે. પણ પ્રાણરૂપે વિષ્ણુનો અનુભવ મળવો મુશ્કેલ છે. તેથી હિરણ્યકશિપુ ભગવાનને ત્યાં શોધી શક્યો નહિ. હવે વામન ભગવાન બલિરાજાને કહે છે કે 'હે દૈત્યેન્દ્ર! વરદાનીઓમાં શ્રેષ્ઠ! હું તો આપની પાસે મારાં ત્રણ પગલાંથી મપાય તેવી થોડી જ પૃથ્વી માગું છું. હે રાજા! તું ઘણો ઉદાર છે, અને સંપૂર્ણ જગતનો સ્વામી છે, મારે આ સિવાય બીજી કોઇ વસ્તુની ઈચ્છા નથી. જો કોઈ વિદ્વાન પોતાની જરૂરીઆતથી વધારે દાન ન લે તો તેને કોઇ પ્રકારનું પાપ લાગતું નથી. (૮-૧૯-૧૭).

બલિરાજાએ કહ્યું—હે બ્રાહ્મણકુમાર! તમારી વાતો તો વૃદ્ધ પુરુષોના જેવી છે, પણ હજુ તમે બાળક છો. તમારી બુદ્ધિ બાળકોના જેવી છે. તમને તમારા સ્વાર્થનો કાંઇ ખ્યાલ નથી. હું ત્રણ લોકનો એકમાત્ર અધિપતિ છું, છતાં તમે ફક્ત ત્રણ પગલાં પૃથ્વી માગો છો તે તમારૂં અજ્ઞાન સૂચવે છે. મારી પાસે જે યાચના કરવા આવે છે તેને બીજી કોઈ જગ્યાએ માગવાની જરૂર પડતી નથી, માટે તમે મારી પાસે તમારી ઈચ્છા પ્રમાણે જીવન ચલાવવા માટે પૂરતી પૃથ્વી માગી લ્યો. (૮-૧૯-૨૦)

શ્રી ભગવાન કહે છે:—

यावन्तो विषयाः प्रेष्ठास्त्रिलोक्यामजितेन्द्रियम् ।
न शक्नुवन्ति ते सर्वे प्रतिपूरयितुं नृप ॥

(૮-૧૯-૨૧)

અર્થ—હે રાજા! ત્રણે લોકમાં જેટલા પ્રિય વિષયો છે તે બધા મળીને પણ અજિતેન્દ્રિય પુરુષના મનોરથ પૂર્ણ કરી શકતા નથી.

જે પુરુષને ત્રણ પગલાં પૃથ્વીથી સંતોષ નથી, તેને સાતે દ્વીપોની ઈચ્છા રહેવાથી નવ ખંડવાળા એક દ્વીપથી પણ સંતોષ થતો નથી.

મેં સાંભળ્યું છે કે રાજાઓ સાતે દ્વીપના સ્વામી હોવા છતાં ધન અને ભોગોના સંગ્રહથી તૃષ્ણાની પાર જઇ શક્યા ન હોતા. વળી—

यदृच्छयोपपन्नेन संतुष्टो वर्तते सुखम् ।
नासंतुष्टस्त्रिभिर्लोकैरजितात्मोपसादितैः ॥ (૮-૧૯-૨૪)

અર્થ—જે કાંઇ પ્રારબ્ધવશ મળી જાય તેનાથી સંતુષ્ટ રહેવાવાળો પુરૂષ સદા સુખી રહે છે. પરંતુ અસંતુષ્ટ રહેવાવાળા અજિતેન્દ્રિય પુરુષને ત્રણે લોકનું રાજ્ય મળે તો પણ સુખી થતો નથી.

पुंसोऽयं संसृतेर्हेतुरसंतोषोऽर्थकामयोः ।
यदृच्छयोपपन्नेन संतोषो मुक्तये स्मृतः ॥ (૮-૧૯-૨૫)

અર્થ—અર્થ અને કામ (એટલે સ્ત્રી-પુત્રની ઇચ્છા અને ધનની ઇચ્છા)થી જેને સંતોષ થતો નથી તેની વાસના જન્મમરણરૂપ સંસારનું કારણ છે, અને પોતાને મળેલ પદાર્થોથી સંતોષી રહેવું તે મોક્ષનું કારણ છે. જે મળ્યું હોય તેનાથી જેને સંતોષ રહે છે તેના તેજની વૃદ્ધિ થાય છે અને જેમ જળથી અગ્નિ શાંત થઇ જાય છે તેમ અસંતોષથી તેજ શાંત થઇ જાય છે.”

આંહી આત્માનું તેજ સમજવાનું છે. હાલના કાળમાં તેજસ્વી માણસો વધારે પ્રમાણમાં દેખાતાં નથી, કારણ કે તેમને અર્થ અને કામના ભોગની સીમા નથી. પશ્ચિમના દેશોના માણસોની એવી દશા છે અને પૂર્વના દેશોના માણસોની પણ એવી દશા છે. ઉત્તમ સંસ્કાર વગર પ્રજામાં સંતોષી જીવન ઉત્પન્ન થતું નથી. જ્યાં સંતોષ નથી ત્યાં વારંવાર લડાઇઓ ઉત્પન્ન થયા કરે છે.

બલિરાજાએ ભગવાનને કહ્યું, કે “ભલે, તમારી ઇચ્છા હોય તે પ્રમાણે લો.” એમ કહી તેણે વામન ભગવાનને ત્રણ પગલાં પૃથ્વી આપવા માટે સંકલ્પ કરવા માટે જલનું પાત્ર હાથમાં લીધું. તે વખતે તેના ગુરુ શુક્રાચાર્યે ભગવાનનો હેતુ જાણીને બલિને કહ્યું, કે “આ તો સાક્ષાત્ અવ્યય ભગવાન વિષ્ણુ છે. તેં ભવિષ્યનો વિચાર

કર્યા વગર પૃથ્વીનું દાન દેવાનો નિશ્ચય કર્યો છે તે બરાબર નથી. આ માયાવામન-રૂપ વિષ્ણુ તારું સ્થાન, ઐશ્વર્ય, લક્ષ્મી, તેજ અને કીર્તિ બધું હરણ કરશે અને ઇન્દ્રને આપી દેશે. (૮–૧૯–૩૨) એ વિશ્વ-રૂપ હોવાથી ત્રણ પગલાંમાં ત્રણ લોકને માપી લેશે. પછી તું તારો નિર્વાહ શી રીતે કરીશ. આ વિશ્વવ્યાપક ભગવાન એક પગથી પૃથ્વી, બીજાથી સ્વર્ગ અને વિશાળ શરીરથી આકાશને વ્યાપ્ત કરી દેશે. પછી ત્રીજા પગ માટે પણ જગ્યા રહેશે નહિ અને પ્રતિજ્ઞા કરેલ વસ્તુ તું દઇ શકીશ નહી તો તારે નરકમાં જવું પડશે. જે દાનથી પોતાની આજીવિકા નષ્ટ થઇ જાય તે દાનને પંડિતો વખાણતા નથી. જે પોતાની આજીવિકાનું સાધન રાખે છે તે પુરુષ જ દાન, યજ્ઞ, તપ અને કર્મોનું અનુષ્ઠાન કરી શકે છે. વળી તને એમ લાગે કે પ્રતિજ્ઞા-ભંગનો અપરાધ લાગે તો શું કરવું તો ઋગ્વેદની શ્રુતિમાં કહેલ છે કે જે કામનો લોકમાં ૐ કહીને સ્વીકાર કરાય તે સત્ય છે અને બીજું અસત્ય છે. (૮–૧૯–૩૮) સત્ય તો દેહરૂપી વૃક્ષનાં પુષ્પ અને ફલ છે અને દેહનું મૂળ અસત્ય છે. ૐ એ અક્ષરનો ઉચ્ચાર કરનાર માણસ ધનથી દૂર થાય છે. જે પુરુષ ૐ કહે છે એટલે હું દઇશ એમ કહે છે તેનું ધન જતું રહે છે. જે "નહિ" એવું મિથ્યા વચન કહે છે, તેનું ધનધાન્ય ઠીક રહે છે. જે "સર્વદા નહિ" એમ કહે છે તે અસત્ય ભાષણ હોવાથી તેની દુષ્કીર્તિ થાય છે, તે શ્વાસ લેતો છતાં મરેલા જેવો છે. સ્ત્રીઓને વશ રાખ-વામાં, મશ્કરીમાં, વિવાહમાં, વરની સ્તુતિ કરતી વખતે, પોતાની આજીવિકાના રક્ષણ માટે, પ્રાણસંકટ વખતે, ગાય અને બ્રાહ્મણના હિતને માટે અને કોઇની હિંસા થતી હોય ત્યારે અસત્ય ભાષણ કરવું એ નિંદાપાત્ર નથી. (૮–૧૯–૪૩)

આંહી બે બાબત સમજવા જેવી છે. શુક્રાચાર્ય જેવા ગુરુ હોય અને શિષ્યને સંસારનો લાભ બતાવતા હોય તો તેવા ગુરુનું કહેવું માનવું કે નહિ ? બીજું ગૃહસ્થોને માટે માત્ર ૐનો ઉચ્ચાર કર-

વાની શાસ્ત્રમાં મના છે. તેમને માટે ૐની સાથે ભગવાનનું નામ વાસુદેવ, શિવ વગેરે લેવું જોઈએ. ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે ધનની જરૂર પડે છે અને આંહી શુક્રનીતિમાં એમ જણાવેલ છે કે જે માત્ર ૐ બોલે છે તેનું ધન જતું રહે છે. તેથી શાસ્ત્ર પ્રમાણે કેવલ ૐનો ઉચ્ચાર સંન્યાસીઓ માટે રાખેલ છે.

બલિરાજા જવાબ આપે છે કે, "આપે કહ્યું કે ધર્મ એવી રીતે પાળવો જોઈએ કે જેથી અર્થ, કામ, યશ અને આજીવિકામાં બાધા ન પડે તે ઠીક છે, પણ હું પ્રહ્લાદના પુત્ર વિરોચનનો પુત્ર છું, તેથી એકવાર "દઈશ" એમ પ્રતિજ્ઞા કરીને ધનના લોભથી કૃપણની માફક ઈન્કાર કરી શકતો નથી. અસત્યથી વધારે મોટો કોઈ અધર્મ નથી. મરણ વખતે જે ધન વગેરે છોડવાં પડે છે તેને જીવતાં છોડવામાં શી હરકત છે? જે દાનથી લેનાર બ્રાહ્મણને સંતોષ ન થાય તે દાનથી શો લાભ છે? દધીચિ અને શિબિ વગેરે સાધુજનોએ તો પોતાના પ્રાણ બીજાના હિત માટે આપી દીધા છે, તો પૃથ્વી આપવામાં શું વિચાર કરવો. જેણે જેણે પૃથ્વી ભોગવી છે તે બધાનો નાશ થયો છે પણ કીર્તિનો નાશ થતો નથી. યુદ્ધ વખતે પીઠ બતાવ્યા વગર પોતાનો પ્રાણ આપનાર ત્યાગી તો ઘણા મળે છે પણ દાનનું પાત્ર મળતાં શ્રદ્ધાપૂર્વક ધનનું દાન કરવાવાળા બહુ ઓછા દેખાય છે. આવા પ્રસંગે દુર્ગતિ પણ કલ્યાણરૂપ થાય છે, માટે હું આ બટુકની ઇચ્છા પૂરી કરીશ. આ દાન લેનાર વિષ્ણું ભગવાન હોય કે ન હોય, હું તો તેણે માગેલી પૃથ્વી આપવાની પ્રતિજ્ઞા કરી બેઠો છું. જો મારું બધું લઇને મને તે અધર્મપૂર્વક બાંધશે તો પણ હું તેનો વધ કરીશ નહિ, કારણ કે મારા શત્રુ હોઇને બીકથી તેમણે બ્રાહ્મણનો વેશ લીધો છે. જો તે વિષ્ણુ ભગવાન હશે તો તે પોતાનો યશ છોડશે નહિ અને યુદ્ધમાં મને મારીને પણ આ પૃથ્વીને હરી લેશે અથવા બીજો કોઈ હશે તો હું એને મારી શકીશ."

આંહી ક્ષત્રિયના ધર્મ કરતાં બ્રાહ્મણનો ત્યાગધર્મ શ્રેષ્ઠ બતાવેલ છે. નવધા ભક્તિમાં પણ છેલ્લી ભક્તિ બલિરાજાની આત્મનિવેદન –ભક્તિ છે, તેની કીર્તિ હજુ પણ ગવાયા કરે છે.

પછી ગુરુ શુક્રાચાર્યે બલિને શાપ આપ્યો, "તું અજ્ઞાની અને મૂઢ બુદ્ધિવાળો છે છતાં પોતાને પંડિત માને છે, તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરેલ છે તેથી તું તરત ઐશ્વર્યથી ભ્રષ્ટ થઇ જા."

બલિને આ શાપની કાંઇ અસર થઇ નહિ. તેણે વામન ભગવાનને ત્રણ પગલાં પૃથ્વી આપવાનો સંકલ્પ કર્યો. તે વખતે બલિરાજાની પત્ની વિન્ધ્યાવલી પણ ત્યાં આવી. પછી બલિએ ભગવાનના ચરણ ધોઇને જળ પોતાના મસ્તક ઉપર મૂકયું. દેવ, ગંધર્વ, વિદ્યાધર વગેરે બલિની સ્તુતિ કરવા લાગ્યા.

પછી બધાના દેખતાં ભગવાન અનન્તનું એ ત્રિગુણાત્મક વામનરૂપ વિચિત્ર રીતે વધવા લાગ્યું અને પૃથિવી, આકાશ, દિશા, સ્વર્ગ, પાતાલ, સમુદ્ર, પક્ષી, મનુષ્યો, દેવતા અને ઋષિઓ એ બધા તેમાં સમાઇ ગયા. મહાવિભૂતિ ભગવાનના એ ગુણમય શરીરમાં ઋત્વિક્, આચાર્ય અને દાસો સહિત મહારાજા બલિએ ભૂત, ઇંદ્રિય, વિષયો, અંતઃકરણ અને જીવો સહિત આ સંપૂર્ણ ત્રણગુણમય જગત જોયું. (૮–૨૦–૨૨)

વાસ્તવમાં જગત ત્રણ ગુણમય છે એટલે માયાનું કાર્ય છે. સાંખ્યશાસ્ત્રમાં એની બધી પ્રક્રિયા સમજાવેલી છે. ટુંકામાં, ભગવાનના પ્રાણ અને શરીરમાં સ્થાવરજંગમ બધાં પ્રાણીઓ બલિએ જોયાં. (૮–૨૦–૨૯) સર્વાત્મા ભગવાનમાં આ સંપૂર્ણ જગત જોઇને દૈત્યોને બહુ ભય થયો. તે વખતે ભગવાને શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં. તેમના પાર્ષદ સુનન્દ વગેરે પણ પ્રભુની પાસે આવી ગયા. ભગવાને પોતાના પગથી બલિની સંપૂર્ણ પૃથ્વી માપી લીધી. શરીરથી આકાશને અને ભુજાઓથી દિશાઓને ઘેરી

લીધી. બીજા પગથી સ્વર્ગને માપી લીધું, અને ત્રીજા પગ માટે તો અણુમાત્ર સ્થાન રહ્યું નહિ; કારણ કે ભગવાનનો બીજો પગ ઉપર ગયો, તેમાં મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક સમાઇ ગયા હતા.

આંહી બલિરાજાની શરણાગતિની કસોટી હતી. દરેક વ્યક્તિ કોઇ ને કોઈ રૂપમાં શરણભાવ રાખે છે. આસ્તિક માણસ એકને શરણે રહે છે અને નાસ્તિક માણસ અનેકને શરણે રહે છે. શરણાગત માણસ જ્યારે પ્રભુને શરણ થાય છે ત્યારે ઈચ્છાઓની નિવૃત્તિ થાય છે. શરણાગતિ શરૂ થતાં જ અહંકારમાં પરિવર્તન થાય છે. શરણાગતિ એ ભાવ છે, કર્મ નથી. ભાવ અને કર્મમાં ફેર એટલો છે કે ભાવ વર્તમાનમાં ફળ આપે છે અને કર્મ ભવિષ્યમાં ફળ આપે છે. વળી ભાવનો કર્તા સ્વયં સ્વતંત્રતા પૂર્વક ભાવ કરી શકે છે. કર્મ સંઘટનથી ઉત્પન્ન થાય છે. સંઘટન અનેક પ્રકારનાં હોય છે, કારણ કે અનેક જાતની નિર્બળતાનો સમૂહ એ જ વાસ્તવમાં સંઘટન છે. એ સામાન્ય નિયમ છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં પોતાથી ભિન્નની સહાયતાની તપાસ કરવી એ સંઘટન છે. સમાજ–જીવન એવી રીતે ચાલે છે.

બલિરાજાએ પોતાનું જીવન ઠીક કરવા માટે બીજા કોઇની સહાય માગી નહીં. તે પોતાની બુદ્ધિથી જ સાચો નિર્ણય કરી શક્યા હતા. તેમણે બહુમતિના ઉપર આધાર રાખ્યો નહીં, ગુરૂનું કહેવું પણ માન્યું નહીં.

વામન ભગવાનના ચરણ સત્યલોક સુધી પહોંચી જવાથી, તેના તેજથી બ્રહ્મા અને દેવોની કાન્તિ ફીકી પડી ગઇ. બધા દેવોએ ભગવાનની પુજા કરી અને ભગવાનને જુદા જુદા પ્રકારની ભેટ આપી. ત્રણ પગલાંમાં પોતાના સ્વામીની બધી પૃથ્વીનું હરણ થયેલું જોઈને દૈત્યોને બહુ ક્રોધ ચડયો. તેમને લાગ્યું કે આ તો

બ્રાહ્મણ નથી પણ માયાવીઓમાં પ્રધાન વિષ્ણુ છે. એ બ્રાહ્મણના વેશમાં છૂપા રહીને દેવોનું કાર્ય કરવા માગે છે. અમારા સ્વામી સત્યપરાયણ છે, બ્રાહ્મણભક્ત છે અને દયાળુ છે. વળી તેમણે યજ્ઞની દીક્ષા લીધી છે તેથી જુઠું બોલી શકે તેમ નથી માટે આ બટુકનો વધ કરવો એ જ યોગ્ય છે; એ જ અમારા સ્વામીની સેવા છે. એવી માન્યતાથી અસુરો અસ્ત્રશસ્ત્ર લઇને ઊભા થયા અને વામનજીને મારવા દોડયા, પણ ભગવાન વિષ્ણુના પાર્ષદો નન્દ, સુનન્દ વગેરેએ એ અસુરસેનાનો નાશ કરી નાખ્યો. બલિરાજાએ પણ પોતાના સૈન્યનાયકોને પાછા વાળ્યા અને કહ્યું કે આ વખતે અસુરોના કાર્યની સિદ્ધિ થશે નહિ. વિધાતા અનુકૂળ હોય ત્યારે તમે ઘણીવાર ભગવાનના પાર્ષદોને જીત્યા છે પણ આજે તેમની જીત થઈ છે. જો દૈવ અનુકૂળ થશે તો ફરી કોઇવાર આપણી જીત થશે, માટે યોગ્ય કાળ આવે ત્યાંસુધી રાહ જુઓ. (૮–૨૧–૨૪).

માણુસના જીવનમાં પણ ઘણીવાર દૈવી પ્રકૃતિ અને આસુરી પ્રકૃતિનું યુદ્ધ થાય છે. કોઇવાર દૈવી પ્રકૃતિની જીત થાય છે અને કોઇવાર આસુરી પ્રકૃતિની જીત થાય છે. સંસારમાં જ્યારે કોઈ ક્રોધી માણસ આપણી સામે આવે ત્યારે એમ માનવું કે શ્રી નરસિંહ ભગવાને દર્શન આપ્યાં અને કોઇ લોભી માણસ સામે આવે ત્યારે એમ માનવું કે વામન ભગવાને દર્શન આપ્યાં. એવી ભાવના રાખવાથી ચિત્તમાં શાંતિ ઠીક રહે છે. એવી શાંતિ મળે ત્યારે જાણવું કે ભગવાનના પાર્ષદ નન્દ અને સુનન્દનાં દર્શન થયાં.

બલિરાજાનાં વચનો સાંભળી દૈત્યો રસાતળમાં ચાલ્યા ગયા. પછી ગરુડજીએ વિરાટ ભગવાનનો આશય જાણીને બલિરાજાને વરુણના પાશથી બાંધ્યા. તે વખતે પૃથ્વી અને આકાશમાં હાહાકાર થઈ ગયો. પછી વામન ભગવાને બલિને કહ્યું કે "તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપવાનો સંકલ્પ કર્યો છે, તેમાં બે પગલાંમાં સંપૂર્ણ

પૃથ્વી સમાઈ ગઈ છે, હવે ત્રીજો પગ ક્યાં મૂકવો તે કહે." જો પ્રતિજ્ઞા પ્રમાણે તું દાન દઈશ નહિ તો તારે નરકમાં જવું પડશે." આ પ્રમાણે વામન ભગવાને બલિની વૃત્તિ ડગાવી તો પણ બલિએ સ્થિરતા રાખીને નીચે પ્રમાણે જવાબ આપ્યો :—

"આપ આપનો ત્રીજો પગ મારા મસ્તક ઉપર રાખો. હે ભગવાન! હું અપકીર્તિથી ડરું છું પણ નરકથી અથવા આપના દંડથી બીતો નથી. પૂજ્ય પુરુષો જે દંડ માણસોને આપે છે તે કલ્યાણકારક હોય છે. આપ પરોક્ષરૂપથી અસુરોના ગુરુ છો, કારણ કે અમારા કલ્યાણ માટે અમારા ઐશ્વર્યના નાશની જરૂર છે. જે સિદ્ધિ એકાન્તમાં યોગીઓને મળે છે તે દૈત્યોને આપની સાથે વેર બાંધવાથી પણ મળી શકે છે. (૮–૨૨–૬) આપે મને પકડયો છે અને વરુણ પાશથી બાંધ્યો છે તેથી મને શરમ નથી, તેમ દુઃખ પણ થતું નથી. હે પ્રભુ! મારા દાદા પ્રહ્લાદજી આપના નિજજન થયા છે; તે માત્ર આપના પરાયણ હતા, તેથી તેમના પિતા હિરણ્યકશિપુએ તેમને અનેક પ્રકારની પીડા આપી હતી, પણ મારા પિતામહ પ્રહ્લાદે એવો વિચાર કર્યો હતો કે "જેનું આયુષ્ય એક દિવસ સમાપ્ત થવાનું છે, એવા શરીરથી શું કામ છે? જે ધનનું હરણ કરે છે એવા કુટુંબથી શો લાભ છે? જન્મમરણરૂપ સંસાર-ચક્રના હેતુભૂત સ્ત્રીથી અને ઘર વગેરેથી મરણધર્મવાળા પુરુષને શો લાભ છે? એ તો આયુષ્યને બરબાદ કરવાવાળાં છે. તેમણે તો માણસોના સંસર્ગથી બીને આપનાં નિર્ભય અને નિશ્ચલ ચરણ-કમળોનો આશ્રય લીધો હતો. આ વખતે મને પણ વિધાતાએ આપની પાસે મૂકી દીધેલ છે. (૮–૨૨–૧૧)

આંહી સંસારના બધા લાભ કરતાં ભગવત્પ્રાપ્તિનો લાભ મોટો છે એમ જણાવેલ છે. પ્રહ્લાદની ભક્તિની કથામાં ભગવાને એમ જણાવેલ છે કે "રાક્ષસકુળમાં જન્મેલ માણસ પણ જો મારી

અનન્ય ભક્તિ કરે તો પણ હું તેની રક્ષા કરૂં છું અને તેને મારો બનાવું છું. મારામાં સમવિષમભાવ નથી." બલિરાજાની ભક્તિની કથામાં એક બાજુ આત્મસમર્પણ અને બીજી બાજુ ભગવાનનો અનુગ્રહ એ બન્નેનું ખરૂં સ્વરૂપ સમજવાનું છે. આપણે ભગવાન માટે બધું આપીએ પણ જ્યાંસુધી આપણી જગ્યા ન આપીએ એટલે આપણો અહંકાર અર્પણ ન કરીએ ત્યાંસુધી શરણાગતિ પૂરી થતી નથી. શરણ લેનારને શરણ કરવો એ બહુ અઘરૂં કામ છે, અર્પણ થનારને અર્પણ કરવો એ મુશ્કેલ છે, છતાં, બલિરાજાએ પોતાનું મસ્તક અર્પણ કરીને સાચું આત્મનિવેદન કરી બતાવેલ છે. મસ્તકની અંદર મન રહે છે, મન અર્પણ થાય તો ઉત્તમ ભક્તિ થઈ શકે છે. ગીતાના બારમા અધ્યાયમાં પણ ભગવાન અર્જુનને કહે છે કે મને મન અને બુદ્ધિ અર્પણ કર, તે ન બને તો અભ્યાસ–યોગ કર, વગેરે.

આ વખતે પ્રહ્લાદજી પણ ત્યાં આવી ચડયા. બલિરાજાએ તેમનાં દર્શન કર્યાં પણ વરુણના પાશથી પોતે બંધાયેલા હોવાથી આંસુભરી આંખોએ લજ્જાવશ થઈ નીચે મુખ કરી સ્તબ્ધ બની ગયા. પછી પ્રહ્લાદજીએ શ્રીહરિને નમસ્કાર કરીને તેમની સ્તુતિ કરતાં કહ્યું કે 'આ બલિને આપેજ સમૃદ્ધિવાન ઇન્દ્રનું પદ આપ્યું હતું અને આજે આપે જ તેનું હરણ કર્યું તે ઠીક છે. આપે મોહરૂપ રાજ્યલક્ષ્મીથી તેને ભ્રષ્ટ કરી દીધો તે આપનો મોટો ઉપકાર છે.

यथा हि विद्वानपिमुह्यतेयत-
स्तत्को विचष्टे गतिमात्मनो यथा।
तस्मै नमस्ते जगदीश्वराय वै
नारायणयाखिललोकसाक्षिणे ॥ ८-२२-१७

અર્થ–જે લક્ષ્મીથી વિદ્વાન માણસ પણ મોહિત થઇ જાય છે, તે જેની પાસે હોય તેવો કયો પુરુષ પોતાનું સ્વરૂપ બરાબર જાણી

શકે ? માટે એ લક્ષ્મીને હરવાવાળા સમસ્ત લોકના સાક્ષી જગદીશ્વર આપ શ્રી નારાયણદેવને અમારા નમસ્કાર છે. ઉપર કહ્યું તેમ સંસારમાં ધનને આપવાવાળા ભગવાન છે અને ધનને લઈ લેવાવાળા પણ ભગવાન છે. એવી ભાવના રાખી શકાય તો માણસના ચિત્તમાં શાંતિ રહી શકે પણ ધન આવે ત્યારે માણસમાં ગર્વ આવે છે અને જાય ત્યારે ભગવાનને ગાળો દેવાય છે. બધા દેશોના સંસ્કારની હાલ એવી દશા છે. મિટીંગો અને કોન્ફરન્સો થાય છે, છતાં છેવટનું સમાધાન થતું નથી પણ વિચાર કરીએ તો ધન જોઈએ છે શા માટે ?

ઉત્તર—કુટુંબ માટે.

પ્રશ્ન—કુટુંબ શા માટે જોઈએ છે ?

ઉત્તર—કુટુંબના સુખ માટે,

પ્રશ્ન—કુટુંબનું સુખ શા માટે જોઈએ છે ?

ઉત્તર—કારણ કે બીજા સુખની ખબર નથી.

આ પ્રમાણે વિચાર કરતાં જણાશે કે જ્યાંસુધી માણસને કુટુંબના સુખથી આગળના મહાન બ્રહ્મસુખની ખબર નથી અથવા એવી કેળવણી મળતી નથી, ત્યાંસુધી લક્ષ્મી માટે અને સ્ત્રી માટે હુલ્લડો અને લડાઈઓ વારંવાર ઉત્પન્ન થયા કરશે. પાકીસ્તાન અને હિંદની વચ્ચે લડાઈમાં ધન અને સ્ત્રીનાં હરણ એ હુલ્લડખોરોનો મુખ્ય ઉદ્દેશ હતો. મુસલમાની ધર્મમાં એવું તો પેગમ્બર સાહેબે કદાપિ કહેલ નથી.

મહાન પુરુષો સારા ઉપદેશ આપી જાય છે અને તે બગાડી નાખવાનું કામ સમાજના માણસો કરે છે. તેથી ભગવાનને ફરીથી કોઈ મહાત્માને મોકલવા પડે છે અથવા પોતાને અવતાર લેવો પડે છે. વસ્તી વધી પડે ત્યારે સંસ્કાર ઉપર પૂરતું ધ્યાન રાખી શકાતું નથી.

હવે બલિની સ્ત્રી વિંધ્યાવલી ત્યાં આવી અને ભગવાનને કહેવા લાગી કે,

क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते
स्वाम्यं तु तत्र कुधियोऽपर ईश कुर्युः।
कर्तुः प्रभोस्तव किमस्यत आवहन्ति
त्यक्तह्रियस्त्वदवरोपितकर्तृवादाः ॥ ८-२२-२०

અર્થ—હે ઈશ! આપે આપની ક્રીડાને માટે આ જગતની રચના કરી છે, તેમાં બીજા કુબુદ્ધિવાળા લોક પોતાની માલીકી માની બેઠા છે. આપ જગતના કર્તા, પ્રભુ અને સંહારક છો છતાં પોતાને કર્તા માની બેઠા છે એવા નિર્લજ્જ લોક આપને શું સમર્પણ કરી શકશે?

આનો ખરો અર્થ એવો છે કે જો બધું ભગવાનનું છે તો હું કાંઈક અર્પણ કરું છું એ ભાવના પણ ખોટી છે. જેમ પતિએ આપેલ લક્ષ્મીની મદદથી સ્ત્રી પતિની સેવા કરે છે તેમ ભગવાનનું આપેલું ભગવાનને માટે વાપરવાનું છે. એવી ભાવના રહે અને એવા સંસ્કારવાળી કેળવણી બધી શાળાઓમાં મળે તો લડાઈનું બી પણ બળી જાય.

હવે બ્રહ્માજી ભગવાનને કહે છે કે 'આપ આ બલિને છોડી દો, તેનું બધું હરાઈ ગયું છે, હવે એ દંડને પાત્ર નથી. તેણે બધી પૃથ્વી અને પોતાનું શરીર પણ આપને અર્પણ કરી આપેલ છે. (એટલે હવે દંડ કોને આપશો?) જે બલિએ આપને ખેદ વગર ત્રણે લોક સમર્પણ કરેલ છે તેને હવે કષ્ટ ન પડવું જોઈએ.

ભગવાને કહ્યું:—

ब्रह्मन्य यमनुगृह्णामि तद्विशो विधुनोम्यहम्।
यन्मदः पुरुषः स्तब्धो लोकं मां चावमन्यते ॥ ८-२२-२४

અર્થ—હે બ્રહ્મન્! હું જેના ઉપર કૃપા કરું છું તેનું બધું ધન હરી લઉં છું. કારણ કે ધનના મદથી ઉન્મત્ત થઈને તે પુરુષ મારો અને પૂજ્યલોકનો તિરસ્કાર કરવા લાગી જાય છે.

આ શ્લોક શેરબજારવાળાઓએ અને કાળાં બજાર કરવા-વાળાઓએ યાદ રાખવા જેવો છે.

ભગવાન કહે છે, 'ઘણા પુણ્યને અંતે જીવને મનુષ્યનું શરીર પ્રાપ્ત થાય છે. તેમાં જન્મ, કર્મ, અવસ્થા, રૂપ, વિદ્યા, ઐશ્વર્ય અને ધનના કારણથી જો ગર્વ ન થાય તો તે મારો અનુગ્રહ છે. જે મારે શરણે આવે છે તે બધા પ્રકારના શ્રેયના વિરોધી તથા માન અને ઉદ્ધતાઈના હેતુભૂત જાતિ વગેરેના અભિમાનથી કોઈ પ્રકારે મોહિત થતા નથી. આ રાજા બલિએ દુર્જય માયાને જીતી લીધી છે, તેથી આટલા કષ્ટમાં પણ તેને મોહ થતો નથી. તે ધનહિન થયો છે, પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયો છે, શત્રુથી તિરસ્કાર પામ્યો છે, બંધાયો છે, જાતિવાળાએ તેનો ત્યાગ કરેલ છે, છતાં સત્ય વચનથી તે ડગેલ નથી. મેં તેને કપટથી લોભાવ્યો છતાં તેણે પોતાનો ધર્મ છોડેલ નથી, તેથી મેં તેને તે ઉતમ પદ આપેલ છે કે જ્યાં આધિ, વ્યાધિ, તન્દ્રા, પરાભવ કે કોઇ પ્રકારનાં વિઘ્ન થતાં નથી.' પછી ભગવાને બાલને કહ્યું કે 'તમે હવે તમારા જાતિબંધુઓની સાથે સુતલ લોકમાં ચાલ્યા જાઓ. ત્યાં કોઇ તમારો પરાભવ કરી શકશે નહિ. ત્યાં હું તમારી સર્વ પ્રકારે રક્ષા કરીશ, અને તમે મને હમેશાં તમારી સમીપ રહેલ જોઇ શકશો. (૮–૨૨–૩૫) ત્યાં તમારો આસુરભાવ મારા પ્રભાવથી કુંઠિત થઇ જશે.'

પછી બલિરાજાએ કહ્યું કે:–આપને પ્રણામ કરવાનો પ્રયત્ન પણ શરણાગત ભકતોને ફલરૂપ થાય છે. જેવો અનુગ્રહ દેવોને પણ મળેલ નથી તેવો અનુગ્રહ મને આજે આપના તરફથી પ્રાપ્ત થયો છે.(૮-૨૩-૨).

હવે બલિરાજાને વારુણ પાશથી મુકત કરવામાં આવ્યા અને તે સુતલ લોકમાં ચાલ્યા ગયા. પછી ભગવાને ઇન્દ્રને સ્વર્ગનું રાજ્ય આપ્યું અને પોતે ઉપેન્દ્ર રૂપથી સંપૂર્ણ જગતનું શાસન કરવા લાગ્યા.

પછી પ્રહ્લાદે ફરીથી ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું, 'આપની આવી કૃપા તો બ્રહ્માજી, લક્ષ્મીજી કે મહાદેવજીને પણ મળી નથી. પણ મને એ આશ્ચર્ય થાય છે કે જેની કૃપાથી બ્રહ્માજીએ સૃષ્ટિ રચી

તેમની દયાને પાત્ર અમે આવી યોનિમાં શી રીતે જન્મ્યા ! આપની લીલા બહુ વિચિત્ર છે. આપની અપરિમિત યોગમાયાની લીલાથી આપે આ જગત રચ્યું છે, તેમાં આપનો ભક્તવત્સલ સ્વભાવ એ વિષમ જેવો જણાય છે.

सर्वात्मनः समदृशो विषमस्वभावो
भक्तप्रियो यदसि कल्पतरुस्वभावः ८–२३–८

આપ તો કલ્પતરુની માફક છો એટલે સમદર્શી હોવા છતાં પણ બધાંને પોતાની ભાવનાને અનુસાર ફળ મળે છે.

આ બાબત હાલના સાપેક્ષવાદના સાયન્સથી પણ સિદ્ધ થાય છે, તેને દષ્ટિસૃષ્ટિવાદ પણ કહે છે.

ભગવાને પ્રહ્‌લાદને કહ્યું કે તમે પણ બલિની સાથે સુતલ લોકમાં જાઓ. ત્યાં તમને મારાં નિત્ય દર્શન થશે અને તેથી ઉત્પન્ન થતા આનંદથી તમારાં કર્મબંધન નષ્ટ થશે.

શુક્રાચાર્યે પણ ભગવાનની સ્તુતિ કરી અને કહ્યું કે 'મનુષ્યોનું પરમ કલ્યાણ તો એમાં જ રહેલું છે કે આપની આજ્ઞાનું પાલન થાય.

પછી બ્રહ્મા વગેરે લોકપાલો પોતાના સ્થાને ગયા. બધાએ અદિતિના વ્રતની પ્રશંસા કરી. અદિતિના જેવું વ્રત આજે પણ કોઈ બહેન કરે અને તેને ત્યાં વામન ભગવાનના જેવો અવતાર થાય તો અસુરોથી ત્રાસ પામતી આપણી પૃથ્વીની મુક્તિ પણ થાય. તેમાં બહુમતિનું (majority) નું કામ નથી પણ ઉત્તમ મતિનું કામ છે.

પ્રકરણ ૨૦

વૃત્તિરૂપી માછલી

આઠમા સ્કંધમાં મન્વન્તરોની કથા આવે છે એટલે એક પ્રકારની મનોવૃત્તિમાંથી બીજા પ્રકારની મનોવૃત્તિમાં કેમ આવવું તેની

સાધના બતાવેલ છે. ગજેન્દ્રમોક્ષમાં તમોગુણી વૃત્તિની મુક્તિનું પ્રકરણ છે. સમુદ્રમન્થનમાં અને મોહિનીઅવતારમાં રજોગુણી વૃત્તિનું સ્વરૂપ બતાવેલ છે. બલિરાજાના પ્રસંગમાં સાત્ત્વિક વૃત્તિનું સમર્પણ છે. આટલું કામ થઇ શકે તો વૃત્તિ બ્રહ્માકાર થઇ શકે. બ્રહ્માકાર-વૃત્તિનું સ્વરૂપ સમજવા માટે શુકદેવજી પરીક્ષિત રાજાને ભગવાનના મત્સ્યાવતારની કથા હવે કહે છે.

પરીક્ષિત રાજાનો પ્રશ્ન એવો છે કે ભગવાન સર્વસમર્થ હોવા છતાં કર્મબંધનમાં પડેલા જીવોની માફક શરીર શા માટે ધારણ કરે છે? તેના જવાબમાં શુકદેવજી કહે છે કે ભગવાન બધાના ઇશ્વર હોવા છતાં ગાયો, બ્રાહ્મણો, દેવો, સાધુઓ, વેદ અને ધર્મ અને અર્થની રક્ષાને માટે માયાથી શરીર ધારણ કરે છે વળી:—

उच्चावचेषु भूतेषु चरन्वायुरिवेश्वरः ।
नोच्चावचत्वं भजते निर्गुणत्वाद्धियो गुणैः ॥

૮–૨૪–૬

અર્થ–ભગવાન નિર્ગુણ છે તેથી વાયુની માફક સમાન હોવાથી ઉચ્ચ–નીચ પ્રાણીઓમાં વિચરતા છતાં તે પ્રાણીઓની બુદ્ધિના ગુણોથી ઉચ્ચ–નીચ ભાવને પ્રાપ્ત થતા નથી.

અવતાર શુદ્ધ સત્ત્વગુણી અંતઃકરણમાં થાય છે. જે ગુણ રજોગુણ અને તમોગુણને તાબે કરીને રહે છે તેને શુદ્ધ સત્ત્વગુણ કહે છે. સાધારણ માણસો રજોગુણ અને તમોગુણથી વશ થઈને રહે છે તેથી તેમનામાં મલિન સત્ત્વગુણ રહે છે. તેથી તેમને કર્મ પ્રમાણે જન્મ આવે છે, પણ ભગવાન શુદ્ધ સત્ત્વગુણવાળી માયાનો આધાર લઈને અવતાર લે છે તેથી તેમની ઇચ્છા પ્રમાણે કામ કરી શકે છે. વળી ભગવાનને પોતાને માટે અવતાર લેવાનું નથી પણ બીજાના રક્ષણ માટે અવતાર લે છે.

શુકદેવજી કહે છે "હે રાજા! પાછલા કલ્પના અન્તમાં

જ્યારે બ્રાહ્મ નામનો નૈમિત્તિક પ્રલય થયો હતો ત્યારે ભૂઃ ભુવઃ વગેરે સંપૂર્ણ લોક જલમાં ડૂબી ગયા હતા. કાલક્રમથી તે વખતે બ્રહ્માજી સૂઈ જવાથી તેમના મુખમાંથી નીકળેલ વેદ કે જે તેમની પાસે પડયા હતા તે હયગ્રીવ નામનો દૈત્ય હરી ગયો હતો. એ દૈત્યની ચેષ્ટા ભગવાને જાણી લીધી અને વેદને બચાવવા માટે ભગવાને માછલીનું રૂપ લીધું. (૮–૨૪–૯)

દરેક જીવનું જ્ઞાન પણ આસુરી વૃત્તિથી ઢંકાઈ જાય છે અને તેથી આવરણભંગ માટે બ્રહ્માકાર વૃત્તિરૂપ માછલીની જરૂર પડે છે.

આ વખતે સત્યવ્રત નામનો એક મહાન રાજર્ષિ ભગવત્પરાયણ રહી કેવળ જળનું પાન કરી તપ કરતો હતો. તેને શ્રીહરિએ મનુના પદ ઉપર રાખ્યો હતો. એકવાર તે કૃતમાલા નદીના જળમાં તર્પણ કરતો હતો, તે વખતે તેના હાથમાં એક નાની માછલી આવી. પછી સત્યવ્રતે તે માછલીને પાણી સહિત નદીના જળમાં છોડી દીધી. તે વખતે માછલીએ રાજાને કહ્યું કે " મને મારી જાતિવાળાં બીજા માછલાં ખાઈ જશે તેથી હું ડરું છું. માટે મને નદીના જળમાં ફરીથી નાખો નહી. રાજા તે ભગવાનના સ્વરૂપને ઓળખી શક્યો નહિ અને માછલીનો બચાવ કરવાનો નિશ્ચય કર્યો. પછી તે માછલીને કમંડળમાં રાખી રાજા પોતાના આશ્રમ ઉપર ગયો. તે માછલી એક રાત્રિમાં એટલી મોટી થઈ ગઈ કે કમંડળમાં સમાઈ શકતી નહોતી. તેથી તેણે રાજા પાસે વધારે વિસ્તારવાળી જગ્યાની માગણી કરી. (૮–૨૪–૧૮)

અહીં સમજવાનું એ છે કે જેમને સત્ય જાણવું છે એટલે જેમને બ્રહ્મનો સાક્ષાત્કાર કરવો છે તે બધા જીવો સત્યવ્રત સમજવાના છે. કૃતમાલા નદી એ સંસાર છે. તેમાં એક જીવ બીજા જીવને મારી નાખે છે અથવા માણસની વૃત્તિ સ્વરૂપમાં રહી શકતી નથી. સંસારમાં તે વૃત્તિને બીક પણ ઘણી લાગે છે. વૃત્તિ પોતે જડ છે

પણ વૃત્તિમાં આરૂઢ ચૈતન્ય આવરણભંગ કરી શકે છે. તેથી વૃત્તિને અથવા અંતઃકરણને ઠીક રાખવાની બહુ જરૂર છે. વૃત્તિને જો ઠીક ન રાખીએ તો બીજા તે વૃત્તિને બગાડી નાખે છે. યોગવાસિષ્ઠમાં કહેલ છે કે વૃત્તિની ચંચળતાના નાશ માટે બે ઉપાય છે. યોગ અને જ્ઞાન. વૃત્તિનો નિરોધ કરવો તેને યોગ કહે છે અને સમ્યક્ દર્શન અથવા બ્રહ્મદર્શનને જ્ઞાન કહે છે. યોગમાં વૃત્તિની એકાગ્રતાથી ચિત્તની ચંચળતા દૂર થાય છે અને જ્ઞાનમાર્ગમાં વૃત્તિની વિશાળતાથી ચિત્તની ચંચળતા દૂર થાય છે. ચાલુ પ્રસંગમાં માછલી પોતાને માટે વિશાલ જગ્યાની માગણી કરે છે.

પછી રાજાએ તે માછલીને એક માટલામાં નાખી તો ત્યાં પણ તે એક મુહૂર્તમાં માટલા જેવડી થઈ ગઈ. તેણે રાજાને કહ્યું કે આ માટલું મારે સુખપૂર્વક રહેવા યોગ્ય નથી. હું તમારે શરણ આવેલ છું, તેથી મને રહેવા માટે કોઈ મોટું સ્થાન આપો." રાજાએ પછી તેને સરોવરમાં નાખી તો ત્યાં પણ થોડી વારમાં તે સરોવરના જેવડી થઈ ગઈ.

કોઈ પણ સાધક જ્યારે આત્મસાક્ષાત્કારનું સાધન કરવા બેસે છે ત્યારે વખત જતાં તેની વૃત્તિ વિશાલ થવા લાગે છે. જ્યાંસુધી બ્રહ્મનો સાક્ષાત્કાર થતો નથી ત્યાંસુધી વૃત્તિમાં પૂરી શાન્તિ આવતી નથી. જળાશયમાં જ્યારે જુદીજુદી તરેહના તરંગો ઊછળતા રહે છે ત્યારે આકાશમાં રહેલા સ્થિર ચંદ્રમંડળના પ્રતિબિંબનું એ જળાશયમાં યથાર્થ રૂપે ભાન થતું નથી, પરંતુ જ્યારે તરંગો નિવૃત્ત થઈ જાય છે ત્યારે નિશ્ચલરૂપથી પ્રકાશમાન થયેલું ચંદ્રનું પ્રતિબિંબ સ્વચ્છ જોવામાં આવે છે; તેવી જ રીતે જ્યારે ચિત્તની વૃત્તિઓ વિષયાકાર થઇને ચંચળ રહે છે ત્યારે ચેતન ચંદ્રમંડળની પેઠે ચિત્તમાં પ્રતિબિંબિત થઈને તદાકાર થવાથી સ્વસ્વરૂપે ભાસતું નથી. જ્યારે ચિત્તવૃત્તિ નિરુદ્ધ થઈ જાય છે અથવા વિશાલ થઈ જાય છે ત્યારે ચંદ્રમંડળની

પેઠે ચેતન પોતાના સ્થિર રૂપમાં પ્રકાશે છે. વૃત્તિને જેટલી વિશાળ જગ્યા આપીએ તેટલાથી તે શાંત થતી નથી અને તે તેથી વધારે વિશાળતા માગ્યા કરે છે. તેવી જ રીતે માછલી પણ પોતા માટે વિશાળ જગ્યા માગે છે, અથવા જ્યાંસુધી વૃત્તિ બ્રહ્માકાર થતી નથી ત્યાંસુધી તેને અલ્પપણું લાગ્યા કરે છે અને સંતોષ થતો નથી. માછલીએ રાજાને કહ્યું કે મારી રક્ષા કરવી હોય તો મને કોઈ અક્ષય સરોવરમાં પહોંચાડી દ્યો. (૮–૨૪–૨૨) આ વિનંતી સાંભળી રાજાએ તેને અક્ષય સરોવરમાં નાખી. ત્યાં પણ તે વધી જવાથી છેવટે તેને સમુદ્રમાં નાખી દીધી. પછી માછલીએ રાજાને કહ્યું કે 'હે વીર! મને આંહી કોઈ મહા બળવાન મગર ખાઈ જશે, માટે મને સમુદ્રના જળમાં નાખો નહીં. (૮–૨૪–૨૪) તે વખતે રાજાએ તેને કહ્યું કે 'આ માછલીના રૂપમાં મને મોહ કરનાર આપ કોણ છો? આપે તો એક દિવસમાં જ સો યોજનવાળું સરોવર ઘેરી લીધું. એવી શકિતવાળો જીવ તો હજુ સુધી મેં કોઈ જગ્યાએ જોયેલ નથી. અવશ્ય આપ સાક્ષાત્ અવિનાશી હરિ શ્રી નારાયણ છો. આપે જીવો ઉપર કૃપા કરવાને માટે આ મત્સ્યનું રૂપ ધારણ કરેલ છે. આપને મારા નમસ્કાર છે. અમારા જેવા શરણાગતને માટે આપ જ મુખ્ય આત્મા અને ગતિ છો. આપના અવતાર તો પ્રાણીઓના કલ્યાણને માટે જ થયા કરે છે. આ અવતારનું પ્રયોજન હું જાણવા માગું છું. (૮–૨૪–૨૯)

ચૈતન્યમાં નાના–મોટાપણું કે વધવાપણું થતું નથી પણ વૃત્તિમાં જે નાનામોટાપણું માયાદ્વારા થાય છે તેને લઇને આરોપ-બુદ્ધિથી ચેતનમાં પણ વધવાપણું મનાય છે. હવે ભગવાન પોતાના અવતારનું પ્રયોજન સત્યવ્રત રાજાને કહે છેઃ–'આજથી સાતમે દિવસે ભૂઃ ભુવઃ વગેરે ત્રણે લોક કલ્પાન્તના સમુદ્રમાં ડૂબી જશે. તે વખતે તમારી પાસે એક મોટું વહાણ આવશે. તે વખતે તમે સાત ઋષિઓ સહિત, બધી ઔષધિઓ લઇને અને નાની મોટી ચીજો

લઈને એ વિશાળ વહાણ ઉપર ચડજો. તે વખતે સૂર્યનો પ્રકાશ નહિ હોય પણ સાત ઋષિઓના તેજથી તમે પ્રલયકાળના જળમાં ફરી શકશો. જ્યારે પ્રચંડ પવનના જોરથી તે વહાણ ડગમગ થવા લાગશે ત્યારે હું તમારી પાસે આવીશ. તમે વાસુકિ નાગનું દોરડું કરીને મારા શિંગડા સાથે તે વહાણને બાંધી દેજો. જ્યાંસુધી બ્રહ્માજીની રાત્રિ રહેશે ત્યાંસુધી વહાણ અને સાત ઋષિઓ સહિત તમને ખેંચતો હું પ્રલયકાળના સમુદ્રમાં રહીશ. તે વખતે તમારા પ્રશ્નોનો હું જવાબ આપીશ અને તમે પોતાના હૃદયમાં અપરોક્ષ અનુભવરૂપે મારા પરબ્રહ્મરૂપનો મહિમા જાણી શકશો. આટલું કહી ભગવાન ત્યાં અંતર્ધાન થઈ ગયા.

આંહી સામાન્ય માછલાની વાત નથી. સામાન્ય માછલાથી એવું કામ થઈ શકે નહિ. જે માછલું વધતાં વધતાં મોટું થઈ ગયું તેના સ્વરૂપની આંહી વાત છે. તેને ૨૪ મા અધ્યાયની શરૂઆતમાં માયા-મત્સ્ય કહેલ છે. (૮-૨૪-૧). એટલે એ એકપ્રકારની ભગવાનની માયા હતી. જેમ બલિરાજાના પ્રસંગમાં વામન ભગવાને પોતાના પગલારૂપી માયાને વિશાળ કરીને બતાવી હતી, તેમ માછલાની આ માયામાં પણ ધીરેધીરે વિશાળતા બતાવેલ છે. તે માણસના વૃત્તિજ્ઞાનને લાગુ થઈ શકે છે. વૃત્તિજ્ઞાન પણ માણસના જન્મ પછી ધીરેધીરે વધવા માંડે છે. વૃત્તિજ્ઞાનમાં જેટલી વિશાળતા આવે છે તેટલું જીવન ઉત્કૃષ્ટ થતું જાય છે. અંતઃકરણના પ્રકાશક પરિણામને વૃત્તિ કહે છે. એટલે માયા અને અંતઃકરણ, તેનું જ્ઞાનરૂપ જે પરિણામ થાય તેને અદ્વૈતમતની પરિભાષામાં વૃત્તિ કહે છે. આવું પરિણામ માણસના જન્મ પછી ધીરેધીરે વિશાળ થતું જાય છે, તમોગુણમાંથી રજોગુણમાં આવે છે અને રજોગુણમાંથી સત્ત્વગુણમાં આવે છે. વધારે પુરુષાર્થ થાય એટલે-પુરુષને માટે (આત્માને માટે) જીવન ગાળવામાં આવે તો છેવટે વૃત્તિ બ્રહ્માકાર પણ થઈ શકે છે.

વૃત્તિજ્ઞાન બે પ્રકારનું હોય છે. ૧. પ્રમા, ૨. અપ્રમા. પ્રમાણ-જન્ય જ્ઞાનને પ્રમા કહેવાય છે અને તેનાથી જુદું તે અપ્રમા કહેવાય છે. પ્રમાજ્ઞાન યથાર્થ જ થાય છે. અપ્રમા જ્ઞાન બે પ્રકારનું થાય છે. ૧. યથાર્થ અને ૨. ભ્રાંતિજન્ય. જે જ્ઞાનનો સંસારદશામાં બાધ ન થાય તે તે વખતે યથાર્થ કહેવાય છે. તેમાં ઇન્દ્રિયો પ્રમાણ છે પણ તે સાચું પ્રમાણ નથી. સાચા પ્રમાણનું લક્ષણ એવું છે કે જેનો વિષય બાધ ન પામે. પ્રમાણના છ ભેદ શાસ્ત્રમાં માનેલા છે. ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. શબ્દ, ૪. ઉપમાન, ૫. અર્થાપત્તિ અને ૬. અનુપલબ્ધિ. કોઇ શાસ્ત્રમાં ઓછાં પ્રમાણ માનેલ છે. આ બધાં પ્રમાણ વિગતવાર સમજવાની જેમની ઇચ્છા હોય તેમણે સાધુ નિશ્ચલદાસનું વૃત્તિપ્રભાકરનું પુસ્તક જોવું. વેદાન્તમાં પ્રમાણનો વિચાર બહુ જરૂરનો માનેલો છે તેથી જેમને બરાબર વિચાર કરતાં શીખવું હોય તેમણે એવાં પુસ્તકોનો અભ્યાસ કરવો જોઇએ. એ વિષય અઘરો છે તેથી કોઇ ગુરુ પાસે રહીને એનો અભ્યાસ કરવો જોઇએ. છતાં એ પુસ્તકની અંદર દેશકાળના પ્રમાણ માટે પૂરતો ખુલાસો મળી શકતો નથી. એ બાબત જાણવી હોય તેમણે અમારું પુસ્તક "દેશ અને કાળ"× વાંચવું. ટુંકમાં આ પ્રસંગમાં મુખ્ય બાબત એ સમજવાની છે કે આપણી વૃત્તિ બ્રહ્માકાર થવી જોઇએ. તેનાથી આવરણભંગ થાય છે અને સ્વરૂપપ્રકાશ થાય છે. એવી દશા પ્રાપ્ત થવા માટે જગત્-આકારે થતી વૃત્તિઓનો નાશ થવો જોઈએ. તે એક પ્રકારનો પ્રલય છે. એવા પ્રલયકાળની રાહ જોઈને સત્યવ્રત રાજા બેઠા હતા. સત્યવ્રત એટલે જેને સત્ય જાણવાની ઇચ્છા છે તે. સત્યમાં નાનાત્વ એટલે ભેદ બનતો નથી. એ વાત ભાગવતમાં બારમા સ્કંધમાં કહેલ છે. (૧૨-૪-૩૦) એટલે અદ્વૈત જ્ઞાન થાય ત્યારે

× મળવાનું ઠેકાણું :—સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર પાસે, અમદાવાદ.

સત્યની પ્રાપ્તિ થાય. એવું જ્ઞાન હાલના સત્યાગ્રહમાં નથી. રાજદ્વારી બાબતોમાં અને સામાજિક બાબતોમાં ઘણે ભાગે બે પક્ષો રહે છે. તે બન્નેને સંતોષ આપી શકાતો નથી.

સત્યવ્રત રાજા મત્સ્યરૂપ શ્રીહરિના ચરણનું ચિંતન કરવા લાગ્યા. તે વખતે મોટાં વાદળના વરસાદથી વધેલો સમુદ્ર પોતાની મર્યાદાને તોડીને ચારે તરફથી પૃથ્વીને ડૂબાવતો હોય એવો દેખાવ રાજાએ જોયો. પછી તેણે ભગવાનની આજ્ઞાનું સ્મરણ કર્યું અને એક વહાણ ત્યાં આવેલું જોયું.

તેના ઉપર ઓષધિઓ અને બી વગેરે લઈને સાત ઋષિઓ સહિત રાજા ચડી ગયો. તે વખતે મુનિઓએ રાજાને કહ્યું કે "હે રાજા! તમે શ્રી કેશવનું ધ્યાન કરો, તે આપણને આ સંકટમાંથી બચાવશે અને આપણું કલ્યાણ કરશે. રાજાએ ધ્યાન કર્યું અને પછી તે મહાસમુદ્રમાં એક લાખ યોજનવાળા વિસ્તારવાળો એક શિંગડા-વાળો સોનેરી રંગવાળો મોટો મત્સ્ય જોયો. ભગવાને પહેલાં કહ્યું હતું તે પ્રમાણે રાજા સત્યવ્રતે વાસુકિ નાગનું દોરડું કરીને વહાણ તેના શિંગડામાં બાંધી દીધું.

આપણે પણ આત્મજ્ઞાન તરફ વળતાં જ્યારે વૃત્તિ બ્રહ્માકાર થાય ત્યારે તેને એક બ્રહ્મસ્વરૂપમાં દૃઢ કરી લેવી જોઇએ. આંહી યોજનનું પ્રમાણ આપ્યું નથી પણ યોજનનો અર્થ જોડી દેવું એમ થાય છે અને એક લક્ષ્યમાં ચિત્તને જોડી દેનાર વૃત્તિને એક લાખ યોજનવાળી અથવા બ્રહ્માકાર વૃત્તિ કહી શકાય છે, વાસુકિ નાગનું દોરડું એ પણ વિશાળતાનું સુખ સૂચવે છે. વૃત્તિ જ્યારે બ્રહ્માકાર થાય ત્યારે વિશાળતા અને આનંદ મળે છે. તે અનુભવ યાદ રાખીને બ્રહ્મમય થવું જોઈએ. વાસુકિ નાગ એટલે બ્રહ્માકાર વૃત્તિ સમજવી.

હવે સત્યવ્રત રાજા નીચે પ્રમાણે ભગવાન મત્સ્યાવતારની સ્તુતિ કરે છે. તેમાં મત્સ્યાવતારની ગુરુરૂપે પણ સ્તુતિ કરેલ છે. ગુરુ

બ્રહ્માજી પાસેથી મળેલ વેદ લાવીને શિષ્યને આપે છે. ગુરુમાં બ્રહ્માકાર વૃત્તિ હોય છે, તેથી શિષ્યમાં પણ ગુરુ તેવી વૃત્તિ કરી આપે છે. જે વસ્તુ વધે છે તેને સંસ્કૃતમાં ગુરુ કહે છે અને જે ઘટે છે તેને લઘુ કહે છે. અપરોક્ષાનુભૂતિમાં કહેલ છે કે :—

निमेषार्धं न तिष्ठन्ति वृत्तिं ब्रह्ममयीं विना ।
यथा तिष्ठन्ति ब्रह्माद्याः सनकादयः शुकादयः ॥

અર્થ—જેમ બ્રહ્મા વગેરે, સનક વગેરે અને શુકદેવજી વગેરે એક નિમેષ પણ બ્રહ્માકાર વૃત્તિ વગર રહેતા નથી તેમ જ્ઞાની પુરુષો પણ સતત બ્રહ્માકાર વૃત્તિ વગર રહેતા નથી.

બલિ રાજાના ગુરુ શુક્રાચાર્ય સ્વાર્થી હતા તેથી બલિરાજાએ તેમનું કહેવું માન્યું નહોતું. આ પ્રકરણમાં વૃત્તિ બ્રહ્માકાર કરી આપે તેવા ગુરુરૂપ મત્સ્યની કથા આપેલી છે.

સત્યવ્રત રાજા મત્સ્ય ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે—

अनाद्यविद्योपहतात्मसंविद—
स्तन्मूलसंसारपरिश्रमातुराः ।
यदृच्छयेहोपसृता यमाप्नुयु—
र्विमुक्तिदो नः परमो गुरुर्भवान् ॥

૮–૨૪–૪૬

અર્થ—અનાદિ અવિદ્યાથી જેનું આત્મજ્ઞાન ઢંકાઈ ગયું છે એવા અવિદ્યામૂલક સંસારના શ્રમથી આતુર પુરુષ દૈવયોગે આપના અનુગ્રહથી જ આપના શરણમાં પહોંચી જાય છે, તે આપ અમારા મુક્તિદાયક પરમ ગુરુ છો.

અવિદ્યા ક્યારે ઉત્પન્ન થઈ તે કોઈ જાણી શકતું નથી. તેથી તેને અનાદિ કહે છે. અવિદ્યા એટલે આત્માનું વિસ્મરણ. આ વિસ્મરણ ક્યારે થયું તે કહી શકાતું નથી. સંસારના વ્યવહારમાં પણ આપણને કોઈ બાબતનું વિસ્મરણ થઈ જાય છે. ત્યાં વિસ્મરણ ક્યારે

થયું તેની તપાસ કરવા જઈએ તો તે વખત બરાબર મળી શકતો નથી. ખરી રીતે ભૂલ થાય ત્યારે જ તેની શોધ થવી જોઈએ, પણ ભૂલને વખતે ભૂલની શોધ થઇ શકતી નથી. સ્વપ્ન ક્યારે શરૂ થયું તે કોણ કહી શકશે? ઉંઘ કઇ મિનિટે આવી તે પણ કહી શકાતું નથી. તેવી જ રીતે અવિદ્યા ક્યારે શરૂ થઇ શકે તે કહી શકાતું નથી. તેથી તેને અનાદિ કહે છે. તેમાંથી જીવને છૂટકવું હોય તો ભગવાનના અનુગ્રહની જરૂર પડે છે અથવા ગુરુની મદદની જરૂર પડે છે. અનુગ્રહમાં બે શબ્દો છે: અનુ અને ગ્રહ, એટલે પહેલાં ભગવાનનું સ્મરણ કરીને પછી સંસારને ભગવાનના રૂપે જોવો તેને અનુગ્રહ કહે છે. અનુ એટલે પશ્ચાત્ અને ગ્રહ એટલે ગ્રહણ કરવું. તેમાંથી એવો અર્થ નીકળે છે. એ ભક્તિમાર્ગનો ક્રમ છે. એવી ટેવ પાડવાથી બધું જગત્ અભિન્ન-ભાવે દેખાવા લાગશે. અવિદ્યા એટલે દૃશ્ય સંસાર પહેલો યાદ આવે અને અનુગ્રહ એટલે ભગવાન પહેલાં યાદ આવે. અનુગ્રહ આવે ત્યારે અવિદ્યા રહે નહિ; અથવા મત્સ્યરૂપે અવતાર લઈને વેદ લાવી આપ્યા હતા તેમ ગુરુ શિષ્યની વૃત્તિ બ્રહ્માકાર કરાવી આપે તો આત્મજ્ઞાન મળે અને અવિદ્યા દૂર થાય. આંહિ ગુરુનો મહિમા બહુ શ્રેષ્ઠ બતાવેલ છે. શિષ્યની જિજ્ઞાસા બરાબર હોય અને ગુરુ પણ બ્રહ્મનિષ્ઠ હોય તો આત્મસાક્ષાત્કાર થતાં વાર લાગતી નથી. શુકદેવજીએ ફક્ત સાત દિવસની અંદર પરીક્ષિત રાજાને બ્રહ્મનો અનુભવ આપ્યો હતો. પહેલાં આત્મકૃપા થાય છે, એટલે જીવની અંદર જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે, પછી ઈશ્વરકૃપા થાય છે. તે પછી ગુરુકૃપા થાય છે. ઇશ્વરકૃપા અને જીવની શરણાગતિનો પ્રસંગ બલિરાજાની કથામાં આવી ગયો. હવે ગુરુકૃપાનો મહિમા આ સ્તુતિમાં આપવામાં આવેલ છે. આ કથામાં માછલાનું બે રૂપે વર્ણન આવે છે. પહેલાં માછલું વધવા માંડયું ત્યાં વૃત્તિની વ્યાપકતા સમજવાની છે અને પછી એક લાખ યોજનનું માછલું સંસારરૂપી વહાણને મદદ આપે છે ત્યાં ઈશ્વર ગુરુરૂપે કામ કરે છે

એમ સમજવાનું છે. બ્રહ્માકાર વૃત્તિ પણ ગુરુ જેવું કામ કરે છે. કારણ કે ગુરુ બ્રહ્માકાર વૃત્તિ કરવામાં મદદરૂપ થાય છે.

સત્યવ્રત રાજા કહે છે કે જે કારણથી અજ્ઞાની માણસ પોતાના કર્મબંધનમાં પડી સુખની ઇચ્છાથી દુઃખમય કર્મમાં પ્રવૃત્ત થાય છે એવી અસત્ બુદ્ધિને જેની સેવાના પ્રભાવથી જિજ્ઞાસુ માણસ છોડી દે છે તે અમારા પરમ ગુરુ આપ અમારા હૃદયની ગાંઠો કાપી નાખો. (૮–૨૪–૪૭).

શ્રીમદ્ભાગવતની કથા વખતે સાત ગાંઠવાળો વાંસ મૂકવામાં આવે છે. તેમાં દરેક દિવસની કથા પૂરી થાય ત્યારે એક ગાંઠ ભાંગી જાય છે. તે સાત ગાંઠો એટલે હૃદયની ગાંઠો સમજવાની છે. એ બાબત માહાત્મ્યમાં (મા. ૫–૬૫) સમજાવેલ છે. તે ગાંઠોનાં નામ શોધીએ તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યા એમ જાણી શકાય છે. હૃદયની આવી ગાંઠો બાબતનો એક શ્લોક એકાદશ સ્કંધમાં પણ આવે છે (૧૧–૨૦–૩૦) એ ગાંઠોનું કારણ અસત્ બુદ્ધિ છે અથવા અસતમાં સત્ બુદ્ધિ થવી તે છે. તેથી જ્ઞાન ઠીક કરવાની જરૂર છે. જ્ઞાન અને વૈરાગ્ય એ બન્ને ભક્તિના દીકરા છે. તેમને જુવાન કરવા માટે ગુરુની જરૂર પડે છે અને બ્રહ્માકાર વૃત્તિની પણ જરૂર પડે છે. બ્રહ્માકાર વૃત્તિથી અસત્ બુદ્ધિ દૂર થાય છે. મત્સ્યરૂપી જે ગુરુ પોતાનું સ્વરૂપ વિશાળ બનાવી શકે છે તે શિષ્યમાં પણ વિશાળતા લાવી શકે છે. હાલની વિદ્યાનો સારો ભાગ લઈએ તો પણ તે વિદ્યા પશુ જેવા માણસોને સારા નીતિવાળા બનાવવાનો પ્રયત્ન કરે છે, પણ માણસોને બ્રહ્મ બનાવવાની કળા અને વિદ્યા હાલની કેળવણીમાં નથી. જે મહાત્માઓ બ્રહ્મનિષ્ઠ હોય અને બ્રહ્મ-શ્રોત્રિય હોય તેમની પાસેથી જ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થઈ શકે છે. હાલની વિદ્યામાં સુખથી કેમ જીવવું એ શીખવવામાં આવે છે પણ સુખથી કેમ મરવું એ શીખવવામાં આવતું નથી. બ્રહ્મવિદ્યામાં એમ માનેલું

છે કે દરેક માણુસે એવાં કર્મ કરવાં જોઇએ કે જેથી આ જન્મમાં મુક્તિ મેળવે અથવા બીજો જન્મ આવે તો સારા સંસ્કારવાળા અને પવિત્ર કુટુંબમાં આવે. હાલના કાળમાં તો જેમને ઘેર જન્મ લેવાની ઇચ્છા થાય એવાં સારાં કુટુંબો પણ ઓછાં થઇ ગયાં છે.

અમેરીકામાં એક વર્ષમાં ૫૦ કરોડ પુસ્તકો પ્રસિદ્ધ થાય છે, એટલે રોજનાં લગભગ ૧૩ લાખ પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. છતાં તેનાથી સંસ્કાર સુધરતા નથી અને ઈચ્છા અને બીક વધતાં જાય છે. આપણા દેશમાં શ્રીમદ્ભાગવત જેવા એક ગ્રંથમાંથી જે જ્ઞાન મળી શકે છે તેટલું તેમનાં ૫૦ કરોડ પુસ્તકોમાં હશે કે નહિ તે શંકા જેવું છે. સારા સંસ્કાર માટે મન અને ઇન્દ્રિયોને વશ કરવાની જરૂર છે. તે માટે અભ્યાસ અને વૈરાગ્ય જોઇએ. અમેરીકામાં અને પશ્ચિમના દેશોમાં વૈરાગ્ય વધતો હોય અને સંસ્કાર સારા થતા હોય તો વારંવાર લડાઈ આવે નહિ. પાકીસ્તાન પણ પશ્ચિમને માર્ગે ચાલવાની ઈચ્છા કરતું હોય એવું જણાય છે. બહુ બગાડો થાય ત્યારે લોકસેવાની અને દેશસેવાની જરૂર પડે છે.

હાલના કાળમાં "સેવાધર્મ" એ મુખ્ય ધર્મ તરીકે જોર કરી રહેલ છે. બગાડાનું પ્રમાણ વધી જવાથી સુધારા ઉપર સુધારા કરવા પડે છે અને તે સુધારાનો અંત જણાતો નથી. સમાજસેવાથી કેટલાંક દુઃખ મટે છે પણ જન્મમરણનાં દુઃખ, વૃદ્ધાવસ્થાનાં દુઃખ વગેરે દૂર થતાં નથી. બીજાની સેવા કરવી, બીજાનું કલ્યાણ કરવું એ બહુ સારૂં કામ છે પણ તે સાથે આપણે કોણ? કલ્યાણ કેટલી પ્રકારનાં છે, માણસના જીવનનું મુખ્ય લક્ષ્ય શું હોવું જોઈએ, કોની સેવાથી સેવા થાય છે, કોની સત્તાથી જગત ચાલે છે વગેરે બાબતોનો વિચાર કરેલો ન હોય તો સેવા કરતાં કરતાં અનાત્મભાવ વધી જાય છે અને સેવાથી જે પ્રકારની શાંતિ ચિત્તમાં આવવી જોઈએ તેવી આવશે નહીં. સેવકની અંદર જે ગુણદોષ હોય તે તેની

સેવામાં ચાલ્યા આવે છે. પોતાની અપકવ દશામાં સમાજસેવક થઈ લોકકીર્તિને ઇષ્ટદેવ સમાન માનવાથી અને તે માટે ઉપરચોટીયા આચાર-વિચારના સેવનથી જન્મમરણના ચક્કરમાંથી છૂટી શકાતું નથી. તેથી જીવન સત્યવ્રત જેવું થઈ શકતું નથી. જેમ ઘુવડના રાજ્યમાં સૂર્યની ઉપાસના થઈ શકતી નથી તેમ જેઓને આત્માનો અનુભવ નથી અને જેઓનું તે તરફ લક્ષ્ય નથી તેમના સંગમાં રહીને આત્માનો અનુભવ લેવો એ બની શકતું નથી અને માત્ર સામે થવું એનો અર્થ સત્યાગ્રહ કરવામાં આવે છે. જે સત્યમાં ભેદ બની શકતો નથી, તેવા સત્યનો અનુભવ લેવાનું વ્રત તે સત્યવ્રત રાજાનું સ્વરૂપ સમજવાનું છે.

સત્યવ્રત રાજા સ્તુતિ કરતાં ભગવાનને કહે છે કે જે પ્રકારે અગ્નિ સોના-ચાંદીના મેલને દૂર કરી દે છે તે પ્રમાણે જેની સેવાથી પુરુષ પોતાના અંતઃકરણના અજ્ઞાનરૂપી મેલને ત્યાગી પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિત થઈ જાય છે, એવા ગુરુજનોના પણ પરમ ગુરુ આપ અવિનાશી ઈશ્વર જ અમારા પરમ ગુરુ થાઓ. (૮-૨૪-૪૮) હે પ્રભો! ગુરુ, દેવતા અને અન્ય જન એ બધા મળીને પણ જેના અનુગ્રહના દશ હજારમા અંશની સમાન કોઈ પુરુષની ઉપર સ્વયં કૃપા કરી શકતા નથી એવા આપ પરમેશ્વરનું હું શરણ લઉં છું."

સત્યવ્રત રાજા કહે છે; "જે પ્રકારે કોઈ આંધળો માણસ બીજા આંધળા માણસને દોરવાનું કામ કરે તો બન્ને ખાડામાં પડે છે તેમ અજ્ઞાની માણસોને ગુરુ બનાવવા એ વ્યર્થ કામ છે. આપ તો સૂર્યની સમાન સ્વયંપ્રકાશ અને બધી ઇંદ્રિયોના સાક્ષી છો તેથી આત્માને જાણવાની ઇચ્છાવાળા અમોએ આપને ગુરુ માનેલા છે." (૮-૨૪-૫૦)

જે ગુરુ આત્મજ્ઞાન આપતા નથી તે ખરા ગુરુ નથી. ખરો ધર્મ માણસના સાત્ત્વિક ભાવને જાગ્રત કરે છે અને આત્મજ્ઞાન આપે

છે. આત્મજ્ઞાનથી સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. તેને સુદર્શન ચક્ર કહે છે. એ સુદર્શન ચક્રની પાસે વાસનાનું જોર કેવી રીતે તૂટી જાય છે તેની કથા હવે પછી નવમા સ્કંધમાં દુર્વાસા અને અંબરીષ રાજાના પ્રસંગમાં આવશે. જ્યાં સાત્ત્વિક ભાવ નથી ત્યાં સમ્યક્ દર્શન ઉત્પન્ન થતું નથી અને અહંકાર વધે છે. એક દેશ માણસને મારવા માટે અમુક જાતના સંચા અને ઝેર ઉત્પન્ન કરે તો બીજો દેશ તે માટે એથી પણ વધારે મોટા સંચા અને વધારે પ્રબળ ઝેર ઉત્પન્ન કરે છે. જ્યાં રજોગુણ અને તમોગુણ વધે છે ત્યાં માણસો પશુ જેવા થતા જાય છે. અનીતિનું થોડુંક કારણ ગરીબાઈ છે પણ મોટું કારણ અજ્ઞાન છે. જ્યાં ડાહ્યા, નીતિવાળા અને જ્ઞાની માણસોની સંખ્યા વધે ત્યાં વૃત્તિરૂપી માછલું વધવા લાગે છે. માત્ર દેશસેવામાં પણ વૃત્તિ અટકે તો પણ માછલાનો પૂરો વિકાસ થતો નથી. દેશસેવા અને કોમસેવા એ પણ ઘણા ઝઘડાનું નિમિત્ત થાય છે. જે માણસો સત્તાવાળા હોય, જેમને બહુમતિનો ટેકો હોય છતાં તેમનામાં અજ્ઞાન હોય તો તે લડાઈઓ ઉત્પન્ન કરે છે. તેથી સમાજ માટે જેમ રોટલીની જરૂર છે તેમ ઇચ્છાઓ ઉપર અંકુશ રાખવાની પણ જરૂર છે. હાલના સુધારાએ ઇન્દ્રિયોના સુખ માટે વધારે સગવડો આપી છે, પણ ઇંદ્રિયો ઉપર સંયમ રાખવાથી કેવા ફાયદા થાય છે તે બતાવેલ નથી. શરીરને રહેવા માટે બહુ થોડી જગ્યા જોઈએ છે પણ મન ઠેકાણે ન હોય તો મોટા બંગલા પણ પૂરા થતા નથી. ખાવા માટે થોડું જોઈએ છે પણ મન ઠેકાણે ન હોય તો ઘણા પ્રકારનાં ભોજન અને અથાણાં અને ચટણીઓથી પણ સંતોષ થતો નથી. દરેક હોટલવાળા જીભને માટે નવી નવી વાનીઓ બનાવે છે છતાં જીભને સંતોષ થતો નથી. થોડાં કપડાંથી ચાલી શકે છે પણ મન ઠેકાણે ન હોય તો ઘણાં કપડાંથી પણ સંતોષ થતો નથી. વળી શરીરને શણગારવા માટે લીપ–સ્ટીક અને એવાં બીજાં અનેક સાધનો ઉત્પન્ન થયાં છે છતાં માણસનું જીવન પ્રેમમય થતું નથી

અને હુલ્લડો વધતાં જાય છે. 'તે તું છે.' એ એક નાના વાક્યમાં બધું જ્ઞાન સમાઇ જાય છે પણ મન ઠેકાણે ન હોય તો ઘણાં પુસ્તકોથી પણ સાચું જ્ઞાન મળતું નથી. આપણે કર્મ માટે જેટલા જવાબદાર છીએ તે કરતાં આપણા વિચાર માટે વધારે જવાબદાર છીએ. તેથી આપણી વૃત્તિરૂપી માછલું દિવસે દિવસે વિશાળ થવા લાગે તેવી રીતે રહેવું જોઇએ.

जनो जनस्यादिशतेऽसतीं मतिं
यया प्रपद्येत दुरत्ययं तमः
त्वं त्वव्ययं ज्ञानममोघमञ्जसा
प्रपद्यते येन जनो निजं पदम् ॥

૮–૨૪–૫૧

અર્થ—અજ્ઞાની પુરુષ તો બીજા અજ્ઞાની લોકોને અર્થ, કામ વગેરે વિષયવાળી અસદ્‌બુદ્ધિ ઉત્પન્ન થાય એવો ઉપદેશ આપે છે કે જેથી તેઓ દુસ્તર અંધકાર (સંસાર)માં જ પડે છે, પણ આપ તો અક્ષય અને અમોઘ જ્ઞાનનો જ ઉપદેશ કરો છો. તેથી મનુષ્ય સુગમતાથી આત્મસ્વરૂપને પ્રાપ્ત કરી લે છે. આ સિદ્ધાંત દેશ–સેવામાં પણ લાગુ પડે છે. ઘણા અજ્ઞાની માણસોને ગુરુ થવું ગમે છે અને જાણે કે પોતે માનેલ રસ્તે જ દેશનો ઉદ્ધાર થશે એમ માની બીજાને પોતાની નિશાળમાં બેસવાનું કહે છે. પણ બધા એક જ રસ્તે વળી શકતા નથી. દેશ–સેવામાં અને સમાજ–સેવામાં પક્ષ રહે છે અને તેથી અજ્ઞાન પણ રહે છે.

સંસારમાં શરીરને માટે કેટલીક સગવડની જરૂર છે, પણ સંસારમાં સાચું સુખ છે એ માન્યતા ખોટી છે. એકપણ સંસારના સુખની ઇચ્છા ભગવદ્‌ભાવની વિરોધી છે. સંસારી દશાવાળાને આત્મજ્ઞાન થતું નથી. વળી આત્માની શાંતિનો કાંઇક અનુભવ લીધા વગર જે સમાજસેવામાં જોડાય છે તેને પરિણામે અશાંતિ મળે છે.

આખું જગત સુધરે તો ઠીક એમ આપણને લાગે છે પણ આખું જગત કદાપિ સુધરતું નથી. જો સુધરે તો જગત રહે નહિ. વળી વ્યક્તિ તરીકે અમુક માણસ પણ એકદમ છેવટની ભૂમિકાએ પહોંચી શકતો નથી. તેથી વૃત્તિરૂપી માછલાની વિશાળતાની માફક જ્ઞાનમાર્ગમાં શુભેચ્છા, વિચારણા, તનુમાનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ, પદાર્થાભાવિની અને તુરીયા એમ સાત ભૂમિકા મૂકેલી છે.

શરૂઆતમાં જીવમાં શુભેચ્છા ઉત્પન્ન થવી જોઇએ. તે જીવની ખરાબ ઇચ્છાઓની શરણાગતિ છે. શરૂઆતમાં એવી દશાની ખાસ જરૂર છે, તેથી સત્યવ્રત રાજા પોતાની શરણાગતિ નિવેદન કરે છે.

સત્યવ્રત ભગવાનને કહે છે કે, "આપ સંપૂર્ણ લોકના સુહૃદ છો, પ્રિય છો, ઈશ્વર, આત્મા, ગુરુ અને જ્ઞાન અને ઇચ્છિત ફળસ્વરૂપ છો, પણ મોહ અને વિષયમાં આસક્ત માણસો હૃદયમાં બિરાજમાન આપ પરમેશ્વરને જાણી શકતા નથી. આ વખતે હું તત્ત્વજ્ઞાનનો ઉપદેશ મેળવવાને માટે આપ દેવશ્રેષ્ઠ પરમ પૂજનીય પરમેશ્વરના શરણમાં આવ્યો છું. હે ભગવાન! આપ પરમાર્થનો પ્રકાશ કરવાવાળાં આપનાં વચનોથી મારી હૃદયગ્રંથિઓનું છેદન કરો અને પોતાના સ્વરૂપનો પ્રકાશ કરો."

આંહી બ્રહ્મજિજ્ઞાસાનું સ્વરૂપ બરાબર બતાવેલ છે. આવી તીવ્ર જિજ્ઞાસા વગર અને આવી શરણાગતિ વગર ગુરુ પાસેથી જ્ઞાન મળતું નથી. દરેક વ્યક્તિ કોઈ-ને-કોઈ રૂપમાં શરણભાવ રાખે છે. તેમાં ભેદ એટલો છે કે આસ્તિક માણસ એકને શરણે રહે છે અને નાસ્તિક માણસ અનેકને શરણે રહે છે. આસ્તિક માણસ વસ્તુ અથવા મુખ્ય વસ્તુ તરફ ધ્યાન રાખે છે; નાસ્તિક માણસ પોતાની ઇચ્છાઓ પૂરી કરવા પ્રયત્ન કરે છે. જરૂરી વસ્તુ એક હોય છે, ઇચ્છાઓ અનેક હોય છે. જરૂરી વસ્તુ આત્મા છે. તેનો સાક્ષાત્કાર થયા પછી તેને મેળવવાની જરૂર રહેતી નથી. વિષયની ઇચ્છા પૂરી

કરવા જનાર માણસ શક્તિ વગરનો થતો જાય છે. તેથી શરણાગત જ્યારે પ્રભુને શરણુ થાય છે ત્યારે ઇચ્છાઓની નિવૃત્તિ થાય છે અને પ્રાપ્તની પ્રપ્તિ થાય છે. એ દશા કેવી હોય તેને માટે નવમા સ્કંધમાં અંબરીષ રાજાનું આખ્યાન આવશે શરણાગતિ શરુ થતાં જ અહંકારમાં પરિવર્તન થાય છે. તેની સામે દુર્વાસા રૂપી વાસનાઓ આવે તો પણ તે ગભરાતો નથી. સુદર્શન રૂપી સમ્યક્ દર્શનથી તેના સત્ય વ્રતની રક્ષા થાય છે

સત્યવ્રત રાજાની પ્રાર્થના પૂરી થયા પછી ભગવાને તેને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો, જેમાં સાંખ્ય, યોગ અને કર્મનો ઉલ્લેખ આવે છે. એવા આત્મરહસ્યયુક્ત મત્સ્યપુરાણ–સંહિતાનું ભગવાને સત્યવ્રત રાજા પાસે વર્ણન કર્યું; તથા ઋષિઓની સાથે વહાણમાં બેઠેલા રાજાએ ભગવાને કહેલું આ સનાતન બ્રહ્મતત્ત્વ નિઃશંકપણે શ્રવણ કર્યું. (૮–૨૪–૫૬)

પછી પ્રલયનો અન્ત થતાં જ્યારે બ્રહ્માજી સૂઈને ઊઠ્યા ત્યારે મત્સ્ય ભગવાને હયગ્રીવ દૈત્યને મારીને વેદ લાવી આપ્યા. સત્યવ્રત રાજા પણ વિષ્ણુની કૃપાથી આ કલ્પમાં વૈવસ્વત નામનો મનુ થયો. (૮–૨૪–૫૮)

શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે રાજર્ષિ સત્યવ્રત અને માયામત્સ્યરૂપ શ્રીવિષ્ણુ ભગવાનના સંવાદરૂપ આ મહાન આખ્યાનને જે સાંભળે તે મનુષ્ય બધાં પાપથી મુક્ત થાય છે. હાલ જે જાતની ફરજિયાત કેળવણી દાખલ કરવામાં આવે છે તેનાથી અજ્ઞાન દૂર થશે કે નહિ તે શંકા જેવું છે.

એક વખત કોઈ શિષ્યે પોતાના ગુરુને કહ્યું કે, "અમને બ્રહ્મનું સુખ આપો તો અમે સંસારનું સુખ છોડી દઈએ." ગુરુએ કહ્યું કે "કોઈ ગૃહસ્થનો એક જુવાન દીકરો અનીતિને માર્ગે ચડી ગયો હોય અને તેનું સગપણ કરવાનું હોય ત્યારે તેની આબરૂ ન

હોવાથી તેને કોઇ કન્યા આપતું ન હોય ત્યારે તેનો બાપ તેને કહે છે કે "તારી ખોટી ટેવ છોડી દે તો તારી આબરૂ બંધાય અને તને કોઈ કન્યા આપે." તે છોકરાએ જવાબ આપ્યો કે "તમે વિવાહ કરી આપો એટલે ટેવ જતી રહેશે." બાપ કહે છે કે ખોટી ટેવ ગયા વગર તારી આબરૂ બંધાશે નહિ અને આબરૂ બંધાયા વગર તને કોઇ કન્યા આપશે નહીં." માટે સિદ્ધાંતમાં, જેમનું મન સંસારના સુખમાં ભટકે છે તેમની પરમાત્મા પાસે આબરૂ નથી, તે પરમાત્માનું સુખ લેવાને માટે લાયક નથી.

તેથી સત્યવ્રત રાજાની માફક સત્ય વ્રત લેવાની જરૂર છે. તેનું સ્વરૂપ હવે નવમા સ્કંધમાં સ્પષ્ટ કરવામાં આવશે.

સ્કંધ નવમો

પ્રકરણ ૨૧

ભકિતનું તેજ

આઠમા સ્કંધમાં છેવટના ભાગમાં એક સત્યવ્રત રાજાની કથા આવી હતી. સત્યને માટે જે સાધન કરવાથી બ્રહ્માકાર વૃત્તિ થવા લાગે છે, અને પછી નવા પ્રકારનું તેજ અનુભવમાં આવે છે, તે કેવા પ્રકારનું છે તેની સમજણ આપવા માટે નવમા સ્કંધમાં સુદ્યુમ્નની કથા, ચ્યવનની આંખના તેજની કથા, અંબરીષ રાજાનું રક્ષણ જે તેજથી થતું હતું તે સુદર્શનનું સ્વરૂપ વગેરે વગેરે બાબતો કહેવામાં આવશે. ભગવાનના તેજનું સ્વરૂપ દશમા સ્કંધમાં આવશે. નવમા સ્કંધને ઈશાનુકથા કહે છે, એટલે જે ભકતો ભગવાનને અનુસરે છે તેમની કથા કહેવામાં આવશે. ભગવાનની માયા એવા પ્રકારની છે કે માયામાંથી નીકળવાનાં સાધન કરવામાં ઘણાં વિઘ્નો બધા ભકતોને

નડે છે. જેઓ ઇશ્વરની લીલાનું વર્ણન કરે છે અને શ્રવણ કરે છે તેઓ તે માયાથી મોહ પામતા નથી એમ બીજા સ્કંધમાં કહેલ છે. (૨–૭–૫૩)

હવે શુકદેવજી પરીક્ષિત રાજાને વિવસ્વાન મનુનો વંશ કહે છે. વિવસ્વાનને પુત્રની ઇચ્છા થવાથી તેણે એક યજ્ઞ કરાવ્યો હતો. તેમાં હોમ કરતી વખતે મનુની સ્ત્રીએ કન્યાની યાચના કરી અને તેનું સ્મરણ કરી હોતાએ હવિ હોમ્યું તેથી મનુને ઇલા નામની કન્યા પ્રાપ્ત થઇ. તેણે ગુરુ વસિષ્ઠજી પાસે એવા વિપરીત પ્રકાર માટે શોક બતાવ્યો, તેથી વસિષ્ઠજીએ પોતાના તપના બળથી તે કન્યાને પુરુષ બનાવીને તેનું નામ સુદ્યુમ્ન પાડયું. સુદ્યુમ્ન એટલે કલ્યાણ કરે તેવું તેજ એવો અર્થ થાય છે. એકવાર સુદ્યુમ્ન રાજા ઘોડા ઉપર સ્વાર થઇને વનમાં શિકાર કરવા ગયો. તે વનમાં ભગવાન શંકર પાર્વતીજીની સાથે રમણ કરતા હતા. ત્યાં પ્રવેશ કરતાં જ સુદ્યુમ્ન સ્ત્રી થઇ ગયો અને તેનો ઘોડો ઘોડી થઈ ગયો. તેનું કારણ પરીક્ષિત રાજાએ પૂછ્યું ત્યારે શુકદેવજીએ કહ્યું કે એકવાર કેટલાક તેજસ્વી અને વ્રતશીલ ઋષિઓ શ્રીમહાદેવજીનાં દર્શન કરવા માટે તે વનમાં ગયા હતા. ત્યાં વસ્ત્ર વગરનાં અંબિકાદેવીને બહુ જ લજ્જા આવી, તેથી તેમણે તરત ઊઠીને કપડાં પહેરી લીધાં અને ઋષિઓ ત્યાંથી પાછા વળી નરનારાયણ આશ્રમમાં આવ્યા. તે વખતે ભગવાન શંકરે પાર્વતીજીને કહ્યું હતું કે "મારા સિવાય આ સ્થાનમાં જે કોઇ આવશે તે સ્ત્રી થઈ જશે." આ કારણને લીધે તે વનમાં સુદ્યુમ્ન રાજા સ્ત્રી થઈ ગયો. તે સ્ત્રી વનમાં ફરવા લાગી. તેને ત્યાં બુધે જોઇ. તે સ્ત્રીએ બુધને પતિ બનાવ્યા અને તેમના સંબંધથી તેને પુરૂરવા નામનો પુત્ર થયો.

આવા બનાવો સામાન્ય માણસની બુદ્ધિમાં સમજાય તેવા નથી પણ અધ્યાત્મભાવે એ કથા સમજવાનો પ્રયત્ન કરીએ તો કન્યાને

પુરુષ બનાવવો એટલે પ્રકૃતિમાં રહેલ ચિદાભાસમાં ચેતનના અંશ (અથવા ફૂટસ્થ)નો પ્રત્યગ્‌આત્મા રૂપે અનુભવ લેવો. તેને આત્માનો પ્રકાશ અથવા સુદ્યુમ્ન કહી શકાય. પણ તે પાછો સંસારરૂપી વનમાં રખડે તો પ્રકૃતિ જેવો થઈ જાય. તેને જીવાત્મા અથવા પ્રમાતા અથવા ચિદાભાસ કહે છે. અંગ્રેજી ભાષામાં પણ જીવાત્માને she કહે છે. હિંદી ભાષામાં પણ જીવાત્માને નારી જાતિમાં બોલવવામાં આવે છે. એ પ્રકૃતિ પાછી બુધરૂપી એટલે જ્ઞાનરૂપી પુરુષને પરણે ત્યારે તેમાં નવું ચેતન ઉત્પન્ન થાય છે. પણ વસિષ્ઠ મુનિને સુદ્યુમ્ન રાજાનું સ્ત્રીપણું ગમ્યું નથી તેથી તેમણે ભગવાન શંકરની પ્રાર્થના કરી અને ભગવાન શંકરે એવું વરદાન આપ્યું કે સુદ્યુમ્ન એક મહિનો સ્ત્રી રહે અને એક મહિનો પુરુષ રહે. એટલે ટુંકામાં સમાધિ કરે ત્યારે પુરુષપણાનો અનુભવ થાય અને વ્યુત્થાનદશામાં પ્રકૃતિનો અથવા માયાનો ભાવ રહે.

હવે નવમા સ્કંધમાં ત્રીજા અધ્યાયમાં વધારે તેજની એટલે ચ્યવન મહર્ષિની સમાધિની કથા આવે છે. એક વખત રાજા શર્યાતિ પોતાની પુત્રી સુકન્યા સાથે ચ્યવન ઋષિના આશ્રમ પર ગયા હતા. ત્યાં સુકન્યા પોતાની સખીઓની સાથે વૃક્ષોની શોભા જોતી વનમાં ફરતી હતી. ત્યાં તે વખતે તેના જોવામાં એક મોટો રાફડો આવ્યો. તેના કાણામાં બે ઝીણી જ્યોત જોવામાં આવી. તે કન્યાએ વિધાતાની પ્રેરણાથી મુગ્ધ ભાવથી એક કાંટો લઈને તે જ્યોતિને વિંધી નાખી એટલે તેમાંથી ઘણું લોહી નીકળવા લાગ્યું. આંહી ખરી રીતે ચ્યવન મહર્ષિ એવી સમાધિમાં રૂઢ થઈ ગયા હતા કે તેમના શરીર ઉપર રાફડો બાઝયો તો પણ તેમને ભાન રહ્યું નહોતું. મુનિનો અપરાધ પોતાની કન્યાએ કર્યો તેથી તે દોષના નિવારણ માટે તે રાજાએ સુકન્યાને ચ્યવન મુનિ સાથે પરણાવી. મુનિ વૃદ્ધાવસ્થામાં હતા અને સુકન્યા તેમની સેવા બહુ જ ભાવથી કરતી હતી. એક

વખત અશ્વિનીકુમાર તે આશ્રમમાં આવ્યા એટલે મુનિએ તેમને કહ્યું કે "મને જુવાની આપો અને મારું રૂપ એવું કરી દો કે જે જુવાન સ્ત્રીઓને પરમ પ્રિય લાગે. તેના બદલામાં હું તમને યજ્ઞ વખતે સોમરસનો ભાગ આપીશ." એ સાંભળી બન્ને વૈદ્યોએ મુનિને કહ્યું; કે "સિદ્ધગણના રચેલા આ પાસેના કુંડમાં તમે અમારી સાથે સ્નાન કરો." ચ્યવન મુનિએ તે વૈદ્યોની સાથે કુંડમાં પ્રવેશ કર્યો. થોડીવાર પછી તે કુંડમાંથી ત્રણ સુંદર પુરુષ નીકળ્યા. ત્રણે સમાન રૂપવાળા હતા. ત્રણેએ કમળકુસુમની માળા પહેરી હતી અને સુંદર વસ્ત્ર પહેર્યાં હતાં. આ વખતે ત્રણેનાં રૂપ સરખાં હોવાથી સુકન્યા પોતાના પતિને ઓળખી ન શકી એટલે અશ્વિનીકુમારનું શરણ લીધું. અશ્વિનીકુમારે તેને ચ્યવન મુનિ બતાવી દીધા અને પછી પોતે મુનિની આજ્ઞા લઈને વિમાન ઉપર ચડી સ્વર્ગલોકમાં ગયા. એક વખત શર્યાતિ રાજા યજ્ઞ કરવા માટે ચ્યવન મુનિના આશ્રમ ઉપર આવ્યા. ત્યાં તેમણે પોતાની પુત્રીની પાસે એક સૂર્યની સમાન તેજસ્વી પુરુષ જોયો. તેમણે જાણ્યું કે મારી પુત્રી કોઇ પરપુરુષનો સંગ કરે છે. તેથી તેમણે પુત્રી ઉપર ક્રોધ કરી બહુ ઠપકો આપ્યો અને કહ્યું કે તું તારા પિતાને અને પતિને ઘોર નરકમાં નાખનારી થઈ. સુકન્યાએ જવાબ આપ્યો કે, "પિતાજી! આ તો તમારા જમાઇ ભૃગુનન્દન ચ્યવન મુનિ છે." એમ કહી અશ્વિનીકુમાર વૈદ્યોએ તેમને કેવી રીતે જુવાની આપી એ બધી વાત સંભળાવી. તે સાંભળ્યા પછી રાજાને પોતાની પુત્રી ઉપર અધિક પ્રેમ થયો. પછી ચ્યવન મુનિએ રાજા પાસે યજ્ઞ કરાવીને સોમનો ભાગ અશ્વિનીકુમારોને આપ્યો. તેથી ઇન્દ્રને ક્રોધ ચડયો અને તે શર્યાતિ રાજાને મારવા માટે આવ્યો. પણ ચ્યવન મુનિએ ઇન્દ્રના વજ્ર સહિત તેની ભુજાઓને પોતાના બળથી રોકી દીધી. તે પછી દેવોએ અશ્વિનીકુમારોને કાયમ સોમનો ભાગ દેવાનું કબુલ કર્યું.

હવે આ કથાનું આધ્યાત્મિક રહસ્ય જોઈએ તો ચ્યવન મુનિ

એટલે બધી વૃત્તિઓને એકાગ્ર કરી સમાધિ કરી લાંબો વખત ધ્યાનમાં રહેનાર તત્ત્વ છે. તેનું તેજ ઘણું સ્થિર હતું, તેથી દેહનું ભાન રહેલું નહોતું એવી દશામાં સુકન્યારૂપી કોઇ પ્રકૃતિ એ તેજને વિક્ષેપ કરે તો સમષ્ટિશરીરમાં પણ ઉત્પાત થવા લાગે છે. એ કારણને લઈને તે શર્યાતિ રાજાની સેનાના માણસોનાં મળમૂત્ર પણ રોકાઈ ગયાં હતાં. હાલના કાળમાં પણ જોઈએ તો આખી પૃથ્વી ઉપર ઘણું દુઃખ આવી રહેલ છે, તે એમ બતાવે છે કે જે પરમ જ્યોતિઃસ્વરૂપ બ્રહ્મ છે તેની અવગણના કરનાર ખોટી વિદ્યા સર્વત્ર ફેલાઇ ગયેલ છે. કોઈ આસુરી શક્તિએ જાણે કે આપણી પૃથ્વીને પકડી હોય એવો દેખાવ હાલના કાળમાં નજરે પડે છે. દૈવી શક્તિ હમેશાં અંદરના તેજના સંબંધમાં રહીને પછી બહારની પ્રવૃત્તિ કરે છે. આસુરી શક્તિ બહારના કાંટાવાળા દોષ અંદરની જ્યોતિમાં ખોસે છે. એવા વાતાવરણને સુધારવા માટે નવી જાતના વૈદ્ય જોઇએ, અને તેમની સાથે સિદ્ધગણના રચેલા કુંડમાં જે ન્હાય તેનામાં નવી આત્મિક જુવાની આવી શકે. પ્રાણ અને અપાન એ બે અશ્વિની-કુમાર વૈદ્ય છે. તેથી પ્રાણાયામનો અનુભવ લઈને યોગરૂપી કુંડમાં કુંભક કરીને સ્નાન કરવામાં આવે તો જીવ નવો બની જાય છે. તે વખતે ચિદાભાસરૂપી વૃદ્ધાવસ્થાનો બાધ થાય છે અને કૂટસ્થ બ્રહ્મરૂપ થાય છે. આ પ્રમાણે ચ્યવન મુનિ જુવાન થયા. તેમણે યજ્ઞ કર્યો એટલે ચિદાભાસનો બાધ કર્યો અને બદલામાં કૂટસ્થના આનંદરૂપ સોમરસ અશ્વિનીકુમારોને મળ્યો. આવી જુવાનીમાં અજ્ઞાનનો નાશ થાય છે, પ્રાણ દિવ્ય થાય છે અને શરીરમાં પણ નવા તેજની અસર આવે છે. પૃથ્વીનું તત્ત્વ ગંધ છે, ગંધનું સ્થાન નાસિકા છે અને બંને નાસિકાના દેવ અશ્વિનીકુમાર છે. સામાન્ય રીતે પ્રાણને જડ કહેવામાં આવે છે તેથી તેને આત્માના આનંદરૂપી સોમરસ મળતો નથી પણ જ્યારે ઋષિની કૃપા થાય ત્યારે તેનામાં નવું ચેતન આવે છે. પ્રાણ એ શક્તિનું સ્વરૂપ છે, તેને કોઇપણ સાધનાથી

ચેતન બનાવવો એ તંત્રનો માર્ગ છે. પછી આત્માનું ચેતન અને શક્તિનું ચેતન એમ બે ચેતન જુદાં રહી શકે નહિ. તેથી આત્મા અને શક્તિ અભિન્ન થાય છે, અને જીવમાં નવી જુવાની આવે છે.

હઠયોગનો માર્ગ બહુ અઘરો છે તેથી કોઈ સમર્થ ગુરુની પાસે રહીને પ્રાણાયામનો અભ્યાસ કરવો જોઈએ. તેને શરીર સાથે સંબંધ રહેલ હોવાથી તેમાં ભૂલ થાય તો શરીર બગડે, અને તે યોગ સિદ્ધ થાય તો નવી જુવાની આવે, રોગ આવે નહિ અને વૃદ્ધાવસ્થા પણ આવે નહિ. શ્રી અરવિન્દ તો એમ કહેતા કે શરીરનું મૃત્યુ પણ આવે નહિ પ્રાણ અને અપાનરૂપી ઇડા અને પિંગલા એ બંને નાડી ઉપર જીત મેળવવી એ અઘરૂં કામ છે. તેમાં શિષ્યનું શરીર સારૂં જોઇએ, આહારવિહાર ઉપર સંયમ જોઇએ અને એ યોગમાં પ્રવીણ હોય એવા ગુરુ જોઈએ.

જેમ ચ્યવન મુનિની આ કથામાં વૃદ્ધાવસ્થા દૂર કરવાનો ઉપાય અધ્યાત્મભાવે બતાવેલો છે તેમ સાવિત્રીની કથામાં સત્યવાનનો પ્રાણ યમરાજા પાસેથી પાછો લાવવાની પ્રક્રિયા બતાવેલ છે. એ બંને રીતનું ખરૂં રહસ્ય સમજવામાં આવે તો વૃદ્ધ માણુસ જુવાન થઈ શકે અને મરેલા માણસને જીવતાં કરી શકાય. શ્રી અરવિંદ કહેતા કે સાવિત્રીની કથા એ રૂપક છે, સવિતા એટલે ભક્તિનું અધ્યાત્મ તેજ કે જેની મદદથી આયુષ્ય વધારી શકાય અને મરણ અટકાવી શકાય. એવા તેજની શક્તિથી ક્રાઇસ્ટે લાઝારસને મરી ગયા પછી ૪ દિવસ પછી કબરમાંથી જીવતો કાઢયો હતો અને હિંદુસ્તાનમાં પણ કેટલાક મહાત્માઓ મરેલાંને જીવતાં કરી શકયા છે. તેજના ફેરફારથી કાળમાં ફેરફાર થઈ શકે છે એ વાત તો હાલના સાપેક્ષ-વાદના સાયન્સથી પણ સિદ્ધ થઈ શકે છે. કાળ એ એક પ્રકારની ગપ છે એ વાત હવે ભાગવતમાં સમજાવવામાં આવેલ છે. ૨૪ કલાકનો દિવસ, ૩૦ દિવસનો મહિનો અને ૧૨ મહિનાનું વર્ષ એ

સાચો કાળ નથી, એ ફક્ત માણુસના લોકનો જાગ્રત અવસ્થાનો કાળ છે. બીજા લોકમાં કાળની ગણત્રી બીજી રીતે થાય છે. આપણા ૭ કલાક થાય ત્યારે મંગળના ગ્રહમાં એક મહિનો થાય છે, અને આપણા લોકમાં ઘણાં વર્ષ થાય ત્યારે બ્રહ્માના લોકમાં થોડીક મિનિટ થાય છે. એ બાબત હવે શુકદેવજી પરીક્ષિત રાજાને સમજાવે છે.

શર્યાતિ રાજાને ૩ પુત્ર હતા, તેમાં એકનું નામ આનર્ત હતું, આનર્તને રૈવત નામનો પુત્ર થયો. તેને ૧૦૦ પુત્ર થયા તેમાં બધાથી મોટો કકુદ્મી હતો. તે પોતાની પુત્રી રેવતીને લઈને, તેને કયા પુરુષ સાથે પરણાવવી એ પૂછવા માટે બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે ગયો. બ્રહ્માજીની સભામાં તે વખતે ગાયન અને સંગીત ચાલતાં હતાં તેથી વાતચીતને માટે અવકાશ ન મળવાથી તે રાજા એક ક્ષણુ ત્યાં ઊભો રહ્યો. પછી આદિદેવ ભગવાન બ્રહ્માજીને નમસ્કાર કરીને તેણે પોતાના આવવાનો હેતુ બ્રહ્માજીને જણાવ્યો. બ્રહ્માજીએ હસતાં હસતાં તેને જવાબ આપ્યો કે હે રાજા! તેં જેજે રાજાઓને આ કન્યાના (રેવતીના) વર તરીકે પસંદ કરેલા છે તે અત્યારે કાળના ગળામાં ચાલ્યા ગયા છે, એટલે મરી ગયા છે. અત્યારે તો તેમના પુત્ર, પૌત્ર, કુળના માણુસો કે તેમનો વંશ કોઈ રહેલ નથી. તમે આંહી એક ક્ષણુ ઊભા રહ્યા એટલી વારમાં ૨૭ ચોકડી યુગો તમારા લોકમાં ચાલ્યા ગયા છે. (૯-૩-૩૩) તેથી હવે તમે પાછા જાઓ. આ વખતે દેવદેવશ્રી નારાયણના અંશભૂત મહાબળવાન બલદેવજી પૃથ્વી ઉપર અવતર્યા છે, તેમની સાથે તમારી પુત્રી રેવતીનો વિવાહ કરો. બ્રહ્માજીએ એ પ્રમાણે આજ્ઞા કરવાથી રાજા કકુદ્મી તેમને પ્રણામ કરીને પોતાના નગરમાં પાછા આવ્યા. તે નગર તેમના બંધુબાંધવોએ છોડી દીધું હતું. પછી તે રાજાએ બલરામજીને પોતાની પુત્રી પરણાવી અને પોતે ભગવાન નારાયણના બદ્રી-નામક આશ્રમમાં ચાલ્યા ગયા.

કાળની વિચિત્રતાના આવા પ્રસંગ યોગાવાસિષ્ઠમાં પણ આપવામાં આવેલ છે. તેમાં લીલાનું આખ્યાન, ગાધીનું આખ્યાન અને લવણુ રાજાનું આખ્યાન મુખ્ય છે.×

સુદ્યુમ્નની ભક્તિનું તેજ એવું હતું કે તેને એક મહિના સુધી સમાધિ રહેતી. તેથી પુરુષપણાનું ભાન રહેતું અને એક મહિના સુધી તેને વ્યુત્થાનદશા રહેતી તેથી તે પ્રકૃતિ જેવો એટલે સ્ત્રી જેવો બની જતો હતો. ચ્યવન મુનિને સમાધિમાં એવું તેજ દેખાતું કે તેમને વૃદ્ધાવસ્થા આવી ગઇ તો પણ તે સમાધિમાંથી ઊતર્યા નહોતા.

પ્રહ્લાદમાં એવું તેજ હતું કે તેના પિતા તેનો વધ કરી શક્યા નહિ (૭–૧–૪૨). હવે શુકદેવજી પરીક્ષિત રાજાને ભક્ત અંબરીષની કથામાં સુદર્શન તેજની એવી શક્તિ સમજાવે છે કે જે ભક્તોની રક્ષા કરતું હતું અને તેનો વિરોધ કરવાવાળાને ભય આપતું હતું. તે તેજનું ખરૂં સ્વરૂપ અંબરીષની કથાના છેવટના ભાગમાં એટલે નવમા સ્કંધના પાંચમા અધ્યાયમાં આપવામાં આવેલ છે. પરીક્ષિત રાજાની ઇચ્છા પણ એવી હતી કે જે તેજથી ગર્ભમાં તેની રક્ષા થઈ હતી તે તેજ કોનું હતું અને તેનું સ્વરૂપ કેવું હતું તે તેને જાણવું હતું.

મનુના પુત્ર નભગના એક પુત્ર નાભાગ હતા. નભગના ધનના જ્યારે ભાગ પડયા ત્યારે નાભાગને માટે તેના ભાઇઓએ કાંઇ રાખ્યું નહિ; ફક્ત તેમના પિતા નભગ નાભાગના ભાગમાં આવ્યા. નાભાગને તેમના પિતાએ બે સૂક્ત ભણાવ્યાં અને તેની મદદથી તેમને યજ્ઞમાં ધન મળ્યું. તેમણે તે ધન રુદ્રને આપ્યું એટલે રુદ્રે ખુશી થઇને તેમને ધન પાછું આપ્યું અને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. જેઓ ધનમાં કે બીજી કોઇ વસ્તુમાં ભેદ કરતા નથી તેઓ નાભાગ કહેવાય

× આ બાબત વધારે વિસ્તારથી સમજવી હોય તો અમારાં પુસ્તક "કાળની ગતિ" અને "દેશ અને કાળ" વાંચવાં.

છે. તેવા શુદ્ધ અંતઃકરણવાળાને બ્રહ્મજ્ઞાન તરત લાગે છે. નાભાગના પુત્ર ભગવદ્દભક્ત અને ઉદાર સ્વભાવવાળા અંબરીષ થયા. તેમને દુર્વાસા બ્રાહ્મણનો શાપ પણ કાંઈ હાનિ કરી શક્યો નહિ.

રાજા પરીક્ષિત—હે ભગવાન! હું એ બુદ્ધિવાન રાજર્ષિ અંબરીષનું ચરિત્ર સાંભળવા માગું છું.

શ્રી શુકદેવજી—હે રાજન્! અંબરીષ રાજાએ સાત દ્વીપવાળી પૃથ્વી અને આ ભૂતળ ઉપર મનુષ્યોને અત્યન્ત દુર્લભ એવી અવિચળ સંપત્તિ અને અતુલિત ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું હતું. છતાં એ બધી સંપત્તિ સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ પદાર્થોના જેવી સમજતા હતા. જે ઐશ્વર્યના મોહથી માણસ અંધકારમાં ડૂબી જાય છે તે ઐશ્વર્યના નાશનું તેમને જ્ઞાન હતું. વળીઃ

वासुदेवे भगवति तद्भक्तेषु च साधुषु ।
प्राप्तो भावं परं विश्वं येनेदं लोष्टवत्स्मृतम् ॥

૯–૪–૧૭

અર્થ—ભગવાન વાસુદેવમાં અને તેમના ભક્તોમાં અંબરીષને એવી ભક્તી હતી કે તે આ જગત માટીના ઢેફા બરાબર સમજતા હતા. ટુંકામાં ધ્રશ જેનું અંબર હોય તે અંબરીષ કહેવાય છે. એટલે અંદર ભગવદ્દભાવથી તે રાજા રંગાઈ ગયા હતા. બધા માણસોને ઈંદ્રિયોનો વિક્ષેપ બહુ નડે છે. જ્ઞાની પુરુષો વૈરાગ્યથી ઇંદ્રિયોને વશ કરવાનો પ્રયત્ન કરે છે. ભક્તો ઇંદ્રિયોને ભગવાનના કામમાં લગાડી દે છે. અંબરીષ રાજાએ પોતાનું મન ભગવાનના ચરણારવિંદમાં લગાડી દીધું હતું. વાણીથી તે ભગવાનનાં ગુણગાન કરતા હતા, હાથથી શ્રીહરિના મંદિરને સાફ કરતા હતા, કાનથી શ્રી અચ્યુતની કથા સાંભળતા હતા, નેત્રથી ભગવાનની મૂર્તિ અને મંદિરનાં દર્શન કરતા હતા, અંગથી ભગવાનના ભક્તોને સ્પર્શ કરતા હતા, પ્રાણથી ભગવાનને ચડેલી તુલસી સૂંઘતા હતા, જીભથી

ભગવાનને ધરાવેલો પ્રસાદ આરોગતા હતા, પગથી ભગવાનની યાત્રા કરતા હતા. મસ્તકથી ભગવાનને નમસ્કાર કરતા હતા અને માળા ચંદન વગેરે ભોગસામગ્રીને ભગવાનની સેવામાં વાપરતા હતા. તેથી ઉત્તમ ભકતોના જેવી ભક્તિ તેમને પ્રાપ્ત થઈ હતી (૯-૪-૨૦).

પરીક્ષિત રાજા પણ રાજા હતા, તેથી રાજાની માયા દૂર કરવા માટે જે રાજાઓએ જે રીતે માયા જીતી હતી તેમની કથા શુકદેવજી વારંવાર પરીક્ષિત રાજાને સંભળાવે છે. તેમાં અમ્બરીષ રાજાની ભક્તિ અનન્યભાવવાળી હતી. તેમણે ઘણા અશ્વમેધ યજ્ઞ કર્યા હતા છતાં તે સ્વર્ગની પદવીને પણ તુચ્છ માનતા હતા. સિદ્ધ પુરુષને પણ દુર્લભ હોય એવા ભોગ્ય પદાર્થથી તેમને હર્ષ થતો નહિ, કારણ કે તે આત્માનો આનંદ મેળવી શકતા હતા. ધીરે ધીરે ભક્તિ વધતાં અમ્બરીષ રાજાએ બધા પ્રકારની આસક્તિઓનો ત્યાગ કરી દીધો હતો.

गृहेषु दारेषु सुतेषु बन्धुषु द्विपोत्तमस्यन्दनवाजिपत्तिषु ।
अक्षय्यरत्नाभरणायुधादिष्वनन्तकोशेष्वकरोदसन्मतिम् ॥
૯-૪-૨૭

અર્થ—તેમણે ઘર, સ્ત્રી, પુત્ર, બન્ધુ, ઉત્તમ ઉત્તમ હાથી, ઘોડા, પાયદળસેના, અક્ષય રત્ન, આભૂષણ અને આયુધ વગેરે વસ્તુઓમાં અને ધનના અખૂટ ભંડારમાં "આ બધું અસત્ય છે એવી બુદ્ધિ કરી લીધી હતી.

તેમની એવી અનન્ય ભક્તિથી સન્તુષ્ટ થઈ શ્રી હરિએ, ભકતોની રક્ષા કરનારું અને તેમના વિરોધીઓને ભય આપનારું સુદર્શનચક્ર તેમને આપી રાખ્યું હતું. તેનો ખરો અર્થ સર્વાત્મભાવ છે (૯-૫-૧૧).

પ્રાચીન કાળમાં રાજ્ય કરતાં ભક્તિની કિંમત માણસોને વધારે હતી. એ એમ બતાવે છે કે તે વખતે સત્ત્વગુણી માણસો વધારે પ્રમાણમાં આપણી પૃથ્વી ઉપર હતાં. હાલના કાળમાં ભક્તિ

કરતાં રાજ્યની કિંમત માણસોને વધારે લાગે છે. તેનું કારણ એ છે કે હાલના કાળમાં રજોગુણી અને તમોગુણી માણસો વધારે પ્રમાણમાં છે. તેઓને વિષયભોગ ગમે છે, તેથી વસ્તી વધી ગઈ છે. વળી તેમને એમ લાગે છે કે જ્યાં ખાવાપીવાની વસ્તુઓ સુખથી અને સહેલાઇથી મળી શકતી નથી ત્યાં ભક્તિ શી રીતે થઈ શકે. લગભગ બધા દેશોમાં ખોટા સુખની કિંમત વધી ગઇ છે અને સંચાની શોધથી ઇંદ્રિયોના સુખને વધારે ઉત્તેજન મળેલ છે. તેનો એક ઉપાય માત્ર સાચી કેળવણીમાં રહેલો છે. જેમ આર્થિક ઉન્નતિ માટે ૫ કે ૧૦ વર્ષની યોજના કરવામાં આવે છે તેમ નૈતિક ઉન્નતિ માટે પણ ૫ વર્ષની યોજના કરવાની જરૂર છે. લડાઈ પછી સુલેહનાં કરારનામાં ઘણાં થાય છે, પણ એ કરાર પાળવા જોઈએ એટલી નીતિ પણ રહી નથી. તેનું કારણ એ છે કે લોકોને ખબર નથી કે સુખ કેટલા પ્રકારનાં છે અને સાચું સુખ શેમાં છે. મીલો અને કારખાનાંઓ વધારવાથી પણ કાપડ અને ખોરાક પૂરાં થતાં નથી, કારણ કે વસ્તી વધતી જાય છે અને સ્વાર્થ વધતો જાય છે. આપણા જીવન સાથે મુસ્લીમ ધર્મનો ગાઢ સંબંધ થયો છે. એ ધર્મમાં અમુક કાયદા છે પણ તેની પાછળ તત્ત્વજ્ઞાન જણાતું નથી. જીવ બ્રહ્મરૂપ થઇ શકે એ વાત તેમના ધર્મ-માં સંભળાતી નથી. વળી એ ધર્મવાળા પોતાની સાચી ટીકા પણ સહન કરી શકતા નથી. ક્રિશ્ચિઅન ધર્મમાં પણ તત્ત્વજ્ઞાન નથી. છતાં એ લોકો વ્યાજબી ટીકા સહન કરી શકે છે. કેટલાક સારા વિદ્વાનો પણ કહે છે કે તેમના સંસ્કાર બગડતા જાય છે. પણ મુસ્લીમ ધર્મ-વાળા એ બાબત કબુલ કરતા નથી. પશ્ચિમના ધર્મવાળા દેશના અભિમાનને ધર્મ માનવા લાગ્યા છે. પણ ખરો ધર્મ એ છે કે જે બધા પ્રકારનું અભિમાન છોડાવે છે. ઘણાને નેતા થવું ગમે છે અને નેતાપણું અભિમાનથી આવે છે. જ્યાં દુશ્મનાવટ ઉત્પન્ન થાય છે ત્યાં તેના સંસ્કાર લાંબો વખત રહે છે. જે ઇતિહાસ વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે તેમાં હંમેશાં દુશ્મનાદેશની નિંદા જ ભરેલી

હોય છે, તેમાં સત્ય હોતું નથી. તેથી વિદ્યાર્થીઓ અસત્ય શીખે છે. રાજ્યોની લડાઈના ઇતિહાસને બદલે નીતિ અને સંસ્કારના ઇતિહાસની વધારે જરૂર છે. માણસ જાતમાંથી અજ્ઞાન કાઢવું બહુ મુશ્કેલ છે. અજ્ઞાનમાંથી અનેક જાતની વાસનાઓ નીકળે છે અને એવી વાસનાવાળા ઘણા દુર્વાસા માણસ–જાતને હાલમાં હેરાન કરવા નીકળે છે. એવા એક દુર્વાસાની વાત અમ્બરીષની કથામાં શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે.

એક વખત અમ્બરીષ રાજાએ પોતાની રાણી સહિત એક વર્ષપર્યંત દ્વાદશીવ્રત ધારણ કરવાનો નિયમ લીધો. વ્રતની સમાપ્તિ થતાં કાર્તિક માસમાં ત્રણ રાત્રિ સુધી ઉપવાસ કરીને તેમણે શ્રી યમુનાજીમાં સ્નાન કર્યું અને મધુવનમાં શ્રીકૃષ્ણની પૂજા કરી, પછી બ્રાહ્મણોનો સત્કાર કર્યો. તેમને સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું અને ઘણી ગાયો ભેટ આપી. પછી રાજાએ પારણું કરવાની તૈયારી કરી. તે વખતે દુર્વાસા મુનિ તેના અતિથિ થયા. રાજાએ તે મુનિની પૂજા કરી અને તેમને પ્રણામ કરીને ભોજન લેવાની વિનંતી કરી. દુર્વાસાએ તેમની માગણી સ્વીકારી અને પોતે યમુનાજીમાં સ્નાન કરવા માટે ગયા. હવે પાછળ દ્વાદશીને માત્ર અર્ધું મૂહૂર્ત બાકી રહ્યું. તે વખતે નિયમ પ્રમાણે અમ્બરીષે પારણું કરી લેવું જોઈએ, પણ દુર્વાસા મુનિ સ્નાન કરીને પાછા આવ્યા નહોતા, તેથી એ ધર્મસંકટમાં શો ઉપાય લેવો તે માટે રાજા અમ્બરીષે બ્રાહ્મણોને પૂછ્યું. તેણે બ્રાહ્મણોને કહ્યું કે, “કેવળ જળપાન કરી લેવું એ ભોજન કરવું અને ન કરવું એની સમાન છે, એમ શ્રુતિમાં કહેલ છે. તેથી હું માત્ર જળપાનથી પારણું કરી લઉં એવો વિચાર કરી રાજર્ષિ અંબરીષ માત્ર જળ પીને મનમાં ભગવાન અચ્યુતનું ચિંતન કરી દુર્વાસાજીની રાહ જોતા બેઠા. એટલામાં દુર્વાસાજી સ્નાન વગેરે કર્મથી નિવૃત્ત થઇ યમુનાજીથી પાછા આવ્યા. તે વખતે તેમને બહુ ભૂખ

લાગી હતી. જ્યારે તેમણે જાણ્યું કે રાજાએ મારા વગર ભોજન કરી લીધું ત્યારે તેમનું શરીર ક્રોધથી વ્યાપી ગયું, તેમનું મુખ વિકરાળ થઈ ગયું અને તેમણે કહ્યું કે; "અરે, ભક્તિથી શૂન્ય પોતાને મોટો માનવાવાળા આ રાજાનો અન્યાય તો જુઓ, મને અતિથિરૂપે આવકાર આપ્યા છતાં મારી ગેરહાજરીમાં આને ભોજન કરી લેવામાં શરમ આવી નહિ, હવે હું તેને તરત તેના દોષનું ફળ ચખાડું છું." એમ કહી ક્રોધથી બળતરા થતાં દુર્વાસાએ પોતાની એક જટા ઉખેડી અને તેમાંથી અમ્બરીષને મારવા માટે પ્રલય કાળના અગ્નિની સમાન એક પ્રચણ્ડ કૃત્યા ઉત્પન્ન કરી. એવી કૃત્યા હાથમાં ખડ્ગ લઈ અમ્બરીષ રાજા તરફ ધસી આવી, પણ રાજા અમ્બરીષ પોતાના સ્થાનથી જરા પણ ડગ્યા નહિ, કારણ કે ભગવાને તે ભક્તની રક્ષાને માટે પહેલેથી જ સુદર્શનચક્ર રાખ્યું હતું. તે ચક્રે આવીને તે કૃત્યાને બાળી નાખી. સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય ત્યારે કર્મ બળી જાય છે. દુર્વાસા પોતાનો પ્રયાસ નિષ્ફળ ગયો દેખીને અને સુદર્શનચક્રને પોતાની તરફ આવતું દેખીને પોતાના પ્રાણ બચાવવા માટે દશે દિશામાં દોડવા લાગ્યા. જેમ સર્પની પછવાડે દાવાનળ દોડે તેમ દુર્વાસાની પછવાડે સુદર્શનચક્ર દોડવા લાગ્યું.

દુર્વાસા એ ક્રોધનું સ્વરૂપ છે. ઘણા માણસો કહે છે કે ક્રોધ જીતવો બહુ અઘરો છે. તેમને માટે સુદર્શન અથવા સમ્યક્ દર્શન કેળવવું એ ખાસ જરૂરનું છે. મ. ગાંધીજીએ એવું દર્શન કેળવ્યું હતું તેથી અંગ્રેજોનો ક્રોધ તેમના ઉપર કાંઇ અસર કરી શક્યો નહિ. અમ્બરીષ રાજાની ભકિતને લીધે તેનામાં સમ્યક્ દર્શન કાયમ રહેતું હતું. ઘણા રાગીની વચમાં રહી વૈરાગ્ય કેળવવો એ અઘરૂં કામ છે. કેટલાકને એમ લાગે છે કે જે માણસો નકામા છે અને નિર્દોષને મારે છે તેમને ભગવાન કેમ જીવવા દે છે? સર્પ, વાઘ, ઝેરી જંતુઓ અને હુલ્લડખોરો એ કોઈ સમાજનું ભલું કરતા નથી છતાં ભગવા-

નની સૃષ્ટિમાં નિર્ભય ફર્યા કરે છે. તેનો એક જવાબ એ છે કે કેટલાકને ભગવાન તરફ વળવાની ઇચ્છા થાય છે પણ એ બધાનાં સાધન આગળથી નક્કી થયાં નથી. તેથી દરેકને પોતાનું સાધન બરાબર લાગે છે. અમ્બરીષને એક સાધન ઠીક લાગતું હતું, દુર્વાસાને બીજું ઠીક લાગતું હતું. મ. ગાંધીજીને ત્રીજું ઠીક લાગતું હતું, મુસલમાનોને ચોથું ઠીક લાગતું હતું. સાધનમાં ફેર પડી જાય છે અને તેથી ઝઘડા થાય છે. મુસલમાનો મસ્જીદમાં નિમાજ પઢતા હોય ત્યારે હિંદુઓ ત્યાંથી ધાર્મિક સરઘસનો અવાજ કરે તો બંને સાધન ભગવદ્‌પ્રાપ્તિનાં હોવા છતાં તેમાંથી હુલ્લડ થાય છે. તેથી ધર્મ એવો જોઇએ કે તેમાં સંજોગો પ્રમાણે થોડાક ફેરફાર થઈ શકે. મુસલમાન ધર્મમાં એવું નથી. તેઓ કુરાનને વળગી રહે છે. હિંદુઓનાં શાસ્ત્રો એવાં છે કે જેમજેમ માણસ આગળ વધે તેમતેમ જુના કાયદામાંથી તે છૂટતો જાય છે અને નવા કાયદા નીચે આવતો જાય છે. જેને પૂર્ણ સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે તે રાજ્યની ખટપટના દ્વૈતમાં પડી શકતો નથી. તેનામાં નવું ચેતન આવે છે. તે ચેતન કહે તેમ તેને કરવું પડે છે. રાજ્યની ખટપટમાં ઉત્તમ ચૈતન્ય પ્રગટ થતું નથી. તેમાં માણસની બુદ્ધિ જેમ સૂઝાડે તેમ કરવું પડે છે. એ બુદ્ધિ પોતે પોતાની ભૂલ જોઇ શકતી નથી.

દુર્વાસા આકાશ, પૃથ્વી, સમુદ્ર, સમ્પૂર્ણ લોક અને સ્વર્ગમાં ગયા પણ બધી જગ્યાએ તેમનાથી સહન ન થાય તેવું સુદર્શન ચક્ર તેમની પાછળ લાગ્યું હતું. જ્યારે એમની રક્ષા કરનાર કોઈ ન મળ્યું ત્યારે તે બ્રહ્માજીની પાસે આવ્યા અને કહ્યું કે "હે વિધાતા! આ વિષ્ણુ ભગવાનના તેજથી આપ મારી રક્ષા કરો."

બ્રહ્માજીએ કહ્યું જ્યારે બે પરાર્ધનો સમય થશે અને ભગવાનની લીલાનો અંત થશે ત્યારે જગતને બાળનાર કાળસ્વરૂપ શ્રીહરિની

દૃષ્ટિમાત્રથી સંપૂર્ણ વિશ્વ સહિત મારૂં આ સ્થાન પણ લય પામશે. જેના નિયમમાં હું, મહાદેવજી, દક્ષ અને ભૃગુ વગેરે પ્રજાપતિ છીએ અને ભૂતેશ્વર અને દેવગણ જેની આજ્ઞાને માથે ચઢાવી લોકહિતમાં તત્પર રહીએ છીએ તે વિષ્ણુ ભગવાનના ભક્તનો દ્રોહ કરનારની રક્ષા કરવા અમે સમર્થ નથી.

પછી દુર્વાસા ત્યાંથી નીકળી કૈલાસવાસી મહાદેવજીના શરણમાં ગયા. મહાદેવજીએ કહ્યું; કે "જે પરમાત્માની અંદર અમારા જેવા હજારો લોકપાલ ભટક્યા કરે છે એવાં અનેક બ્રહ્માંડ જેની અંદર ઉત્પન્ન થાય છે અને લય પામે છે તેના ચક્રથી રક્ષા કરવામાં અમે સમર્થ નથી. અમે પણ માયામાં છીએ. તેમનું શસ્ત્ર અમારે માટે અસહ્ય છે, માટે તમે શ્રીહરિને શરણે જાઓ. શ્રીહરિ અવશ્ય તમારું કલ્યાણ કરશે.

છેવટે દુર્વાસા નિરાશ થઈ ભગવાનના વૈકુંઠમાં ગયા. ત્યાં શ્રી લક્ષ્મીપતિ લક્ષ્મીજી સહિત બિરાજમાન હતા. ત્યાં દુર્વાસા ભગવાનના ચરણમાં પડયા અને કહ્યું; "હે અચ્યુત, હે અનન્ત, હે ભક્તપ્રિય, હું કે જે અપરાધી છું તેને બચાવો. આપનો પ્રભાવ જાણ્યા વગર મેં આપના ભક્તનો અપરાધ કર્યો છે. આપ મને એ અપરાધથી છોડાવો, કારણ કે આપના નામસ્મરણથી નારકી જીવ પણ મુક્ત થાય છે."

શ્રી ભગવાને કહ્યું કેઃ—

अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥

(૯-૪-૬૩)

અર્થ—હે બ્રાહ્મણ, હું અસ્વતંત્રની માફક ભક્તોને આધીન છું. સાધુ ભક્તોએ મારા હૃદય ઉપર અધિકાર કરી લીધો છે અને હું એ ભક્તોને અત્યન્ત પ્રિય છું.

नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना ।
श्रियं चात्यन्तिकीं ब्रह्मन्येषां गतिरहं परा ॥

(૯-૪-૬૪)

અર્થ—જેને હું એકમાત્ર પરમ આશ્રય છું આવા સાધુસ્વભાવવાળા ભક્તોને છોડીને મારો આત્મા તથા અનપાયિની લક્ષ્મી પણ મને પ્રિય લાગતી નથી.

ये दारागारपुत्राप्तान्प्राणान्वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥

(૯-૪-૬૫)

અર્થ—જે પોતાનાં સ્ત્રી, પુત્ર ઘર, પરમ પ્રિય પ્રાણ, ધન, આ લોક અને પરલોકને છોડી મારા શરણમાં આવેલ છે, એવા ભક્તજનોને હું કેવી રીતે છોડી શકું.

मयि निर्बद्धहृदयाः साधवः समदर्शनाः ।
वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ॥

(૯-૪-૬૬)

અર્થ—જે પ્રમાણે પતિવ્રતા સ્ત્રી પોતાના સાધુ સ્વભાવવાળા પતિને વશ કરી લે છે તે પ્રમાણે જેણે મારામાં હૃદય પરોવેલું છે એવા સમદર્શી સાધુ પુરુષ મને પોતાને આધીન કરી લે છે.

यत्सेवया प्रतीतं च सालोक्यादि चतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविद्रुतम् ॥

(૯-૪-૬૭)

અર્થ—મારા અનન્ય ભક્ત મારી સેવાથી આપ્તકામ રહી એ સેવાના પ્રભાવથી જ પ્રાપ્ત થવાવાળી સાલોક્ય, સારૂપ્ય, સાર્ષ્ટિ અને સાયુજ્ય નામની ચાર પ્રકારની મુક્તિની પણ ઇચ્છા કરતા નથી, તો કાલક્રમથી નષ્ટ થવાવાળા બીજા ભોગોની તો વાત જ ક્યાં કરવી!

ભક્ત લોકો મુક્તિ માગતા નથી પણ ભક્તિ માગે છે. તેનું કારણ એ છે કે તેઓ મારામાં—ભગવાનમાં હૃદય જોડી દે છે અને જગત અભિન્ન ભાવે જુએ છે. જ્ઞાની પુરુષો મુક્તિ માગે છે, તેમાં આત્મા તો મુક્ત છે, તેથી આત્માને મુક્ત કરવાનો નથી પણ કલ્પિત આવરણની મુકિત માગે છે. ભક્તોને ભગવાન સાથે હૃદયથી સંબંધ રહે છે. તેનું સ્વરૂપ હવે કહે છે:—

साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥

(૯–૪–૬૮)

અર્થ—સાધુ પુરુષ સાક્ષાત્ મારું હૃદય છે અને હું એ સાધુ-જનોનું હૃદય છું, કારણ કે તે મારા સિવાય બીજી કોઈ વસ્તુને પ્રિય સમજતા નથી અને મને તેમના સિવાય બીજી કોઈ વસ્તુ પ્રિય નથી.

માટે હવે હે વિપ્ર! હું તમને એક ઉપાય બતાવું છું. જેના ઉપર કૃત્યાનો પ્રયોગ કરવાથી તમને આ વિપરીત ફળ આપનાર અભિચાર પ્રાપ્ત થએલ છે તે ભક્ત અમ્બરીષની પાસે તમે જાઓ, કારણ કે નિરપરાધ સાધુપુરુષો ઉપર કરેલા પ્રયોગ, પ્રયોગ કરનારનું જ અહિત કરે છે. તપ અને વિદ્યા એ બન્ને બ્રાહ્મણોનું કલ્યાણ કરનાર છે. એ જ અન્યાય કરનાર બ્રાહ્મણને વિપરીત ફળ આપે છે, માટે તમે અમ્બરીષની પાસે જઇ તેમની ક્ષમા માગો, તેનાથી તમને શાંતિ થશે.

આ ઉપદેશમાં ભગવાને ભક્તોનો મહિમા ગાયો છે. આટલી બધી ભક્તોની કીર્તિ હોવા છતાં ઘણા માણસોને ભકિત ગમતી નથી એ શોચનીય છે. ભક્તો ભગવાન સિવાય બીજું કાંઈ જોતા નથી તેથી તેમની દૃષ્ટિમાં સર્વાત્મભાવ રહે છે. તેને જ સુદર્શન અથવા સમ્યક્દર્શન કહે છે. દુર્વાસારૂપી વાસનાવાળા માણસો ભક્તોની

દૃષ્ટિ સહન કરી શકતા નથી. કામ અને ક્રોધને રૂપ નથી છતાં કામીની આંખમાં કામ અને ક્રોધીની આંખમાં ક્રોધ જણાઇ આવે છે. તેવી જ રીતે આત્માને રૂપ નથી છતાં નિષ્ઠાવાળા ભક્ત પુરુષોની આંખમાં ભગવાનના તેજની ઝાંખી થઈ શકે છે, તેથી દર્શન અથવા દૃષ્ટિ ઉપર ઘણો આધાર છે. આપણે જેવી દૃષ્ટિથી જગતને જોઇએ છીએ તેવી આપણી આંખ બની જાય છે. તમોગુણી માણસની આંખ જુદા પ્રકારની હોય છે, રજોગુણીની જુદા પ્રકારની હોય છે, સત્ત્વગુણી માણસની આંખમાં ફેરફાર હોય છે. જેઓ બધે પરમાત્માને જુએ છે તેમની આંખો પણ જુદા પ્રકારની હોય છે. શુકદેવજીની આંખો એવી નિષ્ઠાવાળી હતી કે તેમને જોઇને જે સ્ત્રીઓ નગ્ન અવસ્થામાં ન્હાતી હતી તેમણે કપડાં પણ પહેર્યાં નહી.

જ્યાંસુધી સાધકની દૃષ્ટિમાં બીજા દેખાય છે ત્યાંસુધી સમ્યક્ દર્શનવાળી દૃષ્ટિ પ્રાપ્ત થતી નથી. સાધારણ માણસો વિષયો જોઇને આંખ બગાડી નાખે છે. તેથી દૃષ્ટિ સુધારવા માટે કેટલાક માણસો મંદિરે ભગવાનનાં દર્શન કરવા માટે જાય છે. ઉપનિષદોમાં કોઇ જગ્યાએ શાંતિપાઠમાં એવી પ્રાર્થના કરવામાં આવે છે કે "હે પ્રભુ! અમારા કાન એવા કરો કે જેથી અમારૂં કલ્યાણ થાય એવું જ અમે સાંભળીએ, અમારી આંખો એવી કરો કે જેથી અમારૂં કલ્યાણ થાય એવું જ આંખથી દેખાય."

ભક્ત અમ્બરીષની આંખમાં સુદર્શન હતું. તે દુર્વાસા સહન કરી શકયા નહિ. છેવટે તેની શાંતિને માટે ભગવાને તેમને અમ્બરીષની પાસે પાછા મોકલ્યા. દુર્વાસાએ અમ્બરીષની પાસે પાછા આવીને તેમના ચરણ પકડયા. રાજા અમ્બરીષને તેથી શરમ આવી અને કરુણાથી અત્યન્ત દ્રવીભૂત થઈ એ સુદર્શનરૂપી ભગવાનના શસ્ત્રની નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા:—

त्वमग्निर्भगवान्सूर्यस्त्वं सोमो ज्योतिषां पतिः ।
त्वमापस्त्वं क्षितिर्व्योम वायुर्मात्रेन्द्रियाणि च ॥
(૯–૫–૩)

અર્થ—હે સુદર્શન ! તમે અગ્નિ છો. તમે ભગવાન સૂર્ય છો. તમે નક્ષત્રનાથ ચન્દ્રમા છો અને તમે જ જળ, પૃથિવી, આકાશ, વાયુ. તન્માત્રા અને સંપૂર્ણ ઇન્દ્રિયો છો.

त्वं धर्मस्त्वमृतं सत्यं त्वं यज्ञोऽखिलयज्ञभुक् ।
त्वं लोकपालः सर्वात्मा त्वं तेजः पौरुषं परम् ॥
(૯–૫–૫)

અર્થ—તમે ધર્મ છો, ઋત અને સત્ય છો, તમે યજ્ઞ છો તથા સંપૂર્ણ યજ્ઞોનાં ભોક્તા યજ્ઞપુરુષ છો, તમે બધા લોકોના રક્ષક અને સર્વસ્વરૂપ છો તથા પરમ પુરુષ નારાયણનું ઉત્કૃષ્ટ તેજ છો.

त्वत्ते तेजसा धर्ममयेन संहृतं
तमः प्रकाशश्च धृतो महात्मनाम् ।
दुरत्ययस्ते महिमा गिरां पते
त्वद्रूपमेतत्सदसत्परावरम् ॥
(૯–૫–૭)

અર્થ—તમારા ધર્મમય તેજથી મહાપુરુષોનું અજ્ઞાન નષ્ટ થાય છે, તમે સૂર્ય વગેરે તેજને ધારણ કરી રાખેલ છે, તમારા મહિમાનો અંત મળવો અત્યન્ત કઠણ છે, આ કાર્યકારણાત્મક સંપૂર્ણ ચરાચર જગત તમારું જ સ્વરૂપ છે.

ભગવાનનું હથીઆર સુદર્શન ચક્ર છે, ભક્તોનું રક્ષણ કરનાર પણ સુદર્શન ચક્ર છે. એ તેજનો મહિમા ઘણો મોટો છે. એક સાધારણ રેડીઓના જડ તેજમાંથી પણ કેટલાં જાતનાં ગાયનો અને કેટલાં રૂપ નીકળે છે તો ચેતનના તેજની શક્તિ કોણ માપી શકે !

स त्वं जगत्त्राणखलप्रहाणये
निरूपितः सर्वसहो गदाभृता ।
विप्रस्य चास्मत्कुलदैवहेतवे
विधेहि भद्रं तदनुग्रहो हि नः ॥

(૯–૫–૯)

અર્થ—હે વિશ્વરક્ષક ! તમે યુદ્ધમાં બધા શત્રુઓનો સંહાર કરવાવાળા છો, ભગવાન ગદાધરે તમને દુષ્ટોનું દમન કરવા માટે નિયુક્ત કરેલ છે માટે તમે અમારા કુળના ભાગ્યોદયને માટે આ બ્રાહ્મણનું કલ્યાણ કરો.

यदि नो भगवान्प्रीतः एकः सर्वगुणाश्रयः ।
सर्वभूतात्मभावेन द्विजो भवतु विज्वरः ॥

(૯–૫–૧૧)

અર્થ—જો સર્વ પ્રાણીઓમાં પરમેશ્વરને આત્મરૂપે રહેલા અમે જોયા હોય અને સંપૂર્ણ ગુણોના આશ્રયસ્થાન શ્રી ભગવાન અમારા ઉપર પ્રસન્ન હોય તો આ બ્રાહ્મણદેવ દુઃખ વગરના થાય.

આ છેલ્લા શ્લોકમાં સુદર્શન ચક્રનું અધ્યાત્મ સ્વરૂપ બહુ જ સ્પષ્ટ થાય છે, એટલે જો અમે સર્વાત્મભાવ રાખ્યો હોય તો આ બ્રાહ્મણ દુઃખ વગરનો થાઓ. સર્વાત્મભાવ એ જ સુદર્શન અથવા સમ્યક્ દર્શનનું સ્વરૂપ છે. તે ભાવમાં નિષ્ઠા થાય તો બધાં કામ સફળ થાય છે. યોગસૂત્રમાં પણ કહેલ છે કે सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वम् એટલે જેની સત્યમાં પ્રતિષ્ઠા થઇ હોય તેની બધી ક્રિયા સફળ થાય છે. અંબરીષે પણ આ પ્રમાણે સુદર્શનની સ્તુતિ કરી એટલે દુર્વાસાને ચારે તરફથી બાળતું સુદર્શન ચક્ર શાન્ત થઇ ગયું.

સર્વ પ્રાણીમાં પરમેશ્વરને જોવા એટલે જે કામી હોય, ક્રોધી હોય, દુરાચારી હોય તેમાં પણ ભગવાનને જોવા. એ અઘરૂં કામ છે. છતાં સાચા ભક્તો એવી દશા પ્રાપ્ત કરી શકે છે.

વળી, જેનામાં ભક્તિનું તેજ હોય છે તેનો વિરોધ કરવો જોઇએ નહિ કેટલાક વર્ષ પહેલાં એક વખત એક બ્હેન કે જેનામાં ક્રોધ હતો તે શ્રી અરવિંદના આશ્રમમાં દર્શન માટે ગઈ હતી. તેની ઇચ્છા શ્રી અરવિંદ સાથે વાત કરવાની હતી, પણ શ્રી અરવિંદે તે માટે લખીને ના પાડી, પણ દર્શન માટે હા પાડી. દર્શન વખતે તે બાઇએ કહ્યું કે મારે વાત કરવી છે. શ્રી અરવિંદે માથું હલાવીને ના પાડી. તેની અસર તે બાઇ ઉપર એવી થઇ કે તે બાઇને એમ લાગ્યું કે શ્રી અરવિંદ મને નડે છે. તેમાં શ્રી અરવિંદનો દોષ નહોતો પણ તે બાઇનો ક્રોધ જ તે બાઈને નડયો. બે વર્ષ સુધી એવી ભાવનાથી રહેવાથી તેના શરીરના પરમાણુ એવા થઈ ગયા કે તે બાઈએ તળાવમાં પડીને આપઘાત કર્યો. આ પ્રસંગ દુર્વાસાના જેવો હતો, શ્રી અરવિંદનું તેજ અમ્બરીષના જેવું હતું. શ્રી અરવિંદનાં લખાણોમાં પણ શ્રીમદ્ભાગવતની માફક જ સુદર્શનનું વર્ણન આવે છે.

દુર્વાસા એ દુર્વાસનાનું સ્વરૂપ છે. ભકતોની અને જ્ઞાની પુરુષોની તેમાં કસોટી થાય છે. સાધારણ માણસો તો વાસનાથી દબાય છે છતાં તેમાંથી રસ્તો શોધી શકતા નથી. રાજકીય ચળવળમાં પડેલા કેટલાક માણસોને જ્ઞાન કરતાં શક્તિ ગમે છે. એ પણ દુર્વાસાનું સ્વરૂપ છે. તેઓ એમ માને છે કે સારા જીવન કરતાં સારૂં મરણ એ વધારે ઠીક છે અને ગમે તેવું જીવન હોય છતાં દેશને માટે મરવાની શક્તિ બતાવીએ એટલે દોષ ધોવાઈ જાય છે. પણ સારા જીવનની કિંમત ઘણી છે. આપણા જીવનમાં અગવડો તો આવ્યા જ કરે છે પણ ઉત્તમ જીવન માટે તે અગવડો સહન કરવામાં આવે તો ઉત્તમ જીવન પ્રાપ્ત થાય છે.

હવે દુર્વાસાજી અમ્બરીષ રાજાની સ્તુતિ કરતાં કહે છે કે "મેં આજે ભગવાન અનન્તના દાસોનું મહત્ત્વ જાણ્યું કે મેં અપ-

રાધ કર્યો છતાં તમે મારા મંગળની જ ઇચ્છા કરી. જે ભક્તોએ પરમ આરાધ્ય ભગવાન હરિને દઢતાપૂર્વક પકડી લીધા છે એવા સાધુપુરુષોને માટે શું અસાધ્ય છે? એ મહાત્મા કઈ વસ્તુનો ત્યાગ કરી શકતા નથી? (અર્થાત્ બધું છોડી શકે છે.) જેના નામશ્રવણ-માત્રથી પુરુષ નિર્મળ થઈ જાય છે એવા તીર્થપાદ શ્રીહરિના દાસ માટે કયું કર્તવ્ય બાકી રહી જાય છે! (અર્થાત્ કાંઇ કર્તવ્ય બાકી રહેતું નથી.) હે રાજા! પરમ કલ્યાણમય સ્વભાવવાળા તમે મારા અપરાધ તરફ દૃષ્ટિ ન રાખતાં મારા પ્રાણની રક્ષા કરી તેથી તમે મારા ઉપર બહુ જ ઉપકાર કરેલ છે."

આટલું કહી દુર્વાસાજી પાછા જવાની તૈયારી કરતા હતા એટ-લામાં અમ્બરીષે આવીને તેમના પગ પકડી લીધા અને તેમને ભોજન કરાવ્યું. પછી દુર્વાસાએ અંબરીષ રાજાને કહ્યું કે, "હવે તમે પણ ભોજન કરો." તમે ભગવાનના પરમ ભક્ત છો, મને તમારો અનુ-ગ્રહ થયો છે. તમારાં દર્શન, સ્પર્શ, વાર્તાલાપ અને આતિથ્યથી હું અત્યન્ત પ્રસન્ન થયો છું. તમારા આ પવિત્ર કર્મનું દેવાંગનાઓ પણ વારંવાર ગાન કરશે અને આ પૃથિવી પણ તમારી પરમ પાવન કીર્તિનાં વખાણ કરશે."

તે પછી દુર્વાસા રાજા અમ્બરીષના ગુણ ગાતા, તેમની આજ્ઞા લઈને આકાશમાર્ગે બ્રહ્મલોકમાં ગયા કે જે લોક માત્ર નિષ્કામ કર્મ-થી જ પ્રાપ્ત થાય છે. જેટલા વખતમાં સુદર્શન ચક્રની બીકથી દુર્વાસા બ્રહ્મા, શંકર વગેરે પાસે ગયા હતા તેને એક વર્ષ થયું હતું પણ તેમના દર્શન માટે આતુર અમ્બરીષે ભોજન કર્યું નહોતું અને માત્ર પાણી પીને રહ્યા હતા. દુર્વાસા ગયા પછી મહારાજ અમ્બરીષે બ્રાહ્મણ-ભોજન કરાવ્યું, પછી બાકી રહેલ પવિત્ર અન્ન ગ્રહણ કર્યું અને ઋષિને જે કષ્ટ પડયું અને પછી કષ્ટની નિવૃત્તિ

થઈ તેમાં જે પોતાની ભક્તિનો પ્રભાવ જણાયો તે શ્રી પરમાત્માનો જ પ્રભાવ હતો એમ તેમણે માન્યું.

આ પ્રમાણે અનેકગુણસંપન્ન રાજાએ ભગવાન વાસુદેવમાં પોતાની ભક્તિ વધારી. તેના પરિણામે તેમને બ્રહ્મલોક સહિત સંપૂર્ણ ભોગ નરક જેવા લાગ્યા. જ્ઞાન અને વૈરાગ્ય એ બન્ને ભક્તિના દિકરા છે. તે બન્ને દિકરા બુઢા થઇ ગયા હોવાથી ૭ દિવસમાં તેમને જુવાન કરવાના છે. અમ્બરીષ રાજાની કથા ચોથે દિવસે આવે છે. આંહી ભક્તિની સાથે વૈરાગ્ય બતાવ્યો છે અને સુદર્શનરૂપી સર્વાત્મભાવમાં જ્ઞાન પણ બતાવ્યું છે. છેવટે અમ્બરીષ રાજા પોતાના સમાન સ્વભાવવાળા પુત્રોને રાજ્ય સોંપી વનમાં ચાલ્યા ગયા અને ભગવાન વાસુદેવમાં ચિત્ત લગાવી ગુણોના પ્રવાહરૂપ સંસારથી મુક્ત થઇ ગયા. (૯–૫–૨૬).

ભક્તિમાર્ગ એ પ્રેમથી ભગવાન સાથે એકતા પામવાનો માર્ગ છે. તેથી તે માર્ગ અદ્વૈત જ્ઞાનના માર્ગથી કદાપિ વિરુદ્ધ નથી. પ્રેમલક્ષણા ભક્તિનું પર્યવસાન અદ્વૈતમાં જ થાય છે. પ્રેમી પોતાના પ્રિયતમથી દ્વૈતભાવ કદાપિ સહન કરી શકતો નથી. એકતામાં આનંદ છે, રસ છે, ભેદમાં દોષ અને નીરસતા છે. જીવ–જગત ભગવાનથી ભિન્ન નથી છતાં તેમને ભિન્ન જોવાં એ ચિત્તના વિક્ષેપનું મુખ્ય કારણ છે. સામાન્ય માણસની વૃત્તિ વ્યવહારમાં ગુંચવાયેલી રહે છે. તેની સાથે અજ્ઞાન હોય તો તેને દેહનું, જાતિનું, કુળનું, કુટુમ્બનું, દેશનું વિગેરે અનેક જાતનું અભિમાન હોવાથી પહેલાં ધર્મીનો અધ્યાસ થાય છે અને પછી ધર્મનો અધ્યાસ થાય છે. અજાણ્યા માણસો એકબીજાને મળતાં શરૂઆતમાં જ પૂછે છે કે "તમારે ક્યાં રહેવું, તમારૂં નામ શું?" વિગેરે પ્રશ્નો ધર્મનો અધ્યાસ કરાવે છે. પછી ધર્મીનો અધ્યાસ તરત થઇ જાય છે અને જીવનું ખરૂં સ્વરૂપ લક્ષમાં રહેતું નથી, પણ જે જીવ–જગતમાં ગોવિંદનું અનુસંધાન કરી શકે છે તેનો ગુણમય સૂક્ષ્મ દેહ ક્ષીણ થઇ જાય છે અને દ્રવીભૂત થયેલ

ચિત્ત ભગવદ્આકારે થાય છે, ત્યારે કાંઇક નવા સંસ્કાર હૃદયમાં જરૂર પડે છે. તે સંસ્કાર સ્વરૂપપ્રાપ્તિનું સાધન બને છે.

ભક્તિમાર્ગમાં અતિથિસેવા એ એક મુખ્ય સાધન છે. હાલના કાળમાં અનાજની મોંઘવારીને લઇને અતિથિસેવા કરવાનું ઘણાથી બની શકતું નથી. યુરોપ અને અમેરીકામાં નજીકનાં સગાં મ્હેમાન થાય તો પણ તેમને એક દિવસ જમવાનું અપાય છે અને બીજા દિવસથી જમવાનું બીલ આપવામાં આવે છે. હાલની કેળવણી એવી છે કે ભગવાનના અસ્તિત્વ ઉપરથી પણ ઘણાની શ્રદ્ધા જતી રહી છે. ભગવાન સાક્ષાત્ દર્શન દેવા આવે તો પણ હાલના માણસ તેને પૂછે કે તમે ભગવાન છો તેની ખાત્રી શી? તેથી માણસમાં દોષ હોય ત્યાં સુધી ભગવાનનાં દર્શન થતા નથી.

ભક્તિનું સાધન શરૂ કર્યા પછી પણ પહેલાંના સંસ્કાર તરત જતા નથી અને ઘણાં વિઘ્નો આવે છે. પ્રેમમાં જરાપણ આડ રહે તો મિલન થઈ શકતું નથી. જ્યાંસુધી પ્રેમની જ્વાલામાં અભિમાન સંપૂર્ણ ભસ્મ કરી દેવામાં ન આવે ત્યાંસુધી પ્રેમ અને સમર્પણ બન્ને અપૂર્ણ રહી જાય છે. ઘણા સાધકને ભગવાન જોઇએ છે પણ સંસારનું સુખ છોડવું નથી. એ દ્વિવિધ દશા છે. જ્યારે ખરો પ્રેમ જાગે છે ત્યારે પોતાના ઇષ્ટ સિવાય બીજું જે કાંઇ દેખાય તે બળી જાય છે. સાચો પ્રેમ અસતને સત્ કરે છે. બંધનને તોડે છે અને બિંદુને સાગર બનાવે છે. ભગવાનનો સ્વભાવ પણ એવો છે કે કોઇ ભક્ત એકવાર પણ સાચા હૃદયથી કહી દે કે "હું તમારો છું" અને તે ભાવમાં વિચ્છિત્તિ થવા ન પામે તો ભગવાન ભક્તને અભય-પદ આપી પોતાનો કરી લે છે. જ્યારે ભગવાનનો અનુગ્રહ થશે ત્યારે અંદર આ પ્રકારની આત્મિક દશા ઉત્પન્ન થશે. તે પછી જીવ સંસારના સુખથી વિમુખ થઇને ભગવાનની સન્મુખ થાય છે, ભગવાન પાસે હોય એવું તેને લાગે છે, અને તે ભગવાનને પોતાની મુશ્કેલી મનથી નિવેદિત થાય તો તે મુશ્કેલી દૂર થવા લાગે છે.

પ્રકરણ ૨૨

દુર્વાસા અથવા દુર્વાસનાનું સ્વરૂપ

જેમજેમ શ્રીમદ્‌ભાગવતની કથા આગળ ચાલે છે તેમતેમ શુક-દેવજી પરીક્ષિત રાજાને ભગવાનનો મહિમા સમજાવતા જાય છે અને ભક્તની સાધનામાં કેવાંકેવાં વિઘ્નો આવે છે તે પણ સમજાવતા જાય છે. બધાં વિઘ્નોમાં મુખ્ય વિઘ્ન પ્રાણના સ્વભાવમાંથી આવે છે. પ્રાણ ખોટી દશામાં હોય ત્યારે સારૂંસારૂં ખાવાનું માગે છે અને કામવાસ-નાને સંતોષ કરવાના ઉપાય શોધે છે. છતાં જીવને તૃપ્તિ થતી નથી, એ બાબત હવે સમજાવે છે.

કેટલાક માણસો એમ માને છે કે જ્યાંસુધી શ્રુતિવિહિત માર્ગથી અર્થાત્ ન્યાયપૂર્વક કર્મો કરી ભોગસુખો માણ્યાં નથી ત્યાંસુધી કદાપિ તેમની વાસનાનાં બીજો નષ્ટ થતાં નથી અને તેઓ વૈરાગ્યના અધિ-કારી બનતા નથી. તેથી મનુષ્યોએ ધર્મમાં પ્રવૃત્ત રહી ન્યાયી રીતે ભોગસમૃદ્ધિ પ્રાપ્ત કરવી, એવું જગન્નિયન્તાએ ઘડેલું સંસારનું સ્વા-ભાવિક બંધારણ છે, એટલે અર્થ-કામ-સિદ્ધ થયા વગર કોઈ જીવો મોક્ષના અધિકારી થઇ શકતા નથી, અને અર્થકામ પ્રાપ્ત કર્યા વગર વાસનાનાં બીજો દગ્ધ થતાં નથી. બીજા કેટલાકનું માનવું એવું છે કે અર્થ અને કામના ભોગથી ઇચ્છા વધતી જાય છે. આ બાબ-તમાં માણસની સમજણ વધારે શુદ્ધ કરવા માટે હવે પરીક્ષિત રાજાને શુકદેવજી સૌભરી, યયાતિ વગેરેનાં દૃષ્ટાંત આપી કથા આગળ ચલાવે છે. જો સાત દિવસમાં મોક્ષ મેળવવાની ઇચ્છા હોય તો અર્થ-કામની તૃપ્તિ કર્યા પછી વૈરાગ્ય આવે અને પછી મોક્ષ મળે એવું સાત દિવસમાં બની શકે તેવું નથી. તેથી ભક્તિની સાથે અર્થ અને કામમાં સંપૂર્ણ વૈરાગ્ય અને તે સાથે બ્રહ્મજ્ઞાનનું ખરૂં જોર પણ વારંવાર શુકદેવજી પરીક્ષિત રાજા પાસે મૂકતા જાય છે. નવમા સ્કંધમાં ખાસ

કરીને ભક્તિના પુત્ર વૈરાગ્યને જગાડવાની કથા વિશેષ કરીને આવે છે. અમારા ઉપર કેટલાક જિજ્ઞાસુઓના એવા પત્રો આવેલ છે તેમાં તેઓ લખે છે કે તેઓ શાસ્ત્ર પ્રમાણે એટલે ધર્મ પ્રમાણે અર્થ અને કામનું સેવન કરે છે તો પણ તેમની ઇચ્છા અર્થ માટે અને કામ માટે તૃપ્ત થતી નથી.

કામવાસના જીતવામાં એક મુખ્ય બાબત એ સમજવાની છે કે માણસનું શરીર માબાપની કામવાસનાના પરિણામરૂપ વીર્ય અને રજનું બનેલું છે. તેથી જેનાં માબાપ કામી હોય છે તેના પુત્ર પુત્રીઓ પણ કામી રહે છે. જેઓ માબાપ થવાના હોય તેઓ સંયમથી રહે તો તેમની પ્રજાને સંયમ પાળવા માટે યોગ્ય શરીર મળી શકે. આ બાબતમાં હાલમાં ઘણી પરતંત્રતા રહે છે. વળી જેટલા બાળકોની સંભાળ લઈ શકાય તે કરતાં વધારે થાય તો પૈસાની ચિંતા રહે અને તેમને મોટા કરવાની ચિંતા એટલી વધી પડે છે કે શુદ્ધ ભક્તિ માટે બિલકુલ વખત રહેતો નથી.

હવે શુકદેવજી અમ્બરીષના વંશનું વર્ણન આપે છે, અને તે પછી ઇક્ષ્વાકુના વંશનું વર્ણન આપે છે. એકવાર મનુ ભગવાનને છીંક આવી એટલે તેમના નાકમાંથી ઇક્ષ્વાકુ નામનો પુત્ર થયો. તે ઇક્ષ્વાકુને સો પુત્ર થયા. છીંકમાંથી પુત્ર થાય કે કેમ એ બાબત તરત સમજાય તેવી નથી. પણ છીંક એ પ્રાણનો વિકાર છે એમ સમજી શકાય છે અને પ્રાણમાં વિકાર થાય ત્યારે તેમાંથી અનેક જાતના ફણગા ફૂટે છે. તેથી તેના વંશનો વિસ્તાર કેવી રીતે થયો તે શુકદેવજી સંભળાવે છે. તેના વંશમાં એક માન્ધાતા રાજા થયો. તે આખી પૃથ્વી ઉપર રાજ કરતો હતો. માંધાતાને બિન્દુમતીથી ૩ પુત્ર થયા. તેની ૫૦ બ્હેનોએ સૌભરિ ઋષિને પોતાના પતિ રૂપે સ્વીકાર્યા હતા.

એકવાર સૌભરિ મુનિ જમના નદીમાં ન્હાઈને તપ કરતા હતા

ત્યાં એક માછલા–માછલીની મૈથુન ક્રિયા તેમના જોવામાં આવી. તેમનું સુખ જોઈ સૌભરી ઋષિને પણ વિવાહ કરવાની ઇચ્છા થઇ. તેથી તેમણે રાજાની પાસે જઇ એક કન્યા માગી. રાજાએ કહ્યું: "હે બ્રહ્મન્! જ્યારે કન્યાઓનો સ્વયંવર થાય ત્યારે આપ પ્રસન્નતાથી એક કન્યા પસન્દ કરી લેજો. ઋષિએ એવો વિચાર કર્યો કે રાજાએ જાણ્યું કે આ બુઢ્ઢો છે તેથી સ્ત્રીઓને પ્રિય લાગશે નહિ; તેના શરીરમાં કરચલીઓ પડી ગઇ છે, તેના વાળ ધોળા થઈ ગયા છે અને શરીર કાંપે છે તેથી તેને કોઈ પસંદ કરશે નહિ તેથી એવો જવાબ આપી દીધો છે. તેથી હવે હું મને યોગબળથી એવો સુંદર બનાવું કે રાજમહિલા અને દેવસુંદરીઓ પણ મારા ઉપર મોહ પામે. એમ નિશ્ચય કરી સૌભરિ ઋષિએ નવું, જુવાન અને તેજસ્વી સ્વરૂપ યોગબળથી ધારણ કર્યું અને જ્યાં ૫૦ કન્યાઓનો સ્વયંવર થવાનો હતો ત્યાં પહોંચ્યા. તેમનું રૂપ જોઇને બધી કન્યાઓએ તેમને જ પતિરૂપે સ્વીકાર્યા. વળી તેમના રૂપમાં દરેક કન્યાનું મન મોહિત થવાથી કન્યાઓ પણ અંદર અંદર ક્લેશ કરવા લાગી કે આ મારે લાયક છે, તારે લાયક નથી. વિવાહ પછી સૌભરિ ઋષિએ પોતાના અપાર તપના પ્રભાવથી ઘણા સારા મહેલો રચ્યા, બાગ–બગીચા બનાવ્યા, શય્યા, આસન, વસ્ત્ર, આભૂષણ, સ્નાનગૃહ, ભોજન, પુષ્પમાલાઓ વગેરે સુંદરસુંદર સાધનો બનાવ્યાં. એમનું ગૃહસ્થાશ્રમનું સુખ જોઈ રાજા માન્ધાતાને પણ આશ્ચર્ય થયું અને તેનો ગર્વ નીકળી ગયો. આ પ્રમાણે ગૃહસ્થાશ્રમનું અનેક પ્રકારનું સુખ ભોગવતાં ઋષિને સંતોષ થયો નહિ. જેમ અગ્નિમાં ઘી નાખવામાં આવે તેથી અગ્નિ વધે છે તેમ વિષયભોગથી વાસના વધે છે એવો અનુભવ સૌભરિ ઋષિને થયો. એક દિવસ તે સ્વસ્થ ચિત્તે બેઠેલા હતા ત્યારે વિચાર આવ્યો અને તે શોક કરવા લાગ્યા કેઃ—

अहो इमं पश्यत मे विनाशं
तपस्विनः सच्चरितव्रतस्य ।
अन्तर्जले वारिचरप्रसङ्गात्
प्रच्यावितं ब्रह्म चिरं धृतं यत् ॥
૯-૬-૫૧

અર્થ—અરે! જેણે સારી રીતે વ્રતનું આચરણ કર્યું હતું એવા મારૂં અધઃપતન જુઓ. જે બ્રહ્મતેજને મેં ઘણા કાળ સુધી ધારણ કરી રાખ્યું હતું તે એક માછલાના સંગથી નષ્ટ થઇ ગયું.

માટે જેમને મોક્ષની ઇચ્છા હોય તેવા પુરુષોએ ગૃહસ્થ ધર્મવાળાનો સંગ કરવો નહિ. તે માટે સૌભરિ કહે છે કે:—

सङ्गं त्यजेत मिथुनव्रतिनां मुमुक्षुः
सर्वात्मना न विसृजेद् बहिरिन्द्रियाणि ।
एकश्चरन्रहसि चित्तमनन्त ईशे
युञ्जीत तद्व्रतिषु साधुषु चेत्प्रसंङ्गः ॥
૯-૬-૫૧

અર્થ—મોક્ષની ઇચ્છા કરવાવાળા પુરુષે દાંપત્યધર્મમાં રહેવાવાળા પ્રાણીઓનો સહવાસ સર્વથા ત્યાગ કરવો જોઇએ. પોતાની ઇન્દ્રિયોને બહિર્મુખ થવા ન દેવી, સદા એકાન્ત દેશમાં એકલા જ રહેવું, એકમાત્ર ઇશ્વરમાં જ મન લગાવી દેવું અને કદાચ સંગ કરવો હોય તો ભગવત્પરાયણ સાધુપુરુષોનો સંગ કરવો.

પાંચે ઇન્દ્રિયોમાં કામવાસના એ દુર્વાસના છે, એ દુર્વાસાનું સ્વરૂપ છે. તે હંમેશાં ભૂખી રહે છે. તે એક જીતી શકાય તો બીજી બધી ઇન્દ્રિયોનું જોર નરમ પડી જાય છે. કામવાસનાથી જેવું દેહનું અભિમાન વધે છે તેવું બીજી કોઇ વાસનાથી વધતું નથી. તેથી જેઓ એમ માને છે કે એવા ભોગને અંતે તૃપ્તિ થશે એ વાત સાચી નથી. વળી એવા ભોગથી ઉત્પન્ન થયેલ દેહનું અભિમાન પાછળથી

દૂર કરવામાં ઘણી મુશ્કેલી પડે છે. વાસનાનું મૂળ કારણ દેહનું અભિમાન છે. જ્યારે દેહ હું છું એમ લાગે છે ત્યારે દેહના સુખને આત્માનું સુખ માનવામાં આવે છે અને આ ભૂલ તરત દૂર થતી નથી. તેથી ડાહ્યા પુરુષોએ કામવાસનામાં જતી વૃત્તિને તરત પાછી વાળવી જોઈએ. જે ભોગથી બીજા દુઃખી થતા હોય તેમાં પડીને પોતે અનુભવ લેવો જોઈએ અને પછી વૈરાગ્ય આવશે એ માન્યતા ખોટી છે. આવા ભોગથી કોઈને તૃપ્તિ થતી જ નથી. સૌભરિ ઋષિ પોતાના મનને સમજાવતાં કહે છે કેઃ—

> एकस्तपस्व्यहमथाम्भसि मत्स्यसङ्गात्
> पञ्चाशतासमुत पञ्चसहस्रसर्गः ।
> नान्तं व्रजाम्युभयकृत्यमनोरथानां
> मायागुणैर्हृतमतिर्विषयेऽर्थभावः ॥
> ९-६-५२

અર્થ—પહેલા હું એકલો તપસ્વી હતો, પછી જળમાં માછલાના સંગથી ૫૦ સ્ત્રીઓનો પતિ બની પચાસગણો થયો. પછી સન્તાનરૂપે વધીને પાંચહજાર રૂપવાળો થઈ ગયો. વિષયોમાં મારી સત્યબુદ્ધિ થઇ ગઇ છે, તેથી બુદ્ધિના માયિક ગુણોમાં ફસી જવાથી હું આ લોકના અને પરલોકના બધા મનોરથ પૂરા કરી શકું તેમ નથી.

કપિલાખ્યાનમાં દેવહુતિ કપિલ ભગવાનને પોતાનો અનુભવ કહે છે કે વિષયોથી તૃપ્તિ થતી નથી. એકાદશ સ્કંધમાં પુરૂરવા રાજાને પણ ઉર્વશીના મોહમાં પડવાથી પશ્ચાત્તાપ થયો છે. ત્યાં તે કહે છે કે જેનું મન સ્ત્રીથી હરાઇ ગયું છે તેને વિદ્યા, તપ, દાન, શાસ્ત્રાભ્યાસ, એકાન્ત કે મૌન વગેરેથી પણ શો લાભ છે? (૧૧-૨૬-૧૨) સાધુ પુરુષોને સ્ત્રીઓને ઉપદેશ કરવાના પ્રસંગ આવે છે. તેથી

સાવચેત રહેવા માટે (અમદાવાદના પ્રખ્યાત) બ્રહ્મીભૂત મંડલેશ્વર સ્વામી શ્રી જયેન્દ્રપુરી મહારાજ પણ કહેતા હતા કે સાધુઓએ સ્ત્રીઓના સામું જોઈને ઉપદેશ આપવો નહિ. મુખ્ય વિકાર દૃષ્ટિમાંથી ઉત્પન્ન થાય છે તેથી જ્યાંસુધી દૃષ્ટિ બ્રહ્મમય ન થાય ત્યાંસુધી સ્ત્રીઓના સામું જોવું નહિ. સૌભરિ ઋષિ એક માછલાંની ક્રિયા જોઈ પોતાની વૃત્તિને સ્થિર રાખી શક્યા નહિ તો જેઓ સીનેમાના શોખીન છે અને તેમાં જે સ્ત્રીઓ અનેક પ્રકારના હાવભાવ બતાવે છે તે જોઇ કેટલા માણસો પોતાનું મન વશ રાખી શકતા હશે. વળી હાલના કાળમાં હાઈસ્કૂલો અને કોલેજોમાં જ્યાં સહશિક્ષણ ચાલે છે અને જ્યાં જુવાન છોકરા—છોકરીઓ છૂટથી મળે છે અને વાતો કરે છે ત્યાં ઇંદ્રિયોનો સંયમ કવી રીતે રહેતો હશે?

અમારા ઉપર પણ ઘણા જિજ્ઞાસુઓના કાગળ આવે છે તેમાં મુખ્ય બાબત તરીકે કામવાસનાને જીતવાના ઉપાય પૂછાવે છે. કામી સ્ત્રીપુરુષોના સંગમાં રહેવું અને કામ જીતવો એ બહુ અઘરૂં કામ છે. છતાં અમારા અભિપ્રાય પ્રમાણે નીચે પ્રમાણે કેટલાક ઉપાય લેવાથી આ દુર્વાસના ઉપર કાબુ આવી શકે છે:–

૧ વિષયો ઉપર દોષદૃષ્ટિ થવી જોઈએ.

૨ ઇંદ્રિયો ઉશ્કેરાય એવાં સીનેમા કે નાટક જોવાં નહિ, એવાં પુસ્તકો વાંચવાં નહિ અને એવાં ચિત્રો જોવાં નહિ.

૩ રાત્રે ભોજન લેવાનું છોડી દેવું અથવા થોડું જમવું અને વહેલું જમવું. ખોરાકથી વીર્ય ઉત્પન્ન થાય છે અને હોજરી ઉપર રાત્રિએ જમવામાં આવેલ ખોરાકનું દબાણ રહે તો તે દબાણ વીર્યાક્ષય ઉપર અસર કરે છે અને સ્વપ્નમાં વીર્ય બહાર નીકળે છે.

૪ રસોઇ કરી આપનાર બ્રહ્મચારી હોય અથવા ભગવાનના નામનો જપ કરતાં રસોઇ તૈયાર થાય તો તેમાં સાત્વિક ભાવના આવે છે અને તે ખોરાક સાત્વિક વૃત્તિ ઉત્પન્ન કરે છે.

૫ જમ્યા પહેલાં જમવાનો ખોરાક ભગવાનને ધરીને જમવાથી પણ સાત્ત્વિક વૃત્તિ રહે છે.

૬ પરણીને તરત વરકન્યા ભગવાનના મંદિરે જઇ એવી પ્રાર્થના કરે કે અમારે હવે કઠણ પ્રસંગોમાંથી પસાર થવું છે માટે અમને બ્રહ્મચર્ય પાળવાનું બળ આપજો, તો તેનાથી પણ ફાયદો થાય છે અને ભગવાન સાત્ત્વિક બળ આપે છે.

૭ કેટલાક સાધુઓ વીર્ય ભેગું ન થાય તેટલા માટે બહુ જ અલ્પ ખોરાક લે છે, એટલે ધ્યાન–ભજનમાં જેટલી શક્તિ જોઇએ તેટલી શક્તિ, જેટલા ખોરાકથી આવે તેટલો જ ખોરાક લે છે.

૮ આત્મધ્યાન બરાબર લાગે તો કેટલીક શક્તિ તેમાં વપરાય છે અને રેતસ્‌માંથી ઓજસ્‌ થાય છે.

૯ સામાન્ય રીતે કામવાસના અપાન (એટલે નીચે જતા પ્રાણ) ના જોરથી ઉત્પન્ન થાય છે તેથી કેટલાક માણસો હઠયોગથી અપાનને જીતવાનો પ્રયત્ન કરે છે.

૧૦ પોતાની સ્ત્રી સાથે એકાન્તનો પ્રસંગ મળે ત્યારે કોઈ સારૂં સાત્ત્વિક પુસ્તક સાથે મળીને વાંચવું.

૧૧ સામાન્ય રીતે સ્ત્રીઓનો કામ બકરીની લીંડી જેવો હોય છે, એટલે તેને સળગતાં વાર લાગે પણ સળગ્યા પછી તરત ઓલાય નહિ અને પુરૂષોનો કામ ઘાસના ભડકા જેવો હોય છે. તે તરત ઉત્પન્ન થાય છે અને પાછો ઓલાઈ જાય છે, એવું કોઇ શાસ્ત્રમાં કહેલું છે. પણ હાલના કાળમાં તો પુરુષો પણ સ્ત્રીઓના જેવા થઈ ગયા હોય છે, અને કેટલીક સ્ત્રીઓ પુરુષોના જેવી થઇ ગઈ હોય છે.

૧૨ મ. ગાંધીજી સ્ત્રીઓની વચ્ચે રહી પોતાનું બ્રહ્મચર્ય પાળી શકયા હતા પણ તે સંયમી થયા પછી કરી શકયા હતા.

નાની ઉંમરમાં તો તે પણ કામવાસનાથી દબાઈ ગયા હતા, એવું તેમણે પોતાની આત્મકથામાં લખેલ છે, માટે જેમને આગળ વધવું હોય તેમણે સંયમ કેળવવાની જરૂર છે.

૧૩ આશ્રમફેર કરવાથી આ બાબતમાં કાંઈક સગવડ મળે છે. જેના સંજોગો અનુકૂળ હોય તે માણસ જો ગૃહસ્થાશ્રમમાંથી નીકળી વાનપ્રસ્થ આશ્રમ સ્વીકારે અથવા સંન્યાસ–આશ્રમ સ્વીકારે તો તેને કામી માણસોનો સંગ બહુ ઓછો થાય છે અને જે બ્રહ્મચર્ય પાળતા હોય તેમનો સંગ વધારે થાય છે. કુટુંબની ફીકર ઓછી કરવા માટે કોઈ પોતાની સ્ત્રીને સીવણકામ જેવો ગૃહઉદ્યોગ શીખવાડી શકે છે, અને સ્ત્રીને સત્સંગનો લાભ આપ્યો હોય તો બન્નેનું જીવન સારૂં ચાલે છે.

૧૪ હિંદુસ્થાનમાં લાખો વિધવાઓ બ્રહ્મચર્ય પાળી શકે છે અને લાખો સાધુઓ પણ બ્રહ્મચર્ય પાળી શકે છે. તેમનાં દૃષ્ટાંત નજર આગળ રાખીને મનને મજબુત રાખ્યું હોય તો બ્રહ્મચર્ય પાળવાની શક્તિ આવે છે.

૧૫ કેટલાક એમ પ્રશ્ન પૂછે છે કે ગૃહસ્થાશ્રમમાં રહીને બ્રહ્મચર્ય પાળી શકાય કે નહિ અને કામવાસના જીતી શકાય કે નહિ, તેમને માટે હાલના કાળમાં શ્રી રામકૃષ્ણ પરમહંસનો દૃષ્ટાંત સમજવા જેવો છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ પરણેલા હતા છતાં પોતાની–સ્ત્રીને મા માનીને આખી જીંદગી બ્રહ્મચર્ય પાળીને બન્ને રહ્યાં હતાં. એ ગૃહસ્થના શિષ્યો સ્વામી વિવેકાનંદ વગેરે સંન્યાસી હતા.

૧૬ હાલના કાળમાં દેશસેવા થઈ શકે તે માટે અથવા સમાજસેવા થઈ શકે તેટલા માટે કેટલાંક સ્ત્રીપુરુષો બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે. તેઓ માનસિક બ્રહ્મચર્ય કેટલુંક પાળી શકે છે તેનું માપ કાઢવું મુશ્કેલ છે. માનસિક બ્રહ્મચર્ય પાળવા માટે જ્ઞાનમાં ફેરફાર થવો

જોઇએ. યોગવાસિષ્ઠમાં કહેલ છે કે, "ચૈતન્ય જો જગતને આ જગત છે" એમ જાણે નહિ તો જગતમાં જગતપણું શું રહે, ચૈતન્ય જો રાગને રાગરૂપે જાણે નહિ તો રાગ પણ શો પદાર્થ છે? રાગની સિદ્ધિ પણ ચૈતન્યના જ્ઞાન વગર થતી નથી. શુકદેવજીની દૃષ્ટિમાં કોઇ સ્ત્રી નહોતી તેથી નગ્ન રીતે નાહતી સ્ત્રીઓએ શુકદેવજીને જોઇને કપડાં પહેર્યાં નહોતાં. બાળકના જ્ઞાનમાં પણ સ્ત્રીઓનો રાગ નથી. સ્ત્રીના ખોળામાં કૂતરો રમતો હોય તો તે કૂતરાના જ્ઞાનમાં પણ તે સ્ત્રી નથી, એક સ્ત્રી બીજી સ્ત્રીની સાથે સૂતી હોય તો પણ બન્નેમાંથી કોઇને વિકાર થતો નથી. તેથી જ્યાંસુધી જીવનું જ્ઞાન રાગરૂપે એટલે કામવાસનાના રૂપે પરિણામ પામે નહિ ત્યાંસુધી રાગ અથવા વ.સના કોઇ તત્ત્વરૂપે લાગતી નથી

૧૭ વાસનાવાળું અંતઃકરણ અશુદ્ધ કહેવાય છે, તેવા અંતઃ-કરણમાં આત્મજ્ઞાન થતું નથી. એક જિજ્ઞાસુએ અમને લખેલું હતું કે, "હું કામદેવથી સપડાઇ ગયો છું, હું મુક્તિ ઇચ્છતો નથી, સમાધિ ઇચ્છતો નથી, આનંદ કે ધ્યાન ઇચ્છતો નથી; ઇચ્છું છું ફક્ત કામદેવ રહિત આંતરિક સ્થિતિ. આપ કૃપા કરી મને આમાંથી છોડાવો, નહિં. તર મારૂ જીવન અધોગતિમાં જશે." બીજા એક જીજ્ઞાસુએ પણ અમને કહ્યું હતું કે આ વાસનામાંથી મને છોડાવો, મને સંસાર ગમતો નથી માટે કાંઇક ઉપાય બતાવો, નહિ તો હું કૂવામાં પડી આપઘાત કરીશ, આવા વિકટ પ્રસંગો ઘણાંના જીવનમાં આવે છે તેથી આ બાબતના ઉપાય અહિં વિશેષ રૂપે લખેલ છે. પ્રાણમયકોશની ઉપર મનોમય કોશ છે અને તે ઉપર વિજ્ઞાનમય અને આનંદમય કોશ છે અને તેની ઉપર બ્રહ્મનું સ્થાન છે, તેથી જો ઉત્તમ દશા એક જન્મમાં મેળવવી હોય તો પ્રાણમય કોશનું સુખ તરત છોડી દેવું જોઇએ, તેમાં અટકી ગયેલ માણસ પશુ જેવા થાય છે.

૧૮ એક ઉપાય એ છે કે પુરુષોએ સ્ત્રીઓને ચામડી વગરની

જોવી અને સ્ત્રીઓએ પુરુષોને ચામડી વગરના જોવા. એવી ભાવનાથી પણ દુર્વાસના નબળી પડી જાય છે.

૧૯ ગીતામાં બીજા અધ્યાયમાં ભગવાન કહે છે કે વિષયોનું ધ્યાન કરનારને તેમાં સંગ થાય છે અને સંગથી કામ થાય છે. તેથી વિષયોને મિથ્યા સમજી મનને આત્મજ્ઞાનમાં લગાડવું જોઈએ. ભગવાનની હાજરીમાં અર્જુન ભગવાનને કહે છે કે આ ચંચળ મનને વશ રાખવું એ બહુ મુસ્કેલ કામ છે. તેના જવાબમાં (ગીતામાં) ભગવાન કહે છે કે અભ્યાસ અને વૈરાગ્યથી મન વશ કરી શકાય છે.

૨૦ બ્રહ્મચર્ય જેમણે પાળવું હોય તેમણે એવો નિયમ રાખવો કે પતિપત્નીએ જુદા ઓરડામાં સૂવું.

૨૧ રોજ ખાસ કરીને સૂતા પહેલાં ઈશ્વરની પ્રાર્થના કરવી કે તે પોતાની શક્તિથી આપણી કામવાસનાને દબાવે.

૨૨ ઝંડુ ફાર્મસીવાળાએ "શીતવીર્ય ગુટિકા" નામની દવા કાઢેલી છે. તેનાથી વીર્ય શીત રહે છે. તેનો ઉપયોગ ઠીક લાગે તો કરવો. પણ કેટલાક માણસો કહે છે કે તેનાથી પાચનશક્તિ નબળી પડી જાય છે. આ ખામી દૂર કરી શકાય તો તે દવા ઉપયોગી થઈ શકે.

૨૩ જ્ઞાનદૃષ્ટિએ શરીરથી, મનથી, અને ઇન્દ્રિયોથી આત્મા જુદો છે અને નિર્વિકારી છે એવું મનન કરવાથી પણ આત્મામાં શકિત વધે છે અને બ્રહ્મચર્ય પાળવાનું બળ આવે છે.

૨૪ જ્યારે જ્યારે કામવાસના ઉત્પન્ન થાય ત્યારે ત્યારે ભગવાનના નામનો જપ કરવો.

૨૫ કાલે પોતાને ફાંસી મળવાની છે એવું જાણી સંસારના ભોગમાં વૈરાગ્ય લાવવો. એક દિવસ તો બધાનાં શરીર ભસ્મીભૂત

થવાનાં છે, છતાં કાલે પણ પોતાની એવી દશા થાય એનો સંભવ છે એમ માની વૈરાગ્ય કેળવવો.

૨૬ સ્ત્રીને સ્ત્રીરૂપે ન માનવી પણ ભગવાનરૂપે માનવી, અને એ ભગવાનને મનથી કહેવું કે તમારે મને વિઘ્ન કરવું જોઈએ નહિ. "એવી પ્રાર્થના કરવાથી પણ સ્ત્રીનો સ્વભાવ ફરી જાય છે.

આત્મસાક્ષાત્કારના માર્ગમાં મોટામાં મોટું વિઘ્ન પ્રાણમય કોશમાં રહેલી કામના તરફથી આવે છે. સૌભરિ જેવા ઋષિ પણ માત્ર માછલાની ક્રીડા જોઈ ફસાઇ ગયા તો સામાન્ય પ્રકૃતિના માણસોનું કહેવું જ શું? સૌભરિ ઋષિ પણ અંતે એવા ખોટા સુખમાં વિરક્ત થઈ ઘર છોડી વનમાં ચાલ્યા ગયા. ત્યાં ફરીથી તપ કરી તેમણે પોતાના આત્માને પરમાત્મામાં લીન કરી દીધો.

હવે શુકદેવજી પરીક્ષિત રાજાને માન્ધાતાનો વંશ કહે છે. તે વંશમાં હરિશ્ચન્દ્ર રાજા થયા છે. હરિશ્ચન્દ્રને પુત્રની ઇચ્છા હતી તેથી નારદજીની સલાહથી વરુણના શરણમાં ગયા. તેમણે વરુણને કહ્યું કે જો મને એક વીર પુત્ર આપો તો હું તેનાથી આપનું યજન કરીશ. વરુણે કૃપા કરી અને હરિશ્ચન્દ્રને રોહિત નામનો પુત્ર થયો. પછી વરુણે હરિશ્ચન્દ્રને કહ્યું કે હવે તેનાથી મારું યજન કરો. હરિશ્ચન્દ્રે કહ્યું કે એ દશ દિવસનો થશે ત્યારે કરીશ. દશ દિવસનો થયા પછી વરુણે કહ્યું કે "હવે યજ્ઞ કરો." રાજાએ કહ્યું;"તેને દાંત નીકળશે ત્યારે કરીશ." દાંત નીકળ્યા પછી વરુણે કહ્યું; 'યજન કરો.' હરિશ્ચન્દ્ર કહ્યું કે તેના દાંત પડી જશે ત્યારે કરીશ. દાંત પડી ગયા પછી. વરુણે કહ્યું; "હવે મારું યજન કરો" રાજાએ કહ્યું "હવે તેને ફરી દાંત નીકળશે ત્યારે કરીશ." ફરીથી દાંત નીકળ્યા ત્યારે વરુણે યજન માટે કહ્યું એટલે રાજાએ કહ્યું કે જ્યારે તે રાજપુરુષરૂપ કવચ ધારણ કરવા યોગ્ય થશે ત્યારે તે પવિત્ર મનાય છે. આવી રીતે હરિશ્ચન્દ્રે

વખત કાઢવા માંડયો. રોહિતને આ વાતની ખબર પડી એટલે તે પોતાનો પ્રાણ બચાવવા માટે વનમાં ચાલ્યો ગયો અને હરિશ્ચન્દ્ર પણ અંતે આત્મજ્ઞાન પામી સ્વરૂપમાં સ્થિત થયા. (૯–૭–૨૭).

આ નાના આખ્યાનમાં પણ પુત્રની ઈચ્છાથી શરૂઆત થઇ છે. કેટલાકને પુત્ર વગર સુખ થતું નથી. કેટલાકને પુત્ર હોય છતાં આજ્ઞાકારી ન હોય તો પણ સુખ થતું નથી. એ પણ એક જાતની વાસના છે.

અથવા વરુણ એ રસના દેવ છે. જેની સત્તાથી રસ મળે છે. તેને તે અર્પણ ન થાય તો અહંકાર વધી જાય છે.

હવે શુકદેવજી રોહિતનો વંશ કહે છે. એમાં એક સગર રાજા થયેલ છે. તેને ૬૦૦૦૦ પુત્રો હતા. સગર રાજાએ અશ્વમેધ યજ્ઞથી શ્રી હરીનું યજન કર્યું હતું, તેણે યજ્ઞ વખતે જે ઘોડો છોડયો હતો તેનું હરણ ઇન્દ્રે કર્યું હતું. પછી પિતાની આજ્ઞા લઇ, સગર રાજાના પુત્રોએ એ ઘોડાની શોધ માટે પૃથ્વીને ઘણી દિશામાં ખોદી હતી. તે વખતે તેમણે પૂર્વોત્તર દિશામાં કપિલમુનિની પાસે ઘોડાને જોયો. તે જોઈ એ ૬૦ હજાર પુત્રો ગુસ્સે થયા અને મુનિને મારવા દોડયા. મુનિએ આંખ ઉઘાડી. તે વખતે ઈન્દ્રની માયાથી મોહિત થયેલા તે બધા રાજકુમાર મહાત્મા કપિલજીના અપરાધથી કપિલજીની દૃષ્ટિ પડતાં જ ક્ષણમાત્રમાં અગ્નિથી બળીને ભસ્મ થયા.

આ આખ્યાનનો અધ્યાત્મદૃષ્ટિથી વિચાર કરીએ તો અશ્વના બે અર્થ થાય છે. અશ્વ એટલે ઘોડો અને અશ્વ એટલે પ્રાણ. અશ્વમેધ એટલે પ્રાણાયામ અથવા પ્રાણની વાસના છૂટી કરવી અને અને તે વાસનાને કોઇ રજોગુણરૂપી રાજા અથવા બીજા કોઈ બાંધે તો તેની સાથે યુદ્ધ કરીને તેને છોડાવવી જોઇએ. જો વાસના કોઇ જગ્યાએ બંધાઈ જાય તો જીવનરૂપી યજ્ઞ પૂરો થાય નહિ.

માણસના જીવનમાં પણ જો તેની વાસના કોઇ વિષયમાં બંધાઈ જાય છે તો તેનું જીવન અપૂર્ણ રહી જાય છે. સગરના પુત્રોએ ઘોડાને કપિલજી પાસે જોયો-એટલે પ્રાણરૂપી પ્રવૃત્તિ પુરુષની પાસે રહે છે. પણ સગરના પુત્રો મુનિનું સ્વરૂપ ઓળખી શક્યા નહિ. પુરુષ અસંગ છે છતાં તેને સંગવાળો માનીએ તો જીવ અચેતન થઇ જાય છે. એવા જીવોનો ઉદ્ધાર કરવો હોય તો જ્ઞાનરૂપી ગંગા ઉતારવી જોઈએ.

હઠયોગમાં ભૂલ થાય તો શરીર બગાડે છે. ભક્તિમાર્ગમાં ભૂલ થાય તો માણસ વિષયોમાં આસક્ત થાય છે અને જ્ઞાનમાર્ગમાં ભૂલ થાય તો માણસ નાસ્તિક થઇ જાય છે. મંત્રમાં શંકા હોય તો મંત્રનું ફળ મળતું નથી. ચાલુ પ્રસંગમાં સગરના પુત્રોએ કપિલ મુનિનો અપરાધ કર્યો હતો એટલે જ્ઞાનનો અપરાધ કર્યો હતો તેથી હવે તેમને જ્ઞાન થાય ત્યારે તેમનો ઉદ્ધાર થાય.

સગરની બીજી રાણી કેશિનીનો પુત્ર અસમંજસ હતો. તેનો પુત્ર અંશુમાન થયો. અસમંજસ પૂર્વજન્મમાં યોગી હતો પણ સંગને લીધે યોગભ્રષ્ટ થયો હતો. તેને પોતાના પૂર્વજન્મનું જ્ઞાન હતું તેથી તે કોઇનો સંગ કરતો નહિ, અને વિપરીત આચરણથી રહેતો હતો. હવે અંશુમાન ઘોડાને શોધતો કપિલ મુનિ પાસે પહોંચ્યો. ત્યાં તેને પોતાના ૬૦ હજાર કાકાને ભસ્મીભુત થયેલા જોયા. ત્યાં અંશુમાને કપિલજીની સ્તુતિ કરતાં કહ્યું કે જે પ્રાણીઓ આપની માયાથી મોહિત છે તે ત્રણે ગુણોને વશ થઈ રહેલા છે. તેઓ બહિર્મુખ હોવાથી આપ કે જે અંતઃકરણમાં રહેલ છો તેમને દેખતા નથી, એવા જ્ઞાનઘન આપની હું શી રીતે ભાવના કરી શકું ! જેઓએ ગુણમય ભેદ દૂર કરેલ છે તે સનન્દન વગેરે મુનિઓ જ આપને ઓળખી શકે છે. પણ જેઓ કામ, લોભ, ઇર્ષ્યા અને મોહ વગેરેથી ભ્રાન્ત ચિત્તવાળા હોય છે તેઓ આ સંસારને પરમાર્થ એટલે સત્ય

સમજી ઘર વગેરેમાં ભટકતા રહે છે. આજ આપના દર્શનથી મારો મોહ નષ્ટ થયો છે."

કપિલ ભગવાને પ્રસન્ન થઈ અંશુમાનને કહ્યું કે હે પુત્ર ! આ ઘોડો તમારા પિતામહનો યજ્ઞપશુ છે. તમે તેને લઈ જાઓ. આ તમારા ૬૦ હજાર પિતૃઓને જો ગંગાજીનો સ્પર્શ થશે તો તેમનો ઉદ્ધાર થશે, પછી કપિલજીની પ્રદક્ષિણા કરીને અંશુમાન ઘોડાને લઈને પાછા આવ્યા અને તેનાથી યજ્ઞ પૂરો કર્યો.

ઘોડાનો યજ્ઞમાં હોમ કરવામાં આવે છે ત્યારે અશ્વમેધ યજ્ઞ પૂરો થાય છે. એટલે પ્રાણીની દુર્વાસના જીવનમાં હોમવી જોઈએ. એટલું કર્યા પછી અંશુમાને જ્ઞાનરૂપી ગંગાજી લાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પણ તે કાર્ય પૂરું થયા પહેલાં તેનું આયુષ્ય પૂરૂ થયું. તેનો પુત્ર દિલીપ થયો. તે પણ ગંગાજીને લાવી શકયો નહિ. તેનો પુત્ર ભગીરથ થયો. તેણે ઘોર તપ કર્યું અને તેથી ગંગાજીએ પ્રસન્ન થઈ તેને દર્શન આપ્યાં. આજકાલ માણસો જ્ઞાનનું સાધન કરવા લાગે છે અને તરત ફળ મળે નહિ તેથી કંટાળી જાય છે પણ એમાં ભગીરથ પ્રયત્નની જરૂર છે. એટલે ભગીરથના જેવા પ્રયત્નની જરૂર છે. ગંગાજીએ ભગીરથને કહ્યું કે જે વખતે હું સ્વર્ગથી પૃથ્વી ઉપર ઊતરૂં તે વખતે મારા વેગને ધારણ કરનાર કોઈ જોઈએ, નહિતર પૃથ્વી ફોડીને રસાતાળમાં ચાલી જઈશ. વળી હું પૃથ્વી ઉપર રહું તો લોકો પોતાનાં પાપ મારા જળમાં ધોશે તેથી મારે તે પાપ ક્યાં નાખવાં ?"

રાજા ભગીરથે કહ્યું : 'ત્રણ એષણાનો ત્યાગ કરવાવાળા (એટલે પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણાનો ત્યાગ કરવાવાળા) શાન્ત, બ્રહ્મનિષ્ઠ, અને લોકોને પવિત્ર કરવાવાળા સાધુજન પોતાના અંગથી તમારા પાપને દૂર કરી દેશે, કારણ કે તેઓમાં પાપને નાશ કરનાર

શ્રીહરિ રહે છે. વળી જેમાં આ બધું જગત ઓતપ્રોત રહેલ છે તે સંપૂર્ણ દેહધારીઓના આત્મા ભગવાન રુદ્ર તમારા વેગને ધારણ કરશે.

પછી રાજા ભગીરથે તપ કરીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા. શ્રી શંકરે ગંગાજીને ધારણ કરવાનું માથે લીધું, અને ગંગાજીનું અવતરણ થયું ત્યારે સમાહિત ચિત્તથી ગંગાજીને ધારણ કર્યાં. જ્ઞાનરૂપી ગંગાને ધારણ કરવી હોય તો સમાહિત ચિત્ત કરવું જોઈએ એવી અહિ સૂચના કરેલી છે. (૯-૯-૯.) આત્મજ્ઞાનને ધારણ કરવું એ બહુ અઘરું કામ છે. તેમાં શંકરના જેવો વૈરાગ્ય જોઈએ, એવું જ્ઞાન ભગીરથ રાજા પોતાના પિતૃગણ કે જે ભસ્મીભૂત થયા હતા ત્યાં લઈ ગયા. તેનાથી સગરપુત્રો સજીવન થયા. આજે ગંગાજીમાં નાહીને પવિત્ર થવા માટે કેટલાક માણસો ગંગાકાંઠે હરિદ્વાર, કાશી વગેરે સ્થળે જાય છે. તેમને પણ તેમની ભાવના પ્રમાણે ફળ મળે છે. ગંગામાં નહાવાથી પ્રાણની શુદ્ધિ થવી જોઈએ, અનેક દુર્વાસનાઓ મટવી જોઈએ.

હવે શુકદેવજીએ પરીક્ષિત રાજાને ઈક્ષ્વાકુનો અને નિમિરાજાનો વંશ કહેવા માંડયો, જ્યાં વાસના વધે છે ત્યાં વંશ પણ વધે છે અને તેથી નવમા સ્કંધમાં મોટી વંશાવળી આવે છે. તેમાં મિથિલ વંશમાં ઉત્પન્ન થયેલ રાજાઓ આત્મવિદ્યામાં કુશળ હતા અને યાજ્ઞવલ્ક્ય વગેરે યોગેશ્વરોની કૃપાથી ગૃહસ્થાશ્રમમાં રહેતા છતાં બધા પ્રકારના દ્વંદ્વથી રહિત હતા.

પછી ચંદ્રવંશનું વર્ણન આવે છે, તેમાં પણ તારાનું ખોટું ગર્ભધારણ, પુરુ, પુરૂરવા અને ઉર્વશીની વાસના, જમદગ્નિની સ્ત્રી રેણુકાનું માનસિક બ્રહ્મચર્યભંગ, વગેરેની કથા આવે છે. રેણુકાનો અપરાધ જોઇ જમદગ્નિએ તેના પુત્ર પરશુરામને તેની માને મારવાની આજ્ઞા કરી. પરશુરામે તેમ કર્યું. તેના પિતા પ્રસન્ન થયા અને વર માગ-

૨૮

વાનું કહ્યું ત્યારે પરશુરામે કહ્યું કે મારી મા જીવતી થાય. પરશુરામે ૨૧ વાર રજોગુણ—તમોગુણવાળી વૃત્તિવાળા દુષ્ટ ક્ષત્રિયોને મારી નાખ્યા હતા. (૯–૧૫–૧૫) રજોગુણ અને તમોગુણની વૃત્તિઓને મારવાનું કામ તો બધા બ્રહ્મજિજ્ઞાસુઓને કરવું પડે છે.

નહુષના વંશમાં એક યયાતિ રાજા થયા હતા. જેનામાં આત્મ-સાક્ષાત્કારની હોંશ હોતી નથી તેની વૃત્તિ જ્યાં ત્યાં રખડે છે તેને ય–યાતિ કહે છે. યયાતિએ દેવયાની સાથે વિવાહ કર્યો હતો અને તેની દાસી શર્મિષ્ઠા સાથે પણ સંબંધ રાખ્યો હતો, તેથી શુક્રાચાર્યે યયાતિને એવો શાપ આપ્યો કે "હે સ્ત્રીકામી મંદમતિ અસત્પુરુષ! તને (મનુષ્યને કુરૂપ બનાવનાર) વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય." યયાતિએ કહ્યું કે "હું તમારી પુત્રીની સાથે વિષયભોગથી હજુ તૃપ્ત થયો નથી તેથી આ શાપથી તમે તમારી પુત્રીનું અનિષ્ટ કરો છો." શુક્રાચાર્યે કહ્યું કે "ઠીક, જે માણસ પ્રસન્નતાથી તમને જુવાની આપે તેને વૃદ્ધાવસ્થા આપીને તમે જુવાન બનો." પછી યયાતિએ પોતાના મોટા પુત્ર યદુને કહ્યું કે "તું મારી વૃદ્ધાવસ્થા લે અને મને જુવાની આપ, કારણ કે હું વિષયોથી તૃપ્ત થયો નથી. તેથી આયુષ્ય મેળવીને હું થોડાં વર્ષ રમણ કરીશ." (૯–૧૮–૩૯)

યદુએ કહ્યું—મને વૃદ્ધાવસ્થા જોઈતી નથી, કારણ કે જ્યાંસુધી કોઈ માણસને વિષયસુખનો અનુભવ થતો નથી ત્યાંસુધી તેનાથી તે વિરક્ત થતો નથી. પછી સૌથી નાના પુત્ર પૂરુએ પિતાની વૃદ્ધાવસ્થા લીધી. યયાતિના આ પ્રસંગમાં પણ શુકદેવજીએ દુર્વાસનાનું સ્વરૂપ સ્પષ્ટ રીતે બતાવેલ છે.

યયાતિ રાજાને ફરીથી જુવાની પ્રાપ્ત થવાથી તે યથાયોગ્ય વિષયોનું સેવન કરવા લાગ્યો. તેની સ્ત્રી દેવયાની પણ પતિને પ્રસન્ન કરવા લાગી. તેની સાથે યયાતિ રાજાએ બહુ દક્ષિણાવાળા યજ્ઞોથી

ભગવાનની ભક્તિ કરી. મન અને પાંચ ઈન્દ્રિયોથી એક હજાર વર્ષ સુધી ભોગો ભોગવતાં છતાં પણ ચક્રવર્તી રાજાને તૃપ્તિ થઇ નહિ. એક દિવસે યયાતિ રાજાને પોતાના આત્માના પતનનું ભાન આવ્યું અને વિષયોથી વિરક્ત થઈ તેની સ્ત્રીને કહ્યું કે તારી માયાથી મોહિત થઈ જવાથી હું મને પોતાને ભૂલી ગયો છું, વળી

यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
न दुह्यन्ति मनःप्रीतिं पुंसः कामहतस्य ते ॥

૯-૧૯-૧૩

અર્થ:—લોકમાં જેટલાં ધાન્ય છે; જવ, સુવર્ણ; પશુ અને સ્ત્રીઓ છે, એ બધાં મળીને પણ વિષયી માણસના મનને સંતુષ્ટ કરી શકતાં નથી.

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥

૯-૧૯-૧૪

અર્થ:—વિષયોના ભોગથી વાસના કદાપિ શાંત થઈ શકતી નથી, પણ ઘીમાં બોળેલાં લાકડાં અગ્નિમાં નાખવાથી જેમ અગ્નિ વધે છે તેમ વિષયભોગથી વાસના વધે છે.

જે વખતે માણસ સંપૂર્ણ પ્રાણીઓમાં રાગદ્વેષ કરતો નથી અને સમદર્શી થાય છે તે વખતે તેને માટે બધી દિશાઓ સુખમય થઈ જાય છે. કુબુદ્ધિવાળા માટે જે વાસના છોડવી મુશ્કેલ છે અને શરીર વૃદ્ધ થતાં છતાં જે વાસના વૃદ્ધ થતી નથી એવી દુર્વાસનાને સુખની ઇચ્છાવાળા પુરુષે તરત છોડી દેવી જોઈએ. પુરુષે પોતાની માતા, બહેન અને પુત્રીની સાથે પણ એકાન્તમાં બેસવું ન જોઈએ, કારણ કે ઇન્દ્રિયો બહુ પ્રબળ હોય છે અને વિચારવાન પુરુષને પણ ચલાયમાન કરી દે છે. જુઓ! મને વિષયોનું સેવન કરતાં કરતાં

એક હજાર વર્ષ વીતી ગયાં તો પણ મારી લાલસા તેમાં વધતી જ રહી છે, તેથી હવે હું આ વિષયોની આશાને છોડી મારૂં ચિત્ત પરબ્રહ્મમાં લગાવીને નિર્દ્વન્દ્વ અને અહંકારશૂન્ય થઈ વનમાં વિચરીશ. જે પુરુષ જોયેલા અને સાંભળેલા પદાર્થોને અસત્ સમજે છે, અને તેની આસક્તિથી જન્મ–મરણરૂપ સંસારની પ્રાપ્તિ અને આત્મનાશ થાય છે એમ જાણી તેમનું ચિંતન કરતો નથી અને ભોગ ભોગવતો નથી તે આત્મજ્ઞાની છે. (૯–૧૯–૨૦)

આ પ્રમાણે યયાતિ રાજાએ તેમની પત્ની દેવયાનીને બોધ આપી પૂરુની જુવાની પૂરુને આપીને પોતાની વૃદ્ધાવસ્થા પાછી લઈ લીધી. પછી તે પૂરુને રાજ્ય સોંપીને વનમાં ચાલ્યો ગયો. ત્યાં તેણે પરબ્રહ્મનું તાદાત્મ્ય રૂપથી ધ્યાન કર્યું અને અંતે તેને બ્રહ્મપ્રાપ્તિ થઇ. દેવયાનીને પણ વૈરાગ્ય આપ્યો અને અંતે તેને કૃષ્ણચંદ્રમાં ચિત્ત એકાગ્ર કરી પોતાનો સૂક્ષ્મ દેહ છોડી દીધો. (૯–૧૯–૨૮)

પરણેલી જીંદગીમાં દેહનું અભિમાન બહુ વધી જાય છે અને તે આત્મજ્ઞાનમાં મોટામાં મોટું વિઘ્ન છે તેથી સાવચેત રહેવાનું છે. પરણેલી જીંદગીમાં પતિ–પત્ની બન્ને સંયમથી રહે અને માત્ર એક–બે સારી પ્રજા ઉત્પન્ન કરવા જેટલો જ સંબંધ રહે તો ગૃહસ્થ માણસ પણ પોતાનું અને બીજાનું સારૂં કલ્યાણ કરી શકે. જેમનું હૃદય બહુ કોમળ હોય છે અને સંગદોષથી દૂષિત થાય છે તેમને પરણવાથી અથવા લોકસેવાથી લાભ થતો નથી. જે માણસના ચિત્તમાં સંગજન્ય દોષનો સંચાર ન થાય તે પરણે અથવા લોકસેવામાં પડે તો ખોટું નથી. એવું બહુ થોડા માણસો કરી શકે છે. માણસનું જીવન એ એક પ્રકારનું યુદ્ધ છે તેથી પરણેલા પસ્તાય છે અને વગર પરણેલા પણ પસ્તાય છે. દુર્વાસારૂપી દુર્વાસનાની ભૂખ શાંત કરવી એ બહુ મુશ્કેલ કામ છે.

હવે શુકદેવજી પરીક્ષિત રાજાને પૂરુનો વંશ સંભળાવે છે. તે

વંશમાં દુષ્યંત રાજા થયા હતા. તેનું મન પણ શકુંતલાને જોઈને તેમાં આસક્ત થયું હતું, તેનાથી તેને ભરત નામનો પુત્ર થયો હતો. પછી ભરદ્વાજની ઉત્પત્તિનો વિચિત્ર પ્રસંગ કહે છે. એકવાર બૃહસ્પતિ પોતાના ભાઇ ઉતથ્યની ગર્ભવતી સ્ત્રી સાથે મૈથુન કરવાને તૈયાર થયા. તે વખતે ગર્ભમાં રહેલ બાળક દીર્ઘતમાએ રોકયા અને કહ્યું કે, 'હું ગર્ભમાં પડયો છું અને તું બીજું બી આંહી શા માટે નાખે છે ?' એ સાંભળી બૃહસ્પતિએ તેને શાપ આપી વીર્ય છોડયું. તે પુત્ર બે વીર્યથી બન્યો તેથી તેનું નામ ભરદ્વાજ પડયું. આંહી સુધી કામરૂપી દુર્વાસનાનું સ્વરૂપ વર્ણવેલ છે. હવે પ્રાણમાં રહેલી બીજી મોટી વાસના એટલે ભૂખ જેણે જીતી તે રન્તિદેવ રાજાનું વર્ણન આવે છે.

આ વંશમાં એક રન્તિદેવ નામનો રાજા થયો હતો. તે ઉદ્યોગ કર્યા વગર પ્રારબ્ધ યોગે જે મળી આવે તેનાથી પોતાનું જીવન ચલાવતો હતો. પોતાની પાસે જે પદાર્થ હોય તેનું દાન કરતો હતો. તેથી તેનું કુટુંબ દુઃખી રહેતું હતું. એકવાર રન્તિદેવને પાણી વગર ૪૮ દિવસના ઉપવાસ થયા હતા. ૪૯ મે દિવસે તેને કોઈ જગ્યાએથી ઘી, ખીર, લાપસી અને જળ મળી ગયું. તે લઇને કુટુંબની સાથે ભોજન કરવા બેઠો, એટલામાં ત્યાં અતિથિ બ્રાહ્મણ આવ્યો. રન્તિદેવ બધા પ્રાણીમાં શ્રી હરિને દેખતા હતા તેથી પોતાના અન્નમાંથી થોડો ભાગ તે અતિથિને આપ્યો. તે બ્રાહ્મણ તે ખાઈને ત્યાંથી ચાલ્યો ગયો. પછી બાકીનું અન્ન કુટુંબમાં વહેંચીને તે ખાવા બેઠો, એટલામાં બીજો શૂદ્ર અતિથિ આવી ચડયો. તે વખતે શ્રીહરિનું સ્મરણ કરી રન્તિદેવે તે અન્નમાંથી થોડોક ભાગ તે શુદ્રને આપ્યો. શૂદ્ર ગયા પછી કૂતરાથી ઘેરાયેલો એક નવો અતિથિ આવ્યો. તેણે રન્તિદેવ રાજાને કહ્યું કે "હું બહુ જ ભૂખ્યો છું, મારા ગણો સહિત મને અન્ન આપો." તે વખતે રાજા રન્તિદેવે બહુ આદર અને માન રાખી

બાકી રહેલું અન્ન તેને આપી દીધું, અને તે કૂતરાને અને તેમના સ્વામીને નમસ્કાર કર્યા. છેવટે માત્ર જળ જ બાકી રહ્યું. તે પોતાના કુટુંબમાં વ્હેંચીને પીવાની તયારી કરી એટલામાં એક ચાંડાળ આવ્યો અને બોલ્યો કે "આ જળ મને નીચને આપી દો." તેની શ્રમયુક્ત વાણી સાંભળી રાજાએ કરુણાવશ થઈ અતિ સન્તપ્ત થઈ નીચે પ્રમાણે અમૃત જેવાં વચન કહ્યાં:—

न कामयेऽहं गतिमीश्वरात्परा
मष्टर्द्धियुक्तामपुनर्भवं वा ।
आर्ति प्रपद्येऽखिलदेहभाजा
मन्तःस्थितो येन भवन्त्यदुःखाः ॥

૯–૨૧–૧૨

અર્થ:—હું ભગવાન પાસેથી કોઈ અષ્ટ સિદ્ધિ માગતો નથી અને મને મોક્ષની પણ ઇચ્છા નથી. હું તો સંપૂર્ણ દેહધારીઓના અંતઃકરણમાં રહી તેમનું દુઃખ સહન કરવા માગું છું, કે જેથી તે દુઃખ વગરના થાય.

क्षुत्तृट्श्रमो गात्रपरिभ्रमश्च
दैन्यं क्लमः शोकविषादमोहाः ।
सर्वे निवृत्ताः कृपणस्य जन्तो
र्जिजीविषोर्जीवजलार्पणान्मे ॥

૯–૨૧–૧૩

અર્થ—આ જીવવાની ઇચ્છાવાળા દીન પ્રાણીઓને જીવનરૂપ જળ આપી દેવાથી મારી ભૂખ, તરસ, મારો થાક, શરીરની શિથિલતા, દીનતા, ગ્લાનિ, શોક, વિષાદ, અને મોહ એ બધા નિવૃત્ત થઈ ગયા છે.

એમ કહી પોતે તરસ્યો હોવા છતાં સ્વભાવથી કરુણામય તથા ધૈર્યવાન રાજા રન્તિદેવે તે જળ ચાંડાળને આપી દીધું.

અહીં ભગવાને રન્તિદેવની ધીરજની પરીક્ષા કરવા માટે માયાથી બ્રાહ્મણ અને શુદ્ર વગેરેનું રૂપ લીધું હતું. તેથી હવે ત્યાં બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ પ્રગટ થયા અને તેને દર્શન આપ્યાં. પણ રન્તિદેવે માત્ર તેમની પાસે ભક્તિ માગી, બીજું કાંઇ માગ્યું નહિ. આ પ્રમાણે ઇશ્વર સિવાય બીજા કોઇ ફ્લની ઇચ્છા ન રાખવાથી અને ચિત્ત અનન્યભાવથી ભગવાનમાં લાગવાથી રન્તિદેવની દૃષ્ટિમાં ત્રણ ગુણવાળી માયા સ્વપ્નની માફક લીન થઇ ગઇ, એટલે તે જીવ-મુક્ત થઈ ગયો. રન્તિદેવનું કુટુંબ પણ તેના સંગના પ્રભાવથી નારાયણપરાયણ થઈ ગયું (૯-૨૧-૧૮).

પરીક્ષિત રાજાને ૭ દિવસ સુધી સતત કથા સાંભળવાની ઇચ્છા છે, અને તેમ કરવું હોય તો ભૂખ-તરસ પણ જીતવાં જોઇએ. તે પણ જીતી શકાય છે એમ રન્તિદેવના આખ્યાનથી સમજી શકાય છે. નાશિકના કુંભમેળામાં એક સાધ્વી સ્ત્રી ખોરાક પણ લેતી નહોતી અને તેને ઝાડો-પેશાબ પણ થતો નહોતો. પણ તે બીજાને જમાડતી હતી. તેમાં એવી ભાવના હશે કે બીજા જમે છે તેમાં હું જમું છું.

એક રાજાનો કુંવર બહુ માંદો પડયો અને કાંઈ ખાઈ શકતો નહોતો. તે રાજાએ પાંચ હજાર રૂપીઆ ખર્ચીને ગરીબોને સારી રીતે જમાડયા. તેની અસરથી કુંવર સાજો થઈ ગયો અને ખાવા લાગ્યો. જેઓ એમ માને છે કે બધામાં ચેતન એક છે તેઓના આવા પ્રયોગો સફળ થાય છે.

હવે શુકદેવજી પાંચાલ, કૌરવ અને મગધવંશના રાજાઓનું વર્ણન આપે છે. પૃષતનો પુત્ર દ્રુપદ થયો અને તેને એક પુત્રી દ્રૌપદી અને એક ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર થયો. હવે મહાભારતના પાત્રોની ઉત્પત્તિની વાત આવે છે. એ પાત્રોમાં ઘણા તો અયોનિજ હતા,

એટલે માણસની ઉત્પત્તિના ક્રમ પ્રમાણે ઉત્પન્ન થયા ન હોતા. દ્રૌપદી વેદીમાંથી ઉત્પન્ન થઇ હતી અને ધૃષ્ટદ્યુમ્ન કુંડમાંથી ઉત્પન્ન થયો હતો. બૃહદ્રથની સ્ત્રી ભાર્યાના ગર્ભથી બે કટકા બહાર નીકળ્યા હતા. તેને જરા નામની રાક્ષસીએ જોડી દીધા તેથી તેનું નામ જરાસન્ધ પડ્યું. સત્યવતી અને પરાશરના સંબંધથી વ્યાસ ઉત્પન્ન થયા. વ્યાસે પોતાના ભાઇ વિચિત્રવીર્યની પત્નીઓ સાથે સંબંધ કરીને ધૃતરાષ્ટ્ર, પાંડુ અને વિદુરને ઉત્પન્ન કર્યા. એ ત્રણને તમોગુણ, રજોગુણ અને સત્વગુણમાં ઘટાવી શકાય છે. દ્રૌપદી વેદીમાંથી ઉત્પન્ન થયેલ હોવાથી તેને બુદ્ધિરૂપ માની શકાય છે.

ધૃતરાષ્ટ્રને ગાંધારીથી સો પુત્ર થયા. તેમાં મોટો દુર્યોધન હતો. બધા પુત્રોનાં નામ 'દુ'થી શરૂ થાય છે, તે દુર્વાસનાનું સ્વરૂપ છે. તેમને એક બ્હેન હતી તેનું નામ દુઃશલા હતું. પાંડુ રજોગુણી હોવાથી તેને શાપ લાગ્યો હતો તેથી તે મૈથુન માટે કામનો નહોતો. તેથી તેની પત્ની કુન્તીએ ધર્મ, વાયુ, અને ઇંદ્ર દ્વારા યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનને જન્મ આપ્યા. પાંડુની બીજી સ્ત્રી માદ્રીએ અશ્વનીકુમારો સાથે સંબંધ બાંધી નકુલ અને સહદેવને ઉત્પન્ન કર્યા. આમાં કોઇની ઉત્પત્તિ સામાન્ય માણસની ઉત્પત્તિની માફક થઇ નથી.

હવે શુકદેવજી પરીક્ષિતને કહે છે કે અર્જુનની સુભદ્રા નામની પત્નીથી તમારા પિતા અભિમન્યુ થયા અને અભિમન્યુ અને ઉત્તરાના સંબંધથી તમે ઉત્પન્ન થયા. તમે જ્યારે ગર્ભમાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળતા હતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તમને સુદર્શન ચક્રથી બચાવ્યા હતા. અર્જુને સંન્યાસીનો વેશ લીધા પછી તેને સુભદ્રા મળે છે. અંહી સુભદ્રાનો અર્થ બ્રહ્માકારવૃત્તિ થાય છે. તેની વિગત દશમા સ્કંધના ૮૬ મા અધ્યાયમાં અધ્યાત્મભાવે કહેવામાં

આવશે. હવે પરીક્ષિત રાજા પછી તેના વંશમાં જનમેજય અને તેના ભવિષ્યમાં થવાના વંશનું વર્ણન પણ શુકદેવજી આપે છે.

કુન્તાજીને કન્યા-અવસ્થામાં એક બાળક થયો હતો. તેનું નામ કર્ણ હતું. હવે યયાતિના પુત્ર યદુનો વંશ સંભળાવે છે. આ વંશમાં શ્રીભગવાને મનુષ્યરૂપે અવતાર લીધો હતો. યદુનો પુત્ર ક્રોષ્ટુ અને તેનો વૃજિવાન થયો. તેનો ચિત્રરથ અને તેનો શશબિન્દુ થયો. શશબિન્દુને દશ હજાર રાણી હતી અને તે દરેક રાણીને એક લાખ પુત્ર થયા હતા. (૯-૨૩-૩૩)

આંહી શશબિન્દુ એટલે મનરૂપી સસલું સમજીએ અને પુત્રો એ મનની વૃત્તિઓ સમજીએ તો બુદ્ધિમાં સમજાય તેવું છે. નહિતર આટલી સંખ્યાવાળું કુટુંબ મળવું મુશ્કેલ પડે. ચિત્રરથનો પુત્ર વિદૂરથ થયો, તેનો શૂર, તેનો ભજમાન, તેનો શિનિ, શિનિનો સ્વયંભોજ અને તેનો હૃદીક થયો. દેવમીઢના પુત્ર શૂરની પત્ની મારિષા હતી, તેનાથી તેને વસુદેવ વગેરે દશ પુત્ર થયા. આંહી મારિષાનો અર્થ જેણે ઇચ્છા મારી છે એવો થઇ શકે છે. તે શુદ્ધ સત્ત્વગુણનું સ્વરૂપ છે. વસુદેવનું પણ એ જ સ્વરૂપ છે. તેના જન્મથી દેવોનાં નગારાં પોતાની મેળે જ વાગવા લાગ્યાં હતાં. વસુદેવને ૬ સ્ત્રીઓ હતી તેમાં બેનાં નામ રોહિણી અને દેવકી હતાં. તેમાં રોહિણીના ગર્ભથી બલરામ વગેરે થયા અને દેવકીજીને ૮ પુત્ર થયા તેમાં આઠમા પુત્ર સાક્ષાત્ શ્રીહરિ હતા. સુભદ્રા પણ દેવકીજીની કન્યા હતી.

હવે શુકદેવજી કહે છે કે "જ્યારે જ્યારે સંસારમાં ધર્મનો નાશ થાય છે અને પાપનો અભ્યુદય થાય છે ત્યારે સર્વેશ્વર ભગવાન શ્રીહરિ અવતાર લે છે. (૯-૨૪-૫૬).

न ह्यस्य जन्मनो हेतुः कर्मणो वा महीपते ।
आत्ममायां विनेशस्य परस्य द्रष्टुरात्मनः ॥

અર્થ—બધાના નિયન્તા, સાક્ષી અને અન્તરાત્મા રૂપ એ

અસંગ પરમાત્માને જન્મ અને કર્મનું, પોતાની માયા સિવાય કાંઇ કારણ નથી. તેનો માયાવિલાસ એ જીવની ઉત્પત્તિ, સ્થિતિ અને મરણનું કારણ છે અને તેનો અનુગ્રહ એ જન્મ-મરણ વગેરેની નિવૃત્તિ અને આત્મસ્વરૂપની પ્રાપ્તિનો હેતુ છે. તેમણે કલિયુગના દુઃખને દૂર કરી, અજ્ઞાનને નિવૃત્ત કરે એવો પોતાનો યશ ફેલાવ્યો.

અહીં બે-ચાર બાબત સમજવા જેવી છે. ભગવાનનો અવતાર પોતાને માટે થતો નથી પણ જનકલ્યાણને માટે થાય છે. તે પણ માયાદ્વારા થાય છે. તે માયા જીવની પ્રાર્થનામાંથી આવે છે. વળી તેવો અવતાર થવા માટે શુદ્ધ સત્ત્વગુણની જરૂર છે. જે ગુણ રજોગુણ અને તમોગુણને તાબે કરે તેને શુદ્ધ સત્ત્વગુણ કહે છે. એટલે જે ભક્ત પ્રાણના અને શરીરના ધર્મ પણ જીતી શકે તેના હૃદયમાં અવતાર થાય. હજુસુધી શરીરના ધર્મ એટલે જન્મમરણ, વૃદ્ધાવસ્થા, રોગ વગેરે કોઈ જીતી શક્યું નથી. તે માટે શ્રી અરવિંદે ૪૦ વર્ષ સુધી યોગસાધના કરી. પણ તે મરણ જીતી શક્યા નહિ. ભગીરથ પ્રયત્નથી જ્ઞાનરૂપી ગંગા ઊતરી અને શંકરે તેને ધારણ કરી તોયે સમાજનાં દુઃખ હજુ દૂર થયાં નથી. સમાજમાં એક બનાવ ઉપર ઘણાં કારણની અસર રહે છે. તેથી કોઇ દૈવી શક્તિના અવતારની જરૂર રહે છે. તે શક્તિ શુદ્ધ સત્ત્વગુણવાળા મનુષ્યશરીરમાં અવતરે ત્યારે ભગવાન નરાકૃતિ થયા એમ માની શકાય. અજ્ઞાન રહે ત્યાંસુધી શુદ્ધ સત્ત્વગુણ પણ બંધાએલો રહે છે. કંસ એ અજ્ઞાનનું સ્વરૂપ છે. (૧૦-૪૨-૨૮) તેની સેના સાથે ભગવાને કેવું યુદ્ધ કર્યું તે વાત દશમા સ્કંધમાં આવશે. વચમાં નવમા સ્કંધમાં રામાયણનો જે ભાગ રહી ગયો તે સ્પષ્ટ કરીને દશમ સ્કંધ શરૂ કરવામાં આવશે.

પ્રકરણ ૨૩

રામાયણનું અધ્યાત્મ સ્વરૂપ

શ્રીમદ્‌ભાગવતમાં નવમા સ્કન્ધમાં બે અધ્યાય રામાયણના છે. તેમાં શ્રીરામચરિત્ર આપેલું છે. શ્રીમદ્‌ભાગવત એ પરમહંસની સંહિતા છે. તેમાં કપિલ, જડભરત, પ્રહ્‌લાદ, અંબરીષ વગેરે પરમહંસોનું વર્ણન આપીને હવે પરમહંસ શુકદેવજી શ્રી રામ–પરમહંસનું ચરિત્ર પરીક્ષિત રાજાને કહે છે. હંસ દૂધ અને પાણીને જુદાં કરી શકે છે. તેવી જ રીતે હંસકોટિના મહાત્માઓ જડના ધર્મ અને ચેતનના ધર્મોને જુદા કરી શકે છે. પરમહંસો જડની સત્તા તદ્દન ઊડાવીને અન્વયભાવે બધે બ્રહ્મદર્શન કરી શકે છે.

તેથી દરેક જીવની પહેલી ફરજ એ છે કે પોતે કેવા થવું છે એ પહેલાં નક્કી કરવું જોઇએ અને પછી તે પ્રમાણે જીવન ગોઠવવું જોઇએ. જેઓને હંસની અથવા પરમહંસની પદવી પ્રાપ્ત કરવી હોય તેમને માટે ઇતિહાસ અને ભૂગોળના જ્ઞાનની જરૂર નથી. આ કારણને લઇને પ્રાચીન કાળના મહાન્ લેખકોએ ઇતિહાસ અને ભૂગોળ તરફ બહુ ધ્યાન આપેલ નથી. **તત્ત્વમસિ** એટલે તે તું છે. એ મહાવાક્યનો “ તે તું થઇશ ” એવો અર્થ નીકળતો નથી. તેથી માત્ર અજ્ઞાન દૂર કરવાનું રહે છે. તે માટે ઇતિહાસના જ્ઞાનની જરૂર નથી. તેથી શ્રી રામચંદ્રજીનો અવતાર ક્યારે થયો, તે વખતે કઇ સાલ હતી તેની વિગત બરાબર મળી શકતી નથી. છતાં માણસોને ઐતિહાસિક વાતો ગમે છે, તેથી આપણા શાસ્ત્રકારોએ રામાયણ અને મહાભારત જેવા ઇતિહાસો એવી રીતે લખેલા છે કે તે વાંચતાં વાંચતાં બ્રહ્મજ્ઞાન મળે. એ બધા સંસ્કાર સારા કરવાના ઇતિહાસ છે. તેનાથી રાગ–દ્વેષ ઓછા થાય છે. હાલ જે જાતના ઇતિહાસ હાઇસ્કુલો અને કોલેજોમાં ચાલે છે તેનાથી રાગદ્વેષ વધે છે. તેથી રાજદ્વારી માણ–

સોના ઇતિહાસ બંધ કરીને રામાયણના જેવા સંસ્કારના ઇતિહાસ શીખવાની જરૂર છે. સંસ્કારના ઇતિહાસનો અર્થ એ છે કે જે જે માણુસોએ આ પૃથ્વી ઉપર જન્મીને આસુરી પ્રકૃતિ જીતીને આત્મ-સાક્ષાત્કાર કરેલ હોય તેવા મહાપુરુષોનાં જીવનચરિત્રો શીખવવાં જોઇએ. રાજદ્વારી ઇતિહાસ માણસને દેશને માટે મરતાં શીખવાડે છે. સંસ્કારના ઇતિહાસ સારૂં જીવન જીવતાં શીખવાડે છે. સારા મરણુ કરતાં સારા જીવનની કિંમત ઘણી છે, જેનું જીવન ખરાબ હોય તે દેશને માટે પોતાનો ભોગ આપે તો હાલમાં તેનાં વખાણુ થાય છે, છતાં તે કરતાં સારા જીવનની કિંમત ઘણી છે. સારા જીવનવાળો માણુસ બીજાને મોક્ષનો રસ્તો બતાવે છે. એવાને હંસ અથવા પરમહંસ કહે છે. એવા ઘણા મહાત્માઓની કથા વારંવાર શ્રીમદ્ભાગવતમાં આવે છે.

જેમ શ્રીમદ્ભાગવત એ સમાધિભાષાનો ગ્રંથ છે તેમ શ્રી રામાયણુ પણુ સમાધિભાષાનો ગ્રંથ છે. જેમ ભાગવતનું ખરૂં તત્ત્વ વ્યાસજીને સમાધિમાં મળ્યું હતું તેમ રામાયણનું ખરૂં તત્ત્વ પણુ શ્રી વાલ્મીકિને સમાધિમાં મળ્યું હતું. આ કારણુને લઈને વાલ્મીકિના રામાયણુ ઉપરાંત અને તુલસીદાસજીના રામાયણુ ઉપરાંત અધ્યાત્મરામાયણનો ગ્રંથ પણુ મળી શકે છે અને આત્મરામાયણુ પણુ સમાધિભાષામાં અર્થ આપી શકે તેવું 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

સીતાજીનો જન્મ સાધારણુ માણુસની પેઠે થયેલ નથી. જ્યારે જનક રાજા યજ્ઞ માટે જમીન ખેડાવતા હતા ત્યારે જમીનમાંથી સીતાજીનો આવિર્ભાવ થયેલ છે. માણુસ પણુ પોતાનાં કર્મ યજ્ઞરૂપે ભગવાનને અર્પણુ કરે અને એ રીતે શરીરરૂપી જમીન ખેડાય તો તેમાંથી સ્વરૂપ-શક્તિરૂપી સીતાની પ્રાપ્તિ થાય. સીતાજી મોટાં થયાં ત્યારે ત્ર્યંબક-ધનુષથી રમતાં હતાં. એ ત્રણુ ગુણુવાળી માયા છે. એ

ધનુષને જે તોડી શકે તે જ તેના પતિ થાય, એવું સીતાજીએ વ્રત લીધું હતું. માયાનો નાશ માત્ર બ્રહ્મસત્તાથી થઈ શકે છે. તેથી તે બ્રહ્મરૂપ શ્રી રામચંદ્રજીએ તોડયું હતું. તે પહેલાં શ્રી રામચંદ્રજીએ તાડકારૂપી ભ્રાંતિનો પણ નાશ કર્યો હતો.

બ્રહ્મજ્ઞાન એ રામનું સ્વરૂપ છે અને વિવેક એ લક્ષ્મણનું સ્વરૂપ છે. વિચારનું નામ શત્રુઘ્ન છે અને વૈરાગ્યનું નામ ભરત છે. એ ચારે જો સાથે હોય તો અયોધ્યાના જેવું યુદ્ધ વગરનું અથવા ક્લેશ વગરનું રાજ્ય ચાલે, પણ વૈરાગ્યરૂપી ભરત અને વિચારરૂપી શત્રુઘ્ન બહાર ગયા હતા ત્યારે જીવરૂપ દશરથે વિષયરૂપી કૈકેયીના મોહમાં પડીને રામ અને લક્ષ્મણને વનવાસ આપ્યો હતો. સંસારમાં પણ લગભગ બધા જીવ જ્યારે વિષયોના મોહમાં પડે છે ત્યારે જ્ઞાન અને વિવેકનો અનાદર કરે છે.

મુખ્ય રામાયણ ચાર છે. વાલ્મીકિકૃત, તુલસીદાસનું, અધ્યાત્મ રામાયણ અને યોગવાસિષ્ઠ મહારામાયણ. પહેલું પંડિતોને કામનું બીજું સંસ્કૃત ન જાણનાર ભક્તજનોને ઉપયોગી છે, ત્રીજું અને ચોથું જ્ઞાની પુરુષોને આનંદ આપે તેવાં છે. તુલસીદાસજીના રામાયણમાં ભાગવતનો ઘણો ભાગ લીધો હોય તેવું જણાય છે.

રામાયણના મંગળાચરણમાં જ નીચેનો જે શ્લોક આપેલો છે તે ખાસ ધ્યાન આપવા જેવો છે. તેમાં સૃષ્ટિદૃષ્ટિવાદ અને દૃષ્ટિસૃષ્ટિવાદ બંનેનું તાત્પર્ય સમાઈ જાય છે.

यन्मायावशवर्ति विश्वमखिलं ब्रह्मादिदेवासुराः ।
यत्सत्त्वादमृषैव भाति सकलं रज्जौ यथाहेर्भ्रमः ॥
यत्पादः प्लवमेकमेव हि भवाम्भोधेस्तितीर्षावतां ।
वन्देऽहं तमशेषकारणपरं रामाख्यमीशं हरिम् ॥

અર્થ—સમગ્ર વિશ્વ અને બ્રહ્મા વગેરે દેવો તથા અસુરો જેમની

માયાને વશ વર્તે છે, ભ્રમને લીધે છીપમાં જેમ ચાંદીનો ભાસ થાય છે તેમ જેની માયાને લીધે આ સકળ જગત સત્ય હોય તેવું જણાય છે; તેમજ આ સંસારરૂપી સમુદ્રને પાર કરવાની ઈચ્છાવાળાને માટે માત્ર જેમના ચરણ જ એક નૌકારૂપ છે અને એવા હોવા છતાં જે સર્વ કાર્યકારણથી પર પણ રહેલા છે એવા વિષ્ણુ સ્વરૂપ ભગવાન રામચંદ્રને હું પ્રણામ કરું છું.

આ શ્લોકમાં જગતને સત્ય જેવું કહ્યું છે, એટલે છીપમાં દેખાતું રૂપું જ્યાંસુધી છીપનું જ્ઞાન થયું નથી ત્યાંસુધી સાચું લાગે છે તેમ જેને બ્રહ્મનું જ્ઞાન થયું નથી તેને જગત દેખાય છે. જેને બ્રહ્મજ્ઞાન થાય છે તેને જગત બ્રહ્મરૂપ લાગે છે એ શાસ્ત્રનો સિદ્ધાંત છે. આવી દશા તરત પ્રાપ્ત થતી નથી અને દરેક માણસોને અનેક પ્રકારનાં વિઘ્નો ઓળંગવાં પડે છે. કેટલીક વાર વ્યવહારમાં એક જ વખતે બેત્રણ ફરજ માથે આવી પડે છે અને તેમાંથી કેવી રીતે રસ્તો કરવો તે ઘણા માણસોને સૂઝતું નથી. તેવાઓને માટે રામાયણના દૃષ્ટાંતો અને પ્રસંગો ખાસ અભ્યાસ કરવા જેવા છે. પુત્રનો ધર્મ, સ્ત્રીનો ધર્મ, સેવકનો ધર્મ, માબાપનો ધર્મ વગેરે વગેરે વ્યવહારમાં બહુ ઉપયોગી થાય તેવા નીતિના ઘણા સિદ્ધાન્તો રામાયણમાંથી મળી આવે છે. ખરી રીતે જોતાં રામાયણ એ રાજપ્રકરણવાળો ઇતિહાસ નથી, પણ સંસ્કાર સારા કરવાનાં સાધન બતાવનાર મહાન ગ્રંથ છે. ખાસ કરીને જેઓને અનીતિમાંથી નીકળી નીતિમાં આવવાનું છે તેમને માટે આ ગ્રંથ બહુ જ માર્ગદર્શક છે. રામાયણ એ મ. ગાંધીજીનો પ્રિય ગ્રંથ હતો અને છેલ્લી વખતે પણ તેમના મુખમાંથી 'હે રામ!' એવા શબ્દો નીકળ્યા હતા.

આપણાં શાસ્ત્રોમાં ભગવાનના સ્વરૂપનું સગુણરૂપે તેમજ નિર્ગુણરૂપે–બન્નેરૂપે વર્ણન આપેલ છે. જે જીવ પોતાને ભગવાનથી જુદો માને છે તેને માટે સગુણ સ્વરૂપની ઉપાસના સારી છે, જેને એમ

લાગે છે કે ભગવાનથી જુદું કોઈ થઇ શકે નહિ તેમને માટે નિર્ગુણ સ્વરૂપનો બોધ પણ સારો છે. સગુણ સ્વરૂપને સમજવા માટે થોડીક ઐતિહાસિક દૃષ્ટિની પણ જરૂર છે અને ભગવાન શ્રીરામ અમુક વખતે આ પૃથ્વી ઉપર અવતાર લઈને આવ્યા હતા એમ માનવું પણ જરૂરનું છે. વળી હાલ પણ જે જે ભક્તોને શ્રી રામનાં દર્શન કરવાની ઈચ્છા હોય તેમને એ રૂપે દર્શન પણ થાય છે. તુલસીદાસજીને ચિત્રકૂટમાં શ્રીરામ અને લક્ષ્મણનાં દર્શન થયાં હતાં. જ્યારે પરમ બ્રહ્મની અંદર ભક્તની ભાવના ભળે છે ત્યારે ભક્તને જેવાં દર્શન જોઈએ તેવાં થઇ શકે છે, પણ સગુણ ભગવાન ઘણે ભાગે દર્શન દઇને પાછા જતા રહે છે. કોઈવાર ફરીથી બોલાવીએ તો આવે છે પણ ફરી જતા રહે છે. તેથી જ્ઞાની પુરુષો ભગવાનનો આત્મરૂપે સાક્ષાત્કાર કરવાની ઇચ્છા કરે છે. એવો સાક્ષાત્કાર થયા પછી એ સ્વરૂપ જતું રહેતું નથી. લોટામાં રહેલું પાણી બહાર કાઢી શકાય છે, પણ તેમાંથી આકાશ બહાર કાઢી શકાતું નથી તેમ આત્માને બહાર કાઢી શકાતો નથી. તે હેય અને ઉપાદેયથી રહિત છે. એવા સ્વરૂપનો અનુભવ અયોધ્યા નગરીમાં થાય છે, એટલે જેના અંતઃકરણમાં યુદ્ધ નથી એટલે કામ-ક્રોધ નથી, તેના અંતઃકરણમાં આત્માના આરામ રૂપી રામનો અનુભવ થાય છે. એવો અનુભવ થયા પછી જીવને પરમ કલ્યાણ થયું એમ લાગે છે. તે છતાં કોઇકોઈ વાસનાના વેગ તેના મનને ગભરાવે છે. તે મારીચ વગેરે રાક્ષસોનું સ્વરૂપ છે. એવા રાક્ષસોને મારવા માટે વિશ્વામિત્ર દશરથ રાજા પાસે શ્રીરામની માગણી કરે છે. વિશ્વામિત્ર રામચંદ્રજીને લઈને જાય છે એટલામાં રસ્તામાં ભ્રાંતિરૂપી તાડકા મળી, તેણે રામચંદ્રજીને કહ્યું કે, "અરે બાળકો, જ્યાંસુધી હું ભ્રાંતિરૂપી તાડકા અહીં રહું છું ત્યાંસુધી કામરૂપ મારીચનો નાશ થઈ શકશે નહિ. જેવી રીતે છીપમાં પ્રથમ રૂપાની ભ્રાંતિ થઇ જાય છે, ત્યારપછી તે રૂપાની કામના થાય છે. તેવી રીતે જ્યાંસુધી ભ્રાંતિનો નાશ થતો નથી ત્યાંસુધી કામનાની

પણ નિવૃત્તિ થતી નથી. શ્રી રામચંદ્રજીએ પોતાના બાણથી તાડકાને મારી, પછી વિશ્વામિત્ર પોતાનો યજ્ઞ નિષ્કામભાવે કરી શકયા છે. આપણે પણ જો ભ્રાંતિ અને વાસનાને મારી શકીએ તો વ્યવહાર બરાબર થાય એટલે યજ્ઞ બરાબર થાય અને સ્વરૂપશક્તિરૂપી સીતાની પ્રાપ્તિ થાય.

જનકપુરમાં સીતાજીના સ્વયંવરની વાત સાંભળી વિશ્વામિત્ર રામ અને લક્ષ્મણને લઈને જનકપુરમાં આવ્યા. ત્યાં જનક રાજાએ એક ધનુષ રાખ્યું હતું તેનું નામ ત્ર્યંબક હતું. એ ધનુષને જે તોડે તેને સીતાજી વરે એવું નક્કી કરેલ હતું. તે ધનુષના નામ ઉપરથી તે ત્રણ ગુણવાળી માયા અથવા અહંકાર એવો અર્થ નીકળે છે. એટલે જે માયાનો અથવા અહંકારનો નાશ કરે તેને સીતારૂપી સ્વરૂપશક્તિ પ્રાપ્ત થાય. શ્રી રામચંદ્રજીએ ધનુષને ભાંગી નાખ્યું અને સીતાજીને પરણ્યા.

શ્રી રામચંદ્રજીનો અવતાર તો અજ્ઞાનરૂપ રાવણ વગેરે રાક્ષસોના નાશ માટે થયો છે. એવી લીલા બતાવવા પહેલાં અયોધ્યામાં નવા પ્રકારની લીલા શરૂ થાય છે અને રામને વનવાસનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. રામચંદ્રને રાજ્ય અપાવવા માટે દશરથ રાજા અયોધ્યામાં તૈયારી કરે છે અને કૈકેયી તેમાં વિઘ્ન નાખે છે. ભગવાન રામચંદ્રજી જેવાને પણ સંસારમાં વિઘ્નો આવે છે તો સામાન્ય માણસનું કહેવું જ શું! જ્યારે વિષયમાં પ્રવૃત્તિરૂપ કૈકેયીએ સાંભળ્યું કે રામચંદ્રજીનો રાજ્યાભિષેક થવાનો છે ત્યારે તે શોક કરવા લાગી અને શૃંગારના સર્વ વસ્ત્રો ઉતારી મેલાં કપડાં પહેરીને કોપભવનમાં જઈને બેસી. ત્યાં જીવરૂપી દશરથ રાજા તેને સમજાવવા પ્રયત્ન કરે છે પણ કૈકેયી એવું માગે છે કે રામચંદ્રજીને ૧૪ વર્ષનો વનવાસ આપો અને ભરતને રાજ્ય આપો. આ બાબત શ્રી રામચંદ્રજીના જાણવામાં આવી એટલે

તેમણે માતા–પિતાને ખુશી રાખવાની ખાતર વનમાં જવાની તૈયારી કરી, વિવેક રૂપી લક્ષ્મણે પણ તેમની સાથે જવાની ઇચ્છા જણાવી. સીતાજીએ પણ શ્રી રામચંદ્રજીને કહ્યું કે આપનાથી ભિન્ન રહી શકું તેમ નથી. જ્યાં રામ છે ત્યાં સીતા છે, એટલે જ્યાં જ્ઞાન છે ત્યાં શાંતિ છે, અને જ્યાં શાંતિ છે ત્યાં રામ છે. આ પ્રમાણે શ્રી રામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજી વનવાસ માટે ચાલી નીકળ્યાં. ત્યાં તેમને ગંગાજીને પાર ઊતારવા માટે જિજ્ઞાસા રૂપી કેવટ મળે છે. જ્યાંસુધી બરાબર જિજ્ઞાસા ઉત્પન્ન થતી નથી, ત્યાંસુધી જ્ઞાનરૂપી ગંગાને સામે પાર જઇ શકાતું નથી. તત્ત્વની જિજ્ઞાસા મનુષ્યશરીરમાં જ થાય છે, અન્ય શરીરોમાં થતી નથી. અન્ય શરીરોમાં તો જીવ સુખદુઃખ ભોગવવામાં જ આસક્ત રહે છે.

આગળ ચાલતાં શ્રીરામચંદ્રજી ભરદ્વાજ મુનિના આશ્રમે આવે છે અને પછી વાલ્મીકિજીના આશ્રમે પહોંચે છે. ત્યાં શ્રી રામચંદ્રજીએ મુનિને પૂછ્યું કે મને એવું રહેવાનું સ્થાન બતાવો કે જ્યાં જાનકીજી અને લક્ષ્મણજી સહિત રહી શકું. એ સાંભળી વાલ્મીકિ બોલ્યા કે "હે રામચંદ્રજી! આપનું સ્વરૂપ વચન અને બુદ્ધિથી પર છે. વેદ પણ "નેતિ નેતિ" કહીને વર્ણન કરે છે. જેને આપ આપનું સ્વરૂપ જણાવો છો તે જ આપને જાણી શકે છે અને તે આપના રૂપ થઇ જાય છે. આપનો દેહ ચિદાનંદમય છે અને વિકાર રહિત છે, તેમજ માત્ર અધિકારી જનો જ આપને જાણી શકે છે. આપ મને પૂછો છો કે હું ક્યાં રહું, પણ હું તેનો ઉત્તર આપતાં સંકોચાઉં છું. જ્યાં આપ ન હો તે સ્થાન મને બતાવો એટલે આપને રહેવાનું સ્થાન હું બતાવું. છતાં જેઓ આપની કથા નિરંતર સાંભળ્યા કરે છે તેમના હૃદયમાં આપ રહો, જે મનુષ્ય આપનામાં પ્રીતી રાખે છે તેના હૃદયમાં આપ રહો, જેઓ આપને ભોજન અર્પણ કરીને જમે છે તેનામાં આપ રહો, જેઓના ચરણ તીર્થયાત્રા કરે છે તેમના હૃદયમાં

આપ રહો, જેઓ ગુરુની સેવા કરે છે તેમનામાં આપ રહો. જેઓના મનમાં કામ, ક્રોધ, મદ, માન, અજ્ઞાન, લોભ ચિત્તની ચંચળતા રાગ તથા વેર નથી અને જેઓમાં કપટ, અહંકાર અને માયા નથી તેવાના હૃદયમાં આપ નિવાસ કરો. જેમને સ્તુતિ અને નિંદા સમાન છે, જેમને આપના સિવાય બીજી ગતિ નથી, જેઓ પરસ્ત્રીને મા સમાન માને છે અને બીજાના ધનને ઝેર જેવું સમજે છે તેમના હૃદયમાં આપ રહો. જેઓ સઘળા અવગુણને ત્યાગી ગુણનું ગ્રહણ કરે છે તેઓના મનમાં આપનું સુંદર સ્થાન છે. આ બધાં આપને રહેવાને યોગ્ય સ્થાન છે છતાં કાળના સમયને અનુસાર સ્થાન જોઈએ તો આપ ચિત્રકૂટ પર્વત ઉપર નિવાસ કરો.

આ બધો ઇતિહાસ નિશાળના ઇતિહાસ જેવો નથી. આ બધો સંસ્કારનો ઇતિહાસ છે. આવા ઇતિહાસથી માણસ સદાચાર શીખે છે.

હવે શ્રીરામચંદ્રજી, લક્ષ્મણજી અને સીતાજી ચિત્રકૂટ પર્વત પર રહેવા લાગ્યાં. તેમને લઈ આવનાર સારથી સુમંત્ર પાછો અયોધ્યા ગયો અને શ્રી રામચંદ્રજી વગેરેના વનવાસના ખબર દશરથ રાજાને અને રાણીઓને આપ્યા. આ વાત સાંભળી રાજદરબારમાં અને આખી અયોધ્યા નગરીમાં ઘણો કોલાહલ મચી રહ્યો. રાજા દશરથને એટલો શોક થયો કે થોડા દિવસમાં તેમણે રામચંદ્રજીના વિયોગને લીધે શરીર છોડી દીધું. તે વખતે બધાનો શોક વધ્યો અને વસિષ્ઠ મુનિએ સમય પ્રમાણે અનેક કથાઓ કહી પોતાના જ્ઞાનપ્રકાશ વડે સઘળાનો શોક ટાળ્યો.

આ વખતે ભરત તેના મામાને ઘેર હતા. તેમને આ ખબર પહોંચાડવામાં આવી. ભરત પાછા અયોધ્યા આવ્યા અને રામનો વનવાસ અને દશરથનો સ્વર્ગવાસ જોઈ અતિ દુઃખી થયા. તેમને

એમ લાગ્યું કે પોતાનો જન્મ ન થયો હોત તો રામચંદ્રજીને વનવાસ મળત નહિ, અને વળી કૈકેયીને પેટ તેનો જન્મ થયો તેથી તેને ઘણો પસ્તાવો થયો. ભરત અને શત્રુઘ્ન બન્ને વિલાપ કરવા લાગ્યા. અહીં ભાઈ ભાઈ વચ્ચે તે વખતે કેવો પ્રેમ હતો અને કેવો પ્રેમ રહેવો જોઈએ તેનું બહુ સારૂં વર્ણન આવે છે. બધાએ ભરતજીને રાજગાદી સંભાળવાનું કહ્યું પણ ભરતે કહ્યું કે "મારૂં ભલું તો રામચંદ્રજીની સેવામાં જ છે, મને આજ્ઞા આપો તો હું રામચંદ્રજીની પાસે જાઉં." લાલચુ લોકો રાજ્યસુખના ભૂખ્યા હોય છે. ભરતનો અર્થ ભક્તિમાં રત એટલે રમનાર એવો પણ થાય છે. તેને રામચંદ્રજી સિવાય બીજું કાંઇ યાદ આવતું નથી અને રાજ્ય કરવું ગમતું નથી. તેથી ભરતજીએ કેટલાક સેવકોને સાથે લઇ શ્રી રામચંદ્રજીનાં દર્શન કરવા માટે જવા માટે તૈયારી કરી અને ચિત્રકૂટ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં નિષાદ (ભીલ) નું રાજ્ય આવ્યું. ત્યાંના ભીલ રાજાને ભરતની સેના જોઈ એવો વિચાર આવ્યો કે ભરત પોતાની સેના લઈને રામચંદ્રજી સાથે યુદ્ધ કરવા આવે છે, તેથી તેણે ભરતની સામે લડાઇ કરવાની તૈયારી કરી. એક વૃદ્ધ માણસે નિષાદને સમજણ આપી કે ભરત તો રામના ભક્ત છે. તેથી નિષાદ એકલો ભરતને મળવા ગયો. ભરતે તેને છાતી સાથે પ્રેમથી ખૂબ ચાંપ્યો. પછી ભરતજીએ નિષાદ પાસે શ્રી રામચંદ્રજીના કુશળ સમાચાર પૂછ્યા. પછી બધી સેના સહિત ભરત ભરદ્વાજના આશ્રમે આવ્યા. ત્યાં એક દિવસ રહીને આગળ ચાલ્યા અને ચિત્રકૂટ આગળ પહોંચ્યા. ભરતજીના નેત્રમાં જળ ભરાઇ આવ્યું. જેમ યોગીને મુક્તિ પ્રાપ્ત થાય તેમ શ્રી રામના આશ્રમમાં પ્રવેશ કરતાં જ ભરતનું દુઃખ શાંત થઇ ગયું. 'હે નાથ! મારૂં રક્ષણ કરો,' એમ કહી ભરત અને શત્રુઘ્ન દંડની માફક શ્રી રામચંદ્રજીના ચરણમાં જમીન પર પડયા. શ્રી રામચંદ્રજીએ ભરતજીને બળાત્કારે ઊઠાડી તેમને છાતી સાથે પ્રેમથી ચાંપ્યા. આ પ્રેમનું કોણ વર્ણન કરી શકે! પછી તેઓએ સીતાજીને પ્રણામ કર્યા. સીતાજીએ મનમાં

ને મનમાં આશીર્વાદ દીધો. પછી રામચંદ્રજી સઘળી માતાઓને મળ્યા અને કહ્યું કે સંસારની ઘટમાળ ઈશ્વરને આધીન છે, એમાં કોઈ ને દોષ દેવો જોઈએ નહિ. પિતાના સ્વર્ગવાસની ખબર સાંભળી શ્રી રામચંદ્રજી દુ:ખી થયા. ત્યાં સાથે આવેલા કેટલાક માણસોની એવી ઈચ્છા થઇ કે શ્રી રામચંદ્રજીને પાછા લાવવા અને તેમને રાજગાદી સોંપવી. રામચંદ્રજીએ ભરતને કહ્યું કે હે 'તાત ! તું જીવને વૃથા ઉદાસ કર નહિ. જીવની ગતિ ઈશ્વરને આધીન છે. રાજાએ મારો ત્યાગ કરી સત્ય પાળ્યું માટે આપણે સત્યનો રસ્તો લેવો જોઈએ.' આવી રીતે પરસ્પર ઘણી વાતો થઇ, છેવટે શ્રી રામચંદ્રજીની આજ્ઞા માથે ચડાવી ભરતે તેમની વતી ૧૪ વર્ષ સુધી રાજગાદી સંભાળવાનું કબુલ કર્યું. ભરતની રહેણી, સમજણ, કર્તવ્ય, ભક્તિ, વૈરાગ્ય, ગુણ, તથા નિર્મળ ઐશ્વર્ય આ સઘળાનું વર્ણન કરવામાં મોટામોટા કવિ પણ સંકોચ પામે છે. ભરતજી નિત્ય ભગવાનની પાદુકાઓ પૂજતા હતા અને પાદુકાઓ પાસેથી આજ્ઞા માગી અનેક પ્રકારનું રાજ્ય કરતા હતા.

આવા પ્રકારનાં રાજ્યો હાલમાં લોક ચાહે છે પણ મળતાં નથી. બધી જગ્યાએ વસ્તી વધતી જાય છે અને ઇન્દ્રિયોના ભોગનાં સાધન પણ વધતાં જાય છે, તેથી પાંચ ઇન્દ્રિયોને જે સુખ મળે તેજ સાચું સુખ છે એમ માનવામાં આવે છે. આવા રજોગુણી વાતાવરણોમાંથી સત્વગુણી વાતાવરણ બનાવવું એ કામ ઘણાને મુશ્કેલ લાગે છે. હાલના કાળમાં રાજસત્તા પ્રધાનોના હાથમાં છે અને રાજા સાંખ્યશાસ્ત્રના પુરુષની માફક અસંગ રહે છે. રાજાની જગ્યાએ બધા પ્રાંતોમાં ગવર્નરો છે. તેમનામાં પણ થોડીક સત્તાઓ રહેલી હોય છે તેથી સાંખ્યની માફક બે સત્તાવાળાં રાજ્યો હાલ ચાલે છે. તેમાં પ્રધાનો અને કાઉન્સીલોના સભ્યો ચુંટવા માટે પ્રજાની બહુમતિ જોઇએ. તેથી દેશની આખી પ્રજાને રોજ ન્યુસપેપર વાંચવાની ટેવ

પાડવી જોઇએ અને રાજદ્વારી બાબતોમાં આખી પ્રજાએ રસ લેવો જોઇએ. આવા સંજોગોમાં પ્રજામાં ક્ષત્રિયોના ધર્મ આવવા લાગે પણ બ્રહ્મજ્ઞાન માટે જે પ્રકારની તૈયારી જોઇએ તેવા સંસ્કાર આવા વાતાવરણમાં તૈયાર થાય નહિ. જ્યાં બહુ અનીતિ હોય ત્યાં કાયદા અને પોલીસ વધારે જોઇએ અને રાજ કરનારના મગજ ઉપર બોજો પણ બહુ રહે છે. જો પ્રજામાં નીતિ હોય તો ભરત જેવો એક રાજા આખા હિંદુસ્થાનનું રાજ્ય સહેલાઇથી કરી શકે અને વારંવાર ચુંટણીઓની ધમાલની પણ જરૂર રહે નહિ. પ્રજામાં નીતિવાળા માણસો વધારવા હોય તો માણસનું બી પણ સુધારવું જોઈએ, અને તેથી નીતિવાળાં કુટુંબો વચ્ચે વિવાહ થવા જોઇએ. જ્યાં બી સારૂં ન હોય ત્યાં ખેતી ઉપર બહુ ધ્યાન આપવાથી પણ ખેતી સુધરતી નથી. રામાયણમાંથી ખાસ શીખવાનું એ છે કે તે વખતે પ્રજાને રાજ્ય કરતાં ભક્તિની કિંમત વધારે હતી. તે વખતે ગરીબાઇ સહન કરીને પણ નીતિમાં રહેવાનું માણસો પસંદ કરતા હતા. બ્રહ્મચર્ય સારી રીતે પાળવામાં આવતું હતું તેથી વસ્તી વધતી નહોતી અને ખોરાકની તંગી પડતી નહોતી. આવો યુગ ફરીથી ક્યારે આવશે તે કહી શકાય તેવું નથી. ખરૂં રાજ્ય તે કહેવાય કે જ્યાં કોઇ ચોર ન હોય, કોઇ અસત્ય બોલે નહિ, કોઇ ભૂખે મરે નહિ, કોઈ દારૂ પીએ નહિ, કોઇ વ્યભિચાર કરે નહિ અને દરેક પોતાની ફરજ બરાબર સમજે અને ધર્મ પ્રમાણે વર્તે. આર્યોની પ્રજાનું સવારથી રાત સુધી કર્તવ્ય એવી રીતે યોજાએલું હતું કે તે કર્તવ્યથી જીવાત્માને પરમાત્માનું સ્મરણ સદા રહ્યા કરતું હતું. આર્ય એટલે મુમુક્ષુ અથવા સંસ્કારી પુરુષ. સીતાજી પણ રામચંદ્રજીને "આર્યપુત્ર" કહીને કોઈવાર બોલાવતાં હતાં.

જ્યારે ચિત્રકૂટ ઉપર શ્રી રામચંદ્રજી રહેતા હતા ત્યારે ઈંદ્રના પુત્ર જયન્તે કાગડાનું રૂપ લઈ સીતાના ચરણમાં ચાંચ મારી. શ્રી રામ-

ચંદ્રજીએ એક તૃણની સળી ઉપાડી તેને બાણરૂપે કલ્પી જયન્તની સામે મોકલ્યું, તે અગ્નિરૂપ થઇ ગયું અને જયન્ત બળવા લાગ્યો. તેણે રામચંદ્રજીની માફી માગી અને રામચંદ્રજીએ કૃપા કરી તેને છોડી દીધો. આંહી અધ્યાત્મ ભાવે જયન્ત એટલે અજ્ઞાન અથવા કર્મ સમજવાનું છે. તે સ્વરૂપને આવરણ કરે છે; પણ આત્માની જાગૃતિ રાખી હોય તો છેવટે તે હારી જાય છે.

ચિત્રકૂટની લીલા પૂરી કરી બંન્ને ભાઇ જાનકીજીની સાથે વનવાસમાં આગળ ચાલી અત્રિ ઋષિના આશ્રમે પહોંચ્યા. અત્રિ એટલે જેનામાં માયાના ત્રણ ગુણ નથી એવા ઋષિ અને તેમનાં પત્ની અનસૂયા એટલે જેનામાં ઈર્ષ્યા કદાપિ આવે નહિ એવું અંતઃકરણ. શ્રી રામચંદ્રજીની શોભા જોઈ મુનિનાં નેત્રો શીતળ થયાં, પછી આદર સહિત એમને પોતાના આશ્રમમાં લાવ્યા. પ્રભુ આસન ઉપર બિરાજ્યા એટલે અત્રિએ હાથ જોડી તેમની સ્તુતિ કરી અને કહ્યું કે મારી બુદ્ધિ આપના ચરણકમળોને કદી ન છોડે એવું માગુ છું. સીતાજી અનસૂયાજીને મળ્યાં. અનસૂયાજીએ સીતાજીને સતીના ધર્મ સમજાવ્યા. અને કહ્યું કે ઉત્તમ પતિવ્રતાના મનમાં એવો ભાવ રહે છે કે જગતમાં મારા પતિ સિવાય બીજો પુરુષ સ્વપ્નમાં પણ નથી, મધ્યમ પંક્તિની સ્ત્રી પારકા પુરુષને ભાઈ, પિતા અથવા પુત્ર તરીકે માને છે. જે કનિષ્ટ પ્રકારની સ્ત્રી હોય છે તે પારકા પતિ સાથે પ્રીતિ કરે છે અને તે સો કલ્પો સુધી રૌરવ નરકમાં પડે છે.

પછી શ્રી રામ, લક્ષ્મણ અને સીતાજી વનવાસમાં આગળ ચાલ્યાં, તે દશાનું વર્ણન કરતાં તુલસીદાસજી લખે છે કેઃ—

જેમ બ્રહ્મ અને જીવની વચ્ચે માયા શોભે તેમ બન્નેની વચ્ચે સીતાજી શોભતાં હતાં. જ્યાંજ્યાં શ્રી રામચંદ્રજી જતા ત્યાં આકાશના વાદળાં છાયા કરતાં હતાં.

આની કથામાં રાજદ્વારી ઇતિહાસ મહત્ત્વનો નથી પણ સંસ્કારનો ઇતિહાસ સમાયેલો છે. કેટલાક રાજદ્વારી માણસો રામાયણનો કેટલોક ભાગ શાળાનાં પાઠ્યપુસ્તકોમાં ગોઠવીને, મુસલમાનોને પણ ગમે તેટલા માટે રામને બાદશાહ તરીકે લખે છે અને સીતાને બેગમ તરીકે લખે છે, તેઓ રામાયણનું રહસ્ય સમજતા નથી. તેઓ સંસ્કારના ઇતિહાસને રાજદ્વારી ઇતિહાસ કરવા પ્રયત્ન કરે છે પણ તે યોગ્ય નથી.

માર્ગમાં આગળ વધતાં શ્રી રામચંદ્રજીને વિરાધ રાક્ષસ મળ્યો. તેનો રામચંદ્રજીએ નાશ કર્યો, તે વિપરીત ભાવનાનું સ્વરૂપ છે. પછી પ્રભુ સુતીક્ષ્ણ મુનિના આશ્રમે આવ્યા. તે સુક્ષ્મ બુદ્ધિનું સ્વરૂપ છે. તેમને લઇને પ્રભુ અગત્સ્ય મુનિને આશ્રમે આવ્યા. અગત્સ્ય મુનિએ ઊઠીને ભગવાનને પ્રણામ કર્યા. તેમને ભગવાન શ્રી રામચંદ્રજીએ પૂછ્યું કે અમારે ક્યાં રહેવું? તેના જવાબમાં મુનિ કહે છે કે મારા હૃદયમાં વસો. છતાં આપની ઇચ્છા હોય તો નજીકમાં ગોદાવરી નદી છે, ત્યાં નાશિક ક્ષેત્રમાં પંચવટી છે ત્યાં રહો. પછી ત્યાં જઈ ત્રણે વનવાસીઓએ નિવાસ કર્યો. ત્યાં શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણજીને આત્મજ્ઞાનનો બોધ આપેલ છે. તેમાં કહેલ છે કે "હું અને મારૂં, તું અને તારૂં" એ જ માયા છે. એવી માયાએ બધા જીવોને વશ કર્યા છે. આત્મજ્ઞાનથી તે માયા જીતી શકાય છે. જ્ઞાન તે જ છે કે જેથી બધું સમાન બ્રહ્મરૂપે જણાય છે. વૈરાગ્ય અને યોગથી જ્ઞાન થાય છે." પંચવટીમાં નિવાસ વખતે રાવણની બ્હેન શૂર્પણખા ત્યાં આવી અને ભગવાનની અને લક્ષ્મણજીની મશ્કરી કરવા લાગી અને તેમને મોહમાં નાખવા લાગી. લક્ષ્મણજી તેનો હેતુ સમજી ગયા અને તેનાં નાક-કાન કાપી નાખ્યાં. આ દશા જોઇને બીજા રાક્ષસો અને ખર, દૂષણ વગેરે પ્રભુની સામે આવ્યા. તેમને પ્રભુએ મારી નાખ્યા. દરેક જીવ પણ જ્યારે આત્મસાધના કરે છે ત્યારે ઘણી આસુરી વૃતિઓને

જીતવી પડે છે. શૂર્પણખા ભાગી ગઈ અને તેના ભાઈ રાવણને બધી વાત કરી અને કહ્યું કે સીતા જેવી રૂપવાળી સ્ત્રી જગતમાં નથી માટે તું ગમે તેમ કરીને તેને ઉપાડી આવ. આ ઉપરથી અહંકાર-રૂપ રાવણને સ્વરૂપશક્તિરૂપી સીતાજીને લાવવાની ઇચ્છા થઈ. રાવણે માયારૂપ મારીચને સાથે લીધો, મારીચે પંચવટીમાં આવી સુંદર મૃગનું રૂપ લીધું. તેની સુંદર ચામડી જોઈ સીતાજીએ તેની માગણી કરી. પ્રભુ તે મૃગની પાછળ દોડયા અને મૃગ દૂર નાસવા લાગ્યો. તેથી પ્રભુને તેની પછવાડે દૂર જવું પડયું. માણસને પણ માયા ઘણે દૂર લઈ જાય છે. શ્રીરામે તેને બાણ મારીને વિંધી નાખ્યો પણ મારીચે મરતાંમરતાં "હા લક્ષ્મણ !" એમ બૂમ મારી. તે સાંભળી સીતાજીને એવી શંકા થઇ કે શ્રીરામના ઉપર કાંઈ વિઘ્ન આવ્યું હશે. તેથી તેમણે લક્ષ્મણજીને રામ પાસે મોકલ્યા. પાછળથી રાવણ સંન્યાસીના વેશમાં સીતાજી પાસે આવ્યો. ત્યાં રાવણે સીતાજી પાસે ભિક્ષા માગી.

સીતાજી તેને ભિક્ષા આપવા આવ્યાં એટલે રાવણે પોતાનું રૂપ પ્રગટ કર્યું અને સીતાજીને લઇ આકાશમાર્ગે લંકા તરફ ઉડવા લાગ્યો. રસ્તામાં તેને જટાયુ પક્ષી મળ્યો. તે રાવણની સામે થયો અને કહ્યું કે સીતાજીને છોડી દે, પણ રાવણે જોર કરી જટાયુની બન્ને પાંખો કાપી નાખી. રાવણે લંકામાં જઈને સીતાજીને અશોક-વનમાં રાખ્યાં.

પાછળથી શ્રી રામચંદ્રજીએ લક્ષ્મણને કહ્યું કે તમે સીતાજીને એકલાં રાખ્યાં તે ઠીક કર્યું નથી. રાક્ષસોના ઘણા સમૂહ વનમાં ફરે છે. બન્ને ભાઇ વનમાંથી પાછા પંચવટીમાં આવતાં આશ્રમને સીતાજી વગરનો જોયો અને તેથી બન્ને ભાઈઓને ઘણો શોક થયો. આ પ્રસંગ બાબત શ્રીમદ્‌ભાગવતમાં એમ લખેલ છે કે "સ્ત્રીસંગીઓની

એવી ગતિ થાય છે, એમ બતાવવાને માટે પોતાની પ્રિયાથી વિયુક્ત થવાના કારણથી અત્યન્ત દીન જેવા થઇ શ્રી રામચંદ્રજી વનમાં વિચરવા લાગ્યા." (૯-૧૦-૧૧) આંહીં એમ બતાવવાનો અર્થ છે કે વાનપ્રસ્થ ધર્મમાં પણ કેટલીક માયાનાં વિઘ્ન ઉત્પન્ન થાય છે. પછી પ્રભુ સીતાજીની તપાસમાં આગળ ચાલ્યા. ત્યાં રસ્તામાં જટાયુ પક્ષીએ બધી હકીકત કહી અને સીતાજીને રાવણ લઇ ગયો છે એવાં ખબર આપ્યા. જટાયુ ધ્યાનનું સ્વરૂપ છે. જેને ધ્યાન કરવાની ટેવ હોય તે સ્વરૂપશક્તિરૂપી સીતાની ખબર આપી શકે છે. જટાયુને પરમ પદ આપીને ભગવાન આગળ ચાલ્યા અને ભક્તિરૂપી શબરીના આશ્રમે પધાર્યા. તેણે પ્રભુ પાસે ખાસ તૈયાર રાખેલાં બોર ધર્યાં. પ્રભુએ ત્યાં સબરીને નવ પ્રકારની ભક્તિ સમજાવી. એટલે (૧) સત્સંગ (૨) ભગવત્-કથામાં પ્રેમ (૩) ગુરુની સેવા (૪) ભગવાનના ગુણો ગાવા (૫) જપ અને વિશ્વાસ (૬) ઇંદ્રિયોને વશ કરવી (૭) આખા જગતને રામમય જોવું (૮) જે મળે તેમાં સંતોષ માનવો અને સ્વપ્નમાં પણ પારકાના દોષ ન જોવા (૯) સરળતા રાખવી અને કપટ રહિત વર્તવું, ભગવાન ઉપર ભરોસો રાખવો અને હર્ષ કે શોક ન કરવા. આ નવમાંથી જેનમાં એક પણ ભક્તિ હોય તે સ્ત્રી હોય કે પુરુષ હોય છતાં કૃતાર્થ થઈ જાય છે. પછી પ્રભુએ શબરીને સીતાજીની ખબર પૂછી. શબરીએ કહ્યું કે હે નાથ; આ પંપા સરોવર પર જાઓ. ત્યાં આપને સુગ્રીવની મિત્રતા થશે. તે આપને બધી ખબર આપશે.

આ કથામાં ખરી રીતે જીવને આત્માની શક્તિ પાછી મેળવવાની વાત છે. તે પુરુષાર્થમાં જ્યાંથી જે પ્રકારની મદદ મળે તે સ્વીકારવી જોઇએ.

આવી જાતના ઇતિહાસ હાલના કાળમાં કોઈ નિશાળોમાં શીખવવામાં આવતા નથી, હાલ જે ઇતિહાસ બધા દેશોની શાળા-

ઓમાં વિદ્યાર્થીઓ ભણે છે તેનાથી રાગદ્વેષ વધે છે. ઘણી શાળાઓ-માં જુવાન છોકરા–છોકરીઓ સાથે ભણે છે, તેઓ નાની ઉંમરમાં સીનેમામાં વાસના ઉશ્કેરે તેવા દેખાવ જુએ છે, તેથી તેમની સ્વરૂપ-શક્તિરૂપી સીતા રાવણરૂપી અહંકારના હાથમાં જાય છે. ઉત્તમ જીવન કરવું હોય અને આત્માની શક્તિ ફરી મેળવવી હોય તો સત્સંગની જરૂર છે. તે હનુમાનજીનું સ્વરૂપ છે. તેથી રામચંદ્રજી પંપા સરોવર પાસે જઇને હનુમાનજીને મળ્યા છે. હનુમાનજીએ પ્રભુને કહ્યું કે " જીવ આપની માયાથી મોહિત છે, છતાં આપની કૃપાથી જ તરે છે. પ્રભુએ તેને કહ્યું કે " જે જીવને એમ લાગે છે કે હું સેવક છું અને જડ-ચેતન જગત મારા સ્વામી ભગવાનનું રૂપ છે તે જ અનન્ય ભક્ત થઈ શકે છે." પછી હનુમાનજીએ શ્રી રામચંદ્રજીને કહ્યું કે પાસેના પર્વત ઉપર વાનરરાજ સુગ્રીવ રહે છે, તે આપના દાસ છે. તેમની સાથે આપ મિત્રતા કરો, એટલે તે કરોડો વાનર આપની સેવામાં મોકલી આપશે. બધા સુગ્રીવ પાસે ગયા. સુગ્રીવે કહ્યું કે હે નાથ! મેં સીતાજીને આકાશમાર્ગે જોયા હતાં. તે આપનું નામ જપતાં હતાં હું સીતાજીને મેળવી આપવા મારી સેવા આપને અર્પણ કરીશ. ત્યાં લોભરૂપ વાલી રહેતો હતો. તે સંતોષરૂપી સુગ્રીવને નડતો હતો. તેથી પ્રભુએ લોભરૂપ વાલીને માર્યો. તે વખતે વાલીની સ્ત્રી તિતિક્ષા રૂપી તારા શોક કરવા લાગી. તેને લક્ષ્મણજીએ કહ્યું કે તારો શોક તજી તું રામને શરણે રહે. રામચંદ્રજીએ તારાને કહ્યું કે " તું જે શરીરને પતિ માનતી હતી તે અહીં પડયું છે, તે જોઈએ તો લઈ જા, અને તેના આત્માને પતિ માનતી હોય તો તેનો આત્મા મરેલ નથી." તારાએ કહ્યું ' હે નાથ! જે કોઇ પુરુષને આપની પરા ભક્તિની કિંચિત્ માત્ર પણ આનંદ પ્રાપ્ત થયેલો છે તેની આગળ બ્રહ્મલોકનું સુખ પણ તુચ્છ છે. તેથી આ રંક પર તો એવી કૃપાદૃષ્ટિ કરો કે જેથી પ્રતિદિન આપમાં મારી ભક્તિ વધ્યા કરે. મને આપ શ્રીની ચરણરજ સિવાય બીજી કાંઇ પણ ઇચ્છા રહે જ નહિ.' તારાએ

પોતાનો પુત્ર અંગદ રામના શરણમાં ધર્યો અને તેને પ્રભુનો દાસ બનાવવા માટે કહ્યું. પછી શ્રી રામે વાલીનું રાજ્ય સુગ્રીવને આપ્યું અને અંગદને યુવરાજપદે રાખ્યો. સુગ્રીવે વાનરોને બોલાવ્યા અને કહ્યું કે આ શ્રી રામચંદ્રજીનું કાર્ય છે અને મારી વિનંતિ છે, તમે ચારે બાજુ જાઓ અને સીતાજીને શોધો. આ પ્રમાણે આજ્ઞા થતાંથી બધા વાનરો જુદી જુદી દિશામાં તપાસ કરવા નીકળી પડયા. તેમની સંખ્યા કરોડોની હતી. એ બધી અંતઃકરણની વૃત્તિઓ સમજવાની છે, અને તે દ્વારા સીતારૂપી સ્વરૂપશક્તિની શોધ કરવાની છે.

શ્રી રામચંદ્રજીએ સત્સંગરૂપી હનુમાનજીને પોતાની વીંટી આપી અને કહ્યું કે અનેક પ્રકારે સીતાજીને શાંતિ આપજો. આ પ્રમાણે વાનરો સાથે હનુમાનજી તપાસ માટે નીકળ્યા. રસ્તામાં એક પર્વતની ગુફામાં તેમણે એક સ્ત્રીને બેઠેલી જોઈ. તેનું નામ સ્વયંપ્રભા હતું. તેણે બધાંને જળપાન કરાવ્યું અને ફળ આપ્યાં અને કહ્યું કે તમે બધા આંખો બંધ કરો, તમે સીતાજીને મેળવી શકશો. બધાએ આંખો બંધ કરી. પછી આંખો ઊઘાડી ત્યારે બધા સમુદ્રના કિનારા ઉપર પહોંચી ગયા હતા. ટુંકામાં જ્યારે અંદર વૃત્તિ વળે ત્યારે સ્વયંપ્રભા રૂપી તેજનો અનુભવ થાય અને, તે, વૃત્તિને સમુદ્ર જેવી વિશાળ કરી આપે છે. ત્યાં બધા વાનરો એટલે જાંબુવાન, અંગદ, સુગ્રીવ અને હનુમાન વગેરે વિચાર કરવા લાગ્યા કે હવે સીતાજીની શોધ શી રીતે કરવી? તેમની વાતો ત્યાં એક પર્વતની ગુફામાં રહેલ સંપાતિ નામના ગીધ પક્ષીએ સાંભળી. તેણે કહ્યું કે "ત્રિકુટ પર્વત ઉપર લંકા નામની નગરી છે. ત્યાં રાવણ નામનો રાજા રહે છે, ત્યાં અશોક નામનો બગીચો છે, ત્યાં સીતાજી હાલમાં છે." સંપતિ એટલે જે માણસ સમ્યક રીતે આત્માના ઊંડાણમાં ઊતર્યા હોય તે. તે સ્વરૂપશક્તિનો પત્તો આપી શકે છે. તે શક્તિ હાલમાં અહંકારરૂપી રાક્ષસના વનમાં છે તેથી અહંકારને મારવો જોઈએ. પણ અહંકારને મારવો એ સમુદ્ર ઓળંગવા બરાબર છે.

પછી સત્સંગરૂપી હનુમાનજીએ શ્રી રામનું સ્મરણ કરીને સમુદ્ર ઓળંગવા માંડયો. રસ્તામાં તેને સુરસા નામની રાક્ષસી મળી. તેણે હનુમાનને ચાવી જવાનો વિચાર કર્યો પણ હનુમાનજી નાનું રૂપ ધારણ કરી તેના મોઢામાંથી નીકળી ગયા. જીભનો રસ જીત્યા વગર આગળ વધી શકાતું નથી. પછી હનુમાનજીએ લંકામાં પ્રવેશ કર્યો. તે રાક્ષસોનું સ્થળ હતું છતાં તેમાં એક વિભીષણ રામના ભક્ત હતા. હનુમાનજીએ તેમને રામની બધી કથા કહી. વિભીષણે તેમને સીતામાતાના દર્શનની બધી યુક્તિઓ કહી. વિભીષણ નિર્ભયતાનું સ્વરૂપ છે. આત્માની શક્તિ મેળવવી હોય તો નિર્ભયતા જોઇએ. વિભીષણના કહેવા પ્રમાણે હનુમાનજી અશોક વનમાં ગયા અને ત્યાં સીતાજીનાં દર્શન કરી તેમને મનથી પ્રણામ કર્યા. આ પ્રમાણે હનુમાનજીરૂપી સત્સંગની મદદથી સ્વરૂપશક્તિ અથવા વિવેકખ્યાતિ મળી શકે છે. હનુમાનજીએ સીતાજીની પાસે વીંટી નાખી. સીતાજી તે ઓળખી ગયાં. પછી હનુમાનજીએ તેમને પોતાની ઓળખાણ રામભક્ત તરીકે આપી અને કહ્યું કે શ્રીરામ અહીં આવી રાક્ષસોને મારીને તમને છોડાવીને લઈ જશે. હનુમાનજીએ ભુખ લાગવાથી અશોકવનનાં ફળ ખાધાં અને વન ઉજ્જડ કરી નાખ્યું. તેની ફરિયાદ રાવણ પાસે ગઇ. રાવણે પોતાના માણસો મોકલી હનુમાનજીને બાંધી લીધા. રાવણ એ અહંકારનું સ્વરૂપ છે. તેને દશ ઇંદ્રિયોરૂપી દશ માથાં છે. હનુમાનજીએ રાવણને કહ્યું કે તું રામને શરણે આવ તો તારૂં કલ્યાણ થશે પણ રાવણે તેની વાતો હસવામાં કાઢી નાખી અને પોતાના સેવકોને કહ્યું કે તેલમાં કપડાં બોળી આ વાંદરાને પૂંછડે બાંધી અગ્નિથી સળગાવી દો.

સેવકોએ તેલવાળાં કપડાં બાંધવા માંડયાં તેમતેમ હનુમાનજીનું પૂછડું વધવા લાગ્યું. પૂંછડાને આગ લગાડવામાં આવી અને હનુમાનજી ચારે તરફ દોડીને લંકાને બાળવા લાગ્યા. જ્યારે સત્સંગનું જોર વધે છે ત્યારે આસુરી શક્તિઓ બળવા લાગે છે. પછી હનુ-

માનજી સીતાજી પાસેથી ચૂડામણિ લઇને સમુદ્ર ઓળંગી પાછા રઘુનાથજી પાસે આવ્યા. સીતાજીના ખબર સાંભળી બધાને આનંદ થયો પણ સીતાજીનો શોક જાણી ખેદ પણ થયો. પાછળથી રાવણની સ્ત્રી મંદોદરીએ રાવણને ઘણો સમજાવ્યો કે તમે સીતાને પાછી આપી દો પણ રાવણ માન્યો નહિ. વિભીષણની સલાહ પણ તેણે માની નહિ. પછી વિભીષણ શ્રીરામને શરણે આવ્યા. ત્યારે શ્રીરામે કહ્યું કે જીવ જ્યારે મારી સન્મુખ થાય છે ત્યારે તેનાં કરોડો જન્મનાં પાપ નાશ પામે છે. જેમ લોભીના ચિત્તમાં ધન વસે છે તેમ તમારા જેવા સંત જ મને પ્રિય છે. પછી સમુદ્રે માર્ગ આપ્યો અને શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણજી બધા વાનરોની સેના લઇને લંકામાં પધાર્યા. વિભીષણ પણ તેમની સાથે જ હતા. મંદોદરીએ ફરીથી રાવણને સમજાવ્યો પણ રાવણે પોતાની હઠ છોડી નહિ. અહંકારનું સ્વરૂપજ જ એવું છે. ગીતાના ઉપદેશમાં પણ અહંકારને મારવા તરફ ખાસ ભાર દેવામાં આવેલ છે. મહાભારતના યુદ્ધમાં દુર્યોધન એ અહંકારનું સ્વરૂપ છે.

હવે અંગદે આવી રાવણને ઘણો સમજાવ્યો પણ રાવણ માન્યો નહિ. અંગદે કહ્યું કે જો તું અહીંથી મારો પગ હઠાવી શકે તો તું રામને જીતી લઇશ. તે વખતે ઘણા રાક્ષસો ભેગા થયા પણ કોઇ અંગદનો પગ ખસેડી શક્યું નહિ. અંગદમાં અંગતું દમન કરવાની શક્તિ હતી. રાવણ પણ તેનો પગ ખસેડી શક્યો નહિ. પછી બધા વાનરોએ ભેગા થઈ લંકાને ઘેરી લીધી. બીજી બાજુ તરફ રાક્ષસો પણ યુદ્ધ માટે તૈયાર થવાં લાગ્યા અને રણનાં વાજાં વાગવા લાગ્યાં. રાક્ષસો વાનરોને ખાવા લાગ્યા. તે જોઈ હનુમાનજીને બહુ ક્રોધ ચડયો અને તેમણે રાવણનો મહેલ હલાવી નાખ્યો. થોડીવારમાં ત્યાં એવો અંધકાર વ્યાપી ગયો કે એક બીજાને જોઈ શકતા નહોતા. શ્રીમદ્-ભાગવતના દશમા સ્કંધમાં પણ કહેલ છે કે જ્યારે તૃણાવર્ત (એટલે આવરણ) વ્રજમાં આવ્યો ત્યારે એટલી ધૂળ ઊડી કે કોઈ એકબીજાને જોઇ શકતા નહોતા. પછી મેઘનાદ લડાઇમાં ઊતર્યો અને બન્ને બાજુની લડાઇ ઉગ્ર બની. રાવણે લક્ષ્મણની સામે અમોઘ શક્તિ

વાપરી તેને મૂર્છિત કર્યો, તે વખતે રામની સેનામાં શોક વ્યાપી ગયો. જ્યારે અહંકારનું બળ વધે છે ત્યારે આત્માનો આરામ મળતો નથી. તેથી રામની ધીરજ પણ ખૂટવા લાગી. પછી જાંબુવાનની સલાહથી લંકામાંથી સુષેણ વૈદ્યને બોલાવ્યો. તેણે હનુમાનજી પાસે દિવ્ય ઔષધિ મંગાવી અને તેનાથી લક્ષ્મણજીની મૂર્છા ઊતરી. ફરીથી લડાઇ શરૂ થઈ. તે લડાઈમાં લક્ષ્મણજીએ મેઘનાદને માર્યો. તેની સ્ત્રી સુલોચના વિધવા થઈ. તેણે પોતાના પતિનું માથું શ્રીરામ પાસે માગ્યું અને રામની ભક્તિ માગી.

પુત્રના મરણથી રાવણ ગભરાયો. પણ તેણે ફરીથી યુદ્ધ શરૂ કર્યું અને રાક્ષસોને હિંમત આપી. રાવણને રથ ઉપર જોઇને અને રામને રથ વગરના જોઇને વિભીષણ અધીરા બની ગયા. તેને સાંત્વન આપવા માટે શ્રીરામે વિભીષણને કહ્યું કેઃ—

"જે રથથી જય થાય છે તે રથ બીજો જ છે, શૌર્ય અને ધૈર્ય તે રથનાં પૈડાં છે, સત્ય અને શીલ તેની મજબુત ધ્વજા અને પતાકા છે, બળ, વિવેક, દમ ઇંદ્રિયનિગ્રહ અને પરોપકાર એ ચાર તેના ઘોડા છે, તે ક્ષમા, દયા, તથા સમતા રૂપી દોરીથી રથમાં જોડાયા છે; ઈશ્વરનું ભજન એ ચતુર સારથી છે, વૈરાગ્ય ઢાલ છે અને સંતોષ તલવાર છે. દાન ફરશી છે. બુદ્ધિ પ્રચંડ શક્તિ છે અને શ્રેષ્ઠ વિજ્ઞાન એ ધનુષ છે. નિર્મળ અને અચળ મન ભાથા સમાન છે, શમ–મનનો નિગ્રહ, તપ તથા નિયમ એ અનેક બાણો છે. બ્રાહ્મણો અને ગુરુનું પૂજન એ અભેદ્ય કવચ છે. આના સિવાય વિજયનો બીજો ઉપાય નથી. હે ધીરબુદ્ધિવાળા મિત્ર! સાંભળો, જેની પાસે આવો દૃઢ રથ હોય તે વીર સંસારરૂપી મહાદુર્જય શત્રુને પણ જીતી શકે છે તો રાવણની શી ગણતરી છે?" (લંકાકાંડ)

આ શબ્દો એમ બતાવે છે કે આ યુદ્ધ દૈવી પ્રકૃતિ અને આસુરી પ્રકૃતિ વચ્ચે હતું. એવું યુદ્ધ દરેક જીવના હૃદયમાં નિત્ય ચાલ્યા કરે છે. એવા યુદ્ધમાં જીતવા માટે આવો જ રથ જોઇએ. પ્રભુનાં આવાં વચન સાંભળી વિભીષણને હિંમત આવી. હવે યુદ્ધ બહુ ઉગ્ર બન્યું. બન્ને તરફ સૈન્યો સામસામાં એકબીજાને મારવા

લાગ્યાં. રાવણે ઘણા વાનરોને મારવા માંડયા તેથી તેમની સેના વ્યાકુળ થઈ ગઇ. લક્ષ્મણજીએ રાવણને સો બાણ છાતીમાં માર્યાં, તેનથી રાવણને થોડીવાર મૂર્ચ્છા આવી પણ ફરીથી ઊઠીને તે લડવા લાગ્યો. બીજી સેના થાકી જવાથી હવે રાવણ અને રામ સામસામા લડવા લાગ્યા. શ્રીરામે અગ્નિબાણ છોડયું તેનાથી રાવણનાં બધાં બાણ ક્ષણવારમાં બળી ગયાં. રાવણે બીજાં બાણો લીધાં, રામે તેનાં દશ માથાંમાં દશ બાણ માર્યાં, તેનાથી રાવણનાં મસ્તક અને હાથ કપાયાં, પણ ફરી પાછાં નવાં થયાં. શ્રી રામે ફરીથી તે કાપ્યાં અને ફરીથી તે નવાં થયાં. જીવ પણ ઘણીવાર એમ જાણે છે કે મેં અહંકાર અને દશ ઇંદ્રિયોને વશ કર્યાં છે પણ તે બધાં પાછાં જીવતાં થાય છે. રામાયણમાં કહે છે કેઃ—

જેમ વિષયો સેવતાં કામ (ભોગાભિલાષ) નિત્યનિત્ય નવો વધે છે તેમ પ્રભુ જેમજેમ તેનાં માથાં કાપતા હતા તેમતેમ તે અપાર થતાં હતાં, (લંકાકાંડ દોહરો ૧૬૮). રાવણનો કોપ વધ્યો અને તે દશે ધનુષ ખેંચી દોડયો, પણ જાંબુવાને રાવણની છાતીમાં લાત મારી. સીતાજીને ખબર મળ્યા કે રાવણનાં માથાં કપાયાં છતાં તે મરતો નથી તેથી તેને ઉદ્વેગ થવા લાગ્યો. આપણા સંસારમાં પણ અહંકારને મરવું ગમતું નથી. કોઇ પણ રીતે એટલે લોકસેવાને નામે પણ તે જીવતો રહેવા માગે છે. છેવટે વિભીષણે કહ્યું કે રાવણની નાભિમાં અમૃતનો વાસ છે તેના બળ ઉપર રાવણ જીવે છે. એ સાંભળી શ્રીરામચંદ્રજીએ એક બાણથી તેની નાભિમાંનો અમૃતકુંડ સૂકવી નાખ્યો, એટલે રાવણ મરણ પામ્યો. રાવણની ભુજાઓ અને મસ્તકો મંદોદરી પાસે પડયાં. દેવો અને મુનિઓ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. શ્રીજાનકીજીને અત્યન્ત હર્ષ થયો.

અહીં નાભિ આમળ અમૃત સૂકાવાનો અર્થ એમ પણ થઈ શકે છે કે જો કામવાસના બળે તો અહંકાર મરે.

સીતાજીએ સ્નાન કર્યું વસ્ત્રાલંકાર ધારણ કર્યા, અને શ્રીરામને મળવા ચાલ્યાં. ત્યાં સીતાજીએ અગ્નિમાં પોતાનું ખોટું સ્વરૂપ બાળી

નાખી સાચે રૂપે પ્રકટ થયાં. વાનરોએ જયજયકાર બોલાવ્યો અને રામે વિભીષણને લંકાનું રાજ્ય આપ્યું. ×

ભાગવતના નવમા સ્કંધમાં જે રામાયણ બે અધ્યાયમાં આપેલ છે તેમાં આટલી બધી હકીકત આપેલી નથી પણ આ કરતાં થોડી આપેલી છે. રામચંદ્રજીએ પાછા આવી અયોધ્યામાં રાજ્ય કર્યું છે. ત્યાં એક પ્રસંગે કોઈ ધોબીનાં મેણાં સાંભળી શ્રીરામચંદ્રજીએ સીતાજીને વાલ્મીકિ ઋષિના આશ્રમ ઉપર મોકલી આપ્યાં છે. એ પ્રસંગ વિષે વર્ણન કરતાં શુકદેવજી પરીક્ષિત રાજાને કહે છે કે સ્ત્રી-પુરુષનો સંબંધ ત્રાસ દેવાવાળો જ છે, તેનાથી મોટા સામર્થ્યવાન પુરુષો પણ ચલાયમાન થાય છે તો ગૃહમાં આસક્ત વિષયી પુરુષોનું તો કહેવું જ શું! (ભાગવત. ૯, ૧૧, ૧૭).

નવમા સ્કંધમાં યયાતિ અને સૌભરી વગેરેને સ્ત્રીસંગથી પોતાનો મહિમા ખોવાનો વખત આવ્યો હતો એમ જણાવે છે. આવી રીતે સ્ત્રીના સહવાસથી હમેશાં નુકસાન થતું હોય અને સંસારમાં સ્ત્રીનાં દર્શન કર્યા વગર ભાગ્યે જ કોઇ રહી શકે છે તો વ્યવહાર કેવી રીતે ચલાવવો અને સ્થિતપ્રજ્ઞ દશા કેવી રીતે પ્રાપ્ત કરવી, એ મુશ્કેલી દૂર કરવા માટે હવે શુકદેવજી પરીક્ષિત રાજા પાસે શ્રીકૃષ્ણલીલાનું વર્ણન કરે છે. એ કથામાં શ્રી કૃષ્ણ ઘણી સ્ત્રીઓની વચ્ચે રહેલ હોવા છતાં નિર્ભય અને નિર્વિકાર રહી શક્યા હતા. તેમનામાં તપ, વૈરાગ્ય ઐશ્વર્ય, ધર્મ વગેરેનો પ્રભાવ હતો.

તેની વધારે હકીકત હવે પછીના ત્રીજા ભાગમાં દશમ સ્કંધથી શરૂ કરવામાં આવશે.

× રામાયણનાં સારભૂત વાક્યો જેમને જોવાની ઈચ્છા હોય તેમણે ‘સસ્તા સાહિત્ય’ તરફથી પ્રકટ થયેલ પુસ્તક “તુલસીરામાયણનાં મહાવાક્યો” અને ભક્તિમાર્ગ કાર્યાલય તરફથી પ્રકટ થએલ ‘તે કોણ?’ ના પુસ્તકમાં પહેલા ભાગમાં આપેલ “રામાયણ-રત્નાવલિ” વાંચવાં.

ૐ

ચે
ષણને
ગવતના
આટલી
છે. રામચ
પ્રસંગે કે
મીકિ ઋ
ન કરતાં
ાસ દેવ
યમાન
શું । (ભા
મા સ્કં
ોવાને
હવાર
ર્ગ વગર
અને
માટે
રે છે.
ર્ય ચ
ૈશ્વર્ય
ની

જતી
કેવળી